ગુણસ્થાન - દ્રષ્ટિ મહાન

આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

ભાગ-૧૫

: પ્રસ્તુતકર્તા :

Mumukshus of North America
(MONA)



(ભાગ–૧૫)

આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

-: સંકલનકાર :-
જિતુભાઈ નાગરદાસ મોદી
(નિવૃત્ત સંપાદક : આત્મધર્મ)

નોંધ : આ પુસ્તક પ્રિન્ટીંગ કરવામાં આવેલ નથી.
આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.

–: પ્રકાશક :–
Mumukshus of North America
Florida, U.S.A.

ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં
પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો
છે; જેઓની શીતળ છત્રછાયામાં ૫૭ વર્ષ સુધી
સોનગઢમાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય
અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ચૂંટેલાં ૨૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'
ભાગ-૧૫ અર્પણ કરતાં અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

-સંકલનકાર

-: શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ :-

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્જવાણી છૂટે,
જે વજ્જે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
(સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્‌ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્‌ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'—ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી — કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે— 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર

શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે—'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫

વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર

ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે "સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા." ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઇન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે

'.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં CD યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા

હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી

પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે

તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્સમાગમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા ! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી–નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય ? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ–વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે''—એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !''—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સજર્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યા, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D (Blu-ray Disk)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી-પરિવાર, શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવાર, શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ-પરિવાર તથા નિરૂબેન વિનુભાઈ ભક્ત-પરિવાર, ઓમકારભાઈ જયકિશનભાઈ ભક્ત-પરિવાર, ''સહજ ચિદાનંદ'' પરિવાર, સોનગઢ/મુંબઈ/જામનગર, શારદાબેન કિશોરભાઈ શાહ(મુંબઈ)પરિવાર, **(MONA) U.S.A.** દ્વારા પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૧૪ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુ-મંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે. **Mumukshu of North America (MONA) USA** દ્વારા અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૧૫' તેમના દ્વારા માત્ર **PDF** રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે.

આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website
ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય જીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઊછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર

અનુક્રમણિકા

ગુરુ કહાન-દૃષ્ટિ મહાન (ભાગ-૧૫)

ક્રમ	શાસ્ત્ર	ગાથા/શ્લોક	તારીખ	(DVD)	પેઈજ
				પ્રવચન નં.	નં.
૧.	શ્રી સમયસાર	ગાથા-૯૪	-	૩૩૬	૦૦૧
૨.	શ્રી સમયસાર	ગાથા-૧	૨૩-૦૨-૧૯૫૩	૩૦૮	૦૧૮
૩.	શ્રી સમયસાર	ગાથા-૧૧	૧૫-૦૩-૧૯૫૩	૩૨૨	૦૩૫
૪.	શ્રી સમયસાર	ગાથા-૧૩	૦૬-૦૪-૧૯૫૩	૨૭૧	૦૫૨
૫.	શ્રી સમયસાર	ગાથા-૭૩	-	૫૫	૦૬૮
૬.	શ્રી સમયસાર	ગાથા-૧૦૦	૦૨-૦૩-૧૯૫૧	૩૩૭	૦૭૯
૭.	શ્રી સમયસાર	ગાથા-૩૧	-	૨૮૫	૦૯૨
૮.	શ્રી સમયસાર	ગાથા-૭૫-૭૬,શ્લોક-૪૯	૩૦-૧૦-૧૯૬૯	૩૫૦	૧૦૮
૯.	શ્રી સમયસાર	ગાથા-૧૦૫	૨૪-૦૮-૧૯૬૩	-	૧૨૨
૧૦.	શ્રી સમયસાર	ગાથા-૧૦૯ થી ૧૧૨	૨૯-૦૮-૧૯૬૩	૯૦૧	૧૩૭
૧૧.	શ્રી સમયસાર	ગાથા-૧૦૯ થી ૧૧૨	૩૦-૦૮-૧૯૬૩	૯૦૨	૧૫૧
૧૨.	શ્રી સમયસાર	કળશ-૨	૨૮-૦૨-૧૯૫૩	૩૦૭	૧૬૬
૧૩.	શ્રી સમયસાર	ગાથા-૧૩	૦૫-૦૪-૧૯૫૩	૩૨૩	૧૮૧
૧૪.	શ્રી સમયસાર	ગાથા-૩૧	૦૭-૦૫-૧૯૫૩	૨૮૪	૧૯૯
૧૫.	શ્રી સમયસાર	ગાથા-૨૭૭	૦૪-૦૨-૧૯૭૦	૩૬૩	૨૭૭
૧૬.	શ્રી સમયસાર	ગાથા-૨૭૫	૦૨-૦૨-૧૯૭૦	૩૬૧-બી	૨૨૯
૧૭.	શ્રી સમયસાર	ગાથા-૩૨૦	૧૦-૦૮-૧૯૭૦	૪૫૦-એ	૨૪૨
૧૮.	શ્રી સમયસાર	કળશ-૨૮૧	૧૦-૧૦-૧૯૬૭	૩૬૧	૨૫૫
૧૯.	શ્રી સમયસાર	ગાથા-૨૯૭, શ્લોક-૧૮૨	૧૪-૧૦-૧૯૬૭	૩૬૫	૨૬૯
૨૦.	શ્રી નિયમસાર	ગાથા-૧૩૭	૧૮-૧૦-૧૯૭૧	૧૫૩	૨૮૩
૨૧.	શ્રી સમયસાર	ગાથા-૪૦૫ થી ૪૦૭	૦૫-૦૨-૧૯૬૮	૪૭૮	૨૯૫
૨૨.	શ્રી પ્રવચનસાર	ગાથા-૫૨, કળશ-૪	૨૨-૧૦-૧૯૬૮	૪૩	૩૧૩
૨૩.	શ્રી સમયસાર	ગાથા-૪૧૨	૧૧-૦૨-૧૯૬૮	૪૮૪	૩૨૮
૨૪.	શ્રી પ્રવચનસાર	ગાથા-૭૪-૭૫	૦૮-૧૧-૧૯૬૮	૬૦	૩૪૩
૨૫.	શ્રી પ્રવચનસાર	ગાથા-૭૯-૮૦	૧૨-૧૧-૧૯૬૮	૬૪	૩૬૦

ૐ

શ્રી પરમાત્મને નમઃ

ગુરુ કહાન–દૃષ્ટિ મહાન

(ભાગ–૧૫)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો)

શ્રી સમયસાર, ગાથા-૯૪,
પ્રવચન નં. ૩૩૬,
(૦૧)

આજ કેવળજ્ઞાનનો મહોત્સવનો દિવસ છે અત્યારે. ઈન્દ્રોએ ભગવાનને કેવળજ્ઞાન થયું એટલે સ્તુતિ કરી. એ તો એક એ જાતનો સંબંધ બતાવે છે. કાંઈ સ્તુતિ કરે એટલે ઉપદેશ નીકળે એવું છે નહિ, પણ ભગવાનને કેવળજ્ઞાન થાય એટલે દિવ્યધ્વનિ છૂટ્યા વિના રહે નહિ. દિવ્યધ્વનિ એટલે શું? દિવ્ય એટલે પ્રધાન, ઉત્કૃષ્ટ ધ્વનિ એટલે અવાજ સર્વોત્કૃષ્ટ આત્મતત્ત્વને બતાવનારી વાણી. એ સર્વજ્ઞ ભગવાન આત્માનું પૂર્ણ જ્ઞાન પામે એટલે વાણી તીર્થંકરદેવને નીકળે. એ ઉપદેશમાં એમ આવ્યું કે ભગવાને કેવળજ્ઞાન વડે જે જાણ્યું એનો ઉપદેશ વાણી દ્વારા આવ્યો. એ દિવ્યધ્વનિની વાત ઘણીવાર થઈ છે કે જ્યાં સુધી આત્મામાં રાગ અને દ્વેષ આદિ ભાવ હોય છે ત્યાં સુધી.. આત્મામાં તદ્ન જ્ઞાન અભેદ નામ અખંડસ્વરૂપ થઈ જાય છે ત્યારે... સમજાય છે?

આ વાણીમાં ભેદવાળી વાણી કેમ આવે છે? કે આત્મા જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ

છે એમાં જેટલે અંશે રાગ અને દ્વેષમાં જ્ઞાન અટકે ત્યાં સુધી એની અભેદ એકાક્ષરવાણી સહજ ન નીકળે. એટલે જ્યારે સર્વજ્ઞદશા આત્મામાં થાય, અજ્ઞાન ટળી અને રાગ-દ્વેષ પૂર્ણ જ્યારે ટળે છે, ત્યારે જ્ઞાન અને વીતરાગતા પૂર્ણ થયા પછી જે વાણી નીકળે એમાં ભેદ ન હોય. એક અખંડ આખા શરીરમાંથી ૐ એવી ધ્વનિ એકાક્ષરી અભેદ નીકળે છે. એ વાણીમાં આખા જગતના રહસ્યો પૂરા એક-એક સમયની અંદર પૂર્ણ-પૂર્ણ ઉપદેશ આવે છે. શ્રવણ કરનાર જેની જેવી લાયકાત હોય તેટલો તેને સમજી જાય છે. ભગવાનની વાણીમાં ઓછું-અધુરું હોતું નથી. કેમકે એ તો આત્મા. વિકલ્પ નામ ઈચ્છા અને દ્વેષ વિના એકલો આત્મસ્વભાવ જ્યાં પરિપૂર્ણતાને પામ્યો છે. એવી દશામાં જે વાણી નીકળે એ વાણીમાં કાંઈ અંદર ભેદ આદિ હોતો નથી. એ તો પરિપૂર્ણ ભેદ એટલે કે એક ક્રમસર કહેવું એવું પણ એમાં હોતું નથી. એક સાથે પૂર્ણ ઉપદેશ આવે છે. સમજાય છે?

એ આત્માની અંદરમાં રાગ અને દ્વેષની ઈચ્છા સર્વથા તૂટી ગઈ અને સર્વથા સ્વરૂપ અભેદ અખંડ થયું. પછી વાણીમાં ઓછું આવે, ક્રમ આવે એવું હોઈ શકે નહિ. પૂર્ણ એક સાથે આવે છે. એ જીવો એની યોગ્યતા પ્રમાણે સમજે છે. એમાં મૂળ વાત યથાર્થ ગણધરદેવ એ વાણીને ઉત્કૃષ્ટપણે સમજવાને લાયક તે વખતે હાજર હોય છે. ભગવાનની વાણી નીકળે અને ગણધરદેવ ન હોય એમ કોઈ દિ' બને નહિ. એ વાણીને સમજનાર ઉત્કૃષ્ટ યોગ્યતાવાળા એ સમજે છે. અંતર્મુહૂર્તમાં બાર અંગનું જ્ઞાન એને થઈ જાય છે. બીજા જીવોને એની ક્ષયોપશમ અને લાયકાત પ્રમાણે થાય છે. પણ આને એટલો ક્ષયોપશમ થાય, છે તો એને ક્ષયોપશમની લાયકાત પ્રમાણે, પણ એની લાયકાત એટલી ઉંચી સર્વોત્કૃષ્ટ જે સ્વભાવ. એ સ્વભાવમાં સર્વોત્કૃષ્ટ જો વ્યક્તિ હોય તો ગણધર છે. એને એક સાથે એટલું બધું ખ્યાલમાં આવી જાય છે કે ભગવાને જે કહ્યું. છ દ્રવ્ય. ભગવાને કેવળજ્ઞાનમાં અનાદિ-અનંત છ પદાર્થો જોયા. એ છ પદાર્થના ભેદો પાડતા નવ તત્ત્વ થાય છે. એક જીવ અને પાંચ જે અજીવ છે એ અજીવ તત્ત્વમાં સમાઈ જાય છે. એનો બધો ભેદ પાડતા ભગવાને કેવળજ્ઞાનમાં જણાવ્યું કે જેને આત્મહિત કરવું છે એને હિત કરનારો જીવ જો આ જગતમાં ન હોય તો હિત કરે કોણ? અને હિત કરનારો જીવ વર્તમાન દશામાં એની મલિન અવસ્થા જો ન હોય તો મલિન અહિતને ટાળીને હિત કરવાનું રહેતું નથી. એટલે ભગવાને જીવ તત્ત્વ છે એમ ત્રિકાળ સિદ્ધ કર્યું. એ જીવ તત્ત્વની અવસ્થામાં મલિનતા છે. મલિનતા છે. એ મલિનતા પુણ્ય, પાપ અને આસ્રવ અને બંધ એ ચાર મલિનતાના પ્રકાર પડે છે. સમજાય છે?

જીવ દ્રવ્ય છે. અને એમ નક્કી કરવાનું જ્યારે સૂચવે છે ત્યારે નક્કી કરનાર કાંઈક જીવદ્રવ્ય જેમ છે તેમ એ માનતો નથી, માટે તેની વર્તમાન દશામાં મલિનતા છે એમ સૂચન થાય છે. અને તે મલિનતાના ભગવાને ચાર પ્રકાર પાડીને વિશેષ સમજાવ્યા. એક દયા, દાન, ભક્તિ તે પુણ્ય તત્ત્વ છે. એ હિંસા, જૂઠું આદિ પાપ તત્ત્વ છે. .. એને ભાન વર્તતું

હોય તો તો એને ઉપદેશ કરવો, એને સાંભળવો એ કાંઈ રહેતું નથી. એટલે આત્મા છે એમ ઉપદેશ કરતાં કોઈ અદ્વૈત એકલો આત્મા કહેનાર છે એની વાત પણ યથાર્થ છે નહિ. એ જગતમાં એકલું પુદ્ગલ જ છે એમ કહે છે એની વાત પણ યથાર્થ નથી. જે કોઈ આત્મા છે એમ કહીને એની અવસ્થામાં મલિનતા જ બિલકુલ નથી તોપણ એનો અભિપ્રાય યથાર્થ છે નહિ. મલિનતા ટળીને આત્મામાં નિર્મળ ક્રમે-ક્રમે નિર્મળતાના અંશો સંવર અને નિર્જરા એટલી મલિનતાનું ટળવું, નિર્મળતાનું અંશે ઉત્પન્ન થવું અને તે નિર્મળતામાં ઉગ્રપણે વિશુદ્ધતાનું વધવું એવી જો દશા ન હોય તો આગળ આત્મા પૂર્ણ દશાને સાધવાને સાધકપણે રહેતો નથી. એટલે સંવર અને નિર્જરા બે તત્ત્વો ન માને એને એકેય તત્ત્વ સિદ્ધ થતું નથી. અને સંવર-નિર્જરા એટલે આત્મા જ્ઞાનાનંદ, ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છું એનો આશ્રય કરીને બંધને પોતાનું સ્વરૂપ માનતો એ સમ્યગ્દર્શનના સ્વરૂપે ત્રિકાળ હું ચૈતન્ય છું એમ માનવા લાગ્યો ત્યારે એને સંવર નિર્મળતા દશાની ઉત્પત્તિ થઈ. અને એ નિર્મળદશામાં શુદ્ધિની વૃદ્ધિ થવા માંડે એને ભગવાન નિર્જરા કહે છે. એ પૂર્ણ શુદ્ધિની દશાને ભગવાન મોક્ષની દશા કહે છે. આ નવ તત્ત્વ જે યથાર્થપણે જેમ જગતના સદ્ભાવ છતાં ..

એ ભગવાનની દિવ્યધ્વનિમાં છ દ્રવ્ય અને નવ તત્ત્વનું સ્વરૂપ આવ્યું. જો એ છ દ્રવ્ય અને નવ તત્ત્વ ભગવાને કહ્યા માટે છે એમ નથી. એ જગતમાં છે માટે જાણ્યા અને જાણ્યા એવા કહ્યા. ભગવાનની ધ્વનિમાં આવ્યું છએ પદાર્થ સ્વતંત્ર છે. કોઈ પદાર્થ કોઈ પદાર્થનો કર્તા નથી. આપણે અધિકાર પણ એ ચાલે છે. એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ ત્રણકાળ, ત્રણલોકમાં કરી શકે નહિ. એ પરનો કરવાનો જે અહંકાર કરે એ અજ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવથી પોતાના સ્વભાવની વિરાધના કરે. વિરાધના કરે તેને મિથ્યાત્વ અને અજ્ઞાન અને અચારિત્ર કહેવામાં આવે છે. .. શુદ્ધ છું, પરના એક રજકણની ક્રિયા હું કરી શકું નહિ. કેમકે છ દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કરતું નથી. દ્રવ્ય એટલે સમજાય છે? દ્રવ્ય એટલે પદાર્થ, દ્રવ્ય એટલે વસ્તુ, દ્રવ્ય એટલે પદાર્થ ક્ષણે-ક્ષણે પ્રવહે, પરિણમે છે એને દ્રવ્ય કહેવાય છે. એ દ્રવ્ય પોતે સ્વતંત્રતા સિદ્ધ કરે છે કે દરેક આત્મા અને દરેક પરમાણુ પોતપોતાના સ્વભાવ કે વિભાવમાં પોતાને જ કારણે દ્રવે અને પરિણમે છે. એમાં કોઈનું કોઈ કરે અને કોઈનું કોઈ બનાવે અને કોઈનું કોઈ તોડે એ વસ્તુના સ્વભાવમાં છે નહિ. એવો ઉપદેશ ભગવાનની દિવ્યધ્વનિમાં ગણધરો અને ઈન્દ્રો આદિની સ્તુતિ થતાં અથવા બીજા મુનિઓ આદિની અથવા સાધારણ જનતાની સ્તુતિ થતાં એ ભગવાનની વાણીમાં આ દિવ્યધ્વનિનો ઉપદેશ નીકળ્યો એ જગતના જેવા પદાર્થ છે તે પ્રમાણે એવો ઉપદેશ નીકળ્યો. એ પદાર્થમાં નવ યથાર્થપણે જે ન સમજે એને વાસ્તવિક એક પણ કલ્યાણ સાબિત થતું નથી. કેમકે જીવ જો ન હોય તો કલ્યાણ કરવું કોનું? અજીવ જો ન હોય તો બીજાની સત્તામાં પોતાની સત્તા માને છે એ ભૂલ થાય નહિ. અને જો પુણ્ય-પાપનો આસ્રવ અને

વિકાર જો ન હોય તો વિકાર ટાળીને નિર્વિકારી પર્યાય અવસ્થા પ્રગટ કરવી એ પણ રહેતું નથી અને નિર્વિકારી પર્યાયમાં પરિણમન જો ન હોય, બદલવું ન હોય તો આગળ વધીને સાધકપણે શાંતિને આત્માની વીતરાગતા વધારવી રહેતી નથી. અને પૂર્ણ વીતરાગતામાં જો પરિણમન અને બદલવું ન હોય તો આત્મા પૂર્ણ થયા પછી પણ પૂર્ણનો એને અનુભવ રહેતો નથી.

એટલે ભગવાન કહે છે કે આત્મા પરિપૂર્ણ એક-એક પ્રભુ છે. એ દરેક આત્મા પોતાની શક્તિથી પ્રભુ છે. પરમાણુ પણ પ્રભુ છે, આત્મા પણ પ્રભુ છે. કેમ પ્રભુ? પ્રભુ એટલે શક્તિસંપન્ન. એ પરમાણુ પણ સ્વતંત્ર શક્તિસંપન્ન છે. એ કાંઈ આત્મા હોય તો બદલે એવો એ પદાર્થ છે નહિ. એ પણ એક-એક પરમાણુ સ્વતંત્ર અનંત શક્તિનો ભંડાર છે. અને આત્માને પણ કાંઈક પરમાણુની મદદ મળે અને શરીરની મદદ મળે અને બીજા પદાર્થની સહાય હોય તો કલ્યાણ કરી શકે એવો આત્મા છે નહિ.

આત્મા પ્રભુ છે. આત્મા અનંત શક્તિનો ભંડાર છે. આત્મા સ્વાશ્રયે પોતાનું કલ્યાણ કરી શકે એવી તાકાતવાળો છે. એ પોતાને ભૂલીને જે પરનો આશ્રય કરીને પોતે ભૂલ્યો છે અને પરાધીન પોતાને કારણે થયો છે. પરાધીન એને કોઈએ કર્યો નથી. કોઈએ કર્યો નથી કે કર્મે પરાધીન કર્યો છે ને શરીરે કર્યો છે ને કાળે કર્યો છે. એ ત્રણકાળમાં એક પદાર્થ બીજા પદાર્થને પરાધીન કરી શકે નહિ. એવી પ્રરૂપણા ભગવાનની વાણીમાં સ્વતંત્રપણાના દિવ્યધ્વનિમાં ઢંઢેરા પીટાણા અને એમાં જે દિવ્યધ્વનિમાં આવ્યું એમાં એક દુદુંભી દેવો વગાડે છે. એ દુદુંભીમાં એમ દેવો કહે છે કે અરે! લોકો! તમારે હિત કરવું હોય તો ભગવાનનો ઉપદેશ વાણીનો સાંભળો. એ સિવાય ક્યાંય હિત છે નહિ.

ભગવાનના સમવસરણમાં સાડા બાર કરોડ વાજા વાગે છે. એમાં એ ઉપદેશ આવે છે કે .. એને આત્માનું કલ્યાણ કરવું હોય એ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા આવો. એ દુદુંભીનું નગારું એમ કહે છે એમ અલંકાર ઈન્દ્રો ઉતારે છે. એ દુદુંભી તો અતિશયને લઈને થાય છે, પણ ઈન્દ્રો કહે છે, હે નાથ! તારું દુદુંભી વાગે છે. એનો અર્થ તો અમે એમ કરીએ છીએ. જગતના જીવોને નગારા પીટીને બોલે છે, 'અરે! જીવો! હિત કરવું હોય તો ભગવાનની વાણી સાંભળ્યો, કલ્યાણ કરવું હોય તો ભગવાનની દિવ્યધ્વનિને સાંભળો. એ સિવાય કલ્યાણ ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય થવાનું નથી. એ ભગવાનની ધ્વનિમાં એ આવ્યું.'

દરેક વસ્તુ અનાદિ-અનંત સ્વતંત્ર છે. સર્વે વસ્તુ અસહાય. અસહાય. કોઈ કોઈને સહાય કરવા કોઈ સમર્થ નથી. એ રખડે તોપણ પોતાની ભૂલથી અને ભગવાનને ભૂલ ભાંગીને પરમાત્મા થાય તોપણ પોતાની સ્વતંત્રતાથી. પણ કોઈ કોઈનું કાંઈ કરી શકવા સમર્થ નથી. આ અધિકાર તાકડે આપણે કર્તાકર્મનો છે. એવો અધિકાર અત્યારે ભરતક્ષેત્રમાં જેવો કુંદકુંદાચાર્ય

મહારાજે ભગવાનની દિવ્યધ્વનિ. કુંદકુંદાચાર્ય વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન બિરાજે છે. ત્યાં જઈ, આઠ દિવસ રહી સાક્ષાત્ સમવસરણમાં કેવળજ્ઞાનની ધ્વનિ આઠ દિ' ત્યાં રહીને સાક્ષાત્ પોતે સાંભળીને પોતે આ ભરત ક્ષેત્રમાં સંવત્ ૪૯ લગભગની સાલમાં આ ભરત ક્ષેત્રમાં એ રચના અને એ બનાવ બની ગયો છે. એ ત્યાંથી દિવ્યધ્વનિ સાંભળીને અહીં આવ્યા અને આવીને સમયસાર આદિ રચના કરી અને કહે છે કે ભગવાને એમ કહ્યું અમને. કે અમે સિદ્ધ છીએ, તમે સિદ્ધ બધા છો. સમજાય છે?

જુઓ, નવ તત્ત્વ અને છ દ્રવ્યની તો સિદ્ધિ કરી, પણ હવે નવ તત્ત્વ એકલા નહિ. અમે સિદ્ધ છીએ, તમે સિદ્ધ છો. અમે પરમાત્મા છીએ, તમે પણ પરમાત્મા છો. એમ પહેલો પ્રસ્તાવના કરે છે. પસ્તાનું નથી મૂકતા, પસ્તાનું? ભગવાનભાઈ! કોઈ એક ગામથી બીજે ગામ જાય તો પસ્તાનું મૂકે છેને. પહેલી ગાથામાં એ કહ્યું.

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।

હે જીવો! આ આત્મા ચિદાનંદ આનંદકંદ સિદ્ધ સમાન શક્તિએ છે. એવો જ તમારો આત્મા બધાનો સિદ્ધ સમાન છે. એ સિદ્ધ સમાનનું અમે પસ્તાનું મૂકીએ છીએ. પસ્તાનું એટલે? એક ગામથી બીજે ગામ જાવું હોય તો બે-ચાર દિ'ની વાર હોય તો નજીકમાં પસ્તાનું મૂકે છે અને પછી દિવસ, વાર-કવાર હોય એટલે બીજે દિવસે લઈને જાય છે. અત્યારે પંચમકાળ જરી વાર-કવાર છે, પણ પંચમકાળમાં અમે પસ્તાનું મૂકીએ છીએ. પંડિતજી! એ વારકવારમાં મૂકે છે આવે છે? પંચમકાળનો વિષય કેવળજ્ઞાન અને મુક્તદશા પામવાની બરાબર પૂર્ણ લાયકાત નથી, પણ છતાં અમે કહીએ છીએ કે ભગવાન આત્મા સિદ્ધ સમાન છે. સમજાય છે?

'ચેતન રૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.. ચેતન રૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ કીયો પરસંગ મહાતમ ઘેરો. જ્ઞાનદશા મોકું પ્રગટી કહું ગુણ નાટક આગમ કેરો. તાસુ પ્રસાદ સધૈ શિવ માર્ગ, વેગે મીટે ઘટ વાસ વસેરો.' બનારસીદાસ કહે છે, ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે, 'ચેતન રૂપ અનુપ અમૂરત' ભગવાન ચૈતન્ય અનુપ-એને કોઈ ઉપમા આપી શકાય એવો જગતમાં આત્માને માટે કોઈ પદાર્થ નથી. 'ચેતન રૂપ અનુપ અમૂરત' એને કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' કોને કહે છે? જુઓ, અહીંયાં બનારસીદાસ પોતાને કહે છે.

અહીં આચાર્યદેવ કહે છે કે અમે અને તમે બધા સિદ્ધ સમાન છીએ. ફક્ત જે સિદ્ધ પરમાત્માનું જે વીતરાગી કેવળજ્ઞાન, દર્શન ચતુષ્ટયનો સ્વભાવ અને તારા આત્માની શક્તિના સ્વભાવમાં કિંચિત્ ફેર નથી. એ શ્રદ્ધા અને જ્ઞાનની વાતમાં, દૃષ્ટિમાં ફેરે એ શક્તિ રોકાઈ ગઈ છે. બાકી કાંઈ ફેર છે નહિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' ત્રિકાળ મારો આત્માનો

સ્વભાવ સિદ્ધ સમાન છે. ત્યારે થયું શું? સિદ્ધ સમાન હોય તો આ થયું શું? 'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો' પણ મોહ નામ સ્વરૂપની અસાવધાની કરીને જીવે પોતાના સ્વભાવને પોતાની જાતે ભૂલ્યો છે. જેથી મોહનો પોતે પરસંગ કર્યો નથી. એ સંગને લઈને પોતે મહાતમ નામ અજ્ઞાનદશામાં આવી ગયો છે. એ પર્યાયમાં, અવસ્થામાં અજ્ઞાન છે એના ત્રિકાળ સ્વભાવમાં અજ્ઞાન નથી. સમજાય છે? એ 'જ્ઞાન દશા પ્રગટી અબ મોકુ' જ્ઞાન ચૈતન્ય હું તો છું. એ રાગ નહિ, વિકાર નહિ, શરીર નહિ, મારું એ સ્વરૂપ નહિ. 'જ્ઞાન દશા પ્રગટી અબ મોકુ કહો ગુણ નાટક આગમ કેરો' આવા ચૈતન્યના આગમને હું કહીશ. એમ બનારસીદાસ કહે છે.

પણ ભગવાન સમયસાર કુંદકુંદાચાર્ય કહે છે કે અમે સિદ્ધના સ્વરૂપને કહીશું. અમે સિદ્ધ છીએ, તું પણ સિદ્ધ ભગવાન છો. હવે શ્રવણ કરતાં-કરતાં લક્ષ રાખજે કે સિદ્ધ થઈએ... સિદ્ધ થઈએ... સિદ્ધ થઈએ. અપૂર્ણ અને વિકાર નહિ, નિમિત્તના વલણમાં નહિ. સિદ્ધ છું... સિદ્ધ છું... સિદ્ધ છું... સિદ્ધ છું... એવા પરિપૂર્ણ સ્વભાવ તરફ લક્ષ કરતાં, શ્રવણ કરતાં-કરતાં જે અપૂર્ણતા અને સદોષતા છે એને ટળીને પૂર્ણતા અને નિર્દોષતા પ્રગટી જશે એમ કોલકરારથી ભગવાન કુંદકુંદાચાર્ય પહેલી ગાથામાં જો ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું એ કહેવાણું છે. એ દિવ્યધ્વનિમાં આમ આવ્યું હતું. એમ નહોતું આવ્યું કે તું રાંકો છો અને પામર છો અને મરી જઈશ, રખડી જઈશ ચોર્યાસીમાં. એક .. પરમાત્મા જેવો છો. અજ્ઞાનને લઈને તે પરસંગનો પરિચય કર્યો છે. એ પરસંગ છોડ અને સ્વસંગ કર. સ્વસંગ કર. આત્મા જ્ઞાનાનંદ અખંડ પરિપૂર્ણ છું એનો પરિચય કરતાં. એ પરિચય કરતાં રુચિ અને શ્રદ્ધા, જ્ઞાન સ્થિર થતાં તારી શક્તિરૂપે જે સિદ્ધ સમાનદશા છે, શક્તિરૂપે એ વ્યક્ત નામ પ્રગટરૂપે પરમાત્મદશા તારી થઈ જશે. એમાં ફેર પડશે નહિ.

જુઓ, આ વાત કોને બેસે? કે જેને પાત્રતા થઈને એમ થયું કે ઓહો..હો..! આ અમારી વાત કરે છે. ભગવાને દિવ્યધ્વનિમાં અમારી વાત કરી છે. આ આત્માની મુક્તિની વાત કરી એ મુક્તિ પામ્યા કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય. અનંત ચતુષ્ટયને જે શક્તિરૂપે હતા તે વ્યક્તરૂપે પ્રગટ કર્યા છે. એ પ્રગટ કરવાનો ઉપદેશ ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યો કે સદા સિદ્ધસમાન તું છો. તારો અને મારામાં કાંઈ પરમાત્મામાં ફેર નથી. કોને બેસે એ વાત? એ આ પર્યાયબુદ્ધિ હોય એને એ વાત બેસે નહિ. માટે ભગવાન ત્યાં દ્રવ્ય બુદ્ધિ કરાવવા માગે છે કે ત્રિકાળ તારા સ્વભાવમાં વિકાર ક્ષણમાત્ર પણ ત્રિકાળમાં નથી. એ વિકાર હોય તે વર્તમાન પર્યાય નામ અવસ્થામાં એક સમય પૂરતો સંસાર છે. એ સંસાર ત્રિકાળ સ્વભાવમાં ગોત્યો જડે તેવો નથી. એક સમયમાત્રનો વિકાર અને સંસાર એ કાંઈ આત્માનું ત્રિકાળી પદ નથી. એ ત્રિકાળી પદને જોઈને ..ને માન તો ત્રિકાળી દશા

થયા વિના તારી રહે નહિ. એમ ભગવાનના દિવ્યધ્વનિના ઉપદેશમાં તો એમ આવ્યું કે હું વીતરાગ થયો, હું સર્વજ્ઞ થયો એ પૂર્વે મારા પુરુષાર્થથી જે વીતરાગતા મેં મેળવી એવો જ ભગવાને ઉપદેશ કર્યો.

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

જેણે અરિહંત ભગવાનનો આત્મા એના ગુણો નિર્મળ અને એની પર્યાય નિર્મળ. એ રીતે જેણે આત્માને પોતાનો જાણ્યો કે એ આત્મા આવા દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શક્તિ અને પર્યાય નામ દશા. એવી પરિપૂર્ણતાને પામ્યા તે જાતનો હું છું. તે જાતને જેણે નિર્ણય અને આત્મભાનથી એ નિર્ણય કર્યો. આચાર્ય કહે છે **'सो जाणदि अप्पाणं'** તે આત્માને જાણી શકે અને **'मोहो खलु जादि तस्स लयं।'** એનો મિથ્યાત્વ મોહ નાશ પામ્યા વિના રહે નહિ. અને તે પ્રમાણે ભગવાન અરિહંતોએ મોહનો નાશ કરી-મિથ્યાત્વનો. પછી ક્રમે-ક્રમે સ્વભાવની સ્થિરતા દ્વારા રાગ-દ્વેષનો નાશ કર્યો અને વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. અને .. જેવો ભગવાને પોતાના આત્માને જાણ્યો એવો જ ઉપદેશ જગતને કર્યો કે મેં કર્યું તે તું કર તો તું પણ પરમાત્મા થવાને લાયક છે, ન થાય એ વાત શાસ્ત્રમાં છે નહિ. ત્યારે કહે અભવિ છેને. અભવિ છેને. એ વાત અહીંયાં નથી. અભવિ ભગવાનના સમવસરણમાં બેસી શકે નહિ. વાત સમજાય છે?

ભગવાનનું જ્યાં સમવસરણ રચાણું હોય. જુઓ, એ છે એનામાં. આપણે ત્યાં તો પ્રત્યક્ષ છે. અમુક પ્રત્યક્ષ છે હોં. કાંઈ બધું પ્રત્યક્ષ નથી. આ તો અહીંની અપેક્ષાએ ત્યાં માનસ્તંભ આદિ છે તો અભવિ માનસ્તંભ પાસે આવીને ઉભો રહે, પણ એ અભવિને અંદરમાં જવાની ઇચ્છા થાય નહિ. ચાર બાજુ ચાર રસ્તા હોય છેને જવાના. ત્યાં માનસ્તંભ હોય છે. એ માનસ્તંભ હોય છે મોટા ત્યાં આગળ આવીને અભવિ ઉભો રહે. એને કોઈ રોકતું નથી, પણ એની પોતાની લાયકાત નથી માટે અંદર જઈ શકતો નથી. એટલે એવી વાતને સમવસરણમાં જે આવ્યા એ ભવિ જ હોય. એ અભવિ કોઈ દિ' હોઈ શકે નહિ.

એને માટે ભગવાન ઉપદેશ કરે છે કે તમે આત્મા સિદ્ધ સમાન છો એને ઓળખો. એની શ્રદ્ધા કરો અને સ્વરૂપમાં રમણતા કરો તો મુક્તિ પામ્યા વિના રહેશો નહિ. પણ મેં જે પુરુષાર્થે કામ કર્યું તે પુરુષાર્થે તમે કરો, તો જેમ મને કાર્ય થયું એવા કારણે તમને પણ કાર્ય થયા વિના રહેશે નહિ. એટલે કેટલાક એમ કહે છે કે અમે પુરુષાર્થ તો ઘણો કરીએ છીએ, પણ બરાબર ફળ આવતું નથી. જૂઠી વાત છે. આત્મામાં જેટલા પ્રમાણમાં પુરુષાર્થ થાય સ્વભાવનો. એટલા પ્રમાણમાં કાર્ય ન આવે એમ ત્રણકાળમાં બને નહિ. એટલે ચૈતન્યની અંદર પુરુષાર્થ ઘણો કરીએ છીએ, ઘણું ફળ ઓછું આવે છે. એ સિદ્ધાંત જ નથી. કેમકે સ્વભાવ તરફના પુરુષાર્થનું કારણ કરે અને એનું કાર્ય ન આવે એમ ત્રણકાળમાં બને નહિ.

સંસારની વાત જુદી છે. સંસારમાં તો પુરુષાર્થ ઘણો કરવા માગે અને મળે નહિ. કેમકે પૂર્વના પુણ્ય-પાપને આધીન છે. પણ આત્માનો સ્વભાવ છે એને ભગવાને દિવ્યધ્વનિ દ્વારા આ કહ્યું. એકલા આત્માના પુરુષાર્થથી જ મુક્તિ થાય છે. પુરુષાર્થ વિના મુક્તિ ત્રણકાળમાં થતી નથી. અને જેને આત્મામાં પુરુષાર્થ સૂઝયો એને કાળલબ્ધિ અને બીજા કોઈ નડે એ વાત ત્રણકાળમાં છે નહિ. એમ ભગવાનની દિવ્યધ્વનિમાં દરેક આત્માની દ્રવ્યે એટલે વસ્તુની સ્વતંત્રતાનો તો ઢંઢેરો પીટ્યો, પણ એની ત્રિકાળી શક્તિઓ પણ સ્વતંત્ર છે એમ ઢંઢેરો પીટ્યો. અને શક્તિ તો સ્વતંત્ર છે, પણ એની વર્તમાન સ્વતંત્ર અવસ્થા પર્યાય સમય-સમયની, સમય-સમયનો સત્ સ્વતંત્ર છે. જેમ ત્રિકાળ સ્વયં સત્ સ્વતંત્ર છે એમ વર્તમાન પર્યાય વિકારી કે અવિકારી. એ કરે તો થાય અને ન કરે તો ન થાય. એવી એની સ્વતંત્રતા છે. એ સ્વતંત્રતા કોઈ પદાર્થે લૂંટી નથી. એમ ભગવાનના ઉપદેશમાં, દિવ્યધ્વનિમાં આમ આવ્યું હતું. અજ્ઞાની પોતાની કલ્પના કરીને શાસ્ત્રમાંથી એમ કાઢે. અમારે હમણા કાળલબ્ધિ પાકી નથી, હમણા અમારે મોક્ષની અથવા સમજવાની ધર્મની તૈયારી નથી. અને કાળલબ્ધો ક્યાં હતો પણ? એ આત્માને સમજવાની પુરુષાર્થની દશા કર તે સમયને કાળલબ્ધિ કહેવામાં આવે છે. કાળલબ્ધિ કોઈ જગતની ચીજ બીજી નથી. આત્માના સ્વભાવનું ભાન કરીને તેમાં રોકા અને ઠર એવા વર્તમાન પર્યાયના કાળને કાળની લબ્ધિ કહેવામાં આવે છે. એટલે ભગવાને ઉપદેશ કરતા એમ કહ્યું. બધા પદાર્થો અને તેની વર્તમાન સ્વતંત્ર પર્યાય સ્વતંત્ર છે. એ કોઈ કોઈને આધીન છે નહિ. એ અવસ્થા કોઈને લઈને અટકે એવું ભગવાને કહ્યું નથી. કે કર્મને લઈને આત્મા રખડે અને આત્મા બીજાનું કાંઈ ભલુભુંડું કરી દે. એવું ભગવાનની દિવ્યધ્વનિમાં ત્રણકાળ, ત્રણલોકમાં આવ્યું નથી.

એટલે આ કર્તાકર્મનો અધિકાર, આ જીવનો કોઈ કર્તા છે એમ કહે તો વસ્તુ સિદ્ધ થતી નથી. કર્તા કહો તો વસ્તુ અનિત્ય અને કૃત્રિમ થઈ જાય છે. એટલે અકૃત્રિમ ત્રિકાળ પદાર્થનો કોઈ કર્તા જગતમાં હોઈ શકે નહિ અને તે પદાર્થનું જ્યારે સ્વતંત્ર સિદ્ધ થઈને કોઈ કર્તા નથી, તો એની વર્તમાન અવસ્થાનો વળી કર્તા કોણ હોય? વર્તમાન પર્યાયનો કર્તા કોણ હોય? કર્મ કરાવે? ઈશ્વર કર્તા નથી પછી કર્મ કરાવે? જૈનમાં તો એમ છે કે ભાઈ જૈન તો કહે અમે કર્મને માનનારા છીએ. એમ હશે? એ કર્મ-બર્મ આત્માને કાંઈ કરાવતું નથી. એમ ભગવાનના ઉપદેશમાં તો આવ્યું કે સ્વયંસિદ્ધ તારી અવસ્થાનો તું કર્તા છો. વિકાર કરીને વિકાર મારો તેમ માન તે અજ્ઞાનભાવ છે. સમજાય છે? આત્મા અનાદિ-અનંત છે. એની પર્યાયમાં રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા એ આદિ, કપટ આદિનો ભાવ કરી અને 'એ વિકારી કાર્ય મારું છે, એનો કર્તા હું છું.' એટલો સ્વીકાર હજી ન કરે તો એની તો વર્તમાન અવસ્થા સ્વતંત્ર સાબિત થતી નથી.

આ અધિકાર ચાલતો અધિકારમાં તો આપણે એમ છે કે કરનારો અજ્ઞાની જે કાંઈ આત્મામાં

રાગ અને દ્વેષના ભાવ કરે છે એ પોતે અજ્ઞાની કરે છે એને બીજો કોઈ પદાર્થ કરાવતું નથી. એ વિકારીનું ખરેખર હું કર્તા અને મારું કાર્ય છે, એમ જો સ્વીકારે તો ભગવાન તો એને મિથ્યાદૃષ્ટિ કહે છે. વાત સમજાય છે? ત્યારે એ વિકારી કાર્ય પોતે ન કરે ત્યારે કોક એનો કર્તા તો ઠરાવવો પડશે કે નહિ?

શ્રોતા :- ..

ઉત્તર :- ભૂલ કઈ? ભૂલ તો વાત કરી કે આત્મામાં જે ભૂલ થાય છે એ અવસ્થાની ભૂલ આત્મા કરે છે, કોઈ કરાવતું નથી. એ કર્તાપણું આત્માનું છે અજ્ઞાનીનું એ બીજાને નાખે તો એ તો પહેલી ભૂલ કરે છે. કોઈ આત્માને ... વિકાર કરવાને પણ આત્મા સ્વતંત્ર છે. હવે વિકાર જે થયો એ વિકાર .. આત્મા ત્રિકાળી નથી. 'એ ક્ષણિક વિકાર તે મારું' કાર્ય કરીને દૃષ્ટિમાં જે રોકાઈ જાય એને પણ ભગવાન મિથ્યાદૃષ્ટિ પોતાની દિવ્યધ્વનિમાં પોકારે છે. .. કહેતા નથી.

દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિના પરિણામ જે પુણ્યના થાય એ પરિણામ પણ વિકાર છે, તે ખરેખર હું એનો જાણનાર છું, એ વિકારનો ભોગવનાર હું છું નહિ. એમ જે ન જાણે તેને ભગવાન સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કહેતા નથી. જુઓ, આ વીતરાગની દિવ્યધ્વનિનો આ ઢંઢેરો! બીજાનું તો કરે નહિ, બીજાની દયા નહિ, બીજાની હિંસા નહિ, બીજાનું કાંઈ ભલા-ભુંડું કરવાનું તો આત્મામાં કાંઈ છે નહિ. સ્વતંત્ર બધા પદાર્થો એની અવસ્થાનું પલટવું તેને કારણે થાય છે. એટલે બીજાનું તો કરે નહિ, પણ પોતામાં પરને કરવાનો જે ભાવ. અહંકાર અને અજ્ઞાન અને રાગ-દ્વેષ એ ક્ષણિક વિકાર છે, એ ક્ષણિક વિકાર છે. એ ક્ષણિક વિકારનો કર્તા આત્મા ત્રિકાળી સ્વયં. એ ક્ષણિકનો જ કર્તા સ્વકારી લે તો એને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવની પણ ખબર નથી. એવી વાત ભગવાને દિવ્યધ્વનિમાં ઢંઢેરે પીટી.

અહીં કહે છે કે હજી તો અમે પરની દયાઓ કરી દઈએ, પરની સેવાઓ કરી દઈએ. ત્રણકાળ, ત્રણલોકમાં એક તળણલા તોડવાના, કટકા કરવાનું સામર્થ્ય આત્મામાં છે નહિ. એક પાંપણ ફેરવવાની તાકાત ચૈતન્યમાં ત્રણકાળ, ત્રણલોકમાં નથી. એક પરમાણુ અને જડની અવસ્થા વર્તમાન થવાની હોય તો થાય છે, એ કાંઈ ચૈતન્યના અધિકારની વાત નથી. છતાં મૂઢ જીવો અનાદિથી આત્માનો અધિકાર સ્વમાં છે તેમ છોડીને પરમાં, શરીરમાં, વાણીમાં, પરજીવમાં ભલાભુંડું કરી દઈએ એવી માન્યતા છે તે અજ્ઞાન છે એમ ભગવાન કહે છે. એ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞે આમ જોયું છે. હવે અજ્ઞાનીઓ એની કલ્પનામાંથી કાંઈક નવું કાઢે તો એના ઘરમાં જાય એવું છે, પણ ભગવાનનો માર્ગ એ છે નહિ. ભગવાને તો આમ કહ્યું, પ્રભુ! સ્વયંસિદ્ધ સ્વતંત્ર છો.

'સર્વ દ્રવ્ય જગમેં અસહાયી.' કોઈ દ્રવ્ય કોઈને સહાય કરે એવો ત્રણકાળ, ત્રણલોકમાં સ્વભાવ નથી. ક્યારે? કેવળજ્ઞાન થાય ત્યારેને? ત્રણે કાળે અને ત્રણલોકે. સર્વત્રય જગમેં

અસહાયી. કોઈ કોઈ દ્રવ્ય ત્રણકાળમાં કોઈને સહાય-મદદ કરે એવી ત્રણકાળ, ત્રણલોકમાં કોઈની શક્તિ નથી. જેનામાં જે શક્તિ ન હોય તેને બીજો આપે એમ ત્રણકાળમાં બને નહિ અને પોતામાં શક્તિ ન હોય અને બીજાની પોતે લે એવી પણ તાકાત કોઈ પદાર્થની નથી. એવો ભગવાનનો ઉપદેશ દિવ્યધ્વનિ દ્વારા આવ્યો. આવો સ્વંયસિદ્ધ સ્વતંત્ર સમજીને ઘણા જીવો ભગવાનના સમવસરણમાં એ સમકિતને પામ્યા. એ આત્મજ્ઞાનને પામ્યા એ સમવસરણમાં. અહીં તો અત્યારે શાંતિનાથ ભગવાન વિધિનાયક તરીકે કેવળજ્ઞાની થયા એમ વાત કરી. પણ જ્યાં જ્યાં કેવળજ્ઞાન પામ્યા ભગવાન ત્યાં ત્યાં તે ઉપદેશ તેમના જ્યારે થયા ત્યારે એ ધર્મ પામ્યા વિના રહેતા નથી.

મહાવીર ભગવાન એમને જ્યારે વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન થયું અને સમજનારની લાયકાત જગતના જીવોની તે ટાણે હતી નહિ અને વાણી નીકળવાની લાયકાત પણ વાણીમાં હતી નહિ. ભગવાનની વાણી નીકળવાને (કાળે) સમજનાર સમજવાના લાયકવાળા જીવ ન હોય એમ કોઈ દિ' બને નહિ. સમજાય છે? એક પક્ષ કહે છે કે ભગવાનની વાણી નીકળી, પણ દેવો હતા અને મનુષ્યો નહોતા માટે ધર્મ ન પામ્યા એ વાત ત્રણકાળમાં સાચી નથી. કેમકે ભગવાનની વાણી પોતાના સ્વભાવમાં ઠરતાં કાંઈક રાગ પૂર્વે રહી ગયો એ ઠરવા માટે નીકળેલી, એ રાગની વાણી જ્યારે ધ્વનિ ઉઠે ત્યારે ધર્મના સમજનાર ન હોય એમ ત્રણકાળમાં બને નહિ. એવો વસ્તુનો સ્વભાવ છે. એટલે ભગવાનને જાણે વાણી ન નીકળી એ બે મહિના અને છ દિવસ સુધી. વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન થયું, અષાઢ વદ એકમે ધ્વનિ છૂટી. કેમકે વાણી નીકળે અને જીવો લાયક સમજનાર ન હોય એવો નિમિત્ત-નૈમિત્તિક મેળ તૂટે એમ કોઈ દિ' બને નહિ. સમજાય છે?

હવે શું કહેવાય છે આ? કે ભગવાનની દિવ્યધ્વની નીકળે અને ધર્મ સમજનારા ન હોય એમ કોઈ દિ' બને નહિ, એમ ધર્મ સમજનારા એ દિવ્યધ્વનિને લઈને સમજે એવી પરાધીનતા પણ હોય નહિ. શું કહ્યું? શિવલાલભાઈ! વાણી નીકળે જ્યારે તીર્થંકરદેવની દિવ્યધ્વનિ એ પૂર્વે આત્માના સ્વરૂપમાં ઠરતાં-ઠરતાં કાંઈક બાકી રહેલો રાગ એમાં એ બંધાઈ ગયેલી ભાષા છે. એ રાગમાં નિમિત્ત પામીને પરમાણુ બંધાણા એ પરમાણુનો જ્યારે અવાજ અને ધ્વનિ નીકળે ત્યારે તે પોતે તે ક્ષણે ધર્મ પામવાના અંદરની ભૂમિકામાં રમણતા કરતા એ ભૂમિકામાં રાગ હતો. એટલે રાગમાં જે પરમાણુ બંધાણા રાગનું નિમિત્ત પામીને એ પરમાણુ જ્યારે છૂટે દિવ્યધ્વનિ તરીકે, ધર્મ સમજનાર સભામાં ન હોય એમ કોઈ દિ' બને નહિ. સમજાય છે? એ તો ન હોય, પણ કુંદકુંદાચાર્ય પોતે કહે છે, અમે આ જે વાણી સમયસારની કરીએ છીએ અને આ કાળે સમજનાર ન હોય એમ બને નહિ. કેમકે એ પાંચમી ગાથામાં કહે છે. પાંચમી ગાથામાં કહે છે. સમજાય છે? એ પાંચમી ગાથા હું મારા વૈભવથી કહીશ. મારા વૈભવ દ્વારા કહીશ. જુઓ એમાં એ વાત આવે છે ન્યાયથી. ઘણીવાર એ કહેવાઈ ગઈ છે.

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।

હું મારા આત્માના વૈભવથી સ્વરૂપની એકત્વતા અને વિકાર અને સંયોગથી વિભક્ત નામ પૃથક્ છે તેવા આત્માને મારા વૈભવથી કહીશ. '**जदि दाएज्ज**' જો હું દેખાડું છું તો પ્રમાણ કરજે. પ્રમાણ કરજે એમ આદેશ કરે છે. '**जदि दाएज्ज पमाणं**' એમ કહેતા વાણી નીકળી છે અમારી અને સમજનાર ન હોય એમ ત્રણકાળમાં બને નહિ. પ્રમાણ કરજે. '**चुक्केज्ज छलं ण घेत्तव्वं**' ક્યાંય વિભક્ત અને શબ્દોમાં ફેરફાર અને સ્ખલના આવે તો એ વાત ગોતીશ નહિ. અમે આત્માની જે વાત કહેવા માગીએ છીએ તે વાતને સમજ. '**पमाणं**' પ્રમાણ કરજે એમ કહે છે. કોને કહે છે? પાત્ર ભાળ્યા છે કે નહિ? પાંચમી ગાથામાં '**जदि दाएज्ज**' હું પોતે પ્રમાણથી વાત કરીશ, તો તે વાતને પ્રમાણ કરજે. આત્મા પરથી નિરાળો સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. એને કોઈ રોકવા સમર્થ છે નહિ. પોતાની ભૂલે રોકાય છે, પોતે જ્યારે સમજે ત્યારે નિમિત્ત એની મેળાએ હાજર હોય છે. નિમિત્તોને આત્મા મેળવી શકે એ ત્રણકાળમાં વાત બનતી નથી અને સમજવા ટાણે નિમિત્ત ન હોય એમ પણ ત્રણકાળમાં બનતું નથી. કેમકે કહે છે કે અમે જ્યારે કહેનાર છીએ ત્યારે એ સમજનાર લાયક જીવ ન હોય તો એમ પણ બનતું નથી. અરે! પંચમકાળના મુનિઓ પણ જ્યારે કહે છે કે પ્રમાણ કરજો, મારી વાત પ્રમાણ કરનારા નહિ મળે એમ વાત પાંચમી ગાથામાં કહેતા નથી. સમજાય છે?

એટલું તો જોર દિવ્યધ્વનિ પાસે લઈને આવેલા છે અંશ ત્યાંથી. એલા દિવ્યધ્વનિ સાંભળીને આવ્યા છીએ અને તેની વાણી સાંભળવામાં સમજનારા ન હોય એમ જ્યારે બને નહિ, તો અમે આઠ દિ' ત્યાંથી સાંભળીને આવ્યા એમ અમારા ઉપદેશને સમજનાર ભરતક્ષેત્રમાં ન હોય એમ પણ બને નહિ. પંડીતજી! એ પાંચમી ગાથામાં એમ જ કહે છે. એમાં સંધિ એવી છે. વાત સમજાય છે? છતાં સમજનાર સમજનારને કારણે સમજે છે હોં! કાંઈ નિમિત્તને લઈને નહિ. પણ જ્યારે સમજાવનારનું યથાર્થ નિમિત્ત હોય, આવું આ કહેનારનું દિવ્યધ્વનિના પડખેથી આવેલો. એટલે આચાર્ય પોકાર કરે છે કે પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે. આત્મા અખંડ જ્ઞાનાનંદ છું, વિકલ્પાદિ વિકાર છે, શરીરાદિ પર છે, કર્માદિ સંયોગ પણ પર છે. એવા .. જે તને સ્વરૂપથી એકત્વ અને વિકારને પરથી વિભક્ત કહીએ છીએ. હા પાડજે, ના પાડીશ નહિ. એમ કહેતા આદેશ કરીને શું હુકમ કરે છે? એવા જીવો પાત્ર અમારા આવા સંયોગમાં ન હોય એમ બને નહિ, તો જેની વાણી દિવ્યધ્વનિ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન એનું શું કહેવું? જેની પરિપૂર્ણતાની દશા અને વાણીમાં પણ પરિપૂર્ણતા. એક સમયમાં પૂરું લેતી આવે અને જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું એની વાણીમાં સમજનાર સભામાં ન હોય એમ કોઈ દિ' બને નહિ. એ વાણી એમ કહે છે કે અમે જ્યારે નિમિત્તરૂપે છીએ. નિમિત્ત કોનું? જ્યારે સમજનાર હોય છે તેનું. એટલે સમજનાર જીવોની લાયકાત

ન હોય એમ બને નહિ. પણ જીવોને એમ થઈ જાય છે કે આવી વાત! આ તો મોટી એલ.એલ.બી. અને બી.એ.ની લાગે છે. એ પોતાના આત્માને પોતે નકારમાં અને નાલાયક છું એમ કરીને વાણીનું જે નિમિત્તપણું સમજવાની યોગ્યતાવાળાને જે સંધિવાળું છે એ સંધિ પોતે તોડી નાખે છે. સમજાય છે કાંઈ? લાલજીભાઈ! શું કહ્યું?

ભગવાનની વાણીમાં તો સમજવાની એની લાયકાત છે એવું એ નિમિત્ત છે. એ બેની નિમિત્ત-નૈમિત્તિક સંધિ છે કે ભગવાન જે સમજ્યા અને પૂર્ણ પામ્યા એ વાત શ્રવણ કરનાર ન સમજે એમ બને નહિ. કારણ કે દિવ્યધ્વનિના બંધન વખતે, વાણીના બંધન વખતે રાગ જ એ જાતનો થયેલો હતો. તો સમજનારને એમ થવું જોઈએ કે આહા..હા...! આવી વાણી જ્યારે અમને મળી છે નક્કી અમે પાત્ર થઈને અલ્પકાળમાં પૂર્ણ થઈ જશું. એવી જેની લાયકાત છે એને માટે આ દિવ્યધ્વનિ નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

શું કહ્યું એમાં? ભગવાન તીર્થંકરની વાણી તો ઉપદેશ એવો છે, પણ કુંદકુંદાચાર્ય કહે છે કે પ્રમાણ કરજે, પ્રમાણ કરજે અનુભવથી આત્માની વાત. પરથી જુદો અને સ્વતંત્ર સ્વયં સિદ્ધ છે. એની શ્રદ્ધા કર, ઓળખાણ અને અનુભવ કર. તે અનુભવ કર એમ કહ્યું ત્યારે કરી શકવાની લાયકાત ભાળીને કહ્યું કે એમ ને એમ કહ્યું? એટલે કહે છે. કોણ? થાય તે. હવે કોણ થાય? ઓલો કહે કે પણ અમે નહિ. એલા! પણ તું શું કરવા નીકળી જા છો? સાગમટા નોતરા આપ્યા. સમજાય છે? ત્યાં કંદોરાબંધ કે એમ નથી આપ્યું. કે સાગમટે નોતરા. ઘરે માંદો પડ્યો હોય અને ખાવા ન આવે એ જુદી વાત છે. બાકી સાગમટે નોતરામાં કોઈ બાકી રહે નહિ. સાગમટે નોતરા કહે છેને? જમણવાર કહે છેને જમણવાર? બધાને જમણવાર કહે છે. બધાને .. પછી કોઈ માંદુ હોય, રોગી હોય અને ખાટલામાંથી ન આવે. તેથી કાંઈ એને નોતરું નથી એમ છે? એ તો નાલાયકને કારણે આવતો નથી. એમ ભગવાનની દિવ્યધ્વનિમાં એકદમ ચૌદ બ્રહ્માંડના જીવોને નોતરું આવ્યું છે.

અરે! જીવો! સિદ્ધ સમાન મુક્તિ પામવાને લાયક સમાન તમે બધા જીવો છો. તમારામાં સંસાર અને બંધન એક સમયમાત્ર છે. એક સમયના રુચિને કારણે સંસાર ટક્યો છે. એ સંસારનું મૂળિયું લાંબુ છે નહિ. એ સંસારનું મૂળિયું લાંબું નથી, પણ મોક્ષના મૂળ બહુ ઉંડા છે. ધર્મના મૂળ ઉંડા. કેમકે આત્મામાંથી જે આત્માનું ભાન થઈને જે શ્રદ્ધા ને દશા ને જ્ઞાનની દશા પ્રગટે એ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ભવિષ્યનો કાળ છે એટલો કાળ રહે છે. એ કાળ પછી પૂર્ણદશા થઈ એને પાછું પડવાનું નથી. અને જેટલો સંસારના કાળની અવસ્થાનો કાળ ગયો એના કરતાં મોક્ષની અવસ્થાનો કાળ અનંતગુણો છે. અનંત... અનંત... અનંત... અનંત... સંસારની એક સમયની અવસ્થા અને મોક્ષની અનંતી પર્યાયની અવસ્થા એવો અનંતગુણો કાળ છે. સમજાય છે? કેમકે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો છે. એવો જે આત્મા એની અંદરમાં સંસાર એક ક્ષણમાત્ર છે, સ્વભાવનું ભાન

કર તો એ મૂળ લાંબા એના નથી. તારા મૂળ લાંબા છે કે જે તું કાઢ્યો નીકળે નહિ. ગમે તેટલો કાળ એ મલિનતા સેવે અને ગમે તેટલો કાળ એને એમાંથી અશુદ્ધતામાં જાય, પણ એની સમયની મલિનતા કોઈ પુષ્ટિ થઈ જાય?

સ્વભાવમાં તો મલિનતા ન આવે, પણ એની સમયની મલિનતા તે કાંઈ ગાઢી થઈ જાય કે અનંતકાળ-અનંતકાળ પછી સિદ્ધ થશે. એની વર્તમાન મલિનતા સિદ્ધ થવા પહેલાની બહુ ઘાટી થઈ ગઈ હોય. એ તો મલિનતા તો એક સમયની છે તે છે. પ્રાણભાઈ! સમજાય છે? અને અનંતકાળ થયા મલિન હજી કોઈ પર્યાયમાં સમય-સમયનું કર્યા કરે અને અંદર શુદ્ધતા જે છે એ કાંઈ હીન થઈ જશે? સ્વભાવ જે ત્રિકાળ દ્રવ્ય-ગુણ છે એ હીન થઈ જશે? ત્રિકાળ દ્રવ્ય-ગુણ જે છે એ તો શુદ્ધ જ છે. અને પર્યાય ગમે તેટલો કાળ સમયે-સમયની નવી બનાવે તો એ અશુદ્ધતાનો કાળ લંબાઈ, પણ કાંઈ પર્યાયની અશુદ્ધતાની પુષ્ટિ થઈને બહુ ઉગ્ર થઈ જાય એમ કોઈ દિ' બને નહિ. આવી વાત ભગવાને દિવ્યધ્વનિમાં કહી હતી. તારે અને પરને કાંઈ સંબંધ નથી. તારી અવસ્થામાં તું ભૂલ્યો માટે રોકાણો છો. એ સંસાર તે વિકાર છે અને વિકાર તે મારી પોતાની અજ્ઞાનની ભૂલ છે. એ અજ્ઞાનનું કર્તા કાર્ય છે. હવે તે સંસાર મારા સ્વભાવમાં નથી. સમજાણું?

જુઓ, આ કર્તા-કર્મનો અધિકાર એ છે. મારા આત્મામાં સંસાર ક્રોધ, માન આદિ છે જ નહિને. હું આત્મા સંસારસ્વરૂપ જ નથી. આ એવો કર્તા-કર્મ બતાવ્યું કે જે સંસારનો પુણ્ય-પાપનો ભાવ એ ક્ષણિક છે, એ અજ્ઞાનનું કાર્ય છે. 'અજ્ઞાન જ હું નથીને. હું તો જ્ઞાનસ્વરૂપ છું, ચૈતન્ય નિર્મળ છું.' એમ જણાવીને પુણ્ય અને પાપનો વિકાર તે આત્માનું કાર્ય નથી, પણ તે ક્ષણે આત્માની શ્રદ્ધા અને જ્ઞાન કરવું તે આત્માનું કાર્ય છે. એ કર્તા કર્મની સંધિ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે એ દિવ્યધ્વનિ દ્વારા બતાવી છે અને એ બતાવી છે તે આ કુંદકુંદાચાર્ય કહેવા માગે છે અને એ અહીંયાં આપણે કહેવાય છે. એ કાંઈ બીજી વાત છે નહિ. એટલે ભગવાન આચાર્ય તીર્થંકરદેવની વાણીમાં સ્વતંત્ર છ દ્રવ્યો, નવ તત્ત્વો જેમ અનાદિ છે તેમ છે. પહેલા-પછી કાંઈ છે નહિ. કે સંસાર પહેલો હતો અને પછી કોઈ જીવનો મોક્ષ થયો, મુક્તિ જગતમાં બિલકુલ નહોતી એમ પણ કાંઈ છે નહિ. એમ બધું છે. આ સમજે એની મુક્તિ થાય અને ન સમજે એ સંસારમાં રખડે. પણ સમજવાની અહીંયાં વાત છે એટલે રખડવાની વાત તો અહીં કહેવાની નથી.

દિવ્યધ્વનિમાં તો એ આવ્યું છે કે તારા આત્માના સ્વભાવનું કાર્ય તો ખરેખર જ્ઞાતા અને દ્રષ્ટાનું કાર્ય છે. જાણ અને દેખ. એ સિવાય તારું કોઈ કર્મ જ નથીને. કર્મ જડ તો તારું કર્મ નહિ, પણ પુણ્ય અને પાપના પરિણામ વિકારી થાય એ પણ ખરેખર તારું કર્મ છે નહિ. ઉજમભાઈ! શું આવે છે આમાં? સમજાણું કાંઈ? જુઓ, એ વાત છે અહીંયાં કાલે માન સુધી આવી હતી. માનમાં આવે એ જરી વાત તીર્થંકરગોત્રની વાણીમાં જે દિવ્યધ્વનિ

આવી એ દિવ્યધ્વનિ બંધાવાનો કાળ પણ એવો હોય છે કે તદ્ન એ નિર્માન... નિર્માન... નિર્માન... હોય છે. સમજાય છે?

આપણે અહીં માન આવ્યું છે કે માન જે જરી આત્માની પર્યાયમાં થાય 'એ માનનું કાર્ય પણ મારું છે' એમ જ્ઞાની માનતો નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. મારું સ્વરૂપ તો નિર્મળાનંદ છે. જો એકવાર ચિદાનંદી તીર્થંકરગોત્ર કોણ બાંધે એની જરી વાત કરે છે. 'જબ અંતર મદ ભાવ વહાવે તબ ત્રિભુવન નાથ કહલાવે.' અજ્ઞાનીને ક્ષણ-ક્ષણમાં જગતના પદાર્થનું માન કરીને ચૈતન્યની નિર્મળ સત્તાના સ્વભાવને ભૂલી જાય છે. ત્યારે જ્ઞાની ક્ષણે-ક્ષણે મારો આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. અને જરી રાગાદિ થયો તેનું સ્વરૂપ મારું એ નથી. અને જગત પાસે માન લેવા જે માગતો નથી. 'જબ અંતર મદ ભાવ વહાવે' જ્ઞાની મદને-માનને એટલું મોળું પાડી નાખે છે. મારા ચૈતન્યની સત્તાના બહુમાનમાં જગતના ક્યા પદાર્થનું હું માન લઉં અને દઉં? મારા સ્વભાવનું માન મારી પાસે છે. બીજું માન એવું જગતમાં ત્રણલોક અને ત્રણકાળમાં નથી. એવું જ્યારે આત્મા માનના ભાવને અંતરમાં વાળે એટલે કે માનને ગાળીને નિર્માનદશા થાય, 'તબ ત્રિભુવન નાથ કહાવે' ત્યારે ત્રણલોકનો નાથ તીર્થંકર ત્યારે થાય છે. કેમકે માન જ્યારે ગાળ્યું અને નિર્માન દશા અંદરથી પ્રગટ થઈ અને માનનો જરી ભાગ 'અરે! એ નહિ... હું નહિ... હું નહિ... હું તો અખંડાનંદ શુદ્ધ ચિદાનંદ આનંદકંદ છું.' એમ માનને ગાળીને નિર્માન ચૈતન્ય સ્વભાવમાં નમ્યા અને કંઈક બાકી રાગ રહી ગયો એના ફળમાં આવ્યું કે 'જબ અંતર મદ ભાવ વહાવે' માનને સ્વરૂપમાં વહાવે કે 'હું મોટો, ચૈતન્યે મોટો છું. હું રાગે, પુણ્યે અને શરીર અને સંપદાએ મોટો નથી.' એમ જેણે માનને સ્વભાવ તરફ વાળ્યું અને રાગ જરી રહી ગયો 'તબ ત્રિભુવન નાથ કહાવે.'

ત્રણલોકનો નાથ તીર્થંકરગોત્ર ત્યારે બાંધે છે. એ તીર્થંકરગોત્રપણાની ઉપાર્જન અંદરમાં માન જ્યારે ગળીને નિર્માનદશા થાય ત્યારે. માન માગે એને માન મળતા નથી. એટલે આ અધિકારમાં આપણે માન શબ્દ આવ્યો હતો. એ અજ્ઞાની જ્યારે માન કરે ત્યારે પરનું માન કરે છે. ભગવાનની વાણીમાં આવ્યું, અજ્ઞાનીને પરપદાર્થનું અભિમાન આવે છે. જ્ઞાનીને એ માનનો અહંકાર આવતો નથી. કોની વસ્તુ મારી? હું તો આત્મા છું. મારી વસ્તુનું સાધન પણ મારી પાસે, કર્તા પણ હું, મારું કાર્ય પણ મારી પાસે અને સાધન પણ મારા આત્મામાં છે. ત્યારે મારું સાધન બહારમાં નથી અને મારે કંઈપણ કરીને દેવું હોય તો મારી હું કરનાર અને હું લેનાર. હું કોઈને દેનાર અને લેનાર કોઈ બીજી ચીજ છે નહિ. સંપ્રદાન હું, રાગ ઘટાડીને નિર્માન અને અરાગી દશા પ્રગટ કરીને મને આપો. મારી પાસે રાખું પણ મારે દેવા-લેવાનું કાંઈ બીજા પાસે છે નહિ. ભારે સ્વાર્થ ત્યારે તો આ!

આ બહુમાન આવ્યુંને પોતાનું? દેવ-ગુરુ-શાસ્ત્રનું માન કરતો જ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રના બહુમાન વખતે પણ પોતાનું બહુમાન કરે છે. પરનું બહુમાન કરે છે એમ કહેવું એ વ્યવહારનો

ઉપચાર છે. ખરેખર જ્ઞાની... ધ્યાન રાખજો. જ્ઞાની એ કેવળી અને દેવ અને ગુરુ અને શાસ્ત્રને દેખીને એનું બહુમાન આવે છે એ વાત ખોટી છે. કેમકે એ પદાર્થને દેખીને બહુમાન આવે તો પદાર્થ તો કાયમ રહેવાનો છે. તો તો એને માન કોઈ દિ' ટળી શકે નહિ. એ પર્યાયબુદ્ધિ જીવને પરને દેખીને માન આવે છે. ..મિથ્યાદૃષ્ટિ .. ધ્યાન રાખજો હોં!

આ દેવ, ગુરુ અને શાસ્ત્ર આ સાચા છે. આ સારા માટે મને બહુમાન આવે એને ભગવાન મિથ્યાદૃષ્ટિ કહે છે. ધ્યાન રાખજો. કેમકે એણે રાગનું કારણ તો આ ચીજને માની. પણ રાગ મારી નબળાઈને લઈને થયો છે અને સ્વભાવ તરફમાં ઠર્યો નથી માટે થયો છે એમ એને જાણવામાં રહ્યું નહિ. એટલે અજ્ઞાનીને પરવસ્તુને દેખીને બહુમાન આવે છે. જ્ઞાનીને પોતાના સ્વભાવમાં ઠરતા વાર લાગે છે એટલે જરી બહુમાન આવ્યા વિના રહેતું નથી, પણ એ બહુમાન ખરેખર તો પરનું તો નથી. સવાણી! લાલજીભાઈ! સમજાણું કાંઈ? ભારે ઉંધી વાત ભાઈ જગતથી! જો પરને લઈને બહુમાન હોય તો પર તો કાયમ ચીજો રહેવાની છે. કેવળીઓ કે દિ' જગતમાં નથી? ગુરુ કે દિ' જગતમાં નથી? શાસ્ત્ર કે દિ' જગતમાં નથી? અને એ તો પર્યાયબુદ્ધિવાળાનું કથન મિથ્યાદૃષ્ટિનું છે. જ્ઞાનીનું કથન છે કે આત્મા સ્વયંસિદ્ધ સ્વતંત્ર શુદ્ધ છે એનું બહુમાન કરતાં-કરતાં જ્યારે રાગ રહી જાય છે તો અશુભરાગ ટળ્યો છે આ એટલું પોતાનું બુહમાન કરે છે અને રાગ રહ્યો એટલે લક્ષ પરમાં જાય છે એટલે કહે છે કે હું બહુમાન પરનું કરું છું. ખરેખર કોઈ પરનું બહુમાન કરતો નથી. પરનું બહુમાન કરે તો એ હોય ત્યાં, સુધી પર હોય તો ત્યાં સુધી પરને માટે મોટપનો વિકલ્પ રાખ્યા જ કરવો. એટલે વિકલ્પ ટાળીને નિર્વિકલ્પ ઠરવાની ભાવના રહી નહિ. એટલે આ છે ત્યાં સુધી મારે રાગ કરવો... રાગ કરવો... રાગની ભાવના થઈ. રાગની ભાવનાનું જ્ઞાનીએ ત્રણકાળમાં કહ્યું નથી. એક ભાવના તો સ્વભાવની કર, જ્ઞાનાનંદ છો. ઠરી ન શકે અને રાગ આવે અને માન કરે એ તો વ્યવહારનો ઉપચાર છે. સવાણી! કોણ કરે છે બહુમાન? ખલાસ થઈ ગઈ વાત. ધ્યાન રાખજો આ વાત સમજવા જેવી છે.

કોઈ કહે કે આ કેવળીને દેખીને આને રાગ આવ્યો તો રાગની ખાણ તો નિમિત્ત થયું. તો તો કેવળીઓ જ્યાં સુધી જગતમાં રહે ત્યાં સુધી એને રાગ થયા કરે. એ રાગ મિથ્યાદૃષ્ટિને એવી જાતની એકતાની બુદ્ધિ હોય છે. જ્ઞાનીને જે કાંઈ રાગ અને બહુમાન આવે છે એ સ્વભાવમાં ઠરી શકતો નથી એટલે વૃત્તિ ઉઠે છે. એ વૃત્તિનું નબળાઈનું કારણ છે, નહિ કે તે બહુમાન પરનું કરે છે માટે કારણ છે. આમ જે કારણમાં આંતરો પાડે એને પણ આત્માના સ્વભાવની ખબર નથી. એમ ભગવાન દિવ્યધ્વનિ દ્વારા એ વસ્તુના સ્વભાવનું આમ વર્ણન કરતા હતા. બીજું વર્ણન કરે એ ભગવાનના ઘરની વાત નથી. જુઓ, આ વાત તો બહુ ઉંચી લાગશે. અહીં પ્રતિમા, આ દેરાસર અને એનું બહુમાન ખરેખર નથી. એનું બહુમાન હોય તો આ ચીજ છે ત્યાં ત્યાં બેઠા એનું બહુમાન કરવા આવવા જોઈએ. જેને જેને પોતામાં

ખ્યાલ આવીને કાંઈક રાગ થવાનો ભાવ થાય છે. ખલાસ થઈ ગયો એ પર બહુમાન પરનું કારણ થયું નહિ. એને પોતાના રાગમાં જરી ઠીક લાગ્યું ત્યારે એને અશુભ ટળીને શુભ થાય છે અને જ્ઞાનીને ઠરતા વાર લાગે છે માટે રાગ થાય છે, નહિ કે પરને લઈને થાય એ વાત સાચી નથી.

...માં એક આવે છે કે ભગવાનની ઉપર ગૌતમને રાગ રહ્યો. એ ભગવાનની હયાતી હતી માટે રાગ રહ્યો. ભગવાન મોક્ષ પધાર્યા એટલે રાગ ટળી ગયો. એ વાત બરાબર નથી. એ વાત ત્રિકાળ જૂઠી છે. ભગવાન હતા ત્યાં સુધી રાગ ગૌતમને રહ્યો અને ભગવાન મોક્ષ પધાર્યા એટલે રાગ છૂટી ગયો! વાત જ અજ્ઞાનીઓએ કલ્પેલી છે. એ વસ્તુનું સ્વરૂપ છે નહિ. ગૌતમ પ્રભુને પોતાની નબળાઈને કારણે રાગ રહ્યો અને સબળાઈને કારણે રાગ ટળ્યો, આ એક નિયમ સિવાય બીજો કોઈ નિયમ સાચો નથી... નથી. લાલજીભાઈ! કહો, સમજાણું આમાં? ઘણામાં એમ કહેવાય છે કે ભગવાનને રાગ હતો, ભગવાન ઉપર ગૌતમ ગણધરને. પછી ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા ત્યારે ગણધર આવ્યા. 'હે ભગવાન! મને આ કેમ આઘો મૂક્યો? આ મોક્ષમાં સાથે તો લઈ જવા હતા. આ હું પાછળ રહી ગયો.' આવે છેને કાંઈક એવું? કેમ મને ..ન રાખ્યો? આ તે કાંઈ બાળકની વાતું હશે?

શ્રોતા :- એ વાણીનો વિલાસ છે.

ઉત્તર :- હા, એ વિલાસની વાત સાચી નથી. એવું હોય નહિ ત્રણકાળમાં. કાંઈ ભગવાનને માટે રાગ રહી ગયો છે ગણધરને એ વાત ત્રણકાળમાં સાચી નથી. અહીંયાં ભગવાનની વાણીમાં આવેલું આચાર્યદેવ કહે છે. જ્ઞાનીને રાગ પૂર્ણ દશા ન હોય તે હોય છે. એ રાગનું મૂળ હેતુ તો નબળાઈ સિવાય કોઈ છે નહિ. અને તે નબળાઈ સબળાઈમાં જતા વાર લાગી છે માટે છે. નહિ કે એ ચીજો છે માટે છે. એ વાતમાં મોટો તત્ત્વનો વિરોધ છે. વસ્તુનો સ્વભાવ એમ છે નહિ. એટલે અહીંયાં ભગવાન કહે છે અજ્ઞાનીને જરી માન આવે છે. એ માનને કાર્ય માને છે કાં એ માન પરને લઈને આવ્યું છે, આણે મને ઉશ્કેર્યો માટે મને માન આવ્યું, આણે મને મોટો કહ્યો માટે મને માન આવ્યું, આણે મને પ્રશંસા બહુ કરી માટે મને માન આવ્યું—એમ જે માને છે એ માન વિકાર, પરને લઈને થાય છે એમ માનનાર માનના સ્વરૂપને પણ સમજતો નથી. જ્ઞાનીને એ માન જરી હોય છે. એ જાણે છે કે મારા સ્વભાવમાં નથી. જરી નબળાઈમાં મચક ખવાણી છે તો હું એનો કર્તા નહિ, પણ ખરેખર હું એનો જ્ઞાતા છું. જાણનાર-દેખનાર સિવાય મારું કોઈ કાર્ય છે નહિ. આ એમ સમજવું તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એ સિવાય સમ્યગ્દર્શન, આ સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના એ ચારિત્ર સ્વરૂપની રમણતા, આ વ્રત, તપ અને પૂજા અને ભક્તિ એ આ ભાન વિના બધા, એ બધા રણમાં પોક મૂકવા જેવા છે. પુણ્ય બાંધે, પણ જન્મ-મરણને ટાળે નહિ. માટે ભગવાન ત્રિલોકનાથ કહે છે, આત્મા સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. વિકાર કરવામાં સ્વતંત્ર

ન રહ્યોને જ્યારે? શિવલાલભાઈ! ભગવાનને લઈને રાગ થાય એટલે વિકાર કરવા સ્વતંત્ર ન રહ્યો. વાત ખોટી છે. એ આત્મા ચિદાનંદ જ્ઞાનનું ભાન થવા છતાં ઠર્યો નથી માટે જરી રાગ રહે છે. આ વાતને ન સમજે અને પરને લઈને થાય છે, તો દેરાસર હોય ત્યાં સુધી કેવળજ્ઞાન ન લેવું, ત્યાં સુધી એનું સામું જોયા કરવું અને આમ ઠરવામાં કરવું નહિ. એ તો પોતાની અંદર જ્યારે ઠરે નહિ અને તેથી રાગ આવ્યા વિના રહે નહિ એ વાત બરાબર છે, પણ રાગનો હેતુ પરચીજ છે અને પરને માટે રાગ કરે છે એ વાત ભગવાનની વાણીમાં આવી નથી. અને એવું સ્વરૂપ નથી એટલે વાણીમાં ક્યાંથી આવે? વાણીમાં તો જે હોય એવું આવે કે ન હોય એવું આવે?

એટલે ભગવાને દિવ્યધ્વનિ દ્વારા કહ્યું કે દરેક આત્મા સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર, વિકાર પણ સ્વતંત્ર. વિકાર જ્યારે સ્વતંત્ર અને કોઈને કારણે નહિ તો નિર્વિકારી આત્માને આશ્રયે વિકાર ટળ્યા વિના રહે નહિ અને મુક્તિ થયા વિના રહે નહિ. ભગવાનની જે મુક્તિ અને કેવળજ્ઞાન ચતુષ્ટયપણે પામ્યા એમ આ આત્મા પણ એ જાતની વાત યથાર્થ સમજે તેને ન પામે એમ ત્રણકાળમાં બને નહિ. આ એક દિવ્યધ્વનિનું ફળ તો જગતના જીવો ધર્મ પામે તે છે. દિવ્યધ્વનિ ભગવાનની વાણી નીકળી એમ નહિ હોં! પણ વાણીનું ફળ તો જીવો તે ભગવાનનો આશય કરે, શ્રદ્ધે, ઓળખે અને ઠરે એ દિવ્યધ્વનિનું ફળ છે, બીજું ફળ છે નહિ. એમાં કાંઈ સ્વર્ગબર્ગ બતાવીને, ત્યાં કાંઈક લાલચ આપીને આવજે ત્યાં ઈન્દ્રાણી પાસે, એમ બતાવવું નથી. આવજે મારી પાસે એટલે સિદ્ધદશામાં આગળ. એ સિવાય ભગવાનને કાંઈ કહેવું નથી. એ દિવ્યધ્વનિમાં ઉપદેશ સ્વતંત્ર છે એ વાત આવી છે નવ તત્ત્વની, છ દ્રવ્યની. એ ઉપદેશ સાંભળીને અનંતા જીવો સમકિત પામ્યા, શ્રાવક થયા, મુનિ થયા અને કેવળજ્ઞાનને પણ પામ્યા છે, અત્યારે પણ પામે છે, ભવિષ્યમાં પણ પામશે, ત્રિકાળ સનાતન ધોરી શાશ્વત માર્ગ ચાલ્યો આવે છે એ માર્ગ કોઈ કૃત્રિમ અને અનિત્ય છે નહિ, નિત્ય અને શાશ્વત છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૧,
પ્રવચન નં. ૩૦૮, તા. ૨૩-૦૨-૧૯૫૩
(૦૨)

આ સમયસારની ગાથા પહેલી. ભગવાન કુંદકુંદાચાર્ય સમયસાર શરૂઆત કરતા સિદ્ધોને નમસ્કાર કરે છે. એનો અર્થ એ કે પ્રથમ પોતાના આત્મામાં જ્ઞાનમાં સિદ્ધપદને સ્થાપન કરે છે અને શ્રોતાને 'સિદ્ધપદ તમારું તમારામાં છે' એવો શ્રોતાને એના જ્ઞાનમાં સ્થાપન કરે છે કે સિદ્ધ સિવાય તારી કોઈ બીજી ચીજ નથી. સિદ્ધ ગતિ એ તારી ચીજ છે, તારું સ્વરૂપ છે. એ મારા આત્મામાં અને તમારા આત્મામાં સિદ્ધપણું સ્થાપીને એ સમયસારની શરૂઆત કરે છે. એમાં કહ્યું કે સિદ્ધ કેવા છે કે '**ધ્રુવમ**' એ ધ્રુવ વિશેષણ આવી ગયું. સિદ્ધ ભગવાન ધ્રુવ છે ધ્રુવ. એ ધ્રુવ વિશેષણ છે એ '**તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' '**ચાર ગતિઓને પરનિમિત્તથી...**' જે આત્મામાં થાય છે. એનો પણ શ્રોતાજનોને નિર્ણય કરાવ્યો કે ચાર ગતિ કર્મના નિમિત્તે થાય છે તો એ તારો સ્વભાવ નથી. હું શ્રોતાને અંતરમાં જ્ઞાનપર્યાયમાં આત્માનું સ્થાપન કરીને સમયસાર કરું છું. તો એનો એ અર્થ થયો કે તમારા હૃદયમાં ચાર ગતિના નિમિત્ત જે કર્મના નિમિત્તે ગતિ થાય છે એ અંદર હોવી જોઈએ નહિ. કહો, સમજાય છે કાંઈ?

સ્વર્ગ ગતિ, નરક ગતિ, ઢોર ગતિ કે મનુષ્ય ગતિ કે તિર્યંચ ગતિ. એ કોઈપણ ગતિની ગતિ કર્મના નિમિત્તે થાય છે આત્માની પર્યાયમાં. તો જેણે ધર્મ શ્રવણ કરવું છે એની પર્યાયમાં સિદ્ધને સ્થાપ્યા કે હું સિદ્ધ છું. તો સિદ્ધ સિવાય જે કર્મના નિમિત્તે ચાર ગતિ થાય છે એનું કર્મ અને કર્મના નિમિત્તે થયેલો ભાવ એનો અંતરમાં આદર હોવો જોઈએ નહિ. તો એને અહીં શ્રોતા કહે છે. સમજાણું કાંઈ? '**ધ્રુવમ**' જુઓ, શ્રોતાને કહે છે. પોતે તો દૃષ્ટિમાં લીધું કે હું આત્મા સિદ્ધ પર્યાય પ્રગટ થવાની લાયકાતવાળો છું. એવી દૃષ્ટિ કરીને જગતને કહે છે કે તું પણ તારી પર્યાયમાં-અવસ્થામાં સિદ્ધ છો. કેવા? '**ધ્રુવમ**' કર્મના નિમિત્તે જે ગતિ થાય છે એ તારો સ્વભાવ નથી. 'કોઈ ગતિમાં જાવું અને ગતિમાં આવવું એ તારો સ્વભાવ નથી' એવો નિર્ણય કરીને સમયસાર સાંભળો, તો એને આત્માના લક્ષે રાગ ઘટીને પરમાત્મા થવાની એને તક છે. ધ્રુવ આવી ગયું.

'**વળી તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે.**' બીજું

વિશેષણ આપ્યું. હે શ્રોતાઓ! તમારા હૃદયમાં હું આ સિદ્ધપદને સ્થાપું છું. તો એ સિદ્ધ કેવા છે? અચળ છે. '**અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી...**' પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન જે વિકલ્પ ઉઠે છે એ પરભાવ વિકાર છે. એના '**નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ...**' હરખ, હરખ-શોકથી ભ્રમણ કરવું. વિશ્રામ થતો નથી અને અશાંતિ આવે છે '**તેની વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે.**' સિદ્ધમાં એ ભ્રમણ છે નહિ. તો તારા પદમાં ભ્રમણનો જે ભાવ છે એ પણ તારો નથી, એવો નિર્ણય કર. સિદ્ધને સ્થાપ્યાને? તો તારી પર્યાયમાં સિદ્ધપદને સ્થાપું છું. તો સિદ્ધ તો અચળ છે. એમાં પરભાવના નિમિત્તથી જે ભ્રમણ છે એ ખરેખર તારામાં નથી. તારામાં પણ જે પુણ્ય-પાપના ભાવ થાય છે એ ભ્રમણનું કારણ છે, એ વિશ્રામનું કારણ નથી, એ વિશ્રાંતિનું કારણ નથી. તો સિદ્ધ તો વિશ્રાંત થયા છે, ભ્રમણરહિત થયા છે. અમે તો અમારા અને તમારામાં સિદ્ધપદને સ્થાપીને વાત કરું છું. તો તમારી પર્યાયમાં પણ અવસ્થામાં ભ્રમણનો ભાવ છે એને હેય જાણો. કેમકે સિદ્ધપદને સ્થાપ્યું છે. સમજાણું કાંઈ?

જુઓ, આ શ્રોતા કેવા હોવા જોઈએ અને વક્તા કેવા હોવા જોઈએ. વક્તા પણ એવા હોવા જોઈએ કે એને સિદ્ધપદને જ સ્થાપે છે. વક્તાના મુખમાં મુખ્યતા પુણ્યની અને પરિભ્રમણના કારણની જો આવતી હોય તો તે ધર્મનો વક્તા નથી. એમ આવ્યું કે નહિ? ભાઈ! કારણ કે વક્તાએ કહ્યું કે અમે સિદ્ધ છીએ, તમે પણ સિદ્ધ છો. તો સિદ્ધ પરમાત્મા સિવાય જે કર્મના નિમિત્તે પોતામાં પોતાને કારણે જે વિકાર થાય છે અને એને ભ્રમણનું કારણ કહે છે. એ ભ્રમણથી લાભ થશે એમ જો વક્તા કહે તો એ વક્તા નથી અને શ્રોતા એ ભ્રમણના કારણે ધર્મનો લાભ માને તો એ શ્રોતા પણ નથી. પોતામાં અને પરમાં સિદ્ધપદને સ્થાપીને એ સમયસાર શરૂ કરે છે.

તો '**અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે...**' પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વિકાર, ભ્રમણ. અચળ... અચળ... અચળ... પદ ન થયું. એ સિદ્ધપદ તો અચળ છે. એ '**ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે. આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' સિદ્ધમાં એ ભ્રમણ છે નહિ. તો તમારામાં સિદ્ધપદ સ્થાપ્યું છે. તો કોઈપણ ગતિની જો ભાવના તને રહેશે અને ગતિના નિમિત્તે અથવા કર્મના નિમિત્તે ભાવ પરભાવ થયો, એની જે રુચિ અને ભાવના રહી તો સિદ્ધપદનું સ્થાપન તે તારી પર્યાયમાં નથી કર્યું. સમજાણું કાંઈ?

શ્રોતા અને વક્તાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કરે છે. શ્રોતા અને વક્તાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. તો વક્તા એમ કહે છે કે તમે સિદ્ધ છો. એમાં ધ્રુવ અને અચળ એ પદ તારું છે. તો ચળ અને અધ્રુવ જે વિકાર થાય છે એ તારું પદ નથી. વક્તા એમ કહે છે

એવું શ્રોતા સાંભળે છે એ યથાર્થ છે, એમ જ છે. એવી વાતનો જો સ્વીકાર કરે તો નિમિત્ત-નૈમિત્તિક શ્રોતા-વક્તાનો સંબંધ થયો. એવો જો નિર્ણય ન કરે તો શ્રોતા-વક્તાના નિમિત્તનો અભાવ છે. શ્રોતા એને શ્રોતા જ નથી કહેતા અને શ્રોતા વક્તાનું સાંભળે છે એમ પણ કહેતા નથી. એમ છે કે નહિ?

'**ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિનો વ્યવચ્છેદ થયો. વળી તે કેવી છે? જગતમાં જે સમસ્ત...**' એ બીજું વિશેષણ થયું. ત્રીજું વિશેષણ સિદ્ધનું. જુઓ, એક-એક પદમાં કેટલી વ્યાખ્યા કરે છે! સિદ્ધ પરમાત્માને વંદન કરનારા એવા હોવા જોઈએ કે સિદ્ધનો જેણે પોતાની પર્યાયમાં સત્કાર-સ્વીકાર કર્યો એના ભ્રમણના ભાવનો સ્વીકાર ન થવો જોઈએ. એણે ભ્રમણના ભાવનો અને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલી ગતિ. ગતિ અને ભ્રમણભાવ. ગતિ તો નામકર્મના નિમિત્તથી થાય છે અને ભ્રમણભાવ તો મોહકર્મના નિમિત્તે થાય છે. ભાઈ! બેય વાત લઈ લેવી. શું કહ્યું સમજાણું કાંઈ?

યોગ અને કષાય બેથી કર્મ બંધાય છે. તો નામકર્મના નિમિત્તે ગતિ થાય છે. પોતાની યોગ્યતાથી અને મોહકર્મથી ભ્રમણ થાય છે. તો વ્યવચ્છેદ કરી દીધો. કે જો તું યથાર્થ ધર્મનો શ્રોતા ધર્મનું શ્રવણ કરવા આવ્યો હોય તો અમે તને કહીએ છીએ કે ગતિ કર્મના નિમિત્તે થઈ એ તારામાં નથી. કેમકે એ સિદ્ધમાં નથી. સિદ્ધમાં નથી તો તમારી પર્યાયમાં અમે ગતિનો અભાવ સિદ્ધ કરીએ છીએ. તો જે ભાવે ગતિ મળે એ પણ તું નથી અને ભાવ છે તે પણ તું નથી. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધ એ તો ભ્રમણનું કારણ છે. શુભાશુભભાવ ભ્રમણનું કારણ છે એ ભ્રમણ તું નથી. કેમકે સિદ્ધમાં ભ્રમણ નથી. તો તારી પર્યાયમાં મેં સિદ્ધપદ સ્થાપ્યું છે. તો જેના હૃદયમાં સિદ્ધનો સ્વીકાર કર્યો એમાં ભ્રમણના ભાવનો સ્વીકાર આવી ગયો. વ્યવહારનો આદર હોવો જોઈએ નહિ. એની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ ઉઠે છે, પણ એનો સ્વીકાર ન હોવો જોઈએ. સ્વીકાર તો 'હું જ્ઞાતા-દૃષ્ટા સિદ્ધ સમાન છું' એવો સ્વીકાર થવો જોઈએ. તો એ શ્રોતા છે, નહિતર શ્રોતા પણ છે નહિ. ..મલજી! એવી ચીજ છે.

શ્રોતા ના પાડે છે કે તું શ્રોતા પણ નથી. જો તું એમ કહે છો કે અમારામાં વિકાર થાય છે. તો વિકારથી લાભ થશે અને ક્રમે-ક્રમે રાગ ટાળીને પુણ્યથી અમને ધર્મ થશે. તો એવી વાત છે જ નહિ. પ્રથમથી જ એ સ્વીકાર કરાવે છે કે સમયસાર આત્મા સિદ્ધ સમાન હું છું. એવો જેને પ્રથમમાં નિર્ણય અને રુચિ હોય એને એ ભ્રમણ અને ગતિના ભાવનો આદર નથી હોતો. અને એનો જો આદર કરે તો નિમિત્તનો આદર કરે તો નિમિત્ત તરફના વિકારનો આદર થયો. વિકારનો આદર કરે એને ભ્રમણનો આદર થયો, ભ્રમણનો આદર થયો એને સિદ્ધનો આદર નથી થયો. એણે સિદ્ધ ભગવાનનો સત્કાર અને વંદન નથી કર્યા. એ કહે છે.

ત્રીજું વિશેષણ. અને '**જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી...**' કેવી સિદ્ધ ગતિ છે? અદ્‌ભુત મહિમાવાળી સિદ્ધગતિ. '**જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય...**' ઉપમાયોગ્ય-ઉપમાને લાયક પદાર્થ '**તેમનાથી વિલક્ષણ...**' વિપરીત લક્ષણવાળી, અદ્‌ભુત મહિમાવાળી તેથી '**તેને કોઈની ઉપમા મળી શકતી નથી.**' સિદ્ધગતિને કોઈ ઉપમા મળતી નથી. જેટલા પદાર્થો ઉપમેય છે એ બધા સિદ્ધોને લાગુ નથી પડતા. તો તારી પર્યાયમાં પણ સિદ્ધપદાર્થનો જે નિર્ણય કર્યો અને ધર્મની તને ભાવના હોય તો ઉપમાલાયક પદાર્થ ભિન્ન તારો સ્વભાવ છે એવો આત્મામાં એણે નિર્ણય કરવો જોઈએ. '**આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' સમજાણું કાંઈ? ઉપમાલાયક ચાર ગતિમાં તો કર્મના કારણે સ્વર્ગ મળે છે અને કર્મના કારણે નરક મળે છે. કર્મની અપેક્ષાએ ચારેય ગતિ સમાન છે. ભલે પુણ્યથી સ્વર્ગ મળે અને પાપથી નરક મળે, પણ પુણ્ય-પાપ બેય કર્મ છે. તો કર્મની સમાનતા ચારેય ગતિમાં આવી. કથંચિત્ સમાનતા આવી ભલે પુણ્ય અને પાપ હોય. ચારેય ગતિ, સ્વર્ગ, નરક બધી ગતિ છે. એ કર્મનું જ કાર્ય છે. અને વિકાર છે. તો ચાર ગતિની કથંચિત્ ઉપમા તો એકબીજામાં પરસ્પર લાગુ પડે છે સ્વર્ગ-નરકમાં. સિદ્ધમાં કોઈ લાગુ પડતી નથી. એવી તારી સિદ્ધદશા તારી પર્યાયમાં મેં સ્થાપી છે. તો ઉપમાલાયક પદાર્થ છે એનાથી તારું લક્ષણ જ ભિન્ન છે. લક્ષણ જ ભિન્ન છે. તારો સ્વભાવ પણ સિદ્ધ સમાન ભિન્ન છે. એવો નિર્ણય કરે એને શ્રોતા કહે છે.

અને એ ગતિનું નામ ચોથું વિશેષણ. ગતિ પ્રાપ્ત થઈને? ગતિ શબ્દ લીધો છે. '**ધુવમચલમણોવમં**' એ ત્રણ કારણ થઈ ગયા. હવે '**गदिं पत्ते**' '**गदिं पत्ते**' '**गदिं पत्ते**'નો અર્થ કરે છે. કેવી સિદ્ધ ગતિ છે? સિદ્ધ પ્રાપ્ત થયા? સિદ્ધ ગતિનું નામ અપવર્ગ છે. અપવર્ગ. '**ધર્મ, અર્થ અને કામ—એ ત્રિવર્ગ કહેવાય છે;...**' જુઓ, શું કહે છે? ધર્મ નામ આત્મામાં દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો ભાવ થાય છે એ પુણ્ય છે. એ પુણ્યને અહીંયાં વ્યવહારધર્મ કહ્યો છે. એ વ્યવહારધર્મથી વિલક્ષણ મુક્તિ ગતિ છે. કર્મ કહ્યાને. ત્રણ વર્ગ નથી કહેતા? ધર્મ, અર્થ અને કામ. ધર્મ, અર્થ અને કામ. ધર્મ નામ પુણ્ય. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કરુણા, કોમળતા, જાત્રા એમાં જે કષાયની મંદતા થાય છે એને અહીંયાં વ્યવહાર ધર્મરૂપી પુણ્ય કહે છે. તો એ પુણ્ય સિદ્ધમાં નથી. એ પુણ્ય સિદ્ધમાં નથી. પુણ્ય સિદ્ધમાં નથી. તો તારી પર્યાયમાં મેં સિદ્ધને સ્થાપ્યા છે. તો તારી પર્યાયમાં જે પુણ્ય આવે છે એનો સ્વીકાર નથી. જો તારી પર્યાયમાં પુણ્યનો સ્વીકાર હોય તો તે સિદ્ધને સ્થાપ્યા નથી અથવા તે સિદ્ધને વંદન પણ કર્યા નથી. કહો, સમજાય છે કાંઈ? સિદ્ધને જેણે વંદન કર્યા, સત્કાર કર્યો, સ્વીકાર કર્યો એણે ધર્મ, જે પુણ્ય એનો અસ્વીકાર છે. જેને પુણ્યનો સ્વીકાર છે એને સિદ્ધનો સ્વીકાર નથી. જેને સિદ્ધનો સ્વીકાર છે એને પુણ્યનો સ્વીકાર નથી. કેમકે

ત્રિવર્ગથી વિલક્ષણ મોક્ષગતિ છે.

અર્થ. લક્ષ્મી-લક્ષ્મી. શું કહે છે? શ્રોતાને પ્રથમ કહે છે. પહેલા શ્રોતાને કહે છે? પહેલા બાળ જીવ આવ્યો અને સાંભળે છે તો કહે છે કે જો તને પૈસાની-લક્ષ્મીની ઈચ્છા છે તો તું શ્રોતા નથી. રુચિથી હોં રુચિ છે. પણ અસ્થિરતાની આસક્તિથી રાગ આવે એ જુદી વાત છે. પણ અંતરની રુચિમાં જે લક્ષ્મીની ભાવના છે કે લક્ષ્મીમાં સુખ છે અને લક્ષ્મીમાં હિત છે તો અર્થ નામ લક્ષ્મી એ ધર્મ, અર્થ અને કામ ત્રિવર્ગમાં આવે છે અને મોક્ષ તો અપવાદ છે. એ ત્રિવર્ગથી ભિન્ન ચીજ છે. તો જેણે અંતરમાં સિદ્ધ નમો સિદ્ધાણં. કે **'वंदित्तु सव्व सिद्धे'** સિદ્ધને જેણે પર્યાયમાં વંદન કર્યા, આદર કર્યો, સ્થાપન કર્યું એણે રુચિ, લક્ષ્મીની રુચિ ન હોવી જોઈએ. પહેલાથી. લક્ષ્મીની જેને હૃદયમાં રુચિ છે એને સિદ્ધના સત્કારનો આનંદ નથી અને સિદ્ધનો સ્વીકાર નથી. જેના હૃદયમાં સિદ્ધનો સ્વીકાર છે એના હૃદયમાં લક્ષ્મીનો સ્વીકાર નથી. એક વાતમાં બે ન રહી શકે. શું શેઠજી? શું કહ્યું? લક્ષ્મી..

જુઓ, શું કહે છે? સિદ્ધ ગતિ કેવી છે? **'धुवमचलमणोवमं गदिं पत्ते'** તો જેને આત્મામાં સિદ્ધનો સ્વીકાર થયો અને અમે કહી છીએ કે અમે સિદ્ધ અને તું પણ સિદ્ધ છો. તો લક્ષ્મીની ઈચ્છા એના હૃદયમાં ન હોવી જોઈએ. ઈચ્છા શું રુચિપૂર્વક. અસ્થિરતાની આસક્તિતો આવે છે. સમકિતી છે, શ્રાવક હોય તો ઈચ્છા આસક્તિ તો થાય છે, પણ રુચિ, સિદ્ધનો સ્વીકાર કર્યો કે હું સિદ્ધ છું. એની રુચિ છોડીને લક્ષ્મીની રુચિ થાય તો એણે સિદ્ધનો સ્વીકાર નથી કર્યો અને સિદ્ધને વંદન પણ નથી કર્યા. લ્યો! આ પાંચ નવકારમાં નમો સિદ્ધાણં ન કહ્યું એમ કહે છે. નમો સિદ્ધાણં તમને કહેતા આવડતું નથી. સિદ્ધને નમસ્કાર કરતાં તને આવડતું નથી. સિદ્ધને નમસ્કાર કરનારા, સિદ્ધને વંદન કરનારા, સિદ્ધને અંતરમાં વંદન કહો કે સ્વીકાર. સિદ્ધને વંદન કરે અને બીજાને વંદન નથી કરતા. સિદ્ધનો સ્વીકાર કરે છે અને બીજાનો સ્વીકાર નથી કરતા. એવી જેની રુચિ છે. એના હૃદયમાં પુણ્યની રુચિ ન હોવી જોઈએ. પુણ્યની જો રુચિ છે તો એને સિદ્ધની રુચિ નથી. અને લક્ષ્મીની રુચિ છે તો સિદ્ધની રુચિ નથી. ત્યારે શું કરવું? બધું છોડી દેવું? દૃષ્ટિમાં તો છોડો. દૃષ્ટિમાં તો છોડો. એ કહે છે. રુચિ તો પલટાવ કે હું સિદ્ધસમાન સ્વરૂપ છું. સિદ્ધ સમાન મારી પર્યાયમાં લક્ષ્મીની ઈચ્છા થાય છે એ ઈચ્છા જ મારી નથી તો લક્ષ્મી તો મારી છે જ નહિ. જેની અંતરમાં પુણ્ય અને લક્ષ્મીની રુચિ છે એને સિદ્ધના વંદન છે નહિ. એ નમો સિદ્ધાણં કરી શકતા જ નથી. પણ આ નવકાર તો નવ વાર ગણેને. બ્રહ્મચારીજી! નમો સિદ્ધાણં. નહિ. ભગવાન આચાર્ય તો પહેલાથી કહે છે કે **'वंदित्तु सव्व सिद्धे'** એમાંથી બધું કાઢીએ છીએ અમૃતચંદ્રાચાર્ય કહે છે કે જેની પર્યાયમાં, સિદ્ધપદ હું છું, મારી પર્યાયમાં દ્રવ્યની શક્તિમાં સિદ્ધ એવું પ્રતીત થયું અને સિદ્ધનો સ્વીકાર કર્યો, એની રુચિમાં એક પરમાણુ લક્ષ્મીની રુચિ ન હોવી જોઈએ. એક પરમાણુની હોં, ભાઈ! પરમાણુની રુચિ નથી તો આ ચક્રવર્તીનું

રાજ કરે છેને સમકિતી? શું કરે છે? એ તો આસક્તિભાવ પોતાની નબળાઈને કારણે આવે છે, રુચિ નથી. આસક્તિની પણ રુચિ નથી, લક્ષ્મીની પણ રુચિ નથી. આસક્તિ. આસક્તિ તો પહેલામાં કીધું ધર્મ. પુણ્ય પરિણામ થાય છે એ આસક્તિ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પડિમા એ રાગ થાય છે એ તો પુણ્ય છે. એ પુણ્યની રુચિ છે અને પુણ્યની શાંતિ થશે, સમકિત થશે, સિદ્ધને વંદન કરતા તને આવડતું નથી. સિદ્ધનો સ્વીકાર કરે છે અને નમો સિદ્ધાણં તને કરતા આવડતું નથી.

અને અર્થ. લક્ષ્મીની પણ ઇચ્છા સમકિતીને નથી. સમ્યગ્દર્શન થયું અને ધર્મના શ્રોતા યથાર્થ પ્રતીત કરવાની સન્મુખ થયા. સિદ્ધ હું છું. લક્ષ્મી તો વર્ગમાં છે અને મોક્ષ તો અપવર્ગમાં છે. અને હું તો મોક્ષનો કામી છું. તો મારી પર્યાયમાં સિદ્ધપદનો જેને સત્કાર થયો. એને લક્ષ્મીની રુચિપૂર્વક રાગ નથી થતો અને રુચિપૂર્વક જો રાગ હોય તો સિદ્ધાણં કહેતા એને આવડતું નથી, વંદન કરતા નથી આવડતું. કેમકે એકલું પુણ્ય આવે છે નમો સિદ્ધાણંમાં. તો એ તો પુણ્ય થયું. એ સિદ્ધની અંદરમાં આદર ન કર્યો. રાગમાં રાગનો આદર કર્યો. નમો સિદ્ધાણં કરીને રાગનો આદર કર્યો, પણ નમો સિદ્ધાણં રાગરહિત જે સ્વભાવ જ્ઞાયક છે એની એને રુચિ-દૃષ્ટિ થઈ નથી, તો એને લક્ષ્મીની રુચિ છે, એને પુણ્યની રુચિ છે, એ ધર્મી નથી. ઘણું કઠણ છે. તો શું લાખો રૂપિયા ખર્ચવા, આમ કરવું ને આમ કરવું. એનાથી ધર્મ કરવો એ તો ક્યાંય રહ્યું નહિ.

અને કામ. જે ત્રિવર્ગમાં ત્રીજો. ધર્મ, અર્થ અને કામ. સમ્યગ્દૃષ્ટિ અને સિદ્ધ શ્રોતા-શ્રોતા. અહીં તો શ્રોતા જ એને સ્વીકારે છે કે અમે અમારી પર્યાયમાં સિદ્ધને સ્થાપીએ છીએ, તો એને વિષય-ભોગ પાંચ ઇન્દ્રિયના વિષયની રુચિ નથી. સમજાણું કાંઈ? શ્રોતા એને કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય કે અમે વક્તા, તમે શ્રોતા બેયની અંતર પર્યાયમાં સિદ્ધપદ સ્થાપ્યું છે. તો સિદ્ધને વંદન કરનારા તો એને પુણ્ય, લક્ષ્મી અને ભોગ તો ત્રિવર્ગ કહેવામાં આવે છે. મોક્ષગતિ એ વર્ગમાં નથી. તો જેને મોક્ષની ઇચ્છા છે, સિદ્ધને વંદન કરવાની લાયકાત છે અને સિદ્ધપદ થવાની ભાવના છે એણે ભોગ, પાંચ ઇન્દ્રિય, ચક્રવર્તીનું રાજ, વાસુદેવ, બળદેવનું રાજ, ઇન્દ્રપદની પદવી, એની પણ અંતરમાં રુચિ જો થાય તો સિદ્ધપદને નમસ્કાર કરતા એને આવડતું નથી. ધન્નાલાલભાઈ! સમજાય છે કાંઈ?

જુઓ, ટીકા કરતાં-કરતાં કેટલું કાઢે છે. પહેલા શ્લોકમાં '**वंदित्तु सव्व सिद्धे**' એટલું કહ્યું. પછી '**धुवमचलमणोवमं**' એટલું પછી '**गदिं पत्ते**' '**गदिं पत्ते**' પદનો અર્થ કરે છે. તો '**गदिं**' મોક્ષ. તો મોક્ષ કેમ પ્રાપ્ત કર્યો? તો અપવર્ગ જે મોક્ષ એ ત્રિવર્ગથી રહિત છે. તો અસ્તિ-નાસ્તિથી અર્થ કર્યો. અસ્તિ-નાસ્તિથી. તો ત્રિવર્ગ તો પુણ્ય, લક્ષ્મી અને ભોગ એ ત્રણની જેને પર્યાયમાં રુચિ છે એને સિદ્ધપદની રુચિ નથી, એને ધર્મની રુચિ નથી, એને આત્માની રુચિ નથી, એને સંસારની રુચિ છે. લ્યો, '**મોક્ષગતિ આ વર્ગમાં નહિ**

હોવાથી તેને અપવર્ગ કહી.' કહો, સમજાય છે? તો ચાર વિશેષણ થયા. એક સત્કાર કર્યો સિદ્ધને. '**वंदित्तु सव्व सिद्धे**' પછી '**धुवम**' વિનાશિક નિમિત્તથી ગતિ થાય છે એ હું નથી અને ભ્રમણ જે ભાવે થાય તે હું નહિ અને ઉપમાલાયક પદાર્થ તે હું નહિ અને સિદ્ધ ત્રિવર્ગથી અપવર્ગથી ભિન્ન છે. તો ત્રિવર્ગમાં કોઈપણ વર્ગની વર્ગ નામ સમૂહ, પુણ્ય, લક્ષ્મી અને કામભોગ ક્યાંય પણ એની જો રુચિ પડી હોય તો સિદ્ધપદનો આદર એને કરતા આવડતો નથી. એક ગાથામાં તો ઘણું સમાડી દે છે. કહો, સમજાણું કાંઈ?

એવી પંચમગતિને સિદ્ધ ભગવાન પ્રાપ્ત થયા છે. '**આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.**' શું કહે છે ભગવાન સમયસાર કુંદકુંદાચાર્ય. '**તેમને પોતાના તથા પરના...**' ભાઈ પહેલું આવ્યું હતું. અત્યારે ફરીને લે છે. '**આવી પંચમગતિને સિદ્ધ...**' પરમાત્મા ગતિરહિત, ગતિનું પરિભ્રમણ પુણ્ય-પાપભાવરહિત, ઉપમારહિત અને અરે! લક્ષ્મી, વિષય અને પુણ્યરહિત એવી સિદ્ધગતિ '**તેને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને,...**' એ લીધું. પોતાના આત્મામાં પણ એ સ્થાપું છું. સમયસાર કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય. પોતાના આત્મામાં એ જ સિદ્ધનો આદર છે. મારા વ્યવહારનું નિમિત્ત જે પણ આવ્યું, વ્યવહાર આવે એનો આદર કરે તો મિથ્યાદૃષ્ટિ છે. આત્મામાં દયા, દાન, વ્યવહાર રત્નત્રય આવે છે. એનો સ્વીકાર કરે અને નિશ્ચયનો સ્વીકાર છોડે તો સિદ્ધને વંદન કરતા આવડતું નથી. પહેલી લીટીમાં પહેલા શ્લોકમાં બધું કહી દીધું. વ્યવહાર આવે છે પણ વ્યવહારનો સત્કાર કરો કે આમ મને ધર્મ થશે. એ નિમિત્તનો સત્કાર કર્યો. નિમિત્ત જે કહ્યુંને? કર્મના નિમિત્તે ગતિ. તો નિમિત્તથી ગતિ થાય એ નિમિત્તનો સ્વીકાર કર્યો તો ગતિ થઈ એનો સ્વીકાર કર્યો. પણ 'ચાર ગતિથી રહિત સિદ્ધ ગતિ મારી શક્તિમાં છે' એવી પર્યાયમાં પ્રતીત ન કરી તો એને ધર્મની લાયકાત છે જ નહિ. એમ પંચમગતિને સિદ્ધ ભગવાન પામ્યા છે. પામ્યા છે કહે છે. પહેલા સંસાર પર્યાયમાં હતા. એનો નાશ કરીને પામ્યા છે એ ત્રિવર્ગમાંથી નીકળી ગયા, પુણ્યમાંથી, લક્ષ્મીમાંથી અને ભોગમાંથી નીકળીને પંચમગતિને પામ્યા છે.

હવે આચાર્ય કહે છે, મારા આત્મામાં હું સિદ્ધપદને સ્થાપું છું અને પરના આત્મામાં સ્થાપીને. બધા આત્મામાં? બધા સિદ્ધ થઈ જશે? અહીં તો વક્તા તો એમ કહે છે કે અમારી પાસે જે સાંભળવા આવ્યા અને જેને અમે શ્રોતા કહીએ છીએ એની પર્યાયમાં સિદ્ધને સ્થાપીએ છીએ. ના પાડીશ તો તું અમારો શ્રોતા નથી. કે નહિ... નહિ... નહિ... નહિ... એવું તો કાંઈક પુણ્ય તો જોઈએ, ભાઈ! રાગ તો આવે છે. દસમા ગુણસ્થાન સુધી રાગ આવે છે. એમ કહે છેને? ભાઈ! દસમા ગુણસ્થાન સુધી રાગ આવે છે. હવે આવે છે એની અમને ખબર નથી? આવે છે, પણ શરૂઆતમાં-પ્રારંભમાં જેને 'રાગરહિત હું જ્ઞાતા-જ્ઞાન સિદ્ધ સમાન છું' એવું જેને પર્યાયમાં શ્રદ્ધામાં જામ્યું નથી એને અહીંયાં યથાર્થ શ્રોતા પણ કહેતા નથી. લ્યો ભાઈ! આ તો નિશ્ચયથી શરૂ કર્યું બધું. ઓલો પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય

એ તો બધું ઉડાડી દીધું. કે પહેલા વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય છે. ભાઈ! શ્રોતાને તો એમ સંભળાવો. પહેલા તો એવું સંભળાવો.. તો કહે છે કે અમે આવું સંભળાવી છીએ. શું? તારા સ્વભાવમાં રાગરહિત દશા આવે છે એવા પર્યાયમાં સિદ્ધ સમાન છું એવી રુચિ કર. એ શરૂઆત-પ્રારંભ ત્યાંથી થયા છે. પછી રાગ થયો એને વ્યવહાર કહે છે. નહિતર વ્યવહાર-ફ્યવહાર છે નહિ. અનંતકાળ એવો વ્યવહાર કર્યો. એ વ્યવહાર નથી પણ વ્યવહારાભાસ છે.

'**તેમને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ...**' હવે કહે છે. શું કહે છે? હવે શાસ્ત્રનું પ્રમાણ કહે છે. ભાઈ! કે શાસ્ત્ર પણ એમ કહે છે, અમે એ કહીએ છીએ અને તમે એ સાંભળો ત્રણેને એક કરે છે. શું કહે છે? '**સમયનો...**' સમય શબ્દે '**(સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ...**' આ સમયસાર તો ભગવાનના મુખે નીકળેલી વાણી એનો અવયવ છે, અંશ છે. પૂર્ણ તો નથી. એ '**અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ...**' હવે શું કહે છે? શા માટે સમયસાર કહેવામાં આવે છે? '**અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે,...**' લ્યો! શું કહ્યું? સમયસાર કહેવામાં અને સાંભળવામાં એ જ ફળ આવવું જોઈએ કે જેમાં મોહનો નાશ થાય. એક કણ પણ મોહનો રહે તો સમયસારનું ફળ નથી. રાગ આવે તો છે, પણ પરિણામ તો પોતાનો અને પરના મોહનો નાશ. તો મુનિને તો મિથ્યાત્વ છે નહિ. મોહ શબ્દે જે મિથ્યાત્વ મોહ હતો. પણ સમુચ્ચય મોહ લીધો છે. મુનિ કહે છે કે પોતામાં પણ અલ્પ રાગ છે, તો પોતાના સ્વભાવમાં ઘોલન કરતા મારા પણ રાગનો નાશ થશે અને સાંભળાનારને સમયસાર સંભળાવું છે.

અને સમયસાર એ વિકારરહિત, કર્મરહિત, નોકર્મરહિત છે. તું સિદ્ધ સમાન છો. એવું લક્ષ રાખીને જો સાંભળીશ તો સાંભળનારને પણ મોહનો નાશ કરવા માટે '**હું પરિભાષણ કરું છું,...**' ભાવ રાગ અને ભવ કરાવવા માટે પરિભાષણ કરતો નથી. તીર્થંકરનો ભવ કરાવવા માટે પણ હું પરિભાષણ નથી કરતો, એમ કહે છે. એમ આવ્યું કે નહિ? ..ભાઈ! એમ આવ્યું કે નહિ? શું કહ્યું? '**મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું.**' હું સમયસાર કહું છું એ મારો રાગ અને તારું મિથ્યાત્વ અને રાગ બધાના નાશ માટે હું પરિભાષણ કરું છું. એમાંથી એક રાગનો કણ આવે તો એનું ફળ ઠીક છે એવું અમારા શાસ્ત્રમાં ભાષણ આવશે નહિ. સમયસારમાં એમ આવતું જ નથી. સમયસાર તો આત્માના શુદ્ધસ્વરૂપની વાત કરે છે. કેમકે જેને ધર્મ જોવે છે એને શુદ્ધસ્વરૂપથી ધર્મ મળે છે, અશુદ્ધ અને રાગથી, નિમિત્તથી મળતો નથી.

'**મારા અને પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું.**' એવી શંકા પણ

નથી કરી, કે અમે કહીએ છીએ ભાઈ! પણ મોહનો નાશ થાય તો થાય, ન થાય તો ન પણ થાય. પંચમ આરો છે, એમ નથી કહ્યું. ભાઈ! તને પણ અમે સંભળાવીએ છીએ, પણ તારો મોહ નાશ થાય કે ન થાય એ અમારા હાથની વાત નથી. (એમ) નહિ, તું યથાર્થ શ્રોતા છો અને અમારી પાસે સાંભળવા આવ્યો છે. શા માટે આવ્યો છે? ધર્મની ભાવના. તો ધર્મની ભાવના યથાર્થ ભાવે છે તો તારી દૃષ્ટિ અંતરસ્વભાવ તરફ હોવી જોઈએ. તો સાંભળતા-સાંભળતા રાગનો નાશ અને સ્વભાવની વૃદ્ધિ એ જ સમયસાર પરિભાષણનું ફળ છે. જો એ યથાર્થ દૃષ્ટિ ન થઈ તો એણે સમયસાર પણ સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? રાજારામજી!

શું કહે છે? પરના મોહનો નાશ એવી તારામાં તાકાત? તમે સમયસાર સંભળાવો છો અને પરના મોહનો નાશ માટે પરિભાષણ કરું છું. તો એના મોહનો નાશ તો એનાથી થાય છે. તારા પરિભાષણથી થાય છે? એમ કહ્યું. શબ્દ તો એમ લીધો. ભાઈ! એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે. અમારો શ્રોતા વક્તા જેવી દૃષ્ટિ રાખે છે. એવી દૃષ્ટિ પહેલી શરૂઆત લક્ષ કરીને જે યથાર્થ સાંભળે છે. .. કેમકે સમસ્ત શાસ્ત્રનું ફળ, સમયસારનું ફળ તારામાં ભ્રમ અને આસક્તિ એનો નાશ કરાવવાનો અભિપ્રાય છે. એમાં રાગ રાખવાનો શાસ્ત્રનો કદી અભિપ્રાય હોતો નથી. કહો, સમજાય છે કાંઈ?

લ્યો! '**हुं परिभाषण करुं छुं.**' પરિભાષણ કરું છું. એ પણ નિમિત્તથી કથન છે શબ્દનું. પણ અંદરમાં એ ભાવજ્ઞાનને ઘોળું છું. આવ્યું હતુંને પહેલા? એ ભાવવચન. ભાવવચન નામ હું જ્ઞાનસ્વભાવમાં કેવી યથાર્થ નિર્ણયની સ્થિરતા થાય છે. એમાં હું ઘોલન કરું છું તો મારામાં પણ રાગનો અભાવ થશે અને તારામાં પણ મેં સિદ્ધ સ્થાપ્યું છે. એનો તે સ્વીકાર કર્યો છે. સ્વીકાર કર્યો છે કે 'હું સિદ્ધ છું' તો સાંભળતા-સાંભળતા પણ તારામાં સ્વભાવના અવલંબે રાગ અને મોહનો નાશ થશે. તું પણ સિદ્ધ થઈશ, હું પણ સિદ્ધ થઈશ. સિદ્ધ તો સિદ્ધ છે જ. સિદ્ધ તો સિદ્ધ છે જ. હું પણ સિદ્ધ થયો. શંકા નથી કે ભાઈ! અનંત ભવ થશે તો? શું કરીએ અનંત ભવ ભગવાને દીઠું છે. અરે! ભગવાને દીઠા છે તારા ભવ. ભગવાનનો જેણે નિર્ણય કર્યો, ભગવાને દીઠું એમ કહે છેને તો ભગવાને દીઠું એવો ભગવાનનો નિર્ણય કર્યો, એનો મોહ નાશ થયા વિના રહેતો નથી. ભગવાન પાસે પાખંડ રહેતું નથી અને પાખંડ પાસે ભગવાન આવતા નથી. ભગવાન પાસે પાખંડ નથી રહેતું અને પાખંડ પાસે ભગવાન આવતા નથી. ભગવાન તું સિદ્ધ છો. કેમકે તું ધર્મ સાંભળવા આવ્યો છે. બીજી વાત કરીશ નહિ કે રાગ થયો તો અમને ફળ તો મળ્યું. અરે! શું કહ્યું? તમે કહ્યુંને? '**धुवमचलमणोवमं**' અને ત્રિવર્ગથી અપવર્ગ ભિન્ન ચીજ છે એનું તો તારી પર્યાયમાં મેં સ્થાપ્યું છે. એનો તેં સ્વીકાર કર્યો છે. તો તારામાં પણ મોહનો જે ભાવ છે એના નાશના અર્થે હું પરિભાષણ કરું છું. તો સાંભળવામાં તારું લક્ષ, સ્વભાવનું લક્ષ રાખીને સાંભળ તો તારો

પણ રાગ નાશ થશે અને મારો પણ રાગ નાશ પામશે. એ સમયસારનું ફળ છે.

પરિભાષણ કરું છું બહુ. નહિતર કહે છે કે ભાઈ વાણી નીકળે છે જડથી અને પોતાનો વિકલ્પ રાગ છે અને સાંભળનારને પણ સાંભળવામાં રાગ છે. રાગનું અમને લક્ષ નથી, વાણીનું લક્ષ નથી. અમે તો સિદ્ધ છીએ એવું અમારું મુખ્ય લક્ષણ તો. તમે પણ એમ સાંભળતા તારા રાગ અને પુણ્ય અને નિમિત્તનું લક્ષ છૂટીને સ્વભાવ પરિપૂર્ણ થશે એ માટે હું સમયસાર કહું છું. બ્રહ્મચારીજી! સમયસાર તો એમ જ કહે છે કે સિદ્ધ જ થઈશ. પણ શાસ્ત્રમાં એમ આવે છેને કે ભાઈ! અગિયારમા ગુણસ્થાનથી પડે છે, એ કર્મથી એવું થઈ જાય છે. અરે! શું સાંભળ્યું તે? શું સાંભળવા આવ્યો છો તું? સિદ્ધપદ સાંભળવા આવ્યો છો કે સંસારપદ? સંસારપદ તો અનંતકાળથી સાંભળ્યું છે, ઘૂટ્યું છે. તો સિદ્ધપદ સાંભળવા આવ્યો એને તો શંકા જ થતી નથી કે કેવું કર્મ આવશે? કેમ થશે, ભાઈ? અરે! કાંઈ આવતું નથી. તારા દ્રવ્યમાંથી સિદ્ધ પર્યાય આવશે. તારી દ્રવ્ય શક્તિમાં પર્યાયમાં સિદ્ધપદ મેં સ્થાપ્યું તો પર્યાયમાં સિદ્ધપદ આવશે, બીજું આવતું નથી. એવા શ્રોતા એવી રુચિ કરીને સાંભળે છે એને માટે એ પ્રવચન છે, બીજા માટે પ્રવચન છે નહિ. કહો, સમજાણું કાંઈ? એ કહે છે. સમયસારની પહેલી ગાથા ચાલે છે.

'**તે અર્હત્પ્રવચનનો અવયવ?**' હવે અવયનું પ્રમાણ બતાવે છે. એ અર્હત્પ્રવચનનો અવયવ શાસ્ત્ર અને શાસ્ત્રનું હું પરિભાષણ કરું છું. એમાં સિદ્ધને વંદન કરું છું. હવે એ શાસ્ત્રનું પ્રમાણ અમે કહીએ છીએ. શાસ્ત્ર પ્રમાણ છે, અમારી વાણી પ્રમાણ છે. વાણી શાસ્ત્ર પ્રમાણ છે અને દિવ્યધ્વનિથી નીકલેળી વાણી છે. '**અર્હત્પ્રવચનનો અવયવ? અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી,...**' કેવો છે અર્હત્પ્રવયનનો અવયવ સમયસાર? અવયવ નામ અંશ હોં. આખું પૂર્ણ તો બાર અંગમાં છે. અર્હત્પ્રવચન, સર્વજ્ઞના વચનો પ્રવચન-પ્રધાન વચનો.. એનું અવયવ અનાદિ-અનંત પરમાગમ. લ્યો! પરમાગમ તો અનાદિ-અનંત છે. કોઈએ બનાવ્યું નથી. અનાદિ-અનંત જેવું કેળજ્ઞાન છે. અનાદિ-અનંત કેવળજ્ઞાની જગતમાં છે કે નહિ? કે કદી કેવળજ્ઞાન નથી થતું એમ છે? એમ પરમાગમ પણ અનાદિ-અનંત છે. ..ભાઈ! પરમાગમ અનાદિ-અનંત? લ્યો, અહીં બનાવ્યું. બ્રહ્મચારીજી! પરમાગમ અનાદિ-અનંત. આદિ નહિ, અંત નહિ. વાણી પણ અનાદિ-અનંત છે. '**સિદ્ધો વર્ણ સમામ્નાથ**' એ પરમાગમની વાણી પણ અનાદિથી ચાલી આવે છે. કેવળજ્ઞાનનો પ્રવાહ પણ અનાદિથી ચાલ્યો આવે છે અને વાણી પણ અનાદિથી ચાલી આવે છે. યથાર્થ. જેવું વાચ્ય અનાદિથી કેવળજ્ઞાન અને ધર્મ છે, એમ વાચક પણ અનાદિથી વાણી પરમાગમ, સત્ય આગમ ચલાવે છે.

'**અનાદિનિધન પરમાગમ...**' જુઓ, પરમાગમ કહ્યું આ સમયસારને. '**શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી,...**' એવું પરમાગમ શબ્દબ્રહ્મ ભગવાનની દિવ્યધ્વનિ હોવાથી '**સર્વ**

પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનારી...' સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનારી '**કેવળી ભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી...**' પ્રમાણ કર્યું. એ વાણી કેવી છે? સર્વજ્ઞ ભગવાનથી પ્રણીત હોવાથી. એ તો નિમિત્તથી કથન છે. વાણી તો વાણીને કારણે નીકળી છે. સર્વજ્ઞ તો આત્મા છે. પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે. જેમ શ્રોતા-વક્તાનો સંબંધ કહ્યો, એમ વાણી અને કેવળજ્ઞાનનો સંબંધ બતાવે છે. શ્રોતા-વક્તાનો સંબંધ કહ્યો કે હું પણ સિદ્ધ છું અને તું પણ સિદ્ધ છો. એમ વાણી સર્વજ્ઞની અને સર્વજ્ઞ એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ભગવાને એવી ઈચ્છા નથી કે હું વાણી કાઢું, પણ વાણી એવી નીકળે છે કે '**સર્વજ્ઞથી પ્રણીત...**' કથન-ઉપદેશ હોવાથી.

અને સ્વયં અનુભવ કરનાર શ્રુતકેવળી. એ '**કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી પ્રમાણતાને પામ્યો છે.**' શાસ્ત્રને પ્રમાણ કહ્યું. જે અમે કહીશું એ અમારા પ્રમાણજ્ઞાનથી કહીશું. કેમકે સાક્ષાત્ તીર્થંકરની દિવ્યધ્વનિથી આવ્યું છે અને ગધણરથી એ વાણી આવી છે. '**અન્યવાદીઓના આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની)ની કલ્પના માત્ર નથી...**' એ સમયસાર કહીશ તે કલ્પનામાત્ર નથી. જુઓ, તમારામાં નહિ મકાન નથી કરતા? મકાનની શું કરે છે એ? ચતુરસીમા. એ મકાન લખાવે છેને? એમાં ચતુરસીમા લખાવે છે કે પૂર્વમાં એ મકાન છે, પશ્ચિમમાં એ છે, ઉત્તરમાં એ છે, દક્ષિણમાં એ મકાન છે. મફતલાલ લિખિતંગ અને અન્દરથી મકાન છે એમ નથી. એવી ચતુરસીમા લખે છે. અને કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય, મફતલાલ નથી એનું કથન કરનારા. સર્વજ્ઞની વાણીથી કથન આવ્યું છે. સમજાણું? અને ગણધરે અનુભવ કર્યો એ વાણી નીકળી છે.

આ '**અન્યવાદીઓના આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની)ની કલ્પના માત્ર નથી કે જેથી અપ્રમાણ હોય.**' પોતાના શાસ્ત્રને પ્રમાણ બતાવ્યા કે શાસ્ત્ર પ્રમાણ, વાણી પ્રમાણ, હું પ્રમાણ અને તું સાંભળનાર સિદ્ધ સમાન સિદ્ધ કર્યું તો તું પણ પ્રમાણ. પણ એવી દૃષ્ટિ થાય અને રુચિ કરીને જો સાંભળે તો એને બધું પ્રમાણ હોય છે.

શ્રોતા :- સરળતા ન થઈ!

ઉત્તર :- શું કહે છે? આ એ જ સરળતા થઈ. શું ધૂળ જોવે છે તારે? શું સાંભળવા આવ્યો છો? આ લક્ષ્મીની રુચિ છોડાવી દીધી, ભોગની રુચિ છોડાવી, પુણ્યની રુચિ છોડાવી અને સ્વભાવની રુચિ કરાવી. કરડી બહુ. સહેલી બહુ સુગમ છે. તારી ચીજ તારી પાસે છે. તારી ચીજ તારી પાસે શક્તિ છે. શક્તિ ભંડાર છે. હું આત્મા છું અને વર્તમાન પર્યાયમાં જે શાંતિ માગે છે. શાંતિ પામવાની ઈચ્છા છે તો તું અંતરમાં શક્તિમાં સિદ્ધપદ અંદરમાં છે, એવી પ્રતીત કર એવો જ સરળ સ્વભાવ છે. એ જ સરળતા છે. નહિતર બીજી તો કડક વાત વિપરીત છે. અનંતકાળથી પરમાં પુરુષાર્થ કર્યો, પણ એક પરમાણુ પોતાનો થયો

નહિ. અનંતકાળથી પુરુષાર્થ કર્યો, એક પરમાણુ પોતાનો થયો? એક રજકણ પોતાનો થયો? અને સિદ્ધપદની પર્યાયનો પુરુષાર્થ કરે તો અલ્પકાળમાં સિદ્ધ! કહે છે કે મોહનો નાશ અલ્પકાળમાં થશે. અનંતકાળથી તે મોહને ઘૂંટ્યો છે. ઘૂંટ્યો કહે છેને? શું કહે છે? ઘોલન-ઘોલન કરે છે. હા, એ ખરલમાં ઘૂંટે છે. ચીકણું કરી દીધું. એ ચોસઠ પહોરી પીપર કરે છેને ઘૂંટતા-ઘૂંટતા, એમ રાગ પુણ્ય હું... રાગ પુણ્ય હું... રાગપુણ્ય હું.. નિમિત્ત હું, ભોગ હું, લક્ષ્મી હું, એમ ઘૂંટતા-ઘૂંટતા જે ચીકણું મિથ્યાત્વ બનાવ્યું છે એને જો તારે છોડવું હોય અને ધર્મ કરવો હોય તો હું 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' પહેલેથી લીધું એ. એની દૃષ્ટિમાં સિદ્ધ લક્ષમાં આવવું જોઈએ. બીજું લક્ષ છૂટી જવું જોઈએ. આસક્તિ તો જ્ઞાનીને પણ થાય છે, અસ્થિરતા આવે છે, રાગ આવે છે, અશુભ છે. વિષય-ભોગની આસક્તિ થાય છે. પણ એની રુચિ ન થવી જોઈએ. રુચિ બીજી ચીજ છે, આસક્તિ બીજી ચીજ છે. અહીંયાં રુચિનો પલટો નાખે છે. તારી રુચિ ધર્મ, અર્થ અને કામ, પુણ્ય, લક્ષ્મી અને ભોગ અને પરના ભ્રમણામાં અને રાગ જે કર્મના નિમિત્તની ગતિમાં છે. ગતિ રહિત આત્મા, ભ્રમણરહિત આત્મા એ પુણ્ય, લક્ષ્મી અને ભોગરહિત આત્મા એ તરફ તું લક્ષ કર તો તારો મોહ નાશ થયા વિના રહેશે નહિ. એ સરળ અને સત્ય ઉપાય તો એક જ છે, પણ લોકોને સાંભળવા મળ્યો નથી. કહો, સમજાણું કાંઈ?

જુઓ, એક ગાથામાં કેટલું ભર્યું છે!

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।

એમાંથી કાઢ્યું. '**वोच्छामि**' કહું છું, પરિભાષણ કરું છું. '**समयपाहुडमिणमो सुदकेवलीभणिदं**' પ્રત્યક્ષ કર્યું પ્રત્યક્ષ. આ '**श्रुतकेवलिभणितम्**' કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું સમયસાર તમને કહીશ અને તું સાંભળનારનો મોહ પણ નાશ તને થશે. એમાં શંકા નથી. તો સાંભળનારને એવું લક્ષ હોય માટે સાંભળનાર કહ્યાને? નહિતર તો સાંભળનાર પણ નથી કહ્યો. ભગવાન! તારો સ્વભાવ તો તારો સિદ્ધસમાન તારામાં છે. બહારમાં ભટકવાથી ક્યાંય નથી મળતું. ભટકવું એમાં રુચિ છોડ અને સ્થિરપદ એમાં રુચિ કર અને સાંભળ! તારો રાગ બધો નાશ પામશે. લ્યો! આશીર્વાદ આપ્યા. આશીર્વાદ આપ્યા. એ આશીર્વાદથી મળે છે? એ તો સિદ્ધનું પદ લક્ષ થયું તો લક્ષ કરતાં... કરતાં... કરતાં... કરતાં... સાંભળ્યું તો રાગ ઘટીને સ્વભાવમાં સ્થિર થઈ જશે. સ્થિર થશે તો સિદ્ધપદ પ્રાપ્ત થશે. એ શ્રોતાનું અને વક્તાનું લક્ષણ અને શાસ્ત્રનું લક્ષણ ત્રણે ત્રણ લક્ષણ બાંધ્યા. ત્રણ લક્ષણ આવ્યા. શાસ્ત્ર કોને કહે છે? શ્રોતા કોને કહે છે? વક્તા કોને કહે છે? એ ત્રણનું લક્ષણ એક ગાથામાં આવ્યું. એ ગાથા પૂરી થઈ.

એનો ભાવાર્થ જયચંદ્ર પંડિત કરે છે. '**ગાથાસૂત્રમાં આચાર્યે...**' '**वक्ष्यामि**' એ જે

'**વોચ્છામિ**' કહ્યું હતુંને? '**વોચ્છામિ**' '**તેનો અર્થ ટીકાકારે...**' '**વચ્ પરિભાષણે**' '**ધાતુથી 'પરિભાષણ' કર્યો છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે : ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વમાં બાર 'વસ્તુ' અધિકાર છે;...**' પાંચમું જોઈએ. પાંચમું જોઈએ. '**તેમાં પણ એક-એકના વીશ-વીશ 'પ્રાભૃત' અધિકાર છે. તેમાં દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત છે તેનાં મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું...**' હવે સમયપ્રાભૃતમાં જયચંદ્ર પંડિત એ સિદ્ધ કરે છે કે ભાઈ! એમાં '**વોચ્છામિ**' લખ્યું છે એનો શું અર્થ છે? કે એનું જ્ઞાન પહેલા મોટા આચાર્ય, સંતો, દિગંબર મુનિને હતું. એને હતું. '**તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું.**' જુઓ, એની પરિપાટી અનુસાર હોં! પરિપાટી અનુસાર. પરંપરા અનુસાર. મુનિ હતા. સંત ભાવલિંગી સંત આચાર્ય કુંદકુંદાચાર્ય હતા. પણ પરંપરાની વાતમાં એક અક્ષર પણ તોડ્યો નથી. સર્વજ્ઞ જેવી ભગવાનની વાણી નીકળી, એવી ગણધરે ઝીલી એવી આચાર્યોની પરિપાટીથી આવ્યું.

એ '**તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું. તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું. પરિભાષાસૂત્ર બાંધ્યું,...**' એ '**વોચ્છામિ**' નો અર્થ કરે છે. હવે '**સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે...**' સૂત્રમાં દસ પ્રકારની જાતિ છે. એ તો પરિભાષાનો અર્થ કરે છે. '**તેમાં એક 'પરિભાષા' જાતિ પણ છે. અધિકારને જે યથાસ્થાનમાં અર્થ દ્વારા સૂચવે તે પરિભાષા કહેવાય છે.**' એમાં ઘણો મર્મ છે. શું કહે છે? કે '**વોચ્છામિ સમયપાહુડમિણમો**' એમ કહ્યું તો '**વક્ષ્યામિ**' તો એમાં પરિભાષણ કર્યું. તો જ્યાં જીવનો અધિકાર, અજીવનો અધિકાર, પુણ્ય-પાપ નવ પદાર્થ જેવા કહ્યા. જ્યાં જ્યાં જેમ છે તેમ કહ્યું છે. સમજાણું? પરિભાષણનો અર્થ કરે છે. કે અધિકાર અર્થ દ્વારા. અર્થ દ્વારા. યથાસ્થાન-યથાસ્થાન. જેમાં જે સ્થાન જ્યાં છે એ આસ્રવ અધિકાર આસ્રવમાં, સંવરનો સંવરમાં, નિર્જરાનો... અને આસ્રવમાં પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ વાત પણ એમાં આવે છેને? આસ્રવમાં આવે છેને? કે જઘન્ય સમ્યગ્દૃષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી સમકિતીને પણ બંધન આસ્રવ જરી થાય છે. એ બધું યથાસ્થાન લખ્યું છે. એક-એક ગાથા ૪૧૫ સમયસારની છે. યથાસ્થાન-યથાસ્થાન, ૧, ૨, ૩, ૪, ૫, ૬ એમ ૪૧૫. ૪૧૫. યથાસ્થાન. જેમ ચશ્મા તો અહીં હોવા જોઈએને? કે ચશ્મા અહીં હોવા જોઈએ? એમ જ્યાં જ્યાં જે સૂત્રની જેવી ગાથાનું પ્રયોજન જરૂરી હતું એવું યથાવત્ '**સૂચવે તે પરિભાષા કહેવાય છે.**' એવી પરિષાભા કહેવાય છે. એણે સમયસાર બનાવ્યું છે. બહુ સમયસારની મહિમા કહી. એ અમૃતચંદ્રાચાર્યે '**વોચ્છામિ**' નો અર્થ પરિભાષણ કર્યું છે. એનો જયચંદ્ર પંડિત અર્થ કરે છે કે પરિભાષણ કેમ કહ્યું? કે સૂત્રની દસ પ્રકારની જાતિમાં પરિભાષણ નામનું એક સૂત્ર-સૂત્ર છે. તો એમાં યથાસ્થાન જ્યાં જેમ હોવું જોઈએ, એની રચના થાય

છે એનું નામ પરિભાષા સૂત્ર કહે છે. સમયસાર પરિભાષાસૂત્ર છે. યથાસ્થાનમાં બધું થયું છે.

'**શ્રી કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ...**' સમયપ્રાભૃતના અર્થને જ એટલે બીજો અર્થ લ્યો ભાઈ. .. એમ પાછો લીધું. પાછું ઓલું પરિભાષણ ન લીધું. '**એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે. આચાર્યે મંગળ અર્થે સિદ્ધોને નમસ્કાર કર્યો છે. સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે...**' જુઓ, શું કહ્યું? સંસારી આત્માનું ધ્યેય તો સિદ્ધ હોવું જોઈએ. સિદ્ધ ધ્યેય. આવ્યું હતુંને પહેલા? પ્રતિચ્છંદ-પ્રતિચ્છંદ આવ્યું હતું. પડઘો. જુઓને અવાજ નીકળે છે એવો જ સામે અવાજ નીકળે છેને? તો પહેલા કહે હું સિદ્ધ. તો સિદ્ધ એવો જ પડઘો આવે છે. જુઓ, આવે છેને? '**શુદ્ધ આત્મા સાધ્ય છે...**' સંસારી જીવોને શું સાધ્ય છે ધ્યેય? પુણ્ય સાધ્ય છે? ગતિ સાધ્ય છે? વિકાર સાધ્ય છે? ભોગ સાધ્ય છે? સંસારી જીવનું યથાર્થ સાધ્ય તો સિદ્ધ હોવું જોઈએ. એને છોડીને કોઈ બીજું સાધ્ય કરે તો એને ધર્મની ખબર જ નથી, ધર્મને સાંભળવા લાયક નથી. લ્યો! '**સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે...**' ભાઈ! સંસારી એ બધાને? અહીં તો શ્રોતાને કહે છે કે નહિ? સંસાર તો પરિભ્રમણરૂપ દુઃખ કારણ ભાવ છે. સંસાર નામ આત્મામાં ઉદયભાવ, રાગ-દ્વેષ, અજ્ઞાન થાય છે એ સંસાર છે. એ તો દુઃખનું કારણ છે. એનું હિત ઈચ્છતો હોય અને કલ્યાણ ઈચ્છતો હોય તો શુદ્ધ આત્મા સાધ્ય છે. સાધ્ય સમજ્યા? ધ્યેય, લક્ષ અને '**સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે. તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે.**' એથી એને નમસ્કાર ભગવાન કુંદકુંદાચાર્યે કર્યા છે.

'**કોઈ ઈષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો તેની ચર્ચા ટીકાકારના મંગલાચરણ પર કરેલી છે, તે અહીં પણ જાણવી.**' એ આવ્યુંને નમઃ સમયસારમાં? નમઃ સમયસાર એમાં આવી ગયું. એ તો સમયસાર આવ્યું એમાં સર્વ ઈષ્ટદેવ આવી જાય છે. '**સિદ્ધોને 'સર્વ' એવું વિશેષણ આપ્યું છે; તેથી તે સિદ્ધો અનંત છે...**' કોઈ કહે છે કે એક સિદ્ધ છે એ ખોટી વાત છે. અનંત સિદ્ધ થયા. અનંત-અનંત. કેમકે મારા પહેલા પણ મારા જેવા સાધક જીવો અનંત થયા. એ સાધક અલ્પકાળમાં સિદ્ધ થયા તો અનંત થઈ ગયા. હું પણ અલ્પકાળમાં સિદ્ધ થવાનો છું. તો મારા પહેલા પણ જે આત્માનું લક્ષ અને રુચિ કરીને સાધક હતા. અલ્પકાળમાં સિદ્ધ થશે. સિદ્ધ થવા માટે અનંત કાળ નથી જોઈતા. અનંતકાળ નથી જોતા. સિદ્ધ સાધકભાવ તો અનંતકાળ રહેતો નથી. સાધકભાવ અનંતકાળ રહેતો નથી. સમજાણું કાંઈ? અર્ધ પુદ્ગલ રહે છેને? સમ્યક્ આવીને અર્ધપુદ્ગલ રહે છે પણ એ સાધકભાવ નથી. એ તો છૂટે નહિ એને સાધકભાવ કહે છે. અહીં તો સાધકભાવની વાત કહીને. હું જ્ઞાન છું શુદ્ધ ચૈતન્ય એવી રુચિથી ધર્મની શરૂઆત થઈ, એ સાધકભાવનું કાર્ય અસંખ્ય

સમય છે, અનંત સમય હોતો જ નથી. સમજાય છે? તો સાધક વિચાર કરે છે ધર્મને સાધનારા, હું પણ સાધક જ્ઞાનસ્વભાવને ચિદાનંદ હું છું એને સાધનારો. રાગ આવે છે, વિકાર છે એને સાધનાર નથી. તો અલ્પકાળમાં મારી સાધકદશા સિદ્ધ પર્યાયને પામશે. સાધકનો વ્યય થઈને. તો મારા પહેલા પણ અનંત સિદ્ધ થઈ ગયા. કેમકે અનંતકાળ થયો અને અનંતકાળમાં અસંખ્ય કાળમાં એક સિદ્ધ હોય છે. અસંખ્ય કાળ નામ અસંખ્ય સમયમાં. છ માસ અને આઠ સમયમાં તો ૬૦૮ સિદ્ધ થાય છે. તો એવા અનંત મારા પહેલા સિદ્ધ થઈ ગયા. તો એમ કહે છે કે સિદ્ધ અનંત છે.

'**એવું કહેનાર અન્યમતીઓનો વ્યવચ્છેદ કર્યો. 'શુદ્ધ આત્મા એક જ છે'...**' એ કહે છેને સિદ્ધ એક જ છે. જ્યોતમાં જ્યોત મળી. રાત્રે પ્રશ્ન થયો હતો કોઈને. સિદ્ધ જો હોય તો એક ચૈતન્ય બીજામાં મળી જાય છે. અરે! મૂઢ છો! માળા શું મળી જાય? સત્તા અનાદિથી ભિન્ન છે અને શુદ્ધની સત્તા ભિન્ન રાખી તો અશુદ્ધનો નાશ કરીને શુદ્ધની સત્તા મળી ગઈ તો પોતાનો જ નાશ થયો. સત્તામાં સિદ્ધતા તો આવી નહિ પણ સત્તાનો અભાવ થયો. પોતાની શુદ્ધ ચિદાનંદ સત્તા એની પર્યાયમાં વિકાર હતો. એનો નાશ કરીને પર્યાયમાં શુદ્ધતા આવવી જોઈએ એને ઠેકાણે કહે કે સિદ્ધ મળી ગયા. જ્યોતમાં જ્યોત મળી. જૈનમાં નામ ધરાવીને એની પણ ખબર નથી કે અનંત સિદ્ધ સ્વતંત્ર ત્યાં છે. એ ૪૫ લાખ યોજનમાં છે તોપણ દરેક સિદ્ધ પરમાત્મા પોતાના આનંદનો અનુભવ દરેક જુદો-જુદો કરે છે. કોઈની કોઈમાં ભેળસેળ નથી.

શ્રોતા :- ક્ષેત્ર મર્યાદિત અને...

ઉત્તર :- હા, ક્ષેત્ર મર્યાદિત અને સિદ્ધ અનંતા છે. એમાં શું થયું? ક્ષેત્ર થોડું છે. આ થોડું ક્ષેત્ર છે. હજાર દીવા કરો, લાખ કરો, પણ બધાના પરમાણુ અહીં સમાઈ જશે. તો એમાં કોઈને ભીંસ પડતી નથી. એને શું કહે છે? સમજાણું? એ ભટકાતા નથી, ઠોકર નથી ખતા. બધા ભિન્ન-ભિન્ન રહે છે. તો દિવાનો પ્રકાશ પરમાણુ રૂપી મૂર્ત અજીવ એ તો ટક્કર નહિ ખાતા સ્વતંત્ર રહે છે, તો અલ્પક્ષેત્રમાં સિદ્ધ ભગવાન પોતપોતાના આનંદમાં અનુભવમાં બધા સ્વતંત્ર રહે છે. અનંતગુણા, અનંતગુણા જીવ. ગમે તેટલા થાવ.

'**શ્રુતકેવળી શબ્દના અર્થમાં, (૧) શ્રુત અર્થાત્ અનાદિનિધન પ્રવાહરૂપ આગમ છે...**' લ્યો, આગમ કહ્યું અને કેવળી શબ્દથી સર્વજ્ઞ પરમાગમના જ્ઞાતા શ્રુતકેવળી કહેવામાં આવ્યા છે. બેયની વાત લીધી. '**તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે.**' શું કહે છે? કેવળી અને શ્રુતકેવળી શાસ્ત્રથી અમારી ઉત્પત્તિ થઈ એ શાસ્ત્રને અમે કહીએ છીએ. જુઓ, સાક્ષાત્ કુંદકુંદાચાર્યની ધ્વનિ કેવી? શ્રુતકેવળી તો એના ગુરુ તો એવા શ્રુતકેવળી નહોતા. ભાઈ! એમના ગુરુ તો કાંઈ શ્રુતકેવળી નહોતા. અહીં તો શ્રુતકેવળી અને કેવળીથી સમયસારની ઉત્પત્તિ થઈ છે, એવું હું સમયસાર કહું છું. ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ ભગવાન

પાસે રહ્યા હતા અને પછી સમયસાર, પ્રવચનસાર વગેરે ભગવાન કુંદકુંદાચાર્યે શાસ્ત્રની પ્રતિષ્ઠા ભરતક્ષેત્રમાં કરી.

તો કહે છે કે '**તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ કહી છે. એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો;...**' પોતાની બુદ્ધિથી હું કલ્પિત કહેતો નથી. અનાદિ નિધાન જોકે અનુભવથી તો કહ્યું છું. એ કહેશે. પણ કલ્પિત એક અક્ષર નહિ. એ તો પરંપરા જેવી અનાદિથી ચાલી આવે છે એ વાત હું કહીશ. '**અન્યવાદી છદ્મસ્થ (અલ્પજ્ઞાની) પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું બતાવ્યું.**' લ્યો. હવે એ એક ગાથા પૂરી થઈ.

હવે બીજી ગાથા કહે છે. બીજી ગાથામાં શું કહે છે? '**આ ગ્રંથના અભિધેય,...**' અભિધેય એટલે શું? હું શું કહેવા ચાહું છું? વાચ્ય. અભિધેય નામ વાચ્ય, ધ્યેય, શુદ્ધાત્મા ધ્યેય એને હું કહેનાર છું. એ ધ્યેય છે મારું. શુદ્ધ આત્મા. અશુદ્ધનો તો અનાદિથી અનુભવ કરો છો. એમાં કાંઈ નવીન નથી. '**અભિધેય, સંબંધ,...**' વાચક શબ્દો સંબંધ છે. અભિધેય. સિદ્ધ આત્મા, શુદ્ધાત્મા તે અભિધેય છે અને શબ્દો તે એના વાચક નિમિત્ત સંબંધ છે. '**પ્રયોજન તો પ્રગટ જ છે...**' શું છે? જુઓ, '**શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે.**' અભિધેય કહો કે કહેવાયોગ્ય કહો.

'**તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્ય-વાચકરૂપ સંબંધ...**' સંબંધ છેને? જેમ સાકર. સાકર શબ્દ છે. અને સાકર પદાર્થ એનું વાચ્ય છે. વાચ્ય સમજ્યા કે નહિ? સાકર ગોળ હોય છેને ગોળ લ્યો. સાકર.. શબ્દ છે તો એનું વાચ્ય છે. વાચ્ય-વાચક સંબંધ છે. સાકર વાચક, સાકર પદાર્થ વાચ્ય છે. એમ સમયસાર વાચક છે અને આત્મા શુદ્ધ એનું વાચ્ય છે. શુદ્ધ આત્મા અમે તો કહેનાર છીએ. સમયસારમાં. કેમકે અશુદ્ધ તો અનાદિકાળથી પર્યાયબુદ્ધિ છે જ. પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, પુણ્યબુદ્ધિ, વિકાર. રુચિ એ તો પર્યાયબુદ્ધિથી અનાદિકાળથી અનુભવ કરતા આવ્યા છે. એમાં કાંઈ નવું કહેવાનું છે નહિ. સમજાણું કાંઈ? અને '**શુદ્ધ આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.**' લ્યો, પ્રયોજન બતાવ્યું. શું કહે છે? પ્રયોજન શું છે? '**શુદ્ધ આત્માના સ્વરૂપની પ્રાપ્તિ...**' પુણ્યની પ્રાપ્તિ, સ્વર્ગની પ્રાપ્તિ, જગતમાં આચાર્યપદની પ્રાપ્તિ. ભાઈ! આચાર્યની નહિ? મોટા આચાર્ય હોય તો. એ તો ના પાડે છે. એ પ્રયોજન છે નહિ. ઉપાધ્યાયની પ્રાપ્તિ મોટી પ્રજ્ઞા એવી મોટી-મોટી ઉપાધિ આવે છેને? .. એ બધી કોઈ ઉપાધિ નથી. એ ઉપાધિનું પ્રયોજન નથી. શુદ્ધ આત્માની સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે. વાચક સમયસાર, વાચ્ય આત્મા અને એનું પ્રયોજન શુદ્ધ આત્માની પ્રાપ્તિ. બીજું કોઈ પ્રયોજન છે નહિ. એ પ્રયોજનથી જે સાંભળે એને વાસ્તવિક વીતરાગ અને સમયસાર કહેનારનું વાચકનું એને જ્ઞાન થાય છે. જો પ્રયોજન બીજું રાખે. અમને સાંભળવાથી પૈસા મળશે, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, અમે ધર્મી

કહેવાશું. ચાલો ભાઈ હંમેશા ધર્મ સાંભળવો. સમયસાર સાંભળશું તો મોટા અધ્યાત્મી કહેવાશું. સમયસાર સાંભળવાથી અધ્યાત્મી કહેવાશું, દુનિયામાં માન મળશે. તો એને શુદ્ધાત્માનું પ્રયોજન છે નહિ. ઓહો..હો..! આ તો મોટી ચર્ચા કરે છે ભાઈ સમયસારની. અને સમયસાર તો ઘણું ગૂઢ શાસ્ત્ર છે. અહીં કહે છે કે ભગવાન ગહનમાં તો શુદ્ધાત્માની પ્રાપ્તિનું જ પ્રયોજન છે, ભાઈ! એમાં કોઈ પ્રયોજન પદવી, લાભ, પુણ્ય, જગત, આબરૂ, કીર્તિ, સંઘ, સમુદાય કે અમારા ભક્ત એટલા હોય એવા કોઈ પ્રયોજનથી સાંભળે તો એને શ્રોતા યથાર્થમાં કહેતા નથી. '**શુદ્ધ આત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.**'

ભગવાન '**પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું?**' લ્યો, પહેલા કહ્યુંને સમયપ્રાભૃત કહીશ. સમયપ્રાભૃત કહીશ. તો શિષ્યને આકાંક્ષા થાય છે કે પ્રભુ! સમય તમે કોને કહો છો? તમે સમય કોને કહો છો? એવી આકાંક્ષા થાય છે. તો આકાંક્ષા થાય છે એમાં શિષ્યની ઈચ્છા ઉઠાવી. પ્રભુ! સમયસાર. સમય કોને કહે છે? '**તેથી હવે પહેલાં સમયને જ કહે છે :—**' સમયપ્રાભૃત કહીશ. એવી પ્રતિજ્ઞા કરી હતી. શિષ્યને આકાંક્ષા થઈ. તો એમ લીધું, ભાઈ! શિષ્યે પછી આકાંક્ષા બતાવી. સમય કોને કહે છે? તમે સમય કોને કહો છો? પ્રભુ! તમે તો કહો છોને કે સમયપ્રાભૃત અને સિદ્ધપદ સ્થાપ્યું. તો તમે સમય કોને કહો છો? એમ આકાંક્ષા રાખનારને સમય કોને કહે છે એ બીજી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્ય કહેશે કે એને અમે સમયસાર કહીએ છીએ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૧૧,
પ્રવચન નં. ૩૨૨, તા. ૧૫-૦૩-૧૯૫૩
(૦૩)

જુઓ, શિષ્યે પ્રશ્ન કર્યો છે. પ્રશ્ન કર્યો છે શિષ્યે કે ભગવાન! વ્યવહારનય કેમ અંગીકાર ન કરવો જોઈએ? વ્યવહારનય એટલે શું? જુઓ, શિષ્યનો પ્રશ્ન પણ વિવેકવાળા અને જિજ્ઞાસુનો પ્રશ્ન છે. કે તમે પહેલા કહેતા હતા કે જે વ્યવહાર છે એ અંગીકાર ન કરવો. વ્યવહાર કયો? આત્મામાં જે દયા, દાન, ભક્તિ આદિ પરિણામ વિકાર થાય છે અને આત્મા અખંડસ્વરૂપમાં ગુણભેદ કરવા એ વ્યવહાર છે. ભેદ અને રાગ એ બધો વ્યવહાર છે. વ્યવહારને અંગીકાર ન કરવો. કેમકે વ્યવહારથી આત્માને લાભ નથી. પછી આપે એમ કહ્યું કે પરમાર્થને કહેનાર છે વ્યવહાર. સમજાય છે? વ્યવહારને અંગીકાર ન કરવો એમ કહ્યું હતું. પછી પાછું કહ્યું કે વ્યવહાર પરમાર્થને પ્રતિપાદન કરે છે. એ જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા અનંત-અનંત શક્તિનો પિંડ એમાં દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એવો આત્મા એવો ભેદ કરીને વ્યવહાર નિશ્ચયને બતાવે છે તો વ્યવહાર કેમ અંગીકાર ન કરવો? તો વ્યવહારને ઉપાદેય કેમ ન માનવો? તો વ્યવહારને અંગીકાર નામ આદરણીય કેમ ન માનવો? અથવા એવા વ્યવહારને હિતકર કેમ ન માનવા? એવો શિષ્યનો પ્રશ્ન હતો. સમજાણું કાંઈ?

જુઓ, મોટી ગાથા. આખા જૈનદર્શનની અથવા વસ્તુદર્શનના મર્મની ગાથા ૧૧મી છે. શિષ્યે એવો પ્રશ્ન કર્યો હતો કે તમે પહેલા વ્યવહારને અંગીકાર ન કરવો જોઈએ એમ કહ્યું. પછી કહ્યું કે પરમાર્થને કહેનાર છે. એ ભેદ પાડીને વ્યવહાર જ સમજાવી શકે. એ નિશ્ચય તો સમજાવી શકતા નથી. કેમકે નિશ્ચયમાં તો ભેદ જ નથી. એ તો એકરૂપ અભેદ-અખંડ આનંદકંદ એ સમ્યગ્દર્શનનો વિષય છે. તો અભેદથી તો અભેદ કહેવામાં આવતું નથી. અભેદથી અભેદ કહેવામાં આવતું નથી. અભેદ ભેદથી સમજાવાય છે. તો ભેદ થયો. ભેદ શું? કોઈ નિમિત્તથી આત્મામાં લાભ-નુકસાન એ વાત અહીં છે જ નહિ. સમજાણું? કોઈ નિમિત્ત નામ પરપદાર્થના સંગથી આત્મામાં નુકસાન-લાભ છે એ વાત તો અહીં છે જ નહિ. પોતાની પર્યાયમાં કર્મના નિમિત્તના સંગે પોતાની પર્યાયમાં જે અશુદ્ધતા, મલિનતા, પુણ્ય, પાપ, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધ થયા છે એ પોતાની સ્વતંત્ર અશુદ્ધતા એ પણ વ્યવહાર છે. કેમકે અશુદ્ધતા એ આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી. તો અશુદ્ધતાને જાણનાર નય અને અશુદ્ધતા નયનો વિષય બધું છોડવાલાયક છે એમ આપે કહ્યું હતું. શિષ્યે પ્રશ્ન કર્યો. અને પછી કહ્યું

કે આત્મા અનંતગુણનો પિંડ સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ દેવે એક સમયમાં અનંત શક્તિનો ભંડાર. ૪૭ શક્તિનું તો પાછળ વર્ણન કર્યું છે. સમયસારમાં પાછળ આવીને? જીવત્વશક્તિ, ચિત્શક્તિ, દર્શીશક્તિ, જ્ઞાનશક્તિ, આનંદશક્તિ વગેરે. ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે. એવી-એવી આત્મામાં અનંત શક્તિ એક સમયમાં... અનંત... શક્તિનો અર્થ શું? ત્રિકાળ ટકે એ અપેક્ષાએ નહિ. એ સ્વભાવ અનંત એક સમયમાં અનંતગુણ છે. એક સમયમાં અનંતગુણ એવો આત્મા છે. તો એક આત્મામાં ત્રણ ગુણથી ભેદ કરીને સમજવું કે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત તે આત્મા. એ ભેદ કરીને સમજવું એ વ્યવહાર છે, એ રાગ છે, એ પુણ્ય છે, એ ધર્મ નથી. ધર્મ તો અખંડ જ્ઞાયકસ્વરૂપ અભેદ એને આશ્રયે ધર્મ છે. તો આ ભેદ પરમાર્થને કહેનાર છે એમ તો કહેતા હતા. અને વ્યવહાર અંગીકાર ન કરવો એમ કહ્યું. તો એનું પ્રયોજન શું? સમજાય છે? આ એનો ઉત્તર દે છે.

જુઓ, '**ટીકા :- વ્યવહારનય બધોય અભૂતાર્થ...**' છે. શાંતિથી સમજવું જોઈએ. એ ગાથા અલૌકિક-અપૂર્વ છે. ભગવાન! તારા આત્માનું સ્વરૂપ એક ક્ષણમાં અનંત-અનંતગુણનો પિંડ એકરૂપ અભેદ છે. વ્યવહારનય એ અખંડને ભેદ કરીને અને રાગની અશુદ્ધતાની અસ્તિત્વતા પર્યાયમાં મોજુદગી છે એને બતાવે છે અને એ અશુદ્ધતા અને ભેદ અભૂતાર્થ છે. અભૂતાર્થ નામ કાયમની ચીજ નથી. સમજાય છે? '**વ્યવહારનય...**' એટલે વર્તમાન જ્ઞાન. જે વર્તમાન ભેદ અને વિકારને વિષય કરે છે. વર્તમાન અનંતગુણનો જે પિંડ પ્રભુ આત્મા છે એમાં જે ભેદ કરીને દેખાડે અને અશુદ્ધતા દેખાડે એને વ્યવહારનય કહે છે. સમજાણું કાંઈ? તો વ્યવહારનય બધોય અભૂતાર્થ છે. અભૂતાર્થ-નહિ છતો પદાર્થ. એ મોજુદગીની ચીજ નથી. વ્યવહારનય મોજુદગીની ચીજ નથી.

તેથી, '**અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' વ્યવહારનય અભૂતાર્થ છે, વ્યવહારનય અસત્યાર્થ છે, વ્યવહારનય જૂઠો છે. એ કારણે એ અવિદ્યમાન જૂઠાં પદાર્થને, અસત્યપદાર્થને, અભૂત નથી એને પ્રગટ કરે છે. છે? અર્થ છેને એમાં? જુઓ, શું કહ્યું? જરા ઝીણું છે. આ ગાથાનો વિષય અભેદ છે એ બધી દૃષ્ટિની મુખ્યતા કરો ત્યારે શરૂઆત ધર્મ થાય છે. નહિતર ધર્મ કોઈ નિમિત્તથી, દયાથી, ભક્તિથી, વ્રતથી એ ધર્મ-બર્મ છે જ નહિ. અને નિમિત્ત અનુકૂળ મળે તો આત્મામાં ધર્મ થશે, ભગવાનની પ્રતિમા છે તો આત્માને સમકિત થાય, શાસ્ત્રમાં આવે છે. પ્રતિમાના દર્શનથી સમકિત થાય છે, જાતિસ્મરણથી થાય છે. એ આવે છે કે નહિ? દેવર્ધીદર્શન. એ બધી નિમિત્તની વાત છે. એનાથી થતું નથી. એનાથી તો થતું નથી, પણ અહીંયાં તો પોતાનો આત્મા એક સમયમાં, એક ક્ષણમાં અનંતગુણનો પિંડ એકરૂપ વસ્તુ છે. આ એમાં વિકલ્પ ઉઠાવવો કે એ આત્મા અખંડ છે, શુદ્ધ છે, પરિપૂર્ણ છે એવો વિકલ્પ ઉઠાવવો આ એનાથી પણ સમ્યગ્દર્શન નથી થતું. વિકલ્પ નામ શું? રાગ ઉઠાવવો, ભેદવૃત્તિ કરવી, એનાથી પણ સમ્યગ્દર્શન નથી થતું. એનાથી પણ નહિ, પણ

અનંતગુણના પિંડમાં ગુણનો ભેદ કરીને વિચારવું. અનંતગુણનો પિંડ આત્મા એકરૂપ સદૃશ ધ્રુવ નિત્ય ભગવાન સામાન્ય સ્વભાવી આત્મા. સામાન્ય સ્વભાવી સમજો છો? વર્તમાન પર્યાયને ગૌણ કરીને, પ્રગટ પર્યાયને ગૌણ કરીને શક્તિરૂપ ધ્રુવ છે એને સામાન્ય કહે છે. એ સામાન્ય સ્વભાવનું અવલંબન લેતા સમ્યગ્દર્શન થાય છે. નહિતર કદી સમ્યગ્દર્શન થતું નથી. શેઠિયાજી! સમજાય છે?

તો કહે છે કે '**વ્યવહારનય બધોય...**' એ નિમિત્તથી થાય છે એ વાત તો અમારે ત્યાં છે જ નહિ, જે વ્યવહારનયના શાસ્ત્રમાં આવે છે. આવે છેને એ? ત્રણ કારણે સમ્યગ્દર્શન પામે છે અને આનાથી પમાય. અને વળી અભ્યંતર કારણ દર્શનમોહ ક્ષયોપશમ, ક્ષય અને ઉપશમને કારણે સમ્યગ્દર્શન પામે છે. એ આવે છે ગોમ્મટસાર આદિમાં. અભ્યંતર કારણ, નિમિત્ત કારણ અભ્યંતર. એ પણ છે નહિ. એ વાત પણ અહીંયાં તો નથી. નિમિત્તથી સમ્યગ્દર્શન પામે એ પણ નહિ, દર્શનમોહનો ક્ષયોપશમ, ક્ષય, ઉપશમથી... એ પણ નહિ કેમકે નિમિત્ત પરચીજ છે. પોતામાં ગુણભેદ કરવો, ગુણી ગુણનો ભેદ કરવો એ ભેદથી પણ સમ્યગ્દર્શન નથી થતું. સમજાય છે કાંઈ?

તો કહે છે કે '**વ્યવહારનય બધોય અભૂતાર્થ...**' છે. જેટલો ભગવાન આત્મા એક સમયમાં પરિપૂર્ણ શુદ્ધ છે એમાં એકમાં અનેકતાનો વિકલ્પ નામ રાગની વૃત્તિ ઉઠાવવી એ બધું નથી. એ જગતમાં છે જ નહિ એમ કહે છે, લ્યો! અહીં તો અભૂતાર્થ કહે છે એ છે જ નહિ. બ્રહ્મચારીજી! છે નહિ એટલે? એ અભેદમાં નથી એ અપેક્ષાએ હોં! પર્યાયમાં નથી એ અપેક્ષાએ નહિ. અભેદ દૃષ્ટિ કરો, અંતરદૃષ્ટિ કરો તો એકરૂપમાં ભેદ છે નહિ. તો ભેદ એકરૂપમાં નથી તો ભેદ અસત્યાર્થ છે એમ કહી દીધું. પંડિતજી! સમજાણું કાંઈ? ધ્યાન રાખો. એ ૧૧મી ગાથા તો બહુ ઝીણી છે. જુઓ બરાબર અહીંયાં મહોત્સવ પણ આવે છે. સમજાણું? અને બહેનનો વિચાર એવો હતો કે સારી-સારી ગાથાઓ મહોત્સવમાં આવે તો બહુ પ્રભાવનાનું કારણ બને. તો એ બધી યથાર્થમાં આવી. બંને બહેનનો એવો ભાવ હતો કે આવી ગાથા હોય સરસ. તો બરાબર એ ગાથા આવી છે. પંડિતજી!

જુઓ, શું કહે છે? શાંતિથી સમજવું. દુનિયાના ઝઘડા-ઝઘડા એકકોર રાખવા અને પૂર્વની જે માન્યતા કરી હોય એ પણ એકકરો રાખીને સમજવું. આ ઝઘડા મટાડવાની વાત છે. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં જે સમ્યગ્દર્શનનો વિષય અભેદ આત્મા છે એવું આવ્યું હતું, એવું જ ભગવાન કુંદકુંદાચાર્યે વાણી દ્વારા સ્પષ્ટ કર્યું. ભગવાન અમૃતચંદ્રાચાર્ય એની ટીકા કરે છે. ભગવાન આત્મા. અમે તો આત્માને ભગવાન જ કહીએ છીએને. બધા ભગવાન જ છેને. શક્તિરૂપ ભગવાન જ છે. પહેલી ગાથામાંથી ઉપાડ્યું છે અહીંયાં તો. સવારમાં સિદ્ધચક્ર ન ચાલ્યું? પંડિતજી! તમારે સિદ્ધચક્ર વિધાન ત્યાં ચાલે છે. અમારે સિદ્ધચક્ર અહીં થઈ ગયું. એક કલાકમાં સિદ્ધચક્ર વિધાન થઈ ગયું. સિદ્ધને બોલાવ્યા. કાલે કહ્યું હતુંને

પંડિતે નહિ? સિદ્ધને બોલાવો ભાઈ સુવર્ણપુરમાં. ભક્તિમાં. તો ભક્તજન તો અનેકપ્રકારે બોલે છે. એ તો 'ભગવંત અહીંયાં પધારો' એમ બોલે છે. એ તો સમજે છે કે એ વિકલ્પ છે તો એવી ભાષા પણ ભાષાને કારણે આવે છે. સિદ્ધ કાંઈ ઉપરથી ઉતરતા નથી. હું મારા સ્વરૂપનું ભાન-ધ્યાન કરીને હું સિદ્ધલોકમાં જઈશ, પણ એ આરોપથી એવું કથન કરે છે, હે નાથ! અમે ભક્ત છીએ. પ્રભુ! સિદ્ધ પ્રભુ! પધારો-પધારો. અમે અહીંયાં આમંત્રણ આપીએ છીએ. એનો અર્થ અમારી પર્યાયમાં સિદ્ધપદની અમને પ્રતીત થઈ. અમારી શક્તિમાંથી એકાગ્ર થઈને અમે સિદ્ધ થઈ જશું. એનું નામ સિદ્ધને આમંત્રણ દે છે. એનું નામ આમંત્રણ નિમિત્તથી આરોપિત કથન છે. કહો, સમજાય છે?

કાલે કહેતા હતાને. એ ગાયનમાં આવ્યું હતું. ભજનમાં આવતું હતું. ભાઈ બોલતા હતાને એ પધારો... સોભાગ્યચંદજીએ પણ બનાવ્યું હતુંને? સુવર્ણપુરમાં સિદ્ધને બોલાવે છે. સિદ્ધને બોલાવે છે. ભાઈ! સિદ્ધને બોલાવે છે એ આખા અનંતસિદ્ધને બોલાવે છે. સમજાણું? અમે તો ઘણીવાર દૃષ્ટાંત આપીએ છીએને. એ પણ આવ્યું છે. દીકરીના લગન હોય છેને. દીકરી-દીકરાના લગન હોય ત્યારે દીકરાનો પિતા સાધારણ હોય તો સાધારણ તો નાનાલાલભાઈ જેવા, સોભાગ્યચંદજીભાઈ જેવા કોઈ શેઠિયા હોય એને સાથે લઈ જાય. સાથે શેઠિયાને લઈ જાય. એ દીકરાના લગન કરવાના હોય ને દીકરાના? અને સાધારણ જન હોય. સાધારણ શું કહે છે? ગરીબ સાધારણ હોય અને એની સિફારીશ બહુ શેઠિયા સાથે ચાલતી હોય તો કહે કે સાહેબ! અમારી જાનમાં તમારે આવવું પડશે. મારા દીકરાના લગન છે. તો શેઠિયાને ઓલો સંબંધ હોય તો જાવું પડે.

એમાં કોઈ એવો પ્રસંગ બને. એ દીકરીના પિતાને કોઈ એવી બરાબર લગનનો ટાઈમ થયો. લગનનો. આઠ વાગે લગન થાય છેને? શું કહે છે તમારે? ટાઈમ લગનનો. એ વખતે વળી દીકરીના પિતાને એવો વિચાર થયો કે અમે સાધારણ માણસો છીએ અને અમારી પાસે પૈસા નથી અને ખર્ચ બહુ છે. એ સો માણસ લઈને આવ્યા છે એમાં જ અમારે બે હજારનો ખર્ચ થઈ જશે. અમે પહોંચી શકીશું નહિ. તો વાતચીત તો થઈ નથી કે અમને પૈસા આપશે. પણ બરાબર લગનનો ટાઈમ થયો, પાંચ હજાર આપો તો દીકરી પરણાવીશું. શું કરવું? એ સાધારણ માણસ હોય. સોભાગ્યચંદજી! પછી એ શેઠિયાને બોલાવે નાનાલાલભાઈ જેવા, બેચરભાઈ જેવા, સોભાગ્યચંદજી જેવા સાથે હોય સાથે. જુઓ, આ દીકરીના પિતા એમ કહે છે. અરે! શું? સાધારણ માણસ છે. ડોકમાં હાર હોય ગૃહસ્થ. કે જેની જાનમાં અમે આવ્યા એની કન્યા પાછી ન ફરે. એની કન્યા પાછી ન ફરે. એ બરાબર લગન કરીને જ જશે. સમજાણું કાંઈ? એ કન્યાના પિતા કાંઈ માગે. માગે કહે છેને? માગે તો ગૃહસ્થ જન હોય સાથે. પાંચ હજારનો હાર દઈ દે લઈ જાઓ. પણ અમે જેની સાથે છીએ એનો દીકરો કુંવારો ફરે નહિ. અમારી આબરૂ છે. અમે સાથે આવ્યા છીએ. કોની આબરૂ છે?

સંસારીમાં પણ છે. સાધારણ માણસની વાણિયાની જાનમાં જે રજપુત હોય છેને ગરાસિયા હોય છેને ગરાસિયા. તો કોઈ લૂંટવા આવ્યા હોય તો ગરાસિયા કહે કોણ છે લૂંટનાર? અમે વાણિયા નથી, અમે ગરાસિયા છીએ. પહેલી અમારી જાન જાશે પછી તમારી જાન લૂંટાશે. નહિ લૂંટાવા દઈએ. અમે વાણિયા નથી. અમે ગરાસિયા સાથે લાવ્યા છીએ.

એમ ભગવાન શિષ્યની જેવી આત્માને પરમાત્મામાં મેળવવાની જિજ્ઞાસા થઈ એ સિદ્ધોને ઉતારે છે, હે નાથ! અમારી મુક્તિના લગ્ન છે અમારામાં. અમે સિદ્ધોને ઉતારીએ છીએ અમારા લગન ન ફરે. સોભાગ્યચંદજી! સમજાણું? હે નાથ! હે પરમાત્મા! અનંત સિદ્ધો, અનંત કેવળજ્ઞાની પરમાત્મા, અલ્પજ્ઞ અને રાગ-દ્વેષનો આપે નાશ કર્યો છે. અમે જાણીએ છીએ કે તમે સિદ્ધ છો. તમે મહાન સંત આત્મા, પરમાત્મા એને અમારી પર્યાયના આંગણે અમે બોલાવીએ છીએ. અમે જાણીએ છીએ કે તમે પૂર્ણ મહાત્મા છો. મહંત નામ પૂર્ણ આત્માની પર્યાય પ્રગટી છે. અમે અલ્પજ્ઞ છીએ પણ અમારા આત્માની રુચિની દૃષ્ટિમાં અમારું સગપણ થયું છે. અને અમારી કેવળજ્ઞાન લક્ષ્મી લેવાની તૈયારી અમારા લગન થયા છે. તો અમે સિદ્ધને બોલાવીએ છીએ કે પ્રભુ તમે અમારી જાનમાં આવો અમારું કેવળજ્ઞાન ન ફરે. સમજાણું કાંઈ? અમારું કેવળજ્ઞાન ન ફરે. અમે જે દૃષ્ટિથી નીકળ્યા છીએ એ નીકળ્યાથી પૂર્ણ થઈ જઈશું. અમને વિઘ્ન નહિ પડે. ગૃહસ્થમાં પણ દીકરા કે દીકરી પરાણ્યા વિના, કન્યા વિના જાતા નથી. ગૃહસ્થ સાથે હોય, કરોડપતિ સાથે હોય. જેઠાભાઈ! જાય? ઓલો કરોડપતિ કહે કે હું જેની જાનમાં આવ્યો છું. શું? પાંચ હજાર, દસ હજાર લે પણ એનો દીકરો પાછો ન ફરે. અમારો દીકરો છે. અમે કોની જાનમાં આવ્યા છીએ?

ભગવાન સિદ્ધને એ માન રાખીને કહે છે. આ પોતાના માનીને કહે છે. હે નાથ! અમે સિદ્ધ સમાન સ્વરૂપી ચિદાનંદ આત્મા, અમે વ્યવહારનયનો નિષેધ કરીને સ્વરૂપની પ્રતીત કરી છે. અને અમે સિદ્ધને અંદરમાં બોલાવ્યા છે. પ્રભુ! વચ્ચે કેવળજ્ઞાન વચ્ચે વિઘ્ન ન હોય. હવે કેવળજ્ઞાન ઘૂંટતા-ઘૂંટતા લેવું છે. અમારે તમારી સાથે આવવું છે. અમારી સાથે અમારી જાનમાં તમને લગનમાં લાવ્યા છીએ. અમારી કેવળજ્ઞાન પર્યાય ફરે નહિ. પંડિતજી! સમજાણું? એ દાખલો ઘણીવાર અમે દઈએ છીએ. એ સંયમવર નથી થતા? શાસ્ત્રમાં આવે છેને સંયમવર? સંયમવર નથી આવતું? એ ભાઈ આપણે જયસેનાચાર્યમાં પણ લીધું છે. જયસેનાચાર્યમાં લીધું છે કે મુનિ દીક્ષા લે છે એ સંયમવર કરે છે. સંયમ-કેવળજ્ઞાનની લક્ષ્મીને વરવા સયંમવર દીક્ષા લે છે. સંયમવર દીક્ષા લે છે. દીક્ષા-ચારિત્ર. તો હે નાથ! ચારિત્ર પહેલા જે સમ્યગ્દર્શન છે એ સમ્યગ્દર્શનમાં વ્યવહારનો નિષેધ છે એ અમે સમજીએ છીએ. અને અમારું સ્વરૂપ અંદર જ્ઞાનાનંદ છે એનો જ અમને આદર છે. એમાં સિદ્ધને બોલાવીને અમે એ નિશ્ચય કર્યો છે. તો સિદ્ધની દશા જેમ તમારી અપ્રતિહત ફરે નહિ, અમારી પણ કેવળજ્ઞાન લેતા પહેલા ફરે નહિ. કેવળજ્ઞાન પછી ફરતી નથી. અપ્રતિહત ભાવને પોકાર કરે

છે કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય. જેમ અમે સમ્યગ્દર્શનથી મુનિ થયા. સ્વર્ગમાં જઈશું. પંચમ કાળમાં છે અમે જાણીએ છીએ, પણ પછી ત્યાંથી મુક્તિ કેવળજ્ઞાન લેવાનો કોલ કરાર કરીએ છીએ. અમારી કેવળજ્ઞાનની લક્ષ્મી ફરે નહિ. સમજાય છે? એ કેવળજ્ઞાન ક્યાંથી આવે છે એનું ભાન છે. જુઓ કહે છે, પોકાર કરે છે.

'**व्यवहारनय बधोय अभूतार्थ होवाथी...**' નાથ! સિદ્ધને બોલાવીને અમે હવે એ પ્રરૂપણા કરીએ છીએ. વ્યવહારનય બધોય અભૂતાર્થ છે. અહો! ભગવાન! તારી વર્તમાન પર્યાયમાં જે સિદ્ધ પંચપરમેષ્ઠીના આદરનો વિકલ્પ ઉઠે છે અને ગુણગુણીનો ભેદ પણ આવે છે. ભગવાન! અમે અભૂતાર્થ માનીએ છીએ. અભૂતાર્થ નામ એ કાયમની ચીજ નથી, એ મોજુદગીની ચીજ નથી. તો વ્યવહારનય અભૂતાર્થ હોવાથી, અ નામ નહિ છતાં પદાર્થ મોજુદગીની ચીજ નથી. પર્યાય પૂરતી તો મોજુદગી છે હોં. એ તો અભેદમાં મોજુદગી નથી. અખંડ દ્રવ્યની દૃષ્ટિ કરવામાં એ અભૂતાર્થ છે. એ કારણે 'નહિ' કહ્યું. એકાંત બીજા માને એવું અભૂતાર્થ નથી. એ સ્વભાવની દૃષ્ટિ કરીને અભેદનો આશ્રય લેવાનું કહે છે. નાથ! વ્યવહારનય બધોય અભૂતાર્થ છે.

તેથી '**अविद्यमान,...**' નહિ. અવિદ્યમાન જુઓ, આત્મામાં અનંત ગુણ તો છે, પણ ગુણગુણીનો ભેદ કરવો એ અવિદ્યમાન અર્થને પ્રગટ કરે છે કહે છે. અવિદ્યમાન સમજ્યા? નથી એને પ્રગટ કરે છે. વ્યવહારનય નથી એને પ્રગટ કરે છે. આત્મામાં સંસાર છે જ નહિ. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સિદ્ધસ્વરૂપી હું. પ્રભુ! મારા સ્વરૂપમાં સંસાર નથી. એ સંસાર સ્વરૂપમાં અવિદ્યમાન છે, અભૂતાર્થ છે, અસત્ય છે, વ્યવહારનય એને પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? સંસાર મારામાં નથી. ઓહો..! એ વ્યવહારનય સંસારને પ્રગટ કરે છે કે તારી પર્યાયમાં સંસાર છે. તો અમે કહીએ છીએ કે અભેદદૃષ્ટિમાં વ્યવહાર અભૂતાર્થ છે. નથી, સંસાર નથી. અને સંસારને વિષય કરનારું નય એનો વિષય નથી. વ્યવહારનય અવિદ્યમાન અર્થને પ્રગટ કરે છે. પ્રભુ! મારી શક્તિમાં સંસાર નથી, પણ વ્યવહારનય પર્યાયમાં સંસાર છે એમ કહે છે એ અવસ્તુ છે, અવસ્તુ છે. મારી વસ્તુમાં સંસાર નથી. સમજાણું કાંઈ?

આ સમ્યગ્દર્શનનો વિષય શું એ ચાલે છે. તો સમ્યગ્દર્શનનો વિષય વ્યવહારનય છે જ નહિ. સમજાણું? સમ્યગ્દર્શનનો વિષય તો અભેદ જ્ઞાયક ચિદાનંદ એકસ્વરૂપી આત્મા છે. તો પરની દયા પાળવી, વ્રત પાળવા, આમ કરવું એ યથા કાળે જ્ઞાનીને પણ શુભભાવ યથાકાળ કહે છે એમાં મર્મ છે. યથાકાળે. જે જે કાળમાં જે શુભ થાય છે એ થશે જ. સમજાણું? અને એ પ્રકારના રાગનું લક્ષ પણ પર ઉપર જશે. પણ અભૂતાર્થ છે. વ્યવહારનયનો વિષય અને વ્યવહારનય બેય અ-નહિ, છતો પદાર્થ નથી, મોજુદગીની ચીજ જ નથી. માટે '**अविद्यमान,...**' પ્રભુ! મારા સ્વરૂપમાં સંસાર જ નથી. વ્યવહારનય સંસાર છે પર્યાયમાં એમ કહે છે. સ્વરૂપમાં નથી. સ્વરૂપમાં નથી. અસત્ય છે. મારા સ્વરૂપમાં સંસાર જ નથી.

લ્યો! એ ઉદયભાવ લીધોને જીવનું સ્વતત્ત્વ? તત્ત્વાર્થ સૂત્રના બીજા અધ્યાયમાં પાંચ બોલ લીધા છેને. ઉદય પરિણામી જીવ સ્વતત્ત્વ. જીવનું સત્ત્વ અહીં ના પાડે છે.

ભગવાન ઉમાસ્વામીએ કહ્યું કે આત્માની પર્યાયમાં ઉદયભાવ આવ્યોને? કેટલા બોલ છે ઉદયભાવના? ૨૧. આ તો ઉદયભાવના ૨૧ બોલ છેને. ૨૧ એ ઉદયના ૨૧ બોલ છે એ મારા સ્વરૂપમાં છે જ નહિ. કેમકે ૨૧ બોલ વ્યવહારનય બતાવે છે. અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની પર્યાયને પણ વ્યવહારનય બતાવે છે. ભાઈ! ઓહો..! અહીં તો પાંચ ભાવ જે છે એમાં એક પારિણામિકભાવને જ સમ્યગ્દર્શન વિષય કરે છે. એ ચાર ભાવ છે—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ આત્મા ત્રિકાળમાં નથી. વ્યવહારનય એને કહે છે કે છે. એ એની પર્યાયમાં છે, મારા ત્રિકાળ સ્વરૂપમાં તો નથી. શું સમજાય છે કાંઈ? ચાર ભાવને ઉડાવી દીધા. ભાઈ! ચાર ભાવ નથી. વ્યવહારનયનો વિષય ચાર ભાવ છે. નિશ્ચયનો વિષય એ પારિણામિકભાવ છે. એકરૂપ જ્ઞાયક પરમસ્વભાવભાવ. એ પારિણામિક.

અહીંયાં કહે છે કે '**વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી...**' કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ આનંદ ચતુષ્ટય એ વ્યવહારનયનો વિષય છે, સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. કેમકે આત્મા અભેદ ત્રિકાળી એકરૂપ અનાદિ-અનંત એમાં કેવળજ્ઞાન સાદિ-અનંત થયું, ભેદ પડ્યો, તો ભેદ વિષય વ્યવહારનયનો છે. તો વ્યવહારનય બધોય અભૂતાર્થ છે. કેમકે એ અવિદ્યમાન મારા સ્વભાવમાં નથી એવો ભેદભંગ. અસત્ય મારા સ્વરૂમાં એવો ભેદભંગ. કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. રાગ પણ નથી. સમજાણું? ગુણગુણીનો ભેદ પણ નથી. એક સમયની પર્યાય ત્રિકાળમાં ભેદ પડે છે એ વર્તમાન અમે કહીએ છીએ અમારી અભેદ દૃષ્ટિ કરવા. અભેદમાં ભેદ અસત્ય છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર તો ખોટા? ભાઈ! એમ થયું કે નહિ? શું થયું? હિંમતભાઈ! મારી અપેક્ષાએ દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટા છે. આ ભારે કઠણ! ભોગીભાઈ! અસત્ય કહો કે ખોટા કહો. મારી અપેક્ષાએ નાથ! મારી પર્યાયમાં જે વ્યવહાર બતાવે છે, હું કહું છું કે અસત્ય છે. તો દેવ-ગુરુ શું મારી અપેક્ષાએ લોકાલોક ખોટા છે. લોકાલોક છે જ નહિ. કેમકે મારી વસ્તુ અભેદમાં એ ચીજને સ્પર્શી નથી. લોકાલોક અનંત પદાર્થનો મારી ચીજમાં સ્પર્શ જ નથી. એ તો નથી. એ તો નથી, પણ મારામાં અશુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે સંસાર. તો ઉપશમ, ક્ષાયિકની પર્યાય, એક સમયની પર્યાય એ ત્રિકાળનો વિષય છોડીને ભેદ વિષય જે વ્યવહારનય કરાવે છે એ વ્યવહારનય અભૂતાર્થ અર્થને પ્રગટ કરે છે. ઓહો..! સમજાણું કાંઈ? રાજારામજી!

વ્યવહારનય પ્રભુ અભૂતાર્થ છે. નહિ છતો પદાર્થ એ નથી. એકાંત નહિ, એ તો સમ્યગ્દર્શનના વિષયની અપેક્ષાએ નથી એમ કહે છે. પર્યાયમાં ન હોય, રાગ ન હોય, ભેદ ન હોય, ન હોય એનો નિષેધ શું? ન હોય એનો નિષધ કેવો? હોય એનો નિષેધ થાય છે, પણ દૃષ્ટિનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય, શુદ્ધનયનો વિષય, અખંડ જ્ઞાયક દ્રવ્યસ્વભાવ છે. કેમકે

દ્રવ્યસ્વભાવમાંથી સમ્યગ્દર્શન પર્યાય પ્રગટે છે. તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં એ ભેદ દેખાતો જ નથી. ભેદ નથી દેખાતો તો ભેદ છે જ નહિ. ભેદમાં ભેદ છે, પણ અભેદમાં ભેદ નથી. એ અપેક્ષાએ કહે છે, ભગવાન! વ્યવહારનય તો એવો છે કે અવિદ્યમાન, અસત્ય અભૂત અર્થને, અભૂત અર્થને, નથી એવા અર્થને પ્રગટ કરીને દેખાડે છે. લ્યો! મારા સ્વરૂપમાં નથી, એમ. તું સંસારી છો, તું રાગી છો, તારામાં ગુણભેદ છે. પ્રભુ! હું તો અભેદ છું દૃષ્ટિના વિષયમાં, એમાં વ્યવહારનય ભેદ પાડીને દેખાડે છે, જૂઠો છે. સમજાણું કાંઈ? જૂઠાનો અર્થ કાંઈ વ્યવહારનયનો વિષય જગતમાં છે જ નહિ અને વ્યવહાર છે નહિ તો તો એકાંત થઈ જશે. એમ નથી. પણ એ પોતાની દૃષ્ટિનો શુદ્ધનયનો વિષય કરવા, અંતર્મુખ દૃષ્ટિ કરવા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા, વ્યવહારનું લક્ષ છોડાવવા, ભેદના ભાસ લક્ષમાંથી છૂટવા માટે કહે છે કે વ્યવહારનય અભૂત-અર્થને પ્રગટ કરે છે. પંડિતજી!

શ્રોતા :- ચોખ્ખી વાત છે.

ઉત્તર :- ચોખ્ખી વાત. એમાં કાંઈ ફેરફાર નથી. એ તો જે નીકળે છે એ નીકળે છે રજીસ્ટર થઈને. સમજાણું? વાત તો એવી છે, પણ જરી શાંતિથી એને સાંભળવી જોઈએ. એ શાસ્ત્ર પણ કહે છે, વસ્તુ પણ એવી છે, પણ લોકો અત્યારે એવા ઝઘડામાં પડ્યા છે. પહેલા તો હજી નિમિત્ત-નૈમિત્તિકના ઝઘડામાં પડ્યા છે બહુ. એની તો અહીં વાત જ નથી. શું નિમિત્તથી થાય છે અને એવું નિમિત્ત આવ્યું તો આમ થશે અને આવું નિમિત્ત આવ્યું તો નહિ થાય, એ તો મોટી મિથ્યાત્વ તીવ્ર દૃષ્ટિનો વિષય છે. એની તો વાત જ નથી અહીંયાં. તને સમ્યગ્દર્શન ચારિત્ર મોક્ષમાર્ગ જો જોઈતું હોય તો અમે કહીએ છીએ કે વ્યવહાર... જુઓ, શેનો અર્થ ચાલે છે? '**ववहारोऽभूदत्थो**' પહેલું પદ છેને? '**ववहारोऽभूदत्थो**' એ એક પદનો અર્થ ચાલે છે. સવારે ચાલ્યુંને જેમ '**वंदित्तु सव्व सिद्धे**' એવા એક પદનો અર્થ ચાલે છે. '**ववहारोऽभूदत्थो**' ભગવાન કુંદકુંદાચાર્યદેવ એ કહે છે. વિકલ્પ ઉઠ્યો છે એ જાણે છે. વિકલ્પ ઉઠ્યો છે કે અભૂતાર્થ છે, અભૂતાર્થ છે. .. મુનિ છેને? શાસ્ત્ર રચનામાં નિમિત્ત થાય છેને? અભૂતાર્થ છે, અભૂતાર્થ છે. એ નથી... એ નથી.. નથી એ તો કહેવામાત્ર છે હોં! એ સ્વભાવસન્મુખ દૃષ્ટિના અભેદમાં એ હેયપણું સહજ આવી જાય છે.

પહેલી વસ્તુને જાણવી જોઈએ, સમજવી જોઈએ, એને ખ્યાલમાં લેવી જોઈએ કે શું કહે છે સત્ય વસ્તુ? વસ્તુની સત્યની મર્યાદા શું છે? અહીં તો કહે છે કે સંસાર વ્યવહારનય બતાવે છે એ વસ્તુની મર્યાદા જ નથી. એમ આવ્યુંને? વસ્તુ એટલે ત્રિકાળ. અત્યારે તો ધ્રુવ લેવું છેને ધ્રુવ? શુદ્ધનયનો વિષય એ સમ્યગ્દર્શનનો વિષય છે તો એ અપેક્ષાએ સંસાર વસ્તુની મર્યાદામાં છે નહિ. પહેલે જ ધડાકે. શું કહે છે પહેલે ધડાકે તમારે હિન્દીમાં? શરૂઆતમાં, પ્રારંભમાં, શરૂઆતમાં. અમે રોકાઈ જઈએ છીએ હિન્દી ભાષામાં. પહેલા શરૂઆતમાં હા-ના નહિ. બીજી વાત નહિ. પહેલા આ લાવો કે વ્યવહાર બધો જૂઠો છે. કેમ? કે એને

આશ્રયે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર કદી ત્રણકાળમાં થયું નથી, થતું નથી, થશે નહિ. થયું નથી, થશે નહિ, થતું નથી ત્રણકાળમાં. જે જે સમ્યગ્દૃષ્ટિ જીવ થયા એણે વ્યવહારને અભૂતાર્થ માનીને નહિ... અસત્યને પ્રગટ કરી છે એ ભેદને, રાગને, વિકલ્પને, અશુદ્ધતાને અસત્ય-અભૂતાર્થ-નથી, એટલે અવિદ્યમાન-અસત્ય પાઠમાં છેને જુઓ, '**व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति,**' અછતા પદાર્થને, અમોજુદગીને એ '**प्रद्योत**' એટલે પ્રકાશે છે. નથી એને પ્રકાશે છે.

'**शुद्धनय..**' હવે બીજું સૂત્ર આવ્યું. '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' બીજું પદ. સમજાણું કાંઈ? શું ચાલે છે? કોઈ ધર્મની વાત ચાલે છે કે નહિ? શું કરવું એ તો આવે છેને એમાં? આમ કરવું, આમ કરવું, આવ્યું કે નહિ કાંઈ? એ સિદ્ધચક્ર વિધાન કરવું, મોટા લાખ રૂપિયાનું કેવું? માનસ્તંભ ૬૩ ફૂટનું. એ કરવું એ વ્યવહારનય છે કે નહિ? ભગવાન! એને વ્યવહારનય નથી કહેતા. એ તો જડની પર્યાયનું પરાવર્તનનો ચક્રકાળ હોય તો બને છે. કોઈ બનાવનાર ત્રણકાળમાં એનો કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું? સોભાગ્યચંદજી! આ તો કોઈ પરની દયા પાળવી, પરને ધર્મ સમજાવવો ઉપદેશ દ્વારા અને પરની કૃપાથી કલ્યાણ થઈ જશે. ભગવાન! એવો તું પામર નથી. એવો તું પામર નથી. તારી પ્રભુતામાં પામરતા નથી અને પામરતાના આશ્રયે પ્રભુતા પ્રગટતી નથી. તારી પ્રભુતામાં પામરતા નથી અને પામરતા પર્યાયમાં છે, પામરતાના આશ્રયે પામરતાનો નાશ નથી થતો અને પામરતાને આશ્રયે પ્રભુતા પ્રગટતી નથી. સમજાય છે કાંઈ? ભોગીભાઈ! દેવ-ગુરુ તો ક્યાંય વયા ગયા હોં મારા દેવ-ગુરુ-શાસ્ત્ર.

શ્રોતા :- ધીરે ધીરે પર્યાય જ નક્કી કરે છે...

ઉત્તર :-પર્યાય નક્કી કરે છે પર્યાય, પણ પર્યાય દ્રવ્યને ભાળતા, પર્યાય ભેદને ભાળતી નથી. નક્કી તો પર્યાય કરે છે, પણ પર્યાય ભેદને ભાળતી નથી. એ પર્યાય અભેદને ભાળે તેને સમ્યગ્દર્શન થાય છે. નક્કી તો પર્યાયમાં કરવું છેને. કાંઈ દ્રવ્યમાં નક્કી કરવું છે? દ્રવ્ય તો સામાન્ય એકરૂપ ધ્રુવ છે. સમ્યગ્દર્શન એ પણ પર્યાય છે. પર્યાય નક્કી કરવી એ પર્યાયમાં છે, પણ એ સમ્યગ્દર્શન શુદ્ધનયનો વિષય પર્યાયનય. વિષય અભેદ એકરૂપ છે. પંડિતજી સમજાય છે? જુઓ, આ ભગવાન સિદ્ધના મંડપ નાખ્યા છે આ. આ સિદ્ધ ભગવાન .. જેણે સિદ્ધની અભિલાષા હોય એણે એ નિર્ણય કરવો જોઈએ. એ નિર્ણય કર્યા વિના ગમે તે હોય, હોય, એને યથાર્થ આવે. રાગ પણ થાય, શુભ પણ થાય છે. જ્ઞાનીને એવો અશુભભાવ પણ ચોથે, પાંચમે ગુણસ્થાને આર્તધ્યાન, રૌદ્રધ્યાન પણ આવે તો છે. છઠ્ઠે ગુણસ્થાને પણ આર્તધ્યાન પણ થાય છે. યથાકાળ જ્યારે જે જે ચારિત્ર ગુણની પર્યાયમાં એવા વિપરીત કાળનું પરિણમન પોતાને કારણે થાય તો થાય તો છે. અભૂતાર્થ નહિ... નહિ... નહિ... દૃષ્ટિ સ્વીકારતી નથી. સમજાણું કાંઈ? એ સ્વીકારતી નથી.

સમ્યગ્દર્શન જે શુદ્ધનય છે એ અભેદને સ્વીકારે છે, ભેદને સ્વીકારતી નથી. ભેદને જાણે

છે. અભેદને સ્વીકારેલું જ્ઞાન વર્તમાનને જાણે એને વ્યવહારનય કહે છે. એ બે થઈને પ્રમાણજ્ઞાન થાય છે. પણ પહેલા નિશ્ચય જ્યારે ન હોય ત્યારે વ્યવહારનું યથાર્થ જ્ઞાન થતું જ નથી. નિશ્ચયના જ્ઞાન વિના વ્યવહારનું જ્ઞાન નહિ અને વ્યવહારના જ્ઞાનની સંધિ વિના પ્રમાણજ્ઞાન નથી. પણ પહેલા તો કહે છે કે ભગવાન વ્યવહારનય અભૂતાર્થ કહે છે. ત્રિલોકનાથ પરમાત્મા વ્યવહારનયનો વિષય એનું લક્ષ જ્યાં જાય છે ભેદમાં, રાગમાં, પુણ્યમાં, ક્રિયામાં. પોતાની ક્રિયા હોં! જડની ક્રિયા નહિ. અહીં જડની ક્રિયામાં નય લીધી જ નથી. જડની ક્રિયાનો નય લીધો જ નથી. પોતાના ગુણ '**तद्गुण संविज्ञानं नय**' પંચાધ્યાયકાર એમાંથી બધું કાઢ્યું છે એ બાર ગાથા. તદ્ગુણ સમ વિજ્ઞાનં નય. પોતામાં ગુણગુણીનો ભેદ હોય, પર્યાય વિકાર હોય એને જાણવું એનું નામ નય વ્યવહાર છે. કર્મથી આત્મામાં વિકાર થાય છે અને આત્મા વિકાર કરે છે તો કર્મ આવે છે એ તો નય જ નથી, એ તો નયાભાસ છે. બ્રહ્મચારીજી! એને તો નય જ નથી. કે કુંભાર ઘડો કરે છે. એ નય જ નથી, નયાભાસ છે શું કરે છે?

પદાર્થ પોતાની પરિણતિથી ક્રમબદ્ધ કાર્ય કરે છે એમાં કુંભારને ક્યાં નાખ્યો? શું ગુણનું કોઈ સંક્રમણ થયું પરમાં? એમ પોતાની પર્યાયમાં પોતાથી વિકાર થયો. શું કર્મના વિપાકનો કોઈ અંશ આવ્યો અને વિપાક આવ્યો તો વિકાર થયો? ત્રણકાળમાં નથી. એ વાત તો અહીંયાં છે જ નહિ કે કર્મનો વિપાક આવ્યો તો પોતાને વિકાર થયો. એ તો નય જ નથી. પોતાની દ્રવ્યની પર્યાય પોતાને કારણે પરિણમે છે. એમાં નિમિત્ત છે એવું જ્ઞાન થાય છે. પણ પોતે સ્વતંત્ર ચારિત્રગુણ પોતાનો ગુણ છે. એ પોતાની વિપરીત પરિણતિની પર્યાય. ગુણ છે એની પર્યાય વિના ગુણ થાય છે? તો અશુદ્ધતા એ ચારિત્રગુણની વર્તમાન પર્યાય છે. એ પર્યાય બીજાથી થાય તો તારી પર્યાય કહી. ચારિત્ર ગુણની પોતાની પર્યાય છે વિકાર એ વિકાર કર્મથી છે એ વાત તો છે જ નહિ, પણ પોતાની પર્યાયમાં વિકાર છે એ વિકાર દૃષ્ટિનો વિષય નથી, એ વ્યવહારનયનો વિષય છે. તો વ્યવહાર કહે છે કે અભૂતાર્થને પ્રગટ કરે છે. સ્વરૂપમાં નથી. એમ કહે છે કે અશુદ્ધ તારામાં છે. તારામાં અશુદ્ધતા છે. તારી પર્યાયમાં વિકાર એ વ્યવહારનયને પ્રગટ કરે છે, અભૂત અર્થને પ્રગટ કરે છે. માટે આદરણીય નથી. માટે આશ્રય કરવાલાયક નથી. સમજાય છે કાંઈ?

ભાઈ! આ હિન્દી ભાષામાં અમારે ગુજરાતી માણસોને કાંઈ સમજાતું હશે કે નહિ હવે? થોડી થોડી હિન્દી થઈ ગઈ. હવે હિન્દીવાળા ગુજરાતી ન સમજે. કેટલીક બહેનો-દીકરીઓ કહે ભાઈ અમે સમજતા નથી. ભાઈ! હવે આ હિન્દી ભાષા થવા માંડી રાજ ભાષા એટલે સમજવી પડશે. આ પરદેશી લોકો આવે કોક તો એને કાંઈક સમજવું તો પડે કે નહિ? આપણે ત્યાં ગુજરાતી બહુ ચાલ્યું છે. કેમ મહેન્દ્રભાઈ! ગુજરાતીમાં જે મર્મથી ચાલતું હોય એટલું પ્રગટ નથી આવતું. કેમકે હિન્દીમાં રોકાઈ જઈએ છીએ. એ તો બરાબર અમને ખ્યાલમાં છે. પણ ગુજરાતી ચાલતું હોય એમાં જે ગાથાનો અર્થ સ્પષ્ટ પ્રગટ મર્મસહિત બહુ આવે

છે, એટલું હિન્દીમાં નથી આવતું. સમજાય છે કાંઈ? શું? જસકરણજી! સમજો છો? અલૌકિક ચીજ છે. એમાંથી જસ નીકળે છે. એમાં જસ છે. બહારમાં જસ નામ પાડ્યું તમારા પિતાએ એ નહિ. જસ. એ શાસ્ત્રમાં એમ છે હોં. શ્વેતાંબરમાં એમ આવ્યું છે કે જસ કોને કહે છે? જસ. પોતાના સ્વરૂપની શ્લાઘા કરવી એનું નામ જસ છે. પોતાના અનંત જ્ઞાનાનંદની શ્લાઘા -શ્લાઘા, પ્રશંસા-પ્રશંસા, અનુમોદન, સંમત કરવું એનું નામ જસ છે. બીજાને અમે જસ કહેતા નથી. જસ, કીર્તિ, પ્રકૃતિ એનું પરિણામ બહાર એમાં શું છે? પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ અનંતગુણનો પિંડ એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એનું નામ જ જસ છે. એનું નામ સમ્યક્ થયુંને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યુંને? તો સમ્યક્ કોઈ પ્રશંસાવાચક છે. સમ્યક્ પ્રશંસાવાચક. પ્રશંસાવાચક કહો કે જસવાચક કહો. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એ દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રશંસનીય, પ્રશંસનીય, શ્લાઘનીક. ભાઈ!

આ ૬૩ શલાકા પુરુષ થયાને? ૬૩ શલાકા પુરુષ નથી થયા? શલાકા પુરુષ નથી કહેતા? કોને કહે છે શલાકા પુરુષ? આ ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ બળદેવ, નવ વાસુદેવ અને નવ પ્રતિવાસુદેવ. ૬૩ શલાકા પુરુષ છે. તો અમારે ૬૩ ફૂટનો માનસ્તંભ થયો છે. જુઓને કાંઈક હશે કે નહિ મર્મ એમાં કાંઈ? કુદરતે કરાવ્યો હશે. કોણ કરતું હતું. ૬૨ ફૂટનો હતો. વળી એક જણો આવીને કહે ૬૩નો નાખો. આવ્યો ૬૩નો. ભાઈ! સમજાય છે કાંઈ? પહેલા વળી ભાઈ કહે ૬૨ ફૂટ કરો નાનાલાલભાઈ કહે. વળી એક વૈદ્ય આવ્યો કહે ભાઈ ૬૨ કરતા બે આંકડા આમ સરખા જોઈએ. છગડો આમ અને તગડો આમ. છ અને ત્રણ. એ કિપાશંકરભાઈ કહે. એમ ૬૨ ૩૬ ઉંધા છેને ૬૩. તો ૬૩ શલાકા અમારા શેઠિયાએ કહ્યું કે ૬૩ શલાકા પુરુષ આવી ગયા એમાં. એ શલાકાપુરુષ છેને શલાકા? છાપ મહોર મારેલી કે મોક્ષગામી ૬૩. ૬૩ ફૂટનો છે. છે ક્યાં હિન્દુસ્તાનમાં છે? જુઓ, કોઈ ૫૨ છે કે ૮૨ છે અને ફલાણું. આ ૬૩નો થયો. શેઠજી!

એવો આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ જે પરિપૂર્ણ છે આ એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ જ શ્લાઘનીય છે, એ પ્રશંસનીય છે, એ જસનીય છે, એ કીર્તિ કરનારા છે. તો કહે છે કે વ્યવહારનય અકીર્તિ કરનાર છે. વ્યવહારનય અભૂતાર્થ છે, પ્રશંસિક નથી. કે પ્રશંસનીય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમ્યક્ છેને? પંડિતજી! સમ્યક્ છેને? સમ્યક્ પ્રશંસા વાચક છેને? બે અર્થ છે એમાં-ટીકામાં. પ્રશંસાવાચક પણ કહ્યું છે અને સમ્યક્નો અર્થ તત્ત્વ પણ કર્યો છે ટીકામાં. સમ્યગ્દર્શન કહો કે પ્રશંસદર્શન કહો કે તત્ત્વદર્શન કહો. સમ્યક્નો અર્થ તત્ત્વ પણ લીધો છે સંસ્કૃત ટીકામાં. તત્ત્વદર્શન, ભાવદર્શન, વસ્તુનો સ્વભાવ ભાવદર્શન, ભાવજ્ઞાન અને ભાવચારિત્ર, એ વ્યવહાર નથી કહી શકતા. વ્યવહારનયનો એ વિષય છે નહિ. વ્યવહારનય તો વર્તમાનમાં રાગ, પુણ્ય, ભેદ, દયા, પંચમહાવ્રતને. સોભાગ્યચંદજી! એ પંચમહાવ્રત પાળે છેને? પંચમહાવ્રત તમારા મુનિ કહેતા હતા કે પંચમહાવ્રત પાળવા એ.. પણ શું પાંચ મહાવ્રત

હજી! પંચમહાવ્રત એ આસ્રવ છે. એ અધ્યાત્મ દૃષ્ટિનો વિષય નથી. પંચમહાવ્રત હોય અને અઠ્યાવીશ મૂળગુણ જે મુનિના છે છઠ્ઠું ગુણસ્થાન, સાચા સંત હતા. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ભાવલિંગી સંત ઝૂલે છે. એને અઠ્યાવીશ મૂળગુણ એ ભૂમિકામાં સહજ આવી જાય છે. અવસ્ત્ર, એકવાર ભોજન, ઉભા-ઉભા ભોજન. એવી જડની ક્રિયા તો જડને કારણે સહજ થાય છે, પણ વિકલ્પ એ ભૂમિકામાં સહજ આવી જાય છે, પણ એ બધો વ્યવહારનયનો વિષય અભૂતાર્થ છે. જ્ઞાની સમજે છે એ જ આવે છે, બીજો આવતો નથી. છઠ્ઠે ગુણસ્થાને વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ કદી હોય નહિ. આવે તો મુનિપણું માને અને વસ્ત્ર-પાત્રસહિત તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. એને તો વ્યવહારનય અને નિશ્ચયનય બેય નય નથી રહેતી.

અહીં તો કહે છે કે ભગવાન! તારી પર્યાયની ભૂમિકાને યોગ્ય. ચોથે ગુણસ્થાને જે રાગાદિ, નિઃશંક આદિ આઠ આચાર આવે છેને સમકિતીના? વિકલ્પ આઠ, પાંચમા ગુણસ્થાને બાર વ્રત આદિનો વિકલ્પ, છઠ્ઠે ગુણસ્થાને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ જે આવે છે એ બધો અભૂતાર્થ, એ વ્યવહારનય એને પ્રગટ કરે છે, નિશ્ચયનય નિષેધ કરે છે. નિશ્ચયનય (કહે કે) મારામાં છે જ નહિ. ઓહો..હો..! આ તો હજી એને પાળવાથી ધર્મ થાય. અઠ્યાવીશ મૂળગુણ પાળો અને એવા વ્રત પાળો અને આમ કરો. શું કરે વસ્તુની સ્થિતિ સમજ્યા વિના? કહે છે કે વ્યવહારનય અભૂત અર્થને પ્રગટ કરે છે. છઠ્ઠા ગુણસ્થાનમાં એવા અઠ્યાવીશ મૂળગુણ એ અભૂત અર્થને પ્રગટ કરે છે. ભાઈ! એમ થયુંને? વ્યવહારનયે એમ કહ્યું કે નહિ અઠ્યાવીશ મૂળગુણ; નહિ, નિશ્ચય ના પાડે. નિશ્ચય (કહે કે) મારો વિષય તો અભેદ જ છે. એ છઠ્ઠે પણ વિષય તો અભેદ જ છે શુદ્ધનયનો વિષય. એ ભેદ પડે છે. જાણે છે, પણ એ વ્યવહારનયનો વિષય એ વસ્તુમાં નથી એને પ્રગટ કરે છે કે મુનિને અઠ્યાવીશ મૂળગુણ છે. પાંચ સમિતિ છેને આસ્રવની? આસ્રવની હોં એ તત્ત્વાર્થસૂત્રની નથી. તત્ત્વાર્થસૂત્રમાં જે સમિતિ-ગુપ્તિ એ તો સંવર છે. એ સ્વભાવના ભાનસહિતની. પણ અઠ્યાવીશ મૂળગુણમાં પાંચ સમિતિ આવે છેને પંચમહાવ્રત, પાંચ સમિતિ એ એષણાસમિતી આદિ એ આસ્રવ છે, એ તો વિકાર આસ્રવ છે. તો આસ્રવ એ વ્યવહારનયનો વિષય અભૂતાર્થ છે. નહિ... નહિ... નહિ... એ મારી દૃષ્ટિનો વિષય નથી અને સમ્યગ્દર્શન અને શુદ્ધનયનો એ વિષય નથી.

'**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...**' જુઓ, શુદ્ધનય. શુદ્ધનય કોને કહે છે? કે જે જ્ઞાન પોતાનું ત્રિકાળી એક અખંડ સ્વરૂપની દૃષ્ટિ કરે છે અભેદને. એ જ્ઞાનને શુદ્ધનય કહે છે. શુદ્ધનય એક જ, એક જ ભૂતાર્થ હોવાથી, સત્યાર્થ હોવાથી. જુઓ, '**વ્યવહારનય બધોય...**' ઓલામાં ઘણા શબ્દો મૂક્યા હતા. શુદ્ધનયમાં તો ઘણા છે નહિ. શુદ્ધનય તો એક જ છે. શુદ્ધનય તો એક જ છે. જુઓ, એક જ પ્રકાર કહે છે. પછી તો આગમની દૃષ્ટિથી વિશેષ .. શુદ્ધનય .. કારણ કે અહીંયાં તો આત્માની પર્યાયમાં વિકાર થાય છે એ અશુદ્ધનિશ્ચયથી થાય છે એ તો પોતાની સ્વતંત્રતા બતાવવા માટે. બાકી અશુદ્ધનિશ્ચય એ

જ શુદ્ધદૃષ્ટિમાં વ્યવહાર છે. સમજાણું? અહીં તો અશુદ્ધનિશ્ચય પછી નિશ્ચયનો વિષય જ નથી, ભાઈ! એક જ વિષય. શુદ્ધનય પોકાર કરે છે શુદ્ધજ્ઞાન, પોતાનું જ્ઞેય. શુદ્ધનય જે જ્ઞાનનો ભાગ, એનું જ્ઞેય, એનું ધ્યેય, એનો વિષય, એનું લક્ષ '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...**' એ શુદ્ધનય એક ભૂતાર્થને જ પ્રગટ કરે છે. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એમાં બે ભેદ પણ નથી. કહો, બીજા ગ્રંથોમાં તો આવે છે અશુદ્ધનય. શુદ્ધનય એવા ઘણા ભેદ આવે છે. એ તો સમજાવવા માટે. અધ્યાત્મદૃષ્ટિમાં પહેલા એમ નક્કી કરે પછી એ બધા છે. બધા છે કે પોતાની પર્યાય અશુદ્ધતા છે, અશુદ્ધનિશ્ચય છે. સમજાણું? નિશ્ચયના તો ઘણા પ્રકાર છે. રાતે કહ્યું હતું. ઘણા પ્રકાર છે.

અહીંયાં એક જ પ્રકાર ભેદ બધો વ્યવહારનયમાં લઈ લીધો છે. નહિતર તો જે કર્મનું નિમિત્ત છે એને વ્યવહાર કહો તો પોતાની અશુદ્ધતાને નિશ્ચય કહો, પોતાની અશુદ્ધતાને, મલિનતાને. અને મલિનતાને વ્યવહાર કહો ત્યારે નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થઈ એને નિશ્ચય કહો અને જ્યારે મોક્ષમાર્ગ પ્રગટ પર્યાય થઈ એને જ્યારે વ્યવહાર કહો, પણ એને કારણે મોક્ષ ઉત્પન્ન થતો નથી, તો શુદ્ધ ઉપાદાનને નિશ્ચય કહો. તો શુદ્ધ ઉપાદાનને શુદ્ધનય બતાવે છે. સમજાય છે? સમજાય છે કાંઈ?

'**શુદ્ધનય એક જ...**' એક જ. '**ભૂતાર્થ હોવાથી...**' ભૂતાર્થ નામ છતો વિદ્યમાન પદાર્થ હોવાથી. અહીં તો શુદ્ધનયને ભૂતાર્થ કહે છે હોં, પણ શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે. ખરેખર વ્યવહારનય તો જ્ઞાનની પર્યાય છે. શુદ્ધનય તો એ જ્ઞાનનો ઉપયોગ છે. શ્રુતજ્ઞાન પ્રમાણ ઉપયોગ છે અને નય ભંગરૂપ ભેદરૂપ ઉપયોગાત્મક જ્ઞાન છે. નય ઉપયોગાત્મક જ્ઞાન છે, શ્રુતજ્ઞાન પ્રમાણજ્ઞાન છે. એનો ભેદરૂપ ઉપયોગ જ્ઞાન છે. તો એ કહે છે કે નય તો જ્ઞાનનો વેપાર છે. પણ અહીંયાં અધ્યાત્મ છે એ શુદ્ધનય એકરૂપ વિષયને બતાવે છે. તો પદાર્થ એનો વિષય ભૂતાર્થ છે તો નયને પણ ભૂતાર્થ કહી. છે, શુદ્ધનયનો વિષય જ એક સત્ય છે. શુદ્ધનયનો વિષય સત્ય કહો કે શુદ્ધનય સત્ય કહો. કેમકે નય અને નયના વિષયમાં ભેદ પડે તો અધ્યાત્મદૃષ્ટિ નથી રહેતી. મુખ્ય દૃષ્ટિ નથી રહેતી. અધ્યાત્મની મુખ્ય દૃષ્ટિ નથી રહેતી. કેમકે ભેદ તો વ્યવહારનયનો વિષય થયો, ભાઈ! જ્ઞાન શુદ્ધનય અને એનો વિષય એવા બે ભેદ થયા તો વ્યવહારનયનો વિષય થયો. સમજાણું કાંઈ?

અહીં તો શુદ્ધનય જે જ્ઞાનનો ભાગ છે એ અખંડ અભેદને વિષય કરીને અભેદ કરે છે એને શુદ્ધનય કહ્યું છે. સમજાણું કાંઈ? સોભાગચંદજી! ભાઈ! જસકરણજી! સમજાય છે? હા, એ વાત સમજો. એવો નિર્ણય થવો જોઈએ, આખી દુનિયા ફરી જાય, પંડિત લોકો, ત્યાગી લોકો ફરી જાય તોપણ આ વાત ન ફરે. એવો નિર્ણય હોવો જોઈએ. દુનિયા આવો અર્થ કરે છે, આવો અર્થ કરે છે. અરે! કરે એના ઘરે. શું વસ્તુસ્થિતિ કોઈ તોડી નાખે છે? વસ્તુની મર્યાદા છે એનાથી કોઈ વિપરીત કહે તો વસ્તુ બીજી થઈ જાય છે? અહીંયાં કહે

છે ભગવાન કુંદકુંદાચાર્યદેવ, પ્રભુ! વ્યવહારનય, નિશ્ચયનય બેય શાસનમાં છે. શાસનમાં તો બે જ નય છે. પણ શાસન પ્રગટ થયું કોને કહે છે? કે વ્યવહારનય અસત્ય અર્થને સ્વભાવમાં પ્રગટ કરતા નથી માટે એનો આશ્રય કરવાલાયક નથી. અને શુદ્ધનય એક જ ભૂતાર્થ છતાં મોજુદગી-મોજુદગી વિદ્યમાન, ભૂતાર્થ હોવાથી. વિદ્યમાન ટકનારું તત્ત્વ સામાન્ય શુદ્ધસ્વભાવ, સત્યભૂત અર્થને પ્રગટ કરે છે. જુઓ, શુદ્ધનય અંતર્મુખનું જ્ઞાન. તારા જ્ઞાનનો જે ઉપયોગ અંતર્મુખ વળે, અંતર્મુખ વળે કહે છેને? વળે એટલે જુકે. વળે સમજ્યાને? અમારે વલણ કહે છે વલણ. વલણ થયું. જ્ઞાનમાં વળ્યો. અંતરમાં વળ્યો એ તો જ્ઞાન અને જ્ઞાનનો વિષય જે સામાન્ય ભૂતાર્થ એકરૂપ સ્વભાવ, એકરૂપ સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... નિત્ય... નિત્ય... નિત્ય... એવા અર્થને શુદ્ધનય પ્રગટ કરે છે. એવા અંતરમાં એવું સમ્યગ્જ્ઞાન કરો તો છતો પદાર્થ જ્ઞાનનો વિષય બની જાય. સમજાણું કાંઈ? ભોગીભાઈ! આકરી વાત, ભાઈ!

નક્કી કરવું છે પર્યાયમાં હોં! ગુણ-દ્રવ્યમાં નક્કી નથી થતું. કારણ કે ગુણ-દ્રવ્ય તો સામાન્ય છે. કાર્ય તો પર્યાયમાં થાય છે. કાર્ય પર્યાયમાં થાય છે અને પલટવું પર્યાયમાં છે. દ્રવ્ય-ગુણમાં પલટવું જ નથી, એ તો ધ્રુવરૂપ છે. પર્યાયદૃષ્ટિએ પલટે એ બીજી વાત છે. દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્ય-ગુણ સામાન્ય સદશ... સદશ... સદશ... એનો વિષય લીધો. તો સદશ એ શુદ્ધનયનો વિષય... નય તો પર્યાય છે. પણ એ પર્યાયનો વિષય અભૂતાર્થ છે, ત્રિકાળ એકરૂપ એ શુદ્ધનયનો વિષય છે. સમજાણું? કેમકે પાછળ બે અર્થ લીધા. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' બસ એનો અર્થ કર્યો. હવે એનું સ્પષ્ટિકરણ કરીને પછી '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।**' એનું સ્પષ્ટિકરણ દૃષ્ટાંત આપીને અમૃતચંદ્રાચાર્ય કરે છે. પછી એ ત્રીજા પદનો અર્થ કરશે. આ બે પદના અર્થ થયા. સમજાણું કાંઈ? આ બે પદમાં બધું છે. પછી દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે હવે.

કે '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે.**' સત્ય ભૂત, છતાં ભૂત વિદ્યમાન ધ્રુવ એને શુદ્ધનય પ્રગટ કરીને લક્ષમાં લે છે. વ્યવહારનય ભેદને લક્ષમાં લે છે, અશુદ્ધને લક્ષમાં લે છે એ અપેક્ષાએ એને અભૂતાર્થ કહ્યો. ગૌણ કરીને હોં. છે તો ખરા. વ્યવહારનો વિષય છે. પણ અભેદની દૃષ્ટિ કરાવવા, ભેદ વિકારને ગૌણ કરીને એને વ્યવહાર કહ્યો. વ્યવહારનો અર્થ જ સ્વરૂપમાં છે નહિ. વ્યવહારનો અર્થ જ કે સ્વરૂપમાં છે નહિ. એ રીતે કે જેમ આત્મામાં કર્મ છે જ નહિ. કારણ કે આત્મા સ્વાશ્રિત છે અને પર કર્મ છે. તો પોતાની અપેક્ષાએ તો કર્મ છે જ નહિ. પોતાની અપેક્ષાએ છે જ નહિ. તો જે ચીજ નથી એને વ્યવહાર કહે છે. પોતાની છે એને નિશ્ચય કહે છે. તો અહીંયાં તો અધ્યાત્મની દૃષ્ટિનો વિષય છે. તો કહે છે કે સંસાર છે જ નહિ. તારી પર્યાયમાં વિકાર છે જ નહિ. ઉઠાવ. શું લેવા આવ્યો છો? શું સમજવા આવ્યો છો? ધર્મ સમજવા

આવ્યો છું. તો ધર્મનું ફળ શું છે? મુક્તિ. તો મુક્તિ ક્યાંથી થશે? અને ધર્મ ક્યાંથી થશે? વ્યવહારનયથી થશે? વ્યવહાર પર્યાયથી થશે? ક્યાંથી થશે? તારો વ્યવહાર નથી. વ્યવહાર તો અલ્પજ્ઞ પર્યાય, રાગ-દ્વેષ છે. ખબર નથી અમને? તારી પર્યાય તો ચાલે છે અને ક્ષયોપશમ હોય અગિયાર અંગ અને નવ પૂર્વનો તો એમાં શું થયું? એમાં છે કોઈ સમ્યગ્દર્શન, સિદ્ધપદ એમાં છે? એક સમયની પર્યાયમાં સિદ્ધપદ છે? સિદ્ધપદ તો દ્રવ્ય શક્તિમાં છે. શક્તિરૂપ પડી છે. અંતર પરમપારિણામિકભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ. તો કહે છે કે શુદ્ધનય એ નિત્યભાવને પ્રગટ કરે છે. અંતર્મુખનું જ્ઞાન અંતર્મુખ શક્તિને પ્રસિદ્ધ કરે છે. વ્યવહારનય ભેદ અશુદ્ધને પ્રસિદ્ધ કરે છે માટે એ વસ્તુમાં છે નહિ. સમજાય છે કાંઈ?

આ વાત કોઈ એમ માને... આ વાત એટલે કઈ? એ વાત. એ વાતને કોઈ એમ માને કે એલ.એલ.બી. અને સમજ્યાને કે કોઈ એમ.એ.ની હશે. નહિ... નહિ... નહિ... એ ધર્મની શરૂઆત, ધર્મનો પ્રારંભ એ ધર્મનું પહેલું સોપાન જ એ છે. સમ્યગ્દર્શન શું? એનો વિષય શું? વ્યવહાર શું? નિમિત્ત શું? એનું પણ યથાર્થ જ્ઞાન નથી તો સમ્યગ્દર્શન ક્યાંથી લાવીશ? સમજાણું? અને સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, પડીમા, ત્યાગ, તીર્થ, ભક્તિ, પૂજા બધા મોહભજન છે. કેમકે મોહરહિત સ્વરૂપની દૃષ્ટિ તો નથી તો ક્યાંક ભજન તો કરશે એ. મોહ નામ રાગરહિત વસ્તુ ભૂતાર્થ શું છે? છતો પદાર્થ શું છે? વિદ્યમાન વસ્તુ શું છે? એક સમયમાં અનંત શક્તિનો પિંડ એકરૂપ એની પ્રતીત નથી તો ક્યાંક ભજન તો કરશે. ભજન નામ ભજનારો. પ્રશંસા કરનારો. અંતર સામાન્ય સ્વભાવની પ્રશંસા નથી કરતો તો રાગની, નિમિત્તની પ્રશંસા કર્યા વિના રહેતો જ નથી. સમજાણું? તો એ તો ભજન મોહનું છે. દૃષ્ટિ યથાર્થ પહેલી ચીજ શું છે? એને લક્ષમાં લેવું જોઈએ. એનો બોધ કરવો જોઈએ અને એની પાછળ વારંવાર સ્વભાવસન્મુખ એને વળવું જોઈએ.

પણ પહેલા જે ચીજનો ખ્યાલ નથી. તો કઈ તરફ એની રુચિનું વીર્ય વળે? રુચિનું વીર્ય વળે? કેમકે રુચિ અનુયાયી વીર્ય. જેવી એની રુચિ હોય છે એ પ્રકારે એનો પુરુષાર્થ કાર્યગત થાય છે. તો રુચિ જ જ્યાં વિપરીત હોય છે તો એની અંતરનું વીર્ય પણ ઉંધું કાર્યગત કરે છે. સમજાણું કાંઈ?

'**આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :—**' લ્યો, હવે એ વાત કહીને બે પદની? કે વ્યવહારનય અભૂતાર્થ છે. અ છતા અસત્ય પદાર્થને પ્રગટ કરે છે અને શુદ્ધનય ભૂતાર્થ છે. કેમકે સત્ય પદાર્થને પ્રગટ કરે છે. માટે શુદ્ધનયનો વિષય આશ્રય લેનારો સમ્યગ્દૃષ્ટિ છે. એ કહેવું છે. '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।**' એ બતાવવું છે. પણ આ બે પદ કહ્યા એને દૃષ્ટાંતથી સિદ્ધ કરીને પછી એ લેશે. કે '**આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :—**' આ તો સિદ્ધાંત. દૃષ્ટાંત કહે છે એ સિદ્ધાંતને કહેવા માટે છે. સિદ્ધાંત કહેવા માટે દૃષ્ટાંત છે. '**જેમ...**' જુઓ, દૃષ્ટાંત આવ્યું દૃષ્ટાંત. દૃષ્ટાંતનો એક અંશ એમાં-સિદ્ધાંતમાં

આવે છે. ન્યાય. કાંઈ દૃષ્ટાંત સર્વ સિદ્ધાંતને લાગુ પડતું નથી.

'**જેમ પ્રબળ કાદવના મળવાથી...**' હવે પાણીનું દૃષ્ટાંત આપે છે ભગવાન અમૃતચંદ્રાચાર્ય. વ્યવહારનય અને નિશ્ચયનયને ભિન્ન-ભિન્ન બતાવવા માટે પાણી અને કાદવનું મિશ્રિત દૃષ્ટાંત આપીને અને પછી છૂટું દૃષ્ટાંત આપીને બે નયમાં સિદ્ધાંત ઉતારવા માટે. કે '**જેમ પ્રબળ કાદવ...**' જુઓ, શબ્દ કેવો લીધો? પ્રબળ કાદવ. પાણીમાં ઘણો કાદવ હોય. કેટલાક તો એમ કહે છે કે અરેરે! ભાઈ! બહુ કાદવવાળું કેમ શુદ્ધ થાય છે? તો આચાર્યે એવું દૃષ્ટાંત આપે છે કે '**પ્રબળ કાદવના મળવાથી...**' પાણીમાં પ્રબળ કાદવ મળ્યું. '**જેનો સહજ એક નિર્મળભાવ...**' કોનો? પાણીનો. પાણીનું સહજ નિર્મળ. અહીં નિર્મળની અપેક્ષાએ સ્વભાવ છે. અત્યારે અહીંયાં શીતળતાની અપેક્ષા લેવી નહિ. અહીં તો નિર્મળની અપેક્ષાએ અત્યારે.

'**સહજ એક નિર્મળભાવ...**' ભાઈ! નહિતર પાણીનો આમ શીતળ સ્વભાવ એ અત્યારે સિદ્ધ નથી કરવો. શીતળ સ્વભાવ અહીં સિદ્ધ નથી કરવો.. અહીંયાં એનો નિર્મળ સ્વભાવ સિદ્ધ કરવો છે. કારણ કે આત્મા સાથે નિર્મળ સ્વભાવ બતાવવો છે. અને મેલ અને નિર્મળ એ વચ્ચે.. મેલ વ્યવહારનયનો વિષય, નિર્મળ નિશ્ચયનો વિષય એ અહીં કહેવું છે. તો '**પ્રબળ કાદવ મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ...**' પાણીનો એકરૂપ સ્વચ્છ નિર્મળ ભાવ હોવો જોઈએ. સ્વભાવિક છે એનો તો નિર્મળભાવ છેને પાણીનો? સહજ સ્વભાવિક એકરૂપ '**નિર્મળભાવ તિરોભૂત થઈ ગયો છે...**' શા કારણે? ઓલા કાદવના સંગથી. કાદવના સંગથી. પાણીની તો પોતાની યોગ્યતા છે હોં. પાણીની તો પોતાની યોગ્યતા મલિન થવાની છે, કાદવનું નિમિત્ત. તો એ નિર્મળતા તિરોભૂત થઈ ગયો છે. તિરોભૂત થઈ ગઈ. એમાં કહ્યુંને કે નિમિત્તથી નહિ, નિમિત્તની પોતાની યોગ્યતાથી નિમિત્તમાં. અહીં તો દૃષ્ટાંત દેવું છે. પહેલા જ કહ્યું કે દૃષ્ટાંતનો એક અંશ લેવો.

અહીં સિદ્ધ શું કરવું છે? કે પાણીની પર્યાય નિર્મળ થવી જોઈએ. સ્વભાવ નિર્મળ તો અભેદમાં નિર્મળ હોવું જોઈએ. પણ '**કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ...**' જુઓ, નિર્મળભાવ. શક્તિ અને પર્યાય બેય નિર્મળ. '**તિરોભૂત થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનારા...**' એવા જળનો અનુભવ કરનારા. માળા એવા હોય છે કેટલાક આળસુના ગોર. નથી કહેતા? શું કહે છે? પ્રમાદી-પ્રમાદી. આળસુના ગોર સમજ્યા? ટટ્ટુ, અમારે ગોર કહે છે. એ ગોર નામ ગુરુ. આળસુ બહુ છે એનો ગુરુ. એવો આ પ્રમાદનો ગોર મેલું પાણી તો મેલું પાણી પી લે છે. એમાં દૃષ્ટાંત આપ્યું. મેલું પાણી હોય તો મેલું પાણી પી લે છે.

'**જળનો અનુભવ કરનારા...**' એ કાદવસહિત હોય તોપણ પી જાય છે. '**પુરુષો જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...**' જળ અને કાદવનો વિવેક નહિ કરનારા.

શું દૃષ્ટાંત આપ્યું છે? એ મૂઢની દૃષ્ટિ એવી થઈ ગઈ છે. અરરર! આ પાણીમાં આટલોબધો કાદવ? આટલો સમજ્યાને? ઈતના. આટલો બધો કાદવ કેમ છૂટો પડશે? જુઓ, આ પહેલા વ્યવહારમા મૂઢ છે. પાણીનો કાદવ નીકળી જશે અને પાણી નિર્મળ રહેશે એનું વ્યવહારમાં ભાન નથી. એથી શબ્દ લીધોને પ્રબળ કાદવ. તો જોતા જ એને મૂઢતા થઈ. અરરર! આ પાણી અને આ કાદવ ક્યારે જુદાં પડશે? ક્યારે જુદાં પડશે? તો એમ પહેલા જોતા જ એ ભયભીત થયો તો એ જુદાં પાડવાની ક્રિયા કરવાનો પ્રયત્ન અને વિકલ્પ પણ ન થયો. સમજાણું કાંઈ? જુઓ, દૃષ્ટાંતથી પછી સિદ્ધાંત લેશે હોં.

અહીંયાં તો વ્યવહારીજનમાં પણ, વ્યવહારીજન બે પ્રકારના છે. એ દૃષ્ટાંત લે છેને ભાઈ! વ્યવહારીજન એક તો કાદવને જોઈને ભાઈ! પી લ્યોને પાણી, હવે આ કે દિ' નિર્મળ થશે? આ કે દિ' નિર્મળ થાશે? કે દિ' એટલે સમજ્યા? કબ. ક્યારે નિર્મળ થશે? ઓલો વ્યવહારી ડાહ્યો માણસ વિચાર કરે અરે! પાણી છેને. પાણી છેને. પાણી કાદવમાં એકમેક થઈ ગયું છે. પણ એ મૂર્ખ વ્યવહારીજન પાણી કાદવ. પ્રબળ કાદવ લીધોને? પ્રબળ કાદવ લીધો. કે કાદવને જોવે છે પણ પાણીની નિર્મળતાને નથી જોતા. કે નિર્મળ સત્ હમણા ભિન્ન પડી જશે. **'એવા જળનો અનુભવ કરનારા પુરુષો—જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...'** જુઓ, કાદવ અને પાણીને ભિન્ન કરતા નથી. વિકલ્પ પણ ઉઠ્યો નથી, જ્ઞાન પણ થયું નથી, વિચાર પણ થયો નહિ. વર્તમાન જેવો સંયોગ જોવે છે એમ એણે માની લીધું. બેયના ભેદને નહિ સમજનારા ઘણા હોય. અહીં તો વ્યાખ્યા પણ અમૃતચંદ્રાચાર્યે કહી. પાણીને જુદું નહિ પાડનારા ઘણા ભાગ છે. ઓય માળા! એ મૂઢ લૌકિકમાં પણ મૂઢ ઘણા છે. કે આવા પાણી અને કાદવને જોઈને જુદું પાડતા જ નથી.

'ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે;...' ડહોળું. ડહોળું કહે છેને આપણે? ડહોળું પાણી કહે છે. ડહોળું કહે છે તમારે હિન્દીમાં? .. અમારે ડહોળું પાણી કહે છેને. મલિન. મલિન જ અનુભવે છે. સમજાણું? એ દૃષ્ટાંત વ્યવહારનયને કહેવા માટે લીધું છે. પછી એ નિશ્ચયનું દૃષ્ટાંત દેવાની વાત આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૧૩,
પ્રવચન નં. ૨૭૧, તા. ૦૬-૦૪-૧૯૫૩
(૦૪)

આ સમયસારની ૧૩મી ગાથા છે. જુઓ, આ આધિકાર સમ્યગ્દર્શનનો છે એમાં. સમ્યક્ નામ સાચું યથાર્થ પ્રતીત. સમ્યક્ નામ યથાર્થ સાચી અંતરમાં પ્રતીત થાય છે. સાચી પ્રતીત એને થાય છે કે અંતરમાં આત્મા એકરૂપ જ્ઞાયક અનંતગુણનો સ્વભાવ પિંડ છે એમાં એકત્વ થવું એનું નામ સમ્યગ્દર્શન છે અને આત્મામાં વર્તમાન પર્યાય નામ અવસ્થામાં જીવ, અજીવ, પુણ્ય, પાપ આદિ ભેદનો વિકલ્પ નામ રાગ થાય છે આ એનો નવ પ્રકારે અનુભવ કરવો એ મિથ્યાદર્શન અજ્ઞાન છે. ઝીણો વિષય છે આજનો. કહો, સમજાય છે કાંઈ? જીવ આ એક-એક આત્મા દેહથી ભિન્ન, પરમાણુથી-કર્મથી ભિન્ન એ જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય અનંત-અનંત ગુણનો કંદ સ્વરૂપ છે. એમાં અંતરમાં એકરૂપ જ્ઞાયક ચિદાનંદની અનુભવ પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે અને નવ જીવ હું છું, અજીવ છે, પુણ્ય-પાપ છે એવા જે નવ ભેદ--જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, નવના ભેદના વિકલ્પ નામ રાગમિશ્રિત વિચારમાં રોકાવું અને એટલો પોતાના આત્માને માનવો એનું નામ મિથ્યાદર્શન અજ્ઞાન છે. નિહાલભાઈ! નટુભાઈ! જરી ઝીણી વાત છે આ. જગત સાથે મેળ ખાય એવી નથી બહારવાળા સાથે.

જુઓ, જરી વિષય તો એ આવ્યો છે **'કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે—તેની પ્રાપ્તિ હોય છે.'** ત્યાં સુધી આવ્યું છે. ભગવાન આત્મા મન, વાણી, દેહથી ભિન્ન, વર્તમાન, પુણ્ય-પાપની લાગણીઓથી પણ ભિન્ન, લાગણી નામ ભાવ, 'એકાકાર ચિદાનંદ હું છું' એવી અંતર પ્રતીતિ અનુભવ આત્માનો સાક્ષાત્કાર થવો એનું નામ પ્રથમ ધર્મની ભૂમિકા છે, ધર્મની પહેલી ભૂમિકા છે. એનું નામ ધર્મની પહેલી ભૂમિકા. સમજાણું કાંઈ? તો કહે છે કે ત્યાં જીવ એક છે એમાં નવ તત્ત્વનો ભેદ પડે છે એ ક્યાંથી? નવ તત્ત્વો જીવ, અજીવ, પુણ્ય, પાપ. પુણ્ય એટલે શુભભાવ, પાપ-અશુભભાવ. આસ્રવ એ શુભ-અશુભ બેય એક. બંધ નામ વિકારમાં રોકાવું એ બંધ, શુદ્ધિનો અંશ હોવો એ સંવર, શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા, શુદ્ધિની પૂર્ણતા થવી તે મોક્ષ-એવા નવની વિચાર શ્રેણીમાં રાગમિશ્રિત... કર્મ એક ભિન્ન ચીજ છે. એના નિમિત્તના અવલંબને પોતાની નૈમિત્તિક પર્યાય નામ ભેદરૂપભાવ હોય છે નિમિત્ત-નૈમિત્તિકમાં. આ એના અનુભવમાં રોકાવો તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

..લાલજી! શું?

આ નવ તત્ત્વ છે નવ તત્ત્વ જગતમાં. જીવ છે, અજીવ છે. પદાર્થ જગતના તત્ત્વો છે. જીવ છે, અજીવ છે, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. વ્યાખ્યા થઈ ગઈ થોડી. એ નવની એક જીવવસ્તુ છે એમાં કર્મની બીજી એક ભિન્ન ચીજનું નિમિત્ત છે. એ નિમિત્ત અને પોતની પર્યાયમાં યોગ્યતા એ બેનો સંબંધ કરીને નવનો અનુભવ કરવો એનું નામ મિથ્યાદર્શન અજ્ઞાન છે. એ નવ ભેદનું લક્ષ છોડીને 'જ્ઞાયક ચિદાનંદ હું છું' એવી અંતર્મુખ શક્તિ સ્વભાવનો ભંડાર જે આત્મા છે, એની સાથે પોતાની વર્તમાન પર્યાય નામ અવસ્થામાં એકત્વ કરવું એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ ધર્મની પહેલી સીઢી, શ્રેણી છે. પછી ધર્મની શરૂઆત થાય છે. એ વિના ધર્મની શરૂઆત થતી નથી. પંડિતજી! ભાઈ!

'**त्यां,...**' હવે શું કહે છે? કે '**विकारी थवायोग्य...**' જુઓ, ન્યાય સમજજો જરી સૂક્ષ્મ વિષય તો છે. '**विकारी थवायोग्य...**' આત્મા વસ્તુ અખંડ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ, ચિદ્‌ઘન આનંદકંદ છે. પણ એની પર્યાય, પર્યાય નામ અવસ્થા, અવસ્થા નામ વર્તમાનદશા. એ વિકારી થવાયોગ્ય છે એવી પર્યાય. પોતાની પર્યાય વિકારી થવાયોગ્ય. શું? દયા, દાન, ભક્તિ, વ્રત વિકલ્પ જે ઉઠે છે એ રાગ. એ રાગ થવા યોગ્ય પોતાની પર્યાય છે, થવા યોગ્ય પોતાની પર્યાય છે અને વિકાર કરનારો એ પૂર્વના કર્મનું નિમિત્ત છે. એ નિમિત્ત વિકાર કરનારું એમ અહીં લીધું છે. સમજાણું? એ નિમિત્ત છે. કેમકે નિમિત્ત તરફ, નિમિત્ત નામ પરચીજ. એ પરચીજ તરફ લક્ષ થયું અને પોતાની યોગ્યતા પુણ્ય થવાની. દયા, દાન, ભક્તિ, વ્રત આદિ વિકલ્પની પોતાની પર્યાયની સ્વતંત્ર વર્તમાન યોગ્યતા. આ યોગ્યતા-યોગ્યતા શબ્દ કહે છેને, પંડિતજી! યોગ્યતા જુઓ આવી.

હવે તો કહે છે કે એક જીવમાં અજીવના નિમિત્તે સાત પ્રકારની યોગ્યતા પોતાની છે અને નિમિત્ત કર્મ છે. એ યોગ્યતાની સ્વતંત્રતા પર્યાયની જે સ્વીકારતા નથી એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ પર્યાયમૂઢ મોટો છે. બ્રહ્મચારીજી! આ જરી વિષય ઝીણો આવે છે, જુઓ, વર્તમાન પર્યાય પુણ્ય અને પાપ બેની વાત ચાલે છે વર્તમાનમાં. કે મારી પર્યાયમાં દયા, દાન, રાગની મંદતા એ શુભ પરિણામ થવાયોગ્ય મારી પર્યાય છે, અવસ્થા છે, વસ્તુ નથી. વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે, પણ વર્તમાન પર્યાયમાં વિકાર થવાયોગ્ય, પુણ્ય પરિણામ લાયક થવાયોગ્ય મારી પર્યાય છે, પરથી નહિ. પર કાંઈ કરાવનારું નથી. અને વિકાર કરાવનાર એટલે કે નિમિત્ત ઉપર લક્ષ જાય છે એટલે પોતાની યોગ્યતા પોતાને કારણે શુભભાવની થઈ તો વિકાર થવાયોગ્ય શુભભાવ પોતાનો, એમાં કર્મ નિમિત્ત. બેયને પુણ્ય કહે છે. શું? પોતાની પર્યાયમાં પુણ્યભાવ થયો એને પણ પુણ્ય કહ્યું અને નિમિત્ત પૂર્વનું કર્મ એને પણ પુણ્ય કહ્યું. ભાઈ! નિમિત્ત. જરી શાંતિથી સાંભળવું. અધિકાર સૂક્ષ્મ છે. અધ્યાત્મનો વિષય છે. થોડી-થોડી ગુજરાતી આવી જાય છે વચમાં હોં. હિન્દી તો થાય છે. સમજાય છે કાંઈ? હિન્દી સમજે છે. ગુજરાતી

આવડતું નથી.

ભગવાન આત્મા વસ્તુ તરીકે ધ્રુવ તો ચિદાનંદ આનંદકંદ જ્ઞાયકમૂર્તિ એકસ્વભાવી વસ્તુ છે, પણ એની દશામાં, પર્યાયમાં, હાલતમાં ભૂલ છે. ભૂલ જો ન હોય તો દુઃખ ન થાય. ભૂલ જો ન હોય તો દુઃખ ન થાય પરમ પર્યાયમાં, અવસ્થામાં પ્રગટ પરમાનંદનો અનુભવ થવો જોઈએ. તો પ્રગટ... પ્રગટ... પ્રગટ... પરમાનંદનો વર્તમાન અવસ્થામાં અનુભવ પૂર્ણાનંદ પરમાત્મ દશામાં છે. નીચી દશામાં થતો નથી. તો કહે છે કે તારી તારે કારણે વર્તમાન યોગ્યતા પુણ્ય પરિણામની તારાથી થઈ છે. જુઓ, એટલી પણ સ્વતંત્રતાનો જેને ખ્યાલ નથી એને નવ તત્ત્વની દૃષ્ટિ વ્યવહારું પણ જૂઠી છે. સમજાય છે? કે મારી પર્યાયને વિકાર કર્મ કરાવ્યો, બીજાએ કરાવ્યો, મારી પર્યાયમાં શુભભાવ થયો, કષાયની ખામી, લોભની ખામી, તૃષ્ણાની ખામી, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કરુણા, કોમળતા, દાન, દયા, જપ-તપ એ બધા પુણ્ય પરિણામ શુભરાગ વિકાર છે, ધર્મ નથી, એ વિકાર છે. પણ વિકાર પણ વિકાર થવા યોગ્ય મારી પર્યાય વિકાર થવાયોગ્ય છે. જુઓ, શું કહે છે? વિકાર થવાયોગ્ય એ નૈમિત્તિકભાવ છે નૈમિત્તિક અને વિકાર કરનાર કર્મ નિમિત્ત. નિમિત્ત અને નૈમિત્તિકની સંધિમાં એક જીવમાં નિમિત્તની સંધિમાં સાત તત્ત્વો ઉત્પન્ન થાય છે. એક જીવસ્વભાવમાં સાત અને નવનો વિકલ્પ થતો નથી. નિહાલભાઈ!

હજી અહીંયાં પહેલા બેય પુણ્ય છે. બેય પુણ્ય ક્યા? કે વિકાર થવાયોગ્ય મારો ભાવ એ પુણ્ય મારી પર્યાયમાં વિકાર થવાયોગ્ય પુણ્ય છે. મારી પર્યાય સ્વતંત્ર નૈમિત્તિક છે. નૈમિત્તિક નામ નિમિત્તના સંબંધે પોતાની સ્વતંત્રતાથી ઉત્પન્ન થયેલી એને વિકાર થવાયોગ્ય પુણ્ય કહે છે, એમાં કર્મ નિમિત્ત છે. નિમિત્ત સમજ્યા? એક સંયોગી ચીજ છે. એ તો નિમિત્તને પુણ્ય કહ્યું. કેમકે અહીં ભાવયોગ્ય પોતાના ભાવમાં વિકાર થવાયોગ્ય પુણ્યભાવ થયો તો એ ભાવપુણ્ય અને એને નિમિત્ત છે એને પણ જડની પર્યાયને કર્મના પૂર્વના નિમિત્તને પુણ્ય કહ્યું.

શ્રોતા :- દ્રવ્ય પુણ્ય છે.

ઉત્તર :- દ્રવ્ય પુણ્ય પણ નથી. આ તો જૂના કર્મ જરી. કેમકે અહીં તો નિમિત્તથી લેવું છે જરી. તો જૂનું કર્મ જે ઉદયમાં આવ્યો એની ઉપર લક્ષ ગયું. તો અહીં ભાવ તો પોતાને કારણે થયો એ ભાવપુણ્ય. અને નિમિત્ત છે એ દ્રવ્ય પુણ્ય. પણ નિમિત્ત નવું આવ્યું એ નહિ. પહેલાનું જે નિમિત્ત ઉદયમાં આવ્યું પાકમાં. જે કર્મનો પાક છે. જે પોતાની વિકારી પર્યાયમાં નિમિત્ત થયું એ નિમિત્તને દ્રવ્યપુણ્ય કહે છે. સમજાણું કાંઈ? જરી સમજજો. હજી તો અહીંયાં એ વાત કરે છે કે ભગવાન આત્મા, એક જ્ઞાયકસ્વભાવી આત્મા. એમાં એવા સાતના ભેદ, સાત પ્રકાર કેમ થયા? કેમ થયા? એ એક જ ચૈતન્ય છે અને સાત કેમ થયા? એક જીવ, એક અજીવ અને સાત ભેદ થયા. જીવની વર્તમાન પર્યાયમાં અજીવના નિમિત્તે, પોતાની યોગ્યતાથી સાત ભેદ ઉત્પન્ન થયા. એ ભેદનો અનુભવ કરવો એ મિથ્યાદૃષ્ટિ

છે. એ તો એક બીજી વાત. પણ ભેદમાં સ્વતંત્ર સ્વીકાર નથી એ તો મોટો મિથ્યાદૃષ્ટિ છે. જસુભાઈ! જરી ઝીણો વિષય છે.

તારી પર્યાયમાં વિકાર બિલકુલ ન માનવો એ પોતાની પર્યાયદૃષ્ટિમાં વર્તમાનમાં વિકાર ન માનવો એ તો મૂઢ છે, પણ પર્યાયમાં વિકાર પરથી થયો એમ પણ માનવું મૂઢ છે. અને પર્યાયમાં સાત તત્ત્વની યથાર્થ સ્વતંત્રતા નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જોડાણ કરીને વિકલ્પ નામ રાગની ઉત્પત્તિ સાથે થઈ એનો અનુભવ કરવો એ જ મિથ્યાત્વ છે. ..ભાઈ! શાંતિથી સમજવા જેવી વાત છે. આ અલૌકિક મૂળ વાત શરૂ થાય છે. ૧૩મી ગાથાથી સમ્યગ્દર્શનનું મૂળ શરૂ થાય છે. તો કહે છે કે સમ્યગ્દર્શન પહેલા આત્માની પર્યાયમાં ભેદરૂપ અસ્તિત્વ છે કે નહિ? ભેદરૂપ અસ્તિત્વ-અસ્તિત્વ, હયાતી છે, મોજુદગી છે કે નહિ? કે એકલું જ્ઞાયક જ છે? કે જ્ઞાયક છે. અનાદિથી પર્યાયમાં જ્ઞાયક નથી. સ્વભાવમાં જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ ધ્રુવસ્વભાવ છે. પણ પર્યાય. પર્યાય સમજ્યા? અવસ્થા. અવસ્થા નામ હાલત, હાલત નામ વર્તમાનદશા. વર્તમાન દશામાં વિકારી થવાયોગ્ય પોતાની પુણ્ય પરિણામની યોગ્યતા એ કોઈ કારણે નથી. હજી જેમાં યોગ્યતાનો પણ સ્વતંત્ર સ્વીકાર કરતા નથી અને કર્મ આવ્યું તો વિકાર થયો એ તો પર્યાયદૃષ્ટિમાં મોટો મૂઢ છે. સમજાણું કાંઈ?

અહીંયાં બે અંશ સિદ્ધ કરે છે. પોતાની વર્તમાન રાગ પુણ્ય પરિણામ સ્વયંસિદ્ધ પોતાની યોગ્યતાથી થયા. તો એને પણ પુણ્ય કહ્યા અને પૂર્વના કર્મનું લક્ષ થયુંને નિમિત્ત? એને પણ પુણ્ય કહ્યું. તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળો પુણ્યનો વિકલ્પ જે ઉઠ્યો એ ભેદ છે, સ્વભાવ અભેદ છે. તો ભેદનો પહેલા સ્વતંત્ર સ્વીકાર કરવો જોઈએ. નિહાલભાઈ! સમજાય છે? આણંદભાઈ! આત્મા એક-એક આત્માની વાત, પ્રત્યેક આત્માની વાત ચાલે છે. દરેક ભગવાન સચ્ચિદાનંદ જ્ઞાયકચિદાનંદ મૂર્તિ એક સમયમાં ધ્રુવ શક્તિનો ભંડાર. એની પર્યાયમાં નવ ક્યાંથી આવ્યા? એ કહે છે. નવ ક્યાંથી આવ્યા નવ તત્ત્વ? કે જીવની પર્યાયમાં યોગ્યતા વર્તમાન પર્યાયમાં છે એવી. વિકાર પુણ્ય થવાની લાયકાત, પોતાથી સ્વયંસિદ્ધ સાત પર્યાય. પર્યાય નામ અવસ્થામાં શુભ પરિણામ થવાની યોગ્યતા છે. તો વિકારી થવાયોગ્ય જીવ એની પર્યાય અને વિકાર કરનાર એટલે નિમિત્ત. કરનારનો અર્થ નિમિત્ત. પૂર્વના જડકર્મ નિમિત્ત. વિકાર પોતાના સ્વભાવને આશ્રયે થતો નથી. તો પુણ્ય પરિણામ થવાયોગ્ય પોતાની પર્યાયમાં છે, પણ લક્ષ નિમિત્ત ઉપર છે. તો નિમિત્તને પણ પુણ્ય કહ્યું અને પોતાની યોગ્યતાને પણ પુણ્ય કહ્યું. પોતાની ભાવની યોગ્યતા એ ભાવપુણ્ય છે. નિમિત્ત પૂર્વનું કર્મ આવ્યું ઉદયમાં એને દ્રવ્યપુણ્ય કહ્યું. બીજા શબ્દોમાં ભાવપુણ્ય જે પોતાની યોગ્યતાથી થયું એને જીવની પર્યાય કહી અને કર્મનું નિમિત્ત છે એને અજીવ કહ્યું. સમજાણું કાંઈ? બ્રહ્મચારીજી! સમજાય છે?

હજી તો સાત તત્ત્વ ઉભા સમજ્યાને ઉત્પન્ન થયા. એ પ્રગટ કેમ થયા? છે કે નહિ સાત કે નવ? કે બફમ છે? છે. છે એનો અનુભવ કરવો નવનું મિથ્યાત્વ છે. પણ છે નહિ

એમ માનતો એ તો ઘણું મોટું મિથ્યાત્વ છે. છે જ નહિ એમ માનવું એ મોટું મિથ્યાત્વ છે અને છે, સ્વતંત્ર-સ્વતંત્ર છે એમ પણ ન માનવું એ મિથ્યાત્વ છે અને સ્વતંત્ર પર્યાય અને નિમિત્ત સંબંધનો એકાંત અનુભવ કરવો એ પણ વ્યવહારાભાસ મિથ્યાદૃષ્ટિ છે. શું કહ્યું? ત્રણ પ્રકાર કહ્યા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં પુણ્ય થવાની લાયકાત છે એને નહિ માનવી એ પણ મિથ્યાત્વ ભ્રાંતિ છે. છે એને ન માનવી એ મોટી ભ્રાંતિ છે. ત્રિકાળ અંશ જે સત્ છે એમ વર્તમાન અંશ સત્ છે. પુણ્યના પરિણામ દયા, દાન સત્ છે અને નહિ માનવું એ પણ વિપરીત બુદ્ધિ છે અને છે એ પરથી માનવું એ પણ વિપરીતબુદ્ધિ છે. અને પોતાથી માનીને નિમિત્ત કર્મ અને પોતાનો ભાવ બેના સંબંધમાં એકાંત અનુભવ કરવો એ વ્યવહારાભાસ મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! ત્રણ વાત લીધી. સમજાણું કાંઈ? નટુભાઈ! જરી ઝીણી છે. ભાઈ આ મગજમાં નથી પેસે એવી ઓલી જાડી વાતું સાંભળીને આવ્યા હોય એટલે. સમજાય છે કાંઈ? હિંમતભાઈ! આહા..હા..! જુઓ, એક વાત. પ્રભુ! તારી પ્રભુતા તો ચૈતન્ય દ્રવ્યમાં પડી છે, પણ તારી પર્યાયમાં પણ તારી પ્રભુતાથી વિકાર થવાની યોગ્યતા તારી સ્વયંસિદ્ધ ક્રમબદ્ધમાં વર્તમાન પુણ્ય થવાની લાયકાત તારી છે. અને એ વર્તમાન પુણ્ય થવાની લાયકાતમાં પૂર્વ કર્મનું નિમિત્ત છે હોં પૂર્વનું. કેમકે એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વિના નવ ભેદ ઉત્પન્ન નથી થતા. અને નવ ભેદ છે. બિલકુલ નથી આકાશના ફૂલ છે એમ માનવું પણ ખોટું છે અને નવ ભેદ સ્વતંત્ર નહિ માનવા પણ ખોટું છે અને નવ ભેદનો એકાંત વ્યવહાર અનુભવ કરવો અને જ્ઞાયકને ચુકી જવું એ પણ વ્યવહારાભાસ મિથ્યાદૃષ્ટિ છે. રાજારામજી! સમજાણું કાંઈ?

જુઓ, અહીં ધર્મનું મૂળ શરૂ થાય છે અહીંથી. ભગવાન! તારી પર્યાયમાં પણ તારો વિકાર-પુણ્ય થવાની સ્વયંસિદ્ધ સ્વતંત્રતા પર્યાયની છે. સમજાણું કાંઈ? એ કહે છે કે.. કેવી ટીકા લીધી છે! નવ લીધા અને પછી એક લીધું. એની નવમાં સિદ્ધિ કરે છે. નવમાં સિદ્ધ કેમ કરે છે? કે નિમિત્ત પર અને નૈમિત્તિક પોતાની યોગ્યતા. એવા સંબંધમાં સાત તત્ત્વ ઉત્પન્ન થાય છે. જીવમાં પર્યાયની યોગ્યતામાં અજીવનું નિમિત્ત. એ નવ વિકલ્પરૂપ ભેદ થયા. ગુલાબચંદભાઈ! ઝીણું બહુ ભાઈ આ. આ બહારમાં નથી મળે એવું આ ક્યાંય. ગોટેગોટા ઉંધેઉંધા. હજી સત્ય વસ્તુનો સ્વીકાર પર્યાયનો, વર્તમાન દશા કેવી છે. બિલકુલ ન માનવી કે એ આકાશના ફૂલ છે, જગત બ્રહ્મ છે અને આત્મા અસત્ય છે, એમ નથી. આત્મા સત્ય ત્રિકાળી અને વર્તમાન પર્યાય પણ સત્ય છે. વિકાર છે, વિકાર કરવાલાયક પોતાની પર્યાયનો સત્ અંશ છે અને વિકાર થવાયોગ્ય શુભ પરિણામ એને જીવપુણ્ય કહ્યા અને નિમિત્તને અજીવપુણ્ય કહ્યા. નિમિત્તને અજીવપુણ્ય કહ્યા. ભાઈ! તો નિમિત્ત તો પૂર્વના મોહકર્મનો ઉદય છે. મોહકર્મના ઉદયને દ્રવ્ય-અજીવપુણ્ય કહ્યું. જુઓ, સ્વતંત્રતા. શું કહ્યું? સમજાણું કાંઈ?

અઘાતિના નવા પુણ્ય પરમાણુ આવે છે એની વાત નથી. પહેલાના મોહ! અઘાતિકર્મના

નિમિત્તથી પુણ્યમાં નિમિત્ત થતા નથી. ભાઈ! સમજાય છે કાંઈ? પંડિતજી! પોતાની પર્યાયમાં, અવસ્થામાં, દશામાં જે શુભવિકલ્પ નામ પુણ્ય પરિણામ થાય છે, વિકાર થવાયોગ્ય જીવની પર્યાય છે. એમાં પૂર્વના મોહકર્મનો ઉદય નિમિત્ત કહ્યા. એને પણ અજીવપુણ્ય કહ્યું. મોહને પણ અજીવપુણ્ય કહ્યું. મોહ તો પાપ છે. ભાઈ!

શ્રોતા :- ...

ઉત્તર :- પુણ્ય અહીંયાં થયું એને અત્યારે નિમિત્તમાં આરોપ દીધો. બ્રહ્મચારીજી! સમજાણું? મોહ તો પાપ છે. પુણ્ય તો ચાર અઘાતિકર્મમાં થાય છે. પુણ્ય-પાપના બે ભેદ તો ચાર અઘાતિમાં છે. ઘાતિ તો ચારેય પાપ છે. એમાં મોહ પાપ છે. તોપણ અહીંયાં કષાયની મંદતાનું પરિણામ જીવની પોતાની પર્યાયમાં-અવસ્થામાં સ્વતંત્રપણે કહ્યું એને જીવપુણ્ય કહ્યું અને કર્મના નિમિત્તને અજીવપુણ્ય કહ્યા. ભલે એ મોહ હોય, પણ અહીંયાં ભાવપુણ્ય થયું તો ત્યાં અજીવપુણ્યનો આરોપ એમાં આવ્યો. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ?

તો કહે છે કે '**વિકારી થવાયોગ્ય અને વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે,...**' બન્ને પુણ્ય છે. હજી તો પર્યાયની સ્વયંસિદ્ધતાનો સ્વીકાર કરાવે છે. વિકાર થવાયોગ્ય પોતે જીવ અને વિકાર કરનાર એ પૂર્વના નિમિત્ત કરનાર કહ્યું. કેમકે એ દ્રવ્યદૃષ્ટિ સિદ્ધ કરવી છે. પર્યાયમાં પણ એની સ્વતંત્રતા સિદ્ધ કરે છે. પોતાની યોગ્યતામાં એ નિમિત્ત છે અને યોગ્યતા નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી ઉત્પન્ન થાય છે. સ્વભાવની દૃષ્ટિમાં એ યોગ્યતા ઉત્પન્ન થતી નથી. ભાઈ! આ તો આને કરનાર કેમ કહ્યું? નિમિત્તને કરનાર કેમ કહ્યું? એનો અર્થ ચાલે છે. પર્યાય તો સ્વયં થઈ, પણ ખરેખર સ્વભાવને કરનાર જીવ છે, પણ પર્યાય યોગ્યતા વર્ણવી. યોગ્યતા શબ્દ લીધો છે. તો કરનાર નામ નિમિત્તને કરનાર એવો આરોપ આપ્યો.

ભગવાન આત્મા ચિદાનંદ સ્વભાવ તો શુદ્ધ સ્વભાવને કરનાર છે, શુદ્ધ સ્વભાવના દૃષ્ટિના વિષયમાં કરનારો છે, પણ યોગ્યતા એની વિકારની છે. એ યોગ્યતા લઈ લીધી અને યોગ્યતા તારાથી તારામાં થઈ તો કર્મના નિમિત્તને કરનારો એમ આરોપ દઈને એને પણ અમે પુણ્ય કહીએ છીએ. અજીવપુણ્ય. સમજાણું કાંઈ? બે પર્યાયનો સ્વતંત્ર સ્વીકાર કરાવે છે—એક ભાવપુણ્યની વર્તમાન પર્યાય અને મોહકર્મનું નિમિત્ત જે ભાવપુણ્યમાં પડ્યું છે એની પણ પર્યાય. દ્રવ્ય-ગુણ તો સામાન્ય ત્રિકાળી છે. એના પણ દ્રવ્ય-ગુણ તો સામાન્ય ત્રિકાળી છે. જે કર્મનો વિપાક, કર્મ મોહ, મોહનો વિપાક નિમિત્ત, એને પણ અજીવપુણ્ય કહી દીધા. અહીંયાં ભાવપુણ્ય કહ્યા તો એને અજીવપુણ્ય કહ્યા. એ બેના સંબંધથી પુણ્ય ઉત્પન્ન થાય છે. સ્વભાવને સંબંધે પુણ્ય પ્રગટતા નથી. સમજાણું કાંઈ?

'**વિકારી થવાયોગ્ય અને વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે,...**' આવ્યું? હવે બીજું '**તેમ જ એ બન્ને પાપ છે,...**' હવે એનો અર્થ ચાલે છે. હવે પાપનો અર્થ ચાલે છે. પોતાની પર્યાયમાં મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ જે અનાદિકાળથી અજ્ઞાનીને

થાય છે એ ભાવપાપની યોગ્યતા જીવની છે. જીવની વર્તમાન આત્માની યોગ્યતાથી ભ્રાંતિ ઉત્પન્ન થાય છે, પરચીજથી નહિ. અજ્ઞાન, રાગ, દ્વેષ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ કંપન્ન બધું પોતાની પર્યાયમાં પોતાની અવસ્થાના અસ્તિત્વમાં, મોજુદગીમાં પાપ થવાયોગ્ય, વિકાર થવાયોગ્ય એટલે પાપરૂપ વિકારી થવા યોગ્ય જીવની પર્યાયની સ્વતંત્રતા છે. જુઓ, પાપ પણ કોઈ કરાવતું નથી. હજી તો જેને પાપ નિમિત્તથી કરાવે છે એની પર્યાયબુદ્ધિમાં મોટો મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમાં પણ સ્વયંસિદ્ધતા, નિમિત્ત-નૈમિત્તિકતાની પૃથક્તાની સ્વયંસિદ્ધતાની જેને પ્રતીત નથી, એને સ્વભાવ સમ્યગ્દર્શનની પ્રતીત કદી આવતી નથી. ..લાલજી! સમજાણું કાંઈ?

પાપ પરિણામ. શું કહે છે અજ્ઞાની? મને પાપ થયું, ભાઈ! કર્મનો એવો ઉદય આવ્યો મને પાપ થયું. મૂઢ છો. તારી વિકારી થવાયોગ્ય તારી પર્યાયથી તારામાં પાપ, હિંસા, જૂઠું, વિષય, ભોગ, વાસના, મૈથુન, મિથ્યાત્વ અને રાગ, દ્વેષ વિકાર તારી પર્યાયમાં થવાની લાયકાતથી થાય છે. એ પાપને જીવપાપ કહે છે. ભાવપર્યાયને ભાવપાપ થવાને લાયકને સ્વયંસિદ્ધ પર્યાય સત્ને ભાવ, ભાવપાપ કહે છે. આ એમાં પૂર્વનું નિમિત્ત કર્મ નિમિત્ત પડ્યું એને અજીવપાપ કહે છે. મોહ તો બેયમાં નિમિત્ત છે. ભાઈ! લ્યો! પુણ્યમાં પણ નિમિત્ત તો એને અજીવપુણ્ય કહ્યા, પાપમાં નિમિત્ત એને અજીવપાપ કહ્યા. શું કહે છે? કે એક જીવમાં વસ્તુ એક છે. એમાં આ નવ પદાર્થની વિકલ્પતા ક્યાંથી આવી? ભેદ ક્યાંથી આવ્યા? તો ભેદ તારી યોગ્યતાથી આવ્યા. અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કર્યો તો નવ તત્ત્વના ભેદ ઉત્પન્ન થયા. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તોડીને 'હું જ્ઞાયકસ્વભાવ છું' એવી દૃષ્ટિ કર તો સમ્યગ્દર્શનમાં નવ તત્ત્વનો ભેદ હોતો નથી. સમજાણું કાંઈ?

આ કોની વાત ચાલે છે? પ્રથમ ધર્મની ચોથા ગુણસ્થાન અવિરત સમ્યગ્દૃષ્ટિમાં કેવી સમ્યગ્દર્શનની ચીજ છે એની વાત ચાલે છે. આ કોઈ ઉપરની વાત નથી કે એલ.એલ.બી. કે એમ.એ.ની બહુ ઉપર ચડી જાય એવી નથી. આ જાણે કે મોટી-મોટી વાત ચાલે છે ક્યારની. અરે! હજી ધર્મની, પહેલો ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. જ્ઞાયક ચિદાનંદ. તો કેમ રોકાઈ ગયો ધર્મ? પર્યાયમાં કેમ પ્રગટ ન થયો અવસ્થામાં, દશામાં, અંશમાં? કે વર્તમાન તારી પાપ અને પુણ્યની યોગ્યતા અને નિમિત્ત કર્મ ભિન્ન એ બેમાં સંબંધ તે કર્યો. સ્વભાવનો સંબંધ ન કર્યો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એકાંત માનવો એ જ મિથ્યાદૃષ્ટિ છે. ઓહો..હો..! ભાઈ! લે! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એકાંત માન્યુંને? એકાંત નામ એટલી-એટલી દશા પૂરતો આત્મા માન્યો કે વિકાર થવા યોગ્ય મારી પુણ્યની પર્યાય, વિકાર થવાલાયક મારી પાપની પર્યાય અને કર્મ નિમિત્ત એટલો જ જીવને માન્યો. એ અંશરૂપ પર્યાયબુદ્ધિ થઈ. પર્યાયબુદ્ધિ એ અંશબુદ્ધિ અને અંશ.. લ્યો 'હું જ્ઞાયક ચિદાનંદ સત્તાસ્વભાવી હું છું' એ તરફ એનું વલણ ન થયું. સમજાય છે કાંઈ? ઓહો..! આ વાત કરતા લોકોને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા

કરે, દાન કરે, ભક્તિ કરે, બસ રખડી મરે, રખડી મરે. જેઠાભાઈ! ચડાવી દે રસ્તે બિચારાને. આ કરો. મૂઢ ધૂળેય નથી એમાં તારા પૂજા ને ભક્તિ ને દાનમાં.

અહીં તો કહે છે પૂજા, ભક્તિ, દાનની પર્યાયમાં તારી અવસ્થામાં અંશ આવ્યો. એ વિકાર તારાથી સ્વયંસિદ્ધતા થઈ અને પર નિમિત્ત બેના સંબંધમાં રોકાવું એ પણ નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ અજ્ઞાન છે. એમાં પણ સ્વયંસિદ્ધતા સ્વતંત્રતાનો સ્વીકાર નથી, એ તો વર્તમાન પર્યાયને સ્વયંસિદ્ધ સત્ નથી સ્વીકારતા એને તો દ્રવ્યદૃષ્ટિ કદી થતી નથી. પણ પર્યાયનો સત્ અંશ સ્વતંત્ર છે. એનો પણ જેનો સ્વીકાર નથી એને કદી સમ્યગ્જ્ઞાન થતું નથી. વર્તમાનમાં તો ગડબડ અહીંયાં ચાલી છે હજી. છોટાલાલજી! હજી તો નહિ-નહિ, વિકાર કર્મથી થયો. કેમકે દ્રવ્ય-ગુણમાં તો છે નહિ. વસ્તુમાં અંતર શક્તિમાં તો અશુદ્ધતા છે નહિ. આવી ક્યાંથી? આવી તારી યોગ્યતાથી. એ કહે છે. આવી ક્યાંથી શું? તારી પર્યાય નામ અવસ્થા નામ દશાની લાયકાતથી થઈ એ લાયકાત તારી સ્વયંસિદ્ધ પર્યાયનો અંશ છે. તો એ નૈમિત્તિક છે, એની પુણ્ય-પાપની યોગ્યતા તારી, એમાં પૂર્વનું કર્મ નિમિત્ત એને અજીવ પુણ્ય-પાપ કહે છે. બેયને પુણ્ય-પાપ કહી દીધા. નિહાલચંદભાઈ! સમજાય છે?

'**विकारी थवायोग्य...**' પુણ્ય અને પાપ થવાયોગ્ય. '**अने विकार करनार—**' એટલે કે ભાવપુણ્ય અને ભાવપાપની પર્યાયમાં નિમિત્ત જે છે એને વિકાર કરનાર પૂર્વના કર્મનું નિમિત્ત કહ્યું. ભલે કર્મ તીવ્ર હોય કે મંદ હોય એની સાથે સંબંધ નથી. ભાઈ! એમ આવ્યું કે નહિ? અહીં તો ભાવપુણ્ય કર્યું જીવની પર્યાયમાં, તો પૂર્વના કર્મનું ઉદય તીવ્ર-મંદ એની સાથે સંબંધ ન રહ્યો. અહીંયાં તો ભાવપુણ્ય કહ્યું તો એને દ્રવ્ય અજીવપુણ્ય કહી દીધું. છોટેલાલજી! શું સમજાણું? ત્યાં ઉદયમાં કષાયની મંદતા હોય તો અજીવપુણ્ય કહ્યું એમ નથી. અહીંયાં કષાયની મંદતાની સ્વયંસિદ્ધતા થઈ તો ભાવપુણ્ય અને પૂર્વના કર્મના નિમિત્તને અજીવપુણ્ય. પછી મંદ કે તીવ્રનો પ્રશ્ન જ નથી.

શ્રોતા :- આત્મામાં મંદકષાયના ભાવ થયા એ ભાવપુણ્ય.

ઉત્તર :- થયું એ ભાવપુણ્ય અને નિમિત્તને અજીવપુણ્ય-દ્રવ્યપુણ્ય. એ આવે છે એ કોઈ પ્રશ્ન અત્યારે નથી. પહેલાનો છે એનો પાક. કેમકે બેનો સંબંધ કર્યોને? ભગવાન જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય ધ્રુવ છે અને વર્તમાન કર્મ અને વર્તમાન યોગ્યતા એટલા સંબંધમાં રોકાવું પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ છે. તો મિથ્યાબુદ્ધિમાં બે સ્વતંત્ર અંશ કેમ ઉત્પન્ન થયા? એની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? મોહનભાઈ! બહુ ઝીણું! આ સમજાય એવું છે કાંઈ? સાદી ભાષાથી તો ચાલે છે પણ હવે.

'**એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે,...**' બન્ને કોણ? પોતાની યોગ્યતાથી ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપ એ પણ પુણ્ય-પાપ છે અને એમાં નિમિત્ત બીજી ચીજ છેને? વિકાર પોતાના સ્વભાવથી નથી થતો એટલું અહીં સિદ્ધ કરવું છે. વિકારમાં બીજી ચીજ

નિમિત્ત ઉપર એનો સંબંધ જાય છે સંબંધ. તો નિમિત્તને પણ પુણ્ય-પાપ કહી દીધા. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આમાં ક્યાંય નજર પહોંચે એવું છે? આ નજર પહોંચે એવું છે અંદર. નજર પહોંચે શું સમજાણું? દૃષ્ટિ પહોંચવી. દૃષ્ટિ પણ કોઈ દિ' સાંભળે, વિચાર કરે, શું ચીજ છે? એમ તો ખરું કે નહિ કે તારો કોઈ દોષ કાઢવો છે. ધર્મ કરવો એનો અર્થ શું છે? કે અમારામાં કોઈ અધર્મ અને દોષ છે, તો એને કાઢવા છે. તો દોષ છે એનો સ્વયંસિદ્ધ પર્યાયમાં સ્વીકાર કરવો પહેલા. સ્વીકાર હોય એને કાઢવા કે ન હોય એને કાઢવા? ન હોય એનું શું? સસલાના શિંગડા કોઈ કાપે છે? છે જ નહિ જગતમાં, એમ નવ તત્ત્વ જગતમાં છે જ નહિ, ભેદ છે જ નહિ, તો કોનો નિષેધ કરીને અભેદમાં આવશે? અભેદ તરફ આવવું છે તો ભેદ તરફનું લક્ષ છોડ. તો લક્ષ તો કોઈ ચીજ હોય એના ઉપર લક્ષ કર્યું છે કે નથી ત્યાં કર્યું? હા, એ વાત સિદ્ધ કરે છે.

શ્રોતા :- ..

ઉત્તર :- હા, અભેદમાં આવવું. કેમકે ભેદ પણ એક ચીજ છે. એક વર્તમાન પર્યાય અવસ્થાના અંશમાં પુણ્ય-પાપની યોગ્યતા તારી ચીજ છે, પર્યાયમાં, અવસ્થામાં અંશ છે. એમાં નિમિત્ત પણ ચીજ છે. નિમિત્ત પણ એક ચીજ છે. નિમિત્તને ન સ્વીકારે એવી કોઈ ચીજ છે નહિ. તો જડનો અભાવ થઈ જાય છે. પોતાની યોગ્યતામાં પોતાને કારણે પુણ્ય-પાપ થતા જ નથી. વર્તમાન પર્યાયનો નાશ થાય છે. સમજાય છે? તેથી કહ્યું કે '**વિકારી થવાયોગ્ય...**' જુઓ, આ પ્રશ્ન લાવ્યા હતાને? યોગ થાય તે યોગ્યતા. મારે ગપ્પા ક્યાંથી મારે છે? ઘણું વિપરીત.

અહીંયાં પોતાની પર્યાયમાં સ્વયંસત્નો સ્વીકાર કરો. પછી ભેદબુદ્ધિ છોડાવા. ભેદબુદ્ધિ છે એમ નક્કી કરાવે છે પહેલા. પછી ભેદ છોડી દ્યો, અભેદ ઉપર દૃષ્ટિ કરો. છે જ નહિ ચીજ એમાંથી શું દૃષ્ટિ છોડે? કોઈ કહે છે કે જગતમાં ભેદ છે જ નહિ, નવ છે નહિ, એકાકાર ચિદાનંદ સર્વવ્યાપક. નહિ, એવી ચીજ નથી.

શ્રોતા :- સંસાર, મોક્ષ કહ્યો...

ઉત્તર :- સંસાર, મોક્ષ, બંધ કાંઈ રહ્યું જ નહિ. એ તો કલ્પનામાત્ર. પણ કલ્પના શું ચીજ છે? કલ્પના પણ કોઈ ચીજ છે કે અભાવ છે? કલ્પના એ પણ ચીજ છે પર્યાયની અવસ્થામાં. તો કહે છે કે '**વિકારી થવાયોગ્ય અને વિકાર કરનાર—એ બન્ને પુણ્ય છે, તેમ એ બન્ને પાપ છે,...**' આ એક લીટીનો અર્થ થયો. સમજાણું કાંઈ? હવે આસ્રવ. '**આસ્રવ થવાયોગ્ય...**' હવે એ પુણ્ય-પાપ બેય પરિણામને આસ્રવ કહે છે. પુણ્ય-પાપ છેને? દયા, દાન, ભક્તિ રાગ આદિ પુણ્ય પરિણામ વિકાર છે-વિકાર છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, ક્રોધ, માન, માયા એ પાપ વિકાર—એ બેયને આસ્રવ કહ્યો છે. પણ એ આસ્રવ થવાયોગ્ય જીવની પર્યાય છે, અવસ્થા જીવની થવાયોગ્ય છે. પરચીજ કર્મ તો નિમિત્તમાત્ર

છે. હજી તો નિમિત્ત અને નૈમિત્તિકની પર્યાય બુદ્ધિમાં નવની સ્વતંત્રતા સિદ્ધ કરે છે.

શ્રોતા :- આસ્રવ, બંધને યોગ્ય...

ઉત્તર :- આસ્રવ કરનાર એ નિમિત્ત. એ પૂર્વનું નિમિત્ત હોં! હા. આસ્રવ થવાયોગ્ય જીવની વર્તમાન યોગ્યતા છે. સમજાણું કાંઈ? વર્તમાન યોગ્યતા આસ્રવ થવા યોગ્ય પોતાને કારણે છે. આસ્રવ. કોઈને એકલા પુણ્ય પણ થાય છે આસ્રવમાં. શુભભાવ હોય છેને? તો નીચે તો બેય આસ્રવ આવે છે અને પોતાના પરિણામમાં પાપ અને પુણ્ય બેય અંદરમાં મિશ્ર પણ છે. કે મિથ્યાત્વ છે એની સાથે કોઈ શુભપરિણામ હોય, શુભપરિણામ તો બેય આસ્રવ થયા. મિથ્યાત્વ અને શુભ બેય પુણ્ય અને પાપ એક સમયે આવ્યા. તો પોતાની યોગ્યતા પોતામાં છે. ભ્રાંતિ અને પાપના પરિણામ અને પુણ્યના પરિણામની યોગ્યતા બેની એક સમયમાં પોતાથી છે. પોતાની પર્યાયમાં, અવસ્થામાં આસ્રવ થવાલાયક પોતાની પર્યાય છે આસ્રવ કરવાલાયક. તો જૂના કર્મ નિમિત્ત છે એને નિમિત્તથી આસ્રવ કરવા લાયક એમ કહ્યું. સુંદરલાલજી! કરનારનો અર્થ નિમિત્ત. કેમકે સ્વભાવિક વસ્તુ આસ્રવ થવાલાયક છે એ તો પર્યાય છે. સ્વભાવ એનો આસ્રવ અને પુણ્ય-પાપ થવાલાયક છે નહિ. તો એવો ભેદ પડ્યો કે આસ્રવ થવાયોગ્ય હું પુણ્ય-પાપના પરિણામ વિકારી થવાયોગ્ય એ મારી સ્વયંસિદ્ધતા એ પર્યાય છે, અવસ્થા છે. વિકાર કરનાર એક નિમિત્ત ચીજ છે. પૂર્વના કર્મના નિમિત્તને અહીં આસ્રવ કહ્યો. અજીવઆસ્રવ કહ્યો. સમજાણું કાંઈ? નવા નહિ. પૂર્વના કર્મના નિમિત્ત ઉદય એને અજીવઆસ્રવ કહ્યો. કેમકે અહીં ભાવાસ્રવ થયો તો એને પૂર્વના નિમિત્તને દ્રવ્યાસ્રવ કહ્યો. પૂર્વના નિમિત્તને દ્રવ્યાસ્રવ કહ્યો.

શ્રોતા :- અહીં ભાવાસ્રવ થયો ત્યારે

ઉત્તર :- ત્યારે ઓલાને નિમિત્તને દ્રવ્યાસ્રવ કહ્યો, અજીવ-આસ્રવ કહ્યો. બેય એક જીવ છે, એક અજીવ છે. પુણ્ય-પાપના પરિણામ પોતાની પર્યાયમાં થયા એ જીવનો વિકાર છે અને કર્મનું નિમિત્ત એને અજીવ-આસ્રવ કહે છે. શું વાત ચાલે છે સમજાય છે? કે અભેદનું લક્ષ કરતા પહેલા ભેદ ક્યા પ્રકારે ઉત્પન્ન સ્વયંસિદ્ધતા થાય છે અને જગતની પર્યાયદૃષ્ટિ પણ જગતનું સત્ છે. અસત્ સર્વથા તુચ્છ અને અસત્ છે નહિ. એ બતાવવા માટે એવા ભાગ પાડ્યા છે. કહો, સમજાણું કાંઈ?

હવે '**સંવરરૂપ થવાયોગ્ય...**' એ જીવની પર્યાય. અહીં તો પર્યાયની સ્વતંત્રતા. પોતાની પર્યાયથી સંવરરૂપ થવાયોગ્ય એવો હજી વિકલ્પથી વિચાર કરે છે. ભાઈ! વિકલ્પથી વિચાર કરે છે કે સંવર થવાયોગ્ય મારી પર્યાય છે. કર્મ ખસ્યા તો હું સંવર થવાયોગ્ય થયો, એમ નથી. એવી તો હજી વિચારશ્રેણી ચલાવે છે. નવની-નવની. એમાં જીવ એક, એની યોગ્યતા અને અજીવ નિમિત્ત. એમાં સાત ઉભા થયા. કે '**સંવરરૂપ થવાયોગ્ય (સંવાર્ય)...**' મારી પર્યાયની લાયકાત એવી છે એ સમયે સંવર ક્યાંથી ઉત્પન્ન થયો? પછી પ્રશ્ન. અહીં તો

સંવર થવાની લાયકાત મારી પર્યાય જ યોગ્યતાવાળી છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પોતાની પર્યાયની યોગ્યતાથી ઉત્પન્ન થાય છે, પરથી નહિ. ગોમ્મટસારમાં તો એમ આવે છે અભ્યંતરકારણ દર્શનમોહનો ક્ષયોપશમ, ઉપશમ, ક્ષય થાય તો સમ્યગ્દર્શન થાય. એ તો નિમિત્તનું કથન છે. એ જ કહે છે.

તારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વર્તમાન પર્યાય ભેદરૂપ. એનો વિચાર કરે છે કે સંવાર્ય થવાને યોગ્ય મારી પર્યાયથી થયું છે, નિમિત્તથી નહિ, કાળથી નહિ, ગુરુથી નહિ. મારી વર્તમાન પર્યાયમાં સંવર થવાની... સંવર શબ્દે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અકષાય. સમજાણું? વીતરાગી પર્યાય થવા લાયક મારી પર્યાય છે. અહીં તો ભેદ સિદ્ધ કરવો છે. નવ તો ભેદમાં આવે છેને? અભેદમાં તો ભેદ છે નહિ. પણ કહે છે એવો નિર્ણય પહેલા વ્યવહારથી કર્યો. વ્યવહારથી. કે સંવર થવાયોગ્ય મારી લાયકાત, મારી પર્યાય સ્વયંસિદ્ધ, સ્વયંસત્ મારી પર્યાયથી સંવર થવાલાયક છે. અને સંવર કરનારો. એ નિમિત્તને સંવરનો કરનાર કહ્યો. શું? એ પૂર્વનું કર્મ. કેમકે એટલું અહીંયાં સંવાર્ય-સંવાર્ય થયું તો પૂર્વના નિમિત્તને પણ સંવર કરનારો કહી દીધો, ભાઈ! કર્મ નિમિત્ત સંવર કરનાર?

અહીં તો કર્મ તો ન આવ્યું, રજકણો જે ન આવ્યા અને નિમિત્ત જે હતું એ નિમિત્ત પણ અહીં પોતાનો ભાવ સંવરરૂપ થયો તો પૂર્વના નિમિત્તને પણ એને આસ્રવનું નિમિત્ત, સંવરનું નિમિત્ત ન કીધું. આસ્રવનું નિમિત્ત નહિ. સમજાણું? નિમિત્ત તો હતું. એ તો આસ્રવમાં નિમિત્ત કહ્યું. નહિ. અહીં તો કહે, સંવર કરનાર મારી પર્યાય થઈ, તો કર્મના નિમિત્તને સંવરમાં નિમિત્ત પડ્યું એને અજીવસંવર કહે છે. એ તો પૂર્વનું નિમિત્ત પણ અજીવસંવર છે અને નવું આવ્યું એ પણ અજીવસંવર છે.

શ્રોતા :- કોઈ આવ્યું જ નથી ત્યાં.

ઉત્તર :- આવવું હતું ક્યાં? આવવાનું હતું જ ક્યાં? પણ એ નહિ આવવાને લાયકાત એની પર્યાયથી થઈ છે. સમજાણું કાંઈ? અહીં સંવરની પર્યાય થઈ તો કર્મ ન આવ્યા એમ પણ નથી. કર્મની નહિ આવવાની લાયકાત જ એવી હતી અને નિમિત્તની પણ છૂટવાની એવી લાયકાત હતી. ચીમનભાઈ! શું કહ્યું? પોતપોતાની યોગ્યતાથી થઈ. સંવર થવા યોગ્ય પણ પોતાની પર્યાય. સંવર શું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી શાંતિ એ થવાયોગ્ય મારી પર્યાય અને નિમિત્ત પણ છૂટવાયોગ્ય હતું. કર્મનું નિમિત્ત પણ છૂટવાયોગ્ય, મારા સંવરથી એ છૂટ્યું એમ પણ નથી. છૂટવાયોગ્યને અજીવસંવર કહ્યું, પોતાની પર્યાયને જીવસંવર. આ બેયને સંવર કહ્યું. સમજાય છે કાંઈ? ભારે ભાઈ! શાસ્ત્ર ભાષા આ બધી. સંવર સમજાય છે? ..ભાઈ! સંવર એટલે આત્મામાં વિકારનું ન હોવું. વિકાર ન થવો. પોતાની પર્યાય, અવસ્થામાં વિકાર ન થવો એ સંવરની લાયકાત પોતાની પર્યાયમાં છે. તો નિમિત્તમાં પણ છૂટવાની લાયકાત છે. નિમિત્ત પણ છૂટવાની લાયકાતથી છૂટ્યું છે. પોતાને કારણે નહિ. અહીંયાં સમ્યગ્દર્શન

થયું તો દર્શનમોહનો ઉદય ઝરી જાય એને કારણે એમ નથી. એની પણ એ વખતની નિમિત્તની લાયકાતથી નિમિત્ત છૂટી જાય છે એને અજીવસંવર કહે છે. અહીંયાં ભગવાન આત્માની પર્યાયમાં યોગ્યતા છે એને જીવસંવર કહે છે. શું વાત ચાલે છે? આમ એવા નવનો ભેદ પડે છે એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં ભેદ પડે છે. એ પર્યાય બુદ્ધિનો વિષય છે. એકાંત દ્રવ્યદૃષ્ટિનો વિષય થયા પછી નવનો વિકલ્પ ઉઠ્યો એને જ્ઞાની જાણે છે. અને અનાદિનું એકાંત એવા નવના ભેદમાં રોકાવું, એનો જ્ઞાયક અંશી તત્ત્વ અખંડાનંદ છે એની પ્રતીત થઈ નથી. રાજારામ! સમજાણું કાંઈ?

૧૩મી ગાથા અહીંયાંથી શરૂ થાય છે. બાર ગાથા સુધી તો પીઠિકા લીધી હતી. પીઠિકા સમજ્યાને? એ જાર કરે છેને જાર. ઓટલા બનાવે છેને ઓટલા? ઓટલાને શું કહે છે? ચબુતરો. જાર માટે ચબુતરા બનાવે. અમારી કાઠિયાવાડી ભાષા તો આવી જાય અંદર. એ ચબુતરો બનાવે છે, એમ સમયસારમાં ૧૨ ગાથા સુધી તો ચબુતરો બનાવ્યો. હવે એમાં જાર બનાવે છે. નવ તત્ત્વ કેવા હોવા જોઈએ યથાર્થ ભાવસહિત ભાનવાળા અને ભેદવાળા કેવા હોવા જોઈએ એ બધાની વાત કરે છે. સમજાય છે?

'**संवरરૂપ થવાયોગ્ય...**' જુઓ, કહે છેને કે ભાઈ! શું કરીએ? કાળ એવો આવશે, કર્મ ખરી જશે તો અમને ધર્મ પામવાની લાયકાત થશે. એમ છે નહિ. તારી પર્યાય અવસ્થામાં ધર્મ સમજવાની લાયકાત તારી તારાથી થાય છે. કર્તા, કર્મ, કરણ આદિ તારી પર્યાયમાં છ કારક તારાથી થયા છે. સમજાણું કાંઈ? '**संवरરૂપ થવાયોગ્ય અને संवर કરનાર...**' એ નિમિત્તને કહ્યું. નિમિત્તને કહ્યું કે સંવર એણે કરાવ્યું. લ્યો! વજુભાઈ! કર્મનું નિમિત્ત છૂટ્યું એણે સંવર કરાવ્યો. કરાવ્યો સમજ્યાને? શું કહે છે? કરાવ્યો. શું સંવર કરાવે? કર્મ આત્માને ધર્મ કરાવે છે? એ તો નિમિત્તપણું બતાવે છે. અહીંયાં નૈમિત્તિક પર્યાય પોતામાં સંવર છે ત્યારે નિમિત્તમાં પણ એવી લાયકાત છૂટવાની. જુઓ, એમાં બધું આવી ગયું. એ કહે છેને કે કર્મનું અપકર્ષણ થાય છે, વિસંયોજન થાય છે. પોતાને એ પરિણામ થયું તો થવું પડ્યું એમ છે નહિ. જુઓ, વાત છોડી દીધી. એ કર્મના ઉદયમાં પણ એવી લાયકાત અપકર્ષણ થવાની, વિસંયોગ થવાની, સંક્રમણ થવાની અને નિર્જરા અથવા રોકાવાની એની પર્યાયમાં લાયકાત છે. પોતાને કારણે એમાં કર્તાકર્મ થાય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો સ્વતંત્રતા પર્યાયની બતાવે છે અને બે સંબંધમાં ભેદ ઉત્પન્ન થાય છે એ વ્યવહારનયનો વિષય બતાવે છે. સમજાય છે કાંઈ?

તો '**संवरરૂપ થવાયોગ્ય (संवार्य) અને संवर કરનાર (संवारક)...**' જુઓ, કર્મમાં પણ એમ કર્મની સ્થિતિ ઘટી ગઈ, રસ ઘટ્યો તો આત્મામાં સંવર થયો એમ નથી. એ તો નિમિત્તમાત્ર છે. હજી તો. હજી એટલે શું સમજ્યા? હજી તો નવ તત્ત્વને યથાર્થ સિદ્ધ કરે છે. નવ તત્ત્વમાં પણ એકરૂપ ચૈતન્ય પ્રકાશની પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન છે. નવના

ભેદમાં સ્વયંસિદ્ધતાનો જેનો સ્વીકાર નથી, તો કાર્ય તો પર્યાયમાં કરવું છે, તો પર્યાયને જેણે પરાધિન માની એને પર્યાયમાં દ્રવ્યનો આશ્રય કદી થતો નથી. નિહાલભાઈ! '**સંવર કરનાર—બન્ને સંવર છે,...**' લ્યો! બેય ધર્મ છે. ઠીક! જીવની પર્યાય પણ ધર્મ, કર્મની યોગ્યતા અને અજીવનું નિમિત્ત એને પણ સંવર કહી દીધું. અહીંનો આરોપ એની ઉપર નાખી દીધો. ભાઈ! સંવર? અજીવ સંવર? છે કે નહિ? રોકાઈ જાય છેને? પર્યાય એ નિમિત્ત પણ છૂટી ગયુંને એને કારણે.

'**નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર—**' નિર્જરવા યોગ્ય નામ શુદ્ધિની વૃદ્ધિ થવા યોગ્ય પોતાની પર્યાયની લાયકાત છે. ચિદાનંદ ભગવાન એની દૃષ્ટિ થઈને નિર્જરા થવાયોગ્ય એટલે શુદ્ધ થવાયોગ્ય અથવા અશુદ્ધતા ટળવાયોગ્ય, અશુદ્ધતા ટળવા યોગ્ય. ટળવું સમજ્યાને? નાશ થવાયોગ્ય. અશુદ્ધતા ટળવા યોગ્ય પોતાની લાયકાતથી મટે છે. કર્મ ખરી ગયું તો પોતાની શુદ્ધતા થઈ, અશુદ્ધતા ટળી, એમ છે નહિ. પોતાની પર્યાય-અવસ્થામાં અશુદ્ધતા નાશ થવાયોગ્ય, ટળવાયોગ્ય, નિર્જરવાયોગ્ય. નિ-વિશેષે, જરવું. અશુદ્ધતા ખસી જવી, નાશ થવી. તો પોતાની યોગ્યતાથી અશુદ્ધતાનો નાશ થાય છે. નિર્જરા થવાયોગ્ય. લ્યો! પંડિતજી! એ યોગ-યોગ આવે છે. ઘણી તકરાર કરે છે વર્તમાન પંડિતો. યોગથી થાય તે યોગ્યતા. અહીંયાં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં એમ કહેવામાં આવે છે કે જીવની યોગ્યતા પોતાથી થઈ એમાં નિમિત્ત એક બીજી ચીજ છે. બેના સંબંધથી સાત વિકલ્પ નામ ભેદ થાય છે. એ સિદ્ધ કરવું છે. તો સ્વયંસિદ્ધ પર્યાયની પણ કબુલાત નથી. નિમિત્ત-નૈમિત્તિક પૃથક્તાની કબુલાત નથી. એ તો વ્યવહારની દૃષ્ટિમાં મોટી મૂંઝવણમાં મૂકાઈ ગયો છે. ગભરામણ થવા લાગી કે અરે! શું છે?

સમ્યગ્દર્શન તો ક્યાંય રહ્યું, પણ સમ્યગ્દર્શન પહેલા આગમ કયા પ્રકારની પર્યાયની, અવસ્થાની સ્વયં સિદ્ધતાનો સ્વીકાર કરે છે એનો પણ જેને સ્વીકાર નથી એને તો સમ્યગ્દર્શન ક્યાંય રહી ગયું. છોટાલાલજી! આ તો આગમથી સિદ્ધ કરે છેને. આગમથી. આગમથી કહો, નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી કહો. વિકલ્પથી, રાગથી સ્વીકાર કરે છે કે આમ છે. હું સંવર થવાયોગ્ય મારી પર્યાય છે અને સંવર નિમિત્ત છે, કર્મ ટળવા લાયક છે એને અજીવ સંવર કહે છે. મારી પર્યાયને જીવસંવર કહે છે. નિર્જરવાયોગ્ય હું છું. અશુદ્ધતાનો નાશ થવાની સમય-સમયની મારી પર્યાયની એ સમયની લાયકાત છે નિર્જરવા લાયક. એ કર્મ ખરી જાય છે. નિમિત્ત ખરી જાય છે માટે એને નિમિત્ત કહ્યું .નિમિત્ત-નૈમિત્તિક સંબંધની સ્વતંત્રતા જાહેર કરાવે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભાઈ! કર્મ ખરે, જરે તો અમને લાભ થાય. કર્મ ઘણા જોરવાળા છે. બળવાન. નિકાચિત-નિકાચિત કર્મ મોટા હોય એ કોઈ ખસે, દૂર થાય તો લાભ થાય છે. અહીં તો કહે છે કે તારી અશુદ્ધતા નાશ થવાની લાયકાત થઈ, તો કર્મ ખસવાની-

દૂર થવાની લાયકાત તેનામાં છે જ.

શ્રોતા :- આરોપણ...

ઉત્તર :- આરોપણ છે જ એમાં નાશ થવાની લાયકાત. ન હોય એમ બને નહિ. કર્મનો પોકાર, કર્મનો પોકાર.

શ્રોતા :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો જ બને!

ઉત્તર :-ત્યારે એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે. પોતાની પર્યાય નિર્જરવા યોગ્ય, અશુદ્ધના નાશ થવા માટે થઈ એ નિમિત્તમાં પણ નાશ થવાની લાયકાત છે, સ્થિતિ ઘટવાની લાયકાત, રસ ઘટવાની લાયકાત એમાં એ સમયમાં એને કારણે છે, તારે કારણે નહિ. બે દ્રવ્યની વર્તમાન પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં નવ તત્ત્વ ઉપજાવે છે. સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ એવી છે. જરી શાંતિથી વિચાર કરવો જોઈએ, સાંભળવું જોઈએ. પહેલાથી ગડબડ કરે છે નવમાં. પર્યાયની સ્વતંત્રતાનો સ્વીકાર નથી એને તો દ્રવ્યનો... પછી .. શાસ્ત્રમાં આવે છે. જ્ઞાયક છે, પણ શું જ્ઞાયક? તારે શું છે? તારી પર્યાયમાં પણ સ્વતંત્રતાનો સ્વીકાર નથી. નવ એવા ભેદરૂપ, અસ્તિરૂપ, એક સમયમાં અંશરૂપ છે એનો સ્વીકાર નથી. એ ..સ્વીકાર ક્યાંથી લાવ્યો? એ તો શાસ્ત્રમાં લખ્યું છે કે જ્ઞાયક છે, અભેદ છે. એ તો ભાષા થઈ. કોઈ ભાવ થયો નથી. સમજાણું કાંઈ?

નિર્જરવાયોગ્ય તારી અશુદ્ધ પર્યાય, અવસ્થા એ તારા કારણે નાશ થવાની હતી. તારા કારણે, પર્યાયને કારણે. નિર્જરા કરનારો. તો જૂના કર્મ જે પડ્યા છે. જૂના સમજ્યાને? પુરાના. જૂનું નિમિત્ત પણ એવું જ હતું. એ તારા કારણે એમાં કાંઈ ફેરફાર થયો એમ છે નહિ. ક્રમબદ્ધમાં એમ જ હતું. તારી ક્રમબદ્ધમાં અશુદ્ધતા નાશ કરવાની લાયકાત અને એમાં ટળવાની, દૂર થવાની એમાં ક્રમબદ્ધમાં લાયકાત છે. તારાથી એમાં નહિ એનાથી તારામાં નહિ. નહિતર તો તારું નવ તત્ત્વ ભેદવાળું, વ્યવહારવાળું પણ સિદ્ધ નથી થતું. શું માંડી છે તે? પંડિત! સમજાણું? નવ તત્ત્વની સ્વયં સિદ્ધતા છે કે નહિ? છે કે નહિ? છે તો સત્ છે અને સત્ છે એને કોઈની અપેક્ષા નથી. પહેલા તારું નૈમિત્તિક તારાથી નિમિત્ત બીજી ચીજ છે. ભેદથી નવ ઉત્પન્ન નથી થઈ એટલી સાપેક્ષતા બતાવે છે. એ અભેદને નિરપેક્ષ કરાવવા માટે. અભેદ સ્વભાવની દૃષ્ટિ કરાવવા ભેદમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધની સાપેક્ષતા બતાવે છે. સમજાણું કાંઈ? બેય નિર્જરા છે. પોતપોતાની પર્યાયમાં અશુદ્ધતાનો નાશ થવાની લાયકાત પણ નિર્જરા, નિર્જરા નામ અશુદ્ધતાનો નાશ અથવા શુદ્ધતાની વૃદ્ધિ એને નિર્જરા કહે છે. અને કર્મના રજકણ પલટવાની, છૂટવાની એમાં લાયકાત એને પણ નિર્જરા કહી, દ્રવ્યનિર્જરા, અજીવનિર્જરા, તારી પર્યાયમાં એ ભાવનિર્જરા, જીવનિર્જરા. ભાવનિર્જરા કહો કે જીવનિર્જરા કહો, અજીવનિર્જરા કહો કે દ્રવ્યનિર્જરા કહો. કહો, સમજાય છે?

'**બંધાવાયોગ્ય...**' તારી પર્યાય. બંધભાવ સિદ્ધ કરે છે. જુઓ, બંધાવાયોગ્ય તારી પર્યાય.

તારાથી બંધન થયું છે. વિકારમાં રોકાઈ ગયો ચિદાનંદ ભગવાન. જેમ સ્ફટિક-સ્ફટિક. સ્ફટિક છેને સ્વચ્છ? સ્વચ્છ-નિર્મળ. એની સાથે દાગ આવ્યો રાતા-લીલા ફૂલનો. એ તો નિમિત્ત છે. પોતાની પર્યાયમાં રાતા-લીલા થવાની યોગ્યતાથી થયો છે, નિમિત્તથી નહિ. એ કહે છે જુઓ, ભાઈ! સ્ફટિક આવેને સ્ફટિક? સ્ફટિક પત્થર છેને. ઉજળો આપણે સ્ફટિકની પ્રતિમા હમણા આવી છે. તો સ્ફટિક પત્થર તો સ્વચ્છ છે. એની પર્યાયમાં જે લાલ-લાલ, કાળી જે ઝાંય દેખાય છે. દેખાય છે. તો લાલ અને કાળા ફૂલ હોય છે કે લાલ-કાળ લૂગડા આવે તો એમાં ઝાંય દેખાય છે. નહિ, એ સ્ફટિકની લાલ-કાળા થવાની યોગ્યતા વર્તમાનમાં છે. પોતાથી એ લાલ, કાળી પર્યાય થઈ છે, તો બીજી ચીજને નિમિત્ત કહે છે. ફૂલ હોય કે કપડું હોય. એમ બંધાવાયોગ્ય. પોતાની પર્યાયમાં બંધાવાયોગ્ય વિકારભાવ થયો, અબંધસ્વભાવ ચૂકીને હું જ્ઞાયક ચિદાનંદ છું, શુદ્ધ ચિદાનંદ અનંત આનંદકંદ છું, અબંધસ્વભાવને છોડીને વર્તમાન પર્યાયમાં બંધભાવ, ભાવબંધ થયો તારી લાયકાતથી. ભાવબંધ જીવપર્યાય, જીવભાવ એને જીવબંધ કહે છે. જીવબંધ. સમજાણું કાંઈ? આ સમજણ વિના વાર્તા સાંભળે અને કથાઓ સાંભળે. જેઠાભાઈ! રણમાં પોક મૂકવા જેવું છે.

શ્રોતા :- એટલો વખતનો સદુપયોગ તો થયો.

ઉત્તર :- હા, સદુપયોગ થયો, દુરુપયોગ થયો. વસ્તુ કેવી છે? વસ્તુ વર્તમાન પર્યાય અવસ્થા સ્વતંત્ર, ત્રિકાળ સ્વતંત્ર, નિમિત્ત સ્વતંત્ર એટલું પણ જેને યથાર્થ જ્ઞાન નથી, પછી પુરાણ વાંચે આદિ પુરાણ, પદ્મપુરાણ, કહેવાય છેને એ રામાયણને. લોકોને રંજન થાય, રાજી થાય અને પાપ બાંધીને ચાલ્યા જાય. પાપ બાંધે પાપ. ખુશ થાય છેને? એવી તત્ત્વની વાત સાંભળવાની નવરાશ નથી. શું કહે છે, ભાઈ! અમને તો બહુ કંટાળો આવે છે. પદ્મપુરાણમાં આવે છે કે રામચંદ્રજી આમ ગયા અને આ રીતે સીતાજીને રાવણ લઈ ગયો અને પછી પાછળ રામ શોધવા ગયા. હા, મજા તો આવે વાતની. પણ આ તારા રામની માંડી છે. આ તારી સીતાની પરિણતિ સીતારૂપ અશુદ્ધ પરિણતિ ખોવાઈ ગઈ છે. શું કહે છે?

શ્રોતા :- ...

ઉત્તર :- હા, તો એ રાવણ લઈ ગયો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તારી શુદ્ધ પરિણતિને ચોરી લીધી. એ ચાલે છે કે તારી શુદ્ધ પરિણતિ આનંદકંદની શક્તિ તો ત્રિકાળ છે. એમાં શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આવવી જોઈએ કર્મનું નિમિત્ત અને નૈમિત્તિક તારી યોગ્યતાથી બેના સંબંધે તારી પરિણતિ લૂંટાઈ ગઈ, ચોરાઈ ગઈ, રાવણ ચોરી ગયો, હરણ કરી ગયો. જુઓ, કરનાર કહ્યુંને? નિમિત્ત કરનાર. કેમકે તે નિમિત્ત ઉપર લક્ષ દીધું. તારી પર્યાયમાં બંધભાવ તારાથી બંધાણો. એ જેલ પડી તને. પર્યાયમાં જેલ પડી જેલ. જેલ કહે છેને? કેદ. જેલનું કારણ કોણ? કે તારી પર્યાયની લાયકાત. કોઈથી નહિ. તારી લાયકાત હતી. સમજાણું? એ સીતાજીને લઈ જઈ શકતા નથી. એના પણ શરીર અને આત્માની

લાયકાત હતી તો રાવણ નિમિત્ત છે. એનું પણ શરીર અને આત્માની નગરમાં જવાની લાયકાત હતી પર્યાયમાં. કોઈ નિમિત્તથી લાયકાત આવે એમ નથી. જુઓ, સમજાય છે? આ આત્માના રામની માંડી છે. 'નિજપદ રમે સો રામ કહીએ.' હે રામ! તારો ચિદાનંદ આનંદઘન સ્વભાવના સંબંધથી જે ઉત્પન્ન થાય છે. એને ચૂકીને કર્મના નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં તું રમે છે તો રામ નથી, પણ રાવણ છો. સમજાણું કાંઈ? રામ નથી તું. રામ નથી તું, રાવણ પરસ્ત્રીનો લંપટી છે. શું કર્યું? એમાં પણ તારો અપરાધ છે એ સિદ્ધ કરે છે.

શ્રોતા :- બીજાનો અપરાધ નથી?

ઉત્તર :- બીજાનો અપરાધ નથી. પર્યાયમાં, અવસ્થામાં બંધ થવાયોગ્ય. પોતાની લાયકાતથી બંધ થવાની પર્યાય તે ઉત્પન્ન કરી છે. સ્વભાવ તો અબંધ શુદ્ધ છે તો બંધનો ભાવ ક્યાંથી થયો? એ સ્ફટિકમાં લાલ અને કાળી ઝાંય દેખાય છે એ પ્રભા ક્યાંથી આવી? પોતાની યોગ્યતાથી. પોતાની યોગ્યતાથી તો એને નિમિત્ત કહે છે. બધા એમ જ લગાવે છે મારા સ્ફટિકમણિના દૃષ્ટાંતે. .. આવે છેને એ બંધ અધિકારમાં? એમ કહે પરદ્રવ્યથી આમ થાય અને પરદ્રવ્યથી આમ થાય છે. જ્ઞાની સ્વયં પરિણમતા નથી, પણ પરદ્રવ્યથી રાગી થાય છે. શું રાગી થાય છે? એ તો બીજી ચીજ કહે છે. જ્ઞાનીની દૃષ્ટિ અબંધમાં છે અને સ્વભાવથી ચ્યુત નથી થતો તો નિમિત્તનો સંબંધ એને પડતો નથી અને જ્ઞાનીને બંધ છે જ નહિ. અજ્ઞાની જ્ઞાનીના સ્વભાવ, અભેદ સ્વભાવથી ચ્યુત થાય છે. પોતાથી ચ્યુત થયો તો નિમિત્તનો સંબંધ કર્યો તો એને બંધ થાય છે તો પરદ્રવ્યે એને પરિણમાવ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એણે કર્યો. જ્ઞાનીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ. જ્ઞાનીએ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તોડીને સ્વભાવનો સંબધ કર્યો છે.

અહીં કહે છે કે '**બંધાવાયોગ્ય..**' તારી પર્યાયથી બંધ થયો તો એને ભાવબંધ કહે છે અને જૂના નિમિત્ત કર્મને દ્રવ્યબંધ કહે છે. એ નિમિત્તને દ્રવ્યબંધ કહે છે, ભાઈ! નવા આવવાની વાત નથી. અહીંયાં ભાવબંધમાં કઈ ચીજ, વર્તમાનમાં ભેદ કેમ પડે છે બેમાં? અને સાત ભેદ કેમ થયા? કે નિમિત્તના લક્ષે તારી પર્યાયની યોગ્યતાથી ભેદ પડ્યો. તો તારા ભાવબંધને જીવબંધ કહ્યો, જીવબંધ કહ્યો અને અજીવને દ્રવ્યબંધ કહ્યો. એ બેના સંબંધે એ બંધ થાય છે. સ્વભાવને સંબંધે બંધ થતો નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૭૩,
પ્રવચન નં. ૫૫,
(૦૫)

આ સમયસાર ૭૩ ગાથા ચાલે છે કર્તાકર્મની. શિષ્યનો એમ પ્રશ્ન છે કે આ આત્મા શુભ અને અશુભ જે આત્માના પર્યાયમાં જે પરિણામ થાય છે એનાથી આત્મા પાછો કેમ વળે? જુઓ, મુદ્દાનો પ્રશ્ન છે. કેટલાક કહે છેને કે ભાઈ આ પહેલો અમારે વ્યવહાર કરવો, રાગ કરવો. અહીં તો પહેલેથી શિષ્યનો પ્રશ્ન જ એ જાતનો છે કે આત્મા પોતાના આનંદસ્વરૂપ અને આનંદના જ્ઞાનસ્વભાવથી ખસેલો, પુણ્ય અને પાપના ભાવમાં પ્રવર્તતો દેખાય છે એ દુઃખરૂપ દશા છે. પરમાં પ્રવર્તતો પ્રતિભાસે છે એ અહીં વાત છે જ નહિ. પરમાં તો એ છે જ નહિ. એની પર્યાયમાં, અવસ્થામાં શુભ અને અશુભના ભાવો જે પરિણામો એ મલિન અને દુઃખરૂપ અને ઉપાધિરૂપ, મેલરૂપ. એમાં પ્રવર્તતો છે તો એમાંથી નિવર્તે કેમ? આ પ્રશ્ન છે. એનો ઉત્તર. આવી જેને અંતરમાં જિજ્ઞાસા અને ધગશ છે અંતર સમજવાની ચીજની એને આ ઉત્તર દેવામાં આવે છે.

એટલું તો થયું શિષ્યને કે આ પુણ્ય અને પાપના ભાવ એમાં પ્રવર્તે છે એ ઠીક નથી. એમ થયું કે નહિ? ઠીક નથી. ચાહે તો શુભ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ હોય કે ચાહે તો અશુભ—હિંસા, જૂઠાના પરિણામ હોય, પણ એમાં પ્રવર્તવું એ ઠીક નથી. એવો તો પહેલેથી પ્રશ્ન ઉઠ્યો શિષ્યનો. તો એમાં પ્રવર્તે છે એમાંથી પાછો કેમ વળે? નિવર્તે કેમ? એના ઉત્તરમાં આ કહ્યું. એકની વ્યાખ્યા આવી ગઈ છે. એ વિજ્ઞાનઘનસ્વભાવપણું છે એનું. એને લીધે એક છે. છે? એ તો બધું આવી ગયું છે માથે, પણ છેલ્લું આ છે. એ તો વિજ્ઞાનઘન ચૈતન્ય છે. એને લઈને એ એક છે. અને એક ઉપર દૃષ્ટિ દેવાથી પુણ્ય અને પાપના આસ્રવના ભાવથી નિવર્તી શકાય છે. એમ પહેલો વિકલ્પ દ્વારા નિર્ણય કર, એમ ગુરુ કહે છે. પહેલો અમને તું સાંભળે છો. એમાં વિકલ્પના રાગમિશ્રિત વિચારથી નિર્ણય કર કે આ આત્મા વિજ્ઞાનઘન છે, ચૈતન્યબિંબ છે. એથી તે એક છે. અને એક છે એના ઉપર દૃષ્ટિ આપતા અનેક એવા પુણ્ય-પાપના આસ્રવથી નિવર્તી શકાય છે. સમજાણું કાંઈ? એક બોલ આવી ગયો છે આપણે. અને શુદ્ધ. શુદ્ધ પણ આવી ગયો છે. થોડો આવ્યો છે એમ કહે છે.

હવે કહે છે કે એ આત્મા શુદ્ધ છે. શુદ્ધના તો ઘણા પ્રકાર છે એ આપણે આવી

ગયું છે. છઠ્ઠી ગાથામાં આવી ગયું કે આત્મા શુદ્ધ છે. કેવી રીતે? કે પરનું લક્ષ છોડીને ચિદાનંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એના ઉપર દૃષ્ટિ મૂકતા એની પર્યાયમાં નિર્મળતાનું વેદન થાય એવા જીવને શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સાતમી ગાથામાં એમ આવ્યું કે એમાં જ્ઞાન અને દર્શન અને ચારિત્ર એવા ભેદ પણ નથી. એને અભેદપણાની દૃષ્ટિ કરતાં એને શુદ્ધ કહેવામાં આવે છે. ૩૮ ગાથામાં એમ આવ્યું કે જીવની વિશેષ દશાઓ અજીવ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ નવ તત્ત્વો, પર્યાયરૂપ નવ ભેદ, એને એક જ્ઞાયકભાવ વડે કરીને જોતાં એ નવ ભેદથી અત્યંત જુદો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ નવ પ્રકારની પર્યાયો જીવની વિશેષતા. દ્રવ્ય છે એ તો સામાન્ય. એના પ્રકાર વિશેષ અને પુણ્ય-પાપ, આસ્રવ-બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એવી ભેદની દશાઓમાં જ્ઞાયકભાવ વડે જોતાં અત્યંત તેનાથી જુદો છે. આહા..હા..! માટે તેને શુદ્ધ કહેવામાં આવે છે અને એ શુદ્ધની દૃષ્ટિ કરતાં પુણ્ય-પાપના ભાવથી નિવર્તાય છે. બીજો કોઈ રસ્તો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કર્તાકર્મમાં નાખ્યું છે. ઓલામાં અસ્તિત્વ હતું. ૬, ૭મી અને ૩૮. જીવના અસ્તિત્વની વ્યાખ્યા હતી. તેથી ત્યાં પર્યાયના અસ્તિત્વથી ભિન્ન એમ શુદ્ધને સિદ્ધ કર્યું હતું. અહીંયાં કર્તાકર્મ છે. એટલે કે આ આત્મા શરીરાદિ પરદ્રવ્યની ક્રિયાનો તો કર્તા નથી. આહા..હા..! શરીરાદિ પરદ્રવ્યનું એ એનું કર્મ નામ કાર્ય નથી. આહા..હા..! આ વાણી, શરીરાદિ એનું એ કરણ નથી, સાધન નથી. વાણી આવી ક્રિયા દેહ આદિમાં એને રાખે ક્રિયા થઈને એવું એનામાં નથી. એ ક્રિયાઓ દેહાદિની થાય એ આત્માથી થાય એમ નથી. તેમ દેહાદિ અને આ વાણીની ક્રિયા થાય એનો આત્મા આધાર છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો એથી આઘે કહેવું છે.

હવે અહીંયાં એક વિકલ્પ રહ્યો દયા, દાન આદિ શુભ-અશુભ. એ વિભાવનો પણ કર્તા આત્મા નથી એને આત્મા કહીએ. એ વિભાવ એનું કાર્ય નથી. વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને એની સન્મુખની પ્રતીતિ અને પંચમહાવ્રતના વિકલ્પ એ જીવનું કર્તવ્ય નથી. વજુભાઈ! હજી એથી આઘે જાશે હોં હજી તો આટલું. આહા..હા..! કહે છે, ભગવાન! તું શુદ્ધ કેમ છો? અને એ શુદ્ધની દૃષ્ટિ કરતાં જ આસ્રવ ટળે છે. બીજી કોઈ મિથ્યાત્વરૂપી આસ્રવ પણ એને લઈને ટળે છે. આહા..હા..! કહે છે કે વિકારી પરિણામ જે શુભ-અશુભ આદિ એ આત્માનું કાર્ય નથી, કર્તવ્ય નથી, એનું એ સાધન નથી, એને એ રાખે નહિ, એનાથી થાય નહિ-આત્માથી અને એ શુભપરિણામનો આત્મા આધાર નથી. આહા..હા..! ભારે આકરું કામ હોં! દેવ, અરિહંત સર્વજ્ઞ ત્રિલોકનાથ, ગુરુ નિર્ગ્રંથ અને શાસ્ત્ર ભગવાનના કહેલા, એની શ્રદ્ધાનો રાગ એ રાગ છે, એનો આત્મા આધાર નથી. સમજાણું કાંઈ?

હવે એનાથી ત્રીજી વાત અહીં તો છે. આ શરીરાદિ પરદ્રવ્યનો કર્તા છ કારક તો નહિ.

એ તો વાત અહીં લીધી નથી, તેમ એ પુણ્યના પરિણામનો કારક અને કર્તા એ વાત અહીં લીધી નથી. એ તો એનામાં એનો પર્યાયનો પણ ધર્મ એવો નથી. હવે એની જે વર્તમાન દશા જ્ઞાનની આદિ. જે રાગ અને નિમિત્ત એને જાણનારું જ્ઞાન. એવી જે જ્ઞાનની વર્તમાનદશા આદિ જે સંવર, નિર્જરા, મોક્ષાદિ પર્યાય, એ પર્યાયનું દ્રવ્ય કર્તા નથી. એય..! વજુભાઈ! ઓલું ગોખ્યું હોયને બધું આખો દિ' ઓલું. આ તો બીજો .. કર્યો છે, નહિ? આહા..હા..!

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય સર્વજ્ઞનો સંદેશ સંભળાવે છે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન અંદર આત્મા શુદ્ધ છે. કેમ? કે એની વર્તમાનદશા જે છે નિર્મળ એ પણ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્ય ધ્રુવ એનો એક સમયની પર્યાય તે એનો કર્તા નહિ. આહા..હા..! એક સમયની પર્યાયનો દ્રવ્ય કર્તા નથી.

શ્રોતા :- એને પર્યાય કહેવાય કેમ?

ઉત્તર :- એ પર્યાય છે. છેને. પર્યાય છેને એ માટે પર્યાય કહેવાની. છે માટે કહેવાની, પણ કર્તા છે માટે કહેવાની એમ નથી. હજી તો પર્યાય કોને કહેવી? અવસ્થા છે કે નહિ અવસ્થા? અવસ્થા છે. પણ એ ત્રિકાળી દ્રવ્ય છે માટે અવસ્થાનો કર્તા છે, દ્રવ્ય એની પર્યાયનો કર્તા, એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કેમ એ ધર્મની પર્યાય ક્ષાયિક સમકિત આદિ થાય, આહા..હા..! એ દ્રવ્ય જે ધ્રુવ એનું એ કાર્ય નથી. કહો, સમજાય છે કાંઈ? એ પર્યાયનું પર્યાય કાર્ય છે. આહા..હા..! અરે! કેવળજ્ઞાનરૂપી પર્યાય એ જીવદ્રવ્ય જે ધ્રુવ છે તેનું એ કાર્ય નથી. માટે કહે છે નથી, માટે કહે છે. એવું જે ધ્રુવ તેને શુદ્ધ કહીએ. આવા જે પર્યાયના છ પ્રકાર ભેદ પડે, કે પર્યાય પર્યાયનો કર્તા, ધર્મની પર્યાયનો ધર્મની પર્યાય કર્તા, ધર્મની પર્યાયનું કર્મ, ધર્મની પર્યાય એ એનું કાર્ય એ એનું સાધન, પર્યાય પર્યાયનું સાધન, પર્યાયને રાખનાર પર્યાય, પર્યાયથી પર્યાય થાય, પર્યાયને આધારે પર્યાય થાય. આ તો ૭૩ ગાથા કર્તાકર્મની છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે છે ખરી અવસ્થા. વિભાવ છે, પર છે. એની સાથે હવે સંબંધ નહિ. એની પર્યાય છે, પણ એ ત્રિકાળી ધ્રુવ પણ છે, બે અંશો છે. એમાં ત્રિકાળી ધ્રુવ જે છે એમાં આ પર્યાયના ષટ્કારકની પ્રક્રિયા, તેનાથી પાર ઉતરેલું એ તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ત્રિકાળી દ્રવ્ય છું, એમાં કેટલું સત્ત્વ છે કે જે એક સમયની અવસ્થાને કરવા માટે એ નવરો નથી. આહા..હા..! એ નિત્યાનંદ ભગવાન છે. સમજાણું કાંઈ? કહે છે, એક સમયની જે દશા અસ્તિ છે, છેને. છે એનું કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એની પર્યાયમાં ષટ્પ્રકાર એક અંશમાં છે. એવા '**સર્વ કારકોના સમૂહની...**' એ સર્વ કારકોનો સમૂહ એની પ્રક્રિયા, એની દશાનું કાર્ય, એનાથી '**પાર ઊતરેલી...**' એનાથી ભિન્ન છે ભગવાન. આહા..હા..! નવરંગભાઈ! આહા..હા..! મૂળ ચીજ ઉપર એણે કોઈ દિ' નજર કરી નથી અને એની નજર વિના મિથ્યાત્વ ટળે નહિ, સમકિત થાય નહિ અને આસ્રવથી નિવર્તે નહિ.

આહા..હા..!

કહે છે કે એનાથી '**પાર ઊતરેલી...**' એટલે? કે એક સમયમાં ષટ્કારકની ક્રિયાઓ એમાં નથી, એમ. ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ જે છે એમાં એ નથી. '**જે નિર્મળ અનુભૂતિ...**' એ તો ત્રિકાળ અભેદ અનુભવ સ્વરૂપ. અનુભવ એટલે પર્યાયની વાત નથી આ. ત્રિકાળી અનુભવસ્વરૂપ ધ્રુવ. એને '**લીધે શુદ્ધ છું;...**' આહા..હા..! એક ઓલામાં આવે છેને ભાઈ પ્રવચનસારમાં નહિ? ૯૨ ગાથા. ધ્રુવ તે શુદ્ધ છે. ઘણા બોલ લીધા છે ચાર-પાંચ બોલ. નિરાલંબન છે, જ્ઞાનદર્શનમય છે માટે એક છે અને એક છે માટે શુદ્ધ છે. માટે ધ્રુવ તે શુદ્ધ છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ! અનંતકાળમાં એણે... અહીં તો પર્યાયબુદ્ધિવાળાને છોડાવીને દ્રવ્યબુદ્ધિ કરાવાની વાત છે. રાગબુદ્ધિ તો ક્યાંય રહી ગઈ, પરદ્રવ્યની કર્તાની બુદ્ધિ તો ક્યાંય નાસ્તિકમાં ગઈ, પણ અહીંયાં એક સમયની જે દશા અનંતગુણની વર્તમાન અવસ્થા એ અવસ્થા ઉપર એની અનાદિની દૃષ્ટિ છે. એટલા અંશને એણે અસ્તિત્વ તરીકે સ્વીકાર્યો છે. એ દૃષ્ટિને ઉઠલાવે છે, આમ ગુલાંટ ખવરાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે! કોઈ તારું નથી, કહે છે. એ પર્યાય નાશવાન પણ તારી નહિ એમ કહે છે અહીં તો. આહા..હા..!

એક અંશ તે અંશનો. ત્રિકાળી તે ત્રિકાળીનો. ઝીણું છે. સૂક્ષ્મ રહી ગયું છે. અનાદિથી રહી ગયું છે અંદર સૂક્ષ્મ શલ્ય. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો કહે છે શાસ્ત્ર વાંચવાથી, ગુરુથી, અરિહંતથી, અરિહંતની વાણીથી એ તો એનાથી પર્યાય થાય નહિ, પણ પર્યાય પોતાથી થાય એનાથી દ્રવ્યદૃષ્ટિ થાય નહિ. ભાઈ! શું કીધું? કે સર્વજ્ઞ ત્રિલોકનાથની વાણી અને ત્રિલોકનાથ પોતે પરમાત્મા એનાથી અહીંયાં આત્માની પરલક્ષી જ્ઞાનની પર્યાય પણ એનાથી ન થાય. અને એ પર્યાય જે થાય એનો પણ કર્તાકર્મ એ પર્યાય છે, એ પર્યાયનો કર્તા વીતરાગની વાણી નહિ. સમજાણું કાંઈ? નવરંગભાઈ! ભારે! એ વીતરાગની વાણી નહિ, શાસ્ત્રનું શ્રવણ-મનન એને લઈને એ પર્યાય નહિ અને એ પર્યાયને લઈને દ્રવ્ય નહિ. અહીં તો એ સિદ્ધ કરવું છે. આહા..હા..! એય..! નવરંગભાઈ! આવું છે. આવો માર્ગ જ છે. અનાદિનો ધોક વીતરાગનો માર્ગ, સર્વજ્ઞનો પંથ. 'સર્વજ્ઞનો ધર્મ શું શરણ જાણી.' આ. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, કર્મના નિમિત્તથી રાગ થાય એમ નહિ, રાગ છે માટે અહીં જ્ઞાનની પર્યાય થાય એમ નહિ અને જ્ઞાનની પર્યાય છે માટે દ્રવ્યદૃષ્ટિ થાય એમ નહિ. માર્ગ આવો છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' આમ આવે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- એની ઘડ થઈને એમ થયું છે.

ઉત્તર :- એમ જ છે. હતું એ છે. બીજી રીતે કહે તો એ વસ્તુનું સ્વરૂપ જ એવું નથી. શલ્ય છે અંદર બીજું. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણલોકનો નાથ. આહા..હા..! અનંત-અનંત પ્રતિકૂળતાએ હલ્યો હલે નહિ. તીવ્ર અનેક પ્રકારના અશુભરાગોના પાપના પરિણામ

એનાથી મલિન થાય નહિ, હલે નહિ. એક સમયની પર્યાયથી હલે નહિ એવી એ ચીજ છે. આહા..હા..! અહીં તો રાજકોટમાં જરી ઝીણું આવે છેને તેથી બધા સાંભળવા માટે ભેગા થયા છે ઘણા. આહા..હા..! વાત કરી હતીને એક ફેરી? ગોંડલ. આ ૭૩ ચાલતી હતી ત્યાં ગોંડલમાં. ભાઈ! તારું સ્વરૂપ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં નિત્ય ધ્રુવ. આ ત્રણકાળને લઈને કહેવું એ તો અપેક્ષિત છે, પણ અહીં ધ્રુવ છે નિત્ય વર્તમાન. ધ્રુવ નિત્ય. એ નિત્ય. એની અનિત્ય એવી ધર્મની પર્યાય એનો એ નિત્ય એ પર્યાયનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા અનુભૂતિથી પાર થઈ ગયેલો. એટલે આ છ પ્રકારની. અને આ અનુભૂતિથી રહેલો. ત્રિકાળી. એક સમયની ધર્મ પર્યાયના છ પ્રકાર. એનાથી પણ પાર ઉતરેલી એટલે કે જેમાં નથી, એનાથી રહિત એવો ત્રિકાળી અનુભવ માત્ર સ્વભાવ એને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. પર્યાય કર્તાપણું આદિ હોય તો તે દ્રવ્યને અશુદ્ધ કહેવામાં આવે છે. ચંદુભાઈ! નિર્મળ પર્યાયનો કર્તા અને કર્મ તો અશુદ્ધ છે, કહે છે. ભેદ પડ્યો. આહા..હા..! સમજાય છે કાંઈ? એને લઈને શુદ્ધ છું. એવો તું પહેલો વિકલ્પસહિત નિર્ણય કર એમ કહે છે. હજી વિકલ્પસહિત નિર્ણયના ઠેકાણા નથી. એને તો અંતર્મુખ જવાની લાયકાત હોતી નથી. આહા..હા..!

એક, શુદ્ધ બે શબ્દ થયા. એક છું. કોઈ ઠેકાણે ત્યાં પ્રવચનસારમાં જ્યાં લીધું જ્ઞેયમાં ત્યાં તો એક છે માટે શુદ્ધ છું, એક છે માટે ધ્રુવ છું અને ધ્રુવ છું માટે શુદ્ધ છે. ત્યાં એમ લીધું છે, પણ એ બધું અભેદ કરીને. જ્ઞેયપણું બતાવવું છે ત્યાં. એ જ્ઞેયની ગાથા હતી. આ કર્તાકર્મની છે, ઓલી અસ્તિત્વની છે. આહા..હા..! માર્ગ. અજ્ઞાનનો અભ્યાસ કરવા એ મેટ્રીક સુધીમાં પણ પાંચ-છ વર્ષ જોઈએ.

શ્રોતા :- અગિયાર વર્ષ.

ઉત્તર :- અગિયાર વર્ષ જોવે લ્યો. અને આ અનાદિનો અણભ્યાસ. આહા..હા..! દુઃખી... દુઃખી... દુઃખી... પ્રાણી આહા..હા..! આમ હઠેવાળું કરવા બેઠા હોય લગનમાં, પાંચ-પચ્ચી લાખની મુડી હોય, બે-પાંચ લાખ ખર્ચવાના હોય, એમાં નીચે બે પગ રાખ્યા હોય ઓલા લાકડા નીચે શું કહેવાય? બાજોઠ. એમાં કાળો નાગ નીચે આવ્યો હોય ક્યાંકથી. આમ થયું છે હોં. આવ્યો હોય ને થયું છે. લગન કરતા ત્યાં નાગ કરડ્યો તો મરી ગયો. .. એક કોઈ મરી ગયું. સમજાણું કાંઈ? ઓલા બાજોઠ નીચે પગ હોયને. અહીં .. દેવાતો હોય આમ. ત્યાં સર્પ કરડ્યો. હાય.. હાય.. વર મર્યો વર. એવું સાંભળ્યું હતું. હાય... હાય... બાપા! શું છે આ? એ તો સંયોગી ચીજ હતી. એ કાંઈ તારામાં નહોતી. આહા..હા..! રાગ થાય એ તારામાં નથી. અરે! ક્યાં જાવું છે તારે? આ રાગનું જ્ઞાન થાય એક સમયની પર્યાય તારામાં નથી, લે. તારામાં તું છો મોટો આનંદકંદનો નાથ. અરે! એવી નજરું લીધા વિના એના મિથ્યાત્વના દુઃખ ટળે એવા નથી. આહા..હા..!

જુઓને કાલે જ થયુંને, બાઈ આવી હતીને છોડી કાલે કોઠારીની અને હેમચંદભાઈનો દીકરો. એટલે એના ભાઈનો. અહીં ગામમાં કાંઈક કારખાનું છે. એ ગયો હશે ત્રીજને દિ' શુક્રવારે. ૩૪ વર્ષની ઉંમર. ત્યાં ગયો ત્યાં અગિયાર વાગે કાંઈક દુઃખાવો ઉપડ્યો હતો. ડોક્ટરને બોલાવા જાય ત્યાં તો ખલાસ. મરી ગયો. હવે એ બાઈ કાલે આવી છે. એનો બાપ ને બધાને લઈને આ આવી ક્યાંથી? સૂતો હતોને ઓલો. ત્યાં કહે એક બહેન આવ્યા છે. મેં કીધું .. આહા..હા..! એમ થઈ ગયું. હાય.. હાય.. નાની ઉંમર ૩૦ વર્ષ. શરીર રૂપાળું. આ ધણી ગયો. દીકરો-દીકરી કાંઈ ન મળે આઠ વર્ષમાં. આહા..હા..! હાય.. હાય.. આ મારો પણ નિરાધાર ક્યાં થઈ ગયો? મેં પૂછયું હતું કે આ શું છે? એવો કાંઈક રોગ હશે. દુઃખાણી છે, ભાઈ! દુઃખ તે કોનું કહેવું? ધણી મર્યો એને દુઃખ કહેવું? કોણ કહે દુઃખ એને? એય..! પોપટભાઈ! આ તો પર પોતાના માનવા એ મિથ્યાત્વને દુઃખ કહે છે ભગવાન. આહા..હા..! એ દુઃખાયેલો અનાદિનો છે. દુઃખવું હતું ક્યાં નવું એને. આહા..હા..! આનંદમૂર્તિ પ્રભુ અનંત જ્ઞાન અને આનંદનો નાથ એ એક સમયની પર્યાયને પોતાની માને તે મિથ્યાત્વ છે. રાગ અને વિકલ્પને પોતાના માને એ તો મહામિથ્યાત્વ છે. એને ઠેકાણે આ શરીર ને ધણી ને બાયડી મારા. ક્યાંથી લાવ્યો પણ આ પાગલપણું? સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો એક સમયની પર્યાયનો સ્વામી થાય તો મિથ્યાદૃષ્ટિનું દુઃખ છે મોટું. આહા..હા..! એ દુઃખાયેલો છે. કેમ બેસે પણ આ વાત? આહા..હા..! આનંદનો નાથ પ્રભુ. જેનાથી દુઃખાયેલો છે એની એને ખબર નથી અને જેનાથી નથી દુઃખાયેલો એને દુઃખાયેલો માને છે માળો. ઉંધો તે પણ કેટલો! આનંદસ્વરૂપ ભગવાન. શુદ્ધ કીધુંને? શુદ્ધ કહો કે આનંદસ્વરૂપ એકલો જ્ઞાયક એવો જે ભગવાન આત્મા એને એક સમયની પર્યાયવાળો જ માનવો એ મિથ્યાદૃષ્ટિ, મિથ્યાદર્શનશલ્ય મહા દુઃખાયેલો દુઃખમાં દઝાઈ ગયો છે એ. સમજાણું કાંઈ? આહા..હા..! અબજોપતિને રાંકો કહે તો શું કહેવું એને? મૂર્ખો કહે કે નહિ લોકો? એમ અનંતનો નાથ જેનું જ્ઞાન, આનંદ પૂર્ણ શુદ્ધ ધ્રુવ એને એક સમયની દશાવાળો માનવો, એને આ રાગવાળો માનવો એને આ બાયડી, છોકરા મારા, મારો દેશ, મહા ભ્રમમાં ભૂલો પડ્યો છે. કહો, સમજાણું આમાં? પણ આ બધું તોતીંગ ગર્યું ક્યાંથી આવું? તે માન્યું હતું ત્યાંથી ગર્યું છે લે. માન્યતામાં હોં. ચીજ તો ચીજમાં રહે છે. આહા..!

કહે છે એ અનુભૂતિ જે અંદરમાં ત્રિકાળસ્વરૂપ ભગવાન આત્મા. એ શબ્દ ત્યાં એમ વાપર્યો છે કે એના તરફ, શુદ્ધ તરફ જતાં એ અનુભૂતિ નિર્મળાનંદની દશા થાય એવા અનંત-અનંત અનુભૂતિનો પિંડ આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવા શુદ્ધ ઉપર દૃષ્ટિ રાખતા, અંતર્મુખ દૃષ્ટિને વાળતા એ મિથ્યાત્વ અને પુણ્ય-પાપના આસ્રવથી જીવ પાછો વળે છે એમ વિકલ્પથી નિર્ણય કર, એમ કહે છે. હજી તો વિકલ્પની, રાગની ભૂમિકામાં આવો નિર્ણય કર. આહા..હા..! પછી આગળ કહેશે. સમુદ્રના ભ્રમણમાં વહાણ પકડાણું હોય એ

ભ્રમણ ન છૂટે ત્યાં સુધી એ વહાણ એને રસ્તે નહિ જઈ શકે, એમ રાગમિશ્રિત પણ આવું તત્ત્વ છે એમ વિચાર કર. આહા..હા..! એમાં એમ નથી કહ્યું ભાઈ! કે રાગમિશ્રિતમાં વિચાર કે આ વ્યવહારથી પ્રાપ્ત થશે, રાગમિશ્રિત વિચારથી પ્રાપ્ત થશે. એમ નિર્ણય નથી કર્યો આમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એને પાતાળ કૂવો અંદર શુદ્ધ ધ્રુવ, એને પહોંચવાને બહારના વિકલ્પની કોઈ અપેક્ષા છે નહિ. પર્યાયની રુચિ એને કારણે ન થાય. એની રુચિ છોડી, આહા..હા..! અંતર્મુખ થતાં જે ચીજ દૃષ્ટિમાં, ધ્યાનના ધ્યેયમાં વિષયરૂપ જે જણાય ધ્રુવ. પર્યાયનો વિષય હતો એ બહિરાત્મા હતો. એક સમયની પર્યાયનો વિષય લક્ષમાં હતો એ બહિરાત્મા હતો. ત્રિકાળને વિષય બનાવ્યો તે અંતરાત્મા છે. આહા..હા..! અરેરે!

કાલે તો કહ્યું બહેનને, કીધું અરે! બહેન! આવા તો અનંતવાર બાપા! આ તમે રોઈને શું કરશો? આર્તધ્યાન કરશો તો હવે શું થાશે? બિચારી ઝૂરતી હતી હોં. એની ફઈ પકડે એક બાજુ, એક બાજુ એનો બાપ પકડતો હતો. ત્યારે તો માંડ .. હાય.. હાય.. અરેરે! બાપા! મિથ્યાભ્રમથી મરી ગયો એની તો તને ખબર નથી. આહા..હા..! જીવતી જ્યોત ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એવડો હું નહિ. આહા..હા..! અને હું એક સમયની પર્યાય જેટલો એને મારી નાખ્યો છે અહીં એમ કહે છે. દરબાર! આવું સ્વરૂપ છે. આહા..હા..!

આ તો સત્ સત્ તો સત્થી છે. એક ત્રિકાળી સત્ એક પર્યાયથી નથી. કેમકે પર્યાયનું સત્ પર્યાયથી છે, એ પણ સત્ છે. એ પર્યાયનું સત્ પણ દ્રવ્ય સત્ને લઈને નથી. આહા..હા..! અને દ્રવ્યનું સત્ એ પર્યાયના સત્ને લઈને નથી. અહીં તો એ સિદ્ધ કરવું છેને? આહા..હા..! અહીં તો એને વળી આ રાગની મંદ ક્રિયા કરે તો કાંઈક પત્તો ખાય એવું એ તત્ત્વ જ નથી, કહે છે. ભારે કામ પણ આકરા, ભાઈ! છે તો એના ઘરની ચીજ સરળ. સત્ સત્ સરળ. પણ એને મળ્યું નથી, કાને પડ્યું નથી, કઈ રીત અને કઈ વિધિ એને ખ્યાલમાં લીધી નથી. આહા..હા..! ગોટા વાળ્યા કોઈ રીતે.

કહે છે આ શુદ્ધ. લ્યો, આ શુદ્ધનું આવ્યું હવે. ચંદુભાઈ કહે વળી શુદ્ધ વધારે. હવે ત્રીજો બોલ. કયો ત્રીજો? '**निर्ममतः**' અરે! ગુરુ કહે છે શિષ્યને તું આવો તો નિર્ણય કર, પ્રભુ! આહા..હા..! તારા સ્વરૂપનો રક્ષક તું થા. એનો રક્ષક કોઈ બીજો છે નહિ. લ્યો! શ્રીમદ્માં કહ્યુંને ઓલા આઠ બોલ આવે છે એમાં. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. એવો એક બોલ છે. પણ એ .. હોય. સોળમાં વર્ષમાં, સત્તરમાં વર્ષમાં છે. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. બીજી અપેક્ષા છોડી દે કે આનાથી થાશે, આનાથી થાશે. આઠ બોલ છે. વજુભાઈ! એ સંતવાણી કહે. સંતવાણી એક આવી છે. આવ્યું છે પુસ્તક નથી નાનું આવું? સંતવાણી. સંતની અમૃતવાણી. એમાં આઠ બોલ છે. અમદાવાદમાં વ્યાખ્યા કરી હતી પહેલી હમણા. પોર-પોર. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. આ પહેલો શબ્દ છે. અહીં છે આપણી પાસે? એટલે શું કહ્યું? કે સ્વદ્રવ્ય જે ત્રિકાળી આનંદકંદ. એની રક્ષા ત્વરાથી કર. પહેલું આ અને

પછી આ ઢીંકણું એ વાત છોડી દે. સમજાણું કાંઈ? આહા..હા..! એમણે ક્યાંક-ક્યાંક ગુઢ મૂકી દીધું છે, પણ બાહ્ય દૃષ્ટિવાળાઓ ઓલા વ્યવહારના લક્ષણ ઝાઝા આવ્યા એને પકડીને બેઠા.

શ્રોતા :- એને રુચે છે.

ઉત્તર :- એને રુચે છે એ. રુચે તેવું એને પકડીને બેસી જાય. આહા..હા..! સ્વદ્રવ્ય ભગવાન આત્મા એના રક્ષક ત્વરાથી થાઓ. ત્વરાથી એટલે એકદમ એ કરો. સમજાણું કાંઈ? આવ્યું છેને, ભાઈ! ચંદુભાઈ! ચોપડી નહિ ઓલી સંસ્કૃતમાં? મોટા પુસ્તકમાં છે. પૂનમજીએ હમણા કાંઈક બહુ સારું કાઢ્યું છે. પૂનમવિજય ત્યાં રહે છેને. વવાણિયા રહે છે. એણે આ કાઢ્યું. મોટા પુસ્તકમાં છે. પાછળમાં છપાયેલા.

અહીં કહે છે એ સ્વદ્રવ્ય તારું ત્રિકાળી એ સ્વદ્રવ્ય છે. આહા..હા..! મોહનભાઈ! મોહનભાઈ સાંભળે છે બરાબર ... આહા..હા..! ત્રિકાળી ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એની રક્ષા કર, રક્ષા કર. એની પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ છોડ તો રક્ષા થાય. આહા..હા..!

શ્રોતા :- રક્ષા કરે કોણ?

ઉત્તર :- એ પોતે. કોણ કરે? આ તો જાત બીજી છે. ..ભાઈ! ઓલા .. બધા મીંડાવાળે એમ બીજી વાત છે આ તો. આહા..હા..! એવી ત્રિકાળી ચીજ જે ધ્રુવ. એના ઉપર વર્તમાન પર્યાયની નજર જતા પર્યાયની રક્ષા કરે એમ કહેવામાં આવે છે. બાકી તો છે એ છે. એની રક્ષા શું કરવી હતી? આહા..હા..! સ્વયંરક્ષિતનું ઓલામાં આવેને આપણે ૧૧મી ગાથામાં. જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો. જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો એ તો છે એ છે, પણ દૃષ્ટિમાં નહોતો અને દૃષ્ટિમાં એક સમયનો અંશ અને રાગ અને નિમિત્ત હતો ત્યાં ઢંકાઈ ગયો હતો આત્મા. એને જ્યાં દૃષ્ટિમાં લીધો ત્યારે એ પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. છે તો એ છે. એ ક્યાં પ્રગટે છે? સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાયક ભાવ પરમ પરમેશ્વર પ્રભુ પોતે. આહા..હા..! ક્યાં નાખી દે જુઓને. ઓલો કહે આનો કર્તા આ, જીવનો કર્તા બીજો. અહીં તો કર્તાકર્મમાં પર્યાયનો કર્તા દ્રવ્ય નહિ. અરે! ગજબ કરી છેને! કર્તાકર્મને ક્યાં સુધી ઉતાર્યું છે? બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! અંદર અનંત નાથ. અનંત નાથ આત્મા. અનંત-અનંત શક્તિ અને ગુણોનો નાથ પ્રભુ પોતે છે. આહા..! એનો એને વિશ્વાસ આવતો નથી. કોઈ દિ' જોયો નહિ, સાંભળ્યો નહિ, વિચાર્યો નહિ, એની સામું જોયું નહિ. આહા..હા..! કરવાનું ન કર્યું અને ન કરવાના કર્યા. આ કરવાનું તો છે એને. હું ત્રિકાળ શુદ્ધ છું. એવી ત્રિકાળ વસ્તુ એના ઉપર દૃષ્ટિ પડતાં મિથ્યાત્વ અને પુણ્ય-પાપ એના આસ્રવની ઉત્પત્તિ થતી નથી. એનાથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. અહીં પ્રવર્તે છે અને અહીંથી નિવર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રીજો બોલ. નિર્મમ. ગુરુ કહે છે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા. સર્વજ્ઞદેવ પરમગુરુ.

એ કહે છે. પરમ દિ' આવ્યું હતુંને તે દિ'? પહેલે દિ'. પરમેશ્વરના કહેણ આવ્યા છે આ. એય..! કહે છે કે હે શિષ્ય! આમ નિર્ણય કર. કે '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' પુણ્ય અને પાપના ભાવ. એ ક્રોધ છે. કેમ? કે પુણ્ય-પાપના ભાવનો પ્રેમ એને ત્રિકાળી આનંદના નાથનો અપ્રેમ નામ ક્રોધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ અને શાસ્ત્ર અને પંચપરમેષ્ઠી બધા આવ્યાને? એનો પ્રેમ એવો જે રાગ એનો પ્રેમ એને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આકરું આ તો પણ હોં! આ તો દુકાન ઉઠાવાની વાત છે. આહા..હા..!

કહે છે '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે, એનો સ્વામી જડ છે, હું નહિ. વ્યવહારરત્નત્રયના રાગનો સ્વામી જડ. સમજાય છે કાંઈ? આહા..હા..! એ જેનું '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું...**' પુણ્ય અને પાપના વિકલ્પની શૃંખલા અસંખ્ય પ્રકાર. આહા..હા..! અહીં તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો સ્વામી પુદ્ગલ. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું)...**' અનેક વિકલ્પોની જાળ રાગની. તે રાગનું અનેક પ્રકારનું ઉત્પન્ન થવું એનો સ્વામી તો પુદ્ગલ છે, એ હું એનો સ્વામી નથી. એ તો ઠીક બીજી વાત છે. '**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' હું આત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ એવો છું કે એ પુણ્યના પરિણામના સ્વામીપણે પરિણમવું એવો હું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો વિકલ્પ સહિતમાં આવો નિર્ણય કરાવે છે. ઓલાને પરસેવા ઉતરી જાય. ભાઈસાહેબ! મિથ્યાભાસ થઈ જશે હોં એકલું. વ્યવહારને કાંઈક ટેકો આપો તો અનેકાંત થાશે. એમ કહે છેને. લોકો એમ કહે છે બધા. અરે! ભગવાન! આનું નામ અનેકાંત છે કે વ્યવહારનો વિકલ્પ એનો સ્વામી થઈને પરિણમું એ હું નહિ. હું સ્વામી થઈને પરિણમું એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! ભારે આવું આકરું! આવું એક સાથે બધું ન લેવું હોં. ત્યાં ... આહા..હા..!

હું તો ચૈતન્ય. મારો સ્વભાવ આનંદ અને ધ્રુવ એ મારું સ્વ અને એનો હું સ્વામી, પણ પુણ્ય-પાપના વિકલ્પો એના સ્વામીપણે પરિણમવું સદાય એવો હું નથી. ત્રણે કાળે એના સ્વામીપણે પરિણમું એવો હું નથી. વ્યવહાર જેને સાધન, કારણ અને હેતુ કહ્યા. આહા..હા..! છઢાળામાં. ગજબ વાત છે. વીતરાગના નયો હે નાથ! તારી નય તો ઈન્દ્રજાળ જેવી છે, કહે છે. આહા..હા..! માટે ઉકેલ કરવો કહે છે એમ. આહા..હા..! ભગવાન આત્મા કહે છે કે '**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' .. હોય થોડું, પણ સ્વામીપણે પરિણમું એવું મારું સ્વરૂપ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને ઠેકાણે અહીં તો હજી બાયડી મારી, હું એનો સ્વામી, દ્વેષ મારો અને હું એનો સ્વામી. નૃપતિ. નર મારા મનુષ્ય અને હું એનો પતિ. લાખપતિ અને કરોડપતિ. આ લાખપતિ અને કરોડપતિ અને

આ ફલાણા પતિ. જડના? આ ઉદ્યોગપતિ. એય..! રમણિકભાઈ! આમણે પોતે બાહુબળથી ઉદ્યોગપતિ મહા ઉદ્યોગ આવો કર્યો, ઢીંકણું કર્યું. શાહુજીને બહુ ઓલા લોકો. અરેરે! આ બહારના ઉદ્યોગનો આ પતિ! અહીં તો વિકારી પરિણામનો સ્વામી થાય તોપણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એને એ રીતે હું પરિણમું છું સ્વામીપણે એ માનનાર મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ નિર્મળાનંદ આત્મા જ્ઞાન અને આનંદનો સાગર જ્યાં છલોછલ ભર્યો છે. આહા..હા..! 'એવો જે હું' એમ શિષ્યને ગુરુ કહે છે. જુઓ, આ ગુરુનો ઉપદેશ આવો હોય. આહા..હા..!

કહે છે, આહા..હા..! પુદ્ગલ દ્રવ્ય જેનો સ્વામી. ગજબ છેને. ત્યારે ઓલા તો કહે છે અમે કહીએ છીએ. કર્મથી વિકાર થાય. એ જુદી વાત છે. એય..! કર્મનું નિમિત્ત અને એનાથી થતી ઉપાધિ મારી દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એવો એનો સ્વામી નથી એમ કહેવું છે. પર્યાયમાં થાય છે વિકાર એને લઈને. કાંઈ કર્મને લઈને થાય છે? એ સ્વીકાર્યા પછીની વાત છે અહીં તો. આહા..હા..! રતિભાઈ! .. રાગ મારી જ નબળાઈનું કાર્ય અજ્ઞાનભાવે. અજ્ઞાનભાવે. એટલી કબુલાત ન હોય અને કર્મને લઈને વિકાર થાય એ તો મોટો ભ્રમ છે અજ્ઞાનીનો. અહીંયાં તો હું ભગવાન ચિદાનંદ જ્ઞાન જ્યોતિ ચૈતન્ય ચમકતો વીજળીનો દીવો સૂર્ય ચમકાર. એવો સૂર્ય પ્રભુ અનાદિ એવો હું. રાગમિશ્રિત વિચાર કરે છે. ગુરુ એને એમ કહે છે. કેવળી અને સર્વજ્ઞો અને સંતોનો આ સંદેશ છે. સમજાણું કાંઈ? ભાઈ! તારે જો મોક્ષની દશામાં જાવું હોય, તારા ઘરમાં જો તારે આવવું હોય, તો પરઘરની જે ચીજ નિમિત્તથી ઉત્પન્ન થયેલી. પુણ્ય અને પાપના ભાવ આસ્રવો એ રીતે એને મારા ધણીપતે હું પરિણમું સદાય એવો હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક-એક વાક્યમાં ઘણું ઉંડાણ ભર્યું છે.

'**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું...**' ક્રોધાદિ એટલે વિકારીભાવ. ઓહો..હો..! આહા..હા..! વિભાવભાવ. જે ભાવ વડે બંધન થાય એ બધા વિભાવભાવ. આહા..હા..! તીર્થંકરપણાનું બંધન પણ વિભાવભાવથી છે. સર્વાર્થસિદ્ધનો દેવનો ભવ પણ વિભાવભાવથી છે. એવા વિભાવ વિકારીભાવ એપણે સદાય સ્વામીપણે પરિણમું એવું મારું સ્વરૂપ જ નથી. આહા..હા..! વ્યવહારનો સ્વામી થઈને હું વ્યવહારપણે પરિણમું એ મારું સ્વરૂપ નથી. કહે છે એ '**નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું;...**' એ વ્યવહારના વિકલ્પની મમતા મને નથી. કેમકે મારામાં નથી અને એનું પરિણમન સ્વામીપણે હું કરું એવું મારું સ્વરૂપ નથી. આહા..હા..! ભારે આત્મા, ભાઈ! આ આત્મા આવો! આત્મા-આત્મા તો બધાય ઘણા કરે. આત્મા... આત્મા... આત્મા... પણ કેવો આત્મા એની ખબર વિના. આહા..હા..!

'**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' જાતે દ્રવ્યસ્વભાવ પોતે વિકારપણે પરિણમે (એમ નથી). આહા..હા..! હું તો વ્યવહારના રાગ એનાપણે સ્વામીપણે પરિણમું એ ત્રિકાળમાં મારો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપયોગ. મારો ઉપયોગ

જ એવો સ્વભાવ છે ત્રિકાળી. આહા..હા..! વસ્તુના સ્વભાવની દૃષ્ટિ કરાવવી છેને. ત્રિકાળ ભગવાન. જેની મોટપ, જેની મહિમા અને મોટપ એણે રાખી છે પોતામાં. એવો ભગવાન આત્મા. પણ અહીંયાં એક દાળમાં વેચાઈ જાય, આબરૂમાં વેચાઈ જાય, જરી વખાણ કરે ત્યાં 'આહા..હા..! આપણા વખાણ કર્યા.' અભિનંદ પત્ર આપે એક મોટું, ત્યાં ખુશી થઈ જાય. જન્મજયંતિ ઉજવે. અજ્ઞાનીની. આહા..! ત્યાં એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે કાંઈક ગણતરીમાં આવ્યા કાંઈક. અરેરે! ભ્રમણાની પોષણ છે બધી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, આહા..હા..! હું તો મમરહિત છું, મમતારહિત છું. એટલે? મમ એ મારું સ્વરૂપ. આહા..હા..! મમ ખાવું છે? છોકરાને નથી કહેતા? મમ-મમ. મમ ભાષા અહીંથી.. એટલે છોકરા આ ખાવું છે.. ખાવું છે આકરું પડે. એ ભાષા ન બોલી શકે. હોઠ હલે મમ-મમ અહીં બોલી શકે મમ. એવી સહેલી ભાષા છે એ. અને એવી ભાષા હોય એની. એને શીખવેને ઓલામાં. નિશાળમાં શીખવે એમ નહિ કે 'પાણી પા' એમ ન શીખવે. 'બા ભાઈ તું પાણી પા' એમ ન શીખવે. ભુ પા. પાછું અહીંથી બોલવાનું છેલ્લે. ભુ પા. અહીંથી બોલે. કારણ કે એવી શૈલી જ હોય. આહા..હા..! અહીં મમ. આહા..હા..! હું ચૈતન્ય આનંદનો કંદ એનો મમ એનો ખાનાર, અનુભવનાર. આહા..હા..! એમ કહે છે. એને આ પુણ્ય અને પાપના ધણીપતે થાવ એ હું નહિ. આહા..હા..! આકરું કામ. ઓલા પુણ્યને જરી વિષ્ટા કીધી હોય તો રાડ પાડે છે. રાડ પાડે છેને. ઊંટને ટેવ હોય. .. નાખે તોપણ ઉંકારા કરે અને .. ન નાખે તો ... નાખેને આમ બેસવાનું લૂગડું ટહુકારો કરે. પણ શું છે? હજી તો નથી અને ચડ્યો પણ નથી આદમી. આહા..હા..! ગાંગરે. પલાણ. પલાણ નાખે તો ગાંગરે મારો. આહા..હા..!

અહીં કહે છે ભગવાન! એ તારું મમ તો અંદર આત્મા આનંદ. એ મારું અને એમ માનનારને મમ નામ આનંદનો અનુભવ હોય. આહા..હા..! એને મમ મળે. પણ જે રાગ અને પુણ્યનો સ્વામી થાય એને ઝેરનો અનુભવ મળે. સમજાણું કાંઈ? આહા..હા..! એવા મમતારહિત છું. લ્યો! ત્રણ બોલ થયા. વિશેષ કહેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૧૦૦,
પ્રવચન નં. ૩૩૭, તા. ૦૨-૦૩-૧૯૫૧
(૦૬)

૯૯મી ગાથામાં એમ કહ્યું કે આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ એની જે પર્યાય, એની પર્યાયને જો આત્મા કરે તો પરદ્રવ્યરૂપ જે પર્યાયરૂપ જે પરિણામ એનો કર્તા આત્મા જે પરિણામી એ પરિણામી અને પરિણામ એક થતા પરના પરિણામમાં આત્માનું એકમેક થઈ જતા પરથી આત્મા જુદા રહેવાનો નાશ થઈ જાય છે, આત્મા જુદો રહી શકતો નથી. હવે અહીંયાં ૯૯માં એમ કહ્યું હતું કે આત્મા પરદ્રવ્યસ્વરૂપ પરિણામને વ્યાપ્યવ્યાપકપણે કર્તાકર્મ નથી. એટલે આત્મા વ્યાપક-પરિણમનારો થઈને સામા પદાર્થની અવસ્થાનું વ્યાપ્ય નામ કાર્ય કરતો નથી. એ તો ઠીક પણ અહીં તો કહે છે કે નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ કર્તા નથી. હવે આ ૧૦૦મી ગાથામાં કહેવાય છે.

'**ટીકા :-**' ટીકાથી લઈએ જુઓ, '**ખરેખર જે ઘટાદિક...**' વસ્ત્ર, પૈસો, પરજીવની દયા, પરજીવનું શરીર અને આત્માથી છૂટું પડવું અને પૈસાનું આવવું અને શરીરમાં રોટલાનું નહિ આવવું કે શરીરમાં રોટલાનું આવવું કે આ શરીરની અવસ્થા એ બધા પરદ્રવ્યસ્વરૂપ પર્યાય છે. એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ નામ પરિણામ છે અને ક્રોધાદિક એટલે જડ જે પરમાણુ કર્મ છે, ક્રોધ, માન, માયા આદિ જે જડ કર્મના પરિણામ છે એ પણ પરપદાર્થના પરિણામરૂપી કાર્ય છે, એને આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી. સમજાય છે કાંઈ? આત્મા શરીરની અવસ્થાને, કર્મની અવસ્થાને, ઘડાની, વસ્ત્રની, મકાનની, પૈસાની, દયાની, પરની હિંસાની એ અવસ્થાને આત્મા તેનું વ્યાપ્ય નામ પરિણામને પોતે પરિણામી થઈને કરતો નથી. એમ જો થાય તો પરના પરિણામમાં આત્મા તન્મય નામ એકમેક થઈ જાય. કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે. કહો, આ તો ૯૯ની વાતને ફરીને કહી છે. સમજાય છે કાંઈ?

આત્મપદાર્થ છે એ પર એટલે જીવ અને શરીરનો સંયોગ કે જીવ અને શરીરનો વિયોગ. પરના પૈસો જે છે એને લાવવો કે પૈસાને મૂકવો. મોહનભાઈ! આ શરીરની અવસ્થાનું નીચેથી ઉંચું કરવું અને ઉંચેથી નીચે કરવું. આંખની પાંપણ આમ છે તેને આમ કરવી અને આમને ઉપાડવી, એ પરદ્રવ્યસ્વરૂપ જે પર્યાય પરિણામરૂપી કાર્ય છે, એને આત્મા વ્યાપ્યવ્યાપક ભાવે તો કરતો નથી. એટલે કે એના પરિણામમાં પોતે ભળીને પરિણામી એટલે દ્રવ્ય, તે પરિણામમાં

પેસીને સામાના પરિણામને કરતો નથી. જો સામાના પરિણામમાં આત્મા તેમાં જઈને તે પરિણામને કરે તો આત્માની પૃથકૃતા-ભિન્નતાનો અભાવ થાય છે. કહો, સમજાય છે કાંઈ? શું આ ધર્મની વાત ચાલે છે. આત્મા કરનારો, થનારો, રચનારો, પરિણમનારો, બનાવનારો; કોને બનાવે? કોને રચે? કોને કરે? કોને બનાવે? કોની અવસ્થાને પરિણમાવે? કે જો આત્મા પોતે વસ્તુ છે એ આ શરીર, વાણી, પરપદાર્થ અનંત છે. એની વર્તમાન અવસ્થારૂપી પરિણામને વ્યાપક નામ પરિણમતો-પરિણમતો એને પરિણમાવી દે, આત્મા બદલતો-બદલતો પરપદાર્થની વર્તમાન અવસ્થાને બદલાવી દે, આત્મા રચતો-રચતો એ ઘટપટ પરની દયા, પૈસો, પુણ્યની અવસ્થા, જડની અવસ્થા રચતો-રચતો પરની અવસ્થાને રચે તો રચાયેલી અવસ્થામાં આત્મા ભળી જાય. ભળ્યા વિના પરિણામ પરનો અને પરિણામી બે જુદાં હોઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ? તો તો તન્મયપણાનો પ્રસંગ આવે. તો તો આત્મા તન્મય, તે મય, તે સ્વરૂપ, તેમાં ભળી જાય, આત્મા જુદો રહી શકે નહિ, પણ તેમ બનતું નથી. કહો, સમજાય છે કાંઈ? મોહનભાઈ! આ પૈસા-બૈસાનું આવ્યું છે કે નહિ તમારું?

અહીં ઘટપટાદિના નામ લીધા છે, પણ પૈસો, રોટલી, દાળ, ભાત, શાક, તપેલું, લાકડું, અગ્નિ, દિવાસળી એ ચીજની જે ક્ષણે-ક્ષણે અવસ્થા-પરિણામ-પર્યાય થાય એને આત્મા પરિણતો એના પરિણામને કરે તો એના પરિણામમાં ભળી જતાં પરિણામી એવો આત્મા જુદો રહી શકતો નથી અને આત્મા તેમાં એકમેક થઈ જાય છે. તો એમ કોઈ દિ' બનતું નથી. કહો, સમજાય છે કાંઈ? હવે આમાં તો વિશેષ વાત છે. આ ગાથામાં તો એથી વિશેષ છે. વળી આત્મા '**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' ઘડાને કુંભાર નિમિત્તપણે પણ કરતો નથી. વસ્ત્રને વણકર નિમિત્તપણે પણ કરતો નથી એનો આત્મા. રથને સુતાર એનો આત્મા નિમિત્તપણે પણ કરતો નથી. પરના શરીર અને આત્માનો વિયોગ જીવ નિમિત્તપણે પણ કરતો નથી. પરના શરીર અને આત્માના સંયોગરૂપી દયા, એના પરિણામને આત્મા નિમિત્તપણે કરતો નથી. કહો, સમજાય છે કાંઈ?

'**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી કારણ...**' ન્યાય આપે છે '**કે જો એમ કરે તો...**' નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. આ આત્મા એ નિત્ય દ્રવ્ય, નિત્ય વસ્તુ, કાયમનો સ્વભાવવાન પદાર્થ છે. એ કાયમની ચીજ વસ્તુ જે છે એ પરના પરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે તો ન કરે, પણ નિમિત્ત થઈને જો પરના પરિણામ કરવામાં નિમિત્ત થાય તો આત્મા નિત્ય દ્રવ્ય શુદ્ધ ત્રિકાળ છે, તો ત્રિકાળમાંથી પરને નિમિત્ત થવાનું જો કારણ આત્માના દ્રવ્યમાં હોય તો વસ્તુમાં નિમિત્તપણાનું કર્તવ્ય કોઈ દિ' છૂટે નહિ અને કોઈ દિ' આત્માની મુક્તિ થાય નહિ. કહો, સમજાય છે કાંઈ? જુઓ, ઘણી સરસ આ ૧૦૦મી ગાથા છે. કે વ્યાપ્યવ્યાપકપણે આ શરીરની, વાણીની, પરની દયાની, એક લાકડું આમ ઉપાડવું કે મૂકવું એ રૂપી પરિણામને આત્મા વ્યાપીને, પેસીને, પલટીને પલટાવે, પલટીને એને પલટાવે. તો

તો પરિણામ અને પરિણામી પલટેલા પરિણામ અને પલટાવનારો આત્મા બે જુદાં હોઈ શકે નહિ, બે જુદાં રહી શકે નહિ. તો તો આત્મા પરના પરિણામમાં ભળતાં ભિન્નતાના આત્માના દ્રવ્યનો નાશ થાય છે. માટે, પરિણામ-પરિણામીપણે પણ પરનો કર્તા નથી. નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ પરનો કર્તા નથી.

આત્મા વસ્તુ નિત્ય આનંદ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવવાન છે. એ ઘડા, વસ્ત્ર, મકાન, પૈસો, દાળ-ભાત, રોટલી, કલમ, પરનું જીવાડવું, મારવું એવું નિમિત્તપણે પણ પરના કર્તાના સંબંધપણે વસ્તુ દ્રવ્યનો જો સ્વભાવ હોય, પરપદાર્થના પરિણામનું નૈમિત્તિક કાર્ય, એમાં આત્મા તેનો નિમિત્ત થાય. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વસ્તુ સ્વભાવમાં જો હોય તો નિમિત્ત-નૈમિત્તિકના કર્તા વિકારનો સંબંધ કોઈ દિ' તૂટે નહિ અને કોઈ દિ' આત્માની મુક્તિ અને કલ્યાણ થાય નહિ. સમજાય છે આમાં? મનસુખભાઈ! વસ્તુ છેને વસ્તુ? આમ વસ્તુ એટલે નિત્ય જ્ઞાન, દર્શન આદિ શક્તિનો પિંડ છે. એ નિમિત્તપણે પણ પરના કર્તાપણામાં સંબંધવાળો સ્વભાવ જો હોય, પરપદાર્થની અવસ્થા વખતે, અનંતા પરપદાર્થની અવસ્થા વખતે નિમિત્તપણે પણ કર્તાના સંબંધવાળો જો વસ્તુનો સ્વભાવ જીવનો હોય તો પરના કર્તાના સંબંધ વિનાનો થઈ, સ્વભાવના કર્તામાં સ્થિર થઈ અને વીતરાગી થઈને કોઈ દિ' મુક્તિ થાય નહિ. કહો, સમજાય છે કાંઈ? ભાઈ! ગાથા તો ઘણી ઉંચી છે આ.

એટલે એનો અર્થ એ થયો કે સમ્યગ્દ્રષ્ટિ જીવ આત્મવસ્તુ ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું. એવી દ્રષ્ટિમાં પરપદાર્થના થતા પરિણામ વખતે નિમિત્તપણે પણ હું કર્તા છું એમ જ્ઞાની માનતો નથી. સમજાય છે? કેમ? કે વસ્તુ જે આત્મા નિત્ય જ્ઞાનાનંદ ધ્રુવસ્વભાવ છે. એનો જો પરવસ્તુના પરિણામમાં નિમિત્તપણે રહીને કર્તાપણાના આરોપિત સ્વભાવવાળો એનો ભાવ હોય. પરના પરિણામ પરથી થાય, પણ અનંતા પરપરિણામના પરિણામ વખતે જીવ દ્રવ્યને એ પરિણામ થયા માટે નિમિત્તપણે આ હતો આત્મા, એવા કર્તાપણાનો આરોપિત જો દ્રવ્યસ્વભાવ વસ્તુમાં હોય તો પરના કર્તા સંબંધીના આરોપિત ભાવરહિત આત્મામાં અણારોપિત વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થવાનો પ્રસંગ રહેતો નથી. કહો, સમજાય છે કાંઈ? એટલે એનો અર્થ એ થયો કે નિત્ય આત્મા વસ્તુ જે છે જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્યમૂર્તિ. એ પરપદાર્થની દયા, હિંસા, રોટલાનું પેટમાં આવવું, ન આવવું, બોલવું, ન બોલવું, શરીરની અવસ્થા થવી, ન થવી, જડકર્મના પરિણામનું થવું એવા અનેક પરપદાર્થના પરિણામ વખતે આત્માને નિમિત્તપણાના કર્તાનો આરોપ સ્વભાવ જો જીવદ્રવ્યને આવે તો નિમિત્ત સંબંધ વિનાનો ચૈતન્યદ્રવ્યની દ્રષ્ટિ થવાનો પ્રસંગ રહેતો નથી. સમજાય છે કાંઈ? દરબાર! આ તો ધ્યાન રાખીને સમજાય એવી વાત છે. સમજાય છે? સવારનો વિષય જરી સરસ હતો. આ પણ બધી વાત તો મહા ઉંચી અને સરસ છે. જરી એણે ધ્યાન રાખવું જોઈએ.

ભગવાન આત્મા અહીં કહે છે કે નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કરતો નથી. કોણ? આત્મા.

આત્મા. આત્મા કોને કહીએ? કે પુણ્ય-પાપના વિકાર અને કંપન્ન વિનાનું જે ત્રિકાળી નિત્યસ્વરૂપ તેને આત્મા કહીએ. એ આત્માનો નિત્ય જ્ઞાતા-દૃષ્ટા ધ્રુવસ્વભાવ એ પરપદાર્થના પરિણામ, પરનું પરને લઈને, પણ નિમિત્તપણાની ઉપસ્થિતિનો એની પર સાથે સંબંધનું જોડાણ હોય એવો આત્મદ્રવ્યમાં સ્વભાવ થાય તો આત્મા પરપરિણામને પરિણામમાં નિમિત્તપણાથી છૂટીને સ્વભાવસન્મુખ આવી શકે નહિ, તો આત્મામાં નિત્યપણે પરપદાર્થના પરિણામમાં નિમિત્તપણાના સંબધપણાનું કર્તૃત્વ કાયમ રહે. પરના પરિણામ કરે નહિ, પણ પરિણામ વખતે નિમિત્તપણાના આરોપિતરહિત થઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

વળી ભગવાન આત્મા નિમિત્ત-નૈમિત્તિક ભાવે એટલે કે આ શરીરની અવસ્થા થાય છે, વાણી બોલાય છે, આ રોટલો આવે છે, આ પુંજણી ઉપડે છે કે જે મોરપીંછી કે જે ચીજ ઉપડવાના પરિણામ થાય તે વખતના સંબંધવાળો આત્મા નિમિત્તપણાના કર્તાપણાનો આરોપ આવે એવો જો આત્મા થાય, તો પરના પરિણામ એ જાતના પુંજણી ઉપડવી, રોટલો થવો, દાળ થવી, શાક થવું, પરજીવ મરવો એવી દશા વખતની હાજરીમાં જીવ એને આરોપે અહીંયાં નિમિત્તપણાનો જો દ્રવ્યમાં સ્વભાવ હોય તો એ સંબંધ કોઈ દિ' તૂટીને વીતરાગી આત્મા થઈ પરજ્ઞેય જ્ઞેયરૂપે થઈ આત્માની મુક્તિ થાય એમ કોઈ દિ' બને નહિ. કહો, સમજાય છે કાંઈ? ઝીણું ભાઈ આવ્યું.

શ્રોતા :- સ્વભાવ સાથે...

ઉત્તર :- હા, સમજાય છે કાંઈ? ગાથા તો ભાઈ અલૌકિક છે. હવે કોઈ કહે કે ઉતારવી. તો ઉતારો. હવે આ તો વસ્તુ નીકળતા-નીકળતા નીકળે એ આવે.

અહીંયાં ભગવાન આચાર્યદેવ કહે છે, પ્રભુ! તું આત્મા છો. આત્મા અનંત પરવસ્તુને પરિણમવા ટાણે, થવા ટાણે, પોતાથી થાય એવું જો એ માને તો તે પરિણામ ને આત્મા બે જુદાં રહી શકતા નથી. એ દોષ આવે છે. અને આત્માનો નાશ થાય છે. એ વાત વ્યાપ્યવ્યાપકપણાના કર્તાકર્મ સંબંધનો નાશ બતાવ્યો. બીજી વાત, જે જીવને આ શરીર ચાલે, આ ચાલે છે આંગળી જુઓ, એ વખતે આત્મામાં એ ચાલે છે પરિણામ શરીરને લઈને, પણ આત્મામાં નિમિત્ત થવાનો સ્વભાવ છે તો શરીરની અવસ્થા વિનાનો આ નિમિત્તના આરોપિત રહિત થવાનો સ્વભાવ જીવમાં કોઈ દિ' પ્રગટે નહિ. શરીર રહે અને શરીરમાં આત્માને નિમિત્તપણે આરોપ આવે એવી દશા વિનાનો કોઈ દિ' જીવ થઈ શકે નહિ. ભાઈ! વિજયભાઈ! સમજાય છે કાંઈ? ધ્યાન રાખો, ભાઈ! આ વાત તો અલૌકિક વાતું છે આ. આ કાંઈ સાધારણ વાત નથી. આ સમજે એના સંસાર ત્રણકાળમાં રહે નહિ અને આ સમજ્યા વિના સંસારનું નિમિત્ત-નૈમિત્તિકપણું કોઈ દિ' તૂટે નહિ. ખ્યાલમાં વાત આવવી જોઈએ કે આ આત્મા વસ્તુ છે, પદાર્થ છે, ત્રિકાળ નિત્ય સ્વભાવ છે. એ રોટલો, દાળ, ભાતના પરિણામ જ્યારે થાય શાકના ચૂલા ઉપર એ વખતે આત્મા એને.. નિમિત્તપણે આ થાય છે તો એનાથી,

પણ અહીં નિમિત્તપણે કર્તા એવો આરોપ આવે તો દાળ, ભાત, રોટલાના સંબંધ વિનાનો થઈ, જ્ઞાયક થઈ, રાગ વિનાનો થઈ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરી વીતરાગી શ્રદ્ધા કરી અને પરનો સંબંધ કોઈ દિ' તોડી શકે નહિ. શું કહ્યું સમજાય છે કાંઈ?

ઘડાનો, વસ્ત્રનો, રથનો આત્મા નિમિત્તપણે કર્તા હોય તો જગતમાં ઘડા, રથ અને વસ્ત્ર, રોટલા, દાળ, ભાત તો પરમાણુમાંથી થવાના છે, કાંઈ થયા વિના રહેવાના નથી. તો તે તે વખતે તે પરિણામ થાય ત્યારે આત્મા જે વસ્તુ દ્રવ્ય છે એમાં તે પરિણામ તો પરિણમાવી દીધા. સામા પરિણામથથી થયા, પણ તે પરિણામને નિમિત્તપણે આત્મા કર્તાનો આરોપ આવે એવો જો આત્મા થાય તો તો તે ઘટપટરથના પરિણામ વખતે એ આત્માની ગેરહાજરી થાય એવો પ્રસંગ કોઈ દિ' રહેતો નથી. સમજાય છે કાંઈ આમાં? મોહનભાઈ! જેની જેમાં નોકરી હોય એની ગેરહાજરી રહેવાય એને? કેમ નવરંગભાઈ! અને ગેરહાજરી રહે તો એટલું એને ઓલું કહેવાય. અને અહીં તો ગેરહાજરી સમયમાત્ર ન રહી શકાય. ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ, વસ્તુ જે દ્રવ્ય છે એ ચૈતન્ય જ્ઞાતા અનંતગુણનો પિંડ અભેદ જે સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય. એવો જે આત્મા.. પરપદાર્થ અનંતો અનંત-અનંત છે. એના પરપદાર્થના વિભાવ પરિણામની અનેક અનંત દશાઓ થાય છે. મરવાની, કપાવાની, છેદાવાની વગેરે શરીરની કે બીજા જીવને એ શરીર આ ગયું અને આવ્યું એવા એને દુઃખના પરિણામ સામાને થયા. સામાને એને કારણે. એવા પરિણામ વખતે જીવ તેના પરિણામનો નિમિત્તપણે પણ જો કર્તા હોય તો એ જીવની હિંસાના પરિણામ વખતે જીવને જે દુઃખ થાય એવા પરિણામથી આનું નિમિત્તપણું કોઈ દિ' છૂટે જ નહિ. એટલે કે જીવ એના રહિત એ જ્ઞાયક, એ જ્ઞેય અને આ જ્ઞાયક. એવી દશા થવાનો પ્રસંગ કોઈ દિ' આવે નહિ. ભાઈ! હિંમતભાઈ! આ ૧૦૦મી ગાથા છે આ. સમજાય છે? બહેનોને કહે ભાઈ ઉતારવું છે આમાં. કે ભાઈ ઉતારો. છે તો સારું આ ઉંચું. કેમ? છે તો આ ગાથા ઉંચી, પણ પછી અહીં તો નીકળે તો એ પ્રમાણે નીકળેને. કાંઈ ત્યાં તૈયાર કરી રાખ્યું છે?

એટલે અહીંયાં શું કહેવાણું? ભગવાન આત્મા એક-એક વસ્તુ આત્મા નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કરતો નથી. આહા..હા..! ગજબ વાત કરી છે. જુઓ તો ખરા. કેમકે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો ત્યાં પ્રસંગ આવે. એટલે કે આ એનો અર્થ થાય છે આ તો. પ્રવિણભાઈ! એનો અર્થ થાય છે. સમજાય છે આમાં? મોહનભાઈ! કે પાંચ લાખ રૂપિયા આવ્યા. એ આવ્યાના પરિણામ થયાને? એ પરિણામ તો કર્યા પરમાણુએ, એ તો પરમાણુએ, પણ એ વખતે આત્માને નિમિત્તપણે. આ આવ્યા એનો નિમિત્તપણાનો અહીંયાં આરોપ આવે. રૂપિયા આવ્યા, લક્ષ્મી ગઈ, આને ઘરે આવી એનો અહીંયાં નિમિત્તપણે આરોપ આવે, તો લક્ષ્મી અને રાગ અહીંયાં આરોપ એ બેનો સંબંધ કોઈ દિ' તૂટે નહિ. એટલે લક્ષ્મીના મમત્વ વિનાનો થઈ દ્રવ્યસ્વભાવ દૃષ્ટિ કરી, મમતાના

અભાવરૂપ થઈ પરના પરિણામ વખતેની ગેરહાજરી થઈ એવી દશા થાય નહિ. કહો, સમજાય છે કાંઈ?

જુઓ, ૧૦૦મી ગથા અલૌકિક છે, ભાઈ! આ એક ઉપર બે મીંડા ચડ્યા પૂરું થયું સો આખું. એટલે આખી વાત અખંડ વર્ણવી દીધી છે. જે ૯૯નો મેળ કર્યો ટીકામાં ભગવાન અમૃતચંદ્રાચાર્યે. પણ આ નિમિત્ત-નૈમિત્તિકભાવને કહીને વસ્તુ આત્મા દ્રવ્ય આત્મા, ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા એ જગતના બધા કામ તો એને કારણે થાય, પરને લઈને, પણ બધા કામ વખતે આને નિમિત્તનો આરોપ આવે તો તો બધા કામમાંથી કોઈ દિ' નિમિત્તના આરોપ વિનાનો થઈ, એનામાં નિમિત્તપણાના કર્તૃત્વ વિનાનો રહી, જ્ઞાતા-દૃષ્ટા થઈ, વીતરાગ થાય અને પરનો સંબંધ તૂટે એવો પ્રસંગ રહેતો નથી. કહો, સમજાય છે કાંઈ? પ્રેમચંદભાઈ! શું કહ્યું સમજાણું? કે આ લગનના થાય માંડવા અને થાય લાડવા અને એ વખતે ઢોલ વાગે અને ત્રાસા વાગે. એના જે પરિણામ થાય.. એના પરિણામ એનાથી. એના પરિણામ એનાથી. પણ ત્યાં રહેલો આત્મા એને નિમિત્તપણે કર્તા છે એવો જો સંબંધ દ્રવ્યને કહી દો, નિમિત્તપણે, થાય એનાથી, થાય એનાથી, પણ અહીંયાં નિમિત્તપણે છે એવો આરોપિત વસ્તુને જો લાગુ કરી ઘો તો એ લગન, એ બધા ત્રાસા અને એ બધા લાડવા એવા જ્યારે-જ્યારે થાય ત્યારે-ત્યારે જીવના પરિણામનો સંબંધ એનાથી છૂટે નહિ. કેમકે આત્મદ્રવ્યમાં નિત્યકર્તાપણાનો પ્રસંગ એને ગળે વળગે. ..સમજાણું કાંઈ?

દલીચંદભાઈ! હિંમતભાઈ! આ વાત સમજાય? આ તો નિમિત્ત-નૈમિત્તિકપણાનો પ્રસંગ કેમ નથી? કે જો એને પ્રસંગ લ્યો તો એ કસાઈ જ્યારે બોકડા કાપે, સમજાય છે? એટલે કપાય, બોકડો કપાય એ વખતે જે આત્મા ત્યાં છે, આત્મા ત્યાં છે અને બોકડો કપાય છે, ક્રિયા થાય છે. એ પરિણામ પરિણામીથી થાય છે. એ કોનાથી થાય છે? એ પરિણામી પરવસ્તુથી એ પરિણામ થાય છે. શરીરનું ચાલવું અને બોકડાનું કપાવું એ પરિણામ તો પરિણામી પરચીજથી થાય છે, આનાથી થતા નથી. આ જીવથી જો એ પરિણામ થાય તો પરિણામી અને પરિણામ જુદાં રહી શકે નહિ, તો તે પરિણામમાં જીવનું એકમેક થતાં જીવનો અભાવ થઈ જાય છે. માટે તેના પરિણામનો કર્તા આત્મા નથી, પણ તે વખતના પરિણામ જે ત્યાં થયા સામી અવસ્થામાં તે વખતના આત્માને દ્રવ્ય આત્માને, વસ્તુ આત્માને, દ્રવ્ય આત્માને નિમિત્તપણાનો આરોપ જો વસ્તુને આપી ઘો તો તે તે નિમિત્તપણાનો પ્રસંગ એને કોઈ દિ' છૂટશે નહિ. પ્રાણભાઈ! તો એ બોકડાની જે હિંસાની ક્રિયા થાય છે એના સંબંધનો જે નિમિત્તભાવનો આરોપ આ જીવમાંથી છૂટે નહિ. એટલે કે જીવ સ્વભાવ સન્મુખ થઈને પરના સંબંધને તોડીને રાગની પર્યાયબુદ્ધિ છોડીને, દ્વેષની પર્યાયબુદ્ધિ મૂકીને સ્વભાવબુદ્ધિમાં આવે એવો પ્રસંગ રહેતો નથી. કહો, સમજાય છે?

આ તો અજ્ઞાનીના આત્મામાં એ દ્રવ્યમાં જો નિમિત્તપણાનો આરોપ આવે તો આમ

થાય. એનો અર્થ એવો થયો કે જ્ઞાનીનો આત્મા.. ભાઈ! એનો અર્થ એવો થયો કે જ્ઞાનીનો આત્મા પર અવસ્થાના જ્યાં-જ્યાં પરિણામ થાય તે-તે વખતની તે-તે સામાની યોગ્યતા પ્રમાણે. તે વખતે જ્ઞાનીનો આત્મા નિમિત્તપણે પણ કર્તા થાય એવો આરોપિત થાય એવો એનો સ્વભાવ નથી. કહો, સમજાય છે કાંઈ? કેમકે જ્ઞાનીની દૃષ્ટિ રાગ અને પુણ્ય અને વિકલ્પ ઉપર છે નહિ. અને એના ઉપર નથી તો નૈમિત્તિક ક્રિયામાં મારો સંબંધ છે... એ રાગને અને એને સંબંધ છે, દ્વેષને એને સંબંધ છે, યોગને એને સંબંધ છે. એટલે જ્ઞાનીને જોગ અને રાગ જે રહ્યા એનો સ્વામી નથી અને જોગ અને રાગ ઉપર જ્ઞાનીની દૃષ્ટિ નથી. એથી જ્ઞાની જીવ પરવસ્તુના પરિણામમાં નિમિત્તપણે કર્તાનો આરોપ આવે તેવો પણ રહ્યો નથી. કહો, સમજાય છે કાંઈ?

અજ્ઞાનીના આત્મામાં નિમિત્તપણાનો દ્રવ્યમાં જો આરોપ દઈ ઘો તો કોઈ દિ' એને વિકારરહિત થઈ જગતના જેટલા કામો છે તે વખતની હાજરીમાં એને તે પરિણામ જે થવા જોઈએ એ પરિણામરહિત થઈ અને સ્વભાવની દૃષ્ટિ કરે એવો પ્રસંગ રહેતો નથી. કહો, સમજાય છે કાંઈ? એનો સાર આ છે કે ભગવાન આત્મા જે ગુણ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતગુણનો અભેદ વસ્તુ છે તે વસ્તુની દૃષ્ટિમાં નિમિત્તપણે આ આત્મા પર્યાયપણે ત્યાં પર્યાય થાય છે અને અહીં પર્યાય નિમિત્તપણે પણ કર્તા હું છું એવો સ્વીકાર જ્ઞાનીના હૃદયમાં હોતો નથી. કહો, સમજાય છે કાંઈ? અને અજ્ઞાનીના આત્માને વિષે પણ જો ત્રિકાળી દ્રવ્યમાં આરોપ દઈ ઘો... કેટલી વાત સ્પષ્ટ કરી છે!

વસ્તુ તો વસ્તુને કાળે પરિણમે છે. સમજાય છે? ઘણા દાખલા આપ્યા છે આ બધા કે ભાઈ! ભગવાનની મૂર્તિ દેખીને પરિણામ થાય છે, ફલાણાના આમ થાય છે, ઢીંકણા પરને લઈને અહીં થાય છે. ભાઈ! પરને લઈને અહીં થયા કરે તો એને રાગ થયા જ કરે અને રાગના નિમિત્તનો સંબંધ કોઈ દિ' છૂટે નહિ. જ્ઞાનીને નબળાઈને જે રાગ થાય છે તે સ્વભાવ ઉપરની દૃષ્ટિ છે, એથી નબળાઈના રાગનું જ્ઞાન થાય છે. પણ નિમિત્તને લઈને રાગ થાય છે અને રાગ છે તો તે તેને સામા નિમિત્ત જે પરિણામ થયા, માટે તે રાગ છે, માટે આત્મા આખામાં નિમિત્તપણાના કર્તાનો આરોપ દઈ દેવો એ રાગ વિનાનો આત્મા થવાનો પ્રસંગ રહેતો નથી. કહો, સમજાય છે કાંઈ? વીરજીભાઈ!

જુઓ, '**વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' એટલે જગતના જે પદાર્થોના પરિણામ પદાર્થને કાળે થાય. પદાર્થના પરિણામ શરીરના, વાણીના, દાળના, ભાતના, રોટલાના, ઘડાના, વસ્ત્રના, રથના, કપાટના, લૂગડાના, કાચના. આ કાચના એટલે આ ગોઠવે છેને કાચ? કે કાચ કાપેને આમ કાચ કાપતો નથી? ઘોડો કાપેને આમ ફડાક દઈને. એ કાપવાના પરિણામ જે ત્યાં થયા એ પરિણામમાં જીવ દ્રવ્યને નિમિત્તપણે આરોપિત કરો તો કાપવાની જ્યાં જ્યાં ક્રિયા ત્યાં ત્યાંથી આનું નિમિત્તપણું છૂટશે નહિ અને નિમિત્તપણું નહિ છૂટે એટલે

વીતરાગી દૃષ્ટિ થશે નહિ અને વીતરાગી દૃષ્ટિ થયા વિના એકલો જ્ઞાયક થશે નહિ અને જ્ઞાયક થયા વિના સામા એકલા જ્ઞાયકજ્ઞેયનો સંબંધ નહિ રહે. નિમિત્ત-નૈમિત્તિકપણાનો કાયમ સંબંધ રહેતા જ્ઞાયક અને જ્ઞેયનો સંબંધ કોઈ દિ' પ્રગટશે નહિ. કહો, સમજાય છે કાંઈ? જેઠાભાઈ! સમજાય છે? જુઓ, વાત તો ભાઈ! આ સમજે છૂટકો છે. કેમ? ઝીણી પડે, કાંઈક વિચારવા માટે વખત જોઈએ. ઉંડો એનો મર્મ તપાસવા માટે એકાગ્ર થવું જોઈએ, પણ વસ્તુસ્થિતિ શું છે એને જાણ્યા વિના ચૈતન્યનો પત્તો ખાય નહિ. ભગવાન આચાર્ય સ્પષ્ટ કરી નાખે છે.

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता।।१००।।

જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;
ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.

ભગવાન આત્મા પરપદાર્થના પરિણામના કાળે નિમિત્તપણે પણ આત્મા કર્તા છે એવો જીવદ્રવ્યનો સ્વભાવ નથી. અને નિમિત્તપણે કર્તાના આરોપિતવાળો જો જીવ દ્રવ્યને માનો તો પરપદાર્થના જ્યાં જ્યાં કસાઈના કામ, મરણના કામ જ્યાં-જ્યાં થતા હોય તે-તે પરિણામ વખતે આત્માની ગેરહાજરી થઈ શકશે નહિ. સમજાય છે કાંઈ? કારણ કે ત્યાં-ત્યાં અનંતા પદાર્થો પરિણમી રહ્યા છે. નિગોદના શરીર પરિણમી રહ્યા છે. ધ્યાન રાખજો. નિગોદનું શરીર પરિણમી રહ્યું છે. જો નિગોદના શરીરના પરિણમન વખતે જીવદ્રવ્યને નિમિત્તપણાના કર્તાનો આરોપ આપો તો તે શરીરના પરિણામ વખતે કોઈ દિ' નિમિત્તના આરોપિત વિનાનો થઈને સમ્યગ્દર્શન થાય અને જ્ઞાયક થાય તે પ્રસંગ રહેશે નહિ. કહો, સમજાય છે કાંઈ?

આ તો હવે નિગોદનું ભાઈ લીધું છેલ્લે. એ પર છે કે નહિ? પ્રાણભાઈ! નિગોદનું શરીર એ પર છે કે નહિ? એ નિગોદના શરીરના પરિણમન જે થાય છે એને આત્મા પોતે પરિણમાવે છે એમ તો નથી. જો એમ હોય તો નિગોદના શરીરના પરિણામ જડમાં ચૈતન્યનો ભેળસેળ થઈ જાય, તો ચૈતન્ય જુદો રહે નહિ. એક વાત. પણ નિગોદના શરીરના પરિણામ વખતે આત્મદ્રવ્યને તે શરીરના પરિણામમાં, પરિણામ તો શરીરના થયા, પણ એ આત્મદ્રવ્યને, આત્મ વસ્તુને, આત્મા ત્રિકાળ શક્તિ સંપન્ન તત્ત્વને આ નિમિત્તપણે કર્તાનો જો દ્રવ્યને આરોપ આપો તો એ નિગોદના સંબંધ વિનાનો કોઈ દિ' થશે નહિ. કહો, સમજાય છે કાંઈ? હિંમતભાઈ! નિગોદના જીવનો કર્તા રહ્યા કરશે તો તો. તો તો નિગોદના શરીરના પરિણામ થાય અને આને નિમિત્તપણાનો આરોપ આવે બેનો સંગ કોઈ દિ' તૂટે નહિ. માટે, કહે છે કે નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કરતો નથી. કેમ? કે જો એમ કરે તો નિત્યકર્તૃનો પ્રસંગ આવે. આ એનો અર્થ. રોટલી કરવા વખતે અગ્નિ નીચે અને રોટલી કરે એ સ્ત્રીનો આત્મા એ પરિણામ તો રોટલીના રોટલીથી થાય છે, પણ આ આત્મા એનો જો આખો આત્મા નિમિત્તપણે કરવાનો

આરોપ એને દઈ ઘો તો રાંધવાના જ્યારે-જ્યારે પર્યાયો જડમાં થાય ત્યારે-ત્યારે તે-તે આત્માને નિમિત્તપણાના પરિણામનો આરોપ આવ્યા કરે અને કોઈ દિ' જ્ઞાયક થાય નહિ. કોઈ દિ' જ્ઞેય કરીને જ્ઞાયક થઈને કેવળજ્ઞાન પામે નહિ. એટલે કેવળજ્ઞાન પામે નહિ એટલે કેવળજ્ઞાન પામવાનું પર્યાય અને રાગથી વિમુખ થઈને સ્વભાવસન્મુખ દૃષ્ટિ કરવાનો એને પ્રસંગ રહેતો નથી. કહો, સમજાય છે કાંઈ આમાં?

આમાં તો ઘણો નિકાલ થાય છે આમાં. આ રૂપિયાનું અને આ વકીલાતનું બધું. કહે છે કે વકીલાતની ભાષાની નીકળી અને જજના પરિણામ થયા તે જજના પરિણામ વખતે અને ભાષાના પરિણામ વખતે પરિણામ તો જડથી થયા, પણ ચૈતન્ય દ્રવ્યને તેને નિમિત્તપણે આરોપિત દઈ ઘો તો તેના સંબંધથી કોઈ દિ' નિમિત્ત કર્તૃત્વરહિત વસ્તુ તો થશે નહિ. એટલે ચાર ગતિમાં ચોર્યાસીના અવતારમાં રજળવામાં રહેશે. એ જ્ઞાયક થશે નહિ. માટે ભગવાન આત્માને પરપદાર્થના પરિણામ અવસ્થા ટાણે એ અવસ્થા નૈમિત્તિક એને કારણે, પણ નિમિત્તથી થયા એ તો નહિ, નિમિત્તથી થયા એ તો નહિ.. સમજાય છે કાંઈ? ભારે ભાઈ વાંધા આ તો! જગતના જે જડ આદિ બીજા આત્માના પરિણામ થાય છે એ અહીં જીવ છે માટે જીવના પરિણામ છે માટે થાય છે એ વાત તો અહીં નથી, પણ ત્યાં પરિણામ થાય છે તેનાથી. એને જીવદ્રવ્યને નિમિત્તપણે આરોપ દઈ ઘો, નિમિત્તપણાના કર્તાપણાનો આરોપ દઈ ઘો, તો તેના સંગરહિત, સંબંધરહિત, પરની પર્યાયબુદ્ધિ રહિત અને પરલક્ષની રુચિ રહિત સ્વભાવ રુચિ કરી અને દ્રવ્યસ્વભાવ જાણવાનો પ્રસંગ રહેતો નથી. કહો, મોહનભાઈ! બરાબર છે આ? દાખલા વિના માણસને પાકું બેસે નહિને. કાલે પણ દાખલા બીજા આવ્યા હતા. કાલે પરિણામ અને પરિણામીના હતા. હવે આજ જરી નિમિત્ત-નૈમિત્તિકના દૃષ્ટાંતો એને ખ્યાલમાં આવવા જોઈએને.

એક માણસ કહે કે જો ભાઈ! મારી હાજરી હતી માટે આ પરિણામ સામાના થયા. એ વાત તો બહુ જૂઠી. કેમકે એમાં તો આખા આત્માનો અભાવ થાય છે. એમાં તો આખા આત્માનો અભાવ, જુઓ, આખા આત્માનો અભાવ. ઓલામાં તો દ્રવ્ય રહે છે, પણ રખડતો રહે છે. શું કહ્યું સમજાય છે કાંઈ? કોઈ એમ કહે કે આ જગતના શરીર, વાણી, મનના, આ લાડવા, રથ, ઘટ, પટ જે અવસ્થા કર્મની થાય, એ બધી અવસ્થા થાય, એ અવસ્થા મારાથી થઈ, તો તો તે પરિણામ અને પરિણામી જુદાં રહી શકે નહિ. એટલે એ તો આખા આત્માનો અભાવ થયો. હવે એ આખા આત્માનો અભાવ કોઈ કહે કે અમારે નથી થતો. અમે તો એમ કહીએ છીએ કે પરપદાર્થના પરિણામ થાય ત્યારે અમે નિમિત્તપણે તો કર્તા ખરાને? નિમિત્તપણે કર્તાનો અર્થ કાર્ય તો એને લઈને ત્યાં થાય. કાર્ય તો શરીરની અવસ્થા શરીરને લઈને, વાણીની અવસ્થા વાણીને લઈને, ઘટની અવસ્થા ઘટને લઈને, પટની અવસ્થા પટને લઈને. લાડવાની અવસ્થા લાડવાને લઈએ, કલમની અવસ્થા કલમને લઈને. એ એને

લઈને થાય. ઓલો તો એમ કહેતો હતો કે હું હોઉં તો થાય. એટલે હું હોઉં તો થાય તો તું એમાં પેસી ગયો એટલે તારો આખો અભાવ થઈ ગયો. હવે તું હોય તો થાય એ ગયું, પણ એ હોયને ત્યારે અમે નિમિત્તપણાના કર્તાપણા તો ખરાને? એવો નિમિત્તપણે કર્તૃત્વ એવું તો અમારામાં આરોપ આવેને? ત્યાં કામ થાય અને અમે હોઈએ તો તે કામ એનાથી થાય, પણ અમને નિમિત્તપણે તો.. નિશ્ચયથી તે કર્તા, ઉપાદાનપણે તે કર્તા, ખરેખર તે પરિણમ્યો માટે તે કર્તા, પરિણમ્યો તે કર્તા, અમે પરિણમ્યા નથી, પણ અમે નિમિત્તપણે કર્તા તો ખરાને? જો નિમિત્તપણે કર્તા હોય તો તારા આત્માનો નાશ નહિ થાય, સમજાય છે? પણ આત્મામાં રખડવાનો નાશ કોઈ દિ' નહિ થાય. વાત સમજાય છે કાંઈ? હિંમતભાઈ!

આ ૯૯ અને ૧૦૦માં બેમાં ફેર. એ ૯૯માં તો એક આત્મા સિવાય બીજા અનંતા આત્મા અને એક આત્મા સિવાય બીજા અનંતા પુદ્ગલો. એના પરિણામ એક વખતે એમ કહેને, એક વખતે. કે આ શરીરની અવસ્થા હું હતી તો થઈ, તો આ પરિણામને મેં કર્યા. એમ થયોને અર્થ? તો એક વખતે પણ જે પરિણામને વખતે મેં પરિણામ, તો એ વખતે આખો આત્માનો અભાવ થઈ જાય છે. એ ત્રણેકાળમાં એ આત્મા રહેતો નથી. કારણ કે જ્યાં જ્યાં પરિણામ થાય ત્યાં-ત્યાં ભળી ગયો, જ્યાં-જ્યાં પરિણામ ત્યાં ભળી ગયો એટલે આત્માનો અભાવ થઈ જાય. માટે કહે છે કે એ વાત તારી સાચી નથી. પણ જ્યાં-જ્યાં કર્મની, શરીરની, પરજીવની, દયાની, મંદિરની આ .. આજ મેં ઈચ્છા કરી માટે રોટલા ન આવ્યા અને અમુક ઈચ્છા કરી માટે રોટલા ખાધા. એ પરિણામ જે રોટલાના અહીં પેટમાં નહિ આવવાના અને દૂર રહેવાના એ પરિણામમાં અમે નિમિત્તપણે તો કર્તા ખરાને? તો કહે છે કે રોટલા સંબંધીનું જે લક્ષ, એનો જે ત્યાં થયેલા પરિણામનો અહીં નિમિત્તપણાનો અહીં આરોપ, એ આરોપિત રહિત થવાનો પ્રસંગ તને બનશે નહિ. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત આ તો ભાઈ આકરી! આ તો ઓલા નિમિત્ત-નૈમિત્તિકવાળા તકરાર કરે છે એનું તો ક્યાંય ફૂ થઈને ઉડી ગયું આમાં તો. પોપટભાઈ! ઓલા કહેને, ભાઈ! અમે નિમિત્ત ખરાને. નિમિત્ત આવે તો થાયને, ન આવે તો.. ઘડો કુંભાર આવે તો થાય અને ન આવે તો ન થાય. એ વાતમાં તો કુંભાર એ ઘડાના પરિણામનો કર્તા થઈ જાય છે. કર્તા થતા કુંભારનો આખો અભાવ થઈ જાય છે. પણ ઘડો અહીં થાય છે ત્યારે કુંભાર અહીં છે, તો એના આત્માને નિમિત્તપણાના કર્તાનો આરોપ ખરોને? ઉપાદાનપણાનો કર્તાપણું યથાર્થ ત્યાં, નિમિત્તપણાનું કર્તાપણું અહીંયાં આરોપ. વ્યવહાર તો ખરોને અહીં આ બાજુમાં? ભાઈ! જો એમ હોય, ઘડા વખતે જ્યારે ઘડા થાશે તેના વખતનો જે રાગ અને યોગ એ લક્ષ વિનાનો આત્મા કોઈ દિ' થશે નહિ. અનાદિ-અનંત જોગને ઈચ્છાનો કર્તા પર્યાયબુદ્ધિવાળો એ નિમિત્તપણે કર્તા છે એમ સ્વીકારે છે. કહો, સમજાય છે કાંઈ? ..ભાઈ! પછી ભાવાર્થમાં તો કહેશે હોં પર્યાય પછી વાત. એ શું છે એ વાત પછી. અત્યારે આ વાત છે આ સાંભળો.

એ પછી શું? પણ એ પછી શું એ પછી. કહો, સમજાય છે કાંઈ?

કેટલી વાત છે? ભાઈ! તું પરિણામી એક પદાર્થ છો. પરિણામ સ્વભાવિક, સ્વભાવ પરિણામ એટલે ચૈતન્ય પરમપારિણામિક સ્વભાવની મૂર્તિ છો, વસ્તુ છો. એવી ચીજને જગતના શરીરો, નિગોદના, વાણીના, ગાળ દેવાય, ગાળ દેવાય, ભાષામાં ગાળ કે ભાષામાં સત્ય બોલાય, સત્ય બોલાય ભાષામાં સત્ય બોલાય, સત્યની ભાષા થાય, એ સત્યની ભાષાના પરિણામ તો ભાષાથી થયા, આત્મા છે માટે થયા તો આત્માનો અભાવ; પણ ભાષાથી થયા એને નિમિત્તપણાનો આરોપ જીવમાં આવે તો તેના દ્રવ્યમાં વિકારીપણાના કર્તૃત્વનો અભાવ કોઈ દિ' થશે નહિ. કહો, સમજાય છે કાંઈ? ઓલા સરસ કહે છે. ..શેઠ આ કાઠિયાવાડી સરસ ભાષા બહુ મીઠી છે કહે. રસવાળી છે. આ અમૃતરસવાળી એમ કહે.

અહીંયાં કહે છે. ઓલામાં તો એમ કહ્યું હતુંને તન્મય થઈ જાય. જુઓ, એકમાં બે લઈ લીધું. સામાના પરિણામ હું હોઉં તો થાય. તો તે દ્રવ્ય એમાં વયું જાય. એટલે આખા દ્રવ્યનો અભાવ. સામાના પરિણામ બધા ત્રણકાળના પદાર્થના પરિણામ, એક વખતના પરિણામ જડના, મરવાના, કસાઈના કે એ વખતના, દેહની ક્રિયાના. એ વખત દેહની ક્રિયા કે ભાષામાં સત્ય બોલવાના પરિણામ થયા ભાષાના. એ વખતે નિમિત્તપણાનો આરોપ ખરોને જીવને? તો બોલવાના, ભાષા વખતે જે નિમિત્તનો આરોપ છે એ વિનાનો આત્મા કોઈ દિ' થઈ શકશે નહિ. એટલે આત્મા નિમિત્તપણે પરપદાર્થનો નિમિત્તપણે કર્તા, આરોપિતવાળા ભાવવાળો અનાદિ-અનંત રહેશે. અનાદિ-અનંત રહ્યો એટલે સંસાર અને નિગોદ સિવાય બીજી એની મૂળ નીચી દશા છે નહિ. વચલી દશા ભલે સ્વર્ગમાં આદિ જાય, પણ એ નિગોદમાં ઘણો કાળ રહેવાનો. કારણ કે નિમિત્તના આરોપરહિત થવાનો સ્વભાવ એણે માન્યો નથી. કહો, સમજાય છે કાંઈ? ક્યારે? કે પણ હવે નજરે દેખાય છેને કાંઈક.

'**તન્મયપણાનો પ્રસંગ આવે; વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' આ એક બે લીટીમાં ગજબ વાત છે. સમજાય છે? જો નિમિત્ત-નૈમિત્તિકભાવે. નૈમિત્તિકભાવે એટલે? જ્યારે-જ્યારે જડની અવસ્થા જે બનવાની હોય, તે-તે બનવાની અવસ્થાને નૈમિત્તિક કહે છે. જે બનવાની હોય એટલે? છરી બોકડા ઉપર આમ ચાલે એ પણ એક અવસ્થા છેને એની? એ નૈમિત્તિક. એ નૈમિત્તિક વખતે જીવદ્રવ્યને આ પરિણામનો નિમિત્તપણે કર્તા, ઉપાદાનપણે તે અને નિમિત્તપણે જીવ કર્તા, તો તેના લક્ષ વિનાનો અને તે તરફના રાગ અને કંપન્નની રુચિ વિનાનો અને તે ક્રિયા થાય તેના નિમિત્ત સંબંધ વિનાનો, એ નૈમિત્તિક વખતે નિમિત્તના સંબંધ વિનાનો જીવ થાય તે પ્રસંગ રહેતો નથી. કહો, સમજાય છે કાંઈ?

'**જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' એટલે? '**(સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો) પ્રસંગ આવે.**' એટલે કે જગતમાં હીણામાં હીણા જે પરિણામ જડના

કહેવાતા હોય એટલે જડની અવસ્થા શરીરના નિગોદની કે બોકડા કપાવાની કે કસાઈ ખાનાની. ઓલા કપાવેને શું કહે છે? પંચાળામાં કાપે છેને ગાયુને? એ પરિણામ ત્યાં થાય. પરિણામ એટલે પર્યાય, જડની પર્યાય અને આત્મા દ્રવ્ય વસ્તુ છે એને નિમિત્તપણે કર્તાનો આરોપ આપો, વસ્તુને, વસ્તુને, દ્રવ્યને, સ્વભાવને ત્રિકાળી પરમપારિણામિકભાવને. જો નિમિત્તપણે કર્તા ઉપાદાન તો એનું ત્યાં ને ત્યાં રહી ગયું. એ તો સિદ્ધ થઈ ગયું. નિમિત્તપણાનો આરોપ આપો તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોઈ દિ' છૂટશે નહિ અને જ્ઞાયક-જ્ઞેય કોઈ દિ' થશે નહિ. કહો, સમજાય છે કાંઈ? જીવણભાઈ!

આ વેપાર થાય છેને વેપાર? દુકાનનો કાપડનો કે જે વેપાર થાય કાપડ. ઓલા તાકા ઉપડેને? આમથી આમ ફરે, આમથી આમ ફરે. કે ભાઈ એ તાકાના પરિણામ એનાથી થયા. હું છું ને થયા તો તો હું ગયો એમાં. કારણ કે પરિણામી થયા, પરિણામી બદલનાર હું છું તે બદલ્યું. તો તો ગયો એમાં એટલે આત્મા રહ્યો નહિ; પણ આત્મા હું છું તો આ કાપડના તાકા ફર્યા. ફર્યા નહિ, પણ એ ફર્યા તો મને નિમિત્તનો આરોપ આવ્યો નિમિત્તનો આરોપ. એટલે તાકાના વેપારના લક્ષથી, સંબંધથી, સંગથી, રુચિથી કોઈ દિ' ફરશે નહિ અને જીવ વસ્તુમાં નિમિત્તપણાના કર્તા વિનાનો જીવ કોઈ દિ' થશે નહિ. એટલે કે એની ધર્મદૃષ્ટિ કોઈ દ' થશે નહિ. એટલે કે એની મુક્તિ કોઈ દિ' થશે નહિ. ત્યારે હવે છે શું આ?

'અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા) યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે.' જુઓ, શું કહ્યું હવે? જ્યારે જ્યારે આ શરીરની અવસ્થા થાય, વાણીની અવસ્થા થાય, દાળ-ભાત-રોટલી થાય, ઘટપટ, વસ્ત્ર વગેરે થાય. તે તે પરિણામને કાળે તે પરિણામ થાય છે. એ તો વાત પહેલી સાબિત થઈ ગઈ. તે પરિણામ વખતે નિમિત્તનો આરોપ કોને અપાય? કે યોગ એટલે કંપન્ન. પ્રદેશનું કંપન્ન. જીવના પ્રદેશનું કંપન્ન વિભાવ અને ઉપયોગ એટલે રાગ, કષાય, રાગ-દ્વેષ તે પરિણામ વિકારી એને તે પરિણામ તેમાં પરમાં થાય ત્યારે વિકારી પરિણામને નિમિત્તકર્તા તરીકે કહેવાય, આરોપ અપાય. એટલે આરોપનો અર્થ એ કે યોગ અને કંપન્નનો કર્તા જે અજ્ઞાની માને છે, યોગ અને રાગ ને કષાય ઉપર જેની દૃષ્ટિ છે, એ જીવના વિકારી પરિણામને કંપન્ન, પરિણામ વખતે પરિણામ સામાના થયા ત્યારે આના નિમિત્તપણે.. કારણ કે એની દૃષ્ટિ પરસંબંધમાં છે. એટલે બહુ તો જ્ઞાની આટલી વાત કરે કે એ કંપન્નના પરિણામ અને રાગ-દ્વેષના વિકારી પરિણામ એક ક્ષણિક અવસ્થા, તે સામી અવસ્થા ટાણે અવસ્થા થઈ તો ક્ષણિક અવસ્થાને નિમિત્ત કર્તાપણે આરોપ આવે છે. કે જેથી એ જીવદ્રવ્ય, એ યોગ અને રાગ અને દ્વેષની ઉપર દૃષ્ટિ છોડે તો નિમિત્તપણાના કર્તાનો આરોપ એને રહે નહિ. કહો, સમજાય છે કાંઈ? હિંમતભાઈ! આ પાછું અર્થમાં તો આવશે હોં. એક પર્યાય ને ફર્યાય એ બધું આવશે. બધું પછી સમજાવાનું. સાંભળો તો ખરા. આ વાત સમજ્યા પછી ઓલી વાત.

અહીં તો વાત અત્યારે સિદ્ધ કરીએ છીએ એ થાય. પછી ઓલી આવશે ત્યારે એ કહેશું. શું કહેવાય છે? સમજાય છે કાંઈ? આત્મામાં અનિત્ય ક્ષણિક પરિણમતિ દશા. શું? યોગ અને ઉપયોગ. યોગ એટલે આત્માના પ્રદેશનું કંપન્ન વિભાવી એને કંપન્ન જ વિભાવી હોયને? અને ઉપયોગ રાગ-દ્વેષ, હરખ-શોક એવા પરિણામ. ઉપયોગ એટલે એ. અત્યારે જ્ઞાન-દર્શન ઉપયોગ નહિ. એ જ નિમિત્તપણે તેને કર્તા છે. એટલે કે જ્યારે-જ્યારે જડ અને બીજા આત્માઓના પરિણામ થવાનો કાળ તેનો જીવનો જડનો છે, ત્યારે જે જીવ જોગ અને વિકારી પરિણામ ઉપર રુચિ જેની છે, ક્ષણિક પર્યાયબુદ્ધિ જેની છે, એ પર્યાયબુદ્ધિવાળાના પરિણામ તે પરિણામ વખતે તેને નિમિત્ત કર્તા છે તેમ આરોપ આવે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૩૧,
પ્રવચન નં.૨૮૫,
(૦૭)

આ સમયસારની ૩૧મી ગાથા. શું છે ૩૧મી ગાથામાં? સમ્યગ્દર્શનનો અધિકાર ચાલે છે. સમ્યગ્દર્શનનો વિષય શું અને સમ્યગ્દર્શનમાં શું વિધિ હોય છે એ બતાવે છે. શબ્દ છે કે ઇન્દ્રિયો. અહીં તો એમ કહે છે કે સર્વજ્ઞની, કેવળજ્ઞાનીની વાસ્તવિક સ્તુતિ અને ભક્તિ કરનારો કેવો છે? વાસ્તવિક સર્વજ્ઞ અને કેવળજ્ઞાની ભગવાનની સ્તુતિ, સ્તવન, પ્રશંસા, ભક્તિ કરનારો કેવો હોય છે? એ ચાલે છે. લીધું કે ઇન્દ્રિયોને જીતવાવાળો હોય અને '**णाणसहावाधियं मुणदि आदं।**' ઇન્દ્રિયોને જીતે અને જ્ઞાનસ્વભાવ વસ્તુ ચૈતન્યમૂર્તિ હું છું. અધિક નામ ઇન્દ્રિયોથી ભિન્ન-જુદો છે, મારો જ્ઞાનસ્વભાવ તો ભિન્ન છે. ભિન્ન છે એનો અર્થ કે પરિપૂર્ણ છે. ઇન્દ્રિયોની અપેક્ષા એમાં ન આવી. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને વિષયોની અપેક્ષા ન આવી એટલે ચૈતન્યસ્વભાવ, જ્ઞાનસ્વભાવે અધિક છું, પરિપૂર્ણ છું. એ ભંગભેદ, નિમિત્ત, વિષયો અને ખંડ ખંડ જ્ઞાનથી મારું જ્ઞાન પરિપૂર્ણ ભિન્ન છે. એવો અંતરમાં નિર્વિકલ્પ પ્રતીતનો અનુભવ થવો એ કેવળજ્ઞાનીની ખરેખર સ્તુતિ છે. બહુ લાંબી વાત છે. સમજાણું?

સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ. સર્વજ્ઞ. સર્વજ્ઞ ભગવાનની ભક્તિ, વાસ્તવિક સ્તુતિ એને કહીએ કે જે સર્વજ્ઞ શક્તિવાળો '**णाणसहावाधियं मुणदि**' જ્ઞાનસ્વભાવ જે મારો એકરૂપ ત્રિકાળ ચિદાનંદ ચૈતન્ય શક્તિ, ચૈતન્યસ્વભાવ, ચૈતન્ય સામર્થ્ય છે એનું અવલંબન લઈને એની એકાગ્રતા થવી અને દ્રવ્યેન્દ્રિય જડ એના અસ્તિત્વથી જ્ઞાન થયું એમ નથી, ભાવેન્દ્રિય ખંડ ખંડ જ્ઞાનમાં જણાય એવડો પણ નથી, હું અખંડ પરિપૂર્ણ જ્ઞાયક છું અને વિષયોથી ગ્રાહક જે ભાવેન્દ્રિય અને વિષયો જે ગ્રાહ્ય, ભાવેન્દ્રિય એટલે ક્ષણ-ક્ષણ ખંડ-ખંડ જ્ઞાનની પર્યાય એ ગ્રાહક અને ગ્રાહ્ય પાંચ ઇન્દ્રિયના વિષયો. વિષય શબ્દે ભગવાનની વાણી, શાસ્ત્રો, આગમ બધું. એ વિષયો શુભ કે અશુભ વિષય. શબ્દ શુભ-અશુભ હોય, રૂપ શુભ-અશુભ હોય, ગંધ હોય, રસ હોય કે સ્પર્શ હોય એ શબ્દાદિ વિષયો ગ્રાહ્ય નામ જાણવાલાયક છે અને ઇન્દ્રિય એને ગ્રહણ કરવાલાયક છે. એવો જે સંબંધ છે એ જ વ્યવહારસંબંધ ભ્રમ છે. વ્યવહારસંબંધને ઉડાવી દે છે. શું કહે છે? મોહનભાઈ! ભારે ઝીણું! દરરોજ ઝીણું-ઝીણું આવે નહિ?

ભગવાન આત્મા, દ્રવ્યેન્દ્રિય જડ તો પરમાણુની પર્યાય આ પાંચેન્દ્રિય છે એ હું નથી, એનાથી નથી. એ હું નહિ, એનાથી હું નથી. એ કર્તા છે તો મારામાં કાર્ય થયું, એ સાધન

છે તો મારામાં કાર્ય થાય છે. એ કોઈ મારું કર્મ છે તો એ સમયે કાર્ય થાય છે. એ પાંચ ઇન્દ્રિયો મારો આધાર છે. મારા જ્ઞાનસ્વભાવનો એ આધાર છે એમ પણ નથી. જડ ઇન્દ્રિય પાંચ છે એ પર છે, પોતાની પર્યાય છે જ નહિ, પોતાનો સ્વભાવ છે જ નહિ. એ પરથી જડ ઇન્દ્રિયોથી ભિન્ન આત્માને જાણવો, ચૈતન્યસ્વભાવથી અધિક છું એમ અવલંબન કરીને એકાગ્ર થવું એનું નામ દ્રવ્યેન્દ્રિયને જીતવી કહેવામાં આવે છે. એણે સર્વજ્ઞ ભગવાનની વાસ્તવિક સ્તુતિ કરી.

ભાવેન્દ્રિય ખંડ-ખંડ જ્ઞાન એક-એક વિષયને જાણવા લાયક યોગ્યતા, એટલો પણ હું નથી. આ તો પર્યાયમાં અંશ છે. જ્ઞાયક શક્તિ '**णाणसहाव**' મારો જ્ઞાન સ્વભાવ ધ્રુવ નિત્ય સદાય એકરૂપ છે એમ અંતર્મુખ થઈને અવલંબન કરીને, પ્રતીતિમાં આવતી અખંડ એક જ્ઞાયક શક્તિ એની પ્રતીતિ કરવી એ ભાવેન્દ્રિયને જીતવી છે. એણે કેવળજ્ઞાનીની ભક્તિ કરી. કહો, સમજાય છે કાંઈ? ભારે ભાઈ, આવી સ્તુતિ ક્યાંથી! ભગવાનની બહારની સ્તુતિ કરવામાં તો સમજાય. નારણભાઈ! ભગવાન હે ભગવાન! તમારે લઈને પ્રભુ આધાર છે. અમે તમારે શરણે પડ્યા છીએ. તો સમજાય ઝટ. ઝટ એટલે શું સમજાણું? તરત સમજાઈ જાય. ઝટ એટલે તરત. ઝટ એટલે તરત-શીઘ્ર. હે ભગવાન! તમારે શરણે નાથ અમે તો પડ્યા છીએ, પ્રભુ! અહીં કહે કે નહિ. એમ નહિ. ભગવાનની વાસ્તવિક સ્તુતિ હોય તો ચૈતન્યને શરણે હું પડ્યો છું, જ્ઞાયક શક્તિ સ્વભાવ છું એવું અવલંબન લઈને પ્રતીત થઈ એ ભગવાનને શરણે પડ્યો છે. એય..! ..લાલજી!

લ્યો! હે નાથ! તમે તો દિનદયાળ છો, અધમ ઉધારક છો, તરણતારણ છો, ગરીબનિવાજ છો. ગરીબનિવાજ. ભગવાન કહે છે કે એ બધા વિશેષણ અમને ત્યારે લાગુ પડે કે તારા જ્ઞાયક સ્વભાવમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થાય તો. તો મારા વિશેષણમાં તને વ્યવહારથી લાગુ પડે છે. વિકલ્પ ઉઠે તો લાગુ પડે. લાગુ સમજાણું શું? લાગુ પડે એટલે શું? હિન્દી ભાષા બરાબર નથી આવડતી. સમજ્યાને? ઠીક બેસી જાય. લાગુ પડે એટલે ઠીક બેસી જાય. સમજાણું? ઠીક બેસે એ બરાબર છે. તો બરાબર ઠીક લાગુ પડે એટલે ઠીક બેસી જાય, નહિતર યથાર્થ ઠીક બેસે નહિ.

હવે ત્રીજું વિશેષણ ચાલે છે જુઓ, કેવો છે પાંચ ઇન્દ્રિયના વિષયોને જીતનારો? એનો એવો અર્થ નથી કે પાંચ ઇન્દ્રિયના વિષયોનું બિલકુલ એને નિમિત્ત જ નથી હોતું અને જ્ઞાનીને પાંચ ઇન્દ્રિયના વિષય તરફનો બિલકુલ રાગ જ નથી હોતો, એમ નથી. ચક્રવર્તી હોય, છન્નું હજાર સ્ત્રી હોય. છતાં.. છતાં એટલે તોપણ, એ ગ્રાહ્યગ્રાહક લક્ષણ જે ભાવેન્દ્રિય ગ્રાહક છે અને ગ્રાહ્ય વિષયો છે એનું જે '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે...**' નિકટતાને લીધે. નજીકતા. ખંડ-ખંડ ઇન્દ્રિય ગ્રાહક અને એ ગ્રાહક નામ જાણનાર અને એમાં વિષયો જણાય. શબ્દ અનુકૂળ-પ્રતિકૂળ, રૂપ અનુકૂળ-પ્રતિકૂળ, ગંધ અનુકૂળ-પ્રતિકૂળ, રસ

અનુકૂળ-પ્રતિકૂળ અને સ્પર્શ અનુકૂળ-પ્રતિકૂળ એ બધા ગ્રાહક જ્ઞાનની પર્યાય ભાવેન્દ્રિયની, ગ્રાહ્ય શબ્દો—રૂપ, ગંધ, રસ, સ્પર્શ. એવી નિકટતા બેયની છે કે '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને...**' નામ સમીપતા. સમીપતાને વશે '**જેઓ પોતાના સંવેદન (જ્ઞાન) સાથે...**' પોતાની જ્ઞાનની પર્યાયનું વેદન, જ્ઞાનની અવસ્થા-અવસ્થા-દશા એમાં જે જ્ઞાનનું થવું એની '**સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા,...**' શું? પાંચ ઈન્દ્રિયના વિષયો. શબ્દો જાણે કે ભાવેન્દ્રિયનું જ્ઞાન થયું તો શબ્દથી થયું, રૂપથી થયું એવી ભાવેન્દ્રિયની યોગ્યતા અને એની ગ્રાહ્યતા જાણવાની લાયકાત, જણાવું તે પ્રમેય, એ બેનો એવો નિકટ સંબંધ (છે) કે એના વશે આત્મા ચૈતન્યસ્વભાવ શક્તિરૂપ છે એ ભૂલી ગયો. એને એમ થાય છે કે મને શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આવ્યા, મારી પર્યાયમાં જ્ઞાન થયું. એનો નિકટ સંબંધ છેને? ભાવેન્દ્રિયની યોગ્યતા અને ગ્રાહ્યની યોગ્યતા, ગ્રાહ્યની યોગ્યતા. સમજાણું કાંઈ?

વિષયો. વિષય શબ્દે ભગવાનની વાણી હોય કે શાસ્ત્ર હોય કે પુસ્તક હોય, ભગવાનની પ્રતિમા હોય એ વગેરે એ ગ્રાહ્ય વિષયો, ગ્રાહકભાવ ઈન્દ્રિય એનો એવો નિકટ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે કે ત્યાં એવા વિષયો હોય ત્યાં જ્ઞાન હોય અને જ્ઞાન હોય ત્યાં વિષયો હોય. તો એવા ગ્રાહ્યગ્રાહક લક્ષણવાળા સંબંધની સમીપતાને કારણે પોતાના અનુભવ સાથે પરસ્પર એક જેવો થયેલો દેખાય છે. એક જેવો થઈ ગયેલો દેખાય છે. શું? જાણે કે એ શબ્દ જ હું છું, શબ્દનું અસ્તિત્વ જ હું છું. ભાઈ! પહેલા તો ભાવેન્દ્રિયનું અસ્તિત્વ જ હું છું એમ હતું. પછી દ્રવ્યેન્દ્રિયનું અસ્તિત્વ જ હું છું એમ હતું.

અહીં તો જીવનું અસ્તિત્વ સિદ્ધ કરવું છેને? જીવનું અસ્તિત્વ, જીવની મોજૂદગી, જીવની સત્તા, આત્માની સત્તા, અજ્ઞાની જડ ઈન્દ્રિયની સત્તાથી આત્માની સત્તા માનતો હતો. એ મિથ્યા ભ્રાંતિ. ભાવેન્દ્રિયના અંશથી ચૈતન્યની સત્તા માનતા હતા. '**णाणसहावाधियं मुणदि आदं।**' નહોતો માનતો. અને પાંચ વિષયો છે એની સત્તાને કારણે એક જેવા થઈ ગયેલા દેખાય છે. જાણે કે એ શબ્દ, રૂપ, રસ, ગંધ ગ્રાહકપણે જણાણા અને ગ્રાહ્ય થયા એટલો જ હું છું, એટલો જ હું છું. મોહનભાઈ!

જુઓ, રસ અને પુરી કેવા લાગે? કેરીનો રસ મીઠો હોય અને પુરી. પુરી કહે છેને? પુરી હોય. દોથા પુરી હોય પોચી-પોચી આમ એવી સરસ હોય માખણ જેવી. દાંત ન હોય તોપણ ભાંગી જાય દાઢે. માણસને દાંત ન હોય તોપણ. એવી પુરી અને એમાં રસ મીઠો. સારી ઉંચી કેરી હોય. એક રૂપિયાની શેર કે રૂપિયાની બે શેર જે મળતી હોય. કેવી? ઈ ભાવેન્દ્રિયના ગ્રાહકની યોગ્યતા અને ગ્રાહ્ય વિષયો એની નિકટતાને લઈને જાણે એટલો જ હું થઈ ગયો. મારા જીવનું અસ્તિત્વ, મોજૂદગી એટલી જ છે. બસ, પર્યાયબુદ્ધિમાં એ જ ભાસે છે. પણ '**णाणसहावाधियं मुणदि आदं।**' મારો જ્ઞાયકસ્વભાવ ચૈતન્યસત્તા ભિન્ન છે. ચક્રવર્તી પણ ખાય છે. ખાવાની ક્રિયા તો દેખાય છે. ભોજનની ક્રિયા બધી દેખાય

છે. હીરાના થાળ, મણિરત્નના થાળ, હીરાના વાટકા. વાટકા સમજાણું? કટોરો કટોરો હોય. એમાં રસ, પુરી આદિ ૨૫-૫૦ વસ્તુ પડી હોય. અનેક વસ્તુઓ મનપસંદ હોય એ ઉપાડે. અને સોનાના થાળ, હીરાના થાળ અને પદમણી જેવી છન્નું હજાર સ્ત્રી પીરસતી હોય. ભાન છે. એ વિષયો અને ભાવેન્દ્રિય ગ્રાહ્યગ્રાહકતાનો સંબંધ એ ભ્રમ છે. એવડો હું નથી, એવડો હું નથી. મારી સત્તા વર્તમાન ગ્રાહ્યગ્રાહક સત્તાના અંશથી વિશેષ અંશી એ ભિન્ન મારું તત્ત્વ છે. સમજાય છે કાંઈ? ફૂલચંદભાઈ!

કહો, માણસોને શું છે? વિષયો છોડી દ્યો. જડેન્દ્રિય પાતળી કરી દ્યો. કાણા પુરી દો આમ. ભાવેન્દ્રિયને તો નથી સમજતા, પણ વિષયો છોડો-છોડો. કારણ કે ભગવાન કહે છે કે વિષયને વશ કરો, ઈન્દ્રિયને વશ કરો. ઈન્દ્રિયને વશ કરો એટલે શું? શબ્દ ન સાંભળવા, ગંધ નહિ સુંઘવી, રૂપ ન દેખવું, રસ ન ચાખવો, સ્પર્શને સ્પર્શ ન કરવો. શું છે? એ તો પર ચીજ છે અને ગ્રાહક ભાવેન્દ્રિયની યોગ્યતાથી એવું સમજાય છે કે જાણે એટલો છું. એટલો નથી. જીવસત્તાની વ્યાખ્યા ચાલે છે. જીવસત્તા નામ સત્તા નામ હોવાવાળો આત્મા, જ્ઞાયકસ્વભાવે હોવાવાળો ભગવાન ચૈતન્યસ્વભાવી હું આત્મા છું. એવા ગ્રાહ્યગ્રાહકલક્ષણના સંબંધે એકપણું દેખાય છે, જાણે અનાદિથી એક જ થઈ ગયો. વર્તમાન અંશ ગ્રાહક પર્યાય અને ગ્રાહ્ય વર્તમાન એ વિષયોની પર્યાય એક થઈ ગયા. બેનો ખીચડો (કરે છે). ખીચડો કહે છેને? ખીચડો કહે છે. ખીચડો કહે છેને? બે એક ખીચડો થઈ ગયો. એ તો ખીચડો નથી, ભગવાન! પણ અંશ પર્યાય ગ્રાહક અને ગ્રાહ્યની દૃષ્ટિ જ મૂઢ દૃષ્ટિ છે. એટલામાં જીવના સ્વભાવની સત્તાની પ્રતીતિ થતી નથી. મોહનભાઈ! સમજાય છે કે નહિ? દાંત કાઢે છે, વાણિયા ખરાને. ન સમજાય કાંઈ? પણ આ કહીએ છીએ એ રીતે એનો ભાવ સમજાય છેને? પછી પકડાવાની પછી વાત.

આકરો માણસ કહે તમે કહો ભાઈ અમારી પાસે પચાસ લાખ છે. તો ગરીબ માણસ પાસે પચાસ લાખ ન હોય પણ પચાસ લાખનો આંકડો તો સમજે કે નહિ? પચાસ લાખ ઘરે ન હોય, પચાસ લાખ કેટલા થાય એ તો ખબર હોય એને. પચાસ લાખ કેટલી સંખ્યા. એ તો અહીં ઘરે ન હોય પચાસ લાખ. પણ પચાસ લાખ આ કહે છે. તો સો હજારના લાખ એવા પચાસ લાખ. તો સંખ્યાવાળો એ તો સમજેને સંખ્યા? પચાસ લાખ રૂપિયાની ગણતરી એના ઘરે નથી, મોજૂદગી નથી. મોહનભાઈ!

એમ ચૈતન્યસત્તા એ વિષયો—શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ. અનુકૂળ સ્પર્શ થયો અને ભાવેન્દ્રિય ગ્રાહક શક્તિ તો એવો સ્પર્શ એને અડે, અડતો તો નથી, સ્પર્શતો તો નથી હોં! પણ ગ્રાહ્યગ્રાહક નજીક એટલો આવ્યો કે જેવી એનામાં ગ્રાહક શક્તિ છે એવું ગ્રાહ્ય આવ્યું તો બેની એકતા થઈ ગઈ જાણે. બેની એકતા થઈ ગઈ. આત્મા ચૈતન્યસત્તા અધિક છે, જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ ભિન્ન છે એ પ્રતીતિમાં આવતું નથી. કહો, સમજાણું? ઠંડું પાણી,

ઉષ્ણ પાણી. ભાઈ! સાફ કરો શરીરને, આમ સ્નાન કરો, ઘણી અશુચિ લાગી છે શરીરને સાફ કરો. લ્યો, આહાર કરવાથી શાંતિ થાય છે. એમાં શાંતિ થાય છે એ પ્રત્યક્ષ દેખાય છે લ્યો! એવી ગરમી હોય આકુળતા-આકુળતા થતી હોય આકુળતા. જ્યાં મોસંબી પાણી અને ઠંડો સમજ્યાને કેરીનો રસ અને શીખંડ, પુરી જ્યાં આમ આવે, જીવ ઠેકાણે પડ્યો. મોહનભાઈ! જીવ ઠેકાણે પડ્યો એમ નથી કહેતા?

શ્રોતા :- જીવમાં જીવ આવ્યો.

ઉત્તર :- હા, જીવમાં જીવ આવ્યો. જુઓ, હવે શીખંડ, પુરીના બટકે જીવમાં જીવ આવ્યો. ભારે ભગવાન ભાઈ! જીવ હવે ઠેકાણે આવ્યો. આહા..હા..! આમ ચકર-વકર થાતું હતું ચકર-વકર. ભૂખ ત્રણ દિવસથી લાગી હતી. ચકર-વકર સમજ્યાને? આમ-આમ. કાંઈ સૂઝ નહોતી પડતી હતી, સૂઝ નહોતી પડતી. આહા..હા..! તૃષા લાગી હોય, બહુ તૃષા લાગી હોય, એવી ગરમી હોય અને પછી પાણી ન મળતું હોય,.. આકુળ-વ્યાકુળ (થતો હોય). પડ્યા ભેગી શાંતિ. પ્રત્યક્ષ દેખાય છે. એ કહે છે ... સમીપતા ગ્રાહક ઈન્દ્રિય, ગ્રાહ્ય વિષય (બન્નેની) એટલી સમીપતા એટલી સમીપતા કે જાણે આકુળતા એને કારણે મટી. મૂળચંદભાઈ! તાવ આકરો આવ્યો.

શ્રોતા :- એવું લાગે છે.

ઉત્તર :- લાગે છે? હા ઈ કહ્યું કે ભાઈ! અને જ્યાં પ્રશંસાના શબ્દો પડે. પ્રશંસાના શબ્દ. ભાવેન્દ્રિયમાં એક ગ્રાહક શક્તિ છે પ્રશંસા અહો..! તમારા જેવા કોઈ નથી. એ તો તમે જ પાક્યા. તમારા કુળમાં તમે જ પાક્યા. વાત તો ઈ કે કુળમાં એક જ પાક્યો હોય તો એક જ હોયને. બીજો તો ક્યાંથી (હોય)? પણ એના વખાણ કરે વખાણ. તમે તમારા કુળમાં દીવો પાક્યા છો, ભાઈ! એમ સાંભળે. ગ્રાહક ઈન્દ્રિય. અંદર ભાવ હોં, આ નહિ. ભાવેન્દ્રિય અને ગ્રાહ્ય એ શબ્દો એનું એકત્વ થયું, એકત્વ થઈ ગયું. એમ નિંદા. નિંદા અરે..! તેં શું ત્યાગ કર્યો? તને ભાન નથી, તું મૂઢ છો. અરર..! મને મૂઢ કહે છે? એવી અમારી પ્રશંસા, અમારી પ્રતિષ્ઠા કેટલી છે! અમે કોણ છીએ? ૫૦-૫૦ વર્ષથી મેં ત્યાગ કર્યો, બ્રહ્મચર્ય પાળીએ છીએ, બાળબ્રહ્મચારી છીએ. સમજાણું? નવવાડે બ્રહ્મચર્ય પાળીએ છીએ, અમારે માટે કરેલો આહાર કોઈ દિ' લેતા નથી આવા અમે ત્યાગી અને મિથ્યાદૃષ્ટિ અમને કહે છે? એ શબ્દ અને ગ્રાહક ભાવેન્દ્રિય, શબ્દ ગ્રાહ્ય. એવી નિકટતા, સમીપતા થઈ કઈ કે ખળભળાટ-ખળભળાટ, સમાધાન નથી થતું, સમાધાન નથી થતું.

ભગવાન! એ તો ગ્રાહ્ય શબ્દ અને ગ્રાહક પર્યાય ઈન્દ્રિયની યોગ્યતા છોડ, નિકટતા સંબંધ લક્ષણ એવો સંબંધ છે. એ સંબંધ વ્યવહાર સંબંધ છે. એ જ્ઞાનસ્વભાવનું જ્ઞાન થયું પછી જ્ઞાન કરવાનો વિષય છે, જ્ઞાન કરવાનો વિષય છે, પણ એ આદરણીય નથી અથવા એટલા ગ્રાહ્યગ્રાહકના અસ્તિત્વના અંશમાં આખું ચૈતન્ય અસ્તિત્વ આવી ગયું એમ છે નહિ.

સમજાય છે કાંઈ? એમ રૂપ. આમ સુંદર ઈન્દ્રાણી ઉપરથી ઉતરી હોય, રૂપાળી સુંદર આકૃતિ બધા અવયવો બધા સરખા. આમ જોવે. અહીં ભાવેન્દ્રિય ગ્રાહક છે, એ વિષય ગ્રાહ્ય છે. આહા..હા..! આવું સુંદર રૂપ, નમણાઈ કદી જોઈ નથી. શું છે? ભગવાન! એ તો ઈન્દ્રિયની યોગ્યતા અને એ ગ્રાહ્ય એવો નજીકનો-સમીપતાના સંબંધે ભાસ થાય છે. એટલા અસ્તિત્વના અંશમાં ચૈતન્યસત્તા આવતી નથી. તારી ચૈતન્યસત્તા જ્ઞાયકશક્તિ અસંગ. એ શબ્દ આદિથી અસંગ. સંગ પણ તારો સ્વભાવ નથી. ભાવેન્દ્રિય ગ્રાહક એનો સંગ કર એ તારો સ્વભાવ નથી. અસંગ ચૈતન્યસ્વભાવ છે. એનાથી અસંગ સ્વભાવની એ સંગ જે ભાવેન્દ્રિય અને ગ્રાહ્યનો સંબંધ થાય છે એનું લક્ષ છોડીને અસંગ ચૈતન્યમાં પ્રતીતિ થવી એ કેવળજ્ઞાનની સ્તુતિ છે, એ ભગવાનની ભક્તિ છે, એ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ?

એમ કુરૂપ લ્યો કુરૂપ. આંખથી જોયું. કુરૂપ સમજ્યાને? કાળું કુબડું મોટું શરીર, આમ નાક નીકળ્યું હોય, કાન બે ઠીક ન હોય ઉં..હું..ઉં..હું.. શું છે? એ ઈન્દ્રિય જે ચક્ષુ ઈન્દ્રિયની ગ્રાહક યોગ્યતા અને વિષયની ગ્રાહ્યતા, એ બેના સંબંધથી એવો ભાસ થાય છે. એટલા અંશની અસ્તિત્વ મોજૂદગીમાં તારી સત્તા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક શક્તિ અસંગ રહી ગઈ. રહી ગઈ શું? ભિન્ન છે એની ઉપર તો તારી નજર ન ગઈ. અને આમાં માની લીધું કે ઓહો..! રૂપ ખરાબ છે.

એમ ગંધ. સુગંધ ગજરો. ફૂલ હોયને ફૂલ. એવું આવે છેને ફૂલ. અત્તર અત્તર નાખે છેને. આમ લગાવે છેને. બહુ પાપ છેને. અત્તરના એક બિંદુમાં ઘણું પાપ. બહુ લીધું છેને. સાત ગામ મારે એટલું પાપ લીધું છે એવા એક બિંદુના અત્તરમાં. પણ લગાવે છે. એ નાકમાં ઘ્રાણેન્દ્રિયની, ભાવેન્દ્રિયની ગ્રાહક શક્તિ એ ગ્રાહ્ય છે. આ સુવાસ. સુવાસ બહુ આવે છે, સુગંધ બહુ આવે છે. મજા (આવે છે). બસ! એટલા અસ્તિત્વમાં તારી ચૈતન્યસત્તા સમાપ્ત થઈ ગઈ? ગ્રાહ્યગ્રાહકલક્ષણ સંબંધમાં ચૈતન્યસત્તા સમાપ્ત થઈ ગઈ? એ જ પર્યાયબુદ્ધિ છે, એટલામાં માની લીધું. મારી સત્તા ભિન્ન છે એવું એને ભાન નથી. અને દુર્ગંધ હોય. આમ મીંદડા. મીંદડા હોય છેને? શું કહે છે? બિલ્લી. કૂતરા સડી ગયા હોય, મરી ગયા હોય, ઈયળું પડી હોય ઈયળું. આમ રાખે તો એવી દુર્ગંધ મારે. શું છે? ગ્રાહક ભાવેન્દ્રિય અને ગ્રાહ્ય એ નિમિત્ત છે. એના નિકટ-સમીપતાથી એમ ભાસે છે. એટલામાં તારું સર્વસ્વ નથી આવતું. એનાથી ભિન્ન મારી જ્ઞાયક અસંગ ચૈતન્યસત્તા છે. એટલામાં હું નથી. મારી જ્ઞાયક સત્તા અસંગ-ભિન્ન છે એવી પ્રતીતિ કરવી એ કેવળજ્ઞાનની સ્તુતિ છે. એ ભગવાનની ભક્તિ છે.

મુમુક્ષુ :- ... ચારિત્રદોષમાં જાય છે.

ઉત્તર :- અરે..! સમ્યગ્દર્શનના દોષમાં, શું ચારિત્રદોષમાં? એ તો પહેલી વાત કરીને. છન્નું હજાર સ્ત્રી હોય સમકિતીને. વિષય હોય, ખાવા-પીવામાં હોય, પણ એમાં જે રાગ

થાય છે એ તો ચારિત્રદોષ છે. રાગ થાય છે એ ચારિત્રદોષ છે અને આ તો એકત્વબુદ્ધિ થઈ ગઈ છે. એનાથી મારી બધી ચૈતન્યસત્તાથી આનંદ આવે છે.

કેળા અને ઘી. રસ આવ્યો હવે, રસ-રસ. કેળા હોય છેને કેલા? કેળા બરાબર છુંદીને એમાં ઘી અને સાકર નાખે અને રોટલી ઊની ફળફળતી પાતળી હોય ઘઉંની. ધોળીયા ઘઉંની. આમ ઉપાડે. કેળા ભાવનગરથી લાવે છેને? ભાવનગરથી કેળા લઈ આવે છે ઘણીવાર. કેળા અને રોટલી. આમ એવી લાગે ઊની-ઊની પાતળી અને ધોળી. અરે..! ભગવાન! એ રસેન્દ્રિય ગ્રાહક ભાવેન્દ્રિયની યોગ્યતા અને એ વખતે એ વિષય આવનારો એ જ હતો, બીજો આવવાનો નહોતો. એ તો જે આવવાનો એ જ આવવાનો હતો. પણ એનું આવવું અને ગ્રાહકનું જાણ્યું એટલા અંશની મોજૂદગીમાં ચૈતન્યસત્તા નથી આવતી. ઈ વાત કરે છે. સમજાણું કાંઈ? એ તો ભાવેન્દ્રિયની યોગ્યતા પણ એટલી છે, ગ્રાહક પણ એટલી છે, પણ એટલા સંબંધની સમીપતામાં ચૈતન્યસત્તા બધી આવી ગઈ છે એમ છે નહિ. સમજાય છે?

એમ રસ. ખરાબ રસ આવી ગયો હોયને. એવો રસ હોયને દવા એવી આવે છે. એવી દવા કે આમ મોઢા આગળ મૂકે તો ઊલટી થાય ઊલટી. સમજ્યાને? કડવી તો ઠીક પણ એવી કોઈ દવા આવે છે. કમળો થાય છેને કમળો? કમળો નથી કહેતા? આ પીળું (દેખાય). કામલા. એ રોગ ઉપર એવી દવા આવે છે કે કૂતરાની વિષ્ટા જોઈ લ્યો. આમ મોઢા આગળ મૂકે તો એવી ગંધ-ગંધ એવી દુર્ગંધ. મટાડી દે ભલે શાતાનો ઉદય હોય તો. પણ ગંધ મારે તો એવી ગંધ એની. મોહનભાઈ! એ કમળો રોગની દવા. ભાઈ! એ તો અમારે ત્યાં અનુભવ થયો હતોને. પોરબંદર. .. દવા જુઓ તો આમ, હતી દેશી દવા, દેશી દવા પણ એવી ગંધ. મોઢા આગળ લાવે તો એકદમ આંખ મીંચીને પી જાવી પડે નહિતર ઉલટી થાય. સમુળગું પેટમાં પડ્યું હોય એ નીકળી જાય. એવી ગંધ. એ ગ્રાહ્ય છે એની ગ્રાહકતા પર્યાયમાં ભાવેન્દ્રિયમાં છે. એટલી નિકટતાથી એવો ભાસ થઈ જાય છે કે એ જ હું છું. જુઓ કહ્યુંને એમાં?

'**પોતાના સંવેદન (જ્ઞાન) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા,...**' એવા. મૂળ તો એવા. ગુણ એ તો ઓલા વિષયો. કેવા વિષયો? '**ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા...**' ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા. સમજાણું? રસમાં અને સ્પર્શમાં. ગોખરુના કાંટા. કાંટા હોય છેને ગોખરુમાં. ગોખરું નથી વાટતા પગમાં? ગોખરું વાટે છે એમ. ગાયની જીભ છે. બહુ કર્કશ. ગાઈની જીભ હોય છેને? ગાયની જીભ બહુ કર્કશ હોય છે. આમ હાથ અડે તો એવી લાગે અને માખણ હોય. શરબતી મલમલ હોય, રેશમી ગાદલા હોય એમાં પડ્યો હોય અને ઊંચું એટલું રૂ ભર્યું હોય એમાં-ગાદલામાં અને એમાં બેસે ત્યાં આમ ખુંચી જાય અને સ્પર્શ એવો લાગે એને. પણ એ તો પર્યાય એ જ તારા નિમિત્તમાં આવવાની હતી. ગ્રાહક પણ ઈન્દ્રિયની યોગ્યતાની પર્યાય પણ એ જ હતી. બીજી થવાની નહોતી.

જુઓ, સમજાય છે કાંઈ? એ તો આવવાની હતી જ. દૂર કર કર કે નજીક કર એ તારા અધિકારની વાત નથી અને એ ગ્રાહક ભાવેન્દ્રિયની યોગ્યતાનું પરલક્ષ એટલું હતું, પણ એટલા અસ્તિત્વમાં ચૈતન્યસત્તા નથી. એ જ વખતે ચૈતન્ય હું અસંગ છું, એટલો ગ્રાહ્યગ્રાહક જેટલો હું નથી. એવા જે અસંગ દ્રવ્યની પ્રતીતિ કરવી એનું નામ જ્ઞાનની ભક્તિ અને સ્તુતિ છે. સમજાણું કાંઈ?

અહીં તો ભાઈ! એ વિષયો પણ એ આવવાના હતા અને યોગ્યતા પર્યાયમાં એ હતી એ સિદ્ધ કરે છે. સિદ્ધ એ કરે છે. વિષયો એ જ આવવાના હતા. ક્રમબદ્ધના નિયમમાં એ જે પાંચ વિષયો આવવાના હતા શુભ કે અશુભ એ જ આવવાના હતા. સમકિતીને પણ એ જ આવે છે અને અજ્ઞાનીને પણ એ આવે છે. ફેર કેટલો? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, અનુકૂળ, પ્રતિકૂળ, જ્ઞાની, અજ્ઞાનીને જે સમયે જે આવવાના છે એ જ આવે છે. પણ એમાં જીવની મોજૂદગીની પ્રતીતિનું શું લક્ષણ? અને જીવની મોજૂદગીની અપ્રતીતિનું શું લક્ષણ છે એ વર્ણવે છે. વિષયો તો એ જ આવવાના હતા સમકિતીને પણ. પણ એ ગ્રાહ્યગ્રાહક લક્ષણ સંબંધ એટલો હું નહિ, એના તાબે નથી, એને વશ નથી થયો, વશ નથી થયો. શું છે?

'**ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઈન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને,...**' લ્યો, બધા પદાર્થોને '**પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે...**' જુઓ, એ તો અજ્ઞાની, જ્ઞાની બેયની ગ્રાહકતા અને ગ્રાહ્યનો ભાવ છે એ તો એટલો જ છે પણ એટલામાં ચૈતન્ય સત્તા ભગવાન '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' દ્રવ્ય એ સામાન્ય લક્ષણ ઈ ચૈતન્યસ્વભાવવાળો પદાર્થ એટલા ગ્રાહ્યગ્રાહક લક્ષણમાં સમાપ્ત થતો નથી. સમજાય છે કાંઈ? જુઓ, શું (કહે) છે? જીવ સત્તાનું વર્ણન કરે છે. સાત તત્ત્વમાં, નવ તત્ત્વમાં જીવ કેવો છે? અને ક્યા પ્રકારે જીવની માન્યતા હોય તો જીવની પ્રતીતિ આવી કહેવાય? સમજાય છે?

તો કહે છે કે એ સ્પર્શ. પ્રતિકૂળ અને અનુકૂળ સ્પર્શ. એની ગ્રાહકશક્તિ સ્પર્શેન્દ્રિયની અને ભાવની અને ગ્રાહ્ય એ વિષયોની. એવી અનુકૂળતા જ્ઞાનીને પણ ચક્રવર્તીને પણ એના સૂવાના ગાદલા હોય તો લોકો તો સાધારણ પ્રાણી તો એમ જોવે કે આવા જ્ઞાની! આવા સમકિતી! ચક્રવર્તી, એનો મહેલ. સોળ હજાર દેવ તો સેવા કરતા હોય. સોળ હજાર દેવ સેવા (કરે), છન્નું હજાર સ્ત્રી. જાણે છે કે અહો..! એ વિષયની મર્યાદા એને કારણે આવી છે. મારી ગ્રાહકતા ભાવેન્દ્રિય વર્તમાન એક અંશમાં એટલું આવે છે પણ એ તરફ વશ નથી, એના તાબે નથી, એને વશ નથી. વશ તો... કહે છે કે '**ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઈન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને,...**' હવે પદાર્થોને જીતવા હોં. પદાર્થને જીતવાનો શું અર્થ? પદાર્થને જીતવાનો શું અર્થ? અહીં તો પદાર્થને જીતવા ભાઈ! પહેલા

દ્રવ્યેન્દ્રિયને જીતવાનું કહ્યું, પછી ભાવેન્દ્રિયને જીતવાનું કહ્યું હવે પદાર્થને જીતવાનું કહ્યું. જીતવાનો અર્થ શું? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, અનુકૂળ, પ્રતિકૂળ જે આવવાના છે તે આવશે. પણ એ પદાર્થોને જીત્યા અને એને વશ ન થયો એની વર્તમાન પર્યાયને તાબે ન થયો, એનું લક્ષણ શું? એના તાબે થયો એનું તો લક્ષણ કહ્યું કે ગ્રાહ્યગ્રાહક લક્ષણમાં એકાકાર થઈ ગયો અંશબુદ્ધિમાં એ તો મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.

'**પોતાની ચૈતન્યશક્તિનું...**' હવે જુઓ, શું કહે છે? '**પોતાની ચૈતન્યશક્તિનું...**' એટલું વિશેષણ વાપર્યું છે. પોતાની ચૈતન્ય શક્તિ છે એ '**णाणसहावाधिय**'ની વ્યાખ્યા કરે છે. સ્વયમેવ અનુભવમાં આવે છે. શું કહે છે? એ તો ગ્રાહકગ્રાહ્યના સંબંધથી જણાય છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ તો નિમિત્ત જેવું છે એવું ખ્યાલમાં ગ્રાહકને કારણે આવે છે. આ તો સ્વયમેવ અનુભવમાં આવનારો. એને કોઈ પાંચ ઇન્દ્રિયના વિષયના નિમિત્તની જરૂર નથી. આ સમ્યગ્જ્ઞાનમાં. પાંચ ઇન્દ્રિયોના વિષયોના નિમિત્તના અસ્તિત્વની જરૂર નથી જ્ઞાનમાં. એ હોય. એની મોજૂદગીમાં જડની પર્યાય જડથી થાય, મારાથી કદી થતી નથી અને એની પર્યાયથી મારામાં કદી સમ્યગ્જ્ઞાન થતું નથી. ભારે ભાઈ! આ ભગવાનની સ્તુતિ. ભગવાનની સ્તુતિ તો અહીં ભગવાન પાસે જાય શેત્રુંજય લ્યો. 'શિવપુર અમને દેજો, દેજો રે મહારાજ.' ભગવાન પાસે ગાયને? એવા-એવા શબ્દોથી ગાયને ધુન લગાવી દે. જાણે કે ઓહો..હો..! શિવપુર તો જાણે ભગવાન પાસે પડ્યું હશે. મોહનભાઈ! તારી શિવપુરી ત્યાં હશે? કે તારી શિવપુરી અંદરમાં છે? શિવપુરી શિવ નિરૂપદ્રવ સમાજ ગુણનો ભંડાર. નિરૂપદ્રવ શિવપુરી તારા ગુણનો ભંડાર સમાજ તો તારી પાસે છે. એનું અસંગ ચૈતન્ય, એ વિષયથી અસંગ તો ભગવાનના દર્શન થયા. શાસ્ત્રમાં એમ આવે છે લ્યો! કે ભગવાનના દર્શનથી પમાય. અહીં ના પાડે છે. એ ગ્રાહ્યગ્રાહક લક્ષણ સંબંધ થઈ ગયો. એનાથી કદી સમ્યગ્દર્શન થતું નથી. ભાઈ! વ્યવહારમાં કહ્યું છે કે પ્રતિમાના દર્શનથી સમ્યક્ થાય. અહીં કહે છે કે ગ્રાહ્યગ્રાહકલક્ષણ સંબંધથી તને ભ્રાંતિ થઈ ગઈ છે. તને ભ્રાંતિ થઈ ગઈ છે. શું કહ્યું? તારું શુદ્ધ ઉપાદાન ઉઠી ગયું, અશુદ્ધ ઉપાદાન ગ્રાહક પર્યાય તો છે. અશુદ્ધ ઉપાદાન ગ્રાહક ઇન્દ્રિયની એ નિમિત્ત. એ બેના સંબંધથી સમ્યગ્દર્શન કદી નથી થતું.

શુદ્ધ ઉપાદાન. અહીં તો ભાઈ શુદ્ધ ઉપાદાન લેવું છેને? શુદ્ધ ઉપાદાન. અશુદ્ધ ઉપાદાન તો પોતાની પર્યાયમાં ગ્રાહક ભાવેન્દ્રિયની યોગ્યતા જેવી યોગ્યતા છે એવું નિમિત્ત છે અને એવું જાણે છે, પણ બેની પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ સત્તા એટલો નથી. પરના સંગથી ભિન્ન '**ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું...**' જુઓ, એ તો સંગથી ખ્યાલ આવે છે. એવી રીતે ભાસ થાય છે. શબ્દ આવ્યો તો જ્ઞાન થયું, રૂપ આવ્યું તો જ્ઞાન થયું, ગંધ આવી તો જ્ઞાન થયું એવો-એવો ભાસ થાય છે. તો અહીં તો કહે છે કે ચૈતન્યશક્તિની સ્વયમેવ અનુભવમાં આવનારી અસંગતા. એ અસંગતાનો .. અસંગ ચૈતન્ય

પદાર્થ હું છું. જીવ એ જ્ઞાનભાવ. ઇન્દ્રિયની યોગ્યતા અને ગ્રાહ્ય એ બધાથી હું અસંગ છું. સર્વજ્ઞની સ્તુતિ, સર્વજ્ઞ ભગવાનની ભક્તિ, આ તીર્થંકરની ભક્તિ. ભોગીભાઈ! આવી તીર્થંકરની ભક્તિ? ત્યાં બ્રહ્મામાં કરી હતી કોઈ દિ'? આંગી, આંગી ચડાવીને કરી હશે આંગી નહિ? આંગી સમજ્યાને? ઓલું ચડાવે છેને. અહીં તો કહે છે કે ભગવાન! તારામાં તારો અંગ જે સ્વભાવ અંશ અનંત ગુણ પડ્યા છે આ એની અસંગતાના આશ્રયે જે પ્રતીતિ થઈ એ જ ભગવાનને આંગી ચડાવી અને ભગવાનની શોભા થઈ. એ ભગવાનની શોભા થઈ. એ ભગવાનની શોભા.

'**પોતાની ચૈતન્ય...**' જુઓ પોતાની ચૈતન્ય. એ તો પર છે, પર છે, ગ્રાહ્ય પર છે, ગ્રાહક એની યોગ્યતાથી એટલા લક્ષણની સમીપમાં આવે છે. બધાને ઉડાવી દીધા. ભગવાન આત્મા એ પદાર્થોને જીતવા કેમ કહે છે? કે પાંચ ઇન્દ્રિયના શબ્દો, શાસ્ત્ર અને ગુરુની વાણી એનું લક્ષ છોડીને. એ તો ગ્રાહકગ્રાહ્ય સંબંધ હતો. લ્યો! શ્રવણથી જ્ઞાન થાય છે. સ્પર્શાદિ પદાર્થોને અલગ કર્યા. સર્વથા પોતાથી અલગ કર્યા. અલગનો અર્થ? કે '**પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે...**' અસંગપણું તે વડે પ્રતીતિ થઈ તો '**સર્વથા પોતાથી જુદાં કર્યાં;...**' પાંચ ઇન્દ્રિયોના વિષયો નિમિત્તનો મારામાં અભાવ છે. અભાવ તો હતો. પણ પ્રતીતમાં આવતું નહોતું. પહેલા પ્રતીતમાં આવતું નહોતું. અભાવ તો છે જ. પરપદાર્થની પર્યાયનો સ્વમાં અભાવ છે, સદાય અભાવ જ છે. તું માન તોપણ અભાવ છે અને ન માન તોપણ અભાવ છે. પણ અલગ કર્યું. સર્વથા પોતાથી, સર્વથા પોતાથી ભિન્ન કર્યું. એ સંબંધ માનતો હતો. આવા શબ્દ સાંભળ્યા, એવું રૂપ આવ્યું, આવા ગંધ, રસ, સ્પર્શ મને જણાયા તો મને જ્ઞાન થયું. એ જ્ઞાન જ નથી. એને અમે જ્ઞાન કહેતા નથી, એને પ્રતીતિ કહેતા નથી. ભગવાને એવું કહ્યું જ નથી.

ભગવાને તો એમ કહ્યું છે કે ચૈતન્યશક્તિને સ્વયમેવ પોતાની શક્તિ પોતાથી હોં. પોતાની ચૈતન્યશક્તિ, પોતે સ્વયમેવ અનુભવમાં આવનારી અસંગતા. અસંગ પદાર્થ, અસંગ પદાર્થ. એ શબ્દ હતોને? સંગ હતોને એટલે અહીંયાં અસંગ લીધું. નહિતર તો ત્રણેમાં '**णाणसहावाधियं**' શબ્દ છે. ભગવાન જ્ઞાનસ્વભાવી ભિન્ન છે. એ ભિન્નમાંથી આટલા અર્થ ટીકાકારે કાઢ્યા. સમજાણું? આટલી ટીકા કરી છે તોપણ સમજતા નથી. બ્રહ્મચારીજી! આટલી ટીકા કરી તો કોઈ કહે ભાઈ! વાંચે જાઓ. એનું સ્પષ્ટિકરણ ન કરો. સમજાણું? કેટલાક એમ કહે છે. શું (સ્પષ્ટીકરણ) કરવું છે અમૃતચંદ્રાચાર્યે ઘણું કહ્યું છે. પણ શું કહ્યું? એનો મર્મ સમજ્યા વિના શું વાંચે? કેટલાક એમ કહે છે કે અમૃતચંદ્રાચાર્યની ટીકા વાંચી જાઓ. એમાં વળી એનું વ્યાખ્યાન થાય અને એનું સ્પષ્ટિકરણ થાય. પણ આ કોણ સમજે છે એના સ્પષ્ટિકરણ વિના. એનું તો અંદર સૂત્ર ભર્યું છે. મર્મ. સૂત્રનો મર્મ ભરી દીધો છે.

તો કહે છે કે પોતાની ચૈતન્યશક્તિ સ્વયમેવ અનુભવ જ્ઞાનમાં આવનારી અસંગતા દ્વારા.

લ્યો, નિમિત્ત વડે નહિ, ગાહ્યગ્રાહક સંબંધ દ્વારા નહિ. ગ્રાહક અને ગ્રાહ્ય એના સંબંધ વડે નહિ. અસંગતા વડે '**સર્વથા પોતાથી જુદા કર્યા;...**' અહીં તો સર્વથા પોતાથી જુદા કર્યા લ્યો. સમજાણું? એમ લીધું. શક્તિ વડે પોતાથી ભિન્ન જાણ્યું એમ કહ્યું હતું. એમાં પણ પ્રગટ સ્વભાવના અવંલબનના બળથી જુદો કર્યો. અહીં તો સર્વથા પોતાથી જુદા કર્યા. ગ્રાહક અને ગ્રાહ્ય લક્ષણ સંબંધ મારા સ્વરૂપમાં છે જ નહિ. ઓહો..હો..! સમજાય છે? સમજાય છે? આ કોની વાત ચાલે છે? સમ્યગ્દર્શનની, ભગવાનની ભક્તિની, કેવળજ્ઞાનની પ્રશંસા, કેવળજ્ઞાનની પ્રશંસા કોણ કરે?

ઓહો..! સર્વજ્ઞ ભગવાને દીઠું એમ થાશે. સર્વજ્ઞ ભગવાને દીઠું એમ થાશે. ફેરફાર કદી થાય નહિ. કોણ માની શકે? કહેતા હતાને 'જે જે દેખી વીતરાગને તે તે હોશી વીરા રે.' એ બ્રહ્મવિલાસમાં આવે છેને. ભાઈ ભગવતીદાસમાં. 'કાહે હોત અધિરા રે.' સમજાય છે? એ બ્રહ્મવિલાસ છેને ભૈયા ભગવતીદાસનું એમાં લખ્યું છે. 'જે જે દેખી વીતરાગને સો સો હોશી વીરા રે.' સમજાણું? 'અણહોની નહિ હોગી કબહુ કાહેત હોત અધીરા?' કોણે નિર્ણય કર્યો? કોણે એને માન્યું? કે જડ ઈન્દ્રિયના અસ્તિત્વથી મારું જ્ઞાન નથી, ભાવેન્દ્રિય જેટલો હું નહિ, ભાવેન્દ્રિય અને ગ્રાહ્યનો સંબંધ એટલો પણ હું નથી. સમજાય છે કાંઈ? ચીમનભાઈ! આ ભગવાનની સ્તુતિ હશે? શ્વેતાંબર-દિગંબરમાં ફેર હશે કે નહિ સ્તુતિમાં? આ દિગંબરની સ્તુતિ છે અને શ્વેતાંબરની સ્તુતિ બીજી હશે એમ હશે? ભાઈ! વાસ્તવિક સ્તુતિ તો આ છે. એવું જેને ભાન હોય કે કેવળજ્ઞાની કેવા હોવા જોઈએ? શાસ્ત્ર કેવા હોવા જોઈએ? એ બધાનું યથાર્થ ભાન થાય. વાસ્તવિકતા આ છે. વળી કોઈ (એમ કહે કે) ના, ના. એ તો દિગંબરની એવી સ્તુતિ હશે ભગવાનની. આપણે વળી બીજા પ્રકારની હશે. એ ભાન ન હોય અને બજા પ્રકારની માને એ બીજી વાત છે, બાકી વાસ્તવિક સર્વજ્ઞ ભગવાનની ઓળખાણ તો આ રીતિ અને આ પદ્ધતિથી થાય છે. કહો, મોહનભાઈ!

'**સર્વથા પોતાથી જુદા કર્યા;...**' સર્વથા જુદો કરી દીધા? બસ, સમકિતીને સંગતા નથી હોતી? જુઓ, અહીં તો સર્વથા શબ્દ પડ્યો છે. સમ્યગ્દર્શન થયું, છન્નું હજાર સ્ત્રીના સંગમાં પડ્યો છે અને આમ ખાતા-પીતા (હોય ત્યારે) આમ ચામર ઢાળે એવા બે હજાર તો દેવ સેવા કરે છે. એક ભુજામાં એક હજાર, એક ભુજામાં હજાર. બે હજાર. ખમ્મા અન્નદાતા. હીરાના સિંહાસન હોયને. હીરાના સિંહાસન. સિંહ જેમ પડ્યો હોયને સિંહ એમ પડ્યો હોય.. વીર્યથી, પોતાના બળ શૂરવીરથી ચક્રવર્તી થાય. આમ પડ્યો હોય. રેશ્મી ગાદલા પર પગ આમ પડ્યા હોય. શું છે? મોહનભાઈ! અસંગ છે. સમ્યગ્દષ્ટિ અસંગ છે. કોઈ સ્પર્શ ઈન્દ્રિય આદિનો ગ્રાહ્યગ્રાહક સંબંધનો સ્વામી નથી. સમજાય છે? કેમ શિવલાલભાઈ! હોય કે નહિ? ચક્રવર્તી કોને કહે? જેની આંખ આમ દેખે તો સાધારણ દેવ સામું ન જોઈ શકે. એટલી પુણ્ય પ્રકૃતિ, એટલી ઉગ્રતા. એટલા પુણ્યનો પ્રતાપ. વાઘ, સિંહ આવે સિંહ. અને ચક્રવર્તી

સિંહના કાનની બુટી પકડે આમ, પેશાબ છૂટી જાય સિંહને. એના હાથમાં એટલું જોર છે. આમ પકડે તો.. જોઈ શકે નહિ સાધારણ સિંહ. એવો આતાપ છે. આમ કૂતરાનું જેમ બચ્ચુ હોયને એવો થઈ જાય ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ પાસે. સિંહ, વાઘ આમ લતપત લતપત કરવા માંડે. એવી તો જેની પુણ્યપ્રકૃતિ. શું છે? અસંગ છે. ઓહો..હો..!

શ્રોતા :- પાંચ ઈન્દ્રિયના વિષય પણ બહુ લાંબા...

ઉત્તર :- બહુ લાંબા કેટલા? હોય, એ તો ચક્રવર્તી છે. અને ઘોડા ઉપર ચડે તો બાર યોજન કૂદકા મારે છેને. ગુફામાં જાય છેને ગુફા તોડવા દંડમાં. દંડ તોડવા જાય છે તો એવી ગરમ હવા નીકળે છે. ઘોડા હાથમાં તલવાર એક હજાર દેવ સેવા કરે છે. ઘોડાની એક હજાર દેવ સેવા કરે છે. માથે માર આમ પલાણ. આમ રાણીઓ બધી વાટ જોતી હોય. ઓહો..! નાથ આજે રાજ જીતીને ગુફા તોડીને ક્યારે આવશે. અંતરમાં દૃષ્ટિમાં તો હું આત્મા છું. એ જડની ક્રિયા જડથી થાય છે. મારામાં જરી રાગ આવે છે એ પણ ગ્રાહ્યગ્રાહક લક્ષણના સંબંધમાં જાય છે, મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ ચૈતન્ય અસંગ પદાર્થ એની ઉપર દૃષ્ટિનું પરિણમન થઈ ગયું. અને અજ્ઞાની બહારથી ત્યાગ (કરે), હાથમાં કમંડળ, મોરપીંછી. સમજાણું? અવધૂત એક તાણોવાણો કપડાનું ન હોય. તાણોવાણો સમજ્યાને? એક દોરો પણ ન હોય, જંગલમાં રહેતો હોય, છ મહિનાના અપવાસ કરીને ભિક્ષા માટે ગામમાં આવતા હોય. છ-છ મહિનાના અપવાસ. સમજાણું? સ્ત્રીની સામું નજર ન કરે, પણ અંતરમાં નજર ન કરી.

ભગવાન અસંગ આત્મા છે. એ વિષયો તને નડતા નથી. નડતા સમજ્યાને? નુકશાન કરતા નથી અને વિષયો તને અનુકૂળ નથી. એવી ચૈતન્યશક્તિ અનુભવમાં સ્વયમેવ અસંગતા આવનારી એમાં દૃષ્ટિ ન પડી તો કોઈ વિષયને એણે જીત્યા જ નથી. કહો, એવો ત્યાગી તોપણ એક વિષય જીત્યા નહિ? એટલું તો વ્યવહારે તો જીત્યો કે નહિ? વ્યવહાર ક્યાંથી લાવ્યો? નિશ્ચય વિના વ્યવહાર કોને કહેવા? નહિ. ચક્રવર્તીને એવો સંગ છે. સર્વથા પોતાથી જુદા કર્યા છે દૃષ્ટિની અપેક્ષાએ. એ ચારિત્રની અપેક્ષાએ જેટલો દોષ છે એટલું નિમિત્ત ઉપર લક્ષ જાય છે તો એ વાતને અહીંયા ગૌણ કરી દે છે. દૃષ્ટિની પ્રધાનતામાં એ વાતને ગૌણ કરી દે છે. સર્વથા દૂર થઈ જાય તો કેવળજ્ઞાની થઈ જાય. સમજાય છે?

પણ ગ્રાહ્યગ્રાહક લક્ષણના અંશના અસ્તિત્વમાં જે દૃષ્ટિ પડી હતી એ દૃષ્ટિ સુલટી ગઈ. અસંગ ચૈતન્યસ્વભાવ હું છું એમ થતાં સર્વથા પોતાથી જુદા કર્યા. કોઈને એમ લાગે કે સર્વથા પોતાથી જુદા કર્યા તો મુનિ થઈ ગયો? ત્યાગી થઈ ગયો? એ દૃષ્ટિથી સર્વ સંસારનો ત્યાગી છે, દૃષ્ટિથી. અસ્થિરતાના ત્યાગથી તો વીતરાગ થઈ જાય. ત્રણ કષાયનો નાશ થતાં, ત્રણ કષાયનો નાશ થતાં અલખ ચૈતન્યના અવલંબનમાં વિશેષ આનંદમાં પડ્યો હોય એ તો વિશેષ છે, પણ અહીંયાં તો દૃષ્ટિ જ્યાં પલટી ત્યારે પર્યાયમાં સૃષ્ટિ નવી અલૌકિક ઉત્પન્ન

થઈ. તો કહે છે કે '**સર્વથા પોતાથી જુદા કર્યા;...**' બસ, કોઈ વિષય નહિ? ...લાલજી! ચક્રવર્તીને કોઈ વિષય નથી? ઓહો..હો..! બળદેવ છે, વાસુદેવ થાય છે. સમજાય છે? તીર્થંકર. લ્યો!

શ્રોતા :- વિષયનો વિષય છે, એનો વિષય નથી.

ઉત્તર :- વિષયનો વિષય છે એનો વિષય નથી. એ તો પરમાં એનું અસ્તિત્વ છે. અહીં તો અસ્તિત્વની વાત ચાલે છેને. એ તો એની પર્યાયથી, અસ્તિત્વથી મોજૂદગી ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપે પરિણમે છે. એમાં મારે શું? મારી પર્યાયમાં પણ જે ગ્રાહકનો અંશ છે એની સાથે સંબંધ કરે એટલો પણ હું નથી. હું સ્વયમેવ અનુભવમાં... શબ્દ નહિ, રૂપ નહિ, ગંધ નહિ, રસ નહિ, સ્પર્શ નહિ. એવા સંગરહિત ચૈતન્ય અસંગતા વડે એ અનુભવમાં આવનારું જ્ઞાન એનાથી પરપદાર્થને સર્વથા જુદા કર્યા. '**એ ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું.**' આ વિધિથી અસંગપણું દૃષ્ટિમાં આવ્યું તેથી એ, તેથી '**એ ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું.**' એણે ઈન્દ્રિયના વિષય જીત્યા, બીજાએ જીત્યા નથી. કહો, સમજાય છે કાંઈ? ઓહો..હો..!

કેટલી ટીકા અમૃતસ્વરૂપથી ભરી દીધી છે! થોડા શબ્દમાં ચૌદ પૂર્વનું માખણ છે એમાં. માખણ-માખણ. ટીકા તે ટીકા કોઈ ભરતક્ષેત્રમાં આવી ટીકા નથી. ભરતક્ષેત્રમાં આવી ટીકા નથી. એવા અમૃતચંદ્રાચાર્ય... વસ્તુનું જ્ઞાન તો થાય છે, પણ એવી યોગ્યતાથી એવી ટીકા, એવો મર્મ, એવા શબ્દોમાં આવી ગયો. એ તો બાર અંગ અને ચૌદ પૂર્વનો મર્મ ભરી દીધો છે. ભગવાન આચાર્ય, કુંદકુંદાચાર્યના શબ્દો એમાં તો મર્મ છે જ. એની તો વાત શું કરવી? પણ ટીકા કરે છે, વિશિષ્ટ એટલી ટીકા કરી. ૪૧૫ શ્લોક છે. ટીકા ચાર હજાર. લગભગ ચાર હજાર શ્લોક જેટલી છે. પણ એના એક-એક શબ્દમાં વસ્તુસ્થિતિની એવી ચીજ છે. તને ખ્યાલમાં આવે છે અસંગતા. એનું નામ ભગવાનની ભક્તિ અમે કહીએ છીએ. કહો, સમજાણું કાંઈ?

'**એ ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું.**' પદાર્થ છૂટી ગયો અને પદાર્થ પ્રત્યે રાગ ઘટી ગયો, ભાવેન્દ્રિય એના ઉપરથી લક્ષ છોડીને જરી બેસી જાય એમ નહિ. અસંગ દૃષ્ટિ બેસી ગઈ. અંતરમાં અસંગ સ્વભાવની દૃષ્ટિ બેસી એણે ભાવેન્દ્રિયના વિષયોને જીત્યા. બધા પદાર્થને જીતી લીધા. આ ચક્રવર્તીનું રાજ જીત્યું. લ્યો! ચક્રવર્તી છ ખંડ જીતે તો છ ખંડ કહે છેને? અને શ્રુતજ્ઞાની ... ષટ ખંડ સાધ્યા. નથી આવતું? ગોમ્મટસારમાં આવે છેને? નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી કહે છે. જેમ ભરત ચક્રવર્તી છ ખંડ તો સાધે છે. એમ હું મારી મતિચક્ર વડે ષટ્‌ખંડાગમ સાધ્યા. ષટ્‌ખંડાગમ છેને? મતિચક્ર. બહુ ક્ષયોપશમનો દરિયો હતો નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી. મહામુનિઓ ભાવલિંગી સંતો પાક્યા છે એ તો આભના થોભ, ધર્મના થાંભલા. એવી દૃષ્ટિ અને વીતરાગી દશા કે હું મારા મતિચક્ર વડે છ ખંડ

સાધ્યા છે.

અહીં કહે છે કે સર્વ પદાર્થોને જીત્યા. ભાઈ! અહીં તો હવે ઉપમા પાછી ત્યાં આપવી છે. સમજાણું? છ દ્રવ્યો મારા જ્ઞાનમાં જે વિષયરૂપ હતા એ અસંગ દ્રવ્ય વડે મેં જીતી લીધા. છ ખંડ જીતાઈ ગયા. સમજાણું કાંઈ? એ ચક્રવર્તી પુણ્યથી છ ખંડ જીતે છે. મહાસંતો પોતાની મતિના ઉઘાડના ક્ષયોપશમથી ષટ્‌ખંડાગમ જીતે છે. તો સમ્યગ્દૃષ્ટિ પોતાના અસંગ આત્માની પ્રતીત કરે છે એ ષટ્ દ્રવ્ય જે વિષયરૂપ પાંચ ઇન્દ્રિયના હતા (તેને) સર્વથા પોતાથી જુદા કરી દીધા. એક આત્મા રહી ગયો. સમ્યગ્જ્ઞાન દિપીકામાં કહે છેને સમ્રમ થઈ જાય છે. આત્મા સમ્રમ થઈ જાય છે એમ કહે છે. આત્મા એક કોર એક સમ્રમ અને એક બાજુ છ દ્રવ્ય. હિંમતભાઈ! એમાં આવે છે. એ તો સમયસારમાં આવે છે. આગળ આવશે. અરસ, અગંધમાં. વ્યક્ત એવા છ દ્રવ્ય એનાથી અવ્યક્ત એવો આત્મા ભિન્ન છે. એ આવશે. સમજાણું?

અહીંયાં એમ લીધું છે કે આત્મા અસંગ ચૈતન્યમૂર્તિ ભગવાન સમસ્વભાવી જ્ઞાનસૂર્ય એવી પ્રતીત થઈ (તો) સર્વ પદાર્થ સર્વથા પોતાથી જુદા કર્યા. એ જીતવું થયું. કોને જીત્યા? કેટલા પદાર્થ જીત્યા? બધા પદાર્થ. કોઈ પદાર્થ જીત્યા વિના બાકી રહ્યો નહિ. એક ચૈતન્ય અસંગની દૃષ્ટિ થઈ, બધાને જીતી લીધા. પછી થોડો રાગ-દ્વેષ જ્ઞાનીને પણ આવે. વિષય, રાગ. સમજાણું? પણ એ અસ્થિરતાનો દોષ છે, મૂળ દોષ નથી. એ દૃષ્ટિ પલટી બધું થઈ ગયું. કહો, સમજાય છે કાંઈ?

'**આમ જે...**' ત્રણે થઈ ગયા. '**આમ જે...**' આ રીતે '**જે (મુનિ) દ્રવ્યેન્દ્રિયો ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો—એ ત્રણેને જીતીને,...**' પણ આ પ્રકારે. એમ. બીજો પ્રકાર નહિ. અજ્ઞાની લોકો માને એવો પ્રકાર નહિ કે આમ જીતી લીધા. અમે ઓછું ખાઈએ છીએ, લૂખો આહાર કરીએ છીએ, અલ્પ આહાર કરીએ છીએ, રસનો ત્યાગ કરીએ છીએ, મીઠું-લવણ ખાતા નથી, દૂધ, ઘી, ખાંડ-સાકર, ગોળ, પકવાન કદી અડ્યા જ નથી, ખાધા જ નથી. બહુ લૂખો આહાર કરીએ છીએ. અમે ઇન્દ્રિયને જીતી છે. કહે છે, નહિ. બિલકુલ નથી જીતી. જીતવાની એ જ વિધિ, એ જ પ્રકાર. આ રીતે જે વિધિ કહી એ પ્રકારે દ્રવ્યેન્દ્રિયો એ પર્યાયને જીતી લીધી. ભલે અસ્તિ હોય. જીતવું એ તો અસ્તિ હોય એને જીતવું છેને? મરી ગયો હોય એને શું જીતવું? હોય, અસ્તિ હો, ભલે દ્રવ્યેન્દ્રિય હો. ચૈતન્ય શક્તિ અથવા સ્વભાવના ભાનથી જીતી લીધી. એનું લક્ષ છોડી દીધું દૃષ્ટિમાં.

'**ભાવેન્દ્રિયોના...**' ભાવેન્દ્રિય અસ્તિ તો છે. સાધકની વાત છે. અહીં કેવળીની વાત નથી. કેવળીને ભાવેન્દ્રિય હોતી જ નથી. દ્રવ્યેન્દ્રિય છે. દ્રવ્યેન્દ્રિય છે કેવળીને. ભાવેન્દ્રિય નથી. અહીં તો ભાવેન્દ્રિયોના વિષય ગ્રહણ કરવાની લાયકાત છે તોપણ એને આ રીતે જીતી લીધી. '**ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો—એ ત્રણેને જીતીને, જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો**

દોષ આવતો હતો...' શું કહ્યું? જડેન્દ્રિય છે તો મને જ્ઞાન થયું. ભાવેન્દ્રિયનો અંશ ઉઘાડ છે એવી યોગ્યતાને છોડી દીધી. ભાવેન્દ્રિયની યોગ્યતાનો અંશ એટલું નહિ. યોગ્યતા જ્ઞેય હતી, જ્ઞાયક સ્વભાવ ત્રિકાળ છે. જ્ઞાયકસ્વભાવરૂપ યોગ્યતામાં ખીચડો કરતો હતો, એકમેક માનતો હતો એ જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ છે, જ્ઞેયજ્ઞાયક સંબંધદોષ છે, જ્ઞેયજ્ઞાયક સંયોગદોષ છે, જ્ઞેયજ્ઞાયક એકરૂપતાનો દોષ છે. સમજાય છે કાંઈ?

એ '**જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી...**' એ દૂર થઈ ગયો. આવી દૃષ્ટિ કરવાથી દૂર થયો. '**એકત્વમાં ટંકોત્કીર્ણ...**' હવે શું કહે છે? વ્યાખ્યા. હવે જ્ઞાનની વ્યાખ્યા કરે છે. સામાન્ય વ્યાખ્યા તો કરી હતી. ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય શક્તિ. બેમાં ચૈતન્ય શક્તિ અને એકમાં ચૈતન્યસ્વભાવ લીધો અસંગ. '**એકત્વમાં ટંકોત્કીર્ણ...**' કેવો છે જ્ઞાયક? '**એકત્વમાં ટંકોત્કીર્ણ...**' ભેદ-ભેદ (નહિ). ભાવેન્દ્રિય નહિ, દ્રવ્યેન્દ્રિય નહિ અને નિમિત્ત પણ નહિ. એકરૂપ જ્ઞાયકસ્વભાવ દૃષ્ટિમાં લીધો. ટંકોત્કીર્ણ. ટાંકણાથી જેમ પ્રતિમાને અંદરમાંથી ઉકેરે છે. છતી મૂર્તિ હોયને પત્થર? હોય એને કાઢે છે. એમ છે એને કાઢ્યું. ચિદાનંદ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ દૃષ્ટિમાં લીધો.

'**અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્ય દ્રવ્યોથી પરમાર્થે જુદા...**' લ્યો! કેવો છે? '**એકત્વમાં ટંકોત્કીર્ણ...**' એકમાં જેવો છે એકલો જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... '**જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્ય દ્રવ્યોથી પરમાર્થે જુદા...**' પરમાર્થે ભિન્ન. વ્યવહારથી ભલે નિમિત્ત-નૈમિત્તિકથી એક કહેવામાં આવતા હોય, પરમાર્થે નથી. '**જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્ય દ્રવ્યોથી...**' જુઓ, અન્ય દ્રવ્ય ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય, બધા વિષયોથી '**જુદા એવા પોતાના આત્માને અનુભવે છે...**' એવા પોતાના આત્માને અનુભવે છે '**તે નિશ્ચયથી જિતેન્દ્રિય જિન છે.**' એટલી વ્યાખ્યા આવી લ્યો. સમજાણું કાંઈ? આ જિતેન્દ્રિય જિન. ઓહો..હો..! જિન સંજ્ઞા ચોથા ગુણસ્થાનથી લાગુ પડી ગઈ. જિન. અવિરત સમ્યગ્દૃષ્ટિથી જિન થયો. વિશેષ હોં! સાધારણ જિન તો આવે છે નહિ ભાઈ? આ બીજા ગુણસ્થાનમાં આવે છે. અપૂર્વકરણમાં આવે છે. અપૂર્વકરણમાં પણ એક જિન શબ્દ કહેવાય છે. અપૂર્ણકરણ આવે છેને સમ્યગ્દર્શન પહેલા? ત્રણ કરણ. ત્રણ કરણમાં પણ જે અપૂર્વકરણ ચાલે છે. અધઃકરણ પછી અપૂર્વકરણ, અનિયતિ એમાં જિન સંજ્ઞા લાગુ પાડી. ટીકામાં છે.

અહીંયાં તો ચોથા ગુણસ્થાનના જિન કહ્યા. સમ્યગ્દર્શન અવિરતિ સમ્યગ્દર્શન એ કહે છે કે '**નિશ્ચયથી જિતેન્દ્રિય જિન છે...**' ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને ગ્રાહકગ્રાહ્ય સંબંધ લક્ષણ તૂટી ગયો નિશ્ચયથી ખરેખર જિતેન્દ્રિય જિન છે. એ પૂર્ણ જિન થવાનો છે. પૂર્ણ જિન થવાનો. આ જઘન્ય સ્તુતિ કરી. જઘન્ય એટલે શું? નાનામાં નાની. સર્વજ્ઞની નાનામાં નાની આ સ્તુતિ, નાનામાં નાની ભક્તિ. સમજાણું? '**નિશ્ચયથી જિતેન્દ્રિય જિન છે (જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી...**' ત્રિકાળ જ્ઞાનની વાત કરે છે હોં! એ

જ્ઞાન ભગવાન સ્વભાવ અન્ય દ્રવ્યો અચેતન જડમાં નથી. '**તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે.**)' અધિક નામ ભિન્ન, અધિક નામ જુદો. આ પ્રકારે અધિક હોં! અધિક-અધિક તો બીજા ભિન્ન ભિન્ન તો બધા કહે છે. આ પ્રકાર કહ્યો એનાથી ભિન્ન જાણ્યો કે પરથી તદ્ન ભિન્ન દ્વારા સર્વથી અધિક ભિન્ન છે.

હવે કેવો છે જ્ઞાનસ્વભાવ? એની વ્યાખ્યા કરે છે. '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો...**' સમસ્ત પદાર્થથી ભિન્ન થયો થકો. તરતો નામ પાણીમાં જેમ તેલનું બિંદુ ઉપર રહે છે, અંદર પ્રવેશ કરતું નથી. એમ જ્ઞાનસ્વભાવ જ્ઞેયને દ્રવ્યેન્દ્રિયને, ભાવેન્દ્રિયને અને વિષયોને બધાને જાણતો, તરતો, ભિન્ન રહેતો થકો પરમાં એકમેક થતો નથી. વિશ્વ. વિશ્વ નામ સમસ્ત પદાર્થ. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય બધા પદાર્થ આવી ગયા. બધા આવી ગયા હોં! '**ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતા છતાં-તે-રૂપ નહિ થતો),...**' શું કહે છે? ભાવેન્દ્રિયને જાણે છે, દ્રવ્યેન્દ્રિયને જાણે છે, વિષયોને જાણે છે તોપણ તે રૂપ થતો નથી.

'**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન '**અવિનશ્વર સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત્-એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' '**णाणसहावाधियं मुणदि**' એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. એ નિશ્ચયસ્તુતિ પહેલા પ્રકારની કરી. એ બધા વિશેષણ છે એ વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૭૫-૭૬, શ્લોક-૪૯
પ્રવચન નં.૩૫૦, તા. ૩૦-૧૦-૧૯૬૯
(૦૮)

કર્તાકર્મ અધિકાર. ૭૫ની ટીકા. અહીં સુધી આવ્યું જુઓ, '**વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે.**' છેલ્લી ચાર લીટી ઉપર. ઉપરથી લ્યો બે લીટી. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી. આત્મા વસ્તુ છે એ જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલી ચીજ છે. એવું જ્યાં અંતર રાગના કાર્યથી ભિન્ન પડેલું તત્ત્વ એ સ્વતંત્ર વ્યાપક. આત્મા પોતે સ્વતંત્ર પ્રસરીને જ્ઞાન અને આનંદના પરિણામને કરે છે. આત્મ પરિણામને. આત્મ પરિણામ એટલે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એને વ્યવહારની અપેક્ષા રાખીને આત્મા આત્મારૂપ પરિણમે છે એમ નથી. આત્મા વસ્તુ છે જ્ઞાયકભાવથી ભરેલી ભરપુર ચીજ એવું અંદર રાગથી ખાલી, એવું રાગથી ભિન્ન ભાન થતાં આત્મા પોતાના વીતરાગી પરિણામને સ્વતંત્રપણે વ્યાપક થઈને કરે છે. એટલે વ્યાપક એટલે કર્તા થઈને કરે છે. સમજાય છે?

આત્મ પરિણામનો એટલે કે '**પુદ્ગલ પરિણામના જ્ઞાનનો કર્તા છે.**' જુઓ, પુદ્ગલ પરિણામ એટલે? ભાવકભાવ. એ પુદ્ગલ પરિણામ. પુણ્ય-પાપના ભાવ, વ્યવહાર પરિણામ એ બધા પુદ્ગલના પરિણામ. એના જ્ઞાનનો કર્તા છે આત્મા. પણ એ રાગાદિ વ્યવહારરત્નત્રયનો શુભ ઉપયોગ એનો એ આત્મા કર્તા નથી. કર્તા થાય તે આત્મા નહિ અને કર્તા નથી તે આત્મા પરિણામને કરે છે. સમજાણું કાંઈ? અને પુદ્ગલ પરિણામનું જ્ઞાન તે '**વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' જુઓ, એ વ્યવહારરત્નત્રયાદિ કે શરીરની ક્રિયા થાય એનું જ્ઞાન આત્મામાં થાય એ તો નિમિત્તથી કથન છે. એનું જ્ઞાન તે વ્યાપક વડે એટલે આત્મા કર્તા વડે '**સ્વયં વ્યપાતું હોવાથી...**' '**વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' એ પર્યાય તે આત્માનું કામ છે. આત્માનું એ કામ છે, કર્મ છે, કર્તવ્ય છે. સમજાણું કાંઈ?

વળી આ રીતે જ્ઞાતા પુદ્ગલ પરિણામનું જ્ઞાન કરે છે. એટલી તો અપેક્ષા આવીને? તો કાંઈ કર્તાકર્મપણું સંબંધ છે પરની સાથે? આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ એવું જે આત્મદ્રવ્ય એમ જ્યાં રાગથી ભિન્ન પડીને સ્વદ્રવ્યનો સ્વીકાર થયો તે આત્માને વ્યવહાર રત્નત્રયાદિ રાગ જે થાય તેનું જ્ઞાન અહીં થાય. તો એ જ્ઞાતા પુદ્ગલ પરિણામનું જ્ઞાન કરે, એ રાગનું જ્ઞાન કરે, વ્યવહારનું જ્ઞાન કરે તેથી એમ પણ નથી કે પુદ્ગલ પરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે. તેથી એમ નથી કે એ પુદ્ગલ પરિણામ આત્માનું કાર્ય છે. સમજાણું કાંઈ? છે

એમાં. છેને?

ભગવાન આત્મા પોતાના સ્વભાવને સ્વીકારીને સ્વભાવમાં રહેતો એને રાગાદિ, પુણ્યાદિના વ્યવહાર રત્નત્રયાદિના વિકારના પરિણામ થાય તેનું એ જ્ઞાન કરે, એથી તે જ્ઞાન કરે માટે જ્ઞાતાના પરિણામમાં એ રાગ વ્યાપ્ય છે, રાગનું જ્ઞાન કરે માટે રાગ વ્યાપ્ય છે, રાગનું જ્ઞાન કરે માટે રાગ એનું કામ છે એમ નહિ. સમજાણું કાંઈ?

શ્રોતા :- જ્ઞાન અને રાગ બે વાત.

ઉત્તર :- બીજી કઈ ત્રીજી વાત છે? બીજી ચીજ છે જીવ અને અજીવ. રાગાદિ અજીવ અને ભગવાન જ્ઞાનાદિ જીવ. બે વાત છે. સમજાણું કાંઈ? જીવ-અજીવ જ આખી દુનિયા છે. એ તો જીવ અને અજીવ થયુંને? એ જ્ઞાન એ જીવ છે, જ્ઞાન એ આત્મા છે. સમજાણું?

'**વળી આ રીતે...**' કૌંસમાં છેને? '**(જ્ઞાતા...**' જાણનાર આત્મા '**પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે...**' વ્યવહાર વિકલ્પ આવે અને દેહની ક્રિયા તે કાળે આમ-આમ થાય એનું જ્ઞાન કરે '**તેથી) એમ પણ નથી કે પુદ્ગલપરિણામ...**' એ રાગાદિ વ્યવહારભાવ એ આત્માનું વ્યાપ્ય નામ કાર્ય છે એમ નથી. આત્માનું વ્યાપ્ય છે એમ નથી. ભારે વાત, ભાઈ! સમજાણું? ભગવાન આત્માનો સ્વભાવ સ્વપરપ્રકાશક સ્વતઃ સ્વતઃ સ્વભાવ છે. તો સ્વતઃ સ્વભાવ એમ આત્મા પોતાના અને રાગના ભાવને, રાગના જ્ઞાનને જાણે એટલો સંબંધ ખરો, પણ રાગના જ્ઞાનને જાણે માટે રાગ એનું કાર્ય થઈ જાય કે વ્યાપ્ય અવસ્થા થઈ જાય આત્માની કે આત્માની પર્યાય થઈ જાય એમ નથી. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ એનું જ્ઞાન કરે જ્ઞાની, પણ જ્ઞાન કરે તેથી તે ભાવ તેની અવસ્થા થઈ જાય, રાગ તેની અવસ્થા આત્માની થઈ જાય એમ નથી. ભારે કામ, ભાઈ! એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તેઈન્દ્રિયા કરીને.. જીવિયા વહોરવિયા કરતા ત્યાં સુધી તો કાંઈ સમજવાનું હતું નહિ. થઈ રહ્યું જાઓ. કેમ? દેવીલાલજી! એ સ્થાનકવાસી હતા, બૈરા હતા દેરાવાસી. હવે થઈ ગયા દિગંબર આ.

શ્રોતા :- ...

ઉત્તર :- એ તો ઘરની વાત કરે છે. કહો, સમજાય છે કાંઈ? આમાં દિગંબર, સ્થાનકવાસી નથી, આ તો વસ્તુ આવી છે. સમજાય છે કાંઈ? દિગંબર કોઈ સંપ્રદાય નથી. વસ્તુની સ્થિતિ આવી છે. રાગરૂપી કપડા પણ જેનામાં નથી. આહા..હા..! એવું સ્વરૂપ ચૈતન્યનું છે. એવું જ્યાં અંદર સમ્યગ્જ્ઞાનમાં જણાણું ત્યારે તે આત્મા ધર્મી થયો અને ધર્મી થતાં તેને જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય, રાગનું જ્ઞાન થાય. વ્યવહાર જેવો જે પ્રકારનો રાગ ઉઠે તે પ્રકારનું અહીં જ્ઞાન થાય. સમજાય છે? એમ કહેવા માંગે છે. જે પ્રકારનો રાગ થાય કે જે પ્રકારનો દ્વેષ હોય કે જે પ્રકારની કષાયની મંદતા-તીવ્રતાના પરિણામ હોય તે જ પ્રકારનું અહીં જ્ઞાન થાય, પણ તે પ્રકારનું જ્ઞાન થાય માટે તેનાથી થયું છે એમ નથી. તેમ એ રાગનું

જ્ઞાન થાય માટે રાગ આત્માની પર્યાયમાં વ્યાપી જાય એમ નથી. રાગનું જ્ઞાન થયું માટે રાગ અહીં વ્યાપી ગયો માટે જ્ઞાન થયું એમ છે નહિ. સમજાણું?

'**કારણ કે પુદ્‌ગલને અને આત્માને...**' એટલે વ્યવહારુ રત્નત્રયનો રાગ એ પુદ્‌ગલ છે. અહીં પુદ્‌ગલ પરિણામ કહ્યા હવે પાછા એને પુદ્‌ગલ કહી દીધા. એ પુદ્‌ગલ દ્રવ્ય છે જડ અજીવ. એને '**અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં...**' વ્યવહાર છે તે જ્ઞેય પુદ્‌ગલ છે અને આત્મા છે તેનો જ્ઞાયક જ્ઞાતા છે. એટલો બેનો સંબંધ વ્યવહારે હોવા છતાં '**પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...**' પુદ્‌ગલ એટલે વ્યવહાર રત્નત્રયનું આત્મામાં જ્ઞાન થાય, ઉપાદાન પોતાથી થાય છે. એવા જ્ઞાનમાં એ રત્નત્રયના પરિણામ નિમિત્ત છે. '**એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.**' એ જ આત્માની અવસ્થા છે. રાગ આત્માની અવસ્થા નથી. આહા..હા..! સમજાય છે કે નહિ આમાં?

'**કારણ કે પુદ્‌ગલને અને આત્માને...**' ભગવાન આત્મા ચૈતન્ય બ્રહ્મસ્વરૂપ અને પુદ્‌ગલ એ રાગાદિ વિકલ્પ ભાવ એને '**જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહાર...**' એ વ્યવહાર રત્નત્રય જ્ઞેય અને આત્મા તેનો જ્ઞાયક જાણનાર એવો સંબંધનો વ્યવહારમાત્ર, પાછો વ્યવહારમાત્ર. આટલો વ્યવહાર. '**છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...**' આત્મામાં જ્ઞાન થાય છે સ્વપરપ્રકાશક પોતાથી. એ સ્વપરપ્રકાશક જે જ્ઞાન થાય જે આત્માની દશામાં એમાં ઓલો વ્યવહાર રત્નત્રય પરિણામ નિમિત્ત હોવા છતાં એવું જે જ્ઞાન તે જ્ઞાતાનું વ્યાપ્ય છે. ઓલું નિમિત્ત છે માટે વ્યાપ્ય છે એમ છે નહિ. ભારે! કહો, ભોગીભાઈ! સમજાય છે આમાં? આ તો બહુ આઘું નીકળ્યું હળવે-હળવે કરતાં-કરતાં તો.

શ્રોતા :- ..

ઉત્તર :- બહુ આઘે. મંદિર-ફંદિર કરવા કે આપણે મંદિર બનાવો કે ચાલો આપણે દિગંબર છીએ. અહીં તો કહે છે, પૂજા કરવાનો ભાવ આવે એનું જ્ઞાન થાય એ પરિણામ જ્ઞાનમાં એ પૂજાના પરિણામ નિમિત્ત છે. નિમિત્ત હોવા છતાં તે રાગ જીવનું પર્યાય કે વ્યાપ્ય કાર્ય નથી. સમજાય છે? પણ રાગનું જે જ્ઞાન થયું એ આત્માનું કાર્ય અને વ્યાપ્ય અને અવસ્થા છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- રાગનું જ્ઞાન તો...

ઉત્તર :- અત્યંત અભાવ. કહો, ભાવથી અત્યંત અભાવ. ક્ષેત્ર એક ઠેકાણે દેખાય તો ક્ષેત્ર ભાવ જુદો, કાળ એટલે એક સમયમાં છતાં એનો સમયનો કાળ એનામાં અને આનો કાળ આનામાં. ઠીક પણ પ્રશ્ન કરે છે હોં હવે. આંતરું અનંતગુણ આંતરું. વિકારી ભાવ અને અવિકારી ભાવ વચ્ચે મહા અત્યંત સ્વભાવનો અભાવ. એક જ પર્યાયના બે ભાગ. જે દ્રવ્ય શુદ્ધ ચૈતન્યને આશ્રયે થયેલી નિર્મળ પર્યાય ધર્મ અને એ જ પર્યાયનો બીજો અંશ તે અધર્મ. અધર્મ એટલે રાગ. એક પર્યાયના બે ભાગ. છતાં એક ભાગ અને બીજા ભાગની

વચ્ચે અત્યંત અભાવ. કહો, સમજાણું કાંઈ? આ તો જયકુમારજીએ આ બધું માંગ્યું છે. એનું ચાલે છે. દિલ્હીવાળાનું. એય..! શાંતિભાઈ! આ તમારી સપ્તાહ ચાલે છે. જયકુમારજીએ માગ્યું પછી .. ફેરવી નાખ્યું. ભાઈ છેટેથી આવ્યા છે ભલે સ્વાધ્યાય એની થાય. અહીં તો સ્વાધ્યાય કરવી છેને. આહા..હા..!

શાંતિ છે. અંદર આ ચીજ છે આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે અને વિકલ્પ ઉઠે છે તે પુદ્ગલસ્વરૂપ છે. કારણ કે પુદ્ગલ અહીં આવે ને જાય, ઉત્પન્ન થાય અને વ્યય થાય. એ અજ્ઞાનભાવ છે. તો અજ્ઞાનભાવ અને જ્ઞાનભાવ વચ્ચે અત્યંત અભાવની ભીંત પડી છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! આ વાત તે કાંઈ.. અંદર બેસાડવી જોઈએ હોં! એકલી સાંભળે રાખે એમ નથી. સાંભળે માટે થઈ ગયું ત્યાં (એમ નથી).

શ્રોતા :- બેસાડવી એટલે?

ઉત્તર :- અંદર એને દૃષ્ટિમાં દ્રવ્યને લઈને એને ભેદ પાડવો જોઈએ. સમજાણું કાંઈ? બેના લક્ષણ જુદાં, બેના ફળ જુદાં, બેનો ભાવ જુદો. કાળ ભલે એક સમય હોય પણ એક સમયમાં એનો પણ કાળ જુદો અને આનો પણ જુદો. .. તદ્ન જુદા એના.

એવો ભગવાન આત્મા ચૈતન્યના સ્વભાવથી રત્નાકર ભરેલો પ્રભુ, એને પોતાની નિજ શક્તિને સંભાળતા રાગ પૃથક્ થઈ જાય છે અથવા રાગ વિલય થઈ જાય છે. બાકી રાગ રહે છે એ પૃથક્ થઈ જાય છે. સમજાણું કાંઈ? પૃથક્ થઈ જાય છે એનો અર્થ કે આમાંથી વિલય થઈ જાય છે. એમ. આહા..હા..! આમાંથી વિલય થઈ જાય અને ત્યાં ભલે રહે, પણ તેનું જ્ઞાન આત્મા કરે. પણ જ્ઞાન કરવા છતાં એ વ્યવહાર એની પર્યાય થઈ જાય એમ નથી. ફક્ત પુદ્ગલ પરિણામનું જે જ્ઞાન એ આત્માની પર્યાય અને આત્માનું કાર્ય અને અવસ્થા એની છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અશુદ્ધ અવસ્થા એ આત્માની અવસ્થા નથી એમ કહે છે. એ પુદ્ગલની પર્યાય છે. આહા..હા..! આ તે કાંઈ વાત! એય..! વ્યવહાર રત્નત્રયના પરિણામ પુદ્ગલ જડ એ આત્માની અવસ્થા નહિ એટલે વ્યાપ્ય નહિ. વ્યાપ્ય કહો કે પર્યાય કહો કે કાર્ય કહો કે અવસ્થા કહો. આહા..હા..!

શ્રોતા :- ...

ઉત્તર :- કાંઈ સંબંધ ન મળે. આ કીધુંને. આ આટલો સંબંધ કીધો. પુદ્ગલને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક સંબંધ વ્યવહારથી. જ્ઞેય તો આકાશનો પ્રદેશ અનંતને છેલ્લે છે. આમ ને આમ ચાલ્યો જાય. ઈ જ્ઞેય તો જ્ઞાનમાં છે. એમ આ રાગ જ્ઞાનમાં જ્ઞેય છે. એમાં ફેર શું છે? દૂર કે નજીકનું કાંઈ છે નહિ. જેમ આકાશ અનંત-અનંત છે એ જ્ઞાનમાં જ્ઞેય છે. એમ આ રાગ એ જ્ઞાનમાં જ્ઞેય છે. નજીક અને દૂર છે માટે જ્ઞેયમાં ફેર પડે છે એમ છે નહિ. આહા..હા..!

શ્રોતા :- ...

ઉત્તર :- એક જગ્યો પણ નથી. આનું ક્ષેત્ર આનું અને એનું ક્ષેત્ર એનું. આકાશ તો પર છે. પરની અપેક્ષાએ ભેગા છે એમ કહો તો એનો અર્થ શું? પરમાં ભેગા છે એ તો. આકાશના ક્ષેત્રમાં રાગનો અભાવ છે અને રાગના ક્ષેત્રમાં આકાશના પ્રદેશનો અભાવ છે. અને આત્માની નિર્મળતાના પ્રદેશમાં આકાશના પ્રદેશનો અભાવ છે અને આકાશના પ્રદેશમાં આત્માની નિર્મળતા પ્રદેશનો અભાવ છે. કહો, એમાં હવે એમાં એક ક્ષેત્ર રહ્યું... ભારે! ઓહો..હો..!

વીતરાગનું કહેલું તત્ત્વ અલૌકિક, અચિંત્ય અને મહા સ્વભાવનો સાગર સમુદ્ર છે. પ્રભુ છે મોટો. એને જ્યાં અંતરમાં સ્વીકાર થયો.. થઈ રહ્યું, આખી દુનિયાથી જુદો પડી ગયો. ભવભ્રમણના ભાવ એ પણ જ્ઞાનમાં જ્ઞેય રહી ગયા. એના નથી એટલે ભવભ્રમણ મને છે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? મારે એક-બે ભવ કરવાના છે એમ નથી કહે છે. આહા..હા..! જુઓ તો ખરા એ ચીજ! જે રાગાદિ હોય તે જ્ઞાનનું જ્ઞેય છે. તો રાગનો ભવ હોય એ પણ જ્ઞાનનું જ્ઞેય છે, પણ એ આત્માની અવસ્થા છે એમ નથી. રાગ છે અને તે સ્વર્ગમાં ઇન્દ્ર દેવપણે થાય માટે દેવની અવસ્થા આત્માની અવસ્થા છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માની અવસ્થા ચૈતન્યની પરિણતિ જે ચૈતન્ય પરિણતિ તે આત્માની અવસ્થા છે. રાગની પરિણતિ અને દેવગતિની ઉદય અવસ્થા એ કાંઈ આત્માની પરિણતિ નથી એમ કહે છે. આહા..હા..! એ તો જ્ઞેય તરીકે જાણ્યું છે એમ કીધું છે. જણાવ્યું છે જ્ઞેય એક આવું એક .. છે. પછી સર્વજ્ઞ થઈને બધાને જાણશું, કેવળી થાશું એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે, જે પુદ્ગલપરિણામ એ રાગના, એ દેવની ગતિના, જે કાંઈ મનુષ્ય આદિના થાય, એક-બે ભવ હોય એ ભવ બધા જ્ઞાનનું જ્ઞેય છે, નિમિત્ત છે છતાં જ્ઞાનની અવસ્થા નથી. તે અવસ્થા જ્ઞાનમાં આવતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આઠ વર્ષની બાળિકા પણ સમ્યગ્જ્ઞાન પામે, સમ્યગ્દર્શન પામે ત્યારે કહે છે કે ભવ છે? કે ના, મારે નથી, મારામાં નથી. એ હોય તે મારા જ્ઞાનમાં જ્ઞેય છે. હોય તો લોકાલોક છે. એ કોણે ના પાડી? ભલે હોય. સમજાણું કાંઈ? અને એ લોકાલોક અને ભવનું જ્ઞાન અહીં હોવા છતાં એ ભવ અને લોકાલોક મારી અવસ્થા છે? કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય એટલે લોકાલોક અવસ્થા કેવળજ્ઞાનની છે? કેવળજ્ઞાન અને લોકાલોકને નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ છે. એટલું છે. એથી કરીને જ્ઞાન લોકાલોકનું વસ્તુ એ કેવળજ્ઞાનમાં નિમિત્ત થાય, નિમિત્ત થાય એટલે કાંઈ લોકાલોક અવસ્થા થઈ જાય? અને લોકાલોક આત્માનું વ્યાપ્ય અને કાર્ય થઈ જાય? આહા..હા..! એનું તો કેવળજ્ઞાન કાર્ય છે. સમજાણું કાંઈ? કહો, રમણીકભાઈ! આવો માર્ગ છે. જેને હજી ખ્યાલમાં પણ નથી, સમજણમાં પણ નથી. વ્યવહારુ સમજણ હોં? જેને અંતરમાં જાવું, એની શક્તિનો પહોંચવું એ અલૌકિક વાતું છે, ભાઈ! પણ માણસને બહારની

પક્કડમાં એવું થઈ જાયને. હાય... હાય.. મારી તો આમાં ગણતરી જ નહિ. અમે આવા ત્યાગી થયા આવા-આવા. કેટલી ક્રિયા કરીએ, કષ્ટ કરીએ. અમારું તો આમાં કાંઈ આવતું નથી. તો આવે છેને? એ બધો અજ્ઞાનભાવ છે એને પોતાનો સ્વીકાર્યો હોય તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**(માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.)**' લ્યો! સરવાળો કર્યો. માટે ભગવાન આત્માના જ્ઞાનની દશામાં જેટલા પ્રમાણમાં રાગ અને શરીરની પર્યાય થાય એનું જ્ઞાન થાય, પણ ઈ જ્ઞાન તે આત્માનું કાર્ય છે. એ શરીર અને રાગ એ આત્માનું કાર્ય નથી. સમજાણું કાંઈ? ઈચ્છા થઈ અને આ આઠ પ્રકારના દ્રવ્યની પૂજામાં હાથ આમ-આમ થાય. ભાષા થાય સ્વાહા-સ્વાહા. કહે છે કે એ ભાષા અને હાથ આમ-આમ થાય ઈ અને આઠ પ્રકારના દ્રવ્યની પર્યાય અને ઈચ્છા એ બધાનું જ્ઞાન થાય, પણ જ્ઞાન થવા છતાં ઈચ્છા અને શરીરની પર્યાય જીવનું કાર્ય નથી. જીવની અવસ્થા થતી નથી.

શ્રોતા :- ..

ઉત્તર :- કરે કોણ કરે? બીજું શું કરે? એય..! જેઠાલાલભાઈ! શું કરવું? પછી પૂજા કરવી નહિ? તો જીવે પૂજા કરી છે કે નહિ? પણ ઈ પૂજા વખતે ઈ આત્માએ જ્ઞાન જ કર્યું છે. આહા..હા..! એવી વાતું, બાપા! સમજાણું કાંઈ? એ પૂજાના રાગને અને ક્રિયાને કરું એ તો આત્મા નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ છે. ભીખાભાઈ! બધું હળવે-હળવે એમાંથી એવું નીકળે છે આમાંથી. છે? કેમ જયકુમારજી! આહા..હા..!

'**હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' ૪૯.

(शार्दूलविक्रीडित)

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४९।।

'**व्याप्यव्यापकता तदात्मनि भवेत्**' વ્યાપ્ય એટલે અવસ્થા અને વ્યાપક એટલે કર્તા. વ્યાપ્ય એટલે કાર્ય અને વ્યાપક એટલે કર્તા. એ કર્તાકર્મપણું '**તત્સ્વરૂપમાં જ હોય,...**' જે તત્સ્વરૂપ, અભેદસ્વરૂપ હોય એમાં એ કર્તાકર્મપણું હોય. આત્મા અને જ્ઞાનની પર્યાયને તદ્ભાવ છે, તત્સ્વરૂપ છે. તો તેને આત્મા કર્તા અને જ્ઞાનના પરિણામ તત્સ્વરૂપ છે માટે તેનું કાર્ય ખરું, પણ '**अतदात्मनि अपि न एव**' '**અતત્સ્વરૂપમાં ન જ હોય.**' પણ રાગાદિ આત્માનું તત્સ્વરૂપ નથી, તદ્ભાવસ્વરૂપ નથી, તેના અસ્તિ સ્વભાવમાં ઈ નથી. તેથી અતત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યાપકપણું ન હોય. જે તદ્રૂપ નથી તેમાં કર્તાકર્મપણું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! હજી તો શું કહે છે એને સમજાય નહિ અને એને

ધર્મ કરવો. આ તો કહે બધા ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ. ચાલી નીકળ્યા છે હજારો-લાખો માણસ. અરે..! ભગવાન! બાપુ! ધર્મ તો એક સમયનો જન્મ-મરણનો અંત લાવીને મૂકી દે. એવી ધર્મ ચીજ છે. સમજાય છે કાંઈ? સંસારમાં પડતા રાખે અને સ્વભાવમાં ઠારે એનું નામ ધર્મ છે. રાગમાં પડતા રાખે. સમજાણું કાંઈ?

'**अतत्स्वरूपमां न ज होय.**' '**व्याप्यव्यापकभावसम्भवम् ऋते**' '**व्याप्यव्यापकभावना संभव विना...**' એટલે કર્તાકર્મસંબંધ વ્યાપ્યવ્યાપક હોય તો હોઈ શકે. જે કોઈ દશા પોતાની પોતામાં વ્યાપે અને વસ્તુ તેનો કર્તા અને વ્યાપક હોય. જેમ માટી તે વ્યાપક કર્તા અને ઘડો તેનું વ્યાપ્ય તે કર્મ, પણ કુંભાર તેનો કર્તા અને ઘડાની પર્યાય વ્યાપ્ય એમ છે નહિ. આહા..હા..! સમજાણું? લાખ વર્ષ માટી રહે પણ કુંભાર વિના ઘડો થાય નહિ. લ્યો એવું આવે ક્યાંક. આવે છેને? એય..! એ પકડે લોકો. એમ પકડે જુઓ, એનાથી થયું. ભાઈ! જુઓ. એમ નથી, ભાઈ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? ઘડા વખતે કુંભાર નિમિત્ત હોય, પણ એનાથી થાય છે અવસ્થા ઘડાની એમ નથી. તેનાથી થાય તો એ નિમિત્ત ન રહ્યું, પૃથક્ ચીજ ન રહી. તત્સ્વરૂપ થઈ જાય. કુંભાર ઘડાની પર્યાયનો કર્તા થાય તો ઘડાની પર્યાયમાં તત્સ્વરૂપ થઈ જાય. અતત્ એટલે તે રૂપે નથી એમ ન રહી શકે. કુંભાર તે રૂપે નથી, ઘડાની પર્યાયરૂપે નથી. તેથી તેના સ્વરૂપમાં તદ્રૂપ છે, પણ માટીની પર્યાય તરીકે તો અતત્સ્વરૂપ છે. કહો, બરાબર છે?

આ દાળ, ભાત અને રોટલીની પર્યાયમાં સ્ત્રીનો વિકલ્પ છે તે એમાં તદ્રૂપ નથી અને વિકલ્પ પણ ખરેખર આત્માની સાથે તદ્રૂપ નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! પણ તે વિકલ્પનો અને તે કાળે થતી દાળ, ભાતની અવસ્થા તેનું જ્ઞાન તે આત્માની અવસ્થા અને તેનો આત્મા વ્યાપક કર્તા. એ તત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યાપક હોય. વ્યાપ્યવ્યાપક હોય ત્યાં કર્તાકર્મપણું હોય. આહા..! કહો, અમુલખભાઈ! ભારે વાતું ભાઈ!

ઓલા કહે પરને મારી શકે નહિ, પરને મારતા કાંઈ પાપ ન લાગે એમ કહે છે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! મારી શકે છે કોણ? આહા..હા..! પરને મરવાની પર્યાય તો વ્યાપ્ય એના દ્રવ્ય સાથે છે. તું એનું કાર્ય કરી શકે? આહા..હા..! ભારે પણ લોકોને જૈનતત્ત્વ (સાંભળવા મળ્યું નથી). જૈન એટલે વસ્તુતત્ત્વ સાંભળવા મળ્યું નથી. એટલે કાંઈક સાચું જ્યાં આવ્યું ત્યાં એકદમ આક્ષેપ (કરવા લાગ્યા), અરે..! આમ (કહે છે). અરે..! ઘા લાગે. ઘા લાગી જાય છે. એમાં તો અહીં વસ્તુની ક્યાં વિપરીતતા છે એ સમજાવે છે. એને ઠેકાણે સાચી સમજણ કરવા કાળે તને ઘા લાગી જાય તો તું પાત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**व्याप्यव्यापकभावना संभव विना...**' '**कर्तृकर्मस्थितिः का**' '**કર્તાકર્મની સ્થિતિ કેવી?**' જે અવસ્થા જેનાથી થઈ, જેનાથી થઈ એ વ્યાપક એટલે કર્તા અને થઈ તે તેનું કર્મ અને વ્યાપ્ય. બીજી ચીજ જેની સાથે તત્સ્વરૂપ નથી તે તત્સ્વરૂપની અવસ્થાનો આત્મા

કર્તા અને અતત્સ્વરૂપનું કાર્ય એનું એ સંભવતું નથી. સમજાણું કાંઈ? આ ભાષા થાય છેને. ભાષાની પર્યાય વ્યાપ્ય છે અને પરમાણુ તેનો વ્યાપક છે. પરમાણુ તેના કર્તા છે અને ભાષાપર્યાય તેનું કાર્ય છે. કેમકે તેમાં એ તદ્રૂપ છે. આત્મામાં ભાષાની પર્યાય એ ભાષા તદ્રૂપ નથી. અતત્સ્વરૂપ છે. અતત્સ્વરૂપે છે એથી વ્યાપ્યવ્યાપકપણું અવસ્થા-અવસ્થાયીપણું નથી. અને અવસ્થા-અવસ્થાયીપણું નથી તેથી કર્તાકર્મપણું નથી. પણ ભાષાની પર્યાય જીવનું કાર્ય અને આત્મા એનો કર્તા ત્રણકાળમાં બની શકતું નથી. આરે.. આરે.. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

'**અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય.**' '**ઈતિ ઉદ્દામ**' જુઓ, '**ઈતિ ઉદ્દામ-વિવેક-ધસ્મર-મહોભારેણ**' '**આવો પ્રબળ વિવેકરૂપ...**' જ્યાં તત્સ્વરૂપ અને અતત્સ્વરૂપ બે ભિન્ન તદ્દન છે. એવો પ્રબળ ભિન્નતારૂપ વિવેક '**સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે...**' આખી દુનિયા ભિન્ન છે એને જાણવાનો જેનો સ્વભાવ છે. '**એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી...**' તત્સ્વરૂપ સાથે સંબંધ કર્તાકર્મપણું છે. જે અતત્સ્વરૂપ છે એની સાથે કર્તાકર્મપણું વ્યાપ્યવ્યાપકપણું નથી. માટે કર્તાકર્મપણું નથી એમ વિવેકથી, પરથી ભિન્ન પડેલા જ્ઞાનના ભાર વડે, આખી દુનિયા કામ થતી હોય તેને જાણનારા જ્ઞાનના બોજા વડે, પર મારું કામ અને હું કર્તા એવા અજ્ઞાનને ભેદી નાખે છે. સમજાણું કાંઈ?

પરનું ન કરે, કર્તા ન માને તો એ દિગંબર જૈન નહિ. અરે..! પ્રભુ! શું કહ્યું? કોને પાસે? આ બિચારા સાંભળનારાને ખબર ન મળે અને એને સારું લાગે કે આહા..હા..! આપણું કો'ક કરી દે અને આપણે કો'કનું કરીએ. ભિખારા જેવું માન્યું છેને. આપણું કામ કો'ક કરી દે. આપણે દૈવ ઉપરથી ઉતારે. લ્યો ઓલો અરવિંદ કહેતો હતોને ઉપરથી સ્વર્ગ ઉતારશું. એટલો લોકો રાજી થઈ જાય. આહા..હા..! થોડા વખતમાં તો સ્વર્ગ ઉતરશે ઉપરથી. પછી શું કરવું છે તારે સ્વર્ગ ઉતારીને? રાજી-રાજી થઈ જાય. આપણા માટે તો કેટલા કામ કરે બીજા. ધૂળેય નથી સાંભળને. એ બધા અભિમાન છે. સમજાણું કાંઈ? માર્ગ એવો અલૌકિક છે, ભાઈ!

કહે છે, હા. જેટલા તત્સ્વરૂપના કામ તેમાં થાય અને અતત્સ્વરૂપવાળો તેમાં કાંઈ ન કરે એવું જે ભેદજ્ઞાન બધાને ગ્રસી જાય છે. બધાને જાણી લે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આવો પ્રબળ વિવેકરૂપ અને સર્વને ગ્રાસીભૂત...**' નામ કોળિયો કરી જાય કહે છે. એ અનંતા પદાર્થો જે જે તેના તત્સ્વરૂપમાં છે તેનો તે પર્યાયનો તે કર્તા અને તે પર્યાય તેનું વ્યાપ્ય કાર્ય. અને આત્મા પોતાના તત્સ્વરૂપમાં છે તેથી તેના અતત્સ્વરૂપમાં એનો કર્તાકર્મ છે નહિ. એના પોતાના જ્ઞાન પરિણામને કરે અને જ્ઞાન પરિણામ કાર્ય. આવી આખી દુનિયાનું જ્ઞાન, ભેદજ્ઞાન કળી લ્યે છે. ગ્રાસી-કોળિયો કરી જાય કહે છે. સમજાણું કાંઈ? એવો તો જેનો સ્વભાવ છે. એવો જે જ્ઞાનપ્રકાશ તેનો ભાર. ભાર એટલે વિશેષતા જ્ઞાનની થઈ ગઈ

ત્યાં. આખી દુનિયાને ભેદ તરીકે ભિન્ન છે તેમ જાણ્યું જ્ઞાને. એ જ્ઞાનની અવસ્થાનું કાર્ય થયું. પરની અવસ્થાનું કાર્ય પરથી થયું. એવું જ્ઞાન સ્વપરને કોળિયો કરી ગયું. જ્ઞાનનો બોજો વધી ગયો. સમજાણું કાંઈ?

એ '**જ્ઞાનના ભારથી...**' એટલે વિશેષ જ્ઞાનના પ્રકાશના જોરથી '**तमः भिन्दन्**' '**અજ્ઞાન-અંધકારને ભેદતો,...**' અજ્ઞાન અંધકાર વિલય થઈ જાય છે. જ્યાં સૂર્ય ઉગે એટલે અંધકાર રહેતો નથી. સમજાણું કાંઈ? કહો, આ ભણેલાનું જ્ઞાન હોયને. એય..! જ્યોતિ! આ ભણેલું જ્ઞાન છે કે નહિ? એ પૈસા પેદા કરવામાં કેટલું કામ કરે? લે ત્યારે આ બધા શું કરવા ભણે છે? એનો બાપ બેઠા છે એને પૂછીએ છીએને અમે. આ કેળવણીથી જ્ઞાન થાય અને જ્ઞાનથી પૈસા પેદા થવાનો એને રસ્તો મળે. અભણને મળે? એય..! આ બધા બે-ચાર ચોપડીના ભણેલા છે. જુઓ બધા કેટલા પહોંચ્યા? એમાં શું છે? ઓલો ચાર ચોપડી કાંઈક ભણ્યો છે. ચાર કે પાંચ કાંઈક. શાંતિલાલ ખુશાલ. પણ એની પાસે પૈસા છે એ તો પરચીજ છે. પરચીજની અવસ્થાનું ક્ષેત્રાંતર થવું અને નજીક આત્મા છે ત્યાં નજીક આવ્યો. નજીક આવ્યો એટલે શું પણ? નજીક એટલે શું? એ આત્માને અને લક્ષ્મી બે વચ્ચે તો અત્યંત અભાવ છે. ભારે વાત, ભાઈ! આ તો હોંશ ઊડી જશે આ ભણવાની. એમ.એ. ભણે મોટા પૂંછડા.

એક જણો કહેતો હતો કે અમેરિકાથી જો કોઈ છોકરો ભણીને આવ્યો હોય તો કન્યા આપુ અને પચાસ હજાર આપુ. પણ અમેરિકાથી આવ્યો હોય તો. એટલે પરદેશથી. .. ગલગલિયા થઈ જાય અંદરથી ... એક જણે બહાર એવું કહ્યું હતું. છોડી મોટી થઈ ગઈ, પણ હવે અહીંના સાધારણ છોકરાને આપવું... એ તો કોઈ ભણીને આવ્યો હોય બહારથી. બે હજાર, ત્રણ હજારનો પગાર ત્યાં હોય અને ત્યાં જઈને આવ્યો હોય. એવું કહે ત્યાં તો કેટલાક જુવાનિયાને એમ થઈ જાય કે ચાલો આપણે ભણી આવીએ ઝટ. શું છે પણ હવે સાંભળને. ભ્રમણા છે એ બધી. કોને આપે? કોને દે? કોણ લે? એ બધી ભ્રમણા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- એ ઈન્દ્રજાળ?

ઉત્તર :- ઈન્દ્રજાળ છે. આહા..હા..! કેમ હશે?

કહે છે ઓહો..! '**આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને,...**' '**सः एषः पुमान्**' '**पुमान्**' પુરુષ થયો એ તો આત્મા. આખી દુનિયા મારા જ્ઞાનમાં નિમિત્ત છે. છતાં એ દુનિયા મારું વ્યાપ્ય અને કાર્ય નથી. મારું કાર્ય તો બધી દુનિયાને હું જાણું એવો જ્ઞાનનો ભાવ એ મારું કાર્ય છે. સમજાય છે કાંઈ? આવો '**पुमान्**' '**पुमान्**' એટલે આત્મા એમ પાછું. પુરુષ એટલે પુરુષનો આત્મા એમ હશે? કે સ્ત્રીનો આત્મા હશે? સ્ત્રીનો આત્મા પણ નથી અને પુરુષનો પણ નથી. આત્મા આત્માનો છે. સ્ત્રી-પુરુષ તો જડનું માટી ધૂળનું છે. અને વાસના ઉઠે એ પણ અચેતન છે અહીં તો. સમજાણું કાંઈ?

ઓહો..હો..! ભગવાન '**पुमान्**' '**જ્ઞાનસ્વરૂપ થઈને, તે કાળે...**' કહે છે કે તત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યાપકપણું હોવાથી, કર્તાકર્મપણું પણ તત્સ્વરૂપમાં હોવાથી અતત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યાપકપણું, પર્યાય પર્યાયવાનપણું નહિ હોવાથી અને પરમાં તત્સ્વરૂપનું અતત્માં કર્તાકર્મપણું નહિ હોવાથી આવું જ્યાં ભેદજ્ઞાન થયું, બધાને કોળિયો કરી જતું તેવો આત્મા જ્ઞાની થયો થકો અજ્ઞાનને ભેદી નાખે છે. '**કર્તૃત્વરહિત થયેલો શોભે છે.**' '**लसितः**' કર્તારહિત થાય તે શોભાને પામે છે. રાગનો અને પરનો કર્તા થાય તે નિંદાને પામે છે. આહા..હા..! ભાઈ! તારા આ તો સાચા કામ છે આ. સમજાય છે? હવે એની એને ખબર ન મળે અને સુખી થાવું. ધૂળમાંય સુખ નથી ત્યાં. આહા..હા..! સુખનો સાગર પડ્યો છે ઉછળતો એની તો તને ખબર નથી. આ આનંદનો રસકંદ ભગવાન આત્મા એ રાગનો પણ કર્તા થાય તો દુઃખનો કર્તા થાય અને આનંદને ભૂલી જાય. સમજાણું કાંઈ? આહા..હા..! આનંદનું વિસ્મરણ થાય ત્યારે તે દુઃખનો કર્તા થાય અને દુઃખનો અકર્તા થાય ત્યારે આનંદનું સ્મરણ થાય. સમજાણું કાંઈ? કર્તૃત્વથી શૂન્ય કીધુંને? કર્તાપણાથી શૂન્ય શોભે છે એટલે આનંદિત થઈને આનંદમાં રમે છે. આહા..હા..! ભારે વાત પણ ભાઈ! આવી વાત..

અત્યારનો કાળ તો બધો હા..હો.. અને હરિફાઈનો છે લ્યો. પૈસા વધારવા, આ કરવું, આ કરવું એમાં આવી વાતું! એક જણો કહેતો હતો, અત્યારે તો પાણીની રેલ ચાલે છે માટે રળી લેવું લ્યો. ધૂળમાંય નથી સાંભળને હવે, મરી જઈશ ત્યાં. એને વૃત્તિના ગમગોથા ખાતો આમ છે ને તેમ છે. મરી જઈશ ત્યાં ગોથા ખાઈને. આત્માના જીવનને મારી નાખીશ. સાંભળને. સમજાણું કાંઈ? જીવને જીવતો રાખવો હોય તો પરનું જ્ઞાન કર અને પરનું કર્તૃત્વ છોડી દે. તો તારો જીવતો જીવ રહેશે, નહિતર જીવને મારી નાખીશ એમ કહે છે. આહા..હા..! ભારે કામ પણ ભાઈ! વસ્તુસ્થિતિ એવી છે. નિર્દયપણે કરવતથી ભેદી નાખ બેને. આવે છેને? નહિ? નિર્દયપણે. રાગ અને આત્માને નિર્દયપણે. અનાદિથી સાથે છે માટે ધ્યાન કર પ્રજ્ઞારૂપી કરવત. આરા.. આરા. કરવત હોય છેને? આહા..હા..! કહો, હિંમતભાઈ! તમારે લાકડામાં બહુ ઓલા હશે. કરવતું બહુ કામ કરે. ત્રણ ગામમાં બધા લાતીનો વેપાર અમુલખભાઈને બહુ થયો એમ કહે છે લોકો લ્યો. ત્રણ ગામ. વઢવાણ, જોરાવર અને કાંપ. ધૂળેય નથી ત્યાં. દુઃખના પંથે પડવાના રસ્તા છે બધા. આહા..હા..! એ શ્લોક થઈ ગયો લ્યો.

'**ભાવાર્થ :- જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે...**' આત્મા જ્ઞાનાનંદ આદિ સર્વમાં વ્યાપે તે આત્મા અને કોઈ એક અવસ્થાવિશેષ એની દશા જ્ઞાન તે એનું કાર્ય. હવે આ વ્યાપકનું વ્યાપ્ય છે. '**આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે...**' દરેક પરમાણુ, દરેક આત્મા એ વ્યાપક નામ કર્તા છે '**અને પર્યાય વ્યાપ્ય છે.**' અહીં જીવની પર્યાય નિર્વિકારી તે વ્યાપ્ય લેવી છે. ઈ પર્યાય. રાગ એની પર્યાય નથી. એ તો પુદ્ગલના પરિણામમાં જાય છે. અતત્સ્વરૂપમાં જાય છે. '**દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે.**' વસ્તુ ત્રિકાળી અને

તેની વર્તમાન દશા તે એકરૂપ અભેદ છે. જે દ્રવ્યનું સ્વરૂપ, આત્મા એટલે દ્રવ્યનું સ્વરૂપ, આ દ્રવ્યનો આત્મા એટલે '**સ્વરૂપ અથવા સત્ત્વ.**' દ્રવ્યનું સત્ત્વ. સત્નું સત્ત્વ. સત્ વસ્તુ આત્મા કે પરમાણુ સત્ એનું જે સત્ત્વ એટલે ભાવ તે જ પર્યાયનો આત્મા. તે જ અવસ્થાનું સ્વરૂપ. સ્વરૂપ અથવા સત્ત્વ.

'**આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે...**' વસ્તુ છે એ પોતાની દશામાં પ્રસરે છે. '**અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે.**' પર્યાય એટલે અવસ્થા એ પદાર્થ વડે થઈ જાય છે. પરદ્રવ્ય વડે થઈ જાય છે એમ નથી. '**આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ (અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય;...**' જુઓ, રાગ અને આત્માની પર્યાય અભિન્ન નથી, ભિન્ન છે એમ કહે છે. '**અતત્સ્વરૂપમાં ન જ હોય.**' રાગને અને આત્માને એકસ્વરૂપ નથી. '**(અર્થાત્ જેમની સત્તા—સત્ત્વ ભિન્ન ભિન્ન છે)...**' એ જેની સત્તા અને હોવાપણું જુદું-જુદું છે તેનું અતત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યાપકપણું ન હોય.

'**જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય; વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય.**' આ બધા, પંચશીલ કરો. નથી કરતા આ માણસો અત્યારે બધા? અંદરોઅંદર તકરારો ચાલી છે મોટી. માંહોમાંહે. ઓલો કહે હું કરું. પ્રજાનું શું થાય અને શું થશે એ તો એની ઘરે રહ્યું. ઓલો કહે કે હું મોટો છું અને ઓલો કહે હું મોટો છું. આહા..હા..! ગજબ છેને! માથા ફોડવા માંડ્યા છે. આહા..હા..! પ્રજાની અવસ્થા તો પ્રજાથી થવાની થાશે. પણ આ એમ કે અમે કરવા માગીએ છીએ. સારા મોટા થઈને કરશું, મોટા થઈને કરશું. ત્યારે ઓલા ખુશ થાય હાશ આ બધા મોટા થઈને આપણું સારું કરશે. શું કરશે સારું તારું? સારું તો તારી દશામાં છે. સારો તો ભરેલો આનંદકંદ છે. એની દૃષ્ટિ કરતાં સારી અવસ્થા થાય તેનો તે કર્તા છો એને કોઈ બીજો કરી દે નહિ. પૈસા આપવાની સગવડતા થાય, અનાજની સગવડતા થાય, પાણીની સગવડતા થાય, કૂવાની સગવડતા થાય અને સડકની સગવડતા થાય. એય..! ભીખાભાઈ! ભાઈ! કઠણ સરકાર તો હવે મોટરું ચાલવા માંડી. ઓલા ભોથરા જેવી સડક હતી તો મોટર ગાડા જેવી થઈ જાય. દોઢસો માઈલ, બસ્સો માઈલ લ્યો. સવારે મુંબઈથી ચાલ્યા તો સાંજે અહીં. એવી સડક કાઠિયાવાડમાં થાય? એટલી સગવડતા થઈ કે નહિ? સગવડતા એટલે શું પણ? એની દશા એનામાં થઈ એમાં તને શું થયું? પણ મુંબઈથી ઝટ આવ્યાને. ક્યાં આવ્યો પણ તું? તારી પર્યાયમાં છો ત્યાં. જ્યાં છો ત્યાં તારી પર્યાયમાં છો. મુંબઈ ક્ષેત્રે હોય કે ફલાણે ક્ષેત્રે હોય. તારા દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં છો. ક્યાંય તું તારા દ્રવ્ય-ગુણ-પર્યાયથી આઘો ગયો છો (એમ નથી). ભારે વાત પણ હોં! સમજાણું કાંઈ? દેવીલાલજી! ભ્રમણા? લ્યો!

'**આવું જે જાણે તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.**' લ્યો! '**આમ જાણતાં તે જ્ઞાની થાય છે,...**' ધર્મી થાય છે, આનંદિત થાય છે અને

'**કર્તાકર્મના ભાવથી રહિત થાય છે અને જ્ઞાતા-દ્રષ્ટા-જગતનો સાક્ષીભૂત થાય છે.**' લ્યો! આખા જગતનો જાણનાર. કોઈપણ આત્મા સિવાયની રાગાદિ ક્રિયાનો પણ કર્તા નહિ. આહા..હા..!

'**હવે પૂછે છે કે પુદ્ગલકર્મને જાણતા એવા જીવને...**' અરે..! મહારાજ! રાગાદિને જાણે તો છેને આત્મા? '**જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નથી?**' તો વ્યવહાર વિકલ્પ ઉઠે છે દયા, દાન, ભક્તિ આદિના પરિણામ એને આત્મા જાણે તો ખરો કે નહિ? તો જાણે તે માટે એનો કર્તાકર્મ કાંઈ છે કે નહિ એની સાથે? કાંઈ સંબંધ નથી? '**તેનો ઉત્તર કહે છે :—**' આ વ્યવહાર રત્નત્રયને અને આત્માની પર્યાયને કાંઈ સંબંધ નથી? એ પૂછે છે લ્યો. એનો ઉત્તર.

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।

નીચે હરિગીત છે.

વિધવિધ પુદ્ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.

જુઓ, રાગાદિને પરદ્રવ્યની પર્યાય (કહી). સ્વદ્રવ્યની પર્યાય નહિ. આહા..હા..! કહો, એ ભગવાનનો વિનય કરવો ભાવ એ પરદ્રવ્યની પર્યાય. .. તો જોઈએને એને? ત્રણલોકના નાથ તીર્થંકર બિરાજતા હોય સમવસરણમાં અને વિકલ્પથી ભગવાનને પગે લાગે કે આહા..હા..! હે નાથ! કહે છે કે એ વિકલ્પ પરદ્રવ્યની પર્યાય.

શ્રોતા :- ભગવાનને પરદ્રવ્ય..?

ઉત્તર :- હા, બેય પરદ્રવ્યની પર્યાય. ભગવાન! તારા દ્રવ્યની એ અવસ્થા નહિ. આહા..હા..! તું તો જ્ઞાનજ્યોત ચૈતન્યમૂર્તિ પ્રભુ છો. એ વખતે જે રાગનું જ્ઞાન થાય તે તારી અવસ્થા છે. આહા..હા..! સમજાય છે કે નહિ? દિલ્હીવાળા ગુજરાતી વાંચે છે ત્યાં. ભાઈને છેને. ગુજરાતી અને આ ગાથાઓ. ડોસાને જરી ન સમજાય શાંતિભાઈના બાપને. શાંતિભાઈને પૂછી લેવું કીધું. શાંતિભાઈ કહે હું સમજું કે બાપાને સમજાવું? એ વળી એમ કહે. બાપાને એમ કે આ શું કહ્યું હતું? આ શું કહે છે? ગુજરાતી ભાષામાં આવે તો હિન્દીવાળાને ન સમજાય. આહા..! કહે છે... એનો અન્વયાર્થ લ્યો. છેને?

'**અન્વયાર્થ :— જ્ઞાની...**' એટલે ધર્મી. અનેકવિધ '**અનેક પ્રકારના પુદ્ગલકર્મને જાણતો હોવા છતાં...**' જે રાગાદિ ભિન્ન-ભિન્ન થાય એને જાણતો હોવા છતાં '**નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં...**' એ રાગ જે પરદ્રવ્યની પર્યાય, પુદ્ગલની પર્યાય, સ્વદ્રવ્યનો અંશ નહિ. એ સ્વદ્રવ્યનો અંશ નહિ. ઓહો..હો..! ધર્મી જીવને ભગવાન આત્મા.. આત્મા રાગથી, પરથી જેવું તત્ત્વ ભિન્ન છે તેવું જાણ્યું અને જાણ્યું તેવી એને ધર્મદશાની દશા પ્રગટ થઈ. એવા

ધર્મીને '**પુદ્‌ગલકર્મને...**' અનેક પ્રકારના શુભના અસંખ્ય પ્રકાર છે. શુભના અસંખ્ય પ્રકાર છે. ભિન્ન-ભિન્ન વખતે પૂજા, દાન, દયા, વ્રતાદિનો વિકલ્પ હોય તો કહે છે કે એ જાણે ખરો, પણ તે પરદ્રવ્યની પર્યાયમાં પરિણમતો નથી. સમજાય છે કાંઈ? એ પરદ્રવ્યની પર્યાયરૂપે પરિણમતો નથી. આહા..હા..! તેને પકડતો નથી અને '**તે-રૂપે ઊપજતો નથી.**' એ રાગરૂપે આત્મા ઊપજતો નથી. આહા..હા..! ભારે વાત! શાંતિભાઈ! આહા..હા..!

એના ઘરમાં તો ઓલા એક યાદ આવ્યું હતું. આ કોઠી ધોવે તો કાદવ નીકળે એમ નથી કહેતા? કોઠી. માટીને ધોયા કરે તો શું નીકળે એમાંથી? પીત્તળનું વાસણ ધોવે તો તો વળી કાટ નીકળીને રહી જાય. પણ માટીની કોઠી ધોવે તો કાદવ નીકળે. એમ આત્માને ધોવા માંડે તો શાંતિ અને આનંદ નીકળે. ત્યાંથી કાંઈ રાગ નીકળે એમ છે નહિ. એ તો કોઠી આનંદ અને જ્ઞાનની કોઠી છે. કોઠી સમજો છો? ઓલું અનાજ ભરવાની હોય છેને? માટીની મોટી કોઠી. પહેલા એ રાખતા. સો-સો મણ ભરાય ઘઉં-બાજરો. .. છેને ઓલામાં .. ખૂણામાં રાખે.

અહીં કહે છે કે એ આત્મા ભગવાન પોતાના સ્વભાવનો સ્વીકાર થયો અને વિભાવનો અસ્વીકાર થયો ત્યારે તે ધર્મી થયો. ધર્મી થયો એટલે તે જ્ઞાની થયો. જ્ઞાની થયો એટલે તે આત્મા થયો. એ આત્મા પરદ્રવ્યની પર્યાય એટલે પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતના પરિણામ એ પરદ્રવ્યની પર્યાય, પરનું પરિણામ એને ગ્રહતો નથી, પરિણમતો નથી, ઊપજાવતો નથી. આત્મા વ્યવહારને ઊપજાવતો નથી. ગજબ વાત છે કે નહિ? લોકો હાય... હાય..! ઓલો કહે વ્યવહાર નિશ્ચયને ઊપજાવે. વ્યવહાર હોય તો નિશ્ચય ઊપજે. પ્રભુ! પણ સાંભળને ભાઈ! વ્યવહાર પુદ્‌ગલ જડ તે આત્માની પર્યાયને ઊપજાવે? અને આત્મા પોતે જડ રાગાદિ પર્યાયને ઊપજાવે? સમજાણું કાંઈ?

હવે એની '**ટીકા :— પ્રાપ્ય,...**' એટલે? કે જે સમયમાં રાગાદિ થવાનો છે, રાગ થાય છે. જે સમયે રાગ થાય છે તે જ સમયે તેને પ્રાપ્ય કહેવાય. તેને પહોંચી વળે છે. સમજાણું કાંઈ? એ રાગ જે સમયે થાય છે. ભક્તિનો, પૂજાનો, દાન, દયાનો કે હિંસાદિ. એ રાગને પુદ્‌ગલ પહોંચી વળે છે. એ વખતે તે જ પર્યાય થવાની છે. તેને પુદ્‌ગલ પહોંચી વળે છે. એ પુદ્‌ગલનું વ્યાપ્ય છે. સમજાણું કાંઈ? આરે..! '**પ્રાપ્ય,...**' એટલે પુણ્ય-પાપના જે વખતના જે પરિણામ થાય તેને પહોંચી વળે. જેમ ગામ થાય એને માણસ જઈને ગામને પહોંચી વળે. ગામ રચવું નથી, ગામને ઊપજાવું નથી, ગામને નીપજાવું નથી. એ ગામ છે ત્યાં જાય છે માણસ. એમ જે સમયનો રાગ-દ્વેષ, પુણ્યાદિના ભાવ એ સમયના તે પ્રાપ્યને તે પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે, આત્મા તેને પ્રાપ્ત કરતો નથી. સમજાણું કાંઈ?

'**વિકાર્ય,...**' પહેલી અવસ્થા નહોતી અને નવી થઈ. એ વિકાર્ય પણ પુદ્‌ગલ પરિણમે છે, આત્મા નહિ. પહેલી કહે કે ભાઈ! રાગની તીવ્ર અવસ્થા હતી, પછી મંદ થઈ. એ

વિકારનું પરિણમવું એ પુદ્ગલનું પરિણમન છે, પુદ્ગલની પર્યાય છે, તારી નથી. આહા..હા..! આ તે કાંઈ! 'અજર પ્યાલા પીવો મતવાલા, કિન્હી અધ્યાત્મ વાસા. આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાશા.' આ તો જેને હિત કરવું હોય એની વાત છે. સમજાણું કાંઈ? આ દુનિયામાં રાતુ-પીળું પહોળા થઈને ફરવું હોય, રખડવાનું પહોળા થઈને, એના માટે આ વાત નથી. આહા..હા..! કહે છે, એ પ્રાપ્ય નામ વિકારી ભાવ અને આ શરીરની અવસ્થા આમ-આમ થાય તે પુદ્ગલનું વ્યાપ્ય છે. એ વખતે એ વ્યાપ્ય એટલે થવાનું તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. આહા..હા..!

'**વિકાર્ય,...**' પહેલી અવસ્થા આમ હતી અને પછી આમ થઈ. ઈ અવસ્થા વિકાર્ય થઈ. એ અવસ્થા તો એની ઈ. છે તેને પ્રાપ્ત કરે છે અને નથી તે ઊપજે છે એ વિકાર્ય થયું. '**અને નિવર્ત્ય...**' છે. એટલે ઊપજી. આમ બદલીને ઊપજી. છે તે છે. બદલીને ઊપજી અને છે, ઊપજી. એ ત્રણે એક પર્યાયના ત્રણ અપેક્ષાએ કર્મ છે. એક જ પર્યાયને ત્રણથી જોવાની વાત છે. ઝીણી વાત ભારે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :- પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય પાછું લાવ્યા. અરે..! ગજબ છેને! આહા..હા..!

ઘડાની પર્યાય એ કાળે ત્યાં થવાની હતી તેને માટી પહોંચી વળી છે. એ પર્યાય પહેલાં ઓલો હતો.. શું કહેવાય ઈ? પીંડલો. પીંડલાની અવસ્થા પલટી અને ઘડાની અવસ્થા એ વિકાર્ય કહેવાય અને ઘડાની અવસ્થાપણે નીપજી માટે તેને નિવર્ત્ય કહેવાય. પણ એ ત્રણેય માટીનું કાર્ય છે, માટીની અવસ્થા છે, એ માટીનું કર્મ છે. એક જ પર્યાયને ત્રણથી જુઓ તો માટીનું જ કામ છે, કુંભારનું જરીએ કામ નથી. કહો, સમજાણું કાંઈ? ઘડામાં આકાર આવ્યો આમ. કુંભારનો હાથ આમ થયો તો આકાર આવ્યો. ના. એ પહેલો આકારનો વ્યય થઈને નવો આકાર આવ્યો એટલે વિકાર્ય કીધો એને અને તે જ થવાનો હતો તેને પ્રાપ્ય કહ્યું અને બદલ્યું અને છે એમ ન કહેતા નીપજ્યું તો એને નીપજ્યું-નવું કહો. આહા..હા..! એ ધ્રુવ, ઉત્પાદ અને વ્યય. સમજાણું કાંઈ? ભારે ઝીણું!

કહે છે, '**પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય એવું, વ્યાપ્યવ્યાપકલક્ષણવાળું...**' અવસ્થાના લક્ષણવાળું એવું '**પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' તે કર્તા પુદ્ગલ, તેનું તે કાર્ય. ઓહો..હો..! ગજબ વાત છે કે નહિ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામનો રાગ એ પુદ્ગલના પરિણામ છે. એ જડના પરદ્રવ્યના પરિણામ છે. એ પરદ્રવ્યનું પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય લક્ષણવાળું તત્ત્વ છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૧૦૫,
તા. ૨૪-૦૮-૧૯૬૩
(૦૯)

દસલક્ષણીપર્વ તો બાર મહિનામાં ત્રણ વાર આવે છે. માહ મહિનામાં, ચૈત્ર મહિનામાં અને આ ભાદરવામાં. પણ આની વિશેષતા લોકોને નિવૃત્તિ હોય અને આની વિશેષતા (એ છે કે) પચાસ દિવસ પછી અષાઢ સુદ પુનમે ઘણા જ્યારે દુકાળ પંચમ આરો જાય છે, છઠ્ઠો આરો જાય છે આદિ પછી છઠ્ઠો આરો જાય છે, પછી પહેલો આરો જાય છે. ત્યારે વરસાદ આવે છે. અને વરસાદને લઈને ૪૯ દિવસે બધી લીલોતરી આદિ પાકે છે. ઘણા કાળથી જે માંસ ખાતા હતા એ આ ભાદરવા સુદ પાંચમથી એમાંથી કેટલાકને આર્યવૃત્તિ ઉત્પન્ન થાય છે કે આજ પછી હવે કોઈએ માંસ ન ખાવું. ત્યારથી આ પાંચમ ગણવામાં આવી છે.

શ્રોતા :- ...

ઉત્તર :- ખરેખર તો એમ જ છે ન્યાય તો લાગે છે પણ હવે આ લોકોને કાંઈક..

આત્માનો ચારિત્રધર્મ દસ પ્રકારનો છે. ઉત્તમ ક્ષમા આદિ. એ ચારિત્રધર્મના અહીંયાં દસ પ્રકારના દસ દિવસ ગણવામાં આવ્યા છે. શ્વેતાંબરમાં પણ ખરેખર તો પાંચમ જ ગણી છે. એ તો પછી આઠ દિવસ આ બાજુ (ગણ્યા). અહીંયાં તો આ ચારિત્રધર્મના દસ પ્રકાર. ઉત્તમ ક્ષમા એનો આ પહેલો દિવસ ઉત્તમ ક્ષમાનો ગણવામાં આવ્યો. એમ દસેય દિવસના દસ ચારિત્રના આરાધનાના દિવસ છે. ચારિત્ર એ ધર્મ છે અને ધર્મનું કારણ સમ્યગ્દર્શન છે. ... આ અત્યારે ચારિત્રની (વાત છે). ઉત્તમ ક્ષમાનો આ દિવસ છે. ઉત્તમ ક્ષમા સજ્જનોએ કેમ રાખવી? અને ઉત્તમ ક્ષમાનું શું ફળ છે એ પદ્મનંદીઆચાર્ય ૯૦૦-૧૦૦૦ વર્ષ પહેલાં લગભગ વનવાસી થયા, જે કાલે આલોચના વાંચી હતી. એમનો આ અધિકાર છે. એની અંદર આ અધિકાર છે.

ઉત્તમ ક્ષમાધર્મ. જુઓ, ધર્માત્માએ ઉત્તમ ક્ષમા કેમ રાખવી? ઉત્તમ ક્ષમા એટલે? આત્મા જ્ઞાન અને આનંદ છે એના ભાનમાં ક્રોધ થવા ન દેવો અને ક્ષમા થવી તેને ઉત્તમ (ક્ષમા) ધર્મ કહેવામાં આવે છે. અજ્ઞાની એકલા ક્ષમા કરે એને ઉત્તમ ક્ષમા ધર્મમાં ગણવામાં આવતું નથી. આત્મા જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્યમૂર્તિ હું છું એમ ભાનના કાળમાં, પ્રતિકૂળતાના સંયોગોમાં સમતા-સમતા રાખી. એનું નામ અંતરમાં ક્ષમાધર્મ ચારિત્રનો એક પેટાભેદ અને ચારિત્રનું આરાધન

ગણવામાં આવે છે. પહેલી ગાથા પદ્મનંદી.

जडजनकृत-बाधाऽक्रोशहासाऽप्रियादा-
वपि सति न विकारं, यन्मनो याति साधोः।
अमलविपुलचित्तैरूत्तमा सा क्षमादौ-
शिवपथपथिकानां, सत्सहायत्वमेति।।८२।।

વનવાસી મુનિ જંગલમાં વસનારા, ધ્યાની, જ્ઞાની પંચમ ગુણસ્થાન ઉપર ગુણસ્થાનની દશા થઈ ગયેલી, છઠ્ઠું અને સાતમું. પંચ પરમેષ્ઠીમાં ભળેલા. એની આ ઉત્તમ ક્ષમાની વ્યાખ્યા વનવાસમાં કરતા હતા. અરે..! આત્મા! ધર્મી વિચારે છે. '**मूर्ख जनो द्वारा किये हुअे बंधन, क्रोध, हास्य आदिके होने पर तथा कठोर वचनोंके बोलने पर जो साधु, अपने निर्मल धीर- वीर चित्तसे विकृत नहीं होता...**' નિર્મળ ધીર વીર જ્ઞાતાદષ્ટામાં લક્ષ રખકર અપની ધીરજતા અને વીર્યની સ્ફુરણા દ્વારા ચિત્તમાં વિકૃત ન થવું તેને ક્ષમા કહે છે. આ ક્ષમા. આમ ક્ષમા લોકો અજ્ઞાનથી ક્રિયામાં (બોલે એ સાચી ક્ષમા નહિ). આત્મા નિર્મળ જ્ઞાન નિર્મળ જ્ઞાન ચૈતન્ય જ્યોત હું છું એમ એના ભાનમાં ધીર અને વીર ચિત્તથી વિકાર થવા ન દેવો એનું નામ ભગવાન ઉત્તમક્ષમા કહે છે. '**यह उत्तम क्षमा, मोक्षमार्गमें जानेवाले..**' '**शिवपथपथिकानां**'. '**मोक्षमार्गमें जानावाले मुनियोंकी सबसे पहले सहायता करने वाली है.**'

બીજો શ્લોક. આચાર્ય કહે છે કે ગુણરૂપી જે શાખા '**पत्र-फूलोंसे सहित यह यतिरूपी वृक्ष है. यदि ईसमें भयंकर क्रोधरूपी दावानल प्रवेश कर जावे...**' ક્રોધ. ક્રોધી હોય છેને. જરી જરીમાં ક્રોધ (કરી બેસે). મુનિ થઈ ગયા, અમે મુનિ છીએ. એસા માનકર ક્રોધરૂપી દાવાનળ પ્રવેશ કર જાયે '**तो किसी प्रकारका फल न देकर बात ही बातमें नष्ट हो जाता है.**' સમ્યગ્દષ્ટિ જ્ઞાની હોવા છતાં, ચારિત્રવંત હોવા છતાં ક્ષણ ક્ષણમાં જે ક્રોધ કરે અને ક્ષમાને છોડી દે તો એ ગુણરૂપી વૃક્ષનો ક્રોધરૂપી દાવાનળથી નાશ થઈ જાય છે. '**नष्ट हो जाता है.**' થાય છે એમ થોડું થોડું સમજવું. સમજાણું? '**बात ही बातमें नष्ट हो जाता है. ईसलिये यतिश्वर, क्रोध आदिको वे दूर से ही छोड देते हैं.**' ધર્માત્મા ક્રોધ નથી કરતા. દુનિયા અનુકૂળ-પ્રતિકૂળ હો, હું તો આત્મા છું. મને કોઈ અનુકૂળ-પ્રતિકૂળ કરનાર નથી.

(ત્રીજો શ્લોક). '**राग-द्वेषादि से रहित होकर हम तो अपने उज्ज्वल चित्तसे रहेंगे.**' ધર્માત્મા વિચાર કરે છે. '**स्वेच्छाचारी यह लोक, अपने हृदयमें चाहे हमको भला-बुरा कैसा भी मानो क्योंकि शमी पुरुषोंको अपने आत्माकी शुद्धि करनी चाहिये.**' શુદ્ધિ રાખવી જોઈએ. નવરંગભાઈ! આ ઉત્તમક્ષમાનું આવ્યું. થોડું-થોડું ... '**ईस लोकमें वैरी अथवा मित्रोंसे हमको क्या है?**' ધર્માત્મા વિચાર કરે છે કે મને શું? મિત્ર

હોય તોપણ શું અને વેરી હોય તોપણ શું? '**અર્થાત્ વે હમારા કુછ ભી નહીં કર સકતે ક્યોંકિ જો હમારે સાથ દ્વેષરૂપ તથા પ્રીતિરૂપ પરિણામ કરેગા, ઉસકા ફલ ઉસકો અપને આપ મિલ જાયેગા.**' રાગ કરશે તો એને પુણ્ય બંધાશે, દ્વેષ કરશે તો પાપ બંધાશે. એને કારણે છે. મારે પરની સાથે કોઈ સંબંધ નથી. એમ ધર્માત્મા ઉત્તમક્ષમા કરવા આવો વિચાર અને ધ્યાન અને એકાગ્રતા કરે છે.

કહે છે કે અરે..! આખી દુનિયા પડી છે. '**મેરે દોષોંકો સબકે સામને પ્રકટ કર સંસારમેં દુર્જન સુખી હોવેં.**' એને એમ સુખી થવું હોય, મારો દોષ દુનિયા પાસે પ્રગટ કરી સુખી થાઓ. '**ધનકા અર્થી, મેરે સમસ્ત ધનાદિકો ગ્રહણ કર સુખી હોવેં.**' આ ગૃહસ્થની વાત છે. મુનિ તો ગૃહસ્થ અવસ્થામાં છે નહિ, ત્યારની વાત છે. સમ્યગ્દૃષ્ટિ પણ ગૃહસ્થાશ્રમમાં એવો વિચાર કરે છે કે મારા ધનાદિને ગ્રહણ કરીને તે સુખી થાઓ. લઈ જાવ, મારે કાંઈ છે નહિ અને '**વૈરી, મેરે જીવનકો લેકર સુખી હોવેં.**' મારું જીવન પ્રાણ લઈ જાય અને સુખી થાય તો મારે કાંઈ નથી. એવી અંતરમાં સમ્યગ્દર્શનપૂર્વક ક્ષમા કરવી એનું નામ ક્ષમાધર્મ ક્ષમા દિવસ કહેવામાં આવે છે. અને '**જિનકો મેરા સ્થાન લેનેકી અભિલાષા હૈ, વે મેરા સ્થાન લેકર આનંદ સે રહેં.**' મકાન મારું લઈ જાઓ, પણ તમે આનંદમાં રહો. અમારી સાથે વિરોધ કરશો નહિ. '**જો રાગ-દ્વેષરહિત મધ્યસ્થ હોકર રહના ચાહેં, વે મધ્યસ્થ હોકર સુખસે રહેં.**' એમ કહ્યું. જેને મધ્યસ્થ રહેવું હોય તો એમ રહો, રાગ-દ્વેષ કરવો હોય તો એમ રહો. મારે એની સાથે કોઈ સંબંધ છે નહિ. એની પાંચ ગાથા છે.

'**હે મન! મિથ્યાદૃષ્ટિ દુર્જન મૂર્ખજનોંસે કિયે હુએ ઉપદ્રવસે ચંચલ હોકર કર્મોંકે પૈદા કરનેમેં કારણભૂત ઐસી વેદનાકા તૂ અનુભવ કરતા હૈ સો ક્યા તીનલોકકે દ્વારા પૂજનીકર વીતરાગતાકો તૂ નહિ જાનતા હૈ?**' વીતરાગદેવે તો પોતાના આત્મામાં સમ્યગ્દર્શનપૂર્વક ક્ષમા કરવાનું શીખવાડ્યું છે. રાગ ન કરવો, દ્વેષ ન કરવો કોઈ પ્રત્યે. પોતાના જ્ઞાતા-દૃષ્ટામાં રહેવું એવું વીતરાગે શીખવ્યું છે. '**અથવા જિસ યતિ-ધર્મકા તૂને આશ્રય કિયા હૈ, ક્યા ઉસ ધર્મકો તૂ નહીં જાનતા હૈ? અથવા યહ સમસ્ત લોક અજ્ઞાની જડ હૈ ઇસ બાતકા તુજે જ્ઞાન નહીં હૈ?**' દુનિયા અજ્ઞાની, તારે શું છે? તુ તારા જ્ઞાનમાં રહે, તુ તારી સમતામાં રહે. ક્રોધાદિ કરવા નહિ, ઉત્તમક્ષમા કરવી તેનું નામ ઉત્તમક્ષમા દસલક્ષણીપર્વમાં પહેલો દિવસ ગણવામાં આવ્યો છે. ભાઈ! સમજો છોને? આ તો થોડું હિન્દી આવ્યું. થોડું આવ્યું. આટલું તો હિન્દી થયું. સમજાણું કાંઈ?

લ્યો હવે જરી ઝીણું આવશે. ૧૦૫ ગાથા. શું કહે છે જુઓ, અહીંયાં કર્તાકર્મનો અધિકાર ચાલે છે. પછી હિન્દી લેશું હોં, પછી. પણ એકાદ દિ' તો આ થોડું ચાલે. પછી થોડા માણસો .... આ આત્મા.. આ ગાથા બહુ ઉંચી છે. ધ્યાન રાખવા જેવી છે. આ આત્મા

વસ્તુ છે એ જડ કર્મના બાંધવામાં વ્યવહારરૂપ, નિમિત્તરૂપ પણ થવું એવો એનો સ્વભાવ નથી. શું કહે છે સમજાણું? આત્મા જ્ઞાન અને આનંદનો સ્વભાવ છે એનો. એવી જેને દૃષ્ટિ થઈ—સમ્યગ્દર્શન (થયું). હું તો જ્ઞાન, આનંદ અને શુદ્ધ છું. મારામાં પુણ્ય-પાપના વિકલ્પ દેખાય છે એ પણ મારું કર્તવ્ય નથી અને દેહાદિનું કાર્ય તો મારું છે જ નહિ. એવું જેને અંતરમાં જ્ઞાન અને આત્મા શુદ્ધની શ્રદ્ધાનું ભાન અને ધર્મ થયો છે એ જીવ નવા આઠ કર્મ બાંધવામાં એને બંધાતા નથી અને તેને બંધાવાનું નિમિત્ત એવો અજ્ઞાનભાવ જ્ઞાનીને હોતો નથી. શું કહ્યું સમજાણું કાંઈ? શેઠી!

આ ગાથા એવી છે કે આઠ કર્મ જે હોય છેને, આઠ કર્મ બંધાય છેને જડ? એ તો એને કારણે. પણ એમાં નિમિત્ત થાવું, બંધમાં વ્યવહાર થાવું વ્યવહાર એ અજ્ઞાની એના બંધમાં વ્યવહાર થાય છે. જ્ઞાની એ બંધ અને બંધનું નિમિત્ત એ જ્ઞાની પાસે હોતું નથી. શું કહ્યું? '**આત્માને પુદ્ગલકર્મોનો કર્તા કહેવો તે-ઉપચાર છે,...**' એનું મથાળું લીધું. શું કહ્યું? કે આ આત્મા.. જુઓ, ટીકામાં લ્યો. પહેલા ૧૦૫ ગાથા.

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।
जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।
જીવ હેતુભૂત થતાં અરે! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.

અહીં તો હેતુભૂતની વ્યાખ્યા પાઠમાં લીધી છે. ટીકામાં એનાથી એક બીજો અર્થ થોડો કાઢશે. શું કહે છે? અહીંયાં તો પાઠમાં તો ભાઈ હેતુભૂત જ લીધું છે ... ટીકામાં એનો બીજો અર્થ કાઢશે. શું કાઢશે? કે '**આ લોકમાં...**' આ જગતની અંદર '**ખરેખર...**' આ લોકમેં તમારે સમજવું. '**આત્મા સ્વભાવથી...**' સ્વભાવથી (એટલે) સ્વભાવસે. '**પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...**' આટલી વાત આચાર્યે .... ખુલ્લી કરી. અહો..! આત્મા! તું તો જ્ઞાન ને દર્શન અને આનંદનો તારો સ્વભાવ એવી શ્રદ્ધા અને જ્ઞાન કરવું એ તારું કર્તવ્ય છે. શું કીધું? તારું કર્તવ્ય તો એ છે. કર્તાકર્મ છેને? હું જ્ઞાન છું, આનંદ છું, ચૈતન્ય પ્રકાશ શુદ્ધ છું. મારા સ્વભાવમાં પરિપૂર્ણ સર્વજ્ઞ અને પરિપૂરણ આનંદ પડ્યો છે એવી શ્રદ્ધા-જ્ઞાન તારે કરવું એ તારું કાર્ય છે અને એનો તું કરનાર છો. સમજાય છે કાંઈ?

'**આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને...**' નવા આઠ કર્મ જે બંધાય છે એમાં નિમિત્ત થવાની લાયકાત આત્મામાં નથી એમ કહે છે. આહા..હા..! આઠ કર્મ જે બંધાય છે એને તો આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ? અમરચંદજી! આઠ કર્મ જે બંધાય છેને, આઠ કર્મ પરમાણુની પર્યાય એ તો અજ્ઞાની આત્મા એને તો કરતો નથી. પણ જ્ઞાની આ એ બંધમાં નિમિત્તરૂપ ભાવ છે એ પણ જ્ઞાની કરતો નથી. અજ્ઞાની હોય, આઠ કર્મના બંધનમાં

રાગ-દ્વેષ મારા, પુણ્ય-પાપ મારા એવું માનનાર અજ્ઞાનીનો વિકારભાવ દ્રવ્યકર્મમાં નિમિત્ત પડે છે તો વ્યવહારે હું કર્તા છું એવું મિથ્યાદૃષ્ટિને લાગુ પડે છે. સમ્યગ્દૃષ્ટિને એ લાગુ પડતું નથી. લાગુ પડેને શું કહે છે? લાગુ પડે એની તમારી હિન્દી ભાષા શું છે? લાગુ હિન્દી છે? ઠીક. શું કહે છે સમજાણું?

શ્રોતા :- પ્રતીત નહીં હોતા.

ઉત્તર :- પ્રતીત નહીં હોતા. શું? બહુ વિષય.. આ ગાથા (ઊંચી છે).

ભગવાન આત્મા એ પર ક્રિયાનો કરનાર તો નથી, શરીર, વાણીના, દુકાન-ધંધાનો, આઠ કર્મની પર્યાય તો જડ છે એનો કર્તા તો નથી. પણ આત્મા એ જડ કર્મ બંધાય એમાં નિમિત્ત થાય એવા રાગ-દ્વેષના પરિણામ, પુણ્ય-પાપના પરિણામ એને મારા માને એવું એના આત્માના સ્વભાવમાં નથી. આહા..હા..! બહુ ઝીણી વાત છે. ધર્મ સર્વજ્ઞનો, વીતરાગદેવનો ધર્મ એ લોકોને સાંભળવા મળ્યો નથી, સાંભળવા મળ્યો નથી. શું છે? ભગવાન ત્રિલોકનાથ કહે છે, સાંભળ તો ખરો. એ તારી ક્રિયા આત્માની પરનું કાર્ય કરવું એ તો ત્રણકાળમાં નથી પણ આઠ કર્મનો બંધ પડે એ પણ તારું વ્યવહારથી કાર્ય નથી પણ તારામાં રાગ-દ્વેષાદિ જે થાય છે એનો હું કર્તા, એ મારું કાર્ય એ તારા સ્વભાવમાં નથી. સ્વભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ હું છું એવી દૃષ્ટિ કરવી, એવું જ્ઞાન કરવું અને એમાં લીન થવું એ ધર્મીનું કર્તવ્ય અને કાર્ય છે. એ ધર્મી કરે છે. ધર્મી, રાગ અને દયાના પરિણામ મારા છે એમ માનતો નથી. આહા..હા..! શેઠી! શું કહે છે?

'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતા...' આહા..હા..! પુદ્ગલકર્મ જે બંધાય છે એને તો આત્મા બાંધતો નથી પણ એને નિમિત્તરૂપ થવું એ ભાવ આત્મદ્રવ્યમાં નથી. ઝીણી વાત છે, બાબુભાઈ! બહુ વાત ઝીણી. મૂળ સમ્યક્ ચીજ શું છે અને શું કરવું ધર્મમાં એ વાત જ બહુ લુપ્ત થઈ ગઈ. આમ કરવું. કરતા... કરતા... કરતા... કરતા... મેં દયા પાળી, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી એવો વિકલ્પ, એવો વિકલ્પ એને કરવું, વિકલ્પ મારું કાર્ય અને હું કર્તા, ભગવાન કહે છે કે તારા વસ્તુસ્વભાવમાં એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? વસ્તુ ચૈતન્યમૂર્તિ પ્રભુ એનું તું જ્ઞાન કર કે હું આત્મા શુદ્ધ છું એનું જ્ઞાન કર અંદર અને એની દૃષ્ટિ કર, શ્રદ્ધા કર, હું જ્ઞાનસ્વરૂપ આનંદ છું અને તેમાં તું ઠર એ તારું આત્મદ્રવ્યનું કાર્ય અને કર્તવ્ય છે. એ સિવાય આત્મા પુણ્ય અને પાપના ભાવ મારા માને અને કર્તવ્ય સ્વીકારે તો તે આત્મદ્રવ્યનો સ્વભાવ નથી. તેવો મિથ્યાદૃષ્ટિએ માનેલો ભાવ વિકારનો કર્તા થાય એ નવા કર્મબંધનમાં વ્યવહારે નિમિત્ત કહેવામાં આવે છે. વ્યવહારે નિમિત્ત. નિમિત્ત એટલે વ્યવહાર. નવરંગભાઈ! શું કહ્યું?

શ્રોતા :- પરમાર્થે નહિ.

ઉત્તર :- ઈ વળી જુદું. ઈ નથી અહીં. એ જરી ઝીણી વાત છે. એમાં ચાલે એવું

નથી. એ ગજ આંકો સૂઝે એવું નથી એમાં.

અહીં તો કહે છે ભાઈ! સાંભળ. આ તો વાત કોઈ અલૌકિક છે! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ એમ ફરમાવે છે કે તું તો આત્મા છોને પ્રભુ! જ્ઞાન, દર્શન, આનંદનો કંદ છે તું તો. તારું કર્તવ્ય શું છે? તારું કાર્ય શું છે? કે જાણવું-દેખવું, સ્વરૂપમાં લીન થવું એ તારું કાર્ય છે અને એનો તું કર્તા છો. એ ઉપરાંત આગળ જતા નવા કર્મ તો એને કારણ બંધાય કર્મને કારણે, પણ એને નિમિત્ત થવાની લાયકાત દ્રવ્યસ્વભાવમાં નથી. આહા..હા..! લાયકાત હો, વિકાર નિમિત્ત એ તો વિકારનો કર્તા થાય તો વિકારમય ત્રિકાળ રહે એને નિમિત્ત થાય છે કર્મને. શું કહ્યું?

શ્રોતા :- ..નિમિત્ત થાય છેને.

ઉત્તર :- તોડવા-ફોડવાની વાત જ નથી. અહીં તો બાંધવામાં નિમિત્ત અજ્ઞાની થાય છે. અજ્ઞાનીનો ભાવ બાંધવામાં નિમિત્ત હોં, ઉપાદાન તો નહિ. આઠ કર્મ જે બંધાય છે એ તો જડની પર્યાય છે. એનો તો આત્મા નિશ્ચયથી તો કર્તા નથી. અજ્ઞાની કે જ્ઞાની. અજ્ઞાની એ જડ કર્મ બંધાય છે એ એને કારણે, એમાં નિમિત્ત અજ્ઞાનીનો ભાવ (થાય છે) કારણ કે પુણ્ય પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, તપ ને જપ એવો જે વિકલ્પ ઉઠે છે તેનો એ કર્તા અંશદૃષ્ટિમાં થઈને કાર્ય મારું એમ માને છે તેવો એ અજ્ઞાનીના પરિણામ નવા કર્મ બાંધવામાં નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી એમ માને છે કે મેં વ્યવહારે તો કર્મ કર્યું કે નહિ? એ અજ્ઞાનીને વ્યવહાર લાગુ પડે છે, જ્ઞાનીને વ્યવહાર લાગુ પડતો નથી. શું કહે છે આ?

શ્રોતા :- અજ્ઞાનીના પ્રતિભાસને વ્યવહાર કીધો છે અહીં.

ઉત્તર :- એને તો વ્યવહાર ઓલો વ્યવહાર છે જ નહિ. શું કહ્યું સમજાણું કાંઈ? રતનલાલજી! સમજાય છે? શું? ઓહો..હો..!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય સમયમાં ત્રિલોકનાથ વીતરાગ જૈન પરમેશ્વર એણે એવો જોયો અને કહ્યો કે એ તો જ્ઞાન, આનંદ અને શુદ્ધ ચૈતન્યકંદ છે. એની દૃષ્ટિ કર, એનું જ્ઞાન કર. એની દૃષ્ટિ, એનું જ્ઞાન આત્માનું અને એમાં લીન થવું એ તારું કર્તવ્ય છે. એ દ્રવ્યસ્વભાવનું કાર્ય છે, દ્રવ્ય એનો કર્તા છે, પણ વસ્તુ એ વસ્તુ છે. પુણ્ય અને પાપનો વિકલ્પ ઉઠે છે એનો કર્તા અને એ એનું કાર્ય ત્રણકાળમાં નથી. વસ્તુમાં નથી અને વસ્તુની દૃષ્ટિવંતને પણ નથી. આહા..હા..! જરી ઝીણો દિવસ છે ભાઈ આ ગાથા એવી આવી છેને. આજ તો પહેલો ઉત્તમક્ષમાનો (દિવસ છે). આ તો ઉત્તમક્ષમા આત્મા ઉપર કર એમ કહે છે.

શ્રોતા :- નિજ ઉપર કર

ઉત્તર :- નિજ ઉપર કર, બીજા ઉપર કોણ કરી શકતું હતું? ઓહો..! શુદ્ધ તારું સ્વરૂપ.

જેવું સ્વરૂપ પરમાત્માનું છે એવું તારું સ્વરૂપ અંદર છે. એવી પહેલા દૃષ્ટિ કર. રાગ, પુણ્યનો વિકલ્પ ઉઠે છે એનું કર્તૃત્વ છોડી દે, છોડી દે અને નવા કર્મમાં હું નિમિત્ત વ્યવહારે તો છુંને. નિશ્ચયથી નહિ એનો ઉપાદાન કર્તા. નિમિત્તકર્તા તો છુંને. છોડી દે. વસ્તુમાં એમ નથી. સમજાય છે કાંઈ? નવનીતભાઈ! બહુ ઝીણું હોં! ... આહા..હા..! ક્યાં ગયા રમણીકભાઈ આવ્યા છે કે નહિ? નથી આવ્યા? બેઠા છે, બેઠા છે. રાજકોટથી આવ્યા છે. કહો, સમજાય છે કાંઈ?

શું કહે છે? કે આ આત્મા છેને આત્મા અંદર, એને આત્મા કહીએ એમ ભગવાન કહે છે. કોને કહીએ આત્મા? કોને કહીએ? કે એમાં તો જ્ઞાન, આનંદ શુદ્ધ ચિદાનંદ અંદર (ભર્યા છે). જે અરિહંત પરમાત્મા થયા કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ એ બધી પ્રગટ દશા થઈ એ બધી અંતર સ્વભાવમાં પડેલી છે. સ્વભાવમાં છે. એવો આત્મા અનંતઆનંદ, દર્શન, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ એવું પોતાનું સ્વરૂપ શુદ્ધ છે વસ્તુ એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન તારું કાર્ય છે. રાગ ઉત્પન્ન થાય છે જરી દયા આદિનો એનો કર્તા તારું જ્ઞાન નથી. એ તો એને જ્ઞેય બનાવીને તું જ્ઞાતા થાય એટલું તારું કર્તવ્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? દૃષ્ટિ છે સમ્યક્.

કોઈ દિ' કર્યું નથી, રસ્તો લીધો નથી, માર્ગ સાંભળ્યો નથી. અંદર વસ્તુ... આ જુઓને દૃષ્ટિ બહારમાં કરે છે કે નહિ? આ મેં કર્યું, આ મેં કર્યું. કરી શકતો નથી, પણ કર્યું એમ માને છે કે નહિ દૃષ્ટિ? અને અંદર પુણ્ય અને પાપના ભાવ થાય છે એ હું કરું છું, હું કરું છું. વિકલ્પ છે એ વિકાર છે. એ હું કરું છું એમ દૃષ્ટિ માને છે કે નહિ? એ શ્રદ્ધા માને છે કે નહિ? એ શ્રદ્ધા કહે છે કે હું આ કરું છું. એ શ્રદ્ધા મિથ્યાદૃષ્ટિની, અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ વ્યવહાર જે નવા કર્મબંધનમાં નિમિત્ત પડે છે એવો વ્યવહાર પુણ્ય-પાપનો ભાવ... સમજાય છે? આ ગાથા અલૌકિક છે!

વીતરાગ ત્રિલોકનાથ દેવાધિદેવ જૈન પરમેશ્વર એમ ફરમાવે છે કે તારો ધર્મ, તને ક્યારે ધર્મ થાય છે? કે આત્મા શુદ્ધ અખંડ આનંદ છે તારી દૃષ્ટિ સ્વભાવ ઉપર હોય અને પુણ્ય અને પાપની વિકૃતની રુચિ અને કર્તાપણું છોડી દે અને કર્તા કાર્ય તો તને અજ્ઞાનથી પણ થતું નથી અને કર્મબંધનની પર્યાય થાય છે એ અજ્ઞાનથી પણ નથી થતી, પણ એ કર્મબંધનની પર્યાયમાં નિમિત્ત થનારો પુણ્ય અને પાપનો ભાવ એનો પણ હું કર્તા નથી. હું એનો જાણનાર-દેખનાર છું. હું આત્માનો જ્ઞાતા-દૃષ્ટા થઈને રાગને જાણું-દેખું છું એવું તારું કર્તવ્ય એ કર્મબંધનમાં નિમિત્ત પણ થતું નથી. આહા..હા..! ક્લિષ્ટ જેવું લાગે નહિ? પોપટભાઈ! નહિ? સમજાય છે કાંઈ? આહા..હા..!

શું કરવું અમારે ત્યારે હવે? આ કર્તા છોડાવીને શું કરવું એ કહે છે. એકવાર દૃષ્ટિ કર કે મારા સિવાય અનંત પદાર્થની જે અવસ્થારૂપી અહીંયાં કાર્ય થઈ રહ્યું (છે) એ તો મારું

નહિ, આઠ કર્મની અંદર અવસ્થા બંધાય એ મારું કાર્ય નહિ, પણ એને નિમિત્ત થવાવાળો પુણ્ય અને પાપનો ભાવ એ મારું કાર્ય નહિ. એવી અંતર દૃષ્ટિ આત્માની કરવી એને સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. કોઈ દિ' સાંભળ્યું નથી. નવનીતભાઈ! બરાબર છે કે નહિ? લ્યો આ જુવાન માણસ છે તે આપણા માનદ મંત્રી છે. ઘાટકોપર. પણ ક્યાંય આ વાત જ ન મળે. બહારમાં કરતાં-કરતાં વીતરાગ માર્ગથી બધું વિરુદ્ધ. આ કરું... આ કરું... કરવાનું આમાં કાંઈ કરવાનું એ. એ જ્ઞાન પ્રભુ ચૈતન્યજ્યોત છું. અંદરમાં પહેલી સમજણ તો હજી લક્ષમાં આવ્યા વિના શું તે કરે? આ આત્મા જ્ઞાનની જ્યોત ચૈતન્ય સૂર્ય છે એકલો. જેમાં પુણ્ય-પાપનો વિકાર ઉઠે એ સ્વરૂપમાં છે જ નહિ અને આઠ કર્મની પર્યાય વ્યવહારે કરું એવો વ્યવહાર આત્માના સ્વભાવમાં નથી. નવરંગભાઈ! આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ થયો એટલે કે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ એનો જાણનાર-દેખનાર થયો એને, કહે છે કે વિકાર હવે થતો જ નથી એમ કહે છે. તે વિકાર જરી થાય તેનો તે જ્ઞાતા-દૃષ્ટા રહે છે. તેથી તે નવા બંધમાં એ જ્ઞાની નિમિત્તપણે પણ, વ્યવહારપણે પણ છે નહિ. નિશ્ચયપણે તો અજ્ઞાની પણ નથી અને જ્ઞાની પણ નથી. પણ બંધમાં વ્યવહારપણે છું એવો વ્યવહાર જ્ઞાની પાસે હોતો નથી. એની પાસે એ પુણ્ય અને પાપ થાય તેનું જ્ઞાતા-દૃષ્ટાપણું દૃષ્ટિમાં રાખી અને જ્ઞાતા-દૃષ્ટામાં સ્થિર થવું એ એની પાસે કામ અને કર્તાપણું એ છે. એમાં રાગ અને પુણ્યના પરિણામનું કર્તાપણું જ્ઞાની પાસે છે નહિ, માટે તે આઠ કર્મના બંધનમાં વ્યવહારથી થતો નથી, નિમિત્ત નીવડતો નથી. એ ઉપચારે પણ, આઠ કર્મનો ઉપચારે કર્તા એ જ્ઞાનીને સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને લાગુ પડતું નથી. એટલે એને ઘટતું નથી. રામસ્વરૂપજી! સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગમાર્ગ ત્રણલોકના નાથ પરમેશ્વર ઇન્દ્રોના સમક્ષ, ચક્રવર્તીના સમક્ષ આ પોકાર કરતા હતા વાણી દ્વારા. અરે..! તેં આત્મા એક સમય પણ લક્ષમાં લીધો નથી. વાત લીધી નથી એણે. આમ કાંઈક કરવું છે. આ માટી .. છે. હું છું તો શરીર, વાણી એને કારણે આ થાય છે. આત્માથી નહિ. વિકલ્પ અને પુણ્ય-પાપના ભાવ પણ હોય, પણ હો એ સ્વ વસ્તુને વિષે નહિ. સ્વવસ્તુને વિષે એની પર્યાયમાં પણ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાની, ધર્મી જીવની દૃષ્ટિ પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિ ઉપર પડી છે. એનો કર્તા છે. તો એની પર્યાયમાં, પુણ્ય-પાપ એની પર્યાયમાં છે એમ નથી. એ તો જગતની પર્યાય જડની સાથે ગઈ. એનો આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે અને રાગ પણ આત્માનું જ્ઞેય-પરજ્ઞેય તરીકે છે તો એને બાંધવામાં જ્ઞાની નિમિત્ત છે એવું જ્ઞાનીને ઘટતું નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

શ્રોતા :- બંધ થાય એનો જાણનાર છે.

ઉત્તર :- બંધ થાય એનો જાણનાર આવી ગયું છે પહેલું. અહીં તો થતો જ નથી. એ જાણનાર છે એ પહેલા કહેવાઈ ગયું છે ૧૦૧ ગાથામાં. ૧૦૧માં ઓલા દહીં-દૂધનો

દાખલો. ત્યાં દૂધ-દહીં આમ થાય છે એને જ્ઞાની જાણે તેના જ્ઞાનના પરિણામનો કર્તા છે. કહેવું છે તો અહીં ઈ. પણ અહીં વિશેષ કહેવું છે કે બંધમાં નિમિત્તપણે પણ જ્ઞાની છે નહિ. એમ એનો વ્યવહાર છે? કે વ્યવહાર એનો નથી. એ અજ્ઞાની પોતાનો પુણ્ય અને પાપનો વ્યવહાર દયા, દાનનો વિકલ્પ ઉઠે છે એ મારો વ્યવહાર છે, મારો વ્યવહાર છે, હું કર્તા છું એમ માનનારના વ્યવહાર અજ્ઞાન પરિણામ નવા બંધમાં ઉપચાર નિમિત્ત વ્યવહાર કહેવામાં આવે છે. જ્ઞાનીને એવું નિમિત્ત-ફિમિત્ત છે નહિ. પણ જ્ઞાનીને રાગ થયો અને જરી બંધ પડ્યો એ જ્ઞાનમાં જ્ઞેય થાય છે. પોતાના જ્ઞાનમાં એ જ્ઞેય થાય છે, પણ એ જ્ઞેયનો રાગનો કર્તા આત્મા છે એમ વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? બહુ ઝીણું!

'**આ લોકમાં...**' એક લીટીમાં તો આખું રહસ્ય ભર્યું છે. આડતિયા બેસે આડતિયા. આડતિયાને શું કહે છે? આ ધંધો તમારો છેને? આડતિયા બહુ છે એને. એજન્ટ-આડતિયા. તો આડતિયા આ તો વળી તમાકુનો ધંધો, પછી રૂના ધોકડાનો ધંધો હોય, એમાં લખ્યું હોય. ૫૪૦નો ભાવ ચાલતો હોય. ૫૭૦ના લાખ ધોકડા લેવા. કોરે ક્યારડે, કોરે ક્યારડે. કેટલી હિંમત એની? બે-ચાર ગુણ ઓલા પાસે ઓલા આડતિયા જેના ઉપર .. લઈ લો, ચૈત્ર સુદ-૨ના આટલા સુધી મળે ત્યાં સુધી. એ બેઠો હોય બે તકિયામાં, નાની દુકાનમાં પણ એનામાં કેટલી હિંમત હશે? એક બીજાએ લખ્યું હશે કે આટલા લાખ ધોકડા ૫૪૦ ચાલતા ભાવથી પણ બે, વીસ, ત્રીસ વધારે મળે તોપણ લેવા. ...ભાઈ! બેની હિંમત કેટલી? બેની મોટપ કેટલી? બેનો વિશ્વાસ કેટલો? બેની.. આટલામાં બેઠા હોય અને કાર્ડ લખ્યું હોય ઉઘાડું. વાંચેને પોસ્ટમેન. વાંચને, તારે ક્યાં લેવાની તાકાત હતી એમાં? પણ એ બે જણાની હિંમત અને પુંજી, મુડી કેટલી? એ બધું એ કાર્ડના એક દોઢ લીટીના લખાણમાં ભરેલું છે. છે કે નહિ? આ દોઢ લીટી છે જુઓ. છેને દોઢ? જુઓ, સવા થોડી આખી અને પછી '**ગુણ હોવા છતાં પણ,...**' ત્યાં સુધી રાખ્યું છે. ઈ ટૂકડો નવો કાઢ્યો છે અંદરથી અસ્તિથી. કહેવું છે હવેનું કહેવું છે ઈ. સમજાણું કાંઈ?

ઓહો..! કહે છે, પ્રભુ! તું તો ચૈતન્યસૂર્ય છોને. એની શ્રદ્ધા-જ્ઞાન જો તેં કર્યું ધર્મનું તો નવા પુણ્ય-પાપના ભાવ તે તારા કર્તવ્ય તરીકે ન રહ્યા. એ તો એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહ્યા અને એનાથી બંધન થાય એ પણ તારા જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહ્યું. એ બંધનમાં તું ઉપચાર થયો એમ રહ્યું નહિ. પણ એ તારા જ્ઞાનમાં એ ઉપચાર આવ્યો, નિમિત્ત આવ્યું આ જ્ઞાનમાં એમ કહેવામાં આવ્યું છે.

વળી ફરીને. એમ કહે છે કે આત્મા પોતાનું જ્ઞાન-દર્શન-આનંદ જે શુદ્ધ સ્વરૂપ છે એવી શ્રદ્ધા-જ્ઞાન અંતરમાં કરી તો એ જ્ઞાની નામ ધર્મી જીવ એ પુણ્ય-પાપનો કર્તા નથી, તો પુણ્ય-પાપ પરને બંધ પડે છે એમાં નિમિત્ત પણ જ્ઞાની નથી. નિમિત્ત થવાનો ભાવ અને બંધ બેય જ્ઞાતાનું જ્ઞેય થઈ ગયા. એ પોતાનું જ્ઞાન કરવામાં નિમિત્ત પડ્યા, પણ પોતાનો

આત્મા એમાં નિમિત્ત થયો (એમ નથી). રાગ-દ્વેષમાં નિમિત્ત અને બંધમાં નિમિત્ત જ્ઞાનીનો આત્મા છે નહિ. આહા..હા..! શોભાલાલજી! સમજાય છે? બહુ સૂક્ષ્મ વાત છે. નવરંગભાઈ!

એકવાર ખ્યાલ પણ નથી જે વાતનો, જ્ઞાનમાં જેની વાત નથી એની દૃષ્ટિ અને રુચિ કરે ક્યાંથી? અને એ દૃષ્ટિ અને રુચિ વિનાનું સમ્યગ્દર્શન હોય ક્યાંથી? અને એના વિના એને ધર્મ થાય ત્રણકાળમાં ક્યાંથી? બાબુભાઈ! આઠ દિ'માં ધમાલ ચાલી હશે ચારે કોર, અપવાસ ને આ ને આ હોળી બધી મિથ્યાત્વની.

કહે છે, એકવાર સાંભળ. આત્મા વીતરાગ જૈન પરમેશ્વરનો ધર્મ, જૈન પરમેશ્વર ત્રિલોકનાથ એનો ધર્મ, એ ધર્મ એ છે કે તારી ચીજ જ્ઞાનાનંદ શુદ્ધ પરિપૂર્ણ (છે) એવી તું દૃષ્ટિ કર અને એનું જ્ઞાન કર. એ આત્માનું જ્ઞાન કર્યું અને શ્રદ્ધા કરી એ આત્મા થયો, એ આત્મા થયો. પુણ્ય અને પાપ મારું કર્તવ્ય છે અને હું કરનારો છું, ભગવાન કહે છે કે એને અમે અણાત્મા કહીએ છીએ, એને આત્મા કહેતા નથી. એ અણાત્મા છે એ નવા કર્મમાં નિમિત્ત પડે છે. આત્મા નવા કર્મમાં નિમિત્ત પણ નથી અથવા નવું કર્મ એને બંધાતું જ નથી. આ ઝીણી વાત છે, ભગવાનજીભાઈ! પણ ત્યાં જાય ત્યાં ઓલા બહારનું કરે અને હા હો થઈ જાય. એમાં વળી દાની માણસ દાનમાં આપે એટલે ઓલા દાનવીર (બિરૂદ આપી દે), જાઓ. શોભાલાલજી! ભાઈની વાત કરીએ છીએ જુઓ. દાનવીર. મોટો સમાજભૂષણ. એમાં શું આવ્યું પણ?

શ્રોતા :- એનાથી આત્મા કેટલો દૂર રહ્યો?

ઉત્તર :- આત્મા દૂર રહ્યો. સમાજભૂષણ કરનારો આત્મા નથી. એય..! રતનલાલજી!

અહીં તો કહે છે કે સાંભળ તો ખરો પ્રભુ! તારી વિકલ્પ વૃત્તિ ઉઠે છેને? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય છે એ ભાવ જ્ઞાની માને છે કે એ મારો નહિ. આહા..હા..! ઓલામાં તો રાડ નાખે. તીર્થંકર.. રાત્રે ચાલ્યું હતું. તીર્થંકરને મોક્ષ થાય? તીર્થંકર (પ્રકૃતિ) બંધાણી એનાથી મોક્ષ થશે? એ તો રાગ હતો. અહીંયાં કહે છે કે ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ તીર્થંકર પ્રકૃતિ બાંધવામાં નિમિત્ત પડે એવું એના સ્વભાવમાં છે જ નહિ. આહા..હા..! .. આવ્યું કે નહિ ભાઈ ..? શું કહ્યું? કે તીર્થંકર પ્રકૃતિ જે બંધાય છે એમાં નિમિત્ત પડતો ભાવ એનો જ્ઞાની કર્તા નથી તો બંધમાં નિમિત્ત જ્ઞાની છે જ નહિ. ધર્મીજીવની દૃષ્ટિ કર્મના બંધનથી ખસી ગઈ છે અને પુણ્ય-પાપના પરિણામના કર્તાપણાથી ખસી ગઈ છે. એક અંશ ઉપર અસ્તિત્વની દૃષ્ટિ હતી (એ) ખસી ગઈ તો ચિદાનંદ અખંડાનંદ હું પૂર્ણ છું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવી જે અંતર દૃષ્ટિ થઈ, એ કાર્ય થયું એને તીર્થંકરગોત્રનો ભાવ આવ્યો એ નિમિત્ત બંધમાં પડ્યો એમાં હું નથી, એમાં હું નથી. જ્ઞાની એમ માને કે એ પરિણામમાં હું નથી અને બંધનમાં નિમિત્ત પરિણામ થયા ઈ બેયમાં હું નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કે નહિ આમાં? ધીરૂભાઈ! બહુ ઝીણું! સમજાય છે.

જુઓ, વીતરાગ ત્રિલોકનાથનો માર્ગ. જૈન પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખ્યા એ ભગવાનની વાણીમાં આ સમયસાર આવ્યું, એમાં ભગવાન એમ ફરમાવે છે. અરે..! **'ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત...'** હોય તો આત્મા વિકારમય અને અજ્ઞાનમય થઈ જાય. કોઈ દિ' વિકાર અને અજ્ઞાનમય આત્મા હોતો નથી. એક સમયની પર્યાયમાં, પર્યાયમાં રાગ-દ્વેષ અને અજ્ઞાન (છે). એક સમયની પર્યાયમાં મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ એક સમયમાં છે. એ આત્મા નહિ. એને પોતાના સ્વીકારવા અણાત્મા છે. એ અજ્ઞાનીના વિકારભાવ બંધનમાં નિમિત્ત પડે છે. અજ્ઞાની માને છે કે બંધમાં.. બંધ વ્યવહારથી તો કર્યોને? નિશ્ચયની વાત અહીંયા નથી. હું વ્યવહાર તો થયોને બંધમાં? એમ અજ્ઞાની માને છે. ઝીણી ભારે વાત, ભાઈ!

શ્રોતા :- .. માને છે?

ઉત્તર :- માન્યતા માન્યતામાં ફેર છે. 'પકડ પકડ મેં ફેર હૈ.' એ મીંદડી- બિલ્લી હોય છેને બિલ્લી પોતાના બચ્ચાને પકડે અને ઉંદરને પકડે. 'પકડ પકડ મેં ફેર હૈ.' એ અમારે એક છોડી હતી નાની ત્યાં. બહુ નાની હતી સાત વર્ષની. બહુ મોઢે આવા શ્લોકો. સમજ્યાને? સાત વર્ષમાં ક્ષય થઈ ગયો અને મરી ગઈ. ત્યાં બોટાદમાં હતી, ૮૦ની સાલમાં. એ પકડ કાંઈક બોલતી. 'પકડ પકડ મેં ફેર હૈ.' એનો દાદો શીખવતા. મીંદડી ઉંદરને પકડે આમ ભીંસ દે. એના બચ્ચાને પકડે... મીંદડી એના બચ્ચાને કેવી રીતે પકડે? પોલું-પોલું. હોઠથી પકડે. અને ઉંદરને પકડે (તો ભીંસ દઈને પકડે). 'પકડ પકડ મેં ફેર હૈ.' એમ એ છોડી ગાતી. અને એક બીજું કહેતી આ.. આ બીજું. આ તો એક બીજો શ્લોક કહેતી. 'સમજાવ્યા સમજે નહિ અને કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું તો નાખ્યું ભડકામાંય' 'સમજાવ્યા સમજે નહિ અને કરે કાંઈનું કાંઈ.' ફાનસ હોય છેને ફાનસ? શું કહે છે? લાલટેન. એને કહ્યું કે લાલટેન સળગાવો. 'ફાનસ સળગાવો...' સળગાવો કહે છેને? જલાવો. તો અગ્નિમાં નાખી દીધું. સળગાવાનું કહ્યું હતુંને તમે? પણ સળગાવાનો અર્થ શું? દીવો કર એમ કહ્યું હતું. ફાનસ અગ્નિમાં નાખી દે એમ તને કહ્યું? પણ તમે એમ નહોતું કહ્યું ફાનસ સળગાવો એમ કહ્યું હતુંને? સાંભળને! તને અર્થ સમજતા આવડે નહિ અને અર્થનો અનર્થ કરે છો. ફાનસ તમે કીધું નહોતું? કરો અર્થ લાવો. રામજીભાઈને બોલાવો વકીલાતને. ફાનસ સળગાવો એનો અર્થ કરો લ્યો.

શ્રોતા :- ...

ઉત્તર :- પણ એવા ત્યાં આવે છેને. એવા વકીલ હોય છેને ત્યાં. ફાનસ સળગાવો કહ્યું. ફાનસ સળગાવો. સળગાવો કહે છેને તમારે? જલાવો. ફાનસ સળગાવો તમે કહ્યું હતું. કરો અર્થ. ફાનસ સળગાવાનો કરો અર્થ. ફાનસ સળગાવવું. મેં સળગાવ્યું. અગ્નિમાં નાખ્યું. પણ સળગાવાનો અર્થ અંદર દીવો કર. આખું ફાનસ અગ્નિમાં નાખ એમ તને નહોતું કહ્યું.

એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પનો કર્તા થાય, એ એમાં થાય છે ખરા, હોય છે ખરા, પરિણમન છે એનું પણ એનો કર્તાપણે હું કરું અને મારી લાયકાતથી મારો ભાવ કરું છું એ આત્માએ આત્માના જ્ઞાનસ્વભાવને સળગાવી દીધો. એણે વિકારનો કર્તા થઈને આત્માને અજ્ઞાનમાં બાળી નાખ્યો. સમજાય છે કાંઈ?

તમે નહોતું કહ્યું? પરિણમન અમારામાં છે. ઈ પરિણામ પરમાણુમાં નથી નહોતું કહ્યું તમે? તો પુણ્યના પરિણામ અમારા પરિણમનમાં થાય છે. એ જડમાં નથી. જડની પર્યાય જુદી છે. કહ્યું (હતું) પણ સાંભળને. કહ્યું હતું કે નહિ નવરંગભાઈ? પણ એ તો પરથી જુદું પાડવા તને કહ્યું હતું. પણ અહીં વિકાર અને ત્રિકાળ સ્વભાવને જુદા પાડવા માટે જે સમ્યગ્જ્ઞાનનું મૂળ છે, 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે બાકી બુરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે..' એમ કાંઈક આવે છે. આવે છેને? મોતીલાલજી! તમારા બાપ એના ભગત હતા. ધર્મદાસ ક્ષુલ્લકના. પીતાંબરભાઈ. 'હેમરાજ તું માન' એમ આવે છે. સમજાય છે? કહે છે... એક ધર્મદાસ ક્ષુલ્લક થઈ ગયા છેને, ..માં? 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બુરો અજ્ઞાન.' આ જગતના ભણતર-બણતર અજ્ઞાન. શાસ્ત્રના ભણેલા પણ સાત તત્ત્વને સમજે નહિ તો એ બધું અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અરે..! આત્મા! પ્રભુ! આપે કહ્યું હતુંને? ભાઈ! તને શું કહ્યું? અમે એમ કહ્યું હતું કે તારી વર્તમાન દશામાં શુભ અને અશુભભાવ પરિણમન એ તારી દશાનું છે, દશાનું છે, વસ્તુ અને વસ્તુના સ્વભાવનું નથી એમ કહ્યું હતું. ત્યારે તું કહે છે કે અમારું પરિણમન માટે અમારું કાર્ય, અમારું પરિણમન માટે અમારું કાર્ય. (તારી) દૃષ્ટિ મિથ્યા છે. સમજાણું કાંઈ? એક સમયનો પુણ્ય-પાપનો વિકાર, પરિણમન પર્યાયનું અસ્તિત્વ, પરની સત્તામાં નહિ એટલું તને કહેતા તારી દૃષ્ટિ પર્યાય ઉપરના કર્તા ઉપર ગઈ એ અમારે કહેવાનો આશય હતો નહિ. અમારો આશય તો પરથી છુટો પડ અને પર્યાયનું કર્તાપણું છોડીને વીતરાગભાવ કર એ કહેવા માટે હતું. સમજાણું કાંઈ? એય..! માંગીલાલજી! સમજાય છે. બહુ હુશિયાર છે. ઓહો..હો..!

કહે છે, ભાઈ! પણ તમને કહ્યું હતુંને, આપે નહોતું કહ્યું? પ્રવચનસારમાં નથી કહ્યું પાછળ? કે જ્ઞાનીને પણ વિકારનું પરિણમન કર્તૃત્વ જીવ પોતાની સત્તામાં જાણે છે. પણ એ પર્યાયનો ધર્મ કીધો છેને ૪૭ નયમાં? પણ એને સાંભળને, એ જાણવાયોગ્ય છે મારી પર્યાયમાં એમ જાણવાયોગ કહ્યું છે. આદરવાયોગ્ય છે એમ કહ્યું નથી. અહીં કહે છે કે એક સમયનો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ. એ પુણ્ય-પાપના વિકલ્પો એ તો અણાત્મા છે. એ આત્મા છે? દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ એ આત્મા છે? એ તો આસ્રવ છે. આસ્રવ કહો કે આત્માથી વિરુદ્ધ અણાત્મા કહો. જેમ શરીર અને કર્મ અણાત્મા અને જડ છે એમ પુણ્ય અને પાપ તે અણાત્મા અને ખરેખર ચૈતન્યના સૂર્યનો પ્રકાશ એમાં અંશે આવતો નથી. માટે

પુણ્ય-પાપના ભાવ પણ અચેતન અને જડ છે. એક ચૈતન્ય સ્વભાવી સૂર્ય ભગવાન એ જડના પરિણામ મારું કાર્ય માને તેને આત્મા કહેતા નથી, પણ અણાત્મા કહે છે. તેથી ધર્મી જીવ પુણ્ય-પાપના ભાવ થવા છતાં હું એનો જાણનાર-દેખનાર મારા સ્વભાવ સહિત (છું), એવી જેની દૃષ્ટિ છે, એવો જેનો સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો છે એને નવા કર્મ છે નહિ અને કાંઈક છે એને નિમિત્ત જે થાય એ ભાવ એનો નથી. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :- ભલે જાય સાગરમાં. તો શું છે? એમ કે આ વાત સાગરમાં જાશે. સાગર માટે તો આ મૂકી છે. અહીં દેખાય છે. દેખાય છે આ મૂકી છે. આ ગાથા તો અલૌકિક વાત છે! આમ વસ્તુનો ટોટલ લાવ્યા છે આખો. અરે..! ભાઈ! તારે શું કરવાનું ધર્મમાં એ વાત અમે તને કરીએ છીએ. અમે, પરના કાર્ય તારા નહિ એમ કરીને હઠાવ્યું. હવે તો કહીએ છીએ કે પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે એ તારું કર્તવ્યની દૃષ્ટિ રાખ ત્યાં સુધી આત્મા નહિ તું. ત્યાં સુધી સમ્યગ્દર્શન નહિ, ત્યાં સુધી ધર્મ નહિ. તને ધર્મ કરતા ત્યાં સુધી આવડતો નથી. ભગવાનજીભાઈ! આહા..હા..! લ્યો! ઓલા તો હજી એમ કહે, પણ અમને રાગ હોય ત્યારે કર્મ બંધાય કે નહિ? રાગ હોય ત્યારે કર્મ બંધાય. એ વળી ચોંટ્યો ત્યાં.

શ્રોતા :- રાગ ન હોય તો ન બંધાયને?

ઉત્તર :- તો રાગ ન હોય તો ન બંધાયને? માટે એટલું તો પરાધીન કર્મ થયા કે નહિ? એ તો ત્યાં ચોંટ્યા હજી. ક્યાંય પરાધીન. સાંભળને હવે, તારા રાગ છે માટે કર્મ બંધાય એમ નથી. કર્મ તો એને કારણે રજકણની પર્યાય થઈ. પહેલો તો એ સિદ્ધાંત સિદ્ધ કરી ગયા છીએ. તારા રાગને લઈને છે ત્યાં એ તો નથી, પણ રાગ અને દ્વેષ બંધમાં ઉપચારે નિમિત્ત વ્યવહારે કહેવાય. એ સમ્યગ્દૃષ્ટિના વિષયમાં આત્માના સ્વભાવમાં ઈ છે નહિ. નરભેરામભાઈ! આ ઘરે વાંચો તો ક્યાંય મોં હાથે હાથ આવે એવું નથી હોં. કારણ કે કોઈ દિ' દરકાર કરી નથી. આહા..હા..! આ સવા લીટી છે સવા જુઓ. આહા..હા..!

ન્યાય સમજાય છે કે નહિ ન્યાય? ભગવાનનો માર્ગ સમ્યગ્જ્ઞાનથી ભરેલો ન્યાયથી છે. એકલો લોજિક જ્ઞાન. ચિદાનંદ સૂર્ય પ્રભુ, એ સૂર્યમાંથી ફાટે તો સૂર્યના કિરણ નીકળે કે અંધારા નીકળે? એ સૂર્યના કિરણ આવે તો અંધારા હોય કે પ્રકાશ? એમ ભગવાન ચૈતન્યસૂર્ય છે એમાંથી તો જ્ઞાતા-દૃષ્ટાના ચૈતન્યના પ્રકાશના કિરણો પ્રગટે. એવી શ્રદ્ધા-જ્ઞાન કર તો એ કિરણ પ્રગટે. આ પુણ્ય-પાપના ભાવ તો અંધારું છે. એ ભાવ હોં, કર્મ નહિ. એ તો જડ છે કર્મ તો. પણ પુણ્ય અને પાપના ભાવ થાય તે અંધકાર છે. ચૈતન્યના કિરણના પ્રકાશની તેમાં નાસ્તિ છે અને ચૈતન્ય પ્રકાશમાં પુણ્ય-પાપના અંધકારના ભાવની અહીં નાસ્તિ છે. બાબુભાઈ!

એને વીતરાગ માર્ગ સાંભળવામાં મળે નહિ, કહેનારને ખબર ન મળે, સાંભળનારને ખબર

ન મળે. એટલે જ્યાં-ત્યાં માનીને બેઠા કે આપણે ધર્મ કરીએ છીએ. જિંદગી હેરાન-હેરાન થઈને જાય ચોર્યાશીના અવતારમાં. મોતીલાલજી! સાચી વાત છે કે નહિ? અત્યાર સુધી શું કર્યું હતું? સાંભળ્યું પણ નહોતું કહે છે. આ પડીમાધારી બહુ ક્રિયા.. ગૃહસ્થ માણસ છે, ઉદાર હોય, પૈસા-બૈસા ખર્ચે. દસ તો દીકરા દસ. દસમાં એકેય દીકરા નહિ, પણ રાગ પણ એનો નહિ એમ અહીં તો કહ્યું છે. સમજાય છે કાંઈ? શોભાલાલજી! બહુ કુણો આત્મા છે હોં! જરી એવી વાત હોય તો આંખમાંથી આંસુ ચાલ્યા જાય. અરે..! વાત સાંભળવા મળે નહિ. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથનો મૂળ અભિપ્રાય શું છે? એમને શું કહેવું છે એ સાંભળવા મળે નહિ એ ધર્મ ક્યાંથી કરે? એમને એમ બફમમાં... બફમને શું કહે છે? ચાલ્યો જાય. અમે ધર્મ કરીએ છીએ. કંઈક તો થશેને, કંઈક તો થશેને. થશે ચોર્યાશીના અવતારની ખાણ. સમજાય છે? સ્વર્ગ મળે તોપણ ખાણ, નરક મળે તોપણ ખાણ. એ અંધારા કૂવામાં કૂદકો છે. અંધારા કૂવામાં.

પ્રભુ! તારી ચીજ એકવાર શ્રદ્ધા-જ્ઞાન કર. હું પુણ્ય-પાપ એ નહિ અને બંધનમાં નિમિત્ત એ મારી ચીજમાં, સ્વભાવમાં નહિ. મારો પર્યાય પણ જે બંધમાં નિમિત્ત થાય એવો પર્યાય હોય નહિ મારો. હું ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ, જ્ઞાનની જ્યોત એની પ્રજા, રાગ અને દ્વેષ એની પ્રજા? સમજાણું કાંઈ? માણસની પ્રજા માણસ હોય કે માણસની પ્રજા વાંદરું હોય? પાડો-પાડીમાં માણસની પ્રજા હશે? એમ હું એક આત્મા ચૈતન્યસૂર્ય જ્ઞાનાનંદ છું. મારી પ્રજા પર્યાય, પ્રજા-પર્યાય જાણવા-દેખવાની, શ્રદ્ધવાની, આત્મા છે એમ કરવાની, જાણવા-દેખવાની શ્રદ્ધા એ પર્યાય મારી છે. તે પ્રજા અને હું એનો પિતા. પુણ્ય અને પાપના પરિણામ મારી પ્રજા અને હું એનો પિતા ત્રણકાળમાં છું નહિ. આહા..હા..! એને ઠેકાણે હજી આ બાયડી છોકરા મારા અને હું એનો. કહો, ચંદુભાઈ! આહા..હા..! શેઢે-સીમાડે ક્યાંય મેળ નહોતો કોઈની સાથે. અહીં તો હજી એક સમયમાં મેળ છે વિકારને. ઓલાને અને તારે કાંઈ મેળ ન મળે. ક્યાંકનું દ્રવ્ય ક્યાંય જાય અને ક્યાંયનું પરિણમન ક્યાંય થાય. તારે અને એને શું સંબંધ છે? એ તો દૃષ્ટિ શ્રદ્ધામાં તો ઉઠાવ પરના સંબંધની. પણ આત્માના સ્વભાવની જો ધર્મદૃષ્ટિ કરવી હોય, તારે ધર્મ કરવો હોય તો આત્મા જ્ઞાન અને આનંદ છું એમ અંતર શ્રદ્ધા અને જ્ઞાનનો પ્રયત્ન અને પુરુષાર્થ કર. બસ, આ જ એનું કર્તવ્ય અને એને આત્માનું કામ કહેવામાં આવે છે. એવું જેણે કામ કર્યું એને નવા કર્મમાં નિમિત્ત થાય એવો ભાવ એને હોઈ શકતો નથી. સમજાણું કાંઈ?

અહીં બીજી રીતે કહ્યું છે કે દ્રવ્ય પોતે સ્વભાવથી કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં. પણ એનો અર્થ કે સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા આત્મા ઉપર થઈ છે. વિકાર મારો કે પર મારું એ માન્યતા ખસી ગઈ છે. માટે સમ્યગ્દૃષ્ટિનો આત્મા નવા કર્મને નિમિત્ત થાય એવો ભાવ એની પાસે હોતો નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! ક્યાં એને કરવાનું, શું એને કરવાનું એનો

ખુલાસો કરે છે. પહેલા તો ઉઠાડી મૂક્યો અહીંથી બહારથી. ઉઠાવ બહારની દૃષ્ટિ. હવે અંદરમાં ઉખાડ પુણ્ય-પાપના વિકલ્પથી ઉઠી જા, એ તારી દુકાન નહિ. વિકારની તારી દુકાન? વિકારની તારી દુકાન? એ પુણ્ય-પાપના વિકલ્પો જ્ઞાનમાં જણાય એ જ્ઞાનસ્વરૂપ તે આત્મા. વિકલ્પ તે આત્મા નહિ. એવો આત્માનો જે સ્વભાવ જેને દૃષ્ટિમાં બેઠો એ વસ્તુ નવા કર્મને નિમિત્ત હોય તો સદાય ત્રણે કાળે વિકારમય આત્મા થઈ અને કોઈ દિ' વિકારથી છૂટવાનું એને બને નહિ. સમજાણું કાંઈ?

'આ લોકમાં ખરેખર...' હવે શું હશે આમાં? મલુકચંદભાઈ! આ રસોડાના કામ કોણ કરે છે? માટે અમે કરતા નથી માટે છોડી દ્યો. એમ હશે? શું કીધું? શું કીધું શી ખબર પડે તમે આમ આમ કર્યું એમાં.

શ્રોતા :- ...

ઉત્તર :- એમેય નથી કહ્યું, એમેય નથી કહ્યું. પણ કર્યું હતું કે દિ' તે દિ'? પ્રભુ! તારી ચીજ...

આ તો પંચ ગાથા પાંચમી. આ પરમેષ્ઠી થવાની ગાથા છે આ. સમ્યગ્દર્શન. હજી ચારિત્ર પછી, મુનિ પછી. હજી આ ભાન વિના મુનિ અને ચારિત્ર ક્યાંથી હોય? એકલો તારો આત્મા છે એમ નક્કી અનુભવમાં કર, શ્રદ્ધા કર, જ્ઞાન કર. તારો આત્મા નવા બંધનનો કર્તા તો નથી, પણ નવા બંધનમાં વ્યવહાર થાય એવી તારામાં લાયકાત નથી. એવો આત્મા સમજાય અને માને તેને સમ્યગ્દર્શન થાય.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૧૦૯ થી ૧૧૨, પ્રવચન નં.૯૦૧, તા. ૨૯-૦૮-૧૯૮૩ (૧૦)

... આરાધનાનો દિવસ ગણવામાં આવ્યો છે. સંયમ, છઠ્ઠો બોલ સંયમ છે. પહેલા ઉત્તમક્ષમા આવી, પછી નિર્માનતા, સરળતા, પછી સત્ય અને શૌચ એવા પાંચ બોલ આવી ગયા. આજે છઠ્ઠો, સંયમ. તો સંયમ મહાદુર્લભતાથી મળે છે. ઈ કહે છે જુઓ.

जन्तुकृपार्दितमनसः, समितिषु साधोः प्रवर्तमानस्य।
प्राणेन्द्रियपरिहारं, संयममाहुर्महामुनयः।।९६।।

અહીં મુનિની વાત કરે છેને. મુનિ સંયમમાં છેને. ભાવલિંગી સંત. બહારમાં નગ્ન હોય છે અને અંદરમાં ત્રણ કષાયનો નાશ કરીને આનંદમાં ઝૂલે છે. એવા મુનિને સંયમ હોય છે. '**जिसका चित्त जीवानुकंपासे भिगा हुआ है.**' એવા જે મુનિ છે એ જીવની અનુકંપાથી એનું મન ઘણું કોમળ થયું છે. કોઈ પ્રાણીને દુઃખ દેવું એ એના ભાવમાં નથી. '**जो ईर्या-भाषा-एषणा आदि पांच समितियोंका पालन करनेवाला है.**' કેવા છે સાધુ સંયમી? ઈર્યા-જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર લેવો એમાં પ્રવર્તમાન છે. એવા સાધુ વડે 'ષટ્કાય જીવોની રક્ષા...' ષટ્કાયના જીવોને ન મારવા એનું નામ રક્ષા કહેવામાં આવે છે. 'અપની ઈન્દ્રિયોંકા દમન' છ કાય અને ઈન્દ્રિયોનું દમન 'क्रिया उसे गणधरदेवादि महामुनि संयम कहते है.' પોતાના આનંદમાં છ કાયના જીવોને ન મારવાનો વિકલ્પ અને ઈન્દ્રિયનું દમન—અતીન્દ્રિય આનંદમાં લીન થવું એને ગણધરદેવ સંયમ કહે છે. એ સંયમ મહા-મહા મુશ્કેલ અને મહાન પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે.

૯૭.

मानुष्यं किल दुर्लभं भवभृतः, तत्रापि जात्यादयः;
तेष्वेवाप्तवचः श्रुतिः स्थितिरतः, तस्याश्च दृग्बोधने।
प्राप्ते ते अतिनिर्मले अपि परं, स्यातां न येनोज्झिते;
स्वर्मोक्षैकफलप्रदे स च कथं, न श्लाघ्यते संयमः।।९७।।

સંયમ કોને પ્રાપ્ત થાય છે? એ તો મહાદુર્લભ છે. પહેલા તો સંસારી પ્રાણી ચોર્યાશી લાખમાં ભ્રમણ કરે છે (એને) મનુષ્યભવ પ્રાપ્ત થવો અત્યંત કઠણ છે. મનુષ્યપણું પ્રાપ્ત

થવું ઘણું કઠણ છે. જો મનુષ્યપર્યાય મળી તો એમાં ઉત્તમ જાતિ મળવી દુર્લભ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એવી જાતિ મળવી મહાન દુર્લભ છે. એ પણ મળી. ઉત્તમ જાતિનું પ્રાપ્ત થવું.. જિનવાણીનું શ્રવણ દુર્લભ છે. વીતરાગી વાણી સર્વજ્ઞો જે પરમાત્મા ત્રિલોકનાથ કહે છે, વાણી વીતરાગી વાણી મળવી એ મહા અત્યંત અત્યંત દુર્લભ છે. અંદરમાં માની લે છે કે અમે વીતરાગની... પણ વીતરાગ વાણી શું કહે છે એને સમજાણી નહિ તો કહે છે કે વીતરાગ વાણી પહેલા મળવી દુર્લભ છે.

જિનવાણીનું શ્રવણ મળવાથી.. વીતરાગની વાણીનું શ્રવણ મળ્યું પણ આયુ પ્રાપ્ત થવી દુર્લભ. મોટું આયુષ્ય ન હોય. થોડો વખત હોય તો એને જિનવાણીનું શું મર્મ-રહસ્ય છે એને સમજાતું નથી. તો કહે છે કે મોટું આયુષ્ય મળવું દુર્લભ છે. એનાથી પણ દુર્લભ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. મોટું આયુષ્ય મળ્યું, જિનવાણીનું શ્રવણ મળ્યું, પણ સમ્યગ્દર્શન મહા દુર્લભ. અનંતકાળમાં શું સમ્યગ્દર્શન છે એની ખબર નથી. આત્મા પરથી નિરાળો અનંતગુણનો પિંડ વિકારથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન, નિમિત્ત અને વિકાર હોવા છતાં, પર અનંત દ્રવ્યો હોવા છતાં પોતાનો ત્રિકાળી સ્વભાવ, પોતાની હયાતી રાગથી ભિન્ન (છે) એવી અનુભવમાં પ્રતીત થવી એ સમ્યગ્દર્શન અતિ દુર્લભ છે. એની સાથે સમ્યગ્જ્ઞાન દુર્લભ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન પછી સંયમ આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એકલો સંયમ-સંયમ કરે એ ત્યાગ છે નહિ. એકડા વિનાના.. શું કહે છે? શૂન્ય-શૂન્ય, શૂન્ય-મીંડા. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મળવું દુર્લભ. 'यदि अत्यंत निर्मल वे दोनो भी प्राप्त हो जाते हैं...' જુઓ, **'प्राप्ते ते अतिनिर्मले'** એમ શબ્દ છે. અતિ નિર્મળ. ભગવાન કહે છે એવું સમ્યગ્દર્શન-જ્ઞાન અંતરમાં પ્રાપ્ત થયું તો જે સંયમ વિના, એ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સંયમ વિના એને મોક્ષની પ્રાપ્તિ થતી નથી અને સંયમ વિના સ્વર્ગની પણ ઉંચી ગતિ પ્રાપ્ત થતી નથી. એ 'સ્વર્ગ અને મોક્ષરૂપ અદ્વિતીય ફલકો નહીં દે સકતે હૈ.' સમ્યગ્દર્શન હોવા છતાં, સમ્યગ્જ્ઞાન હોવા છતાં સંયમ જ્યાં સુધી ન હોય. એકલો સંયમ નહિ હોં. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત. એકલો ત્યાગ કરે અને બ્રહ્મચર્ય પાળે, વ્રત પાળે એ સંયમ-ફંયમ નથી. જ્યાં દૃષ્ટિના ઠેકાણા નથી, શ્રદ્ધાના ઠેકાણા નથી, સમ્યગ્દર્શન વિના સંયમ, ત્યાગ-ફ્યાગ ત્રણકાળમાં હોતાં નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત એ સંયમનું હોવું બહુ-બહુ પુરુષાર્થથી થાય છે. અને એ વિના સંયમ વિના સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ નથી થતી. 'કૈસે સંયમ પ્રશંસનીય ન હોગા?' એ કારણે સંયમ કેમ ન પ્રશંસનીય હોય? ઓહો..! દુર્લભ ચીજ. ચારિત્ર અંતર સ્વરૂપમાં લીનતા, જંગલમાં વાસ, વનવાસમાં રહેવું. અંતરમાં આત્મધ્યાન આનંદમાં સમ્યગ્દર્શનપૂર્વક (રહેવું) એ તો મહા સંયમ પ્રશંસનીય-પ્રશંસનીય અતિ અનુમોદનીય. 'यह अवश्य ही प्रशंसा के योग्य है.' લ્યો, સંયમ તો સમ્યગ્દર્શન-જ્ઞાન પછી મહાન પુરુષાર્થથી થાય છે. એ તો મહાન પ્રશંસનીય છે. પ્રશંસનીય થઈ ગયો તો સમ્યગ્દર્શન-જ્ઞાન વિના સંયમ લઈ લ્યો. સંયમ ઝટ લઈ લ્યો. પણ

સંયમ ક્યાં છે? સમ્યગ્દર્શન વિના સંયમ ક્યાંથી આવ્યો? શોભાલાલજી! કે લઈ લ્યો ત્યાગ. ત્યાગની પ્રશંસા (બહુ કરી છે). પણ કોનો ત્યાગ? હજી મિથ્યાત્વનો તો ત્યાગ કર્યો નથી. જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ દેવાધિદેવ પરમાત્મા જૈન વીતરાગે શું કહ્યું? કેમ છે? કેવું સ્વરૂપ આત્માનું, રાગનું, જડનું, પોતાનું, પરિપૂર્ણ કઈ રીતે છે? પર્યાય કેવી છે સ્વતંત્ર વિકારમાં? એની અંદરમાં અનુભવમાં પ્રતીત તો થઈ નહિ અને સમ્યગ્જ્ઞાન થયા વિના સંયમ-ફંયમ હોય નહિ. બહારનો સંયમ લઈ લીધો માટે સમ્યગ્દર્શન છે એમ નથી. સંયમ જ નથી. એ તો બાળવ્રત અને બાળતપધારી છે. બરાબર છે? એના પણ ક્યાં ઠેકાણા છે. પણ આ તો કહે છે લ્યો.

'અવશ્ય પ્રશંસા યોગ્ય છે.' ઓહો..! સમ્યગ્દર્શન અને જ્ઞાન એની સાથે સંયમસ્વરૂપની લીનતા, આનંદનો ઉભરો. ઉભરાને શું કહે છે? ઉફાન. અતીન્દ્રિય આનંદનો ઉભરો અંદરમાં આવવો એવો સંયમ સંયમ મહાપ્રશંસનીય દુર્લભ છે. એવા સંયમનો આજ છઠ્ઠો દિવસ સુગંધદશમીમાં ગણવામાં આવ્યો છે.

હવે ચાલતો વિષય. કાલે, તપનો દિવસ છે. તપ, ત્યાગ, અકિંચન, બ્રહ્મચર્ય ચાર દિવસ રહ્યા. છ તો આજે થઈ ગયા. જુઓ, આ સમ્યગ્દર્શનનો વિષય હવે. અથવા જીવનો સ્વભાવ. બપોરે તો ચાલે છે કે પર્યાય... પહેલા એમાં પણ ચાલ્યું. પોતાની પર્યાયમાં... પર્યાય સમજો છો? અવસ્થા-હાલત-દશા. એમાં શુભ-અશુભ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય છે એ તો પોતાની પર્યાયમાં થાય છે. વિકાર પર્યાય જીવ કરે છે. પર્યાયદૃષ્ટિ જીવ પર્યાય પોતે જ કરે છે. એ કાંઈ કર્મથી વિકાર થાય છે એમ ત્રણકાળમાં નથી. એવો નિશ્ચય થયા પછી સ્વભાવ શું છે? કે સ્વભાવ તો વિકારનો કરનારો છે જ નહિ. સમજાણું કાંઈ? એક સમયમાં પ્રભુ ચૈતન્યપિંડ જ્ઞાનજ્યોત સૂર્ય એ તો વિકલ્પ, પરની દયાનો વિકલ્પ કરવો. વિકલ્પ હોં. એ રાગ છે. એ પણ અહિંસા નથી.

'અહિંસા પરમો ધર્મ' કહેવામાં આવે છે કે નહિ? કેમ? પરમધર્મ જોઈએ. રાગ પરની દયાનો વિકલ્પ ઉઠવો એ રાગ છે. રાગ એ ખરેખર હિંસા છે. રાગ હિંસા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં અમૃતચંદ્રાચાર્ય મહારાજ આ ટીકા કરનાર એમણે પુસ્તક બનાવ્યું છે એમાં લખ્યું છે કે રાગ એ હિંસા છે. રાગની ઉત્પત્તિ હિંસા. પુણ્યનો રાગ હોય, પંચ મહાવ્રતના પરિણામનો રાગ હોય, હોય છે મુનિ ભાવલિંગી સંતને, છતાં એ પણ છે તો દોષ અને હિંસા. ઓહો..હો..! એનાથી રહિત મારી ચીજ એકલો જ્ઞાનાનંદ સ્વભાવ એવી ચીજ એ વિકલ્પને કરનાર નથી. એ વિકલ્પ નામ પંચ મહાવ્રતના વિકલ્પને કરનાર પણ સ્વભાવ નથી. એને કરનાર પુદ્ગલ આત્મા એનો જાણનાર છે. એ વાત સિદ્ધ કરે છે.

પહેલો પેરેગ્રાફ આવી ગયો છે. પહેલો આવી ગયોને? જુઓ, થોડું ફરીથી લઈએ. જુઓ, '**ખરેખર પુદ્ગલકર્મનો, પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' એક જ કર્તા પુદ્ગલ,

આત્મસ્વભાવ નહિ. એક જ પુદ્ગલ આખું એક દ્રવ્ય બસ. વિકાર, પુદ્ગલ, કર્મ, દ્રવ્ય, ગુણ અને વિકાર બધા એક જ પુદ્ગલ છે, એક જ પુદ્ગલ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ, શરીર, કર્મ પુદ્ગલ બધા એક જ પુદ્ગલ એક જ દ્રવ્ય છે. એકકોર આત્મદ્રવ્ય છે અને એકકોર પુદ્ગલદ્રવ્ય છે. '**પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે; તેના વિશેષો-મિથ્યાત્વ, અવિરત, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી...**' તેના વિશેષો. એકના વિશેષો. મિથ્યા શ્રદ્ધા. મિથ્યા શ્રદ્ધાની વાત છે હોં. વિપરીત માન્યતા. અત્યાગભાવ, પુણ્ય-પાપના ભાવ અને યોગ-કંપન્ન એ બંધના સામાન્ય હેતુ. એકનું વિશેષ, એકનું વિશેષ, પણ તેરનું સામાન્ય. વચ્ચે આવ્યું. સમજાણું કાંઈ?

શ્રોતા :- એકના વિશેષ ચાર.

ઉત્તર :- એકના વિશેષ ચાર અને ચારના વિશેષ તેર. તો તેરની અપેક્ષાએ ચાર સામાન્ય. સમજાણું કાંઈ? કાલે થઈ ગયું ઈ. ચાર કર્તા છે.

'**તેઓ જ ભેદરૂપ...**' જુઓ, પછી અહીં ભેદ લીધું. એમાં વિશેષ લીધું હતું તો અહીં ભેદ લીધો. શબ્દ એક છે. તદ્વિશેષાઃ એમ છે. '**ते एव विकल्प्यमाना**' એમ છે. વિકલ્પ શબ્દ છે. ઓલામાં વિશેષાઃ પહેલામાં છે. આમાં '**विकल्प्यमाना**' એમ છે. '**તેઓ જ ભેદરૂપ કરવામાં આવતાં, મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે.**' મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગી કંપન્ન એ બધા પુદ્ગલ છે, પુદ્ગલ છે, જડ છે, જડ એનો કર્તા છે. આત્મા તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાતા સચ્ચિદાનંદ (છે). એવા શબ્દો તો અન્યમાં પણ કહે છે લોકો. એમ ન ચાલે. અહીં તો સર્વજ્ઞે કહ્યો એવા આત્માને અહીંયા આત્મા કહે છે. બીજા તો બધા કહે છે આત્મા આવો છે અને આત્મા આવો છે ને સર્વવ્યાપક છે અને એક છે ને શુદ્ધ છે, નિરંજન છે, આત્મજ્ઞાન છે. પણ આત્મા કોને કહેવો? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત-અનંતગુણનો પિંડ આત્મા છે. શુદ્ધ અનંત-અનંત શક્તિનો એક રસ આત્મા છે. એ આત્મા એ તેરનો કર્તા નથી. પુદ્ગલ તેરનો કર્તા છે.

'**હવે, જેઓ પુદ્ગલકર્મના વિપાકના...**' જુઓ, ભગવાન આત્માના પાકમાં તો આનંદ આવે છે. અંદરમાં તો પાકનું ફળ તો ક્ષેત્ર એવો આત્મા છે. અતીન્દ્રિય આનંદનું અંદર અંકુર ફૂટે એવો આત્મા છે. આ તેર છે એ '**પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' જુઓ, આહા..હા..! જરી ઝીણી વાત છે. એકલો પ્રભુ ચૈતન્યસ્વભાવ એનો પાક એ તેર ગુણસ્થાન નથી. સમજાણું કાંઈ? 'તેરમું ગુણસ્થાન તારું નહિ. ચૌદમું ગુણસ્થાન તારું નહિ' ભાઈ કહે છેને અમારે. તલકચંદભાઈ લાઠીવાળા. ગાય છેને, આ ક્યાંથી લાવ્યા આવું? એમ કહે છે. જાડા છે શેઠ લાઠીના. સમજાણું કાંઈ? જુઓ, શું કહે છે એ તેરમું ગુણસ્થાન '**પુદ્ગલ કર્મના વિપાકના પ્રકારો હોવાથી...**' આહા..હા..!

શ્રોતા :- એ તો ભગવાન કહેવાયને.

ઉત્તર :- ભગવાન કેવળજ્ઞાન નહિ હોં. કંપન્ન થાય છે એ. સયોગીભાવ એ પુદ્ગલકર્મનો વિપાક નામ ફળ, એ પુદ્ગલ કર્મનું ફળ છે. તેર ગુણસ્થાન. ભગવાન આત્મા તો ચૈતન્યબિંબ આનંદકંદ પ્રભુ સર્વજ્ઞે જોયો એવો. એના પાકમાંથી તો અતીન્દ્રિય આનંદનો રસ અનુભવે, ચુવો ચુવે રસનો એવો આત્મા છે. આ તેર ભાગ '**વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે...**' જુઓ, '**એવા આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે...**' શું કહે છે? એ તેર જે પ્રકાર પડ્યા પહેલા ગુણસ્થાન મિથ્યાત્વથી સયોગી (પર્યંતના) એ '**કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્ગલકર્મને જો કરે તો ભલે કરે;...**' નવા કર્મના રજકણની સાથે પણ એ રજકણ વ્યાપ્યવ્યાપક થઈને કરો તો કરે, દ્રવ્યમાં શું આવ્યું? દ્રવ્યસ્વભાવમાં શું આવ્યું? એ તો ચૈતન્યબિંબ જ્ઞાયકમૂર્તિ છે ઈ છે. નરકમાં પણ છે ઈ છે, નિગોદમાં પણ છે ઈ છે, સિદ્ધમાં પણ દ્રવ્ય સ્વભાવ તો છે ઈ છે.

એકલો ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકભાવ કહે છે કે એ શું કરે છે? બિલકુલ પરને નથી કરતો. માત્ર પુદ્ગલકર્મ છે એ '**વ્યાપ્યવ્યાપકભાવે કાંઈપણ પુદ્ગલકર્મને જો કરે...**' થોડી વખત એ પુદ્ગલનું... જુઓ! અહીં ચૈતન્યસ્વભાવનું લક્ષ કરાવ્યું છે. સમજાણું કાંઈ? તારો સ્વભાવ જ્ઞાયક છે... જ્ઞાયક છે... જ્ઞાયક છે. પછી પુદ્ગલનું કાર્ય થોડું હો તો હો, સ્વભાવમાં શું આવ્યું? જીવમાં શું આવ્યું? જીવ સ્વભાવ છે ચૈતન્ય આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ એમાં કોઈ આવ્યું નથી. ચંદુભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ જરી?

વસ્તુનું લક્ષ કર્યું લક્ષ. પછી થોડો મિથ્યાત્વભાવ પણ હોય ભલે કહે છે, પણ એ થોડી વાર રહેશે. એ વ્યાપ્યવ્યાપક થઈને થોડી વાર રહેશે, નહિ રહે તારા સ્વભાવમાં. તારી ચીજમાં નથી. સમજાણું કાંઈ? ભલે કરે. કર્મ કરે તો કરે. એમાં જીવમાં શું આવ્યું? શું ચૈતન્ય પ્રભુ એમાં-રાગમાં ઘૂસી જાય છે? મિથ્યાત્વની પર્યાયમાં? અવ્રતના પરિણામમાં? કષાયના ભાવમાં શું ચૈતન્ય સ્વભાવ પ્રવેશ કરે છે? બિલકુલ નહિ. શું ચૈતન્યસ્વભાવમાં મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય પ્રવેશ કરે છે? શેઠી! જીવમાં આવ્યું હતું ત્યાં અજીવમાં લીધું હતું ૪૯ બોલ. મિથ્યાત્વ ને આસ્રવ ને પ્રત્યય અજીવ છે, જીવ નથી. અહીં કર્તાકર્મની વાત કરી છે. એ તો ત્યાં અંદર ૪૯ બોલમાં ચાર આસ્રવ લીધા છેને? મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એ બધા પુદ્ગલના પરિણામ. આત્માના નથી. અજીવ છે. અહીં કહે કે કર્તા પર છે. એ સ્વભાવ કર્તા એનો નથી. ગુણસ્થાનભેદનો કર્તા સ્વભાવ નહિ.

શ્રોતા :- ભગવાનની સ્તુતિ કરવી વિકલ્પ છે?

ઉત્તર :- વિકલ્પ છે. બોલો-બોલો પૂછો. ભગવાનની સ્તુતિ સાક્ષાત્ ત્રિલોકનાથ બિરાજતા હોય સમવસરણમાં, પણ એમનું લક્ષ કરીને સ્તુતિ કરવી એ પણ શુભરાગ છે. આવે છે જરૂર, પણ સ્વભાવ ધર્મ નથી. આહા..હા..! જાપ... જાપ... જાપ... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ તો શુભરાગ છે. પોતાનો સ્વભાવ નહિ, એ સ્વભાવનું કાર્ય નહિ,

એ તો પુદ્ગલનું કાર્ય છે. એ સ્વભાવની દૃષ્ટિથી હોં. પર્યાયમાં તો રાગ એનો છે. એ કરે છે તો થાય છે. પણ સ્વભાવ એકલો ચૈતન્યસૂર્ય પ્રકાશનો કંદ પડ્યો છે. જેમ સુરણગાંઠ હોય છેને? સુરણની ગાંઠ નથી હોતી? સુરણ. સુરણ કહે છેને? જમીનમાંથી નીકળે આવું ગોળની ભેલી જેવું. એમ ચૈતન્યબિંબ આનંદની ભેલી પડી છે. ભેલી કહે છે ગોળને? ગોળની ભેલી નથી આવતી? હા એ. એવો આત્મા. એ નહિ... એ નહિ... પુણ્ય-પાપના વિકલ્પ નહિ. એકલા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની ભેલી પિંડ પડ્યો છે. એ આત્મામાં મિથ્યાત્વ આદિના કર્તાનો સ્વભાવ છે જ નહિ.

શ્રોતા :- પરનો પ્રવેશ જ નથી.

ઉત્તર :- પરનો પ્રવેશ નહિ અને પોતાનો પ્રવેશ એમાં નથી. એવો ચિદાનંદ પ્રભુ એવોને એવો શુદ્ધ આનંદકંદ પડ્યો છે. એની દૃષ્ટિ કરો અને આ તેર કર્તા પુદ્ગલના છે એનું લક્ષ છોડી દ્યો. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

હવે અહીં સુધી તો કાલે આવ્યું હતું. હવે નવી વાત. '**અહીં આ તર્ક છે...**' શું કહે છે શિષ્ય? શિષ્યને જરી તર્ક ઉઠ્યો કે પ્રભુ! તમે એમ કહો છો કે મિથ્યાત્વ, અવ્રત, કષાય, પુણ્ય-પાપના ભાવ એ પુદ્ગલનું કાર્ય છે. તો પ્રભુ! અમારા લક્ષમાં તો એમ આવે છે કે વેદન જે હરખ-શોકનું થાય છે અનુભવ એ તો આત્મા વેદન કરે છે. એમ અમારા ખ્યાલમાં તો આવે છે શ્રુતજ્ઞાનના તર્કમાં. સમજાણું કાંઈ? અમારા તર્કમાં તો એમ આવે છે. શું જડમાં વેદન થાય છે? શું રાગ-દ્વેષનું, હરખ-શોકનું વેદન જડને હોય છે? અમને તો આત્માને જ વેદન થાય છે દુઃખનું, શોકનું, હરખનું.

'**અહીં આ તર્ક છે કે પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો...**' જુઓ, મહારાજ! એ વિપરીત માન્યતાનું વેદન અને દયા, દાનનું, પુણ્ય-પાપના ભાવનું વેદન એનો તો આત્મા જ કર્તા છે. પુદ્ગલમયનો આત્મા કર્તા છે. '**પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' જુઓ, છે ભલે પુદ્ગલ તમે કહો છો, પણ આત્મા ભોગવે એમ અમને તો દેખાય છે. સમજાણું કાંઈ? '**પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે.**' અમારા ખ્યાલમાં તો એમ આવ્યું કે પુદ્ગલ તમે જેને કહો છો પણ એનો ભોક્તા તો આત્મા છે. અમને ખ્યાલ આવે છે કે રાગનું, હરખનું વેદન થાય છે એ '**(ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને...**' જુઓ, ભોગવતો હોય તો પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને અજ્ઞાનપણે ગુણસ્થાનપણે પરિણમન કરે છે. તો પુદ્ગલકર્મને કરે છે એવું અમને તો ભાસે છે. એવી શિષ્યની શંકા છે. શંકામાં સમજ્યા? એ વેદનથી પ્રશ્ન કર્યો છે. પ્રભુ! તમે તો કહો છો કે કર્તા નથી... કર્તા નથી... કર્તા નથી... પુદ્ગલ કર્તા છે તો વેદન તો અમને અમારામાં ભાસે છે. ભલે તમે એને પુદ્ગલ કહો, પણ વેદન તો આત્મા કરે છે.

'**પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' જુઓ, હરખ-શોક, રાગ-દ્વેષનું વેદન અનુભવ તો આત્માને થાય છે. '**જીવ પોતે જ...**' અને ભોક્તા હોવાથી '**મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે.**' જુઓ, ભોગવે છે તો મિથ્યાદૃષ્ટિ ભોગવનારો મિથ્યાદૃષ્ટિ થઈને કર્તા થાય છે. ભોગે એ કરે. તમે તો કહો છો કે પુદ્ગલ કરે... પુદ્ગલ કરે... પુદ્ગલ કરે... રાગ-દ્વેષને પુદ્ગલ કરે, પુણ્ય-પાપને પુદ્ગલ કરે, મિથ્યાત્વ, અવ્રતને પુદ્ગલ કરે. પણ આત્મા વેદે છેને. સાંભળને. સાંભળ તો ખરો. વિકાર વેદે એ આત્મા હોય? એ જવાબ દેશે. શેઠી! પણ પ્રશ્ન એને થયો એ પર્યાયમાં વેદન છેને? વેદન-અનુભવ છેને પર્યાયમાં રાગ-દ્વેષ, કલુષિત આકુળતાનો. પ્રભુ! તમે ભલે પુદ્ગલ કહો, પણ એનું વેદન આત્મા તો કરે છે અને વેદન કરીને પોતે મિથ્યાદૃષ્ટિ આદિનું પરિણમન કરે છે, મિથ્યાદૃષ્ટિ થાય છે.

'**(તેનું સમાધાન :-)**' પ્રશ્ન સમજાણો પહેલા પ્રશ્ન? પ્રશ્નનું રૂપ સમજાણું? ધર્મચંદજી! પ્રશ્નનું રૂપ સમજાણું કે નહિ? રૂપ એટલે? પ્રશ્નનું સ્વરૂપ, પ્રશ્નકા માયના ક્યા હૈ એ સમજાણું કાંઈ? બોલતા નથી કે નથી સમજાણું એમ બોલ્યા નહિ. કહો, શેઠી! જુઓ, આ આત્મા છે, એક સમયમાં શુદ્ધ આનંદકંદનો પિંડ છે. એકલો ચૈતન્યસ્વભાવ સિદ્ધસ્વરૂપ આત્મા વસ્તુ છે. એમાં જે ગુણસ્થાન મિથ્યાત્વ, અવ્રત આદિ હોય છે એને પુદ્ગલ કરે છે એમ કહ્યું. કેમકે સ્વભાવ કરતો નથી. સ્વભાવ વિકારને કેવી રીતે કરે? સ્વભાવમાં છે ક્યાં વિકાર. પુદ્ગલ એને કરે એમ ગુરુએ કહ્યું. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે પ્રભુ! તમે પુદ્ગલ કહો છો પણ વેદન તો મને થાય છે. હરખ-શોકનું અને રાગ-દ્વેષની આકુળતા તો મને થાય છે. મારી પર્યાયમાં થાય છે, હું વેદન કરું છું એમ દેખાય છે અને ભોક્તા છે તો સ્વયં મિથ્યાદૃષ્ટિ થઈને કર્તા છે. ભોક્તા છે તો કર્તા એ છે. ભોક્તા આ અને કર્તા પુદ્ગલ એ ક્યાંથી આવ્યું? સમજાણું? મહેન્દ્રભાઈ! પ્રશ્ન?

લ્યો એટલું તો શિષ્ય તૈયાર થઈને પૂછે છે કે તમે કહો છો કે આત્મા કોઈનો કર્તા, ફર્તા નથી. એ તો પુદ્ગલ કર્મ... પુદ્ગલ કર્મ... પુદ્ગલ કર્મ (કર્તા છે). સમજાણું કાંઈ? આ પ્રશ્ન ઉત્તર છેને? એમ અમારે પૂછયું હતું કાલે. આ પ્રશ્ન પૂછ્યો એનો ઉત્તર છેને. એમ કે પ્રશ્ન તો એ પૂછ્યો હતો કે પુદ્ગલ કર્મનું કોણ કર્તા? પહેલા તો એ વિકારનો ઈ કર્તા, પુદ્ગલનો પર કર્તા એમ ચાલ્યું આવે છે. હવે પૂછે છે કે પુદ્ગલ કર્મનો કોણ કર્તા? એ પ્રશ્નનો આ ઉત્તર છે. વિકારનો કર્તા જે પર્યાયમાં લીધો હતો એ વિકાર પણ પુદ્ગલ છે અને પુદ્ગલને નિમિત્ત પડે એ પુદ્ગલ છે. એવા અજ્ઞાનભાવથી કરનાર જે નિમિત્તથી કહ્યું હતું એ બેયને એક કરી દીધા. અજ્ઞાનભાવ અને પુદ્ગલ બેય એક છે. આત્મામાં અજ્ઞાન કે મિથ્યાત્વ છે નહિ. શેઠી!

કહે છે... પ્રશ્ન સમજાણો? પ્રભુ! તમે કહો છો કે પુદ્ગલ કરે... પુદ્ગલ કરે... પુદ્ગલ કરે... તો પુદ્ગલ ભોગવે. ચંદુભાઈ! કરે એ ભોગવે. તો અમારે ભોગવવું અને કરે ઈ કેમ

બને? હરખ-શોક તો અમારે ભોગવવો પડે છે. અમે હરખ-શોક ભોગવી છીએ, હરખ-શોક ભોગવીએ છીએ. એમ શિષ્ય કહે છે. હરખ-શોક અમે ભોગવીએ છીએ. તો જે ભોગવે છે તે કરે છે. તમે કહો છો કે કર્તા એ અને ભોક્તા અમે. બે કેમ બને? શિષ્યનો પ્રશ્ન એવો છે. અમે ભોગવીએ છીએ એમ લાગે છે. સાંભળ-સાંભળ તો ખરો.

'**આ તર્ક ખરેખર અવિવેક છે,...**' એ તર્ક ખરેખર તારો અવિવેક છે. '**કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...**' જુઓ, ભાવક કર્મ અને વિકારનો ભાવ આત્મા ભોગવે એનો અભાવ છે. વિકારનું ભાવ્ય આત્મા ભોગવે અને ભાવક થઈને વિકારને ભાવ્ય થઈને ભોગવે એમ આત્મામા છે નહિ. વિકારને ભોગવવો એ સ્વભાવમાં છે જ નહિ. સ્વભાવમાં ભોગવવું હોય તો સ્વભાવ અને વિભાવ એક થઈ જાય. સ્વભાવમાં તો આનંદ છે. તો આનંદ ભોગવે કે શું તારો વિકાર ભોગવે? વિકારને આત્મા ભોગવે એમ તમે કહો છો. અમે કહીએ છીએ કે તારો અવિવેક છે. ભોગવવું એ વિકારીભાવ, ભોગવવું એ પુદ્ગલનું કાર્ય. તારું કાર્ય તો એને ભોગવવું એ છે નહિ. ઓહો..હો..! ભારે વાત, ભાઈ! ઓહો..હો..!

શ્રોતા :- બહુ સરસ વાત છે.

ઉત્તર :- બહુ સરસ વાત લીધી છે. એકદમ રાગને કરવો નહિ અને રાગને ભોગવવો એ તારો સ્વભાવ નહિ. હરખ-શોકને ભોગવે એવો તારો સ્વભાવ છે? હરખ-શોક તો પુદ્ગલ વિકાર છે. વિકાર એ નિમિત્તથી ઉત્પન્ન થયો અને એનાથી બંધ થાય એ તો બધું જડમાં ગયું. તારો ચૈતન્ય ગાંગડો એકલો આનંદકંદ શું આત્મદ્રવ્ય વિકારને ભોગવે? તું કહે કે હું ભોગવું છું. બિલકુલ ખોટું છે. આત્મદ્રવ્યને વિકારનો ભોક્તા માનવો એ અવિવેક અને અજ્ઞાન છે. રતિભાઈ! શું કહ્યું?

શ્રોતા :- આત્મા આનંદ જ ભોગવે છે.

ઉત્તર :- ભોગવે આનંદને એ વાત નહિ, પણ વિકાર નથી ભોગવતો. એમ નકારથી વાત લીધી. ઈ આ લોઢાના વખતે આકુળતા થાયને કેમ આ કામ ન કર્યું? ફલાણું કર્યું? કહે છે કે એ ભોગવવાનો ભાવ જીવનો તું માન તો આનંદ અને વિકાર બે એક થઈ જાય છે. ખરેખર સ્વભાવનો ભોક્તા આત્મા છે, વિકારનો ભોક્તા આત્માને કહેવો એ અવિવેક છે. તને વસ્તુની દૃષ્ટિની ખબર નથી. સમજાણું કાંઈ? નવરંગભાઈ! આહા..હા..! અને વેદનથી લીધું છેને? તર્કથી લીધું. શ્રુતજ્ઞાનથી તર્કથી લીધું, તર્ક ઉઠાવ્યો. અમને તો વેદનમાં અસમાધિ દેખાય છે, આકુળતા દેખાય છે. સાંભળ તો ખરો. અસમાધિ અને આકુળતાનું વેદન જીવનું છે જ નહિ. રામસ્વરૂપજી! નહિ, આત્માનું વેદન છે ઈ? આત્મા જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદનું વેદન વિકારી હોય? તો વિકાર અને ત્રિકાળ એક થઈ જાય છે. એવી ચીજ નથી. ઓહો..હો..! શું માંગીલાલજી! ભાઈ! વાત.

સમજણમાં વાત લેવી કે કઈ ચીજ કયા પ્રકારે કહેવાય છે? અને શું એનો ભાવ છે?

એનો હાર્દ ન સમજે અને શાસ્ત્ર ભણે-ભણાવે એ પોપટ જેવું છે. તોતા. પહેલા એને યથાર્થ સમજણમાં લેવી જોઈએ. એ વાત જ અનંતકાળમાં એણે લીધી નથી. બાકી તો બાહ્ય ત્યાગ કરીને મરી ગયો.

... વ્યાજ ઉપજાવવું હોય પાંચ લાખ આપ્યા હોય અને છ આના તરીકે. પાંચ લાખ આપ્યા હોય છ આના તરીકે.. એક દિવસનું વ્યાજ ચડાવીને પાછું વ્યાજ કરે. વાણિયા મૂકે રાજાઓને આપ્યા હોય તો? છ આનાનું વ્યાજ પાંચ લાખનું એક દિ'નું આવે. એ ચડાવીને બીજે દિ' ઈ વ્યાજ સહિત જે ચડાવી અને પાછું વ્યાજ કહે. જેને ચક્રવર્તી વ્યાજ કહે છે. સમજાણું? વીરચંદભાઈ! પણ દસ-દસ વીસ-વીસ લાખ ભર્યા હો, હવે એવી કાંઈ આખા મહિનાનું વ્યાજ ચડે ત્યારે લે એમ હોય? દસ-દસ, પચ્ચીસ-પચ્ચીસ લાખનું એક દિવસનું વ્યાજ કેટલું હોય એ માથે નાખે. એ વ્યાજસહિત પૈસાનું બીજે દિવસે પાછું છ આનાનું વ્યાજ કરીને નાખે, એમ ત્રીજે દિવસે એમ ચક્રવર્તી વ્યાજ ચડાવે. અહીં ભગવાન આત્મામાં શું એની કાંઈ ખબર ન મળે. એમ ન ચાલે. સૂક્ષ્મ બોધના ભાન વિના એ સમ્યગ્જ્ઞાનનો પાત્ર એ જીવ હોઈ શકે નહિ. લૌકિકમાં ડહાપણમાં તો ઘણું મનાવે છે કે આનું આમ હોય, આનું આમ હોય. રસ છે એને.

શ્રોતા :- એ તો બધી સ્થૂળ વાતો છે.

ઉત્તર :- એ સ્થૂળ પણ છતાં એમાં રસ છે. એય..! સ્થૂળ પણ એમાં એને રસ છે કે અંદર.. વાતું કરે આમ છે, આમ ચાલ્યું, ઢીંકણું આમ ચાલ્યું, ફલાણું આમ ચાલ્યું... છોકરા વાતું કરે. રેકોર્ડિંગ નીકળ્યું શું કહેવાય રેકોર્ડિંગ. રોકેટ નીકળ્યું હતું એમાં .. નીકળ્યું. કેટલી વાતું કરે! રસ છેને એમાં અજ્ઞાનનો. એમ આત્માના સમ્યગ્જ્ઞાનના સૂક્ષ્મ બોધનો પ્રેમ હોય તો એને એ સમજ્યા વિના રહે નહિ. મૂળ સમજણ જ નથી કરી અનંતકાળથી. બાકી બધું કરીને મરી ગયો. જૈનનો સાધુ થયો, પંચ મહાવ્રત પાળ્યા. સમજાય છે? નવમી ગ્રૈવેયક થાય સ્વર્ગનું એક સ્થાન. ભગવાને ઉપર જોયું છે. ત્યાં પણ અનંતવાર જીવ જઈ આવ્યો. સાધુ થઈ, પંચમહાવ્રત પાળી, અહિંસા, બ્રહ્મચર્ય પાળી, અહિંસા પાળી, સત્યને પાળી, પણ એમાં કાંઈ જન્મ-મરણ મટ્યા નહિ. કેમકે સમ્યક્ ચૈતન્યનું શું સ્વરૂપ છે એનું અંતર જ્ઞાન કર્યું નથી અને એ જ્ઞાન વિના એના જન્મ-મરણનો અંત કોઈ દિ' ત્રણકાળમાં આવે નહિ. એ આવી ગયું નિર્જરામાં '**णाणगुणेण विहीणा**' જ્ઞાનગુણના ભાન વિનાના પ્રાણી કોઈ દિ' જન્મ-મરણનો અંત કરી શકતા નથી.

કહે છે કે એ આત્મા ક્રમબદ્ધ જેવા પોતાના પરિણામ, તે પોતાના પરિણામ, એમાં ઊપજતો થકો દ્રવ્ય ઊપજે છે. ભાષા તો જુઓ, અલૌકિક વસ્તુ! પદાર્થ પોતે જ પોતાની પર્યાય જે થાય તેમાં એ ઊપજે છે. એને ઊપજાવનાર બીજું કોઈ તત્ત્વ નથી અને એ પર્યાય પૂર્વના પર્યાયનું કાર્ય છે અને પછીની પર્યાયનું એ કારણ છે. એનું એ કારણ છે.

એમ કાર્યકારણની શૃંખલા અનાદિ-અનંત ચાલી જાય છે. સમજાણું કાંઈ?

એ '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો થકો જીવ જ છે.**' બીજી રીતે નાખીએ આમાં. આ શું કહેવાય પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ. આવે છેને છોકરાઓ? માસ્તર! જુઓ! આત્મા વસ્તુ છે. એની સમયે-સમયે પર્યાય અવસ્થામાં એ ઊપજે છે. હવે એ વર્તમાન અવસ્થા છે એ પૂર્વમાં નહોતી. તો નક્કી હતું કે નહિ કે આ જ અવસ્થા પૂર્વમાં નહોતી, આ જ અવસ્થા પૂર્વમાં નહોતી અને પૂર્વની આ જ અવસ્થા અત્યારે નથી. સમજાણું કાંઈ? તો કાંઈ ચોક્કસ છે કે કાંઈ નહિ? આત્મવસ્તુ જેને ચાર અભાવ વર્ણવે છેને રવિન્દ્ર? પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ અને અત્યંત અભાવ. તો કહે છે. એમાં આખો સિદ્ધાંત તત્ત્વજ્ઞાન છે. એમને એમ વાતું નથી. કાંઈ નવરા નહોતા સર્વજ્ઞ અને મુનિઓ આવી વાતું કરવા. સમજાય છે કાંઈ? જંગલમાં રહેનાર સંતો આત્મજ્ઞાનના ચારિત્રમાં ઝુલનારા. એણે આવા સૂક્ષ્મ બોધના પડખા પાડી અને વસ્તુની મર્યાદા શું છે એમ જેમ છે તેમ જ્ઞાન જાણે તો જ્ઞાનનો તો પ્રતિભાસ સ્વભાવ છે. જેમ હોય તેમ. આડુઅવળું જાણે તે જ્ઞાન અજ્ઞાન કહેવાય. અને એ જ્ઞાન અજ્ઞાન થતાં એની શ્રદ્ધા પણ વિપરીત થાય છે અને શ્રદ્ધા વિપરીત હોતાં એના ગમે તેવા આચરણ કોઈ દયા, દાન, અહિંસાના પાળતો હોય એ બધું મિથ્યાદૃષ્ટિમાં જાય છે. એમાં કાંઈ આત્માને લાભ થતો નથી. સમજાણું કાંઈ? કહો, મનગલાલજી! સમજાય છેને? બહુ ઝીણી વાત છે. ત્યાં તો હતાને ઈ? રાજકોટ.

શું કહ્યું? કે આત્મવસ્તુ છે પદાર્થ આત્મા વસ્તુ. આદિ-અંત વિનાની ચીજ છેને વસ્તુ પદાર્થ? શાશ્વત છેને, કાંઈ નવો ઉપજ્યો છે? નાશ થાય એવો છે? આવા દેહ તો અનંત વાર આવ્યા અને ગયા. એ વસ્તુ કાંઈ એમાં ભળી ગઈ છે? વસ્તુ તો અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ જુદો છે. આવ્યું નહોતું સવારમાં? શરીરનો સંયોગ નવો થયો. શરીરનું ટકવું ૨૫-૫૦-૬૦-૧૦૦ વર્ષ સુધી રહે અને શરીરનું છૂટવું રહે. આત્મા જન્મે, આત્મા ટકે આટલો કાળ અને આત્મા મરે આ કાળે એમ છે નહિ. એ તો શરીરની અપેક્ષાની વાત થઈ કે આ જન્મ્યો. શરીરનો સંયોગ થયો, શરીર આટલો કાળ ટક્યું? કેટલો કાળ? ૭૦-૮૦ કે જે ટક્યું. એ શરીરની વાત છે. આત્મા એટલો કાળ ટક્યો છે? આત્મા તો અનાદિ-અનંત છે. એને શરીરના સંયોગની અપેક્ષાએ જન્મ, ટકવું કે મૃત્યુ કહ્યું. એવો આત્મા જે પૂર્વની દશા હતી એ વર્તમાન દશા એ પૂર્વમાં નહોતી. વીરચંદભાઈ! વર્તમાન પરિણામે ઉપજ્યો. ઉપજ્યોને? એ ઉપજ્યો એ પૂર્વના પરિણામમાં આ પરિણામ નહોતા. સમજાણું કાંઈ?

જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઉપજતો થકો, ઉપજતો થકો. તો પૂર્વે જે પર્યાય છે એ પણે આ ઉપજતો થકો એ પૂર્વમાં નહોતું. આ પરિણામે ઉપજ્યો વર્તમાન એ પૂર્વમાં નહોતું. આ ઉપજ્યો એ નક્કી છે અને પૂર્વમાં આ પરિણામ નહોતા પણ બીજા હતા એ પણ નક્કી છે. સમજાણું કાંઈ? અને આ પરિણામ ભવિષ્યમાં નહિ રહે. તો પરિણામની

કાંઈ ચોક્કસતા હશે? કે ગમે તેવો ભાવ ગમે તેવો (હોય)? એ પરિણામ વર્તમાનમાં થયા એ પરિણામ ભવિષ્યમાં નહિ રહે. એ પરિણામ ભવિષ્યમાં (નહિ રહે). આ ભવિષ્યમાં નહિ રહે. આ નહિ રહે. આ નહોતા. આ નહોતા અને આ નહિ. સમજાણું કાંઈ?

એ આત્મા વર્તમાન દશા જે એની થઈ એ પરિણામ પૂર્વમાં નહોતા એ અને આ પછીની અવસ્થામાં નહિ રહે. નક્કી થઈ ગયું એ તો. સમજાય છે કાંઈ? એ આત્મવસ્તુ વર્તમાન પરિણામદશાપણે ઉપજતો થકો એ પરિણામ અને પરિણામી એક વસ્તુ છે. અહીં તો પૂર્વના પરિણામપણે અત્યારે નહિ હવે. એને વર્તમાન પરિણામે ઉપજતો થકો દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું? અને ત્રીજી વાત લઈએ કે દોડતું આયત. આયત છેને? શું કહેવાય? પહેલું આયતસામાન્ય સમુદાય લીધું. આયતસામાન્ય સમુદાય. પછી દોડતું આયતસામાન્ય સમુદાય. દરેક દ્રવ્ય. ટીકા, અમૃતચંદ્રાચાર્યની ટીકા. જે અહીં ટીકાકાર છે એ જ ઈ ટીકાકાર છે.

આત્મા અને અનંતા પદાર્થો એનું આયત એટલે આમ અવસ્થા થાય એક પછી એક... એક પછી એક... એક પછી એક... અવસ્થા, પરિણામ. એ પરિણામ આયત એટલે આમ લંબાણમાં કાળ અપેક્ષાએ. તે કેવા? કે દોડતા. દોડતા એટલે? ક્રમસર એક સાથે દોડતા, એમાં ક્યાંય વિસામો છે નહિ. દોડતો માણસ કાંઈ ઉભો રહેતો હશે? તો એ દોડતો કહેવાય? મલુપચંદભાઈ! અમુલખભાઈ! એમ અનંતાઓ આત્માઓ અને અનંતા પરમાણુઓ દોડતા સમજો છો? ટીકામાં છેને અભિધાવંતિ, અભિધાવંતિ—દોડે છે. દરેક આત્મા અને દરેક પરમાણુ જેમ દોડવામાં જેમ એક પછી એક પછી એક પગલું આમ પડે ફડક.. ફડક... ફડક... એમાં ક્યાંય વિસામો છે અને એમાં કાંઈ આડોઅવળો પગ પડે એમ હોઈ શકે નહિ.

એમ દરેક આત્મા અને દરેક પરમાણુઓ, રજકણો દોડતા આયત, દોડતા આયત એટલે એક પછી એક, એક વિસામો ખાધા વિના થતી ધારાવાહી પરિણામની ધારા. ધારાવાહી પરિણામની ધારા. જે સમયે જે પરિણામપણે ઉપજ્યો બીજે સમયે તે બીજા પરિણામમાં ઉપજ્યો. ત્રીજા સમયે ત્રીજા. ધારાવાહી પરિણામપણે (પરિણમે છે). એમાં ક્યાંય વિસામો છે નહિ. જડ અને ચૈતન્ય છ દ્રવ્યમાં ક્યાંય બીજો વિસામો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો જીવ અને અજીવ કહ્યું છેને? પછી અજીવનું આવશે. સમજાણું? કોઈ દિ' એણે જ્ઞાન સાચું શું કહેવાય? આ તો કરો ક્રિયા કરો, વ્રત પાળો, પૂજા કરો, ભક્તિ કરો અને મંદિરોમાં ધર્મ થઈ જશે. સમજાણું કાંઈ? એ તો શુભભાવ હોય, શુભભાવ થાય પુણ્યના, દયા, દાનના ભક્તિના, પૂજાના, મંદિરના શુભભાવ (હોય). એનું નામ પુણ્યબંધ છે, પણ એ ભાવ આવે ખરો જ્ઞાનીને કે અજ્ઞાનીને, પણ એનું મૂળ સ્વરૂપ જાણ્યા વિના એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન અને ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે જીવ તે દોડતો આયત. લાંબો થાય છે આત્મા કે દ્રવ્ય. લાંબો એટલે પર્યાયપણે આમ. એક પછી એક પછી આમ. આમ ઊંચું દોડે. એક પછી એક દરેક દ્રવ્યની અવસ્થા

હાલતનો અંશ થયા જ કરે. દોડતા. એ શબ્દ જુઓને અમૃતચંદ્રાચાર્યે કે પાઠમાં તો એવું નથી. પણ કહે છે કે દોડતું એટલે અભિધાવંતી એક પછી એક ધાવંતી દોડે છે આમ. ધારાવાહી પરિણામ એને તોડવા બીજો પણ સમર્થ નથી અને એને તોડવા એનું દ્રવ્ય પણ સમર્થ નથી. ભારે વાત ભાઈ! દ્રવ્ય સમર્થ નહિ? શું કહ્યું સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કે પરમાણુ એક-એક, આ તો ઘણા પરમાણુનો બનેલો માટીનો પિંડ છે, આ કાંઈ મૂળ તત્ત્વ નથી. એનો છેલ્લો ટૂકડો કટકા કરતાં... કરતાં... કરતાં... છેલ્લો ટૂકડો લે એ પરમાણુ કહેવાય છે. એ પરમાણુને ભગવાન દ્રવ્ય કહે છે. એ દ્રવ્યમાં પણ આયત, દોડતું આયત. એક પછી એક... એક પછી એક... એક પછી એક... ક્રમે-ક્રમે ઉપજતું એ જડ અજીવ પરિણામ ક્રમે ઉપજતો તે અજીવ જ છે. એને કોઈ નિમિત્તના સંબંધે એના પરિણામ ફરે કે એના પરિણામને નિમિત્ત કોઈ બીજી રીતે ઉપજાવે એમ ત્રણકાળમાં છે નહિ.

શ્રોતા :- પ્રભાવ તો પાડે.

ઉત્તર :- ધૂળમાંય પ્રભાવ નથી. કોણ જાણે ક્યાંથી લાકડા નાખ્યા છે? કહો, વીરચંદભાઈ! વીરચંદભાઈને બહુ ત્યાં કલકત્તામાં થાય છેને માથાફોડ? પ્રભાવ પાડે કે નહિ કાંઈ પ્રભાવ? પ્રભાવની વ્યાખ્યા શું? દરેક અવસ્થાનો ધરનાર અવસ્થાયી પદાર્થ પોતાના પર્યાયને કારણકાર્યપણે પરિણમતો જાય છે. એ પ્રભાવ-પ્ર-વિશેષે ભાવ એટલે પર્યાય. એ દ્રવ્યનો પ્રભાવ એટલે વિશેષે પર્યાય. બીજો કોણ એને કરે કે આ પર્યાય તું કર અને મારાથી તારામાં અને તારામાંથી મારામાં. એ અજ્ઞાનની માન્યતા મિથ્યા ભ્રમની એ ચોર્યાશીના અવતારનું એ બીજડું છે રખડવાનું. આમ બધું પાળ્યું અનંત વાર. વ્રતો. અજ્ઞાની અજ્ઞાનના વ્રત. ભાન ન મળે કાંઈ. સમજાણું કાંઈ? અહિંસા વ્રત પાળીએ છીએ. પણ હજી સાચી ચીજ વિના તારી અહિંસા આવી ક્યાંથી? કારણ કે જે વસ્તુનું સ્વરૂપ છે તેમ જ્ઞાનમાં નથી અને અજ્ઞાન છે એ અજ્ઞાન પોતે જ હિંસા છે. અજ્ઞાન પોતે જ હિંસા છે. અને સાચા તત્ત્વની સ્થિતિ દ્રવ્યની વસ્તુ, ગુણની શક્તિ અને એની અવસ્થાનું ક્રમસર જે વ્યવસ્થિત છે એને યથાર્થ જાણ્યા વિના એને સત્ય આવ્યું ક્યાંથી? અમે સત્ બોલીએ છીએ, પણ આવ્યું ક્યાંથી તારી પાસે સત્? ક્યાંથી લાવે? અને આવી ચીજનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના અમે ચોરી કરતા નથી. શેની પણ? અમે તો આજ્ઞા વિના (કાંઈ લેતા નથી). પણ આજ્ઞા ભગવાનની આ છે કે વ્યવસ્થિત પર્યાય ક્રમસર ચાલે એમાં તું કોઈનો કર્તા નથી અને કોઈને કારણે તારામાં કાંઈ થતું નથી. એવી આજ્ઞાને માનતો નથી એ મોટી ચોરી કરે છે.

અમે બ્રહ્મચર્ય પાળીએ છીએ. બ્રહ્મચર્ય એટલે શું? કાયા વળી શરીરથી બ્રહ્મચર્ય પાળે. સાંભળ તો ખરો હવે. તારા બ્રહ્મચર્ય ક્યાં ગણતરીમાં હતા? એ શુભરાગ હોય કદાચિત્. પણ બ્રહ્મ એવો ભગવાન આત્મા એની ક્રમે-ક્રમે થતી વ્યવસ્થિત દશા એનું જ્યાં સમ્યગ્જ્ઞાન અને પ્રતીતનું ભાન નથી ત્યાં તારું બધું અબ્રહ્મ પડ્યું છે. એ બ્રહ્મ એવો ભગવાન આત્મા

એનાથી વિરુદ્ધ ભાવ બધો અબ્રહ્મચર્ય છે. સમજાણું કાંઈ?

પરિગ્રહ લંગોટી રાખતા નથી. મોટો પરિગ્રહ પડ્યો છે. સાંભળને. જે વસ્તુની મર્યાદા છે એને ન માનતા મિથ્યા પરિગ્રહનો આગ્રહ જે મિથ્યાશ્રદ્ધાનો છે એ મિથ્યાશ્રદ્ધા જ મોટો પરિગ્રહ છે. પહેલો પરિગ્રહ છે. ઓલા નથી આવતા શું કહેવાય? ૧૪ અને ૧૦. ૧૦ બાહ્ય અને ૧૪ અભ્યંતર. એમાં મિથ્યાત્વ પહેલો પરિગ્રહ છે. મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાનું જ્ઞાન, મિથ્યજ્ઞાન. જે રીતે આત્મા અને જડ એની શક્તિઓથી વર્તમાન પર્યાયમાં પરિણમતો પોતાની શક્તિથી એમાં કોઈનો અધિકાર પરનો નથી અને પરનું કાર્ય આત્મા કરી શકતો નથી. એવા હજી જ્ઞાનમાં એ વાત કેમ છે એ બેઠી નથી અને કહે કે અમે બ્રહ્મચર્ય પાળીએ. બ્રહ્મચર્ય નથી એ બધું અબ્રહ્મચર્ય છે. સમજાણું આમાં કાંઈ?

તેમ પરિગ્રહ નથી એમ આવ્યું. પરિગ્રહ નથી અમારે. આ કેટલો પરિગ્રહ. પરિ-સમસ્ત પ્રકારે વસ્તુની જે મર્યાદા અને તત્ત્વનું જે સ્વરૂપ છે એ તારા જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવ્યું નથી. ઉંધી રીતે પકડ્યું છે એનું નામ મિથ્યાત્વનો મોટો પરિગ્રહ કહેવામાં આવે છે. ભલે નાગો થઈને જંગલમાં ફરે નગ્ન મુનિ પણ એ મોટો પરિગ્રહધારી છે. આ ભારે ભાઈ!

શ્રોતા :- ...

ઉત્તર :- ત્યાં છે જ કે દિ'? એ તો અહીં વાત ચાલે છે. કોણ પાળતો હતો ધૂળ? અજ્ઞાન અને મૂર્ખાઈ ભરેલા એના વ્રત અને તપ છે. બાળવ્રત અને બાળતપ. વસ્તુની મર્યાદા જે રીતે છે, જ્ઞાનનો સ્વભાવ તો જે રીતે છે તેને ભાસવું. હવે જે રીતે છે એ તો ખ્યાલમાં આવ્યું નહિ એટલે જ્ઞાન ઉંધું ભાસન કરે. ઉંધું ભાસન કરે અને એને માને અને એની પક્કડ છે એ જ મોટો મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ પરિગ્રહ (છે). એ મિથ્યાત્વ પરિગ્રહમાં પડ્યો. અત્યારે ભલે નગ્ન હોય અને સ્વર્ગમાં કદાચિત્ જાય. પણ ક્રમે-ક્રમે કસાઈખાના માંડવાના ભાવ કરશે. સમજાય છે કાંઈ? કેમકે પદાર્થની જે વ્યવસ્થા અને વ્યવસ્થિતિ છે એનું એને જ્ઞાન જ જ્ઞેય તરીકે આ જ્ઞેય અને આ જ્ઞાન બે નક્કી થયા નથી એટલે વિપરીતના ભ્રમણ-ચક્કરમાં પડ્યો છે. સમજાણું કાંઈ? .. એક લીટી આવી. પણ આ તો વસ્તુ છેને મૂળ? કહો, સમજાણું આમાં? એ તો ત્યાં રાજકોટમાં એ ચાલતું હતું.

અહીં પ્રથમ તો દ્રવ્ય એટલે આત્મા ક્રમબદ્ધ એવા, ક્રમસર થાય એવા, ક્રમસર થાય એવા ઓલા પરિણામ. પરિણામ ક્રમસર થાય છે. સમજાણું? આડા-અવળા નહિ. શુકનચંદજી! સમજાય છે કે નહિ? ક્રમસર થાય છે. આવ્યું? ન આવ્યું? કેટલી વાર કહ્યું. એ ક્રમબદ્ધ નામ જે પરિણામ જે સમયે થવાના છે એ પણે આત્મા ઉપજે છે. પછી પણ જે પરિણામ થવાના છે એમાં એ ઉપજે છે. એ ક્રમસર આવે છે.

શ્રોતા :- ...

ઉત્તર :- ચાલશે. એ કહે છેને. આમ ક્રમસર ચાલશે એવો જેને નિશ્ચય હોય એને

પરના કાર્યની દૃષ્ટિ ઉઠી જાય કે હું પરનું કાર્ય કરતો નથી. અને હું રાગને... રાગ તો પર્યાયમાં છે. અને પરિણામપણે ઉપજનારું દ્રવ્ય છે. તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં રાગનું કાર્ય મારું છે એ પણ દૃષ્ટિ ઉઠી જાય છે. એ અકર્તાપણું ક્રમબદ્ધનું ફળ છે. સમજાય છે? અકર્તાપણું એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. કહો, એને માટે તો આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર શરૂ કર્યો છે. કુંદકુંદાચાર્યે એ માટે તો આ વાત લીધી છે. હવે ખબર ન મળે, જ્ઞાન કામ કરે નહિ. જ્ઞાન ઝીલે નહિ, જ્ઞાન સમજે નહિ આ શું? અને કામ ધર્મનું કરવું. ત્રણકાળમાં થાય નહિ. સમજાણું આમાં?

પહેલા શબ્દમાં તો વાત છે આમાં. મૂળ વાત તો એ છે કે આત્મદ્રવ્ય ક્રમબદ્ધ એવા. એવા પણ કોણ? કે પોતાના પરિણામથી ઉપજતું દ્રવ્ય. કેટલી વાત છે. વસ્તુ આ ક્યાં છે? સર્વજ્ઞ સિવાય વાસ્તવિક પદાર્થની દશા બીજી હોઈ શકે નહિ. ઓહો..હો..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેમાં ઉપયોગ પહોંચી શકે નહિ એક સમયના પર્યાયને પકડવા. છતાં એના જ્ઞાનમાં એમ આવવું જોઈએ કે સમયે સમયે ક્રમે-ક્રમે થતાં જે પરિણામ ક્રમસર, ક્રમબદ્ધ, ક્રમવર્તી, હારબદ્ધ જેમ સાંકળ. સાંકળ હોયને સાંકળ? સાંકળ હોય છેને એનો મકોડો હોય છેને મકોડો? શું કહે છે? મકોડો કહે છે. સાંકળ ૨૫-૫૦ મકોડાની હોય છે. તો જે મકોડો જ્યાં ત્યાં... ત્યાં... ત્યાં... ત્યાં... ત્યાં... ત્યાં... ત્યાં... આડોઅવળો હોય? એક પછી એક. હારનું દૃષ્ટાંત આપ્યું છે. પ્રવચનસાર-૯૯ ગાથા. લ્યો આવી ગયું વળી એમાંથી ત્યાં આવી ગયું. કહો, સમજાણું કાંઈ? હાર હોયને હાર મોતીનો? આમ લટકતો હોં લટકતો. ઓલી ફેર રાખ્યું હતું ૯૯ ગાથા આવે ત્યારે લાવે. ક્યાં ગયા? શ્રીચંદજી. નહિ આવ્યા હોય.

લટકતો હાર. એમાં હારમાં જ્યાં-જ્યાં મોતી ત્યાં મોતી. અહીં... અહીં... અહીં... કે આડુઅવળું હશે? આગળ-પાછળ હોય? અને આગળ-પાછળ કરવા જાય તો હાર રહેતો નથી. તુટી જાય છે. તુટી જાય છે. એમ હાર ૧૦૮ મણકાનો હોય છેને. જ્યાં એ... જ્યાં એ... એમ ભગવાન આત્મા અને જડ તત્ત્વ...

શ્રી સમયસાર, ગાથા-૧૦૯ થી ૧૧૨, પ્રવચન નં.૯૦૨, તા. ૩૦-૦૮-૧૯૬૩ (૧૧)

સાતમા દિવસનો અહીંયાં તપ આરાધનનું નામ છે. તપ-તપ. કાલે હતો સંયમ. સંયમ પછી તપ. તપ કોને કહે છે અને તપ આરાધનનું શું સ્વરૂપ છે? જુઓ!

कर्ममलविलयहेतोः, बोधदृशा तप्यते तपः प्रोक्तम्।
तद्द्वेधा द्वादशधा, जन्माम्बुधियानपात्रमिदम्।।९८।।

'સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રકો ધારણ કરનેવાલા સાધુ.' પહેલા આ છે. સમ્યગ્જ્ઞાન. હું તો વિકલ્પ પુણ્ય-પાપના ભાવથી ભિન્ન મારી ચીજ ચૈતન્યસૂર્ય છે. એવું અંતરમાં સમ્યગ્જ્ઞાનપૂર્વક એવા ભાનપૂર્વક. એવું જ્યાં જ્ઞાન નથી ત્યાં તપાદિ વ્યવહાર કરે એ તો બધું લાંઘણમાં જાય છે. સમ્યક્ ચૈતન્યનો અનુભવ હું ચૈતન્ય આનંદ છું એવા સમ્યગ્જ્ઞાન નેત્રથી આત્માને જોવો. એવા નેત્રને ધારણ કરનારા સાધુ. 'દ્વારા કર્મરૂપી મેલ કો દૂર કરને કે લિયે...' કર્મરૂપી મેલને દૂર કરવા માટે. કોઈ આશા, કાંઈ મેળવવું, લેવું નથી. જે અંતરમાં સ્વરૂપની લીનતા, આનંદની શુદ્ધતા પ્રગટ થાય છે એને તપ કહે છે. કહો, સમજાણું કાંઈ? તપાવે એને તપ કહ્યું છે. પ્રતંપ ઈતિ તપ. જેમ સોનું ગેરુથી, ગેરુ હોય છેને ગેરુ, લગાવે છે તો સોનામાં તેજ આવે છે. એમ ભગવાન આત્મા સમ્યક્ ચૈતન્યમૂર્તિના અંતર અનુભવનું જ્ઞાન કરીને પછી એમાં એકાગ્રતાની ઈચ્છા નિરોધરૂપ અમૃતના સ્વભાવને ઉછાળવો, અંતર પર્યાયમાં ઈચ્છા નિરોધરૂપ સ્વભાવની જાગૃતિ કરવી આ એનું નામ ભગવાન તપ કહે છે. કહો, શોભાલાલજી! આમાં અપવાસ-બપવાસ ક્યાં આવ્યા?

શ્રોતા :- આવશે આવશે.

ઉત્તર :- એ આવશે અંદર કથનમાં. એને છોડી દેવું. સમજાણું? એ સ્વરૂપ આનંદ-આનંદ અતીન્દ્રિય આનંદ એનું પહેલા જ્ઞાન કરીને પછી એમાં લીન થવું અને આત્માને ઓપવો શોભા-શાંતિથી એની એવી દશાને તપ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'વહ બાહ્ય-અભ્યંતર ભેદસે દો પ્રકારકા હૈ. અનશન આદિ ભેદ હૈ. યહ તપ જન્મરૂપી સમુદ્રસે પાર હોને કે લિયે જહાજકે સમાન હૈ.' એ મૂળ શ્લોકમાં પદ છે માટે. એ તપ જન્મરૂપી સમુદ્ર. ચોર્યાશી લાખના અવતાર 'ઉસકો પાર હોને કે લિયે...' વહાણ જહાજ-જહાજ. એ આત્મા અતીન્દ્રિય આનંદમાં લીન થવાથી જન્મ-મરણનો નાશ થવાનું તપ વહાણ

જહાજ સમાન કહેવામાં આવે છે. એકલા અપવાસ આદિ કરવા એ નહિ. એ તો વિકલ્પ છે. કદાચિત્ પુણ્ય બંધાશે. અંતર આનંદમાં લીન થઈને આત્માની ઓપીત-શોભીત દશા પ્રગટ કરવી એનું નામ તપ કહે છે. લ્યો! એના ભેદ છે પછી વિશેષ. ૯૯.

कषायविषयोद्भट,-प्रचुरतस्कौघो हठात्;
तपः सुभटताडितो, विघटते यतो दुर्जयः।
अतो हि निरूपद्रवः, चरति तेन धर्मश्रिया;
यतिः समुपलक्षितः, पथि विमुक्तिपुर्याः सुखम्।।९९।।

'જો ક્રોધ, માન, માયા, લોભી કષાયોં ઔર પંચેન્દ્રિયકા વિષય એ ઉદ્‌ભટ નામ ભવકે ચોર હૈ. અપની શુદ્ધ સંપદાકા લૂટારા હૈ.' શુભભાવ પણ પોતાની શાંતિના લુટારા છે. એમાં છેને જુઓ, કષાય. શુભભાવ પણ કષાય છે. સમજાણું કાંઈ? પાઠમાં છેને? '**कषायविषयोद्भट,-प्रचुर**' પ્રચુર ચોર. 'ઐસા બડી કઠીનતા સે જીતા જાતા હૈ.' વિકલ્પ જે પુણ્ય-પાપના વિષય-કષાયના ચોર છે એ મોટી કઠીનતાથી આત્માનો અંતર આશ્રય લેવાથી આનંદની અંકુર દશા ફૂટવાથી એ જીતી શકાય છે, નહિતર જીતી શકતા નથી. 'જો કી તપરૂપી સુભટ દ્વારા બલપૂર્વક તાડિત હોકર...' માર-કાડ કરીને 'નષ્ટ હો જાતા હૈ.' ઈ તપ આ હોં. શેઠી! પોતાનું સ્વરૂપ અખંડ નિર્વિકલ્પ આનંદ એમાં લીન થઈને અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ આવવો એનું નામ ભગવાન તપંતિ, પ્રતપંતિ ઈતિ તપ એને તપ કહે છે. રાજારામજી! વ્યાખ્યા જ જુદી છે. બઢિયા વ્યાખ્યા હૈ?

શ્રોતા :- એ જ સાચી વ્યાખ્યા છે.

ઉત્તર :- એ જ સાચી છે. બાકી બહારનો વિકલ્પ ઉઠે છે અને ત્યાગાદિ બહાર આહારાદિ હોય એ તો એને કારણે થાય છે. એમાં પોતાને શું આવ્યું? શુભ વિકલ્પ આવે છે એ પણ ચોર છે. પોતાની આનંદ સંપદાને લૂંટનારો એવી અંતર દૃષ્ટિ સમ્યક્ કરીને સ્થિર થવું એનું નામ તપ કહેવામાં આવે છે.

'અતિ તપસે ધર્મરૂપ લક્ષ્મી સે સંયુક્ત સાધુ...' જુઓ, પાછું ધર્મરૂપ લક્ષ્મીથી સંયુક્ત છે. પોતાનો દસલક્ષણી ધર્મ અંતરમાં ક્ષમાદિ ઉત્તમ સમ્યગ્દર્શનપૂર્વક એવા લક્ષણથી સંયુક્ત સાધુ 'મુક્તિરૂપી નગરી કે માર્ગમેં સબ પ્રકારકી વિઘ્ન બાધાઓંસે રહિત હોકર સુખપૂર્વક ગમન કરતા હૈ.' એવા વિષય અને કષાયના ચોર સ્વભાવની એકાગ્રતા થઈને બાધા રહિત થઈને સુખે-સુખે મોક્ષનગરીમાં ચાલ્યા જાય છે. સમજાણું કાંઈ? પછી એના ઉપર દૃષ્ટાંત આપ્યો છે. ૧૦૦.

मिथ्यात्वादेः, यदिह भवता, दुःखमुग्रं तपोभ्यो;
जातं तस्मादुदककणिकैकेव सर्वाब्धिनिरात्।

स्तोकं तेन, प्रभवमखिलं, कृच्छलब्धे नरत्वे;
यद्येतर्हि, स्खलति तदहो, का क्षतिर्जीव ते स्यात्।।१००।।

આહા..હા..! અહો..! 'લોકમેં મિથ્યાત્વ આદિ નિમિત્તસે તીવ્ર દુઃખ પ્રાપ્ત હોનેવાલા હૈ.' જેની માન્યતા વિપરીત છે, વિપરીત છે એનું તીવ્ર દુઃખ પ્રાપ્ત થનારું ભવિષ્યમાં નરક અને નિગોદ એની અપેક્ષાએ તપથી ઉત્પન્ન થયેલું દુઃખ એટલું અલ્પ હોય છે, અહીં તો એક સાધારણ નામ-નામ દુઃખ હોં. શ્રીમદ્ કહ્યું છેને?

અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા.

એ શ્રીમદ્ રાજચંદ્રે ૧૬ વર્ષે કહ્યું. ૧૬ વર્ષે. જાતિસ્મરણ હતું નાની ઉંમરમાં. તો કહ્યું 'અનંત દુઃખ નામ સુખ ત્યાં પ્રેમ ત્યાં વિચિત્રતા. અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા.' પછી શું આવે છે?

ઉઘાડ ન્યાય નેત્ર રે નિહાળ રે નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

૧૬મા વર્ષે કહે છે, શેઠ! ૧૬ વર્ષ. અરે..! અનંત દુઃખ સંસારના એમાં આત્મામાં જરી ઇચ્છા નિરોધ કરીને સમ્યગ્દર્શનપૂર્વક પાળવું એ તો નામ દુઃખ છે, નામ દુઃખ છે. 'અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા.' ત્યાં પ્રેમ ન કર્યો અને અનંત દુઃખ સંસારના વિષય ભોગ આદિમાં મહાદુઃખ થશે. નામ સુખ, કથનમાત્ર સુખ છે. 'ત્યાં પ્રેમ ત્યાં વિચિત્રતા.' ત્યાં ઘણો પ્રેમ છે. 'ઉઘાડ ન્યાયનેત્ર' અરે..! ન્યાયનેત્ર ખોલ તો ખરો. અંતરના ન્યાયનેત્રથી જો. 'નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.' બાળ સમજો છો? સળગાવવું. એ પ્રવૃત્તિ શુભા-શુભ પરિણામને સળગાવી દે. ચંદુભાઈ! ૧૬ વર્ષે કહ્યું ૧૬ વર્ષે. નવરંગભાઈ! ૧૬ વર્ષે એટલે? ૧૬ વર્ષ ઉંમરમાં. ૧૦ અને ૬. એમાં એ કહ્યું. મોક્ષમાળા બનાવી છે. ૧૦૮ પાઠ. અને એમાં એક પાઠમાં... આ તો ભાવનામાંથી. ભાવનામાં એ પહેલા થોડું બનાવ્યું. એમાં એક શ્લોક બનાવ્યો હતો. અરે..! જીવ! શું કરે છે? સોળ વર્ષે જાતિસ્મરણ હતું. નાની ઉંમરથી. રાજચંદ્રજી. હમણાં દેહ છૂટી ગયો. ૫૭. સંવત્ ૧૯૫૭. મોતીલાલજી! એટલી આત્મામાં તાકાત છે કે નહિ?

તો કહે છે કે 'લોકમેં મિથ્યાત્વાદિ નિમિત્તસે જો તીવ્ર દુઃખ હોતા હૈ ઉસ અપેક્ષાસે...' અંતર સંયમ આત્મજ્ઞાનદર્શનપૂર્વક 'સંયમસહિત ઇચ્છાકા નિરોધ વહ દુઃખ અલ્પ હોતા હૈ. જિતને કિ સમુદ્રકે સંપૂર્ણ જલકી અપેક્ષા એક બુંદ.' એ તો નામમાત્ર કહ્યું નામમાત્ર. 'ઉસ તપસે સબકુછ સમતા આદિ આવિર્ભૂત હોતા હૈ.' આત્માના આનંદમાં ઝૂલવાથી ઘણી સમતા પ્રાપ્ત થાય છે. હે જીવ! છેને? શું છે? '**कृच्छलब्धे**' '**कृच्छलब्धे**' છેને? આ કષ્ટથી પ્રાપ્ત મનુષ્યપર્યાય. એવી મનુષ્યની પર્યાય મહાકષ્ટથી મળી છે. કષ્ટ નામ અનંત કાળે દુર્લભ મળી

છે. 'પ્રાપ્ત હોનેપર ભી યદી તુમ સમય તપસે ભ્રષ્ટ હોતે હો,' પોતાની શાંતિથી ભ્રષ્ટ થા છો. 'તો ફિર તુમ્હારી કૌનસી હાની હોગી યહ જાનતે હો?' શું હાની થશે એ જાણો છો? 'ઈસ અવસ્થામેં તુમ્હારા સબકુછ નષ્ટ હો જાનેવાલા હૈ.' જે શાંતિ અને એવા તપાદિ અંતરમાં આનંદ આદિ પ્રગટ ન કર્યા તો બધું તારું મનુષ્યપણું આદિ, પંચેન્દ્રિયપણું બધું નાશ પામી જશે અને તારી આત્મલક્ષ્મી લુંટાઈ જશે. માટે આત્માના સમ્યગ્જ્ઞાન-દર્શનપૂર્વકની વાત છે હોં. એમ એકલા કષ્ટ કરે, અપવાસ કરે એને અમે તપ-બપ કહેતા નથી. સમ્યગ્જ્ઞાન પહેલા લીધું હતું. પહેલા શબ્દમાં ઈ (હતું). એવા તપને તપ કહે છે. સાતમો દિવસ થયો સાતમો. ત્રણ દિવસ રહ્યા. ત્યાગ. છેને? અકિંચન, બ્રહ્મચર્ય. ત્રણ દિવસ રહ્યા.

હવે આપણે અહીં ચાલતું સમયસાર. મૂળ વિષય. ક્યાં સુધી આવ્યું છે શેઠી ખબર છે? ખબર નથી. ભૂલી ગયા? ઈ ભારે ભાઈ! મહેન્દ્રભાઈ દીકરો છે એ ભૂલી જાવ છો? મીઠા માણસ છેને. જુઓ, શું કહે છે? બીજો પેરેગ્રાફ ફરીને. ફરીને બીજો પેરેગ્રાફ. પહેલા પેરેગ્રાફમાં એમ કહ્યું કે ભગવંત! આત્માનો ચૈતન્યસૂર્ય સ્વભાવ, પ્રકાશનો બિંબ પ્રભુ એ મિથ્યાત્વ, અવ્રત આદિ તેર ગુણસ્થાનના ભેદ એ અંધકારને કરનાર આત્મસ્વભાવ નથી. સમજાણું કાંઈ? એ અંધકાર છે. તેર ગુણસ્થાન અંધકાર છે. અત્યંત અચેતન કહ્યુંને? એનો કર્તા નથી. આત્મા એને જાણનાર-દેખનાર એનો અંતરસ્વભાવ છે. એને ભૂલીને જે તેર પર્યાય થાય છે અચેતન એનો પુદ્ગલ કરનાર છે, આત્મા નહિ. આત્મા ચૈતન્યસૂર્ય છે.

'**અહીં આ તર્ક છે કે પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' ભલે તમે પુદ્ગલ કહો, પણ ભોગવે છે તો આત્મા છે એમ અમને લાગે છે. તમારી વાત કબુલ છે પુદ્ગલમય એમ કહીને. '**મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' એ મિથ્યાત્વ, રાગ-દ્વેષ આકુળતા તો પોતાની પર્યાયમાં અનુભવમાં આવે છે તો આત્મા જ એને ભોગવતો દેખાય છે. '**જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે.**' એ ભોગનારો જીવ પોતે મિથ્યાત્વાદિને કરે છે. ભોગવતો નથી એ મિથ્યાત્વાદિને કેમ કરે? એમ પ્રશ્ન લીધો.

'**(તેનું સમાધાન :-) આ તર્ક ખરેખર અવિવેક છે,...**' સાંભળ! તારી ચીજમાં વિકારને ભોગવવું એ સ્વરૂપમાં છે જ નહિ. અચેતન વિકારને ભોગવવો એ ચૈતન્યસૂર્યમાં છે જ નહિ. ભગવાનજીભાઈ! આહા..હા..! '**ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...**' એ આત્મા ભાવક થઈને એ વિકારી પર્યાયના ભાવ્યને ભોગવે એનો અભાવ છે. એવું આત્મામાં છે જ નહિ. ભગવાન ચૈતન્યસૂર્ય બિંબ આત્મા આનંદકંદ છે. એ આનંદ અતીન્દ્રિય મૂર્તિ એ અચેતન તેર ભાગનો ભાગ અંધકારને કેમ ભોગવે? ઓહો..હો..! પ્રકાશ અંધકારને શા માટે પ્રવેશ કરવા દે? પ્રકાશમાં અંધકાર ક્યાંથી આવ્યો? અને અંધકાર પ્રકાશમાં ક્યાંથી પ્રવેશ કરે? એમ ભગવાન આત્મા એ ચૈતન્યસૂર્ય છે. સમજાય છે કાંઈ શેઠ? એ તારણસ્વામીમાં પણ એક ઠેકાણે આવ્યું છે. ચૈતન્યસૂર્ય એમ લીધું છે. ચૈતન્યસૂર્ય. એ તો ઠેકઠેકાણે અહીંયાં

તો સમયસારમાં (આવે છે). ચૈતન્યસૂર્ય અંદર પડ્યો છે મોટો પ્રકાશ. આ રૂપી સૂર્ય છે પરમાણુ. આ ચૈતન્ય પ્રકાશનો સૂર્ય છે એ અંધકારને ક્યાંથી વેદે? ઓહો..હો..!

'**આત્મા નિશ્ચયથી પુદ્ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...**' એ વિકારનો ભોક્તા આત્મા છે જ નહિ. એ તો જડ છે જડ. આહા..હા..! '**તો પછી પુદ્ગલકર્મનો કર્તા કેમ હોય?**' ઉત્તર આપ્યો એને. જ્યારે મિથ્યાત્વાદિ ભાવ ચૈતન્યસૂર્ય વેદતો જ નથી તો વેદતો નથી તો અચેતન, મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો કર્તા કેમ હોય? વેદે તો કર્તા થાય. વેદતો નથી તો કર્તા ક્યાંથી થાય? શેઠી! ઓહો..હો..!

શ્રોતા :- અજ્ઞાનમાં તો વેદે છે.

ઉત્તર :- ઈ અજ્ઞાનમાં વેદે છે એ જીવ નહિ, એ અણાત્મા છે. નિશ્ચય સ્વભાવની અપેક્ષાએ એને અણાત્મા કહ્યો છે, એને જડ કહ્યો છે. સમજાણું કાંઈ? એકલું અજ્ઞાન અને રાગ-દ્વેષનું વેદન છે તો જીવની પર્યાયમાં, પણ એ અણાત્મા છે. આનંદકંદનું સ્વરૂપ એ આત્મા છે. ચૈતન્યસૂર્ય અને આનંદ એ આત્મા છે. એ અંધકાર એ આત્મા નહિ. નિશ્ચયથી એને વ્યવહારથી આત્મા કહો, પર્યાયથી. નિશ્ચયથી એ અણાત્મા છે, આત્મા નહિ. ઓહો..! મોતીલાલજી! આહા..હા..! સાંભળી નથી શું વાત છે?

'**માટે એમ ફલિત થયું...**' જુઓ, ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. '**માટે એમ ફલિત થયું...**' એ માટે એ નક્કી-ચોક્કસ સિદ્ધાંત થયો કે '**પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના ભેદરૂપ...**' એ પુદ્ગલદ્રવ્યના ચાર ભેદ—મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ અરૂપી વિકાર એ પુદ્ગલદ્રવ્યમય છે. આહા..હા..! છે તો અરૂપી વિકાર પર્યાય હોં, પણ ચૈતન્યના કાયમી સૂર્યની અપેક્ષાએ એને પુદ્ગલ કહેવામાં આવ્યા છે.

શ્રોતા :- .. અપેક્ષાએ.

ઉત્તર :- હા, પ્રકાશમાં અંધકાર નથી, અંધકારમાં પ્રકાશ નથી. ઓહો..હો..!

'**માટે એમ ફલિત થયું કે પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્યપ્રત્યયોના...**' ચાર પ્રત્યય એટલે આસ્રવ. સમજાણું કાંઈ? આ તો આસ્રવ પુદ્ગલ છે. ઓહો..હો..! શુભ-અશુભભાવ, દયા, દાનનો ભાવ, મુનિનો મહાવ્રતનો ભાવ એ બધું પુદ્ગલ છે, ચૈતન્યસૂર્ય નથી. પ્રકાશપુંજ નથી. એ પ્રકાશનો અંશ એમાં આવતો નથી. એ તો અંધકારમય છે. ઓહો..હો..! એ સામાન્ય પ્રત્યય. સામાન્ય નામ સંક્ષેપમાં કહેવાતા આશ્રય એના ભેદરૂપ ચાર, એના ભેદ તેર. પહેલા પુદ્ગલ કહ્યું હતુંને એક આસ્રવ? એના ભેદ ચાર, એના ભેદ તેર. એ વિશેષ પ્રત્યય, વિશેષ આસ્રવ, વિશેષ આસ્રવ. એ મિથ્યાત્વ આસ્રવ, વિપરીત શ્રદ્ધા આસ્રવ, અવ્રત આસ્રવ, પ્રમાદ આસ્રવ, કષાય આસ્રવ, યોગ આસ્રવ. પ્રમાદ અહીં કષાયમાં ભેળવી દીધો. એ ચારના '**ભેદરૂપ તેર વિશેષપ્રત્યયો કે જેઓ ગુણ શબ્દથી કહેવામાં આવે છે...**' ગુણ શબ્દે ગુણસ્થાન, ગુણસ્થાન. તેર ગુણસ્થાન. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ આદિનો ભેદ છે. '**તેઓ જ કેવળ**

કર્મોને કરે છે,...' એ તેર ગુણસ્થાન જ કર્મને કરે છે. ભગવાન આત્મા તો ચૈતન્યસૂર્ય પડ્યો છે. અનાદિ-અનંત અખંડાનંદ પ્રભુ સૂર્યની ગાંગડી ચૈતન્યની પડી છે એ તેરનો કર્તા નથી, તેરનો કર્તા પુદ્ગલ છે.

શ્રોતા :- અવગુણ..

ઉત્તર :- એ અવગુણ છે એ આત્મા નથી.

શ્રોતા :- અવગુણને ગુણ કેમ કહે છે?

ઉત્તર :- ગુણસ્થાન કહ્યું એ તો. એ ગુણ નથી. ગુણસ્થાનની પર્યાયના ભેદ. ગુણ એ અહીંયા ગુણ નથી. એ ચૌદને ગુણસ્થાન કહે છેને? ગુણસ્થાન એટલે ગુણસ્થાનના ભેદો. પર્યાયના એ ભેદ છે વિકલ્પ અને વિકાર અને કંપન્ન અને બધા.

'**ગુણ શબ્દથી કહેવામાં આવે છે તેઓ જ કેવળ કર્મોને કરે છે,...**' ગજબ વાત છેને! આહા..હા..! એ વિભાવ એ પુદ્ગલ. સમજાણું કાંઈ? બેમાં કોઈ ફેર નથી. '**તેઓ જ કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્ગલકર્મોનો અકર્તા છે,...**' જુઓ, ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી સૂર્ય, અતીન્દ્રિય આનંદનો ગાંગડો એવો પ્રભુ આત્મા, તેર ગુણસ્થાન પુદ્ગલ છે એનો અકર્તા છે. '**જીવ પુદ્ગલકર્મોનો અકર્તા છે,...**' પણ એ ગુણ નામ ગુણસ્થાન. કૌંસમાં છેને એ? અવગુણસ્થાનનું ગુણસ્થાન નામ છે. '**અને તે ગુણો તો પુદ્ગલદ્રવ્ય જ છે;...**' જુઓ, એ ગુણસ્થાન તો પુદ્ગલદ્રવ્ય જ છે. આહા..હા..! સયોગી, કંપન્ન ગુણસ્થાન પુદ્ગલ જડદ્રવ્ય અચેતન છે, ભગવાન તો સૂર્ય ચૈતન્યમૂર્તિ આત્મા છે. એવી દૃષ્ટિ કરો, એવું જ્ઞાન કરો, એમાં રમો એમ કહે છે.

શ્રોતા :- વિભાવ પર્યાયને પુદ્ગલદ્રવ્ય કીધું?

ઉત્તર :- વિભાવ પુદ્ગલદ્રવ્ય છે. વિભાવ પર્યાય પુદ્ગલદ્રવ્ય જ છે. એને છોડીને એકલો આત્મા આનંદકંદ શુદ્ધ ચૈતન્યસૂર્ય છે એની દૃષ્ટિ કરવી અને એમાં લીન થવું એ તારું આચરણ છે. તેર ગુણસ્થાનનો પણ કર્તા આત્મા નથી, ઉડાવી દીધું. મિથ્યાત્વનો કર્તા આત્મા નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ તેર ગુણસ્થાન તો પુદ્ગલદ્રવ્ય જ છે. જ છે. નિશ્ચયથી તો જ છે. એમ કહે કે ભાઈ! ગુણસ્થાન તો પર્યાયથી તો પોતાનો છેને? એમ કહોને વ્યવહારથી પોતાના છે, નિશ્ચયથી તો પુદ્ગલદ્રવ્યના જ છે.

'**તેથી એમ ઠર્યું કે પુદ્ગલકર્મનો પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે.**' એ તેર ગુણસ્થાન પુદ્ગલદ્રવ્યનો પુદ્ગલ જ કર્તા છે. આહા..હા..! વાત સાંભળવામાં એમ લાગે કે આ તે શું કહે છે આમાં? જીવ નહિ? રાગ-દ્વેષ જીવ નહિ? પુણ્ય-પાપ જીવ નહિ? આહા..હા..! એ ચર્ચા થઈ હતી.

શ્રોતા :- વ્યવહારથી તો છેને.

ઉત્તર :- વ્યવહારથીનો અર્થ એમ છે કે પરમાર્થથી નહિ. સમજાણું કાંઈ? એ ચર્ચા

થઈ હતી એકવાર. શેઠિયા. એ સરદારશહેરના શેઠિયા છેને? તુલસી સાથે. છેને તેરાપંથીના? ચર્ચા થઈ હતી. એમાં પ્રશ્ન બહુ ચાલ્યા. ચાર દિવસમાં ૩૦૦ પ્રશ્ન. શેઠિયા. એમાં એક પ્રશ્ન એવો લીધો અને એ તો મોટા સાધુ કહેવાયને. જોયા છેને? તુલસીને જોયા છે કે નહિ? તેરાપંથી છે. તો એમાં શેઠિયાએ એક પ્રશ્ન કર્યો. આસ્રવ જીવ છે કે અજીવ? તો એમાં લખ્યું છે કે જીવ છે. એમાં છે. શ્વેતાંબર શાસ્ત્રમાં એમ છે કે પરિણામ આસ્રવના જીવ છે. જીવ? ઠીક. પહેલાથી કહી દીધું હતું હોં એને કે આમાં ફેરફાર થશે તો અમે .. નહિ કરીએ, છોડી દઈશું. બીજાનું અપમાન કરવાની વાત નથી. સમજવાની વાત છે. આસ્રવ જીવ છે. બીજો પ્રશ્ન કર્યો કે આસ્રવ જીવ છે તે જીવની સાથે અભેદ છે કે ભેદ? શેઠિયાએ પ્રશ્ન કર્યો. હવે એમ તો બુદ્ધિવાળા તો હોયને સામાવાળા. જો અભેદ કહીશ તો સિદ્ધમાં નથી, ભેદ કહીશ તો આપણી શ્રદ્ધા નથી. શેઠી!

ભગવાન આત્માથી પુણ્ય, પાપ, મિથ્યાત્વ, રાગ-દ્વેષ, આસ્રવ જો હું આત્માથી ભિન્ન કહીશ, તો શાસ્ત્રમાં તો અભિન્ન ચાલ્યું છે. આત્માના પરિણામ છે એમ ચાલ્યું છે અને એના ગુરુ પણ એમ જ કહેતા આવ્યા છે કે જીવ જ છે. આસ્રવ જીવ જ છે... આસ્રવ જીવ જ છે. જો અભેદ કહીશ તો નીકળી જાય છે, સિદ્ધમાં તો છે નહિ. અભેદ ક્યાંથી નીકળે? સમજી ગયા પછી. શેઠિયાએ વાત છોડી દીધી કે આ ખ્યાલમાં આવી ગયું એને. આ ચીજ એવી છે કે મોટા-મોટા પંડિત કે ત્યાગી થઈ જાય તો આ ચીજ સમજાય એવી નથી. બહુ ત્યાગ કરે, અનંત વાર કર્યો પણ વસ્તુનીની ખબર નથી.

એક ચૈતન્યસૂર્યમાં વિકારનો આસ્રવ વ્યવહારથી કથંચિત્ પર્યાયમાં છે એને પોતાનો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વ્યવહારથી અભેદ પર્યાયદૃષ્ટિથી કહેવામાં આવે છે. નિશ્ચયથી ભેદ છે દ્રવ્યદૃષ્ટિથી એમ જાણવું જોઈએ. શેઠી! પર્યાયદૃષ્ટિથી, અંશદૃષ્ટિથી, વર્તમાન દૃષ્ટિથી જુઓ તો પર્યાય એની છે તો વ્યવહારથી કથંચિત્ પોતાનો છે. પરમાર્થદૃષ્ટિથી જુઓ તો અભેદ છે જ નહિ. ભેદ જ છે, ભિન્ન જ છે. આહા..હા..! ભિન્ન જ છે.

શ્રોતા :- ક્યારે ભિન્ન છે?

ઉત્તર :- અનાદિ-અનંત ભિન્ન છે. આહા..હા..! વાત ચાલતી નથીને. લોકો એમ ને એમ ચાલો કરો, ધર્મ કરો... ધર્મ કરો... ધર્મ કરો... સમજાણું કાંઈ? સમજ્યા વિના.

તો કહે છે કે કેટલી ક્રિયા કરે બહારની? આમ ખાવું, આમ પીવું. આ મૂળ તત્ત્વની તો ખબર નથી. મૂળ ચીજ શું છે? અહીં કહે છે કે ચૈતન્યપ્રભુ આત્મા એનાથી આસ્રવ નિશ્ચયથી ભિન્ન છે, ભિન્ન છે. એ ભિન્ન જ જડ છે. આત્મા ચૈતન્યસૂર્ય એ જ આત્મા અને પરમાનંદમૂર્તિને પ્રભુ આત્મા કહે છે. આસ્રવને જીવ કહેવો એ તો પર્યાયદૃષ્ટિથી વ્યવહારથી કહેવામાં આવ્યું, પરમાર્થે નથી. એ તો જીવના પરિણામ છે, આસ્રવ પરિણામ જીવના છે. હવે જીવથી ભિન્ન છે એમ તો કહી શકે નહિ. કારણ કે એની દૃષ્ટિમાં નથી. એના ગુરુએ

પણ કહ્યું નથી. શું કરવું? આ ચીજ એવી છે, પ્રભુ! કોઈ એવી ચીજ નથી કે સાધારણ સમજ્યા વિના, શ્રદ્ધા વિના, અંતરના અનુભવ વિના મળી જાય. સમજાણું કાંઈ?

એક સમયમાં પ્રભુ ચૈતન્ય, કહે છે કે ગુણસ્થાનના તેર ભેદ એ પુદ્ગલ પુદ્ગલ જડ અચેતન અત્યંત એનો કર્તા પુદ્ગલ છે, આત્મા નહિ. આત્મામાં છે જ નહિ. તેર ગુણસ્થાનના ભેદ ભગવાન ચૈતન્યસૂર્યમાં છે જ નહિ. શું ચૈતન્યસૂર્યમાં અચેતન પ્રવેશ કરે છે? એ તેર તો અચેતન ભાગ છે. અચેતનમાં શું ચૈતન્યસૂર્ય આવે છે? કહો, રતિભાઈ! આહા..હા..!

વસ્તુસ્વરૂપ તદ્ન ભિન્ન ચૈતન્યસૂર્ય એની દૃષ્ટિ કરો એમ કહે છે. બિલકુલ સંસારની ગંધ સ્વભાવમાં નથી. સંસાર સ્વભાવમાં છે જ નહિ. સંસાર કહો કે વિકલ્પ કહો કે આસ્રવ કહો કે ઉદયભાવ એ અચેતન આત્માથી તદ્ન ભિન્ન છે. આ બાયડી, છોકરા, સંસાર નથી. કષાયભાવ, પ્રમાદભાવ, મિથ્યાત્વભાવ જે સંસાર છે એ આત્માના સ્વભાવમાં નથી. ક્યાંથી હોય? ભાઈ! કહે છેને કે સંસાર છોડીને બેઠા છે ભાઈ! સ્ત્રી, કુટુંબ હતું એ બધું છોડીને બેઠા. પણ ક્યાં તારું હતું તો છોડીને બેસે? આવું ક્યાંથી લાવ્યો? તારું છે જ નહિ તો છોડીને બેઠો એવું ક્યાંથી લાવ્યો? તારી પર્યાયમાં મિથ્યાત્વભાવ, પ્રમાદભાવ, કષાયભાવ, પુણ્યભાવ એ સંસાર છે. એની પહેલા રુચિ કર કે એ મારામાં નથી. તો રુચિમાંથી સંસાર છૂટી ગયો. પહેલા હું શુદ્ધ ચિદાનંદમૂર્તિ છું એવી દૃષ્ટિ કરીને એ પુણ્ય-પાપના ભાવ જે સંસાર છે એ દૃષ્ટિમાંથી છૂટી ગયા. પછી સ્વરૂપની સ્થિરતા કરવાથી અસ્થિરતા પણ છૂટી જાય ત્યારે કેવળજ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- આ નિર્ણય પોતે કરવો પડશે.

ઉત્તર :- હા, આ તો કહે બાયડી, છોકરા છોડ્યા ભાઈ! ઓહો..હો..! ઘરે બાયડી, છોકરા, આમ બધું હામ, દામ ને ઠામ હતું, ભાઈ! બધું છોડીને ત્યાગી થયો. ધર્મનો ત્યાગી થયો સાંભળ તો ખરો. શેઠ! કડક તો છે હોં. કડક વાત તો લાગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બાયડી, છોકરા, છતી ઋદ્ધિ હામ, દામ, ઠામ, પૈસા, કુટુંબ બધું એકદમ છોડીને બેઠા. મહા ત્યાગી ધર્મનો. કેમ? એ કહે છે નિયમસારમાં. જેની દૃષ્ટિમાં રાગ મારો, પુણ્ય મારું છે, વિકલ્પ મારો છે એવી માન્યતા છે એ ધર્મનો ત્યાગી છે અને મોહનો ભોગી છે. મોહનો ભોગી છે. ત્યાગી દેખાય છે પણ ભગવાન કહે છે કે એ ભોગી છે. ઓહો..હો..! અને ગૃહસ્થાશ્રમમાં રહેલો સમ્યગ્દૃષ્ટિ પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ જ્ઞાનાનંદ હું છું, રાગ નહિ. એ ભોગી દેખાય છતાં એ યોગી છે, એ ભોગના ત્યાગી આત્મભોગી છે. સમજાણું કાંઈ? અને ત્યાગી થઈને પંચ મહાવ્રત પાળે. અત્યારે તો એ પણ ક્યાં છે? જેવા પંચ મહાવ્રત શાસ્ત્રએ કહ્યા એવા પાળનારા તો અત્યારે વ્યવહારમાં પણ કોઈ નથી. આવું બોલીએ તો કઠણ લાગે કે નહિ? શોભાલાલજી! આમાં રેકોર્ડ બોલે છે. લઈ જશે ત્યાં સાગરમાં. એમાં શું હરકત છે? એમ કે આ સાગર લઈ જવું હવે? પંચ મહાવ્રતના પરિણામ જેને કહે છે

મહાશુભ. નવમી ગ્રૈવેયક જાય એવા શુભ પરિણામ તો અત્યારે છે નહિ, પણ બીજા સાધારણ છે એ પણ ધર્મ નથી. અને ધર્મ માને છે, એ ધર્મનો ત્યાગી, મોહનો ભોગી.

શ્રોતા :- ...

ઉત્તર :- બસ, અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં, શ્રેણિક રાજા ધર્માત્મા ભરતચક્રવર્તી આદિ ઘરમાં વૈરાગી. નથી આવતું? ભરત ઘરમાં (વૈરાગી). છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી. હો એને ઘરે, મારી પાસે ક્યાં છે? મારામાં ક્યાં ઘુસી ગયા છે? વિકલ્પ ઉઠે છે એણે મારામાં પ્રવેશ કર્યો નથી અને હું વિકલ્પને અડતો પણ નથી. મારો ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા એમાં તો વિકારનો ત્રિકાળ અભાવ છે. એવી અંતર અનુભવમાં દૃષ્ટિ થઈ. કહે છે કે ભોગી છતાં ત્યાગી. આહા..હા..! ભોગી છતાં ત્યાગી. આ બહારના ભોગ દેખાય છેને? રાગાદિનો ભોગ છે. છતાં નથી, ત્યાગી છે. અંતરની દૃષ્ટિમાં રાગનો-ભોગનો ત્યાગ છે. સમજાણું કાંઈ? લ્યો, હવે કોઈ તો એમ કહે છે કે નિર્વિકલ્પ સાતમે ગુણસ્થાને સમકિત થાય છે. તો આ ગૃહસ્થાશ્રમમાં? આ તો મોક્ષમાર્ગ કહ્યો છે શાસ્ત્રમાં તો. નિયમસારમાં ભક્તિ અધિકારમાં શ્રાવક પંચમ ગુણસ્થાનવાળો ધર્મી સાચો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભક્ત કહ્યો છે. ભક્ત નામ સ્વરૂપની ભક્તિ હોં. સ્વરૂપની અંદર પ્રતીત, જ્ઞાન અને રમણતા એ ભક્ત છે, મોક્ષમાર્ગનો ભક્ત છે. શ્રાવક હોય ભલે, હોય બહારની ચીજ હોય, જરી રાગ પણ આવે છે, પણ રાગનો સ્વભાવમાં અભાવ છે એવો અનુભવ દૃષ્ટિમાં પડ્યો છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

શ્રોતા :- અલૌકિક વાત છે!

ઉત્તર :- અલૌકિક વાત છે.

ઈ કહે છે. આત્મા... એ વાત છે. આત્મા એકલો શુદ્ધ સ્વરૂપનો કંદ બસ. ત્રિકાળ જેમાં રાગનો સ્પર્શ નથી. રાગને આત્મા અડતો નથી. આહા..હા..! સંસારના ઉદયને આત્મા કદી અડ્યો જ નથી. એવી ચીજને આત્મા કહે છે. સમજાણું કાંઈ? એવા આત્માનું અંતર જ્ઞાન કરીને પ્રતીતિ કરવી, હો, અસ્થિરતા આદિ ભાવ હો, મારી ચીજમાં એ છે નહિ. હું તો ચૈતન્યસૂર્ય બિંબ છું. એવી દૃષ્ટિ ચૈતન્યની કરાવવા અચેતન છે એમ કરીને કાઢી નાખ. તારી ચીજમાં નથી એવી દૃષ્ટિ કરાવી છે. કહો, શેઠી! બરાબર છે? ભારે કઠણ!

'**ભાવાર્થ :- શાસ્ત્રમાં...**' જુઓ, શાસ્ત્રનો આધાર આપે છે. '**પ્રત્યયોને બંધનો કર્તા કહેવામાં આવ્યા છે.**' આસ્રવને બંધનો કર્તા કહ્યોને તત્ત્વાર્થસૂત્ર આદિમાં? પ્રત્યય એટલે આસ્રવ. મિથ્યાત્વ, અવ્રત, કષાય. '**ગુણસ્થાનો પણ વિશેષ પ્રત્યયો જ છે...**' જુઓ, એ ચાર જે આસ્રવ બંધનું કારણ કહ્યું તો એ ગુણસ્થાન એ ચારનો વિશેષ આસ્રવ જ છે.

શ્રોતા :- પ્રત્યય એટલે આસ્રવ?

ઉત્તર :- હા, પ્રત્યય એટલે આસ્રવ. '**તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે...**'

આ કારણે એ ગુણસ્થાન તેર પ્રકારના એ બંધનું જ કારણ છે. '**પુદ્ગલકર્મના કર્તા છે.**' એટલે એ તેર પુદ્ગલ કર્મના કર્તા છે. '**વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે, તેથી એમ સિદ્ધ થયું કે પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મનું કર્તા (-કરનારું) છે;...**' ભગવાન ચૈતન્યસૂર્ય એમાં આવતો નથી. એ તો એનો કર્તા નથી. '**જીવને પુદ્ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.**' તેર ગુણસ્થાનનો કર્તા માનવો એ અજ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ચૈતન્યસૂર્ય જ્ઞાતા-દૃષ્ટાનો બિંબ છે. જેમ સર્વજ્ઞ જાણે-દેખે છે એવો આત્મા જાણવા-દેખવાનો સૂર્ય એકલો પડ્યો છે બસ. એ આત્માની દૃષ્ટિ કરવી. બાકી બધું વ્યર્થ છે. પુણ્ય-પાપ વ્યવહાર નિમિત્ત ક્યાંય પરમાં ઘૂસી ગયા. અહીં તો હજી નિમિત્તથી થાય છે... નિમિત્તથી થાય છે... કાં ઓલા વિકલ્પ આવે કષાયની મંદતા એનાથી સમ્યગ્દર્શન થાય છે. અચેતનથી ચેતન થાય. માંગીલાલજી! સમજાણું કાંઈ? સવારમાં કહેતા હતા કે પહેલા આવે એને તો ધડાકા લાગે. નવા આવનારને. પછી તો લાગે ભારે આ વાત! ભાઈ! તારી વાત જ બીજી છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જૈન પરમેશ્વર અનંત-અનંત અસંખ્ય પ્રદેશે સૂર્ય ખીલી ગયા. આ એમણે જે વાત કરી એ તારા ખ્યાલમાં અનંતકાળમાં કદી આવી નથી. ત્યાગી થયો, ભોગી થયો, યોગી થયો, બહારમાં બધું કર્યું, પંચ મહાવ્રતના પરિણામ પણ લીધા.

'યમ નિયમ સંયમ આપ કિયો, પુની ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો.
વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાઈ દિયો.'
સમજાય છે કાંઈ?
'મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ યોગ પ્રયોગ સુતાર ભયો.
જપ ભેદ જપે તપ ત્યોં હી તપે, ઉર સે ઉદાસ લહી સબપે,
સબ શાસ્ત્રન કે નયધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે.
વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહ્યા ઉર સાધનસે.'
સમજાણું કાંઈ?

'બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગળ હૈ કહ બાત કહે.' શ્રીમદ્ રાજચંદ્રે ૨૪માં વર્ષમાં હિન્દીમાં બનાવ્યું. છે તો ગુજરાતી પોતે પણ હિન્દીમાં સાત આઠ કડી (બનાવી) છે. સમજાણું કાંઈ?

અરે..! સાંભળ તો ખરો, ભગવાન આત્માનું સાધન તો અંતરમાં પડ્યું છે. તારા પુણ્ય-પાપના સાધન અનંતવાર કર્યા પણ એમાં પત્તો લાગ્યો નહિ. અચેતનથી ચૈતન્યની પ્રાપ્તિ થાય? દયા, દાન, ભક્તિ, પૂજાનો અને વ્રતનો ભાવ, વ્રતના ભાવ પરિણામ અચેતન છે. આસ્રવ અચેતન છે. એ અચેતનથી ચૈતન્યમાં પ્રવેશ થઈ શકે? વ્યવહારથી નિશ્ચય થાય એમ

કહે છેને? અચેતનથી ચેતન થાય? ક્યાંથી લાવ્યો આવું? મૂર્ખ! અજ્ઞાનીએ કહ્યું. જુઓ, કર્તા માનવું અજ્ઞાન છે, મૂર્ખાઈ છે. આહા..હા..! લક્ષમાં લીધું નથી. આ તો કરે બસ ઓહો..હો..! આ પર્યુષણ આવ્યા અને અપવાસ કર્યા.. મહિના, આઠ ને દસ. મોટા હારડા લખે. ૧૦૮ અઠ્ઠાઈ, આમ ફલાણા. પણ ધૂડમાંય અપવાસ નથી સાંભળને. અપ-વાસ છે. અપ એટલે માઠો વાસ. ઉપવાસ નહિ. ઉપ નામ પ્રભુ આત્મા આનંદકંદ સચ્ચિદાનંદની દૃષ્ટિ અંતરમાં થયા વિના ઉપ નામ અંતરમાં, સમીપમાં વસવું એમાં રાગની ઉત્પત્તિ ન થવી, આનંદની ઉત્પત્તિ થવી એનું નામ ભગવાન ઉપવાસ કહે છે, બાકી બધા અપ-વાસ છે.

શ્રોતા :- એક આત્મામાં જ વાસ કરવો.

ઉત્તર :- હા, ઈ વાત છે. પહેલા હજી લક્ષ પણ ન કરે, રુચિ ન કરે, જ્ઞાન ન કરે. કઠણ તો પડે હોં. પછી એકાંત (કહે), સોનગઢનું એકાંત છે... એકાંત છે... પોકાર કરો રે પોકાર કરો. વસ્તુ તો જેવી છે તેવી છે.

શ્રોતા :- સંસાર ઘટાડે તો એકાંત છે.

ઉત્તર :- એકાંત છે. શેઠ ઠીક કહે છે. સંસાર ઘટાડવાની એકાંત વાત આ છે. બીજી વાત નથી.

હવે એમ કહે છે કે '**વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી...**' જુઓ, હવે ૧૧૩-૧૧૪-૧૧૫. કહે છે કે એ આત્મા જ્ઞાનસૂર્ય પ્રભુ અને પ્રત્યયો એ તેર ક્રોધાદિ, રાગાદિ પ્રત્યયો આસ્રવ બેનું એકપણું નથી. એનાથી ભિન્ન બતાવ્યું કર્તા, હવે એકત્વ નથી એમ કહે છે. બે એક છે જ નહિ. બેય ભિન્ન-ભિન્ન વસ્તુ છે.

जह जीवस्स अणण्णुवओगो कोहो वि तह जदि अणण्णो।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं।।११३।।
एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाडजीवो।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं।।११४।।
अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं।।११५।।
ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.
તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.
જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

અધિકાર તો ઘણો સારો આવ્યો છે. સમજાણું કાંઈ? જેમ મોટો દિવસ છે એમ અધિકાર

પણ બહુ સારો છે. કઠણ પડે પણ એણે સમજવું પડશે. એ સમજ્યા વિના કોઈ માર્ગ નીકળશે નહિ.

'**ટીકા :— જેમ જીવના ઉપયોગમયપણાને લીધે...**' શું કહે છે? ભગવાન આત્મા તો જાણવા-દેખવાના વેપાર સ્વરૂપ જ ભગવાન આત્મા છે. '**ઉપયોગમયપણાને...**' ઉપયોગમયપણું, ઉપયોગસ્વરૂપ બસ. જાણન-દેખન ચૈતન્યસૂર્યસ્વરૂપ ભગવાન આત્મા. એને '**લીધે જીવથી ઉપયોગ અનન્ય છે...**' જાણન-દેખન સ્વભાવ એ સ્વભાવવાનથી એકમેક અભિન્ન છે. શું કહ્યું? જાણન-દેખન સ્વભાવ ઉપયોગમય સ્વભાવ સ્વભાવમય છે. જાણન-દેખન સ્વભાવ એ સ્વભાવવાનથી અભિન્ન અનન્ય છે. '**તેમ જડ ક્રોધ પણ...**' ક્રોધ શબ્દે? પોતાના શુદ્ધ ઉપયોગ ચૈતન્યમય સ્વભાવથી અરુચિકર અને વિકારથી રુચિ કરી એને અહીંયાં ક્રોધ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- સ્વભાવની અરુચિ...

ઉત્તર :- સ્વભાવની અરુચિ અને વિકારની રુચિ એ મિથ્યાત્વભાવ, એ ક્રોધભાવ. પોતાના સ્વભાવથી વિપરીત ભાવ એ ક્રોધભાવ. ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ એની રુચિ અને આશ્રય નહિ કરતા પુણ્ય-પાપનો એક પુણ્યભાવ, વિકારભાવ એનો પ્રેમ થયો, રુચિ થઈ, હેય ચીજની રુચિ કરી એ આત્માના સ્વભાવ પ્રત્યે એને ક્રોધ છે. સમજાણું કાંઈ? 'દ્વેષ અરોચકભાવ'. ભગવાન ચૈતન્ય જ્યોત એ ક્યારે? અત્યારે ત્રિકાળ. સાંભળને ક્યારે શું? અરે..! આ તો બહુ ભણે, બહુ સમજે, બહુ ક્રિયા કરે (એને સમજાય). એ હમણા આવ્યું છે. સમયસાર તો બહુ ત્યાગી હોય, મુનિ હોય, ક્રિયા બધી હોય એમાં ધર્મ માનતો હોય એને કહેવાનું છે. અહીં તો મિથ્યાદૃષ્ટિને કહે છે. આહા..હા..! રતનલાલજી! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન! તું તો ચૈતન્ય ઉપયોગમય છોને. એ જાણન-દેખન તારા સ્વભાવમાં તારી ચીજ અભિન્ન છે. જાણવા-દેખવા ઉપયોગસ્વરૂપ સ્વભાવ ઉપયોગમયત્વ આત્મા છે. એ આત્મા વિકારભાવ જે ક્રોધ, ક્રોધ શબ્દે.. એ સ્વભાવનો અનાદર કરીને પુણ્યમાં પ્રેમ થયો, શુભરાગ દયા, દાન, વ્રતનો ભાવ એમાં રુચિ થઈ કે ઠીક છે, સારો છે, તો સ્વભાવ પ્રત્યે દુશ્મનનો ભાવ એને ક્રોધ થયો. સમજાણું કાંઈ? મોતીલાલજી! દુશ્મન છે તારા ચૈતન્યસૂર્યનો. પરમાત્માનો વેરી છે. અચેતન રાગ દયા, દાનના વિકલ્પ ઉઠે છે એનો પ્રેમ છે તો પરમાત્મા પ્રત્યે તને અપ્રેમ છે. અપ્રેમ તે વિકાર મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ અને ઉપયોગ આત્મા એક થઈ શકતા નથી. સમજાણું કાંઈ? ઘાત છે. ઘાત કરનારી ચીજ અજીવ છે, સ્વભાવ તો ચૈતન્યસૂર્ય છે. બેય એક થતા નથી. કહો, પુનમચંદજી! શું છે? સમજવું પડશે હોં એમ નહિ ચાલે. દસલક્ષણીપર્વમાં લ્યો એક અપવાસ કરી લ્યો, સુગંધ દશમી થઈ ગઈ, ફલાણું. ધૂપ ચડાવ્યો. ધૂપ ચડાવ્યો અહીંયાં?

અંદર ભગવાન શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્મા એની, પુણ્ય-પાપનો પ્રેમ છોડીને સ્વરૂપની દૃષ્ટિ

કરવી એનું નામ આત્માની સુગંધ આવે એનું નામ સંબંધ છે. વ્રત લઈ લીધા. એક બાઈને રોગ હતો પછી આમ થયું, પછી તેમ થયું. એણે અપવાસ કર્યો અને રોગ મટી ગયો. ભ્રમણાનો રોગ મટે એ રોગ. આ રોગ શું છે? 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં, આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ સુજાણ. ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં ઔષધ વિચાર ધ્યાન.' સમજાણું કાંઈ? કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો.

'**જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે...**' જાણન-દેખન, જાણન-દેખન એ સ્વભાવ ઉપયોગ એ તો જીવથી એકમેક અભિન્ન છે. '**તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે...**' એ વિકારના પરિણામ એ પણ આત્મા છે કે આત્મા સાથે અનન્ય નામ એકમેક છે '**એવી જો પ્રતિપત્તિ કરવામાં આવે,...**' એવું પ્રતિપાદન, પ્રતીતિ જ્ઞાન કરવામાં આવે '**તો ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે...**' ભગવાન તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અને રાગાદિ, પુણ્યાદિ એ તો જડ છે. એ '**જડના અનન્યપણાને લીધે...**' એ આત્મા ચિદ્રૂપ-જ્ઞાનરૂપ અને વિકાર જડ એનું અનન્યત્વ. એવા '**જીવના ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' ક્રોધાદિ વિકાર અને ચૈતન્યસ્વભાવ બે એક હોય તો '**અનન્યપણાને લીધે...**' અનેરા નહિ હોવાને કારણે '**જીવના ઉપયોગમયપણાને લીધે...**' આત્મા જાણવા-દેખવાની માફક '**જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' એવું કદી બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ..ચંદજી!

શું કરવું હવે આમાં? નિર્ણય કરવો એ કોઈ ચીજ નથી? મહાન-મહાન અનંત-અનંત એવી મહિમા આવતા અંદર નિર્ણય થઈ જાય. બસ, થઈ ગઈ ખલાસ વસ્તુ. પછી રાગાદિ ભલે હોય એ છૂટો છે છૂટો. એકમેક કદી થયો નથી. (એકમેક) છે તો નહિ પણ માન્યતામાં હતા એ માન્યતા છોડવાથી એ ભિન્ન થઈ જાય છે. સમજાણું કાંઈ? પત્થર હોય છેને પત્થર નહિ? પત્થરમાં રગ હોય છે. મોટો પત્થર હોય છેને? રગ-રગ ઝીણી હોય છે પાતળી. એમાં દારૂ (ભરે). શું કહે છે એને? સુરંગ-સરુંગ ફોડે. ઝીણી-પાતળી રગ હોય છે. ધોળી કે લાલ-લીલી. મોટો પત્થર હોયને એમાં. ઝીણી ધાર હોય છે. એ પત્થરમાં ન નાખે. એને ખોદીને ત્યાં નાખે. કારણ કે બે છુટા જ છે. છુટા છે એમાં નાખે તો ફટ હજારો પત્થરો આમ ઉડી જાય અને આમ ઉડી જાય. એમ ભગવાન આત્મા અને રાગની વચ્ચે છેદ પડ્યો છે, ભેદ પડ્યો છે. એકાગ્રતા કર તો ભિન્ન થઈ જશે. ભિન્ન છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ..

ઉત્તર :- પ્રજ્ઞાછીણી. બસ એ. હું તો જ્ઞાન ઉપયોગમય છું. વિકલ્પ ઉઠે છે એ તો જડ અચેતન છે. ચૈતન્યપ્રકાશનો એમાં અભાવ છે, એ તો અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાનનો અભાવ છે. જ્ઞાનનો અભાવ તો જીવનો અભાવ છે અને એ અચેતન છે તો જીવમાં અભાવ છે. તો જેમ જીવ, જ્ઞાનમય, ઉપયોગમય છે એમ ક્રોધ, માન, માયા, લોભ આદિ

વિકાર, દયા, દાન આદિ પરિણામ જે અન્ય ન રહે અને જીવની સાથે એક થઈ જાય તો જીવ જડ થઈ જાય. જીવ જીવપણે રહે નહિ. સમજાય છે કાંઈ? ગામડામાં સાંભળવા મળે નહિ. રામસ્વરૂપજી! અને અહીં મળે તો એકદમ જાણે એમ.એ.ની બી.એ.ની વાત. અરે..! એમ.એ. નથી, આ તો પહેલી વાત છે.

ભેદજ્ઞાન... ભેદજ્ઞાન... ભેદજ્ઞાન... ચૈતન્યસૂર્ય એમાં જાણવું-દેખવું તો અભેદ છે, એક છે, અભેદ છે, તન્મય છે. એમ પુણ્ય-પાપના વિકલ્પ જે અચેતન છે, પ્રકાશનો અભાવ છે. એ પ્રકાશનો અભાવ એ પણ આત્માની સાથે તન્મય એક હોય તો આત્મા જડ થઈ જાય. બરાબર છે? હજારીમલજી! ઓહો..હો..! કુંદકુંદાચાર્ય, એક ઘા અને બે કટકા. ઘા તો એક જ હોયને. કટકા એક હોય? એમ વિકલ્પમાત્ર મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, દયા, દાન આદિ વિકલ્પમાત્ર બધા અચેતન. એ ચૈતન્યસૂર્યની સાથે જેમ ચૈતન્ય ઉપયોગ તન્મય છે. તન્મય, તદ્મય, અભેદ, એકત્વ. એમ વિકારના પરિણામ પણ.. આ શરીર અને કર્મ તો ક્યાંય રહી ગયા. શરીર, કર્મ હજી તો નહિ... નહિ... નહિ... નહિ... એ શરીર-શરીર. શરીરથી કાંઈક કરીએ તો લાભ થાય. ભગવાનની પૂજા શરીરથી થાય છે, તપ પણ શરીરથી થાય છે, વ્રત પણ શરીર સારું હોય તો થાય તો એનાથી લાભ થાય. મૂર્ખાઈનો લાભ થાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે જેમ ભગવાન આત્મા ચિદ્રૂપ જીવ છે એમ '**જડના અનન્યપણાને લીધે...**' વિકારથી અનન્યપણું નથી એ કારણે. જેમ જ્ઞાન અને આનંદથી આત્મા અનન્ય છે. એમ વિકારથી પણ અનન્ય હોય, અન્ય-અન્ય ન હોય તો '**જીવના ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' ભગવાન આત્મા અચેતન થઈ જશે, ચેતન રહેશે નહિ. '**એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,—**' એમ થતાં તો જે જીવ તે જ અજીવ. જે ઉપયોગમય જીવ છે તે જ જડ સિદ્ધ ઠરશે. જીવ છે એ જ અજીવ સિદ્ધ થશે. એ તો અજીવ સિદ્ધ થયો. સમજાણું કાંઈ? માંગીલાલજી! શું? જુઓ, આ સાંભળવું કઠણ પડે હોં! વેશ લઈને બેઠા હોય અને એને સાધુ મોટા માન ધરાવે. હવે સાંભળને. જડ છો? પંચ મહાવ્રતના પરિણામ હજી એવા તો નથી, પણ હોય કદાચ દયા, દાનના પરિણામ એ અચેતન જડ છે. ઉપયોગમય ભગવાનની સાથે જડને એકમેક માને છે, શું જીવ જડ થઈ ગયો? તો જીવ જ અજીવ સિદ્ધ થશે. જીવ સિદ્ધ નહિ થાય ત્યાં તો અજીવ સાબિત થશે. સંસાર સાબિત થશે અને સંસાર ફળશે. આત્મામાંથી મરશે. સમયસાર અદ્વિતીય ચક્ષુ! અજોડ ચક્ષુ!! સમજાણું કાંઈ?

'**એમ થતાં તો...**' એમ થતા શું? જાણવા-દેખવાનો સ્વભાવ તન્મય, એકમય આત્માનો. વિકાર, પુણ્ય-પાપના પરિણામ, પ્રમાદ-કષાયના પરિણામ, યોગ-કંપન્નના પરિણામ એ અચેતન છે, જડ છે, ઉપયોગમયની સાથે અભેદ થઈ જાય, જીવ સિદ્ધ ન થતાં સિદ્ધ નામ સાબિત,

અજીવ સાબિત થશે. અજીવ જ સાબિત થશે. અજીવ જ ફળશે, સંસાર ફળશે, ચાર ગતિમાં રખડશે. આત્મા નહિ રહે. સમજાણું કાંઈ? '**એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,-એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.**' શું? કે જીવ તે જ અજીવ ઠરે તો એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થશે. અજીવ જ સિદ્ધ થશે. જીવ રહેશે જ નહિ. જીવની તો તને નાસ્તિ થઈ ગઈ. એક અજીવ રહ્યો સર્વવ્યાપક. અજીવ... અજીવ... અજીવ... અજીવ... અજીવ... સર્વ અજીવ જડ. ચૈતન્યસૂર્ય સ્વભાવમય છે એમ વિકારમય થઈ જાય તો જીવ અજીવ સિદ્ધ થશે. તો જીવ તો રહેશે નહિ. અન્ય દ્રવ્ય સિદ્ધ નહિ થાય. ભિન્ન-ભિન્ન અજીવ અને જીવ છે એ સાબિત નહિ થાય. માટે ભગવાન આત્મામાં વિકારનો અભાવ છે. સંસારનો અભાવ છે એવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, કળશ-૨,
પ્રવચન નં.૩૦૭, તા. ૨૮-૦૨-૧૯૫૩
(૧૨)

ટીકા કરતાં અમૃતચંદ્રાચાર્યદેવ સરસ્વતીને નમસ્કાર કરે છે. પહેલા કળશમાં પરમાત્માને નમસ્કાર કર્યો. બીજા શ્લોકમાં સરસ્વતીને નમસ્કાર કરે છે. જુઓ, સરસ્વતી કોને કહે છે? એક-એક શ્લોક સત્ ધર્મ બધું એનું સ્વરૂપ જ્ઞાન એને જાણનારું જ્ઞાન અને એની કહેનારી વાણી એનું સત્ એમાં આવી જાય છે.

(अनुष्टुभ्)

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।२।।

'હવે સરસ્વતીને નમસ્કાર કરે છે :-' 'જેમાં અનેક અંત છે એવું જે જ્ઞાન...' એટલા શબ્દનો અર્થ થાય છે. આટલા શબ્દનો અર્થ થાય છે. શું કહે છે? **'જેમાં અનેક અંત છે એવું જે જ્ઞાન...'** ભાવશ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન. કેવળજ્ઞાનની પર્યાયમાં પણ અનંત ધર્મ છે અને શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ અનંત ધર્મ છે. કયા અનંત ધર્મ? જરી ઝીણી વાત છે. શાંતિથી સમજશો તો કામ આવશે. જેમાં અનંત અનેક ધર્મ છે એવું જ્ઞાન. શું કહ્યું? પોતાની ભાવશ્રુતજ્ઞાન પર્યાયમાં અનંત ધર્મ છે. કેમકે જ્ઞાન રાગરહિત છે, દ્વેષરહિત છે, પૂર્વની પર્યાયથી રહિત છે, ભવિષ્યની પર્યાયથી રહિત છે. અનંતગુણથી પણ જ્ઞાન ભાવશ્રુત પર્યાય પણ અનંતગુણથી રહિત છે. એવા એક જ્ઞાનના એક સમયના સ્વભાવ ધર્મમાં અનંત ધર્મ આવી જાય છે. સમજાય છે?

જુઓ, આ સમ્યગ્જ્ઞાન કોને કહે છે? અને સમ્યગ્જ્ઞાન એ સરસ્વતી છે. સમ્યગ્જ્ઞાન ભાવસરસ્વતી અને એની વાણી જે કહેનારી એ દ્રવ્યસરસ્વતી. ભાવસરસ્વતીના બે ભેદ--એક ભાવશ્રુતજ્ઞાન અને એક કેવળજ્ઞાન. કહે છે કે જેમાં અનેક ધર્મ છે એવું જે જ્ઞાન. પોતાની જે જ્ઞાનપર્યાય જે ભાવશ્રુત છે એમાં અનંત ધર્મ છે. અનંત ધર્મ નામ અનંત સ્વભાવ છે. કઈ રીતે? કે હું જ્ઞાન છું એ અનંતગુણમય નથી, હું જ્ઞાન છું એ વિકારમય નથી, હું જ્ઞાન છું એ અનંત પરપદાર્થ નિમિત્તમય નથી. એવા સમ્યગ્જ્ઞાન સ્વભાવની પર્યાયમાં, એક સમયની પર્યાયમાં પણ અનંત ધર્મ રહે છે. સમજાય છે? એનું નામ સમ્યગ્જ્ઞાન. જેમાં અનેક ધર્મ છે એવું જ્ઞાન. એક શબ્દનો અર્થ, ભાવશ્રુતનો અર્થ પહેલા ચાલે છે. મારું જ્ઞાન કેવું

છે? આચાર્ય મહારાજ પોતાના સ્વરૂપમાં જ્ઞાનને નમસ્કાર કરે છે, જ્ઞાનને નમસ્કાર કરે છે. કઈ અપેક્ષાએ? કે મારું જ્ઞાન એ વિકારરહિત છે અને મારું જ્ઞાન અનંતગુણમય પણ નથી. કેમકે અનંતગુણ ત્રિકાળ છે અને મારા જ્ઞાનની પર્યાય વર્તમાન છે. એ વર્તમાન પર્યાયમાં અનંતગુણનો અભાવ, વર્તમાન પર્યાયમાં ભૂત, ભવિષ્ય પર્યાયનો અભાવ, વર્તમાન પર્યાયમાં વિકારનો અભાવ એવું મારું શ્રુતજ્ઞાન છે એને હું નમસ્કાર કરું છું. એનો શું અર્થ?

બીજો શ્લોક ચાલે છે કે હું જ્ઞાનને નમસ્કાર કરું છું. ભાઈ! જ્ઞાનને નમસ્કાર કર્યો. નમસ્કારનો અર્થ? હું જ્ઞાન અનંતગુણને જાણવામાં મેં જ્ઞાનને રોક્યું અને જ્ઞાન રાગરહિત છે એવું જ્ઞાન મને અંતરમાં થયું એ જ જ્ઞાનમાં નમસ્કાર કર્યો. સમજાય છે? જુઓ! સરસ્વતીને નમસ્કાર કરે છે. તો સરસ્વતી ત્રણ પ્રકારની. એક ભાવશ્રુતજ્ઞાન સરસ્વતી, એક કેવળજ્ઞાનરૂપી સરસ્વતી અને એક અનેકાંતમય વીતરાગ સર્વજ્ઞની વાણી એ સરસ્વતી. એ ત્રણેમાં અનંત ધર્મ છે. ત્રણેમાં વર્તમાન ભાવશ્રુતજ્ઞાનની પહેલી વાત ચાલે છે. ભાવશ્રુતજ્ઞાન એ પોતાના સ્વભાવ સન્મુખ હું અનંતગુણનો પિંડ છું એવું જે જ્ઞાન ભાવશ્રુત કરે છે એ ભાવશ્રુતમાં અનંત ધર્મ આવ્યા. ધર્મ એટલે શું? અનંત સ્વભાવ, અનેકાંત, અનેક સ્વભાવ, અનેકાંત સ્વભાવસ્વરૂપ શ્રુતજ્ઞાન સરસ્વતીની મૂર્તિ છે. લોકો સરસ્વતી કહે છે એ નહિ.

અનેકાંતમય મારું જ્ઞાન જ અનેકાંત છે. અનેકાંત જ્ઞાનમયમાં તો સ્વભાવ સન્મુખ જ્ઞાન થયું, રાગથી વિમુખ થયો, રાગનો અભાવ જ્ઞાનમાં માન્યો અને જ્ઞાનમાં અનંતગુણ નથી એટલી એક જ્ઞાનની પર્યાયમાં અનંત સ્વભાવની તાકાત જેણે માની એણે ભાવશ્રુતમાં નમસ્કાર કર્યો. એ ધર્મ થયો. સમજાય છે?

'**જેમાં અનેક અંત (ધર્મ) છે...**' ધર્મ શું? સ્વભાવ. હું જ્ઞાન છું, હું રાગ નથી, હું વિકાર નથી, હું શરીર નથી. હું વર્તમાન જ્ઞાનમાં અનંતગુણને જાણનારી મારામાં એક સમય ગુણમાં, પર્યાયમાં તાકાત છે. એવું જેણે જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન કર્યું આ એનું નામ સરસ્વતીને નમસ્કાર કર્યા. કહો, સમજાય છે? આ ધર્મની વાત ચાલે છે ધર્મની. સમ્યગ્જ્ઞાન ધર્મ, સમ્યગ્જ્ઞાન ધર્મ. ત્રણ આવે છેને, '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' તો સમ્યગ્દર્શન એ પણ ધર્મ, સમ્યગ્જ્ઞાન પણ ધર્મ, સમ્યક્ચારિત્ર ધર્મ.

પહેલા શ્લોકમાં તો દેવને નમસ્કાર કર્યા. પરમાત્માને એટલે સમયસારને. પૂર્ણ પરમાત્મા કેવા છે એને નમસ્કાર કર્યા. અહીંયાં જ્ઞાનને નમસ્કાર કરે છે. પોતાનો જ્ઞાન ધર્મ પ્રગટ કરે છે. મારો જ્ઞાન સ્વભાવ કેવો છે? હું વર્તમાન જ્ઞાન કેવો છું? એક વર્તમાન જ્ઞાનના સ્વભાવમાં અનંત ધર્મ આવી જાય છે. અનંત ધર્મ નામ અનંત શક્તિ, પરથી અભાવ, રાગથી અભાવ, ગુણથી અભાવ, મારાથી સદ્ભાવ. એવા એક સમયના જ્ઞાનમાં અનંત ધર્મ આવ્યા એનું નામ સમ્યગ્જ્ઞાન ધર્મ છે, એનું નામ સમ્યક્જ્ઞાન સરસ્વતીને નમસ્કાર કર્યા. સમજાય છે કાંઈ?

'**જેમાં અનેક અંથ (ધર્મ) છે એવું જે જ્ઞાન...**' જુઓ, એક જ્ઞાનમાં તો બધા

પરોક્ષ ભલે એ જ્ઞાનનો ભાવ પ્રત્યક્ષ ન ભાસે, પણ પોતાના સ્વસંવેદનજ્ઞાનમાં... જુઓ! આ સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન, ધર્મીનું સમ્યગ્જ્ઞાન, ધર્મીનું સમ્યગ્જ્ઞાનરૂપી ધર્મ. મારું જ્ઞાન જ્ઞાનરૂપ છે. હું બધાનો જ્ઞાતા-દૃષ્ટા છું અને હું કોઈનો કર્તા, રાગનો નહિ, નિમિત્તનો નહિ અને અનંતગુણ જે અંદર છે એને પણ ઉપજાવનારો નથી અને વર્તમાન રાગ આવે છે એને પણ ઉપજાવનાર નથી. હું તો રાગને જાણનારો, અનંતગુણને જાણનારો એવું સમ્યગ્જ્ઞાનમાં અનંત ધર્મ આવી જાય છે. એવા અનંતધર્મમય જ્ઞાન એને અહીંયા નમસ્કાર કર્યા છે. આશીર્વાદ કર્યા છેને? પ્રકાશરૂપ હો. એવું સમ્યગ્જ્ઞાન પ્રકાશરૂપ હો. આવું સમ્યગ્જ્ઞાન એવું ને એવું જાજ્વલ્યમાન રહો. એમ કહીને સમ્યગ્જ્ઞાનને નમસ્કાર કર્યા છે. શું ધર્મ આવ્યો આમાં? બ્રહ્મચારીજી! એમાં ધર્મ થયો? એ ધર્મ થયો. સરસ્વતીને હું.. શેઠજી! સમજાય છે?

શું ધર્મ છે? ધર્મ કાંઈ બહારમાં નથી રહેતો. પોતાનો સમ્યગ્જ્ઞાન ધર્મ કેવો છે એવું સમ્યગ્જ્ઞાની પોતામાં વિચારે છે. મારા જ્ઞાનનો જે વર્તમાન પર્યાયરૂપ સ્વભાવ છે એ જ અનંત સ્વભાવ એણે જાણ્યો અને રાગને પણ જાણ્યો. જડની પર્યાય પણ જે જગતમાં થાય છે એને જાણનારો હું છું. એવું મારું ભાવશ્રુત સમ્યગ્જ્ઞાન એ જ મારી સરસ્વતી છે. એના અનંત ધર્મ છે. એ અનંત જોકે અનંતગુણને જાણે, વિકારને, અનંત પદાર્થને જાણે. સર્વજ્ઞની વાણીમાં અનંત જે આવે એને પણ સમ્યક્જ્ઞાન જાણે છે. સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં અનંત પદાર્થ, અનંત પદાર્થનો ધર્મ, અનંત પદાર્થની પર્યાય એ સમ્યક્ શ્રુતજ્ઞાનમાં અનંત દ્રવ્ય, અનંત ગુણ, અનંત પર્યાય અને રાગ બધું જણાયું એ જ હું જ્ઞાન છું. એવા ભાવશ્રુતને અહીંયા સરસ્વતી કહે છે. એ સરસ્વતી રાગનો નાશ કરનારી છે. એ સરસ્વતી સ્વભાવને પ્રકાશનારી છે. એ સમ્યગ્જ્ઞાનમાં અનંત ધર્મ આવે છે. સમજાણું? એ શ્રુતજ્ઞાન કહ્યું. સાધકજીવનું શ્રુતજ્ઞાન.

હવે જેમાં અનેક ધર્મ છે એવું જ્ઞાન કેવળજ્ઞાન એને પણ નમસ્કાર કરે છે. કેવળજ્ઞાન. હું વર્તમાન તો શ્રુતજ્ઞાનમાં છું, પણ કહે છે કે જેને અનંત જ્ઞાન પ્રગટ થયું એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં પણ અનંત ધર્મ છે. કેમકે લોક, અલોક આત્માના અનંતગુણ, અનંત પર્યાય બધાને કેવળજ્ઞાનની એક પર્યાયમાં જાણ્યા. તો કેવળજ્ઞાનની એક પર્યાયમાં અનંત ધર્મ આવ્યા. પોતાથી અનંત ધર્મ છે અને પરનો અનંત ધર્મ એમાં નથી. કહો, સમજાય છે કાંઈ? જુઓ, સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિનો ધર્મ. ભાઈ! માણસ એમ કહે કે સમ્યગ્દર્શનમાં ભાઈ! એવું હોય તો એમાં શું? મુનિપણું અને પડિમાં શું? પણ હજી સમ્યગ્જ્ઞાન શું છે એ તો સમજો. કે સમ્યગ્જ્ઞાન કોને કહે છે? એ સમ્યગ્જ્ઞાન કોઈ પુસ્તક-પાના સમજે એ સમ્યગ્જ્ઞાન નથી. પુસ્તક-પાનાથી પણ હું અભાવસ્વરૂપ છું, વીતરાગની વાણીથી પણ હું અભાવસ્વરૂપ છું. વીતરાગની વાણીથી પણ મારું જ્ઞાન નહિ થયું. એમાં કહ્યુંને? અનંતધર્મ જેમાં છે. તો મારું જ્ઞાન અનંત શબ્દો, વાણી, પુસ્તકથી પણ નથી થયું. મારું જ્ઞાન અનંત ગુણ છે જ્ઞાનનું જ્ઞેય. તો જ્ઞેય અનંત ગુણ છે જ્ઞાનનું તો અનંત જ્ઞેયથી પણ મારું જ્ઞાન નથી થયું. ભાઈ! એવું

જ્ઞાન નહિ. મારા શ્રુતજ્ઞાનનો ભાવ, એમાં અનંત જ્ઞેયો જણાય છે અને જાણે છે તો જ્ઞેય અનંતગુણ આત્મામાં છે તો મારી જ્ઞાનપર્યાય છે એમ પણ નથી. મારી જ્ઞાનપર્યાય અનંત ધર્મની ધરનાર છે. એવું ભાવશ્રુતમાં જેને ભાન થયું એને નમસ્કાર કર્યા. એવુંને એવું ટકી રહો. ટકી રહો સમજાણું? એવી જ્ઞાનની પર્યાય ટકી રહો. ટકી રહો એટલે અસ્તિરૂપ મોજૂદ રહો એ જ એને આશીર્વાદરૂપ નમસ્કાર થયા. સમજાણું કાંઈ?

અને કેવળજ્ઞાન. જે જ્ઞાનની પર્યાય મારી વર્તમાન પર્યાયમાં મોજૂદગી નથી પણ મેં એનો નિર્ણય કર્યો છે એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંત ધર્મ છે એનો મેં નિર્ણય કર્યો તો કેવળજ્ઞાન સરસ્વતીને જેણે જ્ઞાનમાં નિર્ણય કરીને માન્યું, પોતાના શ્રુતજ્ઞાનમાં સર્વજ્ઞ શક્તિ અંતર દ્રવ્યમાં છે એના અવલંબને જે સર્વજ્ઞની પર્યાયનો નિર્ણય કર્યો એ નિર્ણય કર્યો એ કહે છે કે સર્વજ્ઞની પર્યાયને હું નમસ્કાર કરું છું. સર્વજ્ઞની પર્યાયનો અંતર જ્ઞાનપર્યાયમાં જેણે આદર કર્યો એણે સર્વજ્ઞપર્યાયને જ્ઞાનસરસ્વતી કહીને એને નમસ્કાર કરે છે. સમજાય છે? ધર્મ કોઈ એવી ચીજ છે. લોકો બહારથી માની લે એવી કોઈ ચીજ નથી.

અહીં તો કહે છે કે જે એક પણ ભાવ છે, એને સિદ્ધ કરતા હોય તો બધાથી અભાવસ્વરૂપ સિદ્ધ કર્યા વિના પોતાના ભાવરૂપ એ સિદ્ધ થતો જ નથી. એક જ્ઞાનમાં હોય તો બધા ગુણો અને બધી પર્યાયો અને બીજા બધા પદાર્થો એનાથી મારો અભાવ છે. અને મારા એક પર્યાયના સ્વભાવમાં અનંત ધર્મ મારા કારણે સદ્‌ભાવ છે. એવું જે સિદ્ધ ન થાય તો એક પણ વસ્તુ સાબિત થતી નથી. સમજાણું કાંઈ?

મને રાગ થયો તો રાગ છે માટે હું જાણું છું? નહિ. હું મારા જ્ઞાનથી મારા કારણે જાણું છું, રાગથી નહિ. મારામાં અનંતગુણ છે તો જાણું છું. નહિ. મારા જ્ઞાનથી મારા જ્ઞાનને જાણવામાં અનંતગુણ આવી જાય છે. અનંતગુણનો તો જ્ઞાનમાં અભાવ છે. એક જ્ઞાનગુણની પર્યાયમાં અનંતનો તો અભાવ છે, રાગનો અભાવ છે. એવી કેવળજ્ઞાનની એક સમયની પર્યાય. કેવળજ્ઞાન એક સમયની પર્યાય લોકાલોક, અનંત સિદ્ધો, અનંત કેવળજ્ઞાન સિદ્ધોનું એ કેવળજ્ઞાનની એક પર્યાયની અનંતા સિદ્ધોના કેવળજ્ઞાનનો અભાવ અને એક કેવળજ્ઞાનની પર્યાયમાં અનંતું કેવળજ્ઞાન કેવું છે એના ભાવનો સદ્‌ભાવ પોતાની પર્યાયથી પ્રગટ્યો છે.

એવો જે એક જ્ઞાનગુણની એક સમયની કેવળજ્ઞાનની પર્યાય એ અનંતગુણને જાણે છે. તો અનંતગુણ છે માટે જાણે છે એમ પણ નથી. લોકાલોક છે તો કેવળજ્ઞાન જાણે છે એમ પણ નથી. પોતાના જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંત ધર્મ અસ્તિત્વરૂપે પોતાને કારણે છે અને પર અનંત પદાર્થ, અનંત કેવળી, અનંત નિગોદ, અનંત આત્મા, અનંત દ્રવ્ય એનાથી અભાવસ્વરૂપ છે. એવા કેવળજ્ઞાનનો જેણે સમ્યગ્જ્ઞાનમાં નિર્ણય કર્યો એને રાગનો આદર રહ્યો નહિ, નિમિત્તનો આદર રહ્યો નહિ. અનંતગુણમાં અનંતગુણ તરફ લક્ષ હોય તોપણ પોતાના જ્ઞાનની મહત્તામાં એટલો આદર થયો કે એમાં રાગ ક્ષણે-ક્ષણે કપાય છે. એવા કેવળજ્ઞાનને

સમ્યગ્જ્ઞાની સરસ્વતી માનીને નમસ્કાર કરે છે. નમસ્કાર નામ એ કેવળજ્ઞાન એવું છે એમ જ્ઞાનની પર્યાયમાં પ્રતીતિ કરી એનું નામ કેવળજ્ઞાનને નમસ્કાર કર્યા એમ કહે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીનો આદર થયો, પોતાના શ્રુતજ્ઞાનનો આદર થયો. અનંતા ગુણ જેવા છે એવા જાણ્યા એનો પણ આદર થયો. પણ એ તો અંતર જ્ઞાનમાંથી આવે છે, એ કોઈ બહારની ચીજ નથી.

એ જ્ઞાન શ્રુતજ્ઞાન સરસ્વતી એમ પણ નથી માનતી કે હું આવો રાગ લાવું, આવો રાગ લાવું. શુભનો લાવું અને અશુભનો ટાળું. જ્ઞાનના સ્વભાવમાં એમ નથી. જ્ઞાનનો સ્વભાવ, એ રાગ આવ્યો એને જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે. પોતાને જાણવામાં અનંત ધર્મ આવી જાય છે. રાગના અભાવસ્વરૂપ, ગુણના અભાવસ્વરૂપ. એવા કેવળજ્ઞાનની પર્યાયમાં પણ અનંત ધર્મ આવી ગયા. એને સમજીને જે અંતરમાં એકાગ્ર થાય છે એણે કેવળજ્ઞાન સરસ્વતીને નમસ્કાર કર્યા.

'**तथा वचन...**' હવે વચન આવ્યા. ભગવાનની વાણી સર્વજ્ઞની દિવ્યધ્વનિ. એ પણ જેમાં અનંત ધર્મ રહે છે એવું વચન. વચનમાં અનંત ધર્મ રહે છે? રહે છે. વચનમાં અનંત ધર્મ રહે છે. જેમ જ્ઞાનમાં રહ્યા છે, એમ કેવળજ્ઞાનમાં રહે છે, એમ વચનમાં અનંત ધર્મ રહે છે. જુઓ એ કહે છે. '**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः। अनेकान्तमयी मूर्ति**' એની વ્યાખ્યા થાય છે, ભાઈ! હજી પહેલો શબ્દ પછી આવશે. પહેલું '**अनन्तधर्मणस्तत्त्वं**' પછી આવશે. પહેલા તો '**अनेकान्तमयी मूर्ति**' એનો અર્થ થાય છે માત્ર. અનેકાંતમય મૂર્તિ એમાંથી ત્રણ અર્થ થયા. અનેકાંતમય મૂર્તિ. ..ભાઈ! અનેકાંતમય મૂર્તિ. મારું સમ્યગ્જ્ઞાન અનેકાંત છે પહેલા કહ્યું એવું, કેવળજ્ઞાન પણ અનેકાંત છે પહેલા કહ્યું એવું અને વાણી પણ અનેકાંત છે. એમાં પણ અનંતધર્મ છે વાણીમાં. સર્વજ્ઞની વાણી, એમાં અનંતધર્મ છે. કેમકે જેવા અનંતધર્મ પદાર્થમાં છે એવું બતાવવાનું સામર્થ્ય-નિમિત્તતા તો એમાં છે. તો એમાં પણ અનંતધર્મ છે. સમજાણું કાંઈ?

ત્રણનું વિશેષણ છે એ. અનેકાંતમય મૂર્તિ એનું વિશેષણ છે. વચનમાં અનેકાંત છે. વીતરાગની વાણી અનેકાંત છે. શું અનેકાંત? આત્મા નિત્ય છે, એ જ અનિત્ય છે. કાયમની અપેક્ષાએ નિત્ય છે, ક્ષણિકની અપેક્ષાએ અનિત્ય છે. જે ગુણરૂપ કાયમ સ્વભાવ છે એ જ વિશેષરૂપ પરિણતિ કરે છે. સામાન્ય પણ છે, વિશેષ પણ છે. સંસારમાં સ્વભાવ શુદ્ધ પણ છે અને પર્યાયથી અશુદ્ધ પણ છે. વસ્તુપણે એક પણ છે અને ગુણથી અનેક પણ છે. એ અનેકાંત ધર્મની કથન કરનારી વાણી એ વાણીમાં પણ અનંતધર્મ આવ્યા. જે સ્વભાવમાં અનંત ધર્મ છે તો એને બતાવનારી વાણીમાં પણ અનંતધર્મ આવે છે. કહો, સમજાય છે? વાણી અનેકાંતમય. એ વાણી અનેકાંતમય, શ્રુતજ્ઞાન અનેકાંતમય અને કેવળજ્ઞાન અનેકાંતમય. એ અનેકાંતમય મૂર્તિ ત્રણેને લાગુ પડે છે.

પરીક્ષા કરો એમ કહે છે. વીતરાગની વાણી કેવી હોવી જોઈએ? કે હું મારાથી છું અને પરથી હું નથી એમ વાણી કહે છે. વાણી એમ કહે છે કે જ્ઞાન જ્ઞાનથી છે, જ્ઞાન રાગથી નથી. વાણી એમ કહે છે કે જ્ઞાન જ્ઞાનથી છે, જ્ઞાન અનંતગુણથી નથી. પહેલા જેવું વ્યાખ્યાન કર્યું એવું વાણીમાં આવ્યું. શ્રુતજ્ઞાનની વ્યાખ્યા કરીને પહેલી? જેમ કેવળજ્ઞાનની (કરી), એવી વાણી આવે છે. કેવળજ્ઞાન છે તો શ્રુતજ્ઞાન.. એ વાણી કહે છે કે કેવળજ્ઞાન આવું છે. તો વાણીમાં પણ કેવળજ્ઞાન કહેવાની શક્તિ વાણીમાં તાકાત છે. સ્વયં. કેવળજ્ઞાનથી નહિ. કેવળજ્ઞાન છે તો નહિ. કેવળજ્ઞાન છે તો એમાં (કહેવાની) તાકાત છે એમ નથી. એ શબ્દની વર્ગણા જે વીતરાગની થાય છે વાણી એમાં અનેકાંત ધર્મ છે. અનંત પદાર્થો, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એક-એક દ્રવ્યમાં અનંત ગુણો, અનંત પર્યાય એ બધાને કહેવાની તાકાત શબ્દની રચનામાં છે અને શબ્દ એમ કહે છે કે અમે શબ્દરૂપ છીએ, તમરૂપ નથી, તમારારૂપ નથી અને તમે તમારારૂપ છો, તમે શબ્દરૂપ નથી. જુઓ, ભાઈ! વાણી પણ એમ કહે છે.

એ વીતરાગની વાણી કહે છે કે શબ્દમાં આત્મા નથી અને આત્મામાં શબ્દ નથી. અનેકાંતમયી મૂર્તિ વાણી વીતરાગની. વાણી પણ અનેકાંતમયી થઈ. વાચક છે, એ પણ અનેકાંતમય છે. એ પરમાણુ તો અનંતધર્મમય છે એ તો બીજી વાત છે. એ તો સ્વયં પરમાણુ. આ તો એની વાણીમાં પણ... કેમકે જેવું વાચ્ય છે એવું વાચક થયું. તો વાચ્યમાં પણ જેવા અનંતધર્મ છે તો વાચકમાં વાચકની શક્તિથી અનંતધર્મ છે. કહેનારા શબ્દો કહેનારા. શબ્દમાં સ્વયં શક્તિ છે. સ્વયં આત્માથી નહિ. એમ કહે છે. આત્મા છે તો વાણીમાં શક્તિ આવે છે એમ નથી. કે ભગવાનને કેવળજ્ઞાન થયું તો દિવ્યધ્વનિમાં અનંત ધર્મ કહેવાની તાકાત આવી એમ નથી.

જુઓ, અનેકાંતમય મૂર્તિને વંદન કરે છે. આશીર્વાદ. નિમિત્તને પણ વંદન કરે છે. વાણી તો નિમિત્ત છેને, વિકલ્પ છેને? વિકલ્પ ઉઠે છે. જુઓ, એ પણ વ્યવહાર સિદ્ધ કરે છે. નિશ્ચયથી તો હું જ્ઞાનાનંદ ભાવશ્રુત છું અને સ્વભાવજ્ઞાન ભાવશ્રુતની પર્યાયમાં બધું જાણ્યું, અનંતગુણનો પિંડ હું દ્રવ્ય છું અને મારામાં રાગ થાય છે એને પણ જાણનાર છું. અને રાગ વિકલ્પ ઉઠે છે તો કહે છે કે વાણીને પણ હું નમસ્કાર કરું છું. પણ કયા પ્રકારે? મારો જ્ઞાનસ્વભાવ અનંત ધર્મમય છે, કેવળજ્ઞાન અનંતધર્મમય છે એવો મારા જ્ઞાનમાં નિર્ણય કર્યો. જ્ઞાન રાગનો સ્વીકાર કરતો નથી. જ્ઞાન અનંતગુણ છે તો જ્ઞાન છે એમ નથી. એવો જ્ઞાનનો સમ્યક્‌ભાવ થયો તો વિકલ્પ ઉઠે છે. અહો..! આવા સ્વભાવને કહેનારી જે અનંત ધર્મવાળી અનેકાંતમય વીતરાગની વાણી એ એમ કહે છે કે વાણી એમ કહે છે કે વાણી, વાણી છે. તારા ગુણથી વાણી નથી. કેવળજ્ઞાન છે તો વાણી નથી, વાણી છે તો કેવળજ્ઞાન નથી, વાણી છે તો શ્રુતજ્ઞાન નથી, શ્રુતજ્ઞાન છે તો વાણી નથી. એવી વાણી શબ્દો જે છે એમાં અનેકાંતધર્મમય મૂર્તિ છે. મૂર્તિ નામ સ્વરૂપ છે. ભાવશ્રુતજ્ઞાન પણ અનેકાંતમય સ્વરૂપ છે, કેવળજ્ઞાન પણ અનેકાંતમય સ્વરૂપ છે અને વાણી પણ અનેકાંતમય સ્વરૂપ છે.

જે વાણીમાં અનેકાંત ન આવે એ વાણી વીતરાગની નથી. એ એકાંત છે. તો હો, અસ્તિરૂપ આમ છે. એ વાણી કહે છે. પણ વાણી કહે છે કે તું અસ્તિરૂપ મારે કારણે નથી. એ વાણી નીકળી તો તને અસ્તિનું ભાન થયું એમ નથી. તારું અસ્તિરૂપનું ભાન તારાથી થાય છે. અમારી વાણીથી નહિ એમ વાણી કહે છે. ઠીક! સમજાય છે કાંઈ? જુઓ, એક શ્લોકમાં કેટલું ભરી દીધું છે અમૃતચંદ્રાચાર્યે!

વાણી શબ્દ ધ્વનિ નીકળે છે ભગવાનની, આગમ, અનેકાંત એ વાણી એમ કહે છે કે તું અનંત કેવળજ્ઞાન પર્યાયને ધરનાર આત્મા છો. તારા આત્મામાં અનંતગુણ છે. એની પર્યાય ગુણના અવલંબને પ્રગટે એવો તારો પદાર્થ છે. એમ વાણી કહે છે. અને વાણી કહે છે કે હું અનેકાંતમય છું પણ તારો સ્વભાવ મારાથી નથી.તો મારા અને તારામાં અનેકાંત નથી રહેતું. ગુણમાં વાણી નહિ અને વાણીમાં ગુણ નહિ. એ અનેકાંત વાણી એમ કહે છે. જુઓ, અનેકાંત વાણીમાં એ પણ આવ્યું કે જે નિમિત્ત છે પર એનાથી તારી પર્યાય નથી અને તારી પર્યાય થાય છે તો નિમિત્તને આવવું પડે એમ નથી. એમ અનેકાંત વાણી કહે છે. અને અનેકાંત વાણી અનંત ધર્મવાળી છે તે એ કહે છે કે તારામાં રાગ છે તો ધર્મ થાય છે એમ નથી અને ધર્મ છે તો રાગને આવવું પડે એમ નથી. રાગ રાગને કારણે છે, સ્વભાવ સ્વભાવને કારણે છે. રાગનો અભાવસ્વભાવ અને સ્વભાવનો અભાવ રાગ એવી વાણી અનેકાંતમયીને પ્રકાશ કરનારી છે. સમજાય છે? શું વાત ચાલે છે?

વીતરાગની વાણીની પરીક્ષા કેમ થાય? પોતાનો ધર્મ સમ્યગ્જ્ઞાન કેમ થાય? એ બધું ચાલે છે. બહારની તો વાત (નથી). બહારમાં બહાર રહ્યું, પોતે પોતામાં છે. પોતામાં બાહ્ય ચીજનો અભાવ છે અને બાહ્ય ચીજમાં પોતાનો અભાવ છે. એમ કોણ કહે છે? વાણી. જ્ઞાન પણ એમ જાણે, પોતાનું સમ્યગ્જ્ઞાન, કેવળજ્ઞાન.. એમાં વિરોધ હોય તો એનું નામ સમ્યગ્જ્ઞાન નથી. એનો વિરોધ કરે તો કેવળજ્ઞાનને જાણ્યું નથી, વાણીથી જ્ઞાન થાય છે એમ માને તો અનેકાંતમયી વાણી જાણી નથી. એણે જ્ઞાન પણ નથી જાણ્યું, કેવળજ્ઞાનને પણ નથી જાણ્યું, વાણીને પણ, આગમને પણ નથી જાણ્યું. આગમ છે તો મને જ્ઞાન થાય છે. તો આગમ તો કહે છે કે મારામાં તારા અભાવરૂપ ધર્મ છે. અને તારો ધર્મ મારા અભાવસ્વરૂપ તારો ધર્મ છે એમ અનેકાંતમયી વાણી વીતરાગની કહે છે. સમજાય છે કાંઈ? મોહનભાઈ! શું કહે છે આચાર્ય?

ભગવાન અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યદેવની સમયસારની ટીકા કરતા પહેલા ભગવાન પરમાત્માને નમસ્કાર કર્યા, પછી સરસ્વતીને નમસ્કાર એટલે શાસ્ત્રને નમસ્કાર કરે છે. તો ભાવશાસ્ત્ર તો શ્રુતજ્ઞાન, દ્રવ્યશાસ્ત્ર તો વાણી અને શ્રુતજ્ઞાનના પૂર્ણ ફળરૂપ કેવળજ્ઞાન એ ત્રણને એમણે નમસ્કાર કર્યા છે. એમાં વિવેક ભેદજ્ઞાન પણ આવી ગયું. અનેકાંતમય વાણી, અનેકાંતમય જ્ઞાન અને અનેકાંતમય કેવળજ્ઞાન. તો કોઈ ખીચડો કરે. ખીચડો કહે છે? ખીચડો કહે છે

તમારે? ભેળસેળ કરી દે છે. એ વાણી હોય તો ભાઈ અમને જ્ઞાન થાય છે. શું વાણી વિના જ્ઞાન થાય? વાણી ના પાડે છે. વાણી કહે કે અમારામાં અનેકાંતમય ધર્મ અમારામાં સ્વતંત્ર છે અને તારા જ્ઞાનમાં જાણવાનો અનંત ધર્મ તને સ્વતંત્ર તારાથી છે, વાણીથી નહિ. શેઠ! શું બરાબર? તો સાંભળવાથી જ્ઞાન નથી થતું? ના પાડે છે. વાણી ના પાડે છે. ઓહો..હો..! વાણી આવે છે. સાંભળનારો સાંભળે છે અને ગણધર જાણે છે, સંતો જાણે છે, જ્ઞાની જાણે છે. ના પાડે છે કે વાણીમાં વાણી છે. વાણી તો એક નિમિત્તરૂપ છે. જેને સમ્યગ્જ્ઞાન પોતાને કારણે થાય છે તો પોતાના કારણમાં પરનો અભાવ છે અને પરમાં પોતાનો અભાવ છે એવી અનેકાંતમય વાણી, વાણીમાં જેમાં અનેક ધર્મ છે એવું વચન. વચનમાં પણ અનંત ધર્મ આવી ગયા.

એ ત્રણ અર્થ થયા. '**તે-મય મૂર્તિ...**' તે-મય એટલે અનંત ધર્મવાળી ધર્મસ્વરૂપ. અનંત મૂર્તિ એટલે સ્વરૂપ. જ્ઞાનની પર્યાયમાં પણ અનંત ધર્મ છે, કેવળજ્ઞાનની પર્યાયમાં પણ અનંત ધર્મ છે, વાણીમાં પણ અનંત ધર્મ છે. '**તે-મય મૂર્તિ...**' નામ સ્વરૂપ. '**સદાય પ્રકાશરૂપ હો.**' આવ્યુંને? '**નિત્યમ્ એવ પ્રકાશતામ્**' ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે કે આવું મારું જ્ઞાન, આવું કેવળજ્ઞાન જગતમાં પ્રકાશરૂપ રહો. જુઓ, શું કહે છે? આ જગતમાં કેવળજ્ઞાનની પર્યાય અસ્તિરૂપ મોજૂદગી કાયમ રહો અને મારું ભાવશ્રુતજ્ઞાન સાધક પણ કાયમ રહો. અને વાણી એને કહેનારી કાયમ રહો. એનો અર્થ એ થયો કે હું સાધક છું તો આ સાધકપણામાંથી નહિ પડું. કાયમ રહું એનો અર્થ એ થયોને? અને કેવળજ્ઞાન કાયમ રહો. એટલે કે જગતમાં કાયમ રહો એટલે સાધક આગળ વધીને કેવળજ્ઞાન પામશે. એવી ખાતરી પણ એમાં આવી. અને એની વાણી જગતમાં સમજાવનારી જ્યાં સુધી વિકલ્પ ઉઠે છે અને હું છદ્મસ્થ છું તો વાણી સંભળાવનાર અનેકાંતમય વાણી પણ કાયમ રહો. હું મારા કેવળજ્ઞાનમાં આવી જઈશ તો વાણી ભલે વાણીને કારણે સાધકજીવને ભલે હોય, પણ ત્રણે સદાય પ્રકાશરૂપ હો. શું કહ્યું? એમાં શું કહ્યું? કે મારી શ્રુતજ્ઞાન પર્યાયમાં એવી પર્યાય કે અનંતગુણને જાણે. પ્રકાશરૂપ હો. બાધકભાવ ન હો, સાધકભાવ હો. એમ કહ્યું. નાસ્તિરૂપ અર્થને લ્યો ભાઈ!

સમ્યગ્જ્ઞાન મારો સ્વભાવ, હું રાગ રહિત, શરીર રહિત, વાણી રહિત અને મારા અનંત ગુણો છે એને મેં જાણ્યા મારી જ્ઞાનની તાકાતથી એ જ્ઞાન એવું જ મોજૂદ રહો અને બાધકભાવ એમાં અભાવરૂપ રહો. અપ્રતિહતભાવ સ્વભાવની દૃષ્ટિમાં અપ્રતિહત (એટલે કે) જેવો મારો ભાવ પ્રગટ થયો છે એ સમ્યગ્જ્ઞાન એવું જ રહેશે, એમાં મિથ્યાજ્ઞાન કદી આવશે નહિ. આવ્યું કે નહિ? '**સદાય પ્રકાશરૂપ હો.**' નામ સાધક સમ્યગ્જ્ઞાન કાયમ રહો... કાયમ રહો. કાયમ કહે છેને? શું કહે છે? સ્થાયી. મારું સાધક સમ્યગ્જ્ઞાન છે એ સ્થાયી રહો. એટલે કે એમાંથી પાછું ન પડો. એટલે કે બાધક ભાવનો મારામાં અભાવ છે અને સાધકભાવ કાયમ રહે. બાધકભાવનો નાશ થાય. એવું આત્મામાં સમ્યગ્જ્ઞાન કરીને સદાય પ્રકાશરૂપ હો.

એમ કહીને આશીર્વાદરૂપ વચન કહીને પોતાના આત્માનો જ આદર કરીને નમસ્કાર કર્યા છે. સમજાય છે? જુઓ, ધર્મની વિધિ પણ એમાં લે છે, કહે છે. જ્ઞાનનો સ્વભાવ જાણવો એ જ એનો ધર્મ છે. એનું નામ ધર્મ, એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ રાગરહિત થવું એનું નામ સમ્યક્ચારિત્ર છે. એ જ્ઞાનની મૂર્તિ એ વચનની મૂર્તિ કહેતાં ધર્મનું સ્વરૂપ પણ એમાં આવી જાય છે. '**सदाय प्रकाशरूप हो.**'

દૃષ્ટાંત. અજ્ઞાની કહે છેને કે જગતમાં વિષય અને ભોગનો ભાવ હોય તો ઠીક. તો એણે તો આસ્રવની ભાવના ભાવી આસ્રવની કે જગતમાં આસ્રવ મોજૂદગી રહો. એ તો મિથ્યાદૃષ્ટિ છે. અને ધર્મી કહે છે કે મારી જ્ઞાન સમ્યક્ શક્તિ જે ખીલી છે, પ્રગટ થઈ છે તેની મોજૂદગી રહો અને રાગનો અભાવ થાઓ. તો એની ભાવના સ્વભાવની થઈ. રાગના અભાવની થઈ. અજ્ઞાની કહે છે કે આવો રાગ થાઓ, શુભભાવ મને હોય તો ઠીક, ભવિષ્યમાં શુભભાવ હોય તો ઠીક. અહીં તો કહે છે કે નહિ. મારા સમ્યગ્જ્ઞાનની જ મોજૂદગી રહો. ભવિષ્યમાં પણ ભક્તિનો, પૂજાનો રાગ આવો, આવે બીજી વાત છે અને આવે તો ઠીક છે, એની મોજૂદગીની ભાવના સમ્યગ્જ્ઞાનીને હોતી નથી. ભલે આવે. રાગ રાગને કારણે આવે છે પણ જ્ઞાનની મોજૂદગી કોની ઇચ્છે છે? મારું સમ્યગ્જ્ઞાન રાગરહિત વર્તમાન અને ભૂત અને ભવિષ્ય ત્રિકાળ મારું જ્ઞાનસ્વરૂપ રાગરહિત છે એની મોજૂદગી રહો, હયાતી રહો, સદા પ્રકાશરૂપ જાજ્વલમાન રહો. હું (સ્વ) અને પરને હું જાણનારો પ્રકાશરૂપ રહો. એને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. એ કેવળજ્ઞાન માગે છે લ્યો એમાં. છે?

સાધક સરસ્વતીને નમસ્કાર કરતા કેવળજ્ઞાનની ભાવના છે. અંદર સ્વભાવ સન્મુખની એકાગ્રતા થતાં અને કેવળજ્ઞાન થઈ જશે એવી ભાવના કરે છે. જુઓ, જ્ઞાની, ધર્મીની ભાવના કેવી હોવી જોઈએ. આ તો અજ્ઞાની આ હું કરું, આમ હું કરું, રાગ હું કરું, પુણ્ય હું કરું, આવી ક્રિયા કરું. પોતાની સહજ દશા શું છે એની તો ખબર નથી. અને બહારથી એવી ક્રિયાકાંડ કરે તો આમ થાય, આવી પડિમા લઉં, આવું મુનિપણું લઉં. શું મુનિપણું અને પડિમા બહારથી કોઈ ચીજ આવે છે? સમજાય છે? એ તો અંતરની દૃષ્ટિનો વિષય સમ્યગ્જ્ઞાન છે. અને એ સમ્યગ્જ્ઞાન મોજૂદ રહો. એમાં ક્રમે-ક્રમે રાગ ઘટી જશે અને સ્વરૂપની સ્થિરતા થાય છે અને સ્થિરતામાં જે એની પર્યાયને પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન આદિ કહે છે એ સહજ આવી જાય છે, હઠથી નહિ. એવા ભગવાન આત્માને જેણે કેવળજ્ઞાનથી, શ્રુતજ્ઞાનથી કેવળજ્ઞાન પર્યાય, શ્રુતજ્ઞાનમાં નક્કી કરી અને અનેકાંતમય વાણીનો પણ જેણે નિર્ણય કર્યો. પ્રકાશરૂપ રહો. એટલી વાત સમ્યક્ શ્રુતજ્ઞાન, સમ્યક્ કેવળજ્ઞાન અને વાણી ત્રણની વાત કરી.

હવે એ વાણી કોને દેખે છે? '**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः**' '**જે અનંતધર્મવાળો છે...**' હવે શું કહે છે? એવી વાણી, એવું સમ્યક્ શ્રુતજ્ઞાન, એવું સમ્યક્ કેવળજ્ઞાન કોને દેખાડે છે? કે આત્માના તત્ત્વને. લ્યો! આત્માના સ્વરૂપને દેખાડનારી છે.

સમ્યક્ શ્રુતજ્ઞાન પણ આત્માના તત્ત્વને દેખાડનારી છે, કેવળજ્ઞાન પણ આત્માના તત્ત્વને દેખાડનારી છે અને વીતરાગની દિવ્યધ્વનિ એ પણ આત્માના તત્ત્વને દેખાડનારી છે. સમજાય છે?

'**જે અનંતધર્મવાળો છે...**' કોણ અનંતધર્મવાળો છે? આત્મા. હવે આત્માની વાત આવી. એ ચાલી હતી સરસ્વતીની. સરસ્વતી કોને '**पश्यन्ती**'? સમજાય છે? '**पश्यन्ती प्रत्यगात्मनः**' અનંત ધર્મવાળો છે. હવે આત્મા આવ્યો. હું આત્મા અનંત સ્વભાવવાળો છું. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ, વીર્યત્વ, કર્તા, કર્મ, કરણ એવા મારા આત્મામાં અનંત ગુણ છે અને પરપદાર્થથી હું અભાવસ્વરૂપ છું. એવો મારો આત્મા અનંત ધર્મવાળો છે.

'**અને જે પરદ્રવ્યોથી...**' શરીર, કર્મોથી. જુઓ, સમ્યગ્જ્ઞાન શું માને છે? સમ્યગ્જ્ઞાન સરસ્વતી? હું કર્મથી રહિત છું એમ માને છે. સમ્યગ્જ્ઞાન પોતામાં રાગરહિત, પણ સમ્યગ્જ્ઞાન આત્માને કેવો દેખે છે? કે આત્મા પરદ્રવ્યોથી ભિન્ન છે એમ સમ્યગ્જ્ઞાન દેખે છે અને વીતરાગની વાણી પણ શું દેખાડે છે? વીતરાગની વાણી. કે તું અનંતધર્મવાળો છો અને પરદ્રવ્યોથી તું ભિન્ન છો. સમજાણું કાંઈ? વીતરાગની વાણી એમ કહે છે, અનેકાંતમય વાણી એમ કહે છે, અનેકાંતમય શ્રુતજ્ઞાન એમ કહે છે અને અનેકાંતમય કેવળજ્ઞાનની પર્યાય એમ દેખે છે કે હું અનંતધર્મવાળો (છું) અને '**પરદ્રવ્યોથી...**' ઓલી અસ્તિ કરી હવે '**પરદ્રવ્યોથી ને પરદ્રવ્યોના ગુણપર્યાયોથી ભિન્ન...**' કેવો છું હું? મારું આત્મતત્ત્વ. જુઓ, વાણી એમ દેખે છે.

જે કોઈ એમ કહે કે વાણી એમ કહે કે અમારાથી તને લાભ થાય. તો પરથી પૃથક્ વાણી દેખાડી નહિ તો એ વાણી અનેકાંતની નથી. શાસ્ત્ર વાંચીને, સમયસાર વાંચીને પણ જો એવું કાઢે કે વ્યવહાર હોય તો નિશ્ચય થાય અને અમને સાંભળો તો તમને જ્ઞાન થશે. તો પરદ્રવ્યથી પૃથક્ તો એણે જોયું નહિ. તો વાણી અનેકાંતમય વીતરાગની નથી. એ સમયસાર વાંચે તો પણ વાણી અનેકાંતમય વીતરાગની નથી. એકાંત મિથ્યાદૃષ્ટિની વાણી છે. સમજાય છે કાંઈ?

કેવો છે આત્મા? '**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः**' એ વાણી અને જ્ઞાન, શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન અનંત. ધર્મવાળો હું આત્મા (છું) અને પરદ્રવ્યોથી ભિન્ન (છું). લ્યો! પોતાનો આત્મા અનંતધર્મવાળો, સ્વભાવવાળો છે અને કર્મ, શરીર આદિ અનંત કેવળીઓથી પણ હું ભિન્ન છું. અને મારો આત્મા એ જ્ઞાન, કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણી જે આત્માને દેખાડે છે એ આત્મા કેવો છે? કે પરદ્રવ્યો નામ અનંત કેવળીઓથી પણ હું ભિન્ન છે એમ વાણી દેખાડે છે અને અનંતા કેવળીઓથી ભિન્ન છું એવું શ્રુતજ્ઞાન આત્મતત્ત્વને દેખે છે અને અનંત પરદ્રવ્યો આદિ કેવળીઓથી હું ભિન્ન છું એમ કેવળજ્ઞાનની પર્યાય પોતાના આત્મતત્ત્વને દેખે છે. સમજાય છે?

'**પરદ્રવ્યોના ગુણપર્યાયોથી ભિન્ન...**' શું કહ્યું? શું દેખે છે? વાણી શું કહે છે? કે

કર્મનો ઉદય જે વિપાક (આવે) એ પરદ્રવ્યની પર્યાય છે. કર્મનો વિપાક એ પરદ્રવ્યની પર્યાય છે. એનાથી એ વાણી કહે છે કે તું ભિન્ન છો. સમજાણું કાંઈ? કહે છેને? પરદ્રવ્યોથી અને પરદ્રવ્યોના ગુણ-પર્યાયોથી ભિન્ન. વાણી અને સમ્યક્ શ્રુતજ્ઞાન તો એમ દેખાડે છે. ભારે ઝીણી વાત. લોકોને વાર્તા અને કથા હોય તો ઠીક (પડે). મૂળ રસ નહિ. આ વસ્તુ કેવી છે અંતરમાં ચીજ, અંતરમાં એ અવલોકનની વાત જ સાંભળી નથી અને એ વિચારમાં રસપૂર્વક એનો પ્રેમ પણ અનંતકાળમાં આવ્યો નથી. ભાઈ! શું કહે છે? જુઓ, વાણી શું કહે છે? વાણી પણ સરસ્વતી, ભાવશ્રુતજ્ઞાન પણ સરસ્વતી. ભાવશ્રુતજ્ઞાન એમ જાણે છે કે કર્મ પરદ્રવ્યથી પણ હું ભિન્ન છું એમ આત્માને દેખે છે અને કર્મનો વિપાક ઉદય એનાથી પણ ભિન્ન દેખે છે. '**પરદ્રવ્યોના ગુણપર્યાયોથી ભિન્ન...**' તો અજ્ઞાની કહે છે કે કર્મનો વિપાક આવ્યો તો અમારે રાગ કરવો પડે છે. તો એ વાણી પણ ભગવાનની નથી. શ્રુતજ્ઞાનની પર્યાય પણ સમ્યક્ નથી અને કેવળજ્ઞાન આમ કહે છે એમ માન્યું તો કેવળજ્ઞાન પણ માન્યું નહિ.

કેવળજ્ઞાન સરસ્વતી કોને દેખે છે? ભાવશ્રુતજ્ઞાન સરસ્વતી કોને દેખે છે? અને દ્રવ્ય સરસ્વતી વીતરાગની વાણી કોને '**પશ્યન્તી**' નામ દેખાડે છે? હું અનંત ધર્મવાળો છું અને પરદ્રવ્યોથી અને પરદ્રવ્યોના ગુણ-પર્યાયોથી હું ભિન્ન છું. ત્રિકાળ હું ભિન્ન છું. હું અનાદિ-અનંત મારો આત્મા પર કર્મથી, શરીરથી (ભિન્ન છે). જુઓ, શું કહ્યું? અજ્ઞાની કહે છે કે કર્મથી આત્મા રઝળે છે. એ વાણી વીતરાગની નહિ. કેમકે વાણી એમ કહેતી નથી, વાણી એમ દેખાડતી નથી. વાણી કહે છે કે પરદ્રવ્યની પર્યાયથી તારો આત્મા ભિન્ન છે. તારું આત્મતત્ત્વ, આત્મતત્ત્વ લે છે. આત્મતત્ત્વ. તત્ત્વ છેને એનું સ્વરૂપ લેવું છે. આત્મા તો દ્રવ્ય છે એનું તત્ત્વ નામ એનો સ્વભાવ, સામાન્ય સ્વભાવ.

જે આત્મા અનંત ધર્મવાળો છે અને પરદ્રવ્યોથી અને પરદ્રવ્યોના ગુણ-પર્યાયોથી ભિન્ન. લ્યો, પરદ્રવ્યોના ગુણપર્યાયોથી ભિન્ન એમ કહીને શું કહ્યું? કે આત્મા સિવાય પરદ્રવ્યની પર્યાયથી તને ઉપકાર પણ નથી થતો અને તારી પર્યાયમાં પરદ્રવ્યથી અપકાર પણ નથી થતો. એમ વાણી શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન દેખાડે છે. એનાથી કોઈ વિરુદ્ધ કહે તો કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણીને સમજતા નથી. એ આગમને જ સમજતા નથી. સમજાણું કાંઈ? એ આગમને જ નથી સમજતા. આગમ એમ કહે છે કે તારા આત્માનું તત્ત્વ તારા અનંતધર્મથી અસ્તિ છે અને પરદ્રવ્યોથી અને પરદ્રવ્યોના ગુણપર્યાયોથી તારો આત્મા ભિન્ન છે. સર્વથા ભિન્ન છે. ચીમનભાઈ! સર્વથા ભિન્ન આમાં લખ્યું નથી. એ હવે આવશે. ઓલું કથંચિત્ ભિન્ન છે એટલે સર્વથા ભિન્ન છે એમ લીધું.

તારો આત્મા વસ્તુ અનંત ધર્મવાળો, અનંત ગુણવાળો છે. એમ વીતરાગની વાણી કહે છે. એવું તારા શ્રુતજ્ઞાનમાં નક્કી કરવું જોઈએ. કારણ કે શ્રુતજ્ઞાન એમ '**પશ્યન્તી**' (દેખે) છે. શ્રુતજ્ઞાન એમ દેખે કે પરદ્રવ્યની પર્યાયથી મારામાં કોઈ પર્યાય થાય છે તો શ્રુતજ્ઞાન

મિથ્યાજ્ઞાન છે. એ સરસ્વતી નથી, એ વાણી પણ નથી અને કેવળજ્ઞાને એમ જોયું નથી.

'**तथा परद्रव्यना निमित्तथी थता पोताना विकारोथी कथंचित् भिन्न...**' એમ લીધું છે જુઓ. પાઠ તો એવો છેને '**पश्यन्ती प्रत्यगात्मनः**' '**अनन्तधर्मणस्तत्त्वं**' અનંત સ્વભાવવાળું મારું સ્વરૂપ. '**पश्यन्ती प्रत्यगात्मनः**' તો પરદ્રવ્ય અને પરદ્રવ્યની પર્યાયથી તો ભિન્ન, પણ પોતાની પર્યાયથી સર્વથા ભિન્ન નથી વિકાર. '**परद्रव्यना निमित्ते थता...**' જુઓ, નિમિત્તે થતા એનો શું અર્થ? પોતાની પર્યાયના અપરાધથી થવાવાળા જે પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન પોતાની પર્યાયમાં છે (એવા) '**पोताना विकारोथी कथंचित् भिन्न...**' કથંચિત્ ભિન્ન શું? વસ્તુદૃષ્ટિથી ભિન્ન અને પર્યાયદૃષ્ટિએ વર્તમાનમાં અભિન્ન. બે લીધું. એવી વાણી, એવું શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન કહે છે કે તારા આત્મામાં જે સંસારપર્યાય છે, સંસારપર્યાય-ઉદયભાવ, આત્માની પર્યાયમાં જે દયા, દાન, ભક્તિ આદિ આવે છે એ કથંચિત્ ભિન્ન (છે). કથંચિત્ ભિન્નનો શું અર્થ? કે વસ્તુ દ્રવ્ય-ગુણમાં વિકાર નથી એ અપેક્ષાએ ભિન્ન, સર્વથા ભિન્ન. દ્રવ્ય-ગુણ અપેક્ષાએ વિકાર સર્વથા ભિન્ન અને વર્તમાન સંસાર પર્યાયમાં (છે). અહીં તો સંસારની વાત ચાલે છેને? સાધકજીવની વાત ચાલે છે. તારી પર્યાયમાં જે વિકાર થાય છે એ તારા કારણે. એ પર્યાયથી તો અભિન્ન છે. ગુણ અને દ્રવ્યથી ભિન્ન છે. સર્વથા ભિન્ન દ્રવ્ય-ગુણથી અને પર્યાયથી સર્વથા ભિન્ન નહિ. સર્વથા પર્યાયમાં તો અભિન્ન છે. એવો એકાકાર છે. લ્યો ભાષા એકાકાર લીધી. શું?

અનંતગુણવાળો હું, પરદ્રવ્ય, પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન, મારી વિકારી પર્યાયથી કથંચિત્ ભિન્ન એવો એકાકાર. ધીરૂભાઈ! લ્યો એનું નામ એકાકાર લીધું. ભાઈ! લક્ષ્મીચંદભાઈ! એકાકાર કોને લીધું? ઓલો વર્તમાન વિકાર મારામાં થાય છે ઈ, પરથી ભિન્ન એ અપેક્ષાએ હું એકાકાર છું. નહિ? કથંચિત્ ભિન્ન એકાકાર. એનાથી એકાકાર છે. અહીં તો એમ લીધું. જરી સૂક્ષ્મ વાત છે.

શ્રોતા :- ..

ઉત્તર :- ના, ના, એ પણ નહિ, એ પણ નહિ. અહીંયાં તો હું પરથી ભિન્ન અને પોતાની પર્યાયમાં વિકારથી કથંચિત્ અભિન્ન અને ગુણ-પર્યાયથી ભિન્ન એનું નામ જ એકાકાર. એનું નામ એકાકાર કહ્યું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે એ બીજી ચીજ હતી. શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ સામાન્ય એ બીજી ચીજ. અહીં તો પર્યાય પણ છે. વાણી અને સમ્યક્ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એમ દેખાડે છે કે તારો આત્મા, તારા આત્માનું તત્ત્વ, તત્ત્વ નામ સ્વરૂપ, તારો ભાવ એ પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવ ગુણ-પર્યાયથી તો સર્વથા ભિન્ન, પણ '**परद्रव्यना निमित्तथी थता पोताना विकारोथी कथंचित् भिन्न एकाकार छे...**' ધીરૂભાઈ! એકાકારનો અર્થ પરથી ભિન્ન અને પોતાની પર્યાયમાં કથંચિત્ અભિન્ન એવો એકાકાર.

શ્રોતા :- ...

ઉત્તર :- હા, અહીં તો વર્તમાન પર્યાયથી પણ અભિન્ન, દ્રવ્યથી ભિન્ન એવો એકાકાર. વર્તમાન પર્યાય પોતામાં છેને? પોતાના અસ્તિત્વમાં છેને? પરથી નથી. એ વિકારની પર્યાય પોતાના અસ્તિત્વમાં પોતાથી છે. કેમકે આત્માનું એ સ્વરૂપ છે, તત્ત્વ છે. વર્તમાન પર્યાય પણ પોતાનું જીવસ્વરૂપ છે પર્યાયમાં, દ્રવ્ય-ગુણમાં નહિ. .. લીધુંને, એના ઉપરથી લીધું છે. પર્યાયમાં ઉદયભાવ જીવનું સ્વતત્ત્વ છે. હિંમતભાઈ! એ લીધું. બીજો અધ્યાય ઉમાસ્વામી. જીવ ઉદય એ સ્વતત્ત્વ એમ લીધું. એ વાણી એમ દેખાડે છે, સમ્યક્ શ્રુતજ્ઞાન એમ દેખે છે, કેવળજ્ઞાન પણ એમ દેખાડે છે કે તારો આત્મા તારા અનંતગુણથી અનંત ધર્મવાળો છે. પરદ્રવ્યો, પરગુણની પર્યાયથી તો સર્વથા ભિન્ન અને તારા આત્મામાં જે કર્મના નિમિત્તથી, તારા અપરાધથી જે વિકાર થાય છે એ કથંચિત્ અભિન્ન. પર્યાયમાં તો તારો છે એવો એકાકાર. ભારે વાત છે! ..ભાઈ! આવ્યુંને? સમજાય છે? સમજાય છે?

જુઓ! વસ્તુનું સ્વરૂપ. અહીં સમ્યગ્જ્ઞાન કોને કહે છે પ્રમાણ? પોતાની પર્યાયમાં પણ રાગ આવે છે એ એકાકાર છે, પરથી ભિન્ન છે. પરથી તો સર્વથા ભિન્ન છે, પણ પોતાની પર્યાયમાં વિકાર થાય એ સર્વથા ભિન્ન નથી. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? સંભળાય છે? અરે..! જગતને સમ્યક્ તત્ત્વ શું છે? એમાં વિચાર કરવાનો પણ એને અવસર મળતો નથી. એ તો બહારની વાતમાં ચાલ્યું જાય છે. બહારમાં બહારથી આમ થાય ને તેમ થાય. એમ નથી. જુઓ, ભગવાન અમૃતચંદ્રાચાર્ય '**प्रत्यगात्मनः**' કહ્યુંને? '**पश्यन्ती प्रत्यगात्मनः**' એમાંથી જયચંદ્ર પંડિતે એવો અર્થ કાઢ્યો છે. સમજાણું? કે સમ્યક્ શ્રુતજ્ઞાન કોને કહેવું? અને કેવળજ્ઞાન કોને સમ્યક્ કહેવું? અને વાણી સમ્યક્ કોને કહેવી? કે આત્મામાં મારું તત્ત્વ શું છે? તત્ત્વ .. ભાઈ અહીંયાં. આ કથંચિત્ ભિન્ન એકાકાર આવ્યુંને એકાકાર? ઈ એકાકારનો અર્થ શું? મારી પર્યાયમાં વિકાર છે એ જ એકાકાર છે. પર્યાયથી તો એકાકાર છે. એનાથી ભિન્ન નહિ. કથંચિત્ ભિન્ન કહ્યું. વિકારથી ભિન્ન નહિ. વિકારથી કથંચિત્ ભિન્ન કહ્યુંને. ગુણ-દ્રવ્યમાં સર્વથા ભિન્ન, પર્યાયમાં અભિન્ન. પર્યાયમાં કથંચિત્ ભિન્ન નથી.

કથંચિત્ ભિન્નના બે અર્થ કર્યાને પહેલા? કે દ્રવ્ય-ગુણમાં સર્વથા ભિન્ન. એ અપેક્ષાએ ભિન્ન અને પર્યાયમાં અભિન્ન. એ અપેક્ષાએ કથંચિત્ ભિન્ન કહ્યું. તો કથંચિત્ ભિન્ન એકાકાર. એકાકારનો અર્થ—મારા દ્રવ્ય-ગુણ તો અનંત સ્વભાવનો પિંડ છે. પરદ્રવ્ય અને પરદ્રવ્યગુણ પર્યાયથી હું ભિન્ન છું. પોતાની પર્યાયથી પર્યાયદૃષ્ટિથી અભિન્ન છું એવો એકાકાર. એકાકાર અહીં સામાન્યનો અર્થ નથી. કાંઈ સામાન્યના અર્થમાં એકાકાર નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં જે શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ જે શુદ્ધ કહ્યું એ દ્રવ્યદૃષ્ટિનો વિષય એ અહીંયા નથી લીધો. અહીંયા તો પ્રમાણનો વિષય લીધો છે. મારો આત્મા. વાણી એમ દેખાય છે. શ્રુતજ્ઞાન પણ એમ દેખે છે. શ્રુતજ્ઞાન શું જોવે છે? પોતાની પર્યાયમાં વિકાર છે, ચારિત્રગુણમાં વિકાર છે એ પર્યાયથી સર્વથા ભિન્ન છે? પર્યાયથી સર્વથા ભિન્ન છે તો સિદ્ધ થઈ જશે.

શ્રોતા :- ત્યાં વિકાર શેનો હોય?

ઉત્તર :- વિકાર હોય શેનો પણ? તો કહે છે કે સમ્યક્ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન અને સમ્યક્ દિવ્યધ્વનિ, એને જ દિવ્યધ્વનિ અને આગમ કહે છે. જે આગમ એમ કહે કે તારો આત્મા અનંત ધર્મવાળો છે અને તારી પર્યાયમાં જે વિકાર થાય છે એ કથંચિત્ ભિન્ન છે. વસ્તુમાં નથી, પણ પર્યાયથી તો અભિન્ન છે. તારા તત્ત્વમાં તારી પર્યાયનું તત્ત્વ છે. એનું નામ અહીંયા એકાકાર કહ્યું છે.

'**એવા આત્માના તત્ત્વને,...**' એવા આત્માના તત્ત્વને. સમજાણું કાંઈ? આખો પ્રમાણનો વિષય લઈને અખંડ તત્ત્વ પરથી ભિન્ન બતાવ્યું બસ. પર અને પરની ગુણપર્યાયથી આત્મા સર્વથા ભિન્ન છે પણ પોતાની પર્યાયનો વિકાર છે એનાથી સર્વથા ભિન્ન નથી. સર્વથા ભિન્ન હોય તો સિદ્ધ થઈ જશે. વિકાર જ ઉત્પન્ન થતો નથી. વિકારને સિદ્ધ કર્યો. છે અને છે તો તારા તત્ત્વમાં તારે કારણે છે એ બતાવી દીધું. પરથી નહિ. કહે છેને કે એવું કર્મ આવી જાય ઉદયમાં તો અમને વિકાર થાય છે. શું વિકાર આવે? તારી પર્યાયમાં તારા પુરુષાર્થના અપરાધથી તારા તત્ત્વમાં, તારી પર્યાયમાં વિકાર તત્ત્વ છે. ઉદયભાવ જીવનું સ્વતત્ત્વ છે, પણ કથંચિત્ ભિન્ન, વસ્તુમાં નથી. એ પણ ખ્યાલ કરાવ્યો. શ્રુતજ્ઞાન એમ જાણે છે, કેવળજ્ઞાન એમ દેખે છે, વાણી એમ કહે છે કે વિકાર સંસાર પોતાની પર્યાયમાં છે, દ્રવ્ય-ગુણમાં નથી. એ વિકાર વર્તમાન પ્રગટ છે એ દ્રવ્ય-ગુણમાં નથી અને પર્યાયમાં અભાવ નથી. એનું નામ એકાકાર કહે છે. હજી સમ્યગ્જ્ઞાન કોને કહેવું એ પણ મોટી ઝંઝટ થઈ ગઈ. સમ્યગ્જ્ઞાન વિના ધર્મ ક્યાંથી આવશે? હજી સમ્યગ્જ્ઞાન કોને કહે છે એ એણે સમજવું પડશે કે નહિ? ચંદુભાઈ! સમજાય છે? શું આ વળી મૂંઝવણ આવી ઓલી એકાકારની..

પર્યાયમાં એકાકાર છે. કેમકે વિકાર આત્માની પર્યાયમાં અનિત્ય તાદાત્મ્ય છે. આત્મા દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે. પર્યાયમાં સંસાર અનિત્ય તાદાત્મ્ય છે, અનિત્ય તાદાત્મ્ય છે. અનિત્ય તાદાત્મય એ જીવનું સ્વરૂપ છે. એ અપેક્ષાએ એને એકાકાર કહી દીધું છે. સમજાય છે? એ તાદાત્મ્ય કહો, એકાકાર કહો, અનિત્ય તાદાત્મ્ય છે. નિત્ય તાદાત્મ્ય નથી તેથી તો કથંચિત્ ભિન્ન કહ્યું. સર્વથા ભિન્ન હોય તો પર્યાયમાં વિકાર નથી. સમજાય છે? અને સર્વથા અભિન્ન કહો તો વિકાર કદી છૂટે નહિ. પરદ્રવ્યના નિમિત્તથી થવાનો અર્થ જ એટલો છે કે નિમિત્ત તરફનું વલણ જેનું છે સાધકમાં, વીતરાગ થયો નથી ત્યાં સુધી નિમિત્તનું ઉદયભાવનું પોતાનું વલણ છે તો પોતાની પર્યાયમાં જે પુણ્ય-પાપનો વિકાર થાય છે એ કથંચિત્ જુદો છે, ભિન્ન છે. કેમકે વસ્તુમાં તો નથી, પણ પર્યાયમાં તો છે.

એવા આત્માનું તત્ત્વ, '**એવા આત્માના તત્ત્વને,...**' હવે તત્ત્વની વ્યાખ્યા કરે છે. આત્માનું તત્ત્વ. આત્મા તો વસ્તુ એનું સ્વરૂપ આવું છે. એનો ભાવ અને પર્યાય એવી જ છે. આત્મા વસ્તુ, એનો ભાવ ગુણ અને પર્યાય. એ તત્ત્વ છે. એ ભાવ અને પર્યાયને

તત્ત્વ કહ્યું. ભાવ નામ ત્રિકાળ શક્તિ-ગુણ અને વર્તમાન પર્યાય. એ આત્માના તત્ત્વને એટલે શું? તત્ત્વ એટલે? હવે અર્થ કરે છે. એટલે શું? અર્થાત્. '**આત્માના તત્ત્વને, અર્થાત્...**' તો અર્થાત્ તો એમાં પડ્યું છે. એ તો બીજા શબ્દની વાત કરતા હતા. '**અસાધારણ સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ...**' એનો અર્થ છે એ તો. તત્ત્વ શું? આત્માના તત્ત્વને વાણી દેખાડે છે. સમ્યક્ શ્રુતજ્ઞાન દેખાય તો સમ્યક્ શ્રુતજ્ઞાન કહેવું. નહિતર મિથ્યાજ્ઞાન છે. મિથ્યા જ્ઞાનીને ધર્મ હોતો નથી. તો કેવા આત્માના તત્ત્વને? '**અસાધારણ સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ...**' પોતાથી. સજાતીય નામ આત્મા પર છે એનાથી પણ આત્મા તો ભિન્ન છે. સજાતીય આત્મા. અને વિજાતીય જડ. ચૈતન્યથી વિજાતીય પાંચ દ્રવ્ય છે એ બધા દ્રવ્યોથી આત્મા વિલક્ષણ છે. વિ-લક્ષણ છે, વિપરીત લક્ષણવાળો છે. લ્યો! ભાઈ! અહીં તો એમ કહ્યું. અનંત બીજા આત્માઓથી આ આત્મા વિલક્ષણ છે. ભિન્ન કહે છેને? '**प्रत्यगात्मनः**'માંથી ખુલાસો કરવો છેને. '**प्रत्यगात्मनः**' એનો અર્થ કરે છે. કેવું છે આત્માનું તત્ત્વ? કે સજાતીય એવા અનંત આત્માઓ, સિદ્ધો, પરમાત્માઓ, અનંત નિગોદ જીવ એનાથી હું વિલક્ષણ છું. મારું લક્ષણ અનંત કેવળજ્ઞાની એનાથી પણ હું વિલક્ષણ છું. ઓહો..હો..! કેમ બ્રહ્મચારીજી! કેવળજ્ઞાનીથી હું વિલક્ષણ? નહિતર બે એક થઈ જાય છે. એનું લક્ષણ એની પાસે છે, એના લક્ષણથી એ લક્ષ છે, મારા લક્ષણથી હું લક્ષ છું.

જુઓ, અહીં શું કહે છે? વીતરાગ સર્વજ્ઞની ધ્વનિ અને સમ્યક્ શ્રુતજ્ઞાનરૂપી સરસ્વતી અને કેવળજ્ઞાન એ એમ કહે છે કે આત્માના તત્ત્વને એમ કહે છે, દેખે છે, જાણે છે કે મારો આત્મા અને તારો આત્મા સજાતીય આત્મા. હું આત્મા છું અને બધા આત્મા છે. કે બધાનું લક્ષણ એક છે? નહિ. લક્ષણ બધાનું એક નથી, વિલક્ષણ છે. ભલે એ તો જ્ઞાનલક્ષણથી આવે એ બીજી વાત છે. સ્વરૂપ અલગ-અલગ છે. મારો આત્મા બીજા સજાતીય આત્માથી પણ મારું લક્ષણ વિલક્ષણ છે. મારું જ્ઞાન પરમાં નથી અને પરનું જ્ઞાન મારામાં નથી. એવા સજાતીય અને વિજાતીય કર્મ, શરીર આદિ પાંચ દ્રવ્યો વિજાતીય એવા દ્રવ્યોથી વિલક્ષણ. અહો..! અનંત કેવળજ્ઞાની, અનંત સિદ્ધોથી પણ હું તો વિલક્ષણ જ છું. કેમકે મારું સામર્થ્ય મારામાં છે અને એનું સામર્થ્ય એનામાં છે.

એવા '**વિલક્ષણ-નિજસ્વરૂપને,...**' એવા નિજસ્વરૂપને-આત્માના તત્ત્વને. એ તત્ત્વનું નામ નિજસ્વરૂપ. એમ લીધું. એ તો અર્થ આમ કરીને અર્થ કર્યો. એવા નિજસ્વરૂપને એવું નિજસ્વરૂપ. રાગ એ નિજસ્વરૂપ? પર્યાયમાં રાગ એ નિજસ્વરૂપ એવું આત્મતત્ત્વ, એવી એ પર્યાય '**તે મૂર્તિ અવલોકન કરે છે...**' શ્રુતજ્ઞાન એને દેખે છે અને કેવળજ્ઞાન એને દેખાડે છે અને વાણી પણ એમ દેખાડે છે. એમ કરીને કેવળજ્ઞાન સરસ્વતી ભાવશ્રુતજ્ઞાન વાણીને નમસ્કાર કર્યા. આશીર્વાદ દીધા કે તમે ટકો. એનું નામ નમસ્કાર છે. એનું નામ સાધકસ્વભાવ મંગળિક કર્યું. વિશેષ આવશે...

શ્રી સમયસાર, ગાથા-૧૩,
પ્રવચન નં.૩૨૩, તા. ૫-૦૪-૧૯૫૩
(૧૩)

થોડું બાકી છે. જુઓ, શું અધિકાર ચાલે છે? આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કયા પ્રકારે થાય છે ઈ વાત ચાલે છે. તો કહે છે કે '**नव तत्त्वमां प्राप्त थयेलो आत्मा अनेकरूप देखाय छे;...**' ૩૧ પાને પહેલી લીટી. શું કહ્યું સમજાય છે? જુઓ! સૂક્ષ્મ વાત છે. '**नव तत्त्वमां प्राप्त थयेलो आत्मा अनेकरूप देखाय छे;...**' ભગવાન આત્મા સ્વરૂપે, સ્વભાવે જ્ઞાયક એકરૂપ હોવા છતાં, એકરૂપ હોવા છતાં, નવ તત્ત્વના ભેદમાં રાગરૂપ મિશ્રિત જે જણાય છે તે બંધરૂપ ભાવ છે. જુઓ, સમયગ્દર્શનનો વિષય જ્ઞાયક આત્મા એક ચૈતન્યમૂર્તિ હું છું. એમાં જે નવ તત્ત્વમાં જ્ઞાયકની પર્યાય રોકાઈ રહી છે એ બંધનું કારણ છે. એને આત્મા માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. શું કહ્યું સમજાય છે?

'**नव तत्त्वमां प्राप्त थयेलो आत्मा अनेकरूप देखाय छे;...**' ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ છે એની પર્યાયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ અજીવ આદિ ભેદ દેખાય છે એ નવ તત્ત્વના ભેદનો અંતરમાં અનુભવ કરવો એ મિથ્યાદૃષ્ટિ છે. પાનું-૩૧ પહેલી લીટી. સમજાય છે? ન્યાલભાઈ! '**नव तत्त्वमां प्राप्त थयेलो आत्मा अनेकरूप देखाय छे;...**' એની વ્યાખ્યા કરીએ છીએ. આત્મા તો એક સ્વભાવી જ્ઞાયક ચિદાનંદ ચૈતન્યજ્યોત છે. એમાં નવ પ્રકારનો હું જીવ છું, એ અજીવ છે, આસ્રવ પુણ્ય (છે) એવો જે વિકલ્પ નામ રાગ ઉઠે છે અને એક જ સ્વભાવમાં નવ પ્રકારનો અનુભવ થાય એનું નામ મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની અહીંયા વાત જ નથી. કુદેવ-કુગુરુ બહાર ચાલ્યા ગયા. અહીંયાં તો નવ તત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા એકરૂપ જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ છે એ નવમાં ભેદરૂપમાં, રાગરૂપમાં અનુભવ કરવામાં આવે એ પર્યાયબુદ્ધિમાં અનેકપણું ભાસે છે તે મિથ્યાત્વ છે.

'**જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે...**' જ્ઞાયક ચિદાનંદ એ નવ તત્ત્વના ભેદરૂપ રાગથી ભિન્ન છે એવો એકાકાર જ્ઞાયકસ્વરૂપનો વિચાર કરવામાં આવે '**તો તે પોતાની ચૈતન્ય-ચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી.**' જુઓ, એક ભાવાર્થ ઈ ગાથાનો લીધો છે. શ્લોક હતોને શ્લોક? સૂક્ષ્મ વિષય છે. અનંતકાળથી આત્મા શું ચીજ છે? એક સ્વભાવી નિત્યાનંદ પ્રભુ, એ દેહની ક્રિયાનો કરનારો નથી, શરીરાદિ કર્મથી એને કાંઈ સંબંધ નથી. પોતાની પર્યાયમાં

નિમિત્તનો સંબંધ કરીને જે સ્વતંત્ર વિકારનો વિચાર કરીને નવ તત્ત્વના ભેદમાં રોકાય છે એનો અનુભવ કરવો એ મિથ્યાદર્શન છે. ન્યાલભાઈ! ઓહો..હો..! અજ્ઞાની છે. અજ્ઞાનમાં એકરૂપ ચૈતન્ય નવરૂપ ભાસે છે. એ તો જ્ઞાયક ચિદાનંદ છે.

જુઓ, સમ્યગ્દર્શનનો વિષય ચાલે છે. ચોથી ભૂમિકા અવિરત સમ્યગ્દર્શન. અવિરત સમ્યગ્દર્શન કોને કહે છે? કે આત્મા જ્ઞાયકરૂપ એકરૂપ ચિદાનંદ છે. અંતર દૃષ્ટિ સ્વભાવ સન્મુખ થતાં નવના ભેદનો અનુભવ નહિ રહેતા એક જ્ઞાયકનો અંતરમાં અનુભવ થાય એનું નામ સમ્યગ્દર્શન છે. રાજારામજી! બહુ સૂક્ષ્મ, ભાઈ! નવ તત્ત્વ. નવ તત્ત્વને ઉડાવ્યા. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય એક સ્વભાવી વસ્તુ એની દૃષ્ટિ અંતરમાં કરીને જ્ઞાયક તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે. નવ તત્ત્વ—જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ ભેદરૂપ રાગ છે રાગ. ભેદરૂપ વિચારો તો રાગ છે, વિકાર છે. એ પર કર્મના નિમિત્તના સંબંધમાં જોડાણ છે. જોડાણ કહે છેને? જુડાવ, મેળ. નિમિત્ત સાથે મેળ છે. એ નવનો અનુભવ કર્મના નિમિત્ત સાથે મેળ કરવો. કર્મ કાંઈ કરાવતું નથી. પણ કર્મના નિમિત્ત તરફનું લક્ષ કરીને નવનો અનુભવ કરવો એ મિથ્યાત્વ છે. અને ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્યચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી. જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ હું છું એવું અંતર્મુખ, નિમિત્ત અને વર્તમાન રાગનું લક્ષ છોડીને ચૈતન્યસ્વભાવ સન્મુખ એકાગ્ર થાય તો જ્ઞાયકસ્વરૂપ એ જ્ઞાયક જ છે. એ સમ્યગ્દર્શનના વિષયમાં એકલો જ્ઞાયક આવે છે. રાગ અને ભેદ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમજાય છે?

'એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છે :-' હવે તેરમી ગાથા શરૂ થાય છે. **'એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છે :-'** તેરમી ગાથા. ભગવાન કુંદકુંદાચાર્ય તેરમી ગાથા કહે છે.

भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।
आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।
ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.

પહેલા અન્વયાર્થ કરીએ અન્વયાર્થ-શબ્દાર્થ. અન્વયાર્થ પહેલા શબ્દાર્થ. '**भूतार्थेन अभिगताः**' તેરમી ગાથાનો અન્વયાર્થ. '**ભૂતાર્થ નયથી જાણેલ...**' ભૂતાર્થ નયથી જાણેલ '**જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ- એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.**' નિમિત્તથી કથન કર્યું છે. નવ તત્ત્વ તો વ્યવહારરૂપ પડે છે વિકલ્પરૂપ. એમાંથી એકલા જ્ઞાયક ચિદાનંદનો અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન છે. કહો, ..લાલજી! શું કહ્યું? અહીં તો નવ તત્ત્વનો અનુભવ કરવો એને સમ્યક્ત્વ કહ્યું. પણ ભૂતાર્થનય.

ભૂત નામ છતો જ્ઞાયક પદાર્થ. હું જ્ઞાયક ચિદાનંદ એક સ્વભાવી સ્વપરપ્રકાશી સ્વરૂપ છું એમ સ્વભાવ સન્મુખ થઈને, નવ તત્ત્વનો વિકલ્પ છે એ ભેદ વ્યવહાર છે પણ એનું લક્ષ છોડીને એક જ્ઞાયકની ભૂતાર્થથી, છતા પદાર્થથી, યથાર્થથી, શુદ્ધનયથી સ્વભાવ સન્મુખની પ્રતીત કરવી એ સમ્યગ્દર્શન છે. ત્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન કહ્યું, અહીંયા નવ તત્ત્વને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું. અહીં ભેદથી વાત છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- આ જીવાદિ નવતત્ત્વો...**' પહેલા તો કહે છે કે જીવ અનંત છે. એમાં હું પણ એક જીવ અનંતગુણનો પિંડ છું. મારી પર્યાય મારાથી છે, રાગાદિ વિકાર છે, રાગનો અભાવ કરવો એ સંવર છે, નિર્જરા એ આત્માની શુદ્ધિ વિશેષ થઈ એ નિર્જરા, પૂર્ણ શુદ્ધિ મોક્ષ છે. આત્મા રાગમાં રોકાય એ બંધ છે, અજીવ પર છે. એવા નવનું પૃથક્-પૃથક્ રાગસહિત વિચાર કરવો એ ભેદ છે, વ્યવહાર છે. એમાંથી '**ભૂતાર્થનયથી જાણ્યે...**' એક જ્ઞાયક સ્વભાવ સન્મુખ થઈને યથાર્થ જ્ઞાયકભાવને જાણ્યે '**સમ્યગ્દર્શન જ છે...**' એનું નામ સમ્યગ્દર્શન. જેના નવ તત્ત્વમાં વ્યવહારમાં ભૂલ છે એના તો ઠેકાણા જ નથી. જીવથી વિકાર અને વિકારથી જીવ અને કર્મથી આસ્રવ. તો નવ તત્ત્વ પણ નથી રહેતા. શું કહ્યું સમજાણું? આ શરીરની ક્રિયા મારી ઇચ્છાથી થાય છે. તો આસ્રવથી અજીવની ક્રિયા થઈ. તો આસ્રવ અને અજીવ એક થયા. કર્મના વિપાકથી મારામાં આસ્રવ થયો તો અજીવ અને આસ્રવ એક થયા. એના તો ઠેકાણા જ નથી. અહીં તો નવ પદાર્થ જેવો છે વ્યવહાર એની યથાર્થ પ્રતીત કરે એનો એકાંત અનુભવ કરે તો પણ મિથ્યાત્વ છે. પણ નવ તત્ત્વમાં પૃથક્તા, ભેદતા, યથાર્થતા જેને નથી એને તો અહીંયા વ્યવહારના પણ ઠેકાણા નથી. સમજાણું કાંઈ? જીવ એ જીવ છે, અજીવ એ અજીવ છે. આવશે પછી એના ન્યાયમાં.

અહીં તો પહેલા '**જીવાદિ નવતત્ત્વો...**' ગાથાની સાધારણ ટીકા કરી. '**જીવાદિ નવતત્ત્વો...**' જેવા છે તેવા. નવ યથાર્થ. મોક્ષ કેવળજ્ઞાની પરમાત્મા મોક્ષસ્વરૂપ છે, અનંત ચતુષ્ટયે બિરાજમાન છે. યથાર્થ કેવળજ્ઞાન મોક્ષના પર્યાયની પ્રતીત, બંધની, આસ્રવની, સંવરની, નિર્જરાની, જીવ-અજીવની યથાર્થ (પ્રતીતિ) એ વ્યવહાર છે. પણ નવના વ્યવહારમાં એકત્વ અનુભવ કરવો એ મિથ્યાત્વ છે. એમાંથી જ્ઞાયક ચેતનનો અનુભવ કરવો (એ સમ્યક્ત્વ છે) અને પછી નવ તત્ત્વનો વિકલ્પ આવે છે એને વ્યવહાર કહેવો.

શ્રોતા :- રોકાવું એ વ્યવહાર.

ઉત્તર :- એ વ્યવહાર છે. નવ તત્ત્વનો વિચાર તો હજી સમ્યગ્દૃષ્ટિને પણ આવે છે. આવે છે જરૂર. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને આવે છે, પણ હું જ્ઞાયક ચિદાનંદ એકરૂપ સ્વભાવી છું એનો અનુભવ, પ્રતીત કરવી એ સમ્યગ્દર્શન, એ નિશ્ચય. એ નવ તત્ત્વની યથાર્થતાનો ભેદસહિત વિકલ્પના વિચારમાં રોકાવું એ વ્યવહાર છે, પણ એ એકાંત વ્યવહારમાં રહેવું એ મિથ્યાત્વ છે.

શ્રોતા :- ...

ઉત્તર :- હા, સમજાય છે? મોહનભાઈ! ક્યાં બધું માથું ફરી ગયું હતું ને? હમણા કેટલા દિ' ગયા હતા, આ ક્યાં સમજાય એવું છે. જુઓ.

નવ તત્ત્વ તો જ્ઞાનીને પણ વિચારમાં જરૂર આવે છે, પણ નવનો વિકલ્પ રાગસહિત એકાંત અનુભવ કરવો એ મિથ્યાત્વ છે અને જ્ઞાયક ચિદાનંદરૂપ અંતર સ્વભાવ સન્મુખનો અનુભવ કરતાં નિશ્ચય સમ્યગ્દર્શન છે. પછી નવના ભેદનું જ્ઞાન યથાર્થ રાખવું તે વ્યવહાર છે. પણ એકાંત વ્યવહારને માનવો એ મિથ્યાત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- એકાંત નિશ્ચયને માનવો

ઉત્તર :- એકાંત નિશ્ચય, એકાંત નિશ્ચય (હોય ત્યાં) નવ તત્ત્વનો વિકલ્પ આવ્યા વિના રહેતો જ નથી. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી હું જાણનાર કોણ છું એવો હજી વિચાર જ્ઞાનની પર્યાય પૂર્ણ નથી થઈ તો આવે છે. નવને બિલકુલ માને જ નહિ, નવ છે જ નહિ એમ માને તો નિશ્ચયાભાસ મિથ્યાદૃષ્ટિ છે. નવ છે જ નહિ. બસ, એક આત્મા છે. જ્ઞાયક આત્મા છે. જ્ઞાયક આત્મા તો સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ છે. પણ પૂર્ણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી નવ તત્ત્વના ભેદરૂપ વિચાર તો આવે છે. પણ ભેદરૂપ વિચારનો એકાંત અનુભવ કરવો એ મિથ્યાદૃષ્ટિ છે.

તો કહે છે કે '**જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે (-એ નિયમ કહ્યો); કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે...**' જ્યાં સુધી કેવળજ્ઞાન આત્મામાં ન થાય, ત્યાં સુધી આત્મામાં વ્યવહાર નામ ભેદરૂપ નવ તત્ત્વનો વિકલ્પ નામ વિચાર આવે છે. ભેદ છે. જુઓ! તીર્થની પ્રવૃત્તિ અર્થે. તીર્થ નામ ભેદરૂપ ચોથું ગુણસ્થાન, પાંચમું, છઠ્ઠો એવો ભેદ આવે છે, વિચારમાં ભેદ પડે છે અને પર્યાય ગુણસ્થાનભેદ થાય છે. એ તીર્થ વ્યવહારધર્મની પ્રવૃત્તિ અર્થે '**અભૂતાર્થ નયથી કહેવામાં આવે છે...**' એ ગુણસ્થાનભેદ અને નવ તત્ત્વના ભેદ વ્યવહારનયથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો જ્ઞાયકસ્વભાવ એક જ છે. બહુ સૂક્ષ્મ વાત. વળી નવ કહ્યા, પહેલા કહ્યું કે નવ તત્ત્વ ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન. પછી કહ્યું કે નવ તત્ત્વ અભૂતાર્થનયથી કહેવામાં આવે છે. કારણ કે ભેદ થાય છેને.

જ્ઞાયક ચિદાનંદ સ્વપરપ્રકાશક ચિદ્ જ્યોત એવી અંતર પ્રતીતિ નિર્વિકલ્પથી કરવી એ જ સમ્યગ્દર્શન છે. પણ એ સમ્યગ્દર્શનમાં નિમિત્તરૂપ નવ તત્ત્વનો વિકલ્પ અને ભેદ વિચાર આવે છે. એવો ભેદ વ્યવહારધર્મની પ્રવૃત્તિ માટે. પ્રવૃત્તિનો અર્થ શું? કરવા-ફરવાનો પ્રશ્ન નથી. પર્યાયમાં એવો ભેદ વિકલ્પ સમ્યગ્દર્શન પહેલા પણ આવે છે અને સમ્યગ્દર્શન પછી પણ ભેદરૂપી પ્રવૃત્તિનો વિચાર આવે છે. શું કહ્યું? ભીખાભાઈ! ભારે વાત ભાઈ! આ તો દયા કરવી, દાન કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી એ તો ક્યાંય રહ્યું. એ તો કષાયની મંદતા

પુણ્ય પરિણામમાં ગઈ. એ પુણ્ય પરિણામ એ અજીવથી થયા એમ પણ નથી કે ભગવાનની પ્રતિમાં જોઈને મારામાં શુભ પરિણામ થયા એમ પણ નથી. કેમકે અજીવ અજીવમાં છે, પુણ્ય પુણ્ય, પાપ પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ અને જીવ નવની પ્રત્યેકતા, પૃથક્‌તા પ્રતીતમાં લેવી એવો વિકલ્પ આવે છે, પણ એકાંત જ્ઞાયક સ્વભાવ છોડીને નવનો અનુભવ કરવો એ એકાંત મિથ્યાત્વની દૃષ્ટિ છે. અને જ્ઞાયક સ્વભાવની પ્રતીતિ એકરૂપ થઈ તોપણ પ્રમાણ કેવળજ્ઞાન જ્યાં સુધી નથી થયું ત્યાં સુધી અંદરમાં વિકલ્પથી નવ તત્ત્વના ભેદનો તીર્થ વ્યવહારધર્મને કારણે પર્યાયમાં ભેદ ઉઠે છે એને જણાવવા નવ તત્ત્વ વ્યવહારથી કહેવામાં આવે છે. નવ તત્ત્વ છે જ નહિ એમ નથી.

'**એવા આ નવ તત્ત્વો-જેમના લક્ષણ...**' હવે વ્યવહારનું નામ આપે છે વ્યવહારનું. '**જીવ,...**' જુઓ, જેમનું લક્ષણ જીવ. હું જીવ છું, પરિપૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવવાળો. એવો રાગથી વિચાર કરવો એ નવ તત્ત્વમાં વિચાર આવ્યો. એનું નામ જીવ. ઓલો સ્વભાવ એ જીવ નહિ. હું જીવ છું એવો વિકલ્પ ઉઠવો. વૃત્તિ ઉઠવી, રાગ-રાગ લાગણી ઉઠવી. હું જીવ છું, પણ વ્યવહાર. જીવ પરિપૂર્ણ અનંતગુણનો પિંડ છું. ભાઈ! જીવ પણ કેવડો? કેવડો એટલે કેવો? જીવ એક પરિપૂર્ણ કારણપરમાત્મા આનંદઘન શુદ્ધ છું. એવો વિકલ્પ નામ મનના રાગના સંબંધે વિચાર કરવો એ નવ તત્ત્વમાં જીવ આવ્યો. એ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમજાણું કાંઈ?

જુઓ, '**જેમના લક્ષણ...**' ભૂતાર્થ નહિ પણ વ્યવહારનયથી નવ તત્ત્વનું લક્ષણ કે '**જીવ,...**' એક જીવ હું પરિપૂર્ણ આનંદકંદ શુદ્ધ અનંતગુણનો પિંડ, એક સમયમાં અનંતગુણની અનંતી પર્યાય એવી રાગસહિત કબુલાત કરે તો નવ તત્ત્વમાં વ્યવહારથી જીવતત્ત્વની પ્રતીત થઈ. એ પણ યથાર્થ વ્યવહાર તો જ્ઞાયક તત્ત્વની પ્રતીત કરે તો નવ તત્ત્વની વ્યવહાર પ્રતીતનો આરોપ આવે છે. સમજાણું કાંઈ? જુઓ, '**જેમના લક્ષણ...**' કોના લક્ષણ? વ્યવહાર નવ તત્ત્વના. '**જીવ,...**' હજી તો જીવની પ્રતીતના ઠેકાણા નથી. કેવો હું જીવ છું? અનંતગુણ જેનો સ્વભાવ. એક-એક આત્મા પરમાત્માની શક્તિ રાખનારો, એ પ્રત્યેક આત્મા પરમાત્મા કેવળજ્ઞાન શક્તિ રાખનારો, એમ નવ તત્ત્વમાં એક જીવની રાગસહિત લક્ષ કરીને વિચાર કરવો એ વ્યવહાર તીર્થના ભેદમાં વિચાર આવે છે. સમજાય છે? એ પુણ્યબંધનું કારણ છે, વિકલ્પ ઉઠે છે એ પુણ્યબંધનું કારણ. તો જીવની હજી પ્રતીત વ્યવહારના ઠેકાણા નથી જેને. હું પરિપૂર્ણ આત્મા.

'**અજીવ,...**' એ કર્મ, શરીર ભિન્ન અજીવતત્ત્વ છે. ભિન્ન. મારા તત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. કર્મ ભિન્ન છે, અજીવ ભિન્ન છે. અજીવની ક્રિયા ભિન્ન છે, અજીવની પર્યાય ભિન્ન છે. એ શરીરની ક્રિયા જીવથી ભિન્ન છે. એવી પ્રતીત રાગમિશ્રિત વિચારથી કરે એ વ્યવહારધર્મ તીર્થની પ્રવૃત્તિ માટે કરવામાં આવે છે. સમજાય છે? એ ધર્મ નથી. વ્યવહારધર્મનો વિકલ્પ

પુણ્ય પરિણામ છે, એ ધર્મ નથી. વ્યવહારધર્મનો અર્થ પુણ્ય પરિણામ. હું જીવ છું, અનંતગુણનો પિંડ શક્તિરૂપ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' પણ એ વિકલ્પથી વિચાર કરે છે. એ રાગ, રાગસહિત, ચિત્ત સહિત મનનો સંબંધ હજી કર્મના ઉદય તરફ લક્ષ કરીને વિચાર કરે છે. એનું નામ જીવ, નવ તત્ત્વમાં વ્યવહારજીવ.

અજીવ. કર્મ, શરીર, વાણી સ્વતંત્ર કામ કરે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય એના સ્વતંત્ર છે. એ અજીવ. એવા વિકલ્પસહિત, રાગસહિત વિચાર કરવો એ વ્યવહારતીર્થમાં અજીવનો વિચાર યથાર્થ એવો આવે છે. એ પણ સમ્યગ્દર્શન નથી. સમજાય છે કાંઈ? એવી વાત કહે છે જુઓ. અહીં તો હજી તો, મેં રાગ કર્યો તો શરીર ચાલે છેને. કર્મનો ઉદય આવ્યો તો અમને રાગ થયો. એનો તો વ્યવહારધર્મનો યથાર્થ વ્યવહારના ઠેકાણા નથી. તો એને છોડીને નિશ્ચય કરવો એ છે ક્યાં? ...લાલજી! જુઓ, તેરમી ગાથાની શરૂઆત થાય છે. શું કહ્યું? ભાષા આવડે છે? સમજાણું કાંઈ?

'**જીવ,...**' તેરમી ગાથા બહુ સૂક્ષ્મ અને યથાર્થ લીધી છે. જીવમાં એક એક જીવમાં અનંત શક્તિ. કોઈ તો માનતા નથી. એક આત્મા કેટલો અને અનંતા ગુણ અને એમાં પર્યાય એના પણ ઠેકાણા નથી. અને વિકાર મારી પર્યાયમાં થાય છે એ તો પછી આસ્રવમાં આવશે પુણ્ય-પાપમાં. હું જીવ જ્ઞાયક ચિદાનંદ કારણશક્તિ ભગવાન પરમાત્મા પરિપૂર્ણ છું એવો વિકલ્પથી વિચાર કરવો, રાગથી વિચાર કરવો એ વ્યવહારધર્મ છે, પુણ્ય છે. નિશ્ચય ધર્મ નથી, એ સમ્યગ્દર્શન નથી. અજીવ કર્મ, શરીર. આ તો માને કે મને રાગ થયો તો કર્મબંધન થયું, મેં રાગ કર્યો તો કર્મબંધન થયું. મૂઢ છે. વ્યવહારમાં મૂઢ છે. તારો રાગ તો આસ્રવ છે અને કર્મબંધનની પર્યાય તો જડની અજીવની છે. અજીવતત્ત્વ ભિન્ન છે, ભિન્ન છે. રાગથી અજીવતત્ત્વ ભિન્ન છે. તારા રાગથી અજીવતત્ત્વની બંધની પર્યાય થઈ નથી.

શ્રોતા :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- લખ્યું છે એમાં કઈ અપેક્ષાએ લખ્યું છે એ સમજે નહિ. લખ્યું તો બધું છે. કઈ નયથી લખ્યું છે? અજીવતત્ત્વ ભિન્ન છે. હું નહિ. હું જીવ. હજી તો નવ તત્ત્વનો રાગસહિત, પુણ્યસહિત, વિકલ્પસહિત વિચાર થાય એને વ્યવહાર કહે છે. નિષેધ કરીને જ્ઞાયકસ્વરૂપમાં (ઠર્યો) હોય તો.

શ્રોતા :- નિશ્ચય હોય ત્યારે એ વ્યવહાર છે?

ઉત્તર :- ત્યારે એ વ્યવહાર છે નહિતર વ્યવહાર નથી.

શ્રોતા :- વ્યવહાર પણ નહિ?

ઉત્તર :- ક્યાંથી વ્યવહાર આવ્યો? કોનો ભેદ કરે છે? અભેદ વિના ભેદ કોનો કરે? સમજાણું કાંઈ?

જે ભગવાન કુંદકુંદાચાર્ય તેરમી ગાથા કહીને યથાર્થ નિશ્ચય શું છે અને વાસ્તવિક વ્યવહાર

કેવો છે બેયનું પ્રમાણજ્ઞાન એમાં બતાવે છે. પોતાની પર્યાયમાં દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ આવે એ શુભઆસ્રવ પુણ્ય છે શુભ. એ શુભ ભગવાનની પ્રતિમાથી નહિ, બાહુબલીજીને જોવાથી નહિ, શેત્રુંજય જવાથી નહિ. મારા પરિણામમાં કષાયની મંદતા એ પુણ્યતત્ત્વ બસ એટલું. સ્વતંત્ર. જીવથી નહિ, અજીવથી નહિ, નિમિત્તથી નહિ. એવી વ્યવહારથી પ્રતીત કરવી એનું નામ પુણ્ય છે. હજી સમ્યગ્દર્શન નથી. ન્યાલચંદભાઈ! સમજાય છે? પુણ્ય દયા, દાન, ભક્તિ, કષાયની મંદતા, કષાયની ઓછપ પોતાના પરિણામમાં થાય એ પુણ્યતત્ત્વ છે. એ નવમાં પુણ્યતત્ત્વ છે. એ પુણ્યતત્ત્વ જીવથી પણ નહિ. જીવતત્ત્વ તો ભિન્ન થયું અને પુણ્યતત્ત્વ નિમિત્તથી પણ નહિ. એ પુણ્ય મારી પર્યાયમાં કષાયની મંદતા પુણ્યતત્ત્વ એને એમ જાણવું. કોઈથી પુણ્ય થયું કે આ મળ્યું તો મને કષાયની મંદતા થઈ, આહારદાન દીધું, એવી-એવી ક્રિયા થઈ તો મને કષાયની મંદતા થઈ. પરની ક્રિયાથી કષાયની મંદતા થાય? નિગોદમાં તો એવું છે જ નહિ. આહારદાનની કોઈ ક્રિયા જ નથી. છે? કષાયની મંદતા થાય છે. ..લાલજી! કષાયની મંદતાથી નિગોદમાંથી મનુષ્યમાં આવે છે કે નહિ? ક્યાંથી આવ્યો? આહારદાન નથી, જાત્રા નથી, કાંઈ નથી, પૈસા નથી. ધન છે જ નહિ. પુણ્યતત્ત્વ પોતાની કષાયની મંદતાથી શુભભાવથી એ અંદર થાય છે. એને પુણ્યરૂપ જાણવું. જીવને જીવ, અજીવને અજીવ, પુણ્યને પુણ્ય એમ જાણવું હજી પુણ્ય પરિણામ છે. એનું નામ પુણ્ય પરિણામ છે, વ્યવહારધર્મ છે. વ્યવહારધર્મ કહો કો પુણ્ય પરિણામ કહો.

'**પાપ,...**' પોતાના પરિણામમાં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ જે વાસના ક્રોધ, માન, માયાના અશુભ પરિણામ એ પાપતત્ત્વ છે, પાપતત્ત્વ છે. એને પાપ માનવું પાપ. કોઈ જીવ મરી ગયો તો મને એનાથી પાપ થયું અને મારા પરિણામથી જીવ મરી ગયો એમ નથી. એમ નથી. પાપતત્ત્વને સ્વયંસિદ્ધ પાપને જાણવું. જુઓ, વ્યવહારની મર્યાદા પણ કેટલી સ્વતંત્રતા છે! પાપના અશુભ પરિણામ થયા હિંસા, જૂઠું, ચોરી, વિષય કે એ પરપ્રાણી મર્યા તો અથવા શરીરની મૈથુનની ક્રિયા થઈ તો મને મૈથુનનું પાપ થયું એમ નથી, એમ નથી. પાપ પરિણામ પોતાથી થયા, જડની પર્યાય જડથી થઈ. મારાથી પાપના પરિણામથી પણ નહિ અને જડની ક્રિયા થઈ તો પાપના પરિણામ થયા એમ પણ નથી. એમ નવ તત્ત્વમાં પાપને પાપ જાણવું એ પણ હજી શુભરાગ છે. વ્યવહાર ધર્મ છેને વ્યવહારધર્મ.

'**આસ્રવ,...**' એ પુણ્ય-પાપ બેય આસ્રવ વિકાર છે. શુભ-અશુભ પરિણામ બેય આસ્રવતત્ત્વ છે, મલિન પરિણામ છે, મલિન છે એવા આસ્રવને આસ્રવ એકરૂપ જાણવું. '**સંવર,...**' હજી શ્રદ્ધામાં લે છે કે આત્મા જ્ઞાયકમૂર્તિ છે એના અવલંબનથી આત્મામાં શુદ્ધતાનો અંશ પ્રગટ-વ્યક્ત થાય છે. એવા સંવરને સંવર રાગસહિત મિશ્ર વિચારે જાણવું. રાગમિશ્રિત વિચારથી જાણવું એનું નામ હજી પુણ્ય છે. એને સંવર છે નહિ, પણ સંવરનો વિચાર કરે છે. સંવર કોને કહે છે? વિચાર કરે છે કે ઓહો..હો..! જ્ઞાયક આત્મા એના અવલંબનથી જે નિર્મળ

શુદ્ધ પર્યાય પ્રગટી અથવા છે સંવર, સંવરનો અર્થ શુદ્ધતાનો અંશ, શુદ્ધતાનો અંશ છે બસ એટલું. સંવરને સંવર (જાણે). એને હજી સંવર નથી. વ્યવહારમાં વિચાર કરે છે અને નિશ્ચયનું અવલંબન લીધું (નથી) તો સંવર છે જ નહિ, પણ સંવરનો વિચાર કરે છે.

શ્રોતા :- એવી દશા હોય એને સંવર?

ઉત્તર :- હા, એની દશામાં સમ્યગ્દર્શન નિર્વિકલ્પ જ્ઞાયકની પ્રતીતિ અને લીનતા એનું નામ સંવર છે. એવી વિચારશ્રેણી સમ્યગ્દર્શન જ્ઞાયકભાવ થયા પહેલા વિચારણા આવે છે. તો જ્ઞાયકને પકડવાને કારણે એ વિચાર કર્યો તો એને વ્યવહાર કહ્યો નૈગમનયથી. અને પકડી લીધો જ્ઞાયકને કે હું જ્ઞાયક છું પછી નવ તત્ત્વનો વિચાર આવે છે એ વર્તમાન વ્યવહાર છે.

'**નિર્જરા,...**' પોતાની શુદ્ધ પર્યાય, વિશેષ શુદ્ધિ થાય છે એને સમજવું. હજી થઈ નથી એને, પણ નિર્જરા કોને કહીએ? શુદ્ધ પર્યાય, કર્મના નિમિત્તે નિર્જરા આવશે અહીં તો આત્માની. નિર્જરા શુદ્ધ પર્યાય. પોતાનો વીતરાગી અંશ થાય એને નિર્જરા (કહે છે). એવો વિચાર કરે છે. એવો રાગમિશ્રિત વિચાર કરે છે તો પુણ્ય થાય છે.

'**બંધ,...**' લ્યો, નિર્જરા શું? કે કોઈ મુનિનો વિચાર કરે કે આ મુનિએ આટલો આહાર ન લીધો તો એને નિર્જરા થઈ. એને તો હજી નવ તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા નથી. છોટેલાલજી! માસખમણનો અપવાસ કર્યા મુનિએ તો એને નિર્જરા થઈ. મૂઢ છે. હજી નવ તત્ત્વની પ્રત્યેકની પૃથક્તાની તને વ્યવહાર પ્રતીત નથી. એની પર્યાયમાં શુદ્ધતાની વૃદ્ધિ થઈ એ નિર્જરા છે. આહાર ન લીધો માટે નિર્જરા થઈ એ નહિ. એ તો અજીવની ક્રિયા થઈ. અજીવની ક્રિયા રોકાઈ ગઈ તો નિર્જરા થઈ એમ નથી. એ અજીવ ક્રિયા અજીવતત્ત્વમાં રહી. નિર્જરાતત્ત્વમાં શુદ્ધિની વૃદ્ધિનો અંશ (વધ્યો) એનો વિચાર કરે છે નવના ભેદમાં તો એને રાગ આવે છે, પુણ્ય વિકલ્પ છે. નવ તત્ત્વનો એકાંત વ્યવહારનો અનુભવ કરવો એમાં પણ નવ જેવા છે તેવા રાગથી વિચાર કરવો અને એમાં એકાંતે અનુભવ કરવો એ પણ હજી મિથ્યાદૃષ્ટિ છે. ભારે ભાઈ ઝીણું! '**બંધ,...**' પોતાની પર્યાયમાં રોકાણો જ્ઞાયક સ્વભાવ જેટલા અંશે વિકાર (થાય) એ બંધ છે, સ્વતંત્ર છે.

'**મોક્ષ...**' પૂર્ણ પર્યાય કેવળજ્ઞાનાદિ શુદ્ધ દશા થાય એનું નામ મોક્ષ. '**તેમનામાં...**' આ નવ કહ્યા, આ ભેદ લીધા. આ રાગસહિત વિકલ્પના વિચારમાં નવ પ્રકારના ભેદ આવે છે એ વ્યવહારનયથી કહ્યું છે. તીર્થધર્મની પ્રવૃત્તિ માટે પૂર્ણ વીતરાગ ન થાય ત્યારે તે આવ્યા વિના રહેતા નથી. '**તેમનામાં એકપણું પ્રગટ કરનાર...**' લ્યો, નવનો તો યથાર્થ વિચાર કરે છે. નવનો તો યથાર્થ વિચાર કર્યો, નવ લક્ષમાં યથાર્થ રાગસહિત લીધા, રાગસહિત લીધા. રાગસહિત ખ્યાલમાં નવ આવ્યા તો રાગ આવ્યો. પછી લક્ષ છોડી દીધું. '**તેમનામાં એકપણું પ્રગટ કરનાર...**' તેમનામાં એકત્વ પ્રગટ કરનાર. ઓહો...! જ્ઞાયક નવને જાણનાર તો એકરૂપ છે. નવને જાણનાર નવ રૂપ થયો નથી. જરી સૂક્ષ્મ વિષય છે, મોહનભાઈ!

'**એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી...**' ભૂતાર્થનયથી. નવનો ભેદ, વિકલ્પ, વિચાર જે નિમિત્તના પર સંગ તરફના વલણથી હતા એ નિમિત્તનું લક્ષ છૂટ્યું એટલે કે જ્ઞાયક સ્વભાવ તરફ એકાગ્ર થયો, નવ પ્રકારના ભેદનો અનાદિથી એકત્વ અનુભવ હતો એ મિથ્યાત્વ હતું એમાં જ્ઞાયક પ્રગટ કરવા માટે, એકત્વ પ્રગટ કરવા, મારું સ્વરૂપ જ્ઞાનાનંદ છે એમ અંતર અવલંબન કર્યું, એકપણું પ્રગટ કરનાર ભેદ નહિ, અનેકત્વ નહિ, વ્યવહાર નહિ '**ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...**' ભૂત છતો પદાર્થ જ્ઞાયક ચિદાનંદ એના આશ્રયે એકપણું પ્રાપ્ત કરીને, એના આશ્રયે એકપણું પ્રાપ્ત કરીને. કોની વાત ચાલે છે? આ સમ્યગ્દર્શનની ચોથી ભૂમિકા ગુણસ્થાન શ્રાવક, મુનિ થયા પહેલાની. શ્રાવક તો પછી પાંચમું ગુણસ્થાન, ચોથા ગુણસ્થાન પછી ઘણી શાંતિ અને ઘણી શુદ્ધિ થાય પછી પાંચમું ગુણસ્થાન આવે છે અને છઠ્ઠા-સાતમાની વાત તો અલૌકિક જ છે.

અહીંયાં તો સમ્યગ્દર્શન અવિરત સમ્યગ્દર્શન કોને કહે છે? ધર્મની પહેલી સીઢી, પહેલી શ્રેણી. '**ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...**' જોયું? એકપણું પ્રગટ કરનાર કોણ છે? કે ભૂતાર્થનય. સ્વભાવ-સ્વભાવ એકલો જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ. એકલો કહે છેને? એમાં એકપણું પ્રાપ્ત કરી, એકપણું પ્રાપ્ત કરી '**શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ...**' લ્યો, શુદ્ધનયપણે. એ તો ભૂતાર્થનય કહો કે શુદ્ધનય કહો એક જ વાત છે. શુદ્ધનય હું જ્ઞાયક અંખડ છું. પછી વ્યવહાર આવે છે, રાગ પણ છે. સમકિતીને લડાઈના પરિણામ પણ આવે છે. વિષયના પરિણામ આવે એ બીજી વાત છે. પણ અંતરમાં શુદ્ધનયના અવલંબને જે જ્ઞાયકની પ્રતીતિ અનુભવ થયો, એની મુખ્યતા કદી ટળતી નથી. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન.

'**શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની...**' આત્માને સ્થાપિત કર્યો. સ્થાપિત કર્યો. ઓલો નવરૂપ સ્થાપિત હતો એ વ્યવહાર હતો. એકરૂપ આત્મા અંદર સ્થાપિત થયો દૃષ્ટિમાં. '**શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ...**' આત્માને અનુ-અનુસરીને ભૂત-થવું, અનુભૂતિ આત્મા જ્ઞાયક ચિદાનંદ છે એને અનુસરીને થવું. નવ ભેદને અનુસરી થતો હતો એ એકાંત વ્યવહાર મિથ્યાદૃષ્ટિ હતો. આત્માની અનુભૂતિ જેનું લક્ષણ આત્મખ્યાતિ (છે) આ ટીકાનું નામ છે, ટીકાનું નામ છે આત્મખ્યાતિ. જેનું લક્ષણ આત્મખ્યાતિ-આત્મા પ્રસિદ્ધ થયો. ઓહો..હો..! જ્ઞાયક ચિદાનંદ વસ્તુ ચૈતન્યરસનો ભંડાર છે. એમાં ભેદ અંતર સ્વભાવમાં નથી. એવું જેનું લક્ષણ આત્મખ્યાતિ.

શું કહ્યું? જુઓ, ઉપર કહ્યું હતું કે '**નવ તત્ત્વો-જેમના લક્ષણ...**' નવ તત્ત્વ જેમના લક્ષણ ભાઈ કહ્યું હતું. અહીં જેનું લક્ષણ આત્મખ્યાતિ (એમ કહ્યું). બેય ગુલાંટ મારીને વાત કરી. શું કહ્યું સમજાણું? અભૂતાર્થ વ્યવહારનયનું નવ તત્ત્વ જેમનું લક્ષણ નવ અને ભૂતાર્થનય અને શુદ્ધનયનો વિષય જેનું લક્ષણ આત્મખ્યાતિ. લક્ષણ તો બેય બાંધ્યા. એનું

લક્ષણ. સમજાણું કાંઈ? શું સમજે આમાં માણસ? ભાઈ, અમારે ધર્મ કરવો છે. તો ધર્મ ક્યાંથી આવે છે? કાંઈ બહાર ઉપર લટકે છે? જાત્રા, ભક્તિ ધમાધમ (કરે) એમાં ક્યાંય ધર્મ છે? કષાયની મંદતા એમાં હોય તો પુણ્ય છે, ધર્મ નથી. ધર્મ નથી.

શ્રોતા :- નવ તત્ત્વમાંથી કયું તત્ત્વ?

ઉત્તર :- આ નવ તત્ત્વમાં એ પુણ્યતત્ત્વ. એ પુણ્યતત્ત્વને પુણ્યરૂપ માને યથાર્થપણે વ્યવહારે ત્યારે પુણ્યભાવ થાય છે. ધર્મ, નવ તત્ત્વ જેમનું લક્ષણ. '**નવ તત્ત્વો-જેમના લક્ષણ...**' જુઓ, જેમના લક્ષણ નવ. કોના? વ્યવહારના. અને નિશ્ચયનું (લક્ષણ)? અનુભૂતિ જેનું લક્ષણ આત્મખ્યાતિ. એકરૂપ ખ્યાતિ એ જેનું લક્ષણ નિશ્ચય સમ્યગ્દર્શનનું અથવા ભૂતાર્થનયનું. શુદ્ધનયનો વિષય એક આત્મખ્યાતિ. બેયના લક્ષણ બાંધ્યા. બેયના લક્ષણ, બેયનું લક્ષ. '**જેનું લક્ષણ આત્મખ્યાતિ...**' સમજાણું? આત્મ પ્રસિદ્ધિ. આત્મા જ્ઞાયક ચિદાનંદ છું એવી અંતર્મુખ નવ તત્ત્વના ભેદનું લક્ષ છોડીને, નવ તત્ત્વના ભેદ તો વ્યવહારનું લક્ષણ હતું. નિશ્ચયનું લક્ષણ... નવ તત્ત્વ સમજે લક્ષણ તો સમજવું કે વ્યવહાર છે, તો લક્ષ વ્યવહાર .. અને અભેદ '**શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ-કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે...**' એ આત્મા લક્ષણ છે. આત્મખ્યાતિનું લક્ષણ આત્મા. આત્મા જ્ઞાયક ચિદાનંદ. એમ પહેલા એકરૂપ ચિદાનંદના લક્ષમાં એકાગ્ર થવું અને નવનો ભેદ દૃષ્ટિમાંથી છૂટી જવો એનું નામ સમ્યગ્દર્શન છે.

શ્રોતા :- ...

ઉત્તર :- ધર્મ નથી. કહ્યુંને, ધર્મ-બર્મ નથી. કહ્યુંને પુણ્ય છે. પુણ્ય એ ધર્મ નથી. તીર્થ યાત્રા ભક્તિમાં કષાયને મંદ કરે તો હોં! રખડે તો નહિ.

શ્રોતા :- નિર્જરામાં નથી આવતું?

ઉત્તર :- નિર્જરા-ફિર્જરા નહિ. ધર્મ-બર્મ કેવો? નિર્જરા ક્યાં છે ત્યાં? એ તો વાત ચાલે છે. નિર્જરા કેવી? કાળની નિર્જરા થાય છે. એટલો કાળ ગયો એનો. કાળની નિર્જરા થાય છે. ધર્મ નથી, કિંચિત્ ધર્મ નથી. સમજવાની વાત છે. અનાદિથી એમ જ માને છે જગત. અહીં તો કહ્યું નહિ? પોતાની પર્યાયમાં કષાયની મંદતાના પરિણામ થાય તો એ પુણ્ય છે. આમ ભટકવાથી આકુળતા થાય તો પુણ્ય પણ નથી. સમજાણું કાંઈ? ચાલો ભાઈ બાહુબલીજી, ચાલો શેત્રુંજય, ચાલો સમ્મેદશિખર. આકુળ... આકુળ... આકુળ... શાંતિ નથી. કષાયની તીવ્રતા છે ત્યાં તો પુણ્ય પણ નથી. ધર્મ તો છે જ નહિ. ધર્મ તો છે જ નહિ. પોતાની પર્યાય નામ દશામાં કષાયની, ક્રોધ, માન, માયા, લોભની મંદતાના પરિણામ થાય તો પુણ્ય છે. ધર્મ નથી, સંવર નથી, નિર્જરા નથી, આત્માને લાભદાયક નથી.

શ્રોતા :- ધર્મની નિર્જરા છે.

ઉત્તર :- ધર્મની નિર્જરા, ધર્મ થતો નથી. સ્વધર્મ ત્યાગ છે. નિયમસારમાં આવે છે.

સ્વધર્મ ત્યાગ છે. પુણ્ય પરિણામમાં સ્વભાવધર્મનો ત્યાગ છે. પુણ્યમાં આત્માનો લાભ જરાય નથી. પહેલા એ સમજવું. એ સમજ્યા વિના અનંતકાળથી રખડે છે. સમજાણું કાંઈ? હજી નવ તત્ત્વ સર્વજ્ઞે કહેલા ત્રિલોકનાથની વાણીમાં આવ્યા એવા નવને નવ યથાર્થ માનવા રાગસહિત હોં, રાગસહિત માનવા એ પણ પુણ્ય પરિણામ છે. ધર્મ નહિ, સંવર નહિ, નિર્જરા નહિ. હજી નવ તત્ત્વને વ્યવહારથી જેવા છે તેવા જેનું લક્ષણ નવ છે એને માનવા એ પણ પુણ્ય પરિણામ છે. ધર્મ નથી, સંવર નથી, નિર્જરા નથી. એ નવને વિચારવા. હજી તો જડની ક્રિયા નહિ, બહારની ક્રિયા નથી. કર્મનું લક્ષ નહિ. નવના લક્ષે જે ભેદ થયા હતા, એનું અંતરમાં લક્ષ છોડીને જ્ઞાયક ચિદાનંદ જેનું લક્ષણ આત્મખ્યાતિ, વસ્તુ છે એવી પ્રસિદ્ધિ થઈ, પર્યાયમાં આખો આત્મા, પરિપૂર્ણ આત્મા છે એવી પ્રસિદ્ધિ થઈ એ પર્યાય સંવર અને નિર્જરા અને સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? હજી સમજવું કઠણ પડે.

આ વર્તમાનમાં એવી ગડબડ કરી દીધી છે. બિચારા ભટક્યા ભટક કરે. સાચી સમજણ શું છે એ કરવાનો અવસર જ નથી લીધો. કાં બહારથી ત્યાગી થઈ જાય. ત્યાગી થઈ જાવ, લઈ લ્યો પડિમા અને લઈ લ્યો વ્રત. ન્યાલચંદભાઈ! હેરાન-હેરાન બિચારા થાય. અને પછી મુંડાઈ પડે અને ક્યાં જાવું માણસને? પછી નામ પડ્યું મોટું આવડું બહારમાં પ્રસિદ્ધ કે આવા છે મહારાજ! ઓહો..હો..! સાત પડિમાધારી ભાઈ! સાત પડિમાધારી. સાતમાં એકેય પડિમા ન હોય. હજી પડિમા કોને કહેવી? ભગવાન! તારી ખ્યાતિ તને થયા વિના, તારી પ્રસિદ્ધિ તારામાં આવ્યા વિના બહારની પ્રસિદ્ધિમાં શું રાખ્યું છે? આત્મખ્યાતિ છેને આત્મખ્યાતિ? તો તારી પ્રસિદ્ધિ તને થયા વિના બહારની પ્રસિદ્ધિ? મોટા મહારાજ છે. ઓહો..હો..! મોટી પડિમાધારી એલક મહારાજ ભાઈ એ તો. ક્ષુલ્લક મહારાજ છે. દસમી પડિમા છે, આઠમી પડિમા છે. સાત પડિમાં તો સાધારણ ભાઈ જૈનના ગૃહસ્થ હોય તો સાત પડિમા તો લેવી જોઈએ. એવું ચાલે છે. અમારે ભલામણ બહુ આવે છે. મહારાજ! સાત પડિમા તો લ્યો સ્વતંત્ર છેને સુરતના. ભગવાન! સાંભળ તો ખરો હજી. હજી શું છે?

એ ચિદાનંદ જ્ઞાયક જ્યોતિ હું એકરૂપતા જેનું લક્ષણ છે એવી આત્મખ્યાતિ એનું નામ સંવર અને નિર્જરા છે. અહીંથી સમ્યગ્દર્શન શરૂ થાય છે. બાકી સમ્યગ્દર્શન શરૂ થયા વિના સંવર, નિર્જરા થતી નથી. અને પછી પડિમા તો સ્વરૂપની શાંતિ, એકાગ્રતા વધતા-વધતા રાગ ઘટવો અને આનંદની વૃદ્ધિ થવી એનું નામ પડિમા છે. સમજાણું? કારણ કે દંસણ પડિમા તો એમાં તો અપ્રત્યાખ્યાનાવરણીય તો ટળ્યું, પણ પછી જેમ જેમ દર્શન પડિમા, પછી વ્રત પડિમા એ ત્રીજી પ્રત્યાખ્યાનાવરણીયનો રસ મંદ પડી જાય છે. ત્રીજાનો. છોટેલાલજી! હજી દર્શન પડિમામાં પાંચમું ગુણસ્થાન આવી ગયું. ત્યાં બીજા કષાયનો (અભાવ થયો). એટલું અવલંબન લીધું આત્માની શાંતિનું, એટલું અવલંબન લીધું કે બે કષાય તુટી ગયા. કષાય તો કષાયને કારણે તૂટ્યા. પણ પોતામાં શાંતિ એટલી પ્રગટ થઈ, એ નિમિત્ત પડ્યું.

નૈમિત્તિક કષાય તૂટવાનો હતો તો દર્શન પડિમા આવે છે. સ્વભાવનું એકત્વ. સમ્યગ્દર્શનમાં એકત્વ નવથી છૂટ્યો અને એકત્વ થયું, પછી જેટલું એમાં વિશેષ એકત્વ થાય એની વૃદ્ધિ થાય છે. વ્રત પડિમામાં તો પછી એક-એક પડિમામાં આગળ ચાલે એવો ત્રીજો કષાયનો રસ ઘટે છે. ત્રીજો પ્રત્યાખ્યાનાવરણીનો. કરે છેને? ત્યારે તો એમાં શાંતિ અને આનંદની ઝલક અને અકષાયની પરિણતિની શુદ્ધિની વૃદ્ધિ વિશેષ થાય છે. એને ભગવાન પડિમા કહે છે, એને સંવર-નિર્જરા કહે છે. ક્રિયાકાંડ બહારની અને એવી કષાયની મંદતા થવી એ સંવર, નિર્જરા ધર્મ નથી.

ભાઈ! યથાર્થ વાત શું છે એ લોકોએ સાંભળવું તો પડશેને. સત્ય સાંભળો, સત્ય સમજો, વિચાર કરો. એમાં ક્યાંય ભૂલ હોય, ભૂલ હોય. એ તો છે અનાદિથી એમાં શું છે? હવે સત્ય શું છે એને સમજો? એમાં તો માન આવે છે. અસત્યની ભૂલ હતી એ ટળી એમાં પોતાનું માન આવ્યું અને અસત્યની ભૂલમાં સત્ય સમજ્યો હતો એ પોતાનું અપમાન હતું. પોતાનું અપમાન હતું. લોકો ભલે માન આપે લાખો, કરોડો મનુષ્યો. ઓહો..હો..! બહુ મોટા આવા છે, આવા છે. પણ પોતાની પર્યાયમાં જે સ્વભાવની રુચિ અને યથાર્થતા ન આવી અને પોતાનું અપમાન રાગ અને અજ્ઞાનથી કરતો હતો, દુનિયા પ્રસિદ્ધિ કરતી હતી, પણ પોતાનું તો અપમાન હતું અસત્ય માન્યતાથી, વિપરીત માન્યતાથી. વિપરીત માન્યતા ટળે. જગત અપમાન આપો, ન આપો પણ પોતાની આત્મખ્યાતિની પ્રસિદ્ધિથી માન મળે છે. દુનિયા ગમે તે કહો. તેથી શબ્દ આત્મખ્યાતિ રાખ્યો છે. કેમ રાખ્યો? કે તારી પર્યાયમાં જ્ઞાયકભાવની પ્રતીત થઈ તો તારી પ્રસિદ્ધિ તારામાં થઈ. તારી પ્રસન્નતા, તારી પ્રસિદ્ધિ, તારી સિદ્ધતામાં, પ્રસિદ્ધિ લોક માને, ન માને એ તો યશોકીર્તિના ઉદયનું કારણ છે. એ પ્રસિદ્ધિમાં કાંઈ છે નહિ. તારી પ્રસિદ્ધિમાં છે. તારા નવ તત્ત્વના વિચારમાં પણ તારી પ્રસિદ્ધિ નહોતી. તો એમાં શું છે? રાજારામજી! દુનિયા મોટો માનતી હતી કે આહા..હા..! મોટા મહારાજ મોટા, સમજ્યા? આવા-આવા મોટા વિદ્વાન. કેટલા હજારો ગ્રંથ જેને મોઢે છે. સંસ્કૃતમાં પ્રવિણ, શ્લોકવાર્તિકમાં પ્રવિણ, પ્રમેયકમળ માર્તંડમાં પ્રવિણ.

શ્રોતા :- આત્મામાં અપ્રવિણ.

ઉત્તર :- આત્મામાં અપ્રવિણ.

ભગવાન અમૃતચંદ્રાચાર્યે આ ટીકાનું નામ જ આત્મખ્યાતિ રાખ્યું. ભગવાન! તારી પ્રસિદ્ધિ બહારથી નથી થતી, બહારથી તો નહિ, પણ નવ તત્ત્વ જેવા છે એવો વિકલ્પથી વિચાર કરવો એ પણ તારી પ્રસિદ્ધિ નથી. એ પણ તારી પ્રસિદ્ધિ નથી. પ્રસિદ્ધિ કરવી છેને તારે? પ્ર-વિશેષે સિદ્ધ-પાક્કું કરવું છે. પ્રસિદ્ધિ કરવી છે. કોને? આત્માની ખ્યાતિ પ્રસિદ્ધિ. ઓહો..! નવ તત્ત્વનો વિચાર પણ સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે વ્યવહારથી રાગમિશ્રિત વ્યવહારથી નવનો વિચાર કરે છે એ વ્યવહારનયનું લક્ષણ છે. એ ભેદ વ્યવહારનયનું લક્ષણ છે. વ્યવહારનય

એ સૂચવે છે. સ્વભાવના અવલંબનમાં એકરૂપ પ્રગટ કરનાર આત્મા જ્ઞાયકમૂર્તિ છું એવી આત્મખ્યાતિ જેનું લક્ષણ છે એ પ્રાપ્ત થાય છે. એ અંતર ભૂતાર્થનયથી જ્ઞાયક સ્વભાવ પોતાના અવલંબનથી આત્મખ્યાતિ પ્રાપ્ત થાય છે. દુનિયાથી પ્રાપ્ત થતી નથી. જુઓ, શું કહ્યું? કર્મ ખસે શું કહે છે? કર્મ દૂર થાય તો આત્માની પ્રાપ્તિ થાય છે એમ નથી. એ નવ ભેદ દૂર થાય એમ પણ નથી, ભેદ સહજ દૂર થઈ જાય છે.

આત્મા જ્ઞાયક ચિદાનંદ છું. નવનો વિચાર કર્યો પહેલા કે સર્વજ્ઞ શું કહે છે? ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં નવ પદાર્થની પૂર્ણતા, પૃથક્તા, પ્રત્યેકતા, યથાર્થતા, સત્યતા કેવી છે? એવો વિચાર કર્યો, એ પણ આત્મખ્યાતિ નથી. જેને એના પણ ઠેકાણા નથી અને બીજા સાથે સમન્વય કરે છે અને મિશ્રણ કરે છે એના તો વ્યવહાર ભેદના નવના પણ ઠેકાણા નથી. એની તો વાત પણ નથી કરતા. જેના સર્વજ્ઞની વાણીમાં એ જ્ઞાનાનંદ પ્રભુ ચિદાનંદ જ્ઞાનસ્વભાવથી વ્યક્ત થયો, જેવો શક્તિમાં હતો એવો વ્યક્ત થયો અંતર સ્વરૂપના અવલંબને. પૂર્ણાનંદ પ્રકાશ થયો, કેવળજ્ઞાન ભાનુ ખીલ્યો. કેવળજ્ઞાન ભાનુ-સૂર્ય. કેવળજ્ઞાન ભાનુ જેની પર્યાયમાં ખીલ્યો એની વાણીમાં જે આવ્યું નવ તત્ત્વ અનાદિ-અનંત જેવા છે તેવા. એનો વિકલ્પ નામ રાગમિશ્રિત વિચાર કરવો એ પણ ધર્મ નથી તો એનાથી વિપરીત સમન્વય કરવો બીજા સાથે એ તો તીવ્ર મિથ્યાત્વ છે. જરી વાત તો ભાઈ (એવી છે). એક ગાથામાં ઘણું સમાડ્યું છે. એટલી વાત કરી છે કે નવ. કોણ માને છે નવ? વીતરાગ સર્વજ્ઞ સિવાય યથાર્થ નવની શ્રદ્ધા છે જ ક્યાં વ્યવહારમાં પણ?

વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ જેવું વસ્તુનું સ્વરૂપ છે. આત્મા, અનંત-અનંત પરમાણુઓના પરિણામ પોતાની પર્યાયથી થાય છે. પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. એ જેવા છે તેવા રાગસહિત વીતરાગની આજ્ઞા પ્રમાણે આગમના લક્ષે, આગમના લક્ષે, શાસ્ત્ર એમ કહે છે એવા યથાર્થ આગમના શાસ્ત્રની દૃષ્ટિથી નવનો વ્યવહારભૂત લક્ષણ પ્રતીતમાં લેવો કષાયની મંદતા છે. તો એનાથી વિપરીત લક્ષમાં લેવું એ તો તીવ્ર મિથ્યાત્વસહિત તીવ્ર કષાય છે.

જુઓ, એ વાત કહેતા એ પણ લઈ લીધું કે ગૃહીત મિથ્યાત્વનો એમાં ત્યાગ આવ્યો, ભાઈ! પહેલા નવ તત્ત્વની યથાર્થ પ્રતીતિ થાય એમાં ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ થઈ ગયો. હજી નવના ભેદનો અનુભવ કરે છે ત્યારે અગૃહીત મિથ્યાત્વનો ત્યાગ (થયો). શું કહ્યું? કે ભગવાન સર્વજ્ઞદેવે એક-એક વસ્તુ જેવી છે એવી પરિપૂર્ણ જોઈ, જેવી કહી. એવા અજીવ, એવા સંવર, આસ્રવ, બંધ, મોક્ષ આદિ. એનો વ્યવહાર પ્રતીતમાં લે તો કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની પ્રતીત છૂટી તો એને ગૃહીત મિથ્યાત્વ ટળ્યું. અગૃહીત નહિ. એ નવનો અનુભવ કરવો હજી અગૃહીત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આ નવની પહેલી વ્યાખ્યા કરી ગયાને? એવા નવ, એવા નવની યથાર્થ પ્રતીત કરે તો ગૃહીત મિથ્યાત્વ ટળે છે. પણ નવમાં રોકાઈ જાય તો

ગૃહીત મિથ્યાત્વ રહે છે. સુલટીને જ્ઞાયક સ્વભાવમાં આવ્યો તો અગૃહીત મિથ્યાત્વનો નાશ થયો. ...લાલજી! સમજાય છે? ઓહો..હો..! શું ચીજ છે? શું રીત છે? શું વિધિ છે? એને યથાર્થ લક્ષમાં પહેલા લીધી નથી. એને અંતરમાં રુચિ કરવાનો પ્રયત્ન ક્યાંથી થશે? વસ્તુસ્થિતિ પોતાની પાસે છે, કાંઈ બહારથી આવતી નથી.

તો કહે છે કે આત્મખ્યાતિ જેનું લક્ષણ આત્મખ્યાતિ અનુભૂતિનું છે એ પ્રાપ્ત થાય છે. લ્યો, એ અનુભવ પ્રાપ્ત થાય છે. પર્યાય પ્રાપ્ત નહોતી થઈ એમ કહે છે. અનાદિ કાળથી નહોતી પ્રાપ્ત થઈ. અનુભૂતિ અનાદિકાળથી નહોતી પ્રાપ્ત થઈ. એ તો પ્રાપ્ત થાય છે. પર્યાયનો ઉત્પાદ થાય છે એમ બતાવે છે. ઉત્પાદ થાય છે. દ્રવ્ય તો છે ઈ છે, જ્ઞાયકસ્વભાવ.

શ્રોતા :- દ્રવ્યમાં તો પર્યાય ભરી જ છે.

ઉત્તર :- હા, પણ શક્તિ ભરી છે એનું અવલંબન લીધું તો નવી પર્યાય સમ્યગ્દર્શનની અનુભૂતિની પર્યાય ઉત્પન્ન થઈ. એ અનાદિથી પર્યાય નહોતી. અનાદિથી નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ પર્યાય હતી. સમ્યગ્દર્શનની ઊલટી પર્યાય હતી. તો એ શુદ્ધનયરૂપે સ્થાપિત આત્માની અનુભૂતિ જેનું લક્ષણ આત્મખ્યાતિ છે. એ આત્મખ્યાતિથી પ્રસિદ્ધ થાય છે, અનુભૂતિ એનું લક્ષણ છે.

એ પ્રાપ્તિ '**(શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે...**' લ્યો, '**તે હેતુથી આ નિયમ કહ્યો.)**' કેમકે નવ તત્ત્વ એમાં આવ્યા વિના રહેતા નથી. જેને એક જ આત્મા બધું છે જગતમાં અને અજીવ અનંતગુણા છે જ નહિ, પરમાણુ સ્વતંત્ર છે જ નહિ એની તો અહીંયા વાત જ નથી. યથાર્થ નવ વસ્તુ જેવી બધી જગતમાં છે એવું નિમિત્ત આવ્યું, એ નિમિત્તનું લક્ષ છોડીને સ્વભાવનું અવલંબન જ્ઞાયકનું લીધું તો કહ્યું કે નિયમથી સમ્યગ્દૃષ્ટિને નવ તત્ત્વનું નિમિત્ત પણ આવે છે અને એને છોડીને જ્ઞાયક થયો ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત, ભાઈ! લોકોને એમ જો કહે કે ભાઈ આ તપ કરો, અપવાસ કરો તો તરત કરી નાખે લ્યો. તરત શું? જલ્દી. ભાઈ! અપવાસ કરો ચાલો ભાઈ ચૌદશનો અપવાસ કરો. એનાથી મોટા લાભ થશે, નિર્જરા થશે. કોની? તારા આત્માના ખ્યાતિ અપ્રસિદ્ધ થશે. નિર્જરા-ફીર્જરા કેવી અજ્ઞાનીને? વ્રત અને નિયમ ને તપ સમ્યગ્જ્ઞાન વિના બધું ફોગટ મિથ્યા છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- કોઈ નહિ કરે એવું કહેશો તો.

ઉત્તર :- કોણ કરે છે તે નહિ કરે? નહિ કોણ કરશે જે કરતા હોયને. એની પર્યાયના ક્રમથી એ પરિણામ આવે છે એ આવે જ છે. એની દૃષ્ટિ ક્યાં છે એ જોવાનું છે. દૃષ્ટિનો વિષય ધ્યેય કઈ તરફ છે? રાગ તરફ છે? ભેદ તરફ છે? નિમિત્ત તરફ છે? કે સ્વભાવ તરફ છે? બસ, એ જ વસ્તુનું સ્વરૂપ છે. આ તો પર ઉપર લક્ષ કરીને ત્યાં માની લે કે અમને ધર્મ થયો. મોટો લાભ થયો, ભાઈ! સમ્મેદશિખર જાય છે તો નથી આવતું શાસ્ત્રમાં?

આવે છેને સ્વાધ્યાયમાં? પશુ નરકનો ભવ નથી થતો. જે સમ્મેદશિખર જાય એને નરક અને પશુનો ભવ બેય રોકાઈ જાય છે. એમાં શું ધૂડ થયું? નરક ક્યાં રોકાય છે? એવા સમ્મેદશિખર ઉપર તો અનંતવાર જઈ આવ્યો. પશુ પણ ઘણા જાય છે. પશુ પણ ઘણા જાય છે. શું થયું? સમ્મેદશિખર આત્મા અનંતજ્ઞાનનું શિખર જેમાં પર્યાયમાં જેને અનંતી મુક્તિ થાય છે. ત્યાંથી મુક્તિએ નથી ગયા, આત્મામાં મુક્તિ થાય છે.

શ્રોતા :- ...

ઉત્તર :- અહીં આત્માની. ના, ભાવ હોય તો શુભ થાય. ધર્મ-બર્મ નથી.

શ્રોતા :- ધર્મના ભાવસહિત જો હોય...

ઉત્તર :- પણ ધર્મના ભાવસહિત પણ સમ્મેદશિખરથી નથી થતી. સમ્મેદશિખરથી ભાવ નથી આવતો. તો બે દ્રવ્ય એક (થઈ જાય). સમ્મેદશિખરથી પુણ્ય પરિણામ પણ નથી થતા, ધર્મ તો નથી થતો. કહો.

શ્રોતા :- આત્માનો ભાવ હોય તો જો સમ્મેદશિખરની વંદના કરવામાં આવે.

ઉત્તર :- વંદના કરે તો એનાથી કિંચિત્ ધર્મ થાય નહિ. આત્માનું સમ્યગ્દર્શન થયા પછી પણ સમ્મેદશિખરની વંદનાથી ધર્મ કિંચિત્ નથી, પુણ્ય છે. એ મંદ કષાય કરે તો પુણ્યબંધ છે. એ મંદ કષાય સમ્મેદશિખર ગયો તો થયો એમ પણ નથી. એ તો નવ તત્ત્વમાં આવ્યું.

શ્રોતા :- મંદ કષાય હોય તો?

ઉત્તર :- મંદ કષાય હોય તો પુણ્ય છે. સમ્મેદશિખરથી નહિ. સમ્મેદશિખર અજીવ પદાર્થ છે, પર છે. પોતાની કષાયની મંદતાના પરિણામ કરે તો પુણ્ય પરિણામ છે. એમાં ધર્મ થશે એમ માનવું એ મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :- તો એ નવ તત્ત્વમાં ક્યું તત્ત્વ આવ્યું?

ઉત્તર :- પુણ્યતત્ત્વ આવ્યુંને. એ પુણ્યમાં પછી મિથ્યાત્વ થતાં પાપતત્ત્વ આવ્યું.

શ્રોતા :- ધર્મ માનવું એ પાપ?

ઉત્તર :- એ કષાયની મંદતા પોતાથી થઈ, સમ્મેદશિખરથી નથી થઈ અને પછી માનવું કે એનાથી થઈ. તો મિથ્યાત્વનું પાપતત્ત્વ આવ્યું. નવ તત્ત્વમાં પાપ મિથ્યાત્વ છે કે નહિ? પાપતત્ત્વમાં મિથ્યાત્વ, અવ્રત બધું પાપ છે કે નહિ? સમ્મેદશિખરની વંદના કરવાથી મને સમ્યગ્જ્ઞાન થયું. પાપતત્ત્વ થયું. હોય. ભારે વાત ભાઈ! એની તો નવ તત્ત્વની વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી. રાજારામજી! ઘણી કઠણ વાત, ભાઈ! એ તો પહેલામાં આવી ગયું. નવ એ પરપદાર્થથી મને પુણ્યના પરિણામ થયા. નવની ભૂલ, મિથ્યાત્વનું પાપ. પર્યાય, પોતાની પર્યાય પરથી કદી થતી નથી. સમ્યગ્દૃષ્ટિ જે જાત્રાએ જાય છે એ પરથી લાભ જરાય માનતા નથી. મારા ચિદાનંદ જ્ઞાયક સ્વભાવને પકડ્યો છે એમાં જેટલો એકાગ્ર પોતાના પુરુષાર્થથી થયો એનો મને લાભ છે. પર ઉપર લક્ષ જાય છે એટલું તો મારી કષાયની મંદતાનું પુણ્ય

છે. એ ધર્મ-બર્મ નથી. સમ્યગ્દૃષ્ટિ જાત્રાએ જાય છે, મુનિ પણ સમ્મેદશિખર જાય છે. એ ક્રિયાથી ધર્મ માનતા નથી, સમ્મેદશિખરથી સંવર માનતા નથી. સમજાય છે?

શ્રોતા :- શેના માટે જાય છે?

ઉત્તર :- એ પોતાની પર્યાયમાં વિકલ્પ ઉઠ્યો, સ્વભાવ ઉપર દૃષ્ટિ છે, દેહની ક્રિયા થવાની છે, પોતાની કષાયની મંદતાનો કાળ છે ત્યારે લક્ષ પર ઉપર ગયું છે. સ્વભાવની દૃષ્ટિ છૂટી નથી. એ સ્વભાવની દૃષ્ટિના આશ્રયે સંવર-નિર્જરા થાય છે. પરને આશ્રયે કદી થતું નથી. પણ કહ્યુંને? નવ તત્ત્વ હોય છે. પુણ્ય પરિણામ આવે છે એને. એ તો કહ્યું. સમકિતીને, મુનિને પણ શુભ પરિણામ આવે છે. પણ એ શુભ પરિણામ સમ્મેદશિખરથી નથી થયા. એ સમ્મેદશિખરની વંદના કરી તો ધર્મ નથી થયો. ઓહો..! પુણ્ય એનાથી નથી થયું, પોતાની કષાયની મંદતાથી થયું છે. ભારે ગડબડ ભાઈ! વર્તમાનમાં તો બધું ગોલમાલ થઈ ગયું છે. એવી ગોલમાલ થઈ ગઈ છે કે તત્ત્વના તો એકેય ઠેકાણા નથી. અને બહારથી માની લીધું. કેમકે વિષય-ભોગ ભોગવવા છે. ખાવું, પીવી, લહેર કરવી. એમાંથી એકાદ જાત્રા કરવાથી જન્મ-મરણનો અંત આવી જાય તો બહુ આનંદ થઈ જાય. પછી લહેર કરો. નહિ. એવી ચીજ જૈનદર્શનમાં નથી હોતી. જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ છે, કોઈ વાડો નથી.

ભગવાન આત્મા... જુઓ, કહ્યુંને કે અનુભૂતિ એકત્વ-એકત્વ. એ પરિણામ કષાયની મંદતાના થયા એ પણ અનેક થયા. સમ્મેદશિખરથી નહિ, પણ કષાયની મંદતા પોતામાં થઈ એક ન રહી. જેટલા અંતરમાં જ્ઞાયકસ્વભાવની તત્ત્વજ્ઞાન દૃષ્ટિ થઈ. એટલે અંશે એકત્વ જેટલું થાય એનું નામ ધર્મ થાય છે. અનેકપણું ઉત્પન્ન થયું એ તો અધર્મ છે. લ્યો! પુણ્ય પરિણામને અધર્મ કહી દીધા. કડક લાગે છે હોં લોકોને. ભાઈ! શાંતિથી સાંભળો. વ્યવહારથી ધર્મ કહો કે નિશ્ચયથી અધર્મ કહો બેય એક જ વાત છે. એ સાંભળવામાં તને શું થાય છે? કેમકે આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ આવ્યો, વિભાવ થયો, સ્વભાવ ધર્મ છે અને વિભાવ અધર્મ છે. પછી અધર્મના બે પ્રકાર—એક પુણ્ય અને પાપ. બેય અધર્મના પ્રકાર છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય તેરમી ગાથાની ટીકા-ટીકા કરે છે. ટીકા કરેને, જેમ કોઈ દૂધ હોયને દૂધ? ગાય કે ભેંસની આઉમાં દૂધ હોયને? પછી કાઢે છે. તો અંદરમાં છે તો કાઢે છેને? તો એમાં પાઠમાં એવો ભાવ ભર્યો છે તો ટીકા કરીને કાઢે છે. નથી કહેતા કે અમારી શું ટીકા કરો છો? ટીકા કરીને અમારો વિસ્તાર શું કરો છો? અહીં વિસ્તાર કરે છે. તારો આત્મા જ્ઞાયક ચિદાનંદ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ થાય ત્યાંથી સંવર-નિર્જરા (થાય છે). એ તો તત્ત્વજ્ઞાનથી તો વિષયનું પરિણામ જ્ઞાનીને થાય છે, પાપતત્ત્વના પરિણામ તો સમ્યગ્દૃષ્ટિને આવે છે. અશુભ પરિણામ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા ચોથે ગુણસ્થાને પણ આવે છે. નથી આવતી ત્રણ લેશ્યા? ત્રણ લેશ્યા હોય, વિષય ભોગની વાસનામાં છે તોપણ નિર્જરા

છે. કેમકે દૃષ્ટિ તત્ત્વજ્ઞાનમાં એકત્વ પડી છે. એકત્વમાં આશ્રય છૂટ્યો નથી તો ત્યાં પણ સંવર અને નિર્જરા છે. એ અશુભ ભાવથી નહિ હોં, અશુભ ભાવ તો પાપ છે. એ તો પાપ છે. પણ સ્વભાવનું જ્ઞાયકપણું એકત્વ થયું એટલું તો ત્યાં ક્ષણે-ક્ષણે એકત્વ થાય છે તો સંવર-નિર્જરા ત્યાં પણ છે અને અજ્ઞાની ભગવાન પાસે બેસીને દિવ્યધ્વનિ સાંભળે. એનાથી મને લાભ થશે, સમ્મેદશિખર જાય, ભગવાન! અહીંથી અનંત તીર્થંકર મોક્ષે ગયા. નીચે સાથિયો શાશ્વત છે. સાથિયો શાશ્વત છેને? અયોધ્યામાં જન્મ થાય છે અને ત્યાં મુક્તિ થાય છે. અયોધ્યામાં પણ શાશ્વત સાથિયો છે. હે નાથ! આ ક્ષેત્રથી અમે પાવન થઈ ગયા. ક્ષેત્રથી, પરદ્રવ્ય ક્ષેત્રથી પાવન માન્યું એમાં મિથ્યાત્વનું પાપ લાગે છે. સમજાણું કાંઈ? આ વાત સમજ્યા વિના દુનિયામાં ભટકે, રખડે. ભગવાન જ્યાં બિરાજે છે ત્યાં નિગોદ થઈને જાય. ભગવાન બિરાજે છે ત્યાં નિગોદ છે કે નહિ? સિદ્ધ બિરાજે છે ત્યાં નિગોદ છે. એમાં શું થયું? એમ સમ્મેદશિખરમાં જાય અને ભગવાન પાસે નિગોદ થઈને જાય, બધા સરખા છે.

આત્મામાં નવ પ્રકારના વિકલ્પના ભેદ એ લક્ષણ વ્યવહારનું છે અને મારું લક્ષણ આત્મખ્યાતિનું જ્ઞાયકરૂપ એકત્વ છે. એવું જેને ભેદજ્ઞાન ન થયું. એ કષાય મંદ કરો, એ પુણ્ય બાંધે. એ પુણ્ય બાંધે એકવાર એ પાછો પાપ બાંધશે. મિથ્યાત્વ છે. શુભભાવ છૂટી જશે અને અશુભભાવ આવશે. સમજાણું કાંઈ? કહ્યું હતુંને? જે કોઈ મિથ્યાદૃષ્ટિ શુભ પરિણામથી શાતાવેદનીયથી પંદર ક્રોડાક્રોડી બાંધે. સમ્યગ્દૃષ્ટિ તો પંદર ક્રોડાક્રોડી બાંધતા નથી. અંતઃ ક્રોડાક્રોડી (બંધાય). પણ મિથ્યાદૃષ્ટિને એવો કોઈ શુભભાવ આવે કે જેનાથી પંદર ક્રોડાક્રોડી શાતાવેદનીયની સ્થિતિ બાંધે. પંદર ક્રોડાક્રોડી સ્થિતિ ભોગવવાનો કોઈ કાળ જ નથી ત્રસમાં. ત્રસ બે હજાર વર્ષ રહે છે, પછી એકેન્દ્રિય થઈ જાય છે. તો મિથ્યાદૃષ્ટિ નવ તત્ત્વનો અનુભવ કરે છે અને લાભ માને છે તો શુભ પરિણામ જે થયા એમાં કદાચિત્ કોઈ શુભથી પંદર ક્રોડાક્રોડી શાતાની સ્થિતિ બાંધી પણ એટલી સ્થિતિ રહી શક્તી જ નથી એને. કેમકે દૃષ્ટિ વિપર્યાસ છે તો દૃષ્ટિ વિપર્યાસનું જોર થશે અને સ્થિતિ ઘટીને એમાં થોડી સ્થિતિ કરીને નિગોદમાં ચાલ્યો જશે. પંદર ક્રોડાક્રોડી સ્થિતિ ભોગવવાનો કાળ મિથ્યાદૃષ્ટિને ક્યાંય છે જ નહિ. શુભ પરિણામથી બાંધ્યું હતું અને મિથ્યાત્વનું જોર છે તો અશુભ પરિણામ થઈ જશે, સ્થિતિ ઘટશે. ન્યાય સમજાય છે? એ લખાણ આત્મસિદ્ધિમાં આવ્યું છે પ્રવચન. આત્મધર્મમાં પણ આવ્યું છે.

ન્યાય સમજો. કેમકે જ્ઞાયક ચિદાનંદ હું છું એવી સ્વભાવની દૃષ્ટિ તો થઈ નથી અને પરથી ધર્મ માન્યો છે તો એમાં પુણ્ય પરિણામ કદાચિત્ કષાય મંદ છે તો મિથ્યાદૃષ્ટિ કર્મની સ્થિતિ મોટી બાંધે છે. કોની? પુણ્યની. શાતાવેદનીય. પંદર ક્રોડાક્રોડ સાગરોપમ બાંધે. સમકિત બાંધે? નહિ. સમકિતી અંતઃ ક્રોડાક્રોડી બાંધે છે. શાતા એટલી ન બાંધે. તો સમકિતી પણ

અંતઃ ક્રોડાક્રોડી બાંધે શુભ પરિણામથી પણ દૃષ્ટિ છે સ્વભાવ તરફ તો એ શુભ પરિણામને તોડીને શુદ્ધ થઈ જશે અને અંતઃ ક્રોડાક્રોડીની સ્થિતિ એને ભોગવવાનો પણ કાળ નથી. એને પણ ભોગવવાનો કાળ નથી. અને એને પંદર ક્રોડાક્રોડી બાંધે એને પણ ભોગવવાનો કાળ નથી. એક અંતઃ ક્રોડાક્રોડીની સ્થિતિ તોડીને સ્વરૂપમાં આવશે. એક પંદર ક્રોડાક્રોડી સ્થિતિ તોડીને નિગોદમાં જશે. કેમકે દૃષ્ટિ જ્ઞાયકમૂર્તિ એકત્વમાં ચિદાનંદ આત્મખ્યાતિ પ્રસિદ્ધિ નથી થઈ. આત્મપ્રસિદ્ધિમાં વિના અપ્રસિદ્ધમાં જશે. અપ્રસિદ્ધ એટલે નિગોદ. સમજાણું કંઈ? એનો વિસ્તાર જરી થોડો વિશેષ છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૩૧,
પ્રવચન નં.૨૮૪, તા. ૦૭-૦૫-૧૯૫૩
(૧૪)

આ સમયસારની ૩૧મી ગાથા છે. જુઓ, ૩૧મી ગાથામાં શું કહે છે? આ જગતમાં સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા બિરાજમાન છે. સર્વજ્ઞ પરમાત્મા એટલે શું? આત્મામાં શક્તિરૂપ જે જ્ઞાનસ્વભાવ છે એનો અનુભવ કરવાથી જે વ્યક્તરૂપ પર્યાય પ્રગટરૂપ કેવળ નામ પરિપૂર્ણ સ્વપરપ્રકાશક થઈ એમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જ્ઞાનમાં આવ્યા એને કેવળજ્ઞાની કહે છે. એ કેવળજ્ઞાનીની સાચી ભક્તિ કોણ કરે છે એનો અધિકાર ચાલે છે. કહો, સમજાય છે? મોહનભાઈ! ભક્તિ-ભક્તિ, સ્તુતિ.

આ જગતની અંદર એક આત્મા છે અને એક આત્મામાં અનંતગુણ છે. એમાંથી એક જ્ઞાનગુણની વર્તમાન સર્વજ્ઞપર્યાય વ્યક્ત નામ પ્રગટ થાય છે જેને ત્રિકાળવેતા કહે છે. ત્રિકાળવેતા, ત્રિકાળ જ્ઞાની. આ જગતમાં ત્રિકાળ જ્ઞાની જીવની હયાતી, સત્તા, મોજૂદગી છે. મોજૂદગી છે એવું કોણે માન્યું અને કઈ વિધિથી માનવામાં આવે છે, ઈ અધિકાર ચાલે છે. નવરંગભાઈ! સમજાય છે કાંઈ?

આ જીવ-અજીવ અધિકાર છે. તો જીવ અધિકારમાં આ સર્વજ્ઞ પરમાત્મા જગતમાં પૂર્ણ શક્તિ અંદર સ્વભાવ આત્માનો તો જ્ઞાન, દર્શન, આનંદ, વીર્યનો સ્વભાવ ત્રિકાળ શક્તિરૂપ પડ્યો છે. એની પ્રતીતિ જ્ઞાન સ્વસંવેદન અને અંદર રમણતા કરતાં પૂર્ણ જે સર્વજ્ઞ શક્તિમાંથી વ્યક્ત થયા પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ અને પૂર્ણ વીર્ય એવી જીવની શક્તિની વ્યક્તરૂપ થયેલી દશા જગતમાં છે. આ જગતમાં છે. વિદ્યમાન છે, મોજૂદગી છે, હયાતી છે, અસ્તિત્વ છે. તો એ અસ્તિત્વનો સ્વીકાર કોણે, કયા પ્રકારે કર્યો હોય તો યથાર્થ છે એ વાત ચાલે છે. હેમરાજજી! બરાબર છે? જુઓ, અધિકાર જીવ-અજીવનો ચાલે છેને? જીવ-અજીવનો અધિકાર ચાલે છે. બ્રહ્મચારીજી! જીવ-અજીવ.

તો જીવની એક જીવની, જીવ કહો કે આત્મા કહો, એક આત્મામાં એવી પર્યાય નામ અવસ્થા પૂર્ણ જ્ઞાન, આનંદ, વીર્ય, દર્શન આદિ પ્રગટ્યા એવો જીવ જગતમાં છે. એ કયા જીવે એવું માન્યું? અને એ માન્યું તો એનું લક્ષણ શું? અને લક્ષણ ક્યું? તો કઈ વિધિથી એણે માન્યું કે સિદ્ધ કરવું કે એને યથાર્થ સર્વજ્ઞની માન્યતા છે. એ સર્વજ્ઞની માન્યતા કહો કે સર્વજ્ઞની ભક્તિ કહો કે સર્વજ્ઞની સ્તુતિ કહો કે સર્વજ્ઞનો એ ભક્ત કહો. ..લાલજી! બરાબર

છે? સર્વજ્ઞનો ભક્ત, દેવનો ભક્ત. જગતમાં સાચા દેવ, અરિહંત, સિદ્ધ જે સાચા દિવ્યશક્તિ અંતરમાંથી પ્રગટ થઈને પૂર્ણાનંદ દિવ્યશક્તિ અહો..! દિવ્ય જ્ઞાનમયમાં (પ્રગટ થઈ), ભાઈ! આવે છેને? હિંમતભાઈ! પ્રવચનસારમાં અહો..! દિવ્ય જ્ઞાનની મહિમા કે જે કેવળજ્ઞાનમાં કાંઈપણ પરોક્ષ રહે તો એ દિવ્ય જ્ઞાન જ ન કહેવાય. ન કહેવાય એટલે સમજ્યા? ન કહેવાય. કહેવામાં ન આવે. થોડી હિન્દી...

એવો જ્ઞાનસ્વભાવ દિવ્યશક્તિ ચૈતન્યરસ ભગવાન આત્મા એની પર્યાયમાં દિવ્યશક્તિ પ્રગટ થઈ ગઈ એવું દિવ્ય જ્ઞાન જગતમાં જીવ છે, આત્મા એવો છે, એ છે એવું કોણે માન્યું? અને એનું લક્ષણ શું? એની પ્રતીતિની સ્થિતિ શું? અને એની યથાર્થ ભક્તિ અને ભક્ત છે એનું સ્વરૂપ શું? એ સ્વરૂપ ચાલે છે. સમજાય છે? આમ તો બધા કહે છે કે અમે ભગવાનના ભક્ત છીએ, અમે સર્વજ્ઞને માનીએ છીએ. પરમાત્મા દિવ્ય શક્તિવાળા અરિહંત જગતમાં છે. પણ છે કેવા અને કયા પ્રકારે છે એવું માન્યતામાં આવ્યું? છે કેવા અને કયા પ્રકારે એની માન્યતામાં આવ્યું તો એને છે એવી પ્રતીત થઈ? તો ભગવાન કુંદકુંદાચાર્યે જીવ-અજીવ અધિકારમાં સર્વજ્ઞની પ્રતીતિ, જગતમાં સર્વજ્ઞ જીવ છે એવું માનનારનું શું લક્ષણ? શું સ્વરૂપ એનો અહીંયા અધિકાર ચાલે છે.

એક તો ઈન્દ્રિયોને જીતનાર. કેવો છે એ ભગવાનનો ભક્ત? એ સર્વજ્ઞની સ્તુતિ કરનારો અથવા સર્વજ્ઞ જીવનું અસ્તિત્વ માનનારો. એક દ્રવ્યેન્દ્રિયને જીતનારો. '**ઈન્દ્રિયોને જીતીને...**' એટલો શબ્દ પડ્યો છે. એમાં પહેલા એમ કહ્યું કે દ્રવ્યેન્દ્રિયને જીતનારો. શું? કે જેણે સર્વજ્ઞપદની પ્રતીતની ભક્તિ કરવી છે તો દ્રવ્ય જડ ઈન્દ્રિય આ પાંચ માટી, ધૂળ એનાથી મારામાં જ્ઞાન થાય છે એ દૃષ્ટિ છોડવી પડશે. મોહનભાઈ! કેમકે સર્વજ્ઞનું જ્ઞાન એ પર્યાયમાં ગુણમાંથી આવ્યું છે. તો જેણે સર્વજ્ઞની પ્રતીત અને ભક્તિ અને સ્તુતિ કરવી છે તો એણે દ્રવ્યેન્દ્રિયથી મારામાં જ્ઞાન થશે એ સ્તુતિ જડની થઈ, જડની સ્તુતિ થઈ. એ ભગવાનની સ્તુતિ નથી. સમજાણું કાંઈ? સ્તુતિ કહો, ભક્તિ કહો, ધર્મ કહો, સમ્યગ્દર્શન કહો, સર્વજ્ઞનો ભક્ત કહો બધું એક જ છે.

ભગવાન ત્રિલોકનાથ ચૈતન્ય પરમાત્મા જ્ઞાયકમૂર્તિ, દ્રવ્યેન્દ્રિયથી મને જ્ઞાન નથી. એ દ્રવ્યેન્દ્રિયનું અસ્તિત્વ જડ છે. આ માટી પાંચ. એનું હોવું જડની પર્યાય છે. તો જડની પર્યાય નામ અવસ્થાથી મારી જ્ઞાનની પર્યાય નથી. મારી જ્ઞાનની પર્યાય તો અંતરંગમાં પ્રગટ ચૈતન્યસ્વભાવના અવલંબનથી જે શક્તિની વ્યક્તિ થઈ તો જડની પર્યાયના અસ્તિત્વથી હું છું એવી જે માન્યતા હતી એનો નાશ થઈ ગયો. સમજાણું કાંઈ? સમજાય છે મોહનભાઈ? બરાબર ધ્યાન રાખે છે. આ કેટલું ઝીણું! લાંબુ-લાંબુ મોટું પાછું નહિ? વાક્ય લાંબા. સમજ્યાને? ઓલા કહેતા હતા ભાઈ ટૂંકા વાક્ય બોલે અત્યારે આ બધા. ... આપણા અમૃતલાલ ઝાટકીયા. એમ કે કેટલાક અત્યારે ભાષણ શીખે છે આ નહેરુના. ટૂંકા... ટૂંકા... ટૂંકા... બોલેને? એવી

રીતે ટૂંકા-ટૂંકા બોલીને એમ કે અમે વ્યાખ્યાતા છીએ એમ પ્રસિદ્ધિ કરવા એવું શીખે છે. ઈ જાતનો એ રસીલો ખરોને. એટલે બીજા માણસો આવી રીતે શીખે. પણ વસ્તુ સમજ્યા વિના શું ટૂકડા-ટૂકડા? નહેરુ નહેરુની કોઈ ભાષણની શૈલી હશે. ટૂંકા શબ્દોની શૈલી. ટૂંકા-ટૂંકા. વિદ્વતાની શૈલી.

અહીં તો કહે છે કે ટૂંકું પણ એ છે અને વિસ્તાર પણ એ છે. આત્મા ભગવાન જ્ઞાનાનંદ ચિદાનંદ પ્રભુ એની પર્યાયમાં, પર્યાય નામ અવસ્થામાં સર્વજ્ઞ જગતમાં છે એટલે કે હું સર્વજ્ઞ શક્તિવાન છું. એટલે કે... એટલે સમજ્યાને? અર્થાત્. અર્થાત્ આ જડ ઈન્દ્રિયથી મારામાં જ્ઞાન થયું એ તો મૂઢ, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને સર્વજ્ઞની ભક્તિ નથી આવડતી, સર્વજ્ઞની સ્તુતિ કરતા નથી આવડતી અને સર્વજ્ઞ છે એનો એને ભરોસો-પ્રતીત નથી. તો કહે છે કે દ્રવ્યેન્દ્રિયને જીતી. તો એ દ્રવ્યેન્દ્રિયને જીતવું થયું. અહીંયા આવ્યું. જડથી મને જ્ઞાન થયું. નિમિત્ત તો છે કે નહિ? અરે..! ચાલ... ચાલ... ચાલ. દ્રવ્યેન્દ્રિય નિમિત્ત તો છે કે નહિ કહે છેને? હેમરાજજી! ભગવાન! એકવાર શાંતિથી સાંભળ તો ખરો.

તારી મહિમા, સર્વજ્ઞની મહિમા તારી મહિમા વિના આવશે નહિ અને તારી મહિમા વિના સર્વજ્ઞની મહિમા યથાર્થ બેસવાની નથી. 'એગં જાણઈ સવ્વં જાણઈ' એક જાણે એ સર્વ જાણે. એ વસ્તુસ્થિતિ એવી છે કે અહીંયા સત્તા ચૈતન્ય, જીવની વાત ચાલે છેને? આ જીવ અધિકાર છે. અજીવ અધિકાર પછી ૩૮ ગાથા પછી લેશે. જીવ આત્મા જ્ઞાયક ભગવાન એની મોજૂદગી, એ જડેન્દ્રિયથી મને જ્ઞાન થશે (એમ માને છે તે) સર્વજ્ઞનો ભક્ત નથી. સર્વજ્ઞની સ્તુતિ કરનારો નથી. તું જડની પ્રશંસા કરનારો છો, જડની ભક્તિ કરનારો છો. જડનો દાસ અને જડનો તું નોકર છો.

શ્રોતા :- ભગવાનનો વિરોધી.

ઉત્તર :- ભગવાનનો વિરોધી છે બસ. આમ ગુલાંટ મારે તો એવી ચીજ છે.

ભગવાન! તારી મહિમા તને યથાર્થ પ્રતીતિમાં ન આવે અને અહીંયાં જડ... જડ... જડ... શાસ્ત્ર ભણતર કરો, કોઈપણ કરો, પણ ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ એની વર્તમાન પર્યાય નામ દશામાં દ્રવ્યેન્દ્રિયના અવલંબનથી કાંઈક લાભ થશે, એ ભગવાનનો ભક્ત છે જ નહિ. એ ભગવાનનું સ્તવન, પ્રશંસા કરનારો છે જ નહિ. એ તો જડની પ્રશંસા કરે છે. ઈન્દ્રિય અનુકૂળ હોય તો ઠીક પડશે. આહાર-પાણી અનુકૂળ હોય તો ઠીક પડશે, શરીરની ઈન્દ્રિયમાં સ્ફુર્તિ હોય (તો ઠીક પડશે). કોની પ્રશંસા કરી? એ તો જડની પ્રશંસા કરી. બ્રહ્મચારીજી! તારી પ્રશંસા ન આવી. કેમ? તારી પ્રશંસા, અંતરંગમાં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ એના અવલંબનના બળથી પોતાથી જુદી કરી. જુદી કરી એનો અર્થ? જડ ઉપરની રુચિ છૂટી ગઈ. જડના નિમિત્તથી મને જ્ઞાન થાય છે, હું પર તરફ લક્ષ રાખું. પહેલા રાગ મંદ થાય, કષાય મંદ થાય તો મને જ્ઞાન થશે એ બધી જડની પ્રશંસા કરનારો છે. એ ભગવાનની

પ્રશંસા કરનારો નથી. ઈ કહે છે જુઓ! ટીકામાં ઘણું સમાડી દીધું છે. ગાગરમાં સાગર એમ કહે છેને?

જુઓ, એક પાઠ લીધો '**इन्द्रियाणि जित्वा**' ઓહો..હો..! '**जित्वा**' શબ્દ પણ વ્યવહારથી કથન છે, ભાઈ! ઈન્દ્રિયોને '**जित्वा**' એ પણ કથનની શૈલી શું લાવે? તો કહ્યુંને આ દ્રવ્યેન્દ્રિયોને જીતવું. પણ જીતવાનો અર્થ એ લીધો. અંતર સૂક્ષ્મ જ્ઞાયક સ્વભાવ ચૈતન્યમૂર્તિ એના અવલંબને. સત્તા. પ્રગટ કહ્યું છેને? પ્રગટ શું? અંતરંગ પ્રગટ સત્તા છે. ચૈતન્ય સત્તા મોજૂદગી વસ્તુ હયાતી છે. પ્રગટ ચૈતન્યશક્તિરૂપ પરમાત્મા પોતે બિરાજે છે. એની અંતર સ્વભાવના અવલંબન બળથી પ્રતીત થઈ એ પોતાથી જડને જુદા કર્યા અને જડ ઈન્દ્રિયોને જીતી એમ કહેવામાં આવે છે. જુદું કરવું પડતું નથી અને જડને શું જીતવું? એ તો સ્વભાવ અતિસૂક્ષ્મ ચૈતન્ય હું છું, એકરૂપ ભગવાન મારો સ્વભાવ છે. એની તરફ સન્મુખ થઈને પ્રતીત થઈ એ જડની ઈન્દ્રિયો તરફનું લક્ષ છૂટ્યું એ જડને જીત્યા. એને હવે એને તાબે થવું રહ્યું નહિ. સ્વભાવને તાબે થયો. એનું નામ જિતેન્દ્રિય સમ્યગ્દૃષ્ટિ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

હવે બીજો બોલ આજે. આજે બીજો બોલ આવે છે. એક બોલ તો આવ્યો. '**ઈન્દ્રિયોને જીતીને...**' એમાં ત્રણ બોલ લીધા છે. ત્રણ બોલ—દ્રવ્યેન્દ્રિયને જીતવી, ભાવેન્દ્રિયોને જીતવી અને વિષયોને જીતવા. એક ઈન્દ્રિયોને જીતવામાંથી ત્રણ બોલ કાઢ્યા. ભગવાન અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યની ટીકા કરતાં અંતરમાં માખણ જે હતું, માખણ સમજ્યા? શું? મકખન-મકખન, સાર એમાં શું છે એ ટીકા કરીને કાઢ્યું. હવે બીજો બોલ. આ તો ક્રમસર વાત કરે છે હોં. એમાં ક્રમસર હોતું નથી. અંતરમાં તો એક સાથે. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય તેથી સામાન્ય લીધું. કુંદકુંદાચાર્યે '**इन्द्रियाणि जित्वा**' એક જ શબ્દ લીધો છે. એ તો કથનમાં પદ્ધતિ સમજાવવામાં ત્રણ છે.

હવે '**भावेन्द्रियो...**'ને જીતીને. ભાવેન્દ્રિયને જીતી કોને કહે છે? અને ભગવાનની યથાર્થ ભક્તિ સ્તુતિ કોને કહે છે? એ કહે છે. ભાવેન્દ્રિય સમજ્યા? શું? '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે...**' જડની પર્યાય દૂર થઈ ગઈ. હવે અંતરની પર્યાય ચાલે છે. એ પાંચ ઈન્દ્રિય. જે જ્ઞાનની પર્યાયમાં, અવસ્થામાં ખ્યાલમાં આવે છે. આ શબ્દ છે. શબ્દ છે એવું જ્ઞાનમાં જણાય છે. આ રૂપ છે એવું જ્ઞાનમાં જણાય છે, આ ગંધ છે એવો ખ્યાલ આવે છે, આ રસ એવો ખ્યાલ આવે છે, આ સ્પર્શ એવો ખ્યાલ આવે. ખ્યાલ એટલે શું? જ્ઞાન થાય છે. પાંચ ઈન્દ્રિયના વિષય તરફ જુકાવ. પોતાની ખંડ ખંડ જ્ઞાનની પર્યાય. '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં...**' ભિન્ન ભિન્ન પોતપોતાના વિષયોમાં. શબ્દ, રૂપ આદિ. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ. વ્યાપારપણાથી પોતાની વર્તમાન જ્ઞાનની ખંડ ખંડ અવસ્થા એ શબ્દાદિ વિષયોમાં ભિન્ન-ભિન્ન, વિષયોમાં વ્યાપાર. વ્યાપાર નામ એ તરફ જાણવાનું કાર્ય. એ તરફ જાણવાનું કાર્ય.

'**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી...**' ખંડ-ખંડ ક્ષયોપશમ. ક્ષયોપશમ નામ અલ્પ વિકાસી ઈન્દ્રિયજન્ય જ્ઞાન ભાવેન્દ્રિય. એવો વ્યાપાર નામ જ્ઞાનના કાર્યભાવ '**જેઓ વિષયોને...**' શબ્દ, રૂપ, ગંધ, સ્પર્શને '**ખંડખંડ ગ્રહણ કરે છે...**' એક ઈન્દ્રિય એક વિષયને જાણે છે, બીજી ઈન્દ્રિય એના વિષયને, ત્રીજી એના વિષયને, ચોથી એના, પાંચમી એના. એ ખંડ-ખંડ એ આત્મા સ્વભાવથી ખસીને ભાવેન્દ્રિયને વશ થયો. ભાવેન્દ્રિયને વશ થયો એ ભગવાનનો ભક્ત નથી. એ ભગવાનની સ્તુતિ કરનારો નથી. સમજાય છે? ભારે ઝીણું ભાઈ! આ ઘરે વાંચે તો સૂઝે એવું છે? કુંવરજીભાઈ! દુકાન ઉપરથી માંડ ધંધામાંથી નવરા ન થાય. સમજ્યાને? કેમ ફાવાભાઈ ક્યાં ગયા? આ સમજાય એવું છે ઘરે? અહીં સમજાય એવું નથી માનમાં.

'**જુદા જુદા પોતપોતાના વિષયોમાં...**' ભગવાન! તારું જ્ઞાન ખંડ-ખંડ નામ અલ્પજ્ઞ પર્યાય એક-એક વિષયમાં રોકાતી-રોકાતી જે કામ ક્રિયા કરે છે એ ખંડ-ખંડ ગ્રહણ કરે છે. એમાં અખંડ ભગવાન આત્મા લક્ષમાં આવ્યો નહિ. એક શબ્દને જાણ્યા, રૂપને જાણ્યું, ભગવાનની દિવ્યધ્વનિ જાણી. ભાવેન્દ્રિયથી હોં! ભગવાનની દિવ્યધ્વનિ જાણી ભાવેન્દ્રિયથી, ભગવાનનું રૂપ જોયું ભાવેન્દ્રિયથી અંદર. ભાવઈન્દ્રિય. આ જડ નહિ. ભગવાનનું રૂપ જોયું, પ્રતિમા જોઈ ભાવેન્દ્રિયથી. સમ્મેદશિખર, શેત્રુંજય જોયા ભાવેન્દ્રિયથી અંદર, પણ એક-એક જ્ઞાનની પર્યાય ખંડ-ખંડ એક-એક વિષયને ગ્રહણ કરે છે. એ વાસ્તવિક ચૈતન્યનો સ્વભાવ નથી. સમજાણું?

'**(અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે)...**' અખંડ ભગવાન જ્ઞાન ચૈતન્યજ્યોત, એ એક-એક ઈન્દ્રિય ખંડ-ખંડ કરીને, ભેદ કરીને એક-એક વિષયને ભેદરૂપ જણાવે છે. ભેદરૂપ પ્રતિભાસિત થાય છે. '**એવી ભાવેન્દ્રિયોને,...**' પહેલા જુઓ, અનાદિની શું દશા એ પણ સાથે બતાવે છેને? અનાદિની એ દશા કે ખંડ-ખંડ વિષય જ્ઞાનમાં લેવો એ ચૈતન્યનો અનાદર છે. એ ભગવાનની વાસ્તવિક સ્તુતિ નથી. એ તો અંશ જ્ઞાનની સ્તુતિ થઈ. જ્ઞાનના એક સમયનું ખંડ-ખંડ જ્ઞાન... હું મારા જ્ઞાનથી બરાબર રૂપ જોઈ શકું છું, હું મારા જ્ઞાનથી બરાબર શબ્દ જાણી શકું છું, હું મારા જ્ઞાનથી બરાબર ગંધ, રસ અને સ્પર્શને જાણી શકું છું. ઓહો..હો..! ભગવાન! તારી પ્રશંસા નથી એમાં. એ ખંડ-ખંડ એક-એક પર્યાયનું જ્ઞાન, એક-એક વિષયને જાણે છે એ ચૈતન્યસ્વભાવની પ્રશંસા નથી. સમજાય છે કાંઈ?

'**(અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને,...**' ભાવેન્દ્રિય નામ પાંચ અંદરમાં જ્ઞાનની પર્યાય ખંડખંડ જે છે ઈ. '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...**' હવે ગુલાંટ મારે છે આમ. વાત પલટો મારે છે. જે ખંડ... ખંડ... ખંડ... ખંડ... ખંડ... ખંડ... ખંડ... આમ... આમ... આમ કર્યું, આવું જાણ્યું. આવું જાણ્યું હજી તો. એવા શબ્દોને મેં જાણ્યા, રૂપને જાણ્યું. એવી જ્ઞાન પર્યાય હોં. એ જ્ઞાનપર્યાય

જે ખંડ ખંડ પ્રતીતમાં આવે છે એ ભ્રમ છે. એ ચૈતન્ય જીવ સત્તાનું એમાં ભાસન નથી. ચૈતન્ય શક્તિનો એમાં પ્રતિભાસ નથી. એમાં અંશ-અંશ ખંડ-ખંડનો પ્રતિભાસ છે. એ અજ્ઞાન છે, ભ્રમ છે. વાસ્તવિક સત્તાનો અવબોધ એને નથી. સમજાય છે કાંઈ?

'**એવી ભાવેન્દ્રિયોને,...**' ઓહો..! અંશબુદ્ધિ કાઢી. ...લાલજી! અંશબુદ્ધિ નહિ. અંશબુદ્ધિ. નિમિત્તબુદ્ધિ નહિ. ભાઈ! નિમિત્તબુદ્ધિ નહિ, અંશબુદ્ધિ નહિ. જુઓ, વસ્તુસ્થિતિ. નિમિત્ત તો નહિ. જડેન્દ્રિયને કાઢી નાખી. અંશબુદ્ધિ નહિ. પોતાની પર્યાયથી જાણીએ છીએને, હું મારી પર્યાયથી જાણું છુંને. એ કહે છે કે અમે નિમિત્તથી જાણીએ છીએ. આ કહે હું મારી પર્યાયથી જાણું છું એક વિષયને. એ પણ ખંડ-ખંડ જાણ્યું. એ પણ વાસ્તવિક પ્રતીત નથી, વાસ્તવિક સ્વભાવ નથી. તો નિમિત્તથી જાણ્યું એ તો બહુ દૂર થઈ ગયું. કહો, સમજાય છે કાંઈ?

'**એવી ભાવેન્દ્રિયોને,...**' હવે જીતવું કયા પ્રકારે? કે '**પ્રતીતિમાં આવતા અખંડ એક...**' જુઓ, અસ્તિથી લીધું છે અસ્તિથી. પાઠમાં તો જીતવું નાસ્તિથી છે. ઈન્દ્રિયોને જીતવું. ભાવેન્દ્રિયને હું આ જીતું એમ જીતાય છે? તો ખંડ-ખંડ જ્ઞાન ભાસે છે એને હું જીતું એમ નથી. પણ એને જીતવાનો અર્થ શું? જીતવાનું રહસ્ય શું? '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશકિત...**' એમાં ખંડ હતોને? એમાં જડેન્દ્રિયમાં તો બાહ્ય સ્થૂળ પર્યાય હતી આ. તો અંતરમાં અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ લીધો. આ ખંડ-ખંડ જે ખ્યાલમાં આવ્યું પર્યાયમાં. તો '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશકિત...**' અખંડ. એક શક્તિ, એકરૂપ જ્ઞાન જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... સામાન્ય સદૃશ ધ્રુવ નિત્ય ચૈતન્યમૂર્તિ મારી સત્તા, એકરૂપ સત્તા પ્રતીતિમાં આવતી. અખંડ એક. '**અખંડ એક ચૈતન્યશકિતપણા વડે...**' લ્યો, અખંડ એક ચૈતન્યશક્તિ વડે. લ્યો અહીં વડે આવ્યું વળી. ઓલામાં લીધુંને ચૈતન્ય સ્વભાવના અવલંબને.. એમ હતુંને? '**अतिसूक्ष्मचित्स्वभावावष्टम्भबलेन**' અહીં કહ્યું '**ચૈતન્યશક્તિપણા વડે...**' શું કહ્યું? અહીં તો નિમિત્ત વડે તો નહિ. નિમિત્ત વડે... નિમિત્ત વડે... નથી કહેતા બધા? નિમિત્ત વડે તો છે કે નહિ? અરે..! તારું નિમિત્ત વડે પડ્યું રહ્યું. અહીં તો ભાવેન્દ્રિય વડે પણ નહિ. તેથી વડે લીધું જુઓ. સમજાણું?

'**प्रतीयमानाखण्डैकचिच्छक्तितया**' એમ છેને? '**चिच्छक्तितया**' સંસ્કૃતમાં છે. ચૈતન્યશક્તિ તયા, શક્તિ વડે. આત્મામાં જડ ઈન્દ્રિય તો નહિ, નિમિત્ત વડે નહિ, પણ ભાવેન્દ્રિય ખંડ ખંડ જ્ઞાનની પર્યાય જે કામ કરે છે એના વડે પણ નહિ. એક અખંડ ચૈતન્યશક્તિ મારી ચૈતન્યશક્તિ. જુઓ, અંશબુદ્ધિ ઉડાવી દીધી, પર્યાયબુદ્ધિ ઉડાવી, નિમિત્તબુદ્ધિ ઉડાવી. પર્યાય વડે, પર્યાય વડે પર્યાયને જાણવી, પર્યાય વડે પર્યાયને જાણવી ભ્રમ છે. પોતાની પર્યાય વડે પર્યાયને જાણવી એ ભ્રમ છે. ..ભાઈ!

શ્રોતા :- પર્યાયદૃષ્ટિ છે.

ઉત્તર :- હા, પર્યાયદૃષ્ટિ છે, અંશદૃષ્ટિ છે. નિમિત્ત દૃષ્ટિ તો જૂઠી છે, પણ અંશ દૃષ્ટિ વડે જ્ઞાન થયું એ સમ્યગ્જ્ઞાન નહિ. એ ભગવાનની યથાર્થ સ્તુતિ નહિ. ભગવાને કહેલા શાસ્ત્ર, એમાં ચૈતન્યની સ્તુતિ આવે છે એની સ્તુતિની એને ખબર નથી. શાસ્ત્રની અમને ખબર પડે. અમારા ગુરુ આમ કહે છે, અમારું શાસ્ત્ર આમ કહે છે. ભગવાન! શાંત થા. શાંતિથી સાંભળ. એ તારી ચૈતન્યશક્તિ એક અખંડ પ્રતીતિમાં આવે છે. પ્રતીતિ ભરોસો-ભરોસોમાં આવતી. શક્તિરૂપ જેમાંથી પર્યાય વહે છે. વહે છે સમજ્યાને? ચાલે છે. એમાં પર્યાય, પર્યાય નામ અવસ્થા, જ્ઞાનની અવસ્થા જેમાંથી વહે છે, દ્રવે છે. દ્રવ્યતિ ઈતિ દ્રવ્યં. દ્રવ્યની શક્તિ જે ચૈતન્યશક્તિ એક અખંડ પ્રતીતમાં આવે છે એના વડે. કેમકે પર્યાય અલ્પજ્ઞમાંથી વિશેષજ્ઞ નથી થતી. અલ્પજ્ઞમાંથી વિશેષજ્ઞ નથી થતી. અલ્પજ્ઞ ખંડ ખંડ પર્યાયમાં અલ્પ જાણવું હતું, વિશેષ જ્ઞાન થયું તો ક્યાંથી આવ્યું? કે અખંડ એક ચૈતન્યશક્તિની દૃષ્ટિ થઈ. રાગની મંદતા કરે છે અને આવે છે એ વાસ્તવિક દ્રવ્યદૃષ્ટિ નથી.

અહીં તો કહે છે કે પ્રતીતિમાં આવતી, કે અલ્પજ્ઞ પર્યાયથી વિશેષ જ્ઞાનની પર્યાય થઈ. ખરેખર પર્યાય વિશેષ થઈ કોને કહે છે? ભાઈ! આમ તો રાગની મંદતાથી તો અગિયાર અંગનો વિકાસ થાય છેને? અંતિમ ગ્રૈવેયક જાય, અગિયાર અંગનું જ્ઞાન થાય ક્ષયોપશમ એ નહિ. એ અલ્પજ્ઞમાંથી વિશેષતા થઈ. પણ એ તો યથાર્થ નથી. એ ટકી શકે એવી લાયકાત નથી. તો રાગની મંદતાથી એવો જ્ઞાનનો વિકાસ અલ્પ થાય છે. અહીંયાં તો કહે છે કે એની પ્રતીતિમાં આવતી. શું પ્રતીતિમાં આવતી? ઓલી તો પર્યાયમાંથી, રાગ મંદથી પ્રતીતિ થઈ તો પ્રતીતિમાં તો પર્યાય આવી છે. પ્રતીતિમાં ચૈતન્ય શક્તિ નથી આવી. મારી પર્યાય અલ્પ હતી, અલ્પ અવસ્થા અને વિશેષ જ્ઞાન થયું વિશેષ બહોળતાએ તો એ ક્યાંથી આવ્યું? તો એ તો કહે, રાગ મંદ કર્યો તો આવ્યો. રાગ મંદ કર્યો તો એની દૃષ્ટિ પર્યાય ઉપર, અંશ ઉપર (રહી એ) મિથ્યા ભ્રાંતિ છે. સમજાણું કાંઈ? આવે તો છે નિગોદમાંથી નીકળીને. નિગોદમાં તો બહુ. નિગોદ છેને? એકેન્દ્રિય જીવ એમાં અક્ષરના અનંતમાં ભાગે, લબ્ધ પર્યાપ્તમાં ઘણું થોડું જ્ઞાન છે. બહાર નીકળે છે તો જ્ઞાનની પર્યાય તો વિકાસ પામે છે. મોટો રાજા હોય, મોટો વિદ્વાન હોય, અગિયાર અંગનો વેતા હોય, અંતિમ ગ્રૈવેયક ચાલ્યો જાય મુનિ થઈને. એ યથાર્થ પર્યાય ક્યાંથી આવી એનું એને ભાન નથી. એની દૃષ્ટિ છે તો રાગ મંદ કર્યો, શાસ્ત્ર અભ્યાસ ઘણો કર્યો. કષાયની મંદતા થઈ તો જ્ઞાન ખીલ્યું. ખીલ્યુંને? એના વડે ખુલે. રાગ દ્વારા ખુલે. ખીલે કહેતા અમારું ઓલું કમળ હોય છેને કમળ? કમળ ખીલે છેને ખીલે છે, પ્રગટ થાય છે. આમ કળી એની સંકોચમાં હોય એ ખીલી જાય છે. એમ શક્તિ આત્મામાં જ્ઞાનની શક્તિ સંકોચરૂપ છે. સંકોચ નામ શક્તિરૂપ પડી છે. એના વડે પોતાથી. રાગ વડે નહિ, જ્ઞાનની વર્તમાન પર્યાય વડે, અવસ્થા વડે નહિ.

'**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે...**' જુઓ, દ્વારા. '**શક્તિતયા**'

'**शक्तितया**' શક્તિથી. '**પોતાથી જુદી જાણી;...**' કોને? એ તો પોતાથી ભિન્ન જાણી એ આવી ગયું. '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશકિતપણા વડે...**' એમ જ્યાં નક્કી થયું અંદર તો પોતાથી ભિન્ન જાણ્યું. ભિન્ન જાણ્યુંનો અર્થ? ભાવેન્દ્રિયની અંશ દૃષ્ટિ છૂટી ગઈ. એ કાંઈ પહેલા પછી નહિ કે અહીંયાં ચૈતન્યશક્તિ વડે પ્રતીત થઈ અને પછી ભાવેન્દ્રિયને પોતાથી ભિન્ન જાણી. કાળભેદ નથી. એમ ભાવેન્દ્રિયને અહીંયા ભાવેન્દ્રિય હું જીતું, એવો હું નથી, એ તો સમજાવાની વાત છે. '**પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશકિત...**' સ્વભાવ-શક્તિ. કેમકે શક્તિમાંથી વ્યક્તતા આવે છે. કેવળજ્ઞાનાદિ પરમાત્મશક્તિ એમાંથી આવે છે. એ શક્તિ વડે પોતાથી ભાવેન્દ્રિયની રુચિ અંશબુદ્ધિ ટળી ગઈ એણે કેવળજ્ઞાનની સ્તુતિ કરી. સમજાય છે? એણે કેવળજ્ઞાનની ભક્તિ કરી. એવી ભક્તિ-સ્તુતિ, સ્ત્રીનું શરીર હોય, આઠ વર્ષની બાળિકા હોય અને સમ્યગ્દર્શન થાય અને એમાં એ ભોજન પણ કરતી હોય અને લગન પણ કરતી હોય તોપણ ભાવેન્દ્રિયનું જીતવું એનું સમયે-સમયે થાય છે. કેમ મનહરલાલજી! કે નહિ? બ્રહ્મચારીજી!

ભગવાન જુઓ તીર્થંકર. ત્રણ જ્ઞાનના ધણી હતા. છન્નું હજાર સ્ત્રી પરણતા હતા અને સ્ત્રી હોય, સમ્યગ્જ્ઞાન થાય પછી લગ્ન પણ થતા હતા. અંતરમાં, નિમિત્તમાં તો હું નથી. છું નહિ શું? અસ્તિ નથી. જડની પર્યાયમાં હું નથી, અંશમાં હું અખંડ નથી, અંશમાં હું અખંડ નથી. અખંડમાં હું અખંડ છું એવી શક્તિ વડે અંશ ભિન્ન બુદ્ધિ જે છે, ભાવેન્દ્રિયની વર્તમાન અંશબુદ્ધિ, અખંડબુદ્ધિને છોડીને ભેદબુદ્ધિ છે એ અખંડ ચૈતન્યશક્તિ વડે અસ્તિમાં આવ્યું ચૈતન્ય શક્તિ અસ્તિમાં આવી તો અંશબુદ્ધિની નાસ્તિ થઈ. પોતાથી ભિન્ન જાણ્યું. એ ભાવેન્દ્રિયનું જીતવું થયું. સમજાય છે કાંઈ?

પહેલા એની વિધિ શું છે? રીત શું છે? પ્રકાર શું છે? વિધાન શું છે? સાંભળવું તો જોઈએને? સાંભળી અને પછી એનો વિચાર કરવો અને આ જ યથાર્થ વાત છે, આ જ વાત છે એમ અંદર હકાર આવે તો એમાં માર્ગ મળે, નહિતર માર્ગ મળતો નથી. હજી સમજવામાં આ વાત આવે નહિ. અરે..! આ શું? બધો વ્યવહાર ખોટો પડે છે. બધા એવા કારણ નિમિત્તના સંયોગની તો એમાં કાંઈ મહિમા આવી નહિ. મહિમા શું છે? જડની મહિમા નહિ, પરની મહિમા નહિ, ભાવેન્દ્રિયનો ખંડ-ખંડ અંશજ્ઞાન એની મહિમા નહિ. છે?

શ્રોતા :- એ તો દૂર રહ્યું.

ઉત્તર :- એ તો બહારનું દૂર રહ્યું.

શ્રોતા :- ખંડ ખંડ...

ઉત્તર :- હા, ખંડખંડ. કેમકે એક અંશ છે એમાં ચૈતન્યની આખી સત્તા નથી સમાતી. એક અંશ વર્તમાનમાં વિકાસ એક-એક ઈન્દ્રિયનો એટલા અંશમાં ચૈતન્યસત્તા છે? એ ચૈતન્યસત્તાનો એણે નાશ કર્યો. અને એ અંશને જીત્યો એનો ઉપાય શું? અખંડ પ્રતીતિમાં

આવતી ચૈતન્યશક્તિ ભંડાર, નિધિ, ધ્રુવ એમાંથી પર્યાય વહે છે, પરિણમે છે, થાય છે, એની શક્તિ પ્રતીતિમાં આવી તો એ ભાવેન્દ્રિયની અંશબુદ્ધિ ટળી ગઈ, એણે એ વિધિથી ભાવેન્દ્રિય જીતી એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? ભારે ભાઈ! આ ધર્મ કઈ જાતનો? પણ આમાં આવું બધું આ માનસ્તંભ થાય, આ સમવસરણ થાય છે, દેરાસર થાય છે, ભક્તિ થાય છે, વ્યાખ્યાન પછી ભક્તિ થશે. કેમ બ્રહ્મચારીજી! આ માર્ગ શું અને એ માર્ગમાં આંતરો શું? નવરંગભાઈ! ભાઈ! વસ્તુસ્થિતિ આ સમજો, પછી રાગ આવે છે અને ન સમજે એ પહેલા પણ રાગ તો એવો આવે, પણ રાગ હોય, નિમિત્ત હોય કોઈ મૂળ વસ્તુ નથી. એ જીવસત્તા નથી. એ ચૈતન્યની સત્તાનું હોવાપણું સમજ્યાને? ચૈતન્યનું હોવાપણું નથી. એ તો જડનો હોવાપણાનો સ્વીકાર કર્યો. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

જુઓ, આચાર્યદેવે... આ ભગવાનનું સ્તવન કરો છો? કે જડનું સ્તવન કરો છો? કે અંશનું સ્તવન કરો છો? એનું લક્ષણ શું? એનું એંધાણ ચિહ્ન શું? પહેલા અપ્રતિભૂતનું લક્ષણ લીધું હતું. ભગવાનનો ભક્ત છે અને ભગવાનની ભક્તિ કરે છે અને ભગવાનનું એના હૃદયમાં ઘણું માહાત્મ્ય છે, ઘણી મહિમા છે. એનું લક્ષણ શું? ખંડ ખંડ પર્યાય જ્ઞાન અંશ અંશ જ્ઞાનબુદ્ધિ છૂટીને અખંડ એક ચૈતન્યશક્તિ વડે શક્તિની પ્રતીત થઈ તો ખંડ ખંડ જ્ઞાનની રુચિ છૂટી. એનો અર્થ થયો કે ભાવેન્દ્રિયને જીતી. કહો, સમજાય છે કાંઈ? આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે, ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. હેમરાજજી! કોની વાત? ચોથું ગુણસ્થાન. ઓહો..હો..! આટલું મોટું! અવિરત સમ્યગ્દૃષ્ટિ, અવિરત સમ્યગ્દૃષ્ટિ. હજી અંતરમાં રાગ હજી તૂટ્યો નથી, આસક્તિ તૂટી નથી. પણ અવિરત સમ્યગ્દૃષ્ટિ. સમ્યક્-સમ્યક્ પ્રશંસનીય દૃષ્ટિ, તાત્વિક દૃષ્ટિ. નવ તત્ત્વમાં જીવતત્ત્વની દૃષ્ટિ. એ સાત તત્ત્વ લ્યો. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. એમાં જીવતત્ત્વની દૃષ્ટિ કોને કહે છે? સમજાય છે? કે ભાવેન્દ્રિય ક્ષણ ક્ષણ પર્યાય. જુઓ, શું આવ્યું?

જ્ઞાનીને ક્ષણે ક્ષણે વિકલ્પ આવે છે અને પરમાં સુખરૂપ કલ્પના પણ, કલ્પના-કલ્પના. માન્યતા નથી, પરથી સુખ છે એમ નહિ, ઈન્દ્રિયોમાં પરથી સુખ છે એમ નથી. કલ્પના આવી જાય છે કલ્પના. આ ઠીક છે, અઠીક છે. વસ્તુને કારણે નહિ. વસ્તુ ઈષ્ટ અનિષ્ટને કારણે નહિ. પોતાની પર્યાયમાં સમકિતિને સુખ-દુઃખની કલ્પના આવે છે. સુખ-દુઃખની કલ્પના. પણ એ સુખ-દુઃખની કલ્પનાની પ્રાધાન્યતા નથી, મુખ્યતા નથી. ભાવેન્દ્રિય. જડથી મને સુખ થયું એમ જ્ઞાનીને તો માન્યતામાં છે જ નહિ. શું કહ્યું સમજાણું કાંઈ? આ જડના સ્પર્શથી મને સુખ થયું, શબ્દથી મને સુખ થયું, મોટી આબરૂ થઈ તો મને સુખ થયું. અંદર સુખની બુદ્ધિ થઈ એમ નથી. સ્પર્શથી અહીં શરીરનો, ઈન્દ્રિયનો સ્પર્શ કરે, માખણ જેવું લાગે, કપડું સુવાળું. સમજ્યાને? એની જ્ઞાનમાં વાત કરે છે હોં, વિષયમાં પછી લેશે. જ્ઞાનમાં પરથી મને સુખ થયું એવી બુદ્ધિનો નાશ થયો છે અને ચૈતન્યશક્તિ વડે મને સુખ છે એવી

બુદ્ધિનો પ્રાદુર્ભાવ, પ્રાદુર્ભાવ નામ પ્રગટ ભાવ થયો છે. એણે ભાવેન્દ્રિય જીતી. અને ગૃહસ્થાશ્રમમાં પણ હોય, લડાઈમાં પણ હોય. ચોથે ગુણસ્થાને લડાઈમાં પણ હોય. તોપણ એણે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય જીતી છે. અને દ્રવ્યલિંગી મુનિ હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, અગિયાર અંગનું જ્ઞાન વ્યવહારું હોય. સમજાણું? અને નવ તત્ત્વની રાગમિશ્રિત શ્રદ્ધા પણ હોય, તોપણ કહે છે એ ભગવાનનો ભગત નથી. એ જ્ઞાનની સ્તુતિ કરનારો નથી. એ જ્ઞાનની સ્તુતિ કરનારો નથી. જ્ઞાન શક્તિરૂપ ભગવાન એની સ્તુતિ કરનારો નથી. એ તો અલ્પજ્ઞની સ્તુતિ કરનારો છે, ભિખારી છે. રાગની સ્તુતિ કરે છે, અલ્પજ્ઞની સ્તુતિ કરે છે, નિમિત્તની પ્રશંસા કરે છે. નિમિત્તની પ્રશંસા, રાગની પ્રશંસા, અલ્પજ્ઞ ખંડ ખંડની પ્રશંસા (કરે છે), એને ભગવાનની પ્રશંસા કરતા આવડતી નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી છે. સ્વભાવવાન આત્મા એનો સ્વભાવ જ્ઞાન-જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ આત્મા. પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વભાવી. તો જ્ઞાનસ્વભાવીની મહિમા પોતાની પર્યાયમાં ચૈતન્યશક્તિ વડે પ્રતીત થઈ એ એની મહિમા જાણે છે. અલ્પજ્ઞની મહિમા કરનારો સર્વજ્ઞ શક્તિની, ચૈતન્યશક્તિની મહિમા જાણતો નથી.

સત્તા ચૈતન્ય જગતમાં છે પદાર્થ. આત્મા સત્તા-સત્તા હોવાવાળો પદાર્થ. તો એનો જ્ઞાનસ્વભાવ છે. તો જ્ઞાનશક્તિ વડે. અહીં શક્તિ લીધી. ઓલામાં સ્વભાવ લીધો હતો. એ શક્તિ કેમ લીધી? એમાંથી વ્યક્તતા ભાવેન્દ્રિય અલ્પ વ્યક્ત છે એટલો નહિ, વિશેષ વ્યક્ત થવાની તાકાત શક્તિમાં છે. સમજાય છે? સર્વજ્ઞ ભગવાન દેવ, ગુરુ અને શાસ્ત્ર ત્રણનો યથાર્થ ભક્ત, એની યથાર્થ સ્તુતિ કરનારો એ ભાવેન્દ્રિયના અંશની પણ પ્રશંસા ન કરે, એ રાગની પ્રશંસા ન કરે, સંયોગની સ્તુતિ ન કરે એ સ્વભાવની સ્તુતિ કરનારો ભગવાનની સ્તુતિ કરનારો છે. પછી રાગ આવે છે શુભરાગ તો ભગવાનની સ્તુતિ કરે છે એમ કહેવામાં આવે છે. એ પણ ખરેખર તો પોતાની જ વ્યવહારથી સ્તુતિ છે. સ્વભાવ વડે પ્રતીતિ થઈ એ નિશ્ચય સ્તુતિ છે. પછી રાગ આવે છે ભગવાનની ભક્તિ, સ્તુતિમાં એ વ્યવહાર. પોતાની વ્યવહાર સ્તુતિ છે. નિમિત્તથી કહેવામાં આવે છે કે પરની ભક્તિ કરે છે. સમજાય છે?

'**पोताथी जुदी जाणी;...**' પોતાથી જુદી જાણી. કઈ રીતે? ચૈતન્યશક્તિ વડે. ભિન્ન જાણ્યું કે આ આવો છે. એ તો સ્વપરપ્રકાશક જ્ઞાન આવી ગયું. ચૈતન્યશક્તિ વડે પ્રતીત થઈ તો જે જ્ઞાન પ્રગટ્યું એમાં એ અંશ જેટલો આત્મા નથી અને પરિપૂર્ણ સ્વભાવ '**णाणसहावाधियं मुणदि आदं**' એનો અર્થ ચાલે છે. '**ज्ञानस्वभावाधिकं**' '**ज्ञानस्वभावाधिकं**' જ્ઞાનસ્વભાવ પૂર્ણ, જ્ઞાનસ્વભાવથી જુદો. અલ્પજ્ઞ પર્યાય એ જ્ઞેયમાં ગઈ. શું કહ્યું સમજાણું? ભાવેન્દ્રિયની જે પર્યાય છે એ જ્ઞેય અને જ્ઞાયક આત્મા, એ જ્ઞાયક ચૈતન્યશક્તિ વડે જે જ્ઞાન થયું એમાં ભાવેન્દ્રિયની પર્યાય વર્તે છે એને જ્ઞેય તરીકે જાણે છે. શું કહ્યું સમજાણું?

આ શેનો અધિકાર ચાલે છે? જ્ઞેય-જ્ઞાયક સંકરદોષનો પરિહાર. તો દ્રવ્યેન્દ્રિયનું નિમિત્ત

જ્ઞેય એ તો દૃષ્ટિમાંથી ચાલ્યું ગયું અને ભાવેન્દ્રિય ખંડ ખંડ જે પોતાના જ્ઞાનની પર્યાયમાં છે, એ પર્યાય નામ અવસ્થામાં છે એને ચૈતન્યશક્તિ વડે જ્યાં પ્રતીત થઈ અને જ્ઞાન જે સમ્યક્ પ્રગટ્યું તો એ જ્ઞાનમાં ખંડ ખંડ પર્યાય એ જ્ઞેય થઈ ગઈ. એનાથી મને જ્ઞાન થાય છે એવી બુદ્ધિ ટળી ગઈ. સમજાણું કાંઈ? જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ છેને. સંબંધ જ છૂટી ગયો, ભાઈ! ભાવેન્દ્રિયથી સંબંધ છૂટી ગયો. સંકરદોષ મટી ગયો. સંબંધ કહો, સંયોગ કહો, ભાવેન્દ્રિયથી જ્ઞાન થાય છે એવી પરમાં એકત્વબુદ્ધિ કહો.

જ્ઞાયકશક્તિ અંતર શક્તિ વડે પર્યાય અવસ્થામાં પ્રગટે છે. એમ નહિ માનતા એ અંશથી મને જ્ઞાન થયું એણે જ્ઞેય જ્ઞાયકને એક માન્યું. જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ કર્યો. જે અભેદ છે એમાં, અભેદ છે એમાં, જ્ઞેય અને જ્ઞાનમાં અભાવ છે. શું કહ્યું? જડ ઇન્દ્રિય પર્યાયનો તો જ્ઞાનમાં અભાવ છે પણ ભાવેન્દ્રિયના અંશનો પણ જ્ઞાનસ્વભાવમાં અભાવ છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- પ્રત્યક્ષ જુદો છે.

ઉત્તર :- એ તો પ્રત્યક્ષ જુદો જ છે. પણ ભાવેન્દ્રિયનો જે અંશ છે એ પણ ચૈતન્યશક્તિ વડે પ્રતીત કરવાથી એ જ્ઞેય પણ પર છે. ખ્યાલ તો કરે છે. સાધક છેને. પૂર્ણ નથી, પૂર્ણ વીતરાગ નથી તો એ જ્ઞેય પર્યાય છે એટલું જાણે છે. પાછો વ્યવહાર પણ સિદ્ધ કરે છે. પણ એ જ્ઞેય તરીકે. જ્ઞાન જે સ્વભાવના અવલંબને ચૈતન્યશક્તિથી પ્રગટ્યું, એવી શક્તિ લઈને પ્રગટ્યું કે જ્ઞાયકની પણ મુખ્યતા રહી અને જ્ઞાનમાં જે પર્યાયમાં ખંડ ખંડ છે એને જાણે છે. જ્ઞેય તરીકે જાણે છે. તો જ્ઞેય અને જ્ઞાયકનો સંકર સંબંધ સંયોગબુદ્ધિ છૂટી ગઈ. મોહનભાઈ! યાદ રહે એવું છે રાતે? પણ હવે આ કરવું પડશે કે નહિ? કે હવે પછી રૂપિયા રળવા એમાં ચાલતું હશે? રળવું એટલે સમજ્યા? કમાવું. રળવું એટલે કમાવું. કેમ? કુંવરજીભાઈ! પૈસા કમાય છેને? એમાં આ શું કહે છે એ હજી સમજાતું નથી. શું કહે છે આ? કોની સાથે વાત કરે છે. એ પંડિત આવ્યા હતાને. એ આવ્યા હતા નેમિચંદ પંડિત. આવ્યા હતા. એક પંડિત આવ્યા હતા. કિસનગઢના પંડિત હતા. પહેલું વ્યાખ્યાન સાંભળ્યું. આ મહારાજ કોની સાથે વાત કરે છે? આ શું શાસ્ત્રની વાત કરે છે? કોની સાથે કરે છે? બીજે દિવસે સાંભળ્યું. ઓહો..હો..! વાત! પંડિત હોં. કાંઈક નામ હતુંને. નેમિચંદ ... કહો, પંડિત લોકોએ હજી સાંભળ્યું નથી તત્ત્વ. કોની સાથે વાત કરે છે? કે આમ થાય ને આમ થાય. આ બધું થાય છેને, પરથી થાય છે, થાય છે, બધું થાય. ક્રમબદ્ધ પરથી નથી થતું? શું પરથી નથી થતું? શું અંદરથી થાય છે? વળી અંદર શું ચીજ છે? વાત યથાર્થ તત્ત્વ છે, શક્તિ સ્વભાવ આત્મા શું છે એનું લક્ષ તો નથી, પણ શું કહે છે એ સાંભળ્યું પણ નથી. શું કહે છે?

શ્રોતા :- કેટલા પડખા યાદ રાખવા?

ઉત્તર :- પડખા યાદ ક્યાં કરવાના? એના ભાવનું ભાસન, ભાન કરવાનું છે. સંસારમાં

કેટલા પડખા યાદ રાખે માસ્તર? કેટલા રાખે અમારે કુંવરજીભાઈ જુઓ. કેટલોય દુકાનમાં માલ, કેટલોય માલ, કેટલી ઉઘરાણી અને નામ, ઠામ કેટલા ઘણા લાખોની ઉઘરાણી બધાનું યાદ રાખે. રહે છે કે નહિ યાદ? બધા પડખા યાદ રાખે ત્યાં. રુચિ છે અને એ જાતનો ઉઘાડ, એ જાતનો વિકાસ છે. આ શું કહે છે? આ તારા સત્યના ભણકાર કહે છે. સત્ય... સત્ય... સત્ય... સત્... સત્.. ચૈતન્ય સત્, જીવ સત્, આત્મા સત્. કેવો આત્મા સત્? જીવની પ્રતીતિ કેવી? ભાવેન્દ્રિયનો અંશ એ પણ જ્ઞેયમાં ગયું. હું તો જ્ઞાયકમૂર્તિ આત્મા છું. અંતરમાં એકરૂપ ચૈતન્ય અખંડના અવલંબનથી જે સમ્યગ્જ્ઞાન થયું એ જ્ઞાન જ્ઞેયરૂપે ભાવેન્દ્રિયના અંશને જાણે છે. એનું નામ ભગવાન જ્ઞાનસ્વભાવી આત્માની, જ્ઞાનસ્વભાવી અંશ જડથી ભિન્ન આત્માની સ્તુતિ, ભક્તિ કરી. એણે ભગવાનની ભક્તિ કરી.

દુનિયા નથી કહેતી? કે ભાઈ! દરિદ્ર નારાયણની ભક્તિ કરો એ ભગવાનની ભક્તિ છે. નથી કહેતા વર્તમાનમાં? વર્તમાનમાં કહે છેને સાધારણ માણસ? બધા પ્રાણી દરિદ્ર નારાયણ છે. છે? ભગવાન દરિદ્રની ભક્તિ કરો. ભગવાન! એ ખરેખર ભક્તિ જ નથી. શું તું પર દરિદ્ર નારાયણનું કરી શકે છો? મારામાં શુભરાગ આવો, એનું પુણ્ય હોય તો સંયોગ મળો. પુણ્ય ન હોય તો સંયોગ પણ મળતો નથી અને સંયોગ મળે તો કાંઈ શાંતિ મળતી નથી. દરિદ્ર નારાયણ તો એ છે કે પોતાની પર્યાયમાં જડ ઇન્દ્રિયથી લાભ માન્યો, ભાવેન્દ્રિયથી લાભ માન્યો એ દરિદ્ર નારાયણ છે. હિંમતભાઈ! ભાઈ! આ દરિદ્ર નારાયણ. હવે તારે સાચા નારાયણ થવું છે કે નહિ? કે દરિદ્ર નારાયણ રહેવું છે? સાચા નારાયણ, નરના નારાયણ થવું છે કે નહિ? નરનો નારાયણ. નર એ જ નારાયણ થશે, બીજો કોઈ થશે નહિ.

આત્મા જ પરમાત્મા થશે. બીજો કોઈ પરમાત્મા થવાનો નથી. પરમાત્મા પરમાત્મા થઈ ગયા, એ તો એની પાસે. પણ તારામાં કોણ? અહીં નરના નારાયણ થવાની વાત છે. દરિદ્ર નારાયણનો નાશ કરવાની વાત છે. મોહનભાઈ! સાચી વાત છે? જે દરિદ્ર નારાયણને રોટલા દેવા, પાણી દેવા એ દરિદ્ર નારાયણની ભૂખ ભાંગવી? ભૂખ ભાંગે છે આ તારી ભૂખ... ભૂખ સમજ્યા? ક્ષુધા. અનાદિથી તારી ક્ષણ-ક્ષણ પર્યાય ખંડ ખંડ એટલું જ તે માન્યું. મહા તૃષ્ણા એ મોટી ભૂખ, ક્ષુધા છે. તારી તૃષા એમ તુટવાની નથી. જો તારે દરિદ્ર નારાયણ તોડવું હોય.. એ જ જીવ તોડી શકે છે, બીજો નહિ. બીજો દરિદ્ર નારાયણનો બીજાનો નાશ નથી કરી શકતો. હોય. નારાયણભાઈ! આ બધા દરિદ્ર નારાયણ નથી કહેતા? દરિદ્ર નારાયણ, ભગવાન! એક પરમાણુ રજકણ... એ આપણે સાધારણ કાઠિયાવાડ અથવા દેશની કહેવત નથી? કે દાણે દાણે એનું નામ લખ્યું છે. એવું આવે છે. ખાનારનું નામ નથી આવતું? ખાનારનું દાણે દાણે નામ (લખ્યું છે).એનો અર્થ શું? જે પરમાણુનો સ્કંધનો પિંડ જેની પાસે જવાનો હશે ઈ જ જાશે. કોઈના પ્રયત્નથી જાશે એમ ત્રણકાળમાં નથી.

શ્રોતા :- દાને દાને પે લિખા હૈ ખાનેવાલે કા નામ.

ઉત્તર :- હા, તો એનો શું અર્થ? શું તું દઈ શકે છો? શેઠી! સીધા-બીધા કોઈ દઈ શકતા નથી. એક રજકણ પણ કોઈ દઈ શકતું નથી. એ તો આપણે સાધારણ દેશની કહેવત છે કે ખાનારનું નામ દાણે-દાણે છે. એનો શું અર્થ? એની પાસે જે દાણા આવવાના છે એ આવશે. એના શરીરમાં જે પરિણમન થવાનું હશે તે થશે. અહીં આવશે તો નહિ રહે. કોઈ ફેરફાર કરવાની લાયકાત (નથી). એવી તો સાધારણ કહેવત ચાલે છે. આર્ય આર્ય જનતાની, આર્ય જનતાની. એની પ્રતીત નથી. અમે બીજાનું કરી દઈએ અને બીજો અમારું કરે. આ તારા દરિદ્ર નારાયણ નાશ થવાની તારામાં તાકાત છે એ બતાવે છે. એ રજકણ સ્કંધ કોઈને લેવા-દેવા એ આત્માના અધિકારની વાત નથી. આ છે. જુઓ આ છે.

તારી પર્યાયમાં ખંડ ખંડ ભાવેન્દ્રિયનું જ્ઞાન અલ્પ... અલ્પ... અલ્પ... અલ્પ... અલ્પ... વર્તે છે. અલ્પની બુદ્ધિ છોડ જો નારાયણ થવું હોય તો, ભગવાન થવું હોય તો પહેલા ભગવાનની પ્રતીત કરો. પ્રતીતનો અર્થ જેમાંથી ભગવાન નીકળે છે. આત્મશક્તિ નિધાનમાંથી ભગવાન નીકળે છે. શક્તિમાંથી પ્રગટ પર્યાય અવસ્થા થાય છે. તો શક્તિની અંતર પ્રતીત વડે ખંડ ખંડ પર્યાય દરિદ્ર નારાયણ, તારી પર્યાયમાં રંકપણું માન્યું હતું. હું રંક છું, ભિખારી છું, અલ્પજ્ઞ પર્યાય જેટલો હું છું. ભિખારો રાંકો. તારી રાંકાઈ તોડવી હોય, તોડવાનો એક જ ઉપાય તારી પાસે છે, બીજા પાસે નથી. બીજો બતાવી દે પણ કરવાનું તો એને છે. તો કહે છે કે જે પોતાની પ્રતીતિમાં આવતી, પ્રતીતિમાં, પ્રતીત તો એને કરવાની છેને? સમજાણું?

'**અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી;...**' ખંડ ખંડ જ્ઞાન જેટલો પણ નહિ. હું ચૈતન્યસ્વભાવી જ્ઞાયકમૂર્તિ છું એવું જ્ઞાન થયું (તો) દરિદ્ર નારાયણ નાશ કરવાનો ઉપાય હાથમાં આવ્યો. મોહનભાઈ! પરમાત્મા થવાનો ઉપાય (હાથમાં આવી ગયો). પૈસા કેટલા મળે એમ આવે છે આમાં કાંઈ? ઈ તો કહે છેને કે એક દાણો પણ જેની પાસે આવવાના હોય (એ આવશે) તો પાઈ પણ જેની પાસે આવવાની હશે તે આવશે. શું તારા પ્રયત્નથી આવે છે? એ પ્રયત્નથી આવે છે. કેમ? કે ભાવેન્દ્રિયમાં ખંડ ખંડમાં રોકાય છે એ પણ પોતાના ઊંધો પુરુષાર્થ છે. અને જડ ઈન્દ્રિયથી મને જ્ઞાન થાય છે, જ્ઞાનસ્વભાવી ભગવાનને છોડીને, સ્વભાવી ભગવાનને છોડીને, સ્વભાવીવાન સ્વભાવ વસ્તુને છોડીને જડથી જ્ઞાન થાય છે એ તારા ઊંધા પુરુષાર્થથી માન્યું છે. એ કોઈ બીજાએ મનાવ્યું નથી અને ખંડ ખંડ જેટલો હું છું એ પણ તારા ઊંધા પુરુષાર્થથી માન્યું. તેં ઊંધુ માન્યું, સવળું માનવાનો અવકાશ તારામાં છે. કોઈથી કોઈ થતું નથી. કહો, સમજાય છે કાંઈ?

લ્યો '**એ, ભાવેન્દ્રિયોનું જીતવું થયું.**' એ બીજો બોલ થયો. એ છે તો એક ક્ષણમાં ત્રણે વાત. સમજાવામાં તો ક્રમસર આવે છે. કેટલી શક્તિનો ભરોસો? રાંકાઈ, ગરીબાઈ મટી ગઈ. એવું પુસ્તક મળે તો મારા જ્ઞાનની પર્યાય થાય, આવું પુસ્તક મળે તો મને આમ

થાય. જે રાંકાઈ વીર્યની હીનતા, ગરીબાઈ, ભિખારાપણું... ભિખારા સમજો છો? કંગાલપણું, કંગાલપણું, જે પોતાના અંશનો સ્વીકાર કરીને અંશીને ચુકી ગયો. સ્વભાવવાન ત્રિકાળ (છોડીને) એક પડખું વર્તમાનનું માન્યું પણ એક સામાન્ય ધ્રુવ શક્તિના પડખાને માન્યું નહિ. પડખું સમજ્યાને? ભાગ. એક અંશ વર્તમાનને માન્યું, પણ ત્રિકાળી અંશને ન માન્યું. ધ્રુવ અંશ જ્ઞાયક શક્તિ એના અવલંબનથી જ ભાવેન્દ્રિય જીતી શકાય છે અને જીતીને કેવળજ્ઞાન થઈ જાય છે. બીજી કોઈ એની રીત કે ઉપાય નથી. તો ધાર્મિક ક્રિયા એમાં આવે છે કે નહિ? કઈ ક્રિયા? પણ એમાં કોઈ.. આ જુઓ પાંચ હજાર માણસ થયા હતા. કેટલા સમજ્યા એ સમયે લાખો રૂપિયા લોકો ખર્ચતા હતા. આમ-આમ થયું. કેટલું મોટું! ધામધૂમ થઈ હતી કે નહિ? કેમ ...લાલજી! જોયું નહિ? વળી રાજા આવ્યા હતા. વ્યાખ્યાન પાંચ-પાંચ હજાર માણસ હોય, છ-છ હજાર માણસ ઓહો..! અને બધાને જમાડવા, લાડવા-બાડવા, પાણી શીતળ પાણી તો બધા રાજી થઈ ગયા. ઠંડા પાણી અને ભોજનથી બધા ખુશ થઈ ગયા. શું છે? એ તો એના સમયે એ થવાનું હતું તે થયું. એ કોઈ તારા પ્રયત્નથી થયું નથી. તારા પ્રત્યનથી ઊંધા પુરુષાર્થથી દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય જેવડો માનવું. સવળામાં ચૈતન્ય શક્તિ વડે મારું જ્ઞાન આવે છે એમ માનનું એ તારા પુરુષાર્થથી છે. બીજામાં તારો પુરુષાર્થ વીર્ય કાંઈ કામ કરતું નથી. ત્રીજો બોલ. સમજાણું?

શ્રોતા :- ...

ઉત્તર :- આ કહ્યુંને. એનો ખુલાસો શું કર્યો? કે પોતાની ચૈતન્યશક્તિ વડે પ્રતીત થઈ, અંશબુદ્ધિ ટળી ગઈ એનું નામ જીતવું કહ્યું. એ તો વાત કહી. એ જ્ઞેયરૂપ ખ્યાલમાં... એ જ્ઞાન હતું મારું. એ મારું જ્ઞાન છે. અંશ છે એ મારું જ્ઞાન છે. નિમિત્ત એ મારી ચીજ છે. નિમિત્તથી મારું જ્ઞાન છે. એ પોતે જીતાઈ ગયો, પરથી જીતાઈ ગયો. અને નિમિત્તથી નહિ, ખંડથી હું નહિ, આવી જ્ઞાયક શક્તિથી હું છું એમ થયું તો પરને જીત્યું. એનું નામ પરને જીત્યું એમ કહેવામાં આવે છે. બીજું શું જીતવું એટલે મારવું છે? રુચિ છૂટી ગઈ, રુચિ છૂટી ગઈ. રુચિ અંતર જ્ઞાયક શક્તિમાં થઈ. અભેદ શક્તિમાં રુચિ થઈ. લાખ, કરોડ અનંત નિમિત્ત મળે અને ખંડ-ખંડ જ્ઞાન અલ્પ હોય તો એની ઉપર બુદ્ધિ રહી નહિ એનું નામ જીત્યું એમ કહેવામાં આવે છે. ઈન્દ્રિયને જીતી. એની વ્યાખ્યા ચાલે છે. એક બોલ થયો. સમજાણું?

'**ज्ञानस्वभावाधिकं**' છેને? તો જ્ઞાનસ્વભાવનો બોલ લીધો. એકમાં ચૈતન્યસ્વભાવ લીધો, બીજામાં ચૈતન્યશક્તિ લીધી, ત્રીજામાં પણ ચૈતન્યશક્તિ (લીધી). એ '**ज्ञानस्वभावाधिकं**' ની વ્યાખ્યા છે. હિંમતભાઈ! ભાઈ! જ્ઞાનસ્વભાવ અધિક છેને. એક શબ્દની વ્યાખ્યા. પછી ચૈતન્યસ્વભાવ કહો, ચૈતન્ય શક્તિ કહો, એ ચૈતન્ય જ્ઞાનસ્વભાવની જ વ્યાખ્યા છે. '**य इन्द्रियाणि जित्वा ज्ञानस्वभावाधिकं**' સમજાણું?

ત્રીજો બોલ. હવે વિષય ચાલે છે. ત્રીજો બોલ. એ તો ભાવેન્દ્રિય આવ્યું ખંડ ખંડ જ્ઞાન, જડ ઇન્દ્રિય આવી. હવે '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે...**' ગ્રાહ્ય. ગ્રહાવાયોગ્ય, જણાવાયોગ્ય. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. ભગવાનની વાણી શબ્દ વિષય છે. ભગવાનની વાણી દિવ્યધ્વનિ વિષય ગ્રાહ્ય છે. ત્રિલોકનાથ ચૈતન્યની પ્રતિમા... સમજાય છે? એ પણ ગ્રાહ્ય વિષય છે. જ્ઞાનમાં ગ્રહણ કરવાલાયક. ગ્રાહ્ય-જાણવામાં પ્રમેય. આ ગ્રાહ્ય નામ પ્રમેય. ગ્રહણ કરવાને લાયક. ગ્રાહક આત્માનું જ્ઞાન. આત્માનું જ્ઞાન ગ્રાહક છે, એ ગ્રાહ્ય છે. પ્રમેય એ પ્રમાણ. મારા જ્ઞાનમાં ગ્રાહકપણું અને એ ગ્રાહ્ય છે. એવા લક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે. એવો શબ્દ આવ્યો, જ્ઞાન થયું. પણ એ તો ગ્રાહ્યગ્રાહકલક્ષણના સંબંધની નિકટતાને લીધે એમ ભાસે છે. વસ્તુ સ્વરૂપ એવું નથી. શું કહ્યું સમજાણું કાંઈ?

'**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે...**' નજીકતા. જેવા શબ્દ પડે એવી પર્યાય થાય છે. જાણનારનું ગ્રાહકનું જ્ઞાન પણ એવું અને અહીંયાં ગ્રાહ્ય શબ્દ પણ જેવો શબ્દ એવું જ્ઞાન. ભ્રમ થઈ જાય છે કે શબ્દથી જ્ઞાન થયું. પહેલા ઇન્દ્રિયથી કહ્યું હતું, પછી અંશ ભાવેન્દ્રિયથી કહ્યું એ જ્ઞેય. હવે એ જ્ઞેય પર લીધું. શબ્દ આવ્યા તો જ્ઞાન થયું. કેમ? કે '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતા...**' નજીકતા બહુ. પણ ગ્રાહ્યગ્રાહકલક્ષણના સંબંધની નિકટતા. સ્વભાવની નિકટતા નથી. જેવો શબ્દ એવું જ્ઞાન. જેવું અંદર.. સમજાણું? જુઓ અહીં ટકોરા પડશે ટકોરા... કહે છે કે શું થાય છે? એ તો વર્તમાન ગ્રાહક જ્ઞાનની યોગ્યતા અને ગ્રાહ્ય યોગ્ય એનું નિમિત્ત. બહારથી નિમિત્ત લીધું. એના સંબંધને કારણે એવો ભાસ થાય છે. છતાં ગ્રાહક સ્વતંત્ર છે અને ગ્રાહ્ય પણ સ્વતંત્ર છે. પણ નિકટતાના, સંબંધની નિકટતાના લક્ષણને કારણે ભાસ થઈ જાય છે એવો. ઓહો..! ભગવાનની પ્રતિમા જોઈ શાંત ભાવ થયો. પહેલામાં નહોતું આવ્યું? ભાઈ! પહેલામાં આવી ગયું હતું. પછી અહીં ઉડાવી દીધું. અહીં ઉડાવી દે છે. ભગવાનની શાંત મુદ્રા જોઈને વીતરાગભાવનો નિશ્ચય થાય છે. લ્યો ૨૮મી ગાથાને અહીં ઉડાવી દે છે. અરે..! એ તો વ્યવહારથી કથન હતું. ભગવાનની પ્રતિમા અને સાક્ષાત્ ત્રિલોકનાથ સમવસરણમાં દેખાય એ ગ્રાહ્ય છે, જ્ઞેય છે. જ્ઞાનમાં જણાવાલાયક છે અને જ્ઞાન ગ્રાહક તારો સ્વભાવ છે. પર્યાયમાં હોં, ત્યાં પર્યાય લે છે. પણ પર્યાયમાં એવી યોગ્યતા. જેવા-જેવા શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. શબ્દ એવો તો રૂપ પણ એવું, ગંધ પણ એવી. જેમ ગજરો સુંઘે છે. ફુલ-ફુલ. ફુલ સુંઘે છે. એવું જ જ્ઞાન થાય છે. આ ગ્રાહક, આત્મા ગ્રાહક આ ગ્રાહ્ય. વિષય તે ગ્રાહ્ય, ગ્રહાવાલાયક, જણાવાલાયક, પ્રમેયરૂપ અને ગ્રાહક પ્રમાણ. નિકટતાથી એમ થઈ જાય છે કે પોતાના સંવેદનની સાથે પરસ્પર એક જેવી દેખાય છે. જાણે કે વિષયો હોય તો જ જ્ઞાન થાય.

જીભ ઉપર. જીભ કહે છેને? લાડવો આવે તો લાડવાનું જ્ઞાન થાય છે લ્યો. ગળ્યો છે, મીઠો છે. શું છે? એ તો ગ્રાહ્યગ્રાહકલક્ષણના સંબંધના નિકટતાને કારણે એવું ભાસે છે.

એ પર્યાય જે પ્રગટ થાય છે એ નિમિત્તથી નહિ, એ જ્ઞેયથી નહિ, પ્રમેયથી નહિ. પહેલામાં જડ ઇન્દ્રિય લીધી, બીજામાં ભાવેન્દ્રિય લીધી, ત્રીજામાં જ્ઞેય પર લીધું દૂર. સમજાણું કાંઈ? આવો શબ્દ પડે છે તો એવું જ્ઞાન થાય છે. પણ એ તો કહે છે કે ગ્રાહક અને ગ્રાહ્ય લક્ષણવાળા સંબંધની નિકટ—સમીપતા એને કારણે. પોતાના અનુભવની સાથે એક જેવી દેખાય છે. મીઠું—ખારું લવણ-લવણ. લવણનો ખ્યાલ આવ્યો તો ગ્રાહક આત્માનું જ્ઞાન અને એ ગ્રાહ્ય. એને એમ થાય કે આ ખારું આવ્યું તો જ્ઞાન થયું. ખારું ખ્યાલમાં આવ્યું તો જ્ઞાન થયું. અરે..! ખ્યાલ તારી પર્યાય છે. એ ગ્રાહ્યગ્રાહક સંબંધની દૃષ્ટિ છોડ. જ્ઞાયકદૃષ્ટિ કર. સમજાય છે કાંઈ?

'**સંવેદન (જ્ઞાન) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા...**' ભાવેન્દ્રિય વડે હવે આવ્યું જુઓ. ભાવેન્દ્રિય ઓલામાં તો ઉડાવી દીધી હતી. હવે અહીં કહે છે '**એવા, ભાવેન્દ્રિયો વડે...**' ખંડ ખંડ ગ્રાહક. ભાવેન્દ્રિય ગ્રાહક અને વિષયો ગ્રાહ્ય. એના સંબંધે એમ લાગે છે કે એનાથી જ્ઞાન થયું, રૂપથી થયું, ગંધથી થયું, રસથી થયું, સ્પર્શથી થયું. સમજાણું? એ ભ્રમ છે, અજ્ઞાન છે. એને આત્માના યથાર્થ લક્ષણની ખબર નથી. જ્ઞાનસ્વભાવી આત્માની ખબર નથી. જ્ઞાનસ્વભાવ આત્માનો શું સ્વભાવ છે? એને વિષયોને જીત્યા એમ કેમ કહેવામાં આવે છે? વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૨૭૭,
પ્રવચન નં.૩૬૩, તા. ૦૪-૦૨-૧૯૭૦
(૧૫)

આ સમયસાર બંધ અધિકાર છે. એની ૨૭૭ ગાથા. એની ટીકા. શરૂઆત પહેલાથી. જુઓ, શું કહે છે જરી? '**आचारांग आदि शब्दश्रुत ते ज्ञान छे...**' એમ શબ્દ છે પહેલો. એટલે શું કહે છે? કે આ જગતના જેટલા જ્ઞાન અને જાણપણા છેને એ બધા બંધનના કારણ, નુકસાનના કારણ છે. કહો, શેઠ! એ તો બંધનું કારણ છે. બંધ અધિકાર છે, પણ શાસ્ત્રનું જ્ઞાન. શાસ્ત્ર છેને શાસ્ત્ર? સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ કહેલા શાસ્ત્રો આચારાંગ આદિ એ એનું જ્ઞાન પણ એ શબ્દશ્રુત જ્ઞાન છે. એ શબ્દશ્રુત જ છે. એ પણ બંધનું જ કારણ છે.

શ્રોતા :- થોડું જ્ઞાન તો થાયને.

ઉત્તર :- જરીએ થતું નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? આચારાંગ આદિ સર્વજ્ઞ પરમેશ્વરે જે કાંઈ શાસ્ત્રો કહ્યા એ આચારાંગ, સુયગડાંગ આદિ બાર અંગ છે. એમાં અગિયાર આદિનું શબ્દ શ્રુતજ્ઞાન એ જ્ઞાન એનાથી થાય. નિમિત્ત છે શબ્દો અને પોતાની પર્યાયમાં એનું જ્ઞાન થાય એને અહીં શબ્દશ્રુત જ કહ્યું છે. એ જ્ઞાન નથી, એ અણુપયોગ છે, એ અચેતન છે, એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'**कारण के ते (शब्दश्रुत) ज्ञाननो आश्रय छे,...**' એ જાણવાનો ભાવ થયો એમાં એ શાસ્ત્રો નિમિત્ત છે અને આધાર છે. માટે તે તરફનું જ્ઞાન આત્માને નુકસાનકારક અને બંધનું કારણ છે. આકરી વાત છે, ભાઈ! શેઠી!

શ્રોતા :- નુકસાનદાયક ..

ઉત્તર :- લાભદાયક નહિ એટલે નુકસાનકારક છે એમ કહો. આ તમારા હીરા-માણેકનું જે જ્ઞાન છેને એ બંધનું કારણ છે. એ તો એકકોર રહ્યું. એ તો સ્થૂળ બંધનું કારણ, પણ અહીંયાં તો શાસ્ત્ર જે છે. સર્વજ્ઞ કહેલા એ શાસ્ત્રો છે, શબ્દો છે, વાણી છે. એ વાણી તરફનું જ્ઞાન એ જ્ઞાનને જ શબ્દ શાસ્ત્ર જ્ઞાન કહ્યું છે. શબ્દશ્રુત કહે છે એ. એ જ્ઞાન નથી. એ જ્ઞાન જડ છે, અચેતન છે, અણુપયોગ છે. આહા..હા..! ભારે કામ! ઝીણી વાત છે, બાપુ! તારો સ્વભાવ એવો છે. અહીં ઈ કહેશે. ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો. તારો સ્વભાવ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત, સિદ્ધ નામ જ્ઞાન, આનંદ. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન

આત્મા અંતર્મુખ થઈને જ્ઞાનની શક્તિમાંથી જ્ઞાનની દશા પ્રગટે તે ધર્મ અને તે મોક્ષનું કારણ અને તે સાચું જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

શ્રોતા :- શાસ્ત્રનું જ્ઞાન ..

ઉત્તર :- ના, બિલકુલ સમજાવતા નથી એમ કહે છે ઈ. એમ કહે છે. પ્રવિણભાઈ! શું કહ્યું? '**આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...**' શબ્દશ્રુત તે જ જ્ઞાન છે. એ શબ્દના આશ્રયે થયેલું જ્ઞાન શબ્દશ્રુત જ છે. એ આત્મશ્રુત નહિ. એ આત્મજ્ઞાન નહિ, એ આત્માના હિતનો કરનાર એ જ્ઞાન નહિ, એ જ્ઞાન અહિતકર છે. ગજબ વાત છે. વ્યવહાર પરના આશ્રયથી થયેલું જ્ઞાન તે નુકસાનકારક છે એમ કહે છે. શશીભાઈ! આહા..હા..! અને '**કારણ કે તે (શબ્દશ્રુત)...**' એ જાણેલા ભાવને શબ્દ શાસ્ત્ર શબ્દોનો આધાર છે. શબ્દને આશ્રયે થયેલું જ્ઞાન એ શબ્દશ્રુત છે, અચેતન છે, અણુપયોગ છે. ભગવાન આત્માનું એ જ્ઞાન નથી. આહા..હા..! વજુભાઈ! આ તમારું ઈજનેરનું જ્ઞાન કેવું હશે? જડ? ત્યાં તો તમે હુશિયાર કહેવાતા હતા. બહુ હુશિયાર વાંકાનેર રાજમાં ઈજનેર. કહો આ બધા હીરાના. આ રામજીભાઈનું વકીલાતનું જ્ઞાન લ્યોને. આ રામજીભાઈ તો મોટા કહેતા ત્યાં સૌ. ઓલો ભાઈ બે હજારનું દનીયું લેનારા એની સામે ઉભા રહેતા વકીલ. કુજ્ઞાન નહિ, જડ જ્ઞાન છે ઈ. આહા..હા..! કહો, હિંમતભાઈ!

ભગવાન! તારું જ્ઞાન અને ધર્મ તો એને કહીએ. એ કહેશે પછી. કે આત્મા પોતે સચ્ચિદાનંદ જ્ઞાનનો પુંજ ચૈતન્યબિંબ છે. જેમાં સૂર્ય જે છે એ રજકણનો બિંબ છે, પરમાણુનો. આ દેખાય એ. એમ ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપ જે છે એ તો જ્ઞાનનું દળ છે, જ્ઞાનનો પુંજ છે, એકલો સ્વભાવ, જ્ઞ સ્વભાવનું સત્ત્વ છે. એવો જે ભગવાન આત્મા અંતર્મુખ થઈને, અંતર્મુખ થઈને એ જ્ઞાનની શક્તિને, સ્પર્શીને જે જ્ઞાન પર્યાયમાં પ્રગટરૂપ અંશે થાય તે જ્ઞાનને આત્માનું જ્ઞાન અથવા તે આત્મા તે જ્ઞાન. તે મુક્તિનું કારણ તે ધર્મધ્યાન. આહા..હા..! સમજાય છે કાંઈ? બાપુ! અનંતકાળ થયા. ચોર્યાસીના અવતાર. અનાદિનો ભગવાન આત્મા તે કાંઈ નવો છે? આત્મા કાંઈ નવો થાય? એ તો છે, છે અને છે. રહ્યો ક્યાં? આ ચોર્યાસીના અવતાર ધુળધાણી. શેઠ થયાના અવતાર, દેવના અવતાર, રાજના અવતાર, રાંકના અવતાર એ બધા ભિખારી દુઃખીના અવતાર છે. કહો, શેઠ! દુઃખી હશો તમે? આ બધા પૈસાવાળા બહુ કહેવાઓને કરોડપતિ અને ધૂળપતિ એમ કહે છે માણસ. ઓલો છોકરો કહે છે કે ધૂળ છે પૈસા તે. એમ કહે લ્યો. ઓલો બાર વર્ષનો છોકરો છેને. દિલીપ. ધૂળ છે કહે. છે પૈસાવાળા હોં ઈ બધા. એના બાપ બેઠા છેને ક્યાં ગયા? દાદા. આ બેઠા. કહે છેને તમારો? ધૂળ છે પૈસા. પણ તારો દાદો કરે છેને? કહે કરે છે શું? એ સંકલ્પ-વિકલ્પ કરે છે. કરે છે શું? શું પૈસાનું કરે છે ઈ? તારો બાપ કરે છે કીધું ત્યાં બધું જો વ્યાજવટાવને. કાંઈ કરતો નથી. ત્યારે શું કરે છે? એ તો સંકલ્પ-વિકલ્પ એવો ભાવ કરે. લેવું-દેવું કાંઈ કરી શકતો

નથી. એ તો જડની ક્રિયા છે. ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..!

કહે છે, ભારે! અહીં તો શાસ્ત્રથી થયેલું જ્ઞાન તે શબ્દશ્રુત છે. એ આત્મજ્ઞાન નહિ અને તે ધર્મ નહિ. આહા..હા..! અહીં તો હજી શાસ્ત્રનું થોડું કાંઈક જ્ઞાન થઈ જાય જાણે એમ થઈ જાય કે આપણે થઈ ગયા હવે જ્ઞાની. એય..! થઈ ગયા ધર્મી. બાપુ! ધર્મ કોઈ જુદી ચીજ છે, ભગવાન! અનંતકાળે ધર્મ શું છે એણે જાણ્યો નથી અને ધર્મ એક સેકન્ડ પણ જો જાણવામાં આવે એને જન્મ-મરણની ગાંઠ ગળ્યા વિના રહે નહિ, એનું જન્મ-મરણ રહે નહિ. સમજાણું કાંઈ? કહે છે. આ પહેલેથી લીધું. ગુજરાતી થયુંને આ પાછું. રામજીભાઈ કહે પહેલેથી લ્યો. આ મહેમાન પણ નવા છેને પાછા બધા. એય..! શાંતિભાઈ! આ શું કીધું? આ તમારા મોટરના પાર્ટનું જ્ઞાન એ બંધનું કારણ, નુકસાનું કારણ એમ કહે છે. એય..! ખીમચંદભાઈ! આવ્યા છેને તમારા ભાઈ આવ્યા છે. કહો, સમજાણું આમાં?

શ્રોતા :- કરવું શું ત્યારે અમારે?

ઉત્તર :- આ આત્મા શું છે એનું જ્ઞાન કરવું જો કલ્યાણ કરવું હોય તો એમ કહે છે. ત્યાં પાર્ટમાં હુશિયાર ત્યાં દુકાનમાં. આનો આ પાર્ટ છે. શું કહેવાય ઈ? ભાગ કહેવાયને પાર્ટને? પાર્ટ કહેવાયને શું કહેવાય શાંતિભાઈ! પાર્ટ બધા. આહા..હા..! બે-પાંચ લાખ પેદા થતા હોય અને પોતે હુશિયાર ગણાતો હોય એ બહુ ડાહ્યો કહેવાય. અહીં કહે છે કે મૂર્ખ છો એમ કહે છે. એય..! શેઠ!

શ્રોતા :- ભગવાન તો એમ જ કહેને પણ.

ઉત્તર :- ભગવાન નહિ એ વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાન આત્મા અંદર જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ છે. આત્મા છે એ સત્ છે. છે, છે તેનો સ્વભાવ, સ્વભાવ, પોતીકાનો નિજભાવ એ જ્ઞાન અને આનંદ એનો ભાવ છે. એ જ્ઞાનના ભાવને અડીને એકાગ્ર થઈને વર્તમાનદશા જે પરસન્મુખ છે, પરસંગમાં છે તેને તે દશાને સ્વસંગમાં વાળીને અસંગ એવો ભગવાન એને જ્ઞાનની પર્યાય અડે અને સ્પર્શે ત્યારે જે પર્યાય અવસ્થા પ્રગટ થાય તેને ધાર્મિક જ્ઞાન અને હીતનું જ્ઞાન, હિતકર જ્ઞાન કહેવામાં આવે છે. જાદવલાલજી! ભારે વાત, ભાઈ! આહા..હા..! અરે..! તારા ઘરની વાત તને ખબર ન મળે અને પારકાની માંડી બધી. એમ કહે છે. સમજાણું કાંઈ? તું કોણ છો? કેમ છે? .. છે? નહિ. ઠીક. આ કેટલાક મહેમાન જોવે તો ખરાને નવા આવ્યા છે. એક અહીં છોડી છે પૂર્વભવના જ્ઞાનવાળી. પૂર્વ ભવનું જ્ઞાન થયેલું છે. જાતિસ્મરણ આઠ વર્ષ પહેલાં. આ એમના દીકરાની દીકરી છે આ. વજુભાઈ બેઠાને એના દીકરાની દીકરી. ...

આ તો આત્મા અનાદિનો છે. કાંઈ નવો છે? આત્મા નવો થાય? છે અવિનાશી એનું નવાપણું હોય નહિ. છે એ અનાદિ ચાર ગતિના અવતારમાં દુઃખી થઈને રખડે છે. સમજાય છે? એમાં અહીંયાં કહે છે. એના જાણપણાનું ક્યું જ્ઞાન એનું સાચું કહેવાય? કે જે શાસ્ત્ર

તરફના વલણવાળું જ્ઞાન, શાસ્ત્રનું હોં આ તમારા મોટરના પાર્ટનું અને આ બધું વકીલાતનું તો ક્યાંય રહી ગયું એકકોર. શાંતિભાઈ! વચમાં થઈ ગયું હતુંને શરીરને બધું ઢીલુંઢીલું? માંડ-માંડ સરખું થયું પાછું વળી. ઈ તો એને કારણે થયું હોં. એ કાંઈ આત્માને કારણે નહિ. આહા..હા..! હા એ તો ભાઈ કહેતા હતા. આહા..હા..!

અહીં કહે છે ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર એમ ફરમાવે છે, ભાઈ! તારા આત્માના અંતર સ્વભાવમાં ભરેલો ભંડાર જ્ઞાનનો ભંડાર ભગવાન છે. એની અંતર્મુખ થયા વિના, અંતર્મુખ ઢળ્યા વિના એનું સાચું જ્ઞાન થતું નથી અને એ સાચું જ્ઞાન તે મોક્ષનું કારણ અને ધર્મજ્ઞાન છે. સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! આ બધા જ્ઞાન તમારા... આહા..હા..! ગજબ વાત! શાસ્ત્ર તે સમયસાર. કહે છે કે '**તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' એ જાણેલા ભાવમાં એ શાસ્ત્રના નિમિત્તનો આધાર હતો. માટે તે જ્ઞાનને શબ્દશ્રુત, જડશ્રુત કહે છે. એ આત્મશ્રુત નથી. આહા..હા..! જે જ્ઞાનની દશામાં ભગવાન આત્મા એનો આધાર ન મળે, એનો આશ્રય ભગવાનનો આત્માને જ્ઞાનનો, આત્મા ભગવાન હોં, પાછો બીજો ભગવાન ભગવાનની પાસે રહ્યા. આ ભગવાન એવો આત્મા જે જ્ઞાનની દશાને એ ભગવાન આત્માનો આધાર ન મળે, આશ્રય ન મળે તે જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? એ ધર્મનું કારણ નહિ અને એ ધર્મજ્ઞાન નહિ. આહા..હા..!

'**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' આ બીજા જીવ છે, આ બીજા જડ છે એ સમકિત છે કહે છે. એય..! એ મિથ્યાશ્રદ્ધા છે. એ શ્રદ્ધા સાચી નથી. '**જીવ આદિ નવ પદાર્થો...**' લ્યો, આટલું બધું. જીવ અનંતા છે, જડ છે. આહા..હા..! મોક્ષ છે, ધર્મની પર્યાય પણ આવી હોય એમ એને શ્રદ્ધામાં ભેદવાળા નવ ભેદને જે શ્રદ્ધે છે ઈ નવ ભેદ જ સમકિત છે, જડ સમકિત છે એમ કહે છે ઈ. અરેરે..! વ્યવહાર સમકિત કહો કે જડ સમકિત. આહા..હા..! સમજાય છે કાંઈ? '**કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે.**' શ્રદ્ધા જે કરે વ્યવહાર શ્રદ્ધા, શ્રદ્ધા આસ્તિકતા વ્યવહારું. એ આસ્તિકતામાં નવ તત્ત્વો જીવ, અજીવ છે, એવો એમાં આશ્રય નવ તત્ત્વનો આધાર મળે છે. માટે તે શ્રદ્ધાને, જડ શ્રદ્ધા અથવા એ અજીવની શ્રદ્ધા એ અજીવ શ્રદ્ધા, પરજીવની શ્રદ્ધા એ પણ અજીવ શ્રદ્ધા. આહા..હા..! એય..! આ કેવળજ્ઞાની પરમાત્મા છે આ એવી અહીંયાં શ્રદ્ધા એ વિકલ્પ શ્રદ્ધા એ જડ શ્રદ્ધા થઈ કહે છે. અરે..! ગજબ વાત છેને.

બાપુ! તારા ઘરમાં ક્યાં ખોટ છે કે તું પરનો આશ્રય લેવા જા છો? એમ કહે છે. સમજાય છે કાંઈ? એય..! પ્રેમચંદભાઈ! શું આ થયું? ભગવાન સાચા ત્રણલોકના નાથ પરમેશ્વર. સાચા એમ જે શ્રદ્ધા વિકલ્પ છે એ પોતે નવ તત્ત્વરૂપ છે, પરરૂપ છે. એને નવ તત્ત્વનો આધાર શ્રદ્ધાનો છે માટે તે શ્રદ્ધા જડ શ્રદ્ધા છે, અચેતન શ્રદ્ધા છે, બંધનનું કારણ એ શ્રદ્ધા નથી. શેઠી! શેઠ! કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય આવું કોઈ દિ'.

શ્રોતા :- ..

ઉત્તર :- કોણ કરાવે? આત્મા અંદર પડ્યો છેને. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છેને. એની અંદર આશ્રય કરતા એને આત્માનું ભાન અને શ્રદ્ધા થાય એ શ્રદ્ધા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- સાંભળ્યું નથી.

ઉત્તર :- સાંભળ્યું નથી? લ્યો તમે તો બધા ઘણા વર્ષના ચોપડા ફેરવો છો. વનેચંદભાઈ અને એ બે જણા. બહુ ભણ્યા, ઘણા વર્ષના હોં. ૮૨ની સાલ પહેલાના. કહો, સમજાણું કાંઈ?

'**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' છ જીવ-નિકાય ચારિત્ર છે. એ જગતના છ જીવનો સમૂહ છેને—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ ચારિત્ર છે. એટલે? કે જે કાંઈ શુભભાવ થાય એમાં છ કાય જીવનું નિમિત્ત છે, આશ્રય છે. માટે એ શુભભાવ છ કાય જીવરૂપ છે એટલે જડ છે એ. આત્માનું સ્વરૂપ એ છે નહિ. આહા..હા..! છ કાયની દયાનો ભાવ. અહીં તો કહે છ કાયની દયા પાળવી એ ધર્મ છે, છ કાયનો પિયર છે ને છ કાયનો.. અરે..! ભગવાન! શું કરે છે? પ્રભુ! તારામાં અંતર આનંદમૂર્તિ પ્રભુ તું છોને ભાઈ! પરમેશ્વર સર્વજ્ઞ જેટલા થયા એ બધા અંતર આત્મામાંથી થયા છે. અંદર શક્તિ પરમાત્મસ્વરૂપ પડી છે એમાંથી વ્યક્ત કરીને થયા છે. કાંઈ બહારના વિકલ્પથી થયા નથી.

અહીં કહે છે છ જીવ-નિકાયની દયાના ભાવ એ શુભ છે, એ અચેતન છે, એ જડ છે, એ બંધનનું કારણ છે. આ વ્યવહાર ચારિત્ર બંધનું કારણ જડ છે એમ કહે છે. નવનીતભાઈ! આહા..હા..! અરે..! જગતે નિજઘર અને પરઘર શું છે એની વાતું સાંભળી નથી. એકલો વ્યભિચારી થઈને પરઘરની વાતુંમાં પડ્યો છે ઈ. સમજાણું કાંઈ? એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ દેવ-ગુરુ-શાસ્ત્ર એટલે પર છે, એ જડ છે. આહા..હા..! ગજબ વાત છેને. એ તો વીતરાગના ઘરમાં આ વાત હોય. સમજાય છે કાંઈ? એની દયાનો ભાવ છ કાય હોં. અનંતા નિગોદના જીવ. એની દયાનો ભાવ એ ભાવમાં પરાશ્રય છે, માટે તે ભાવને અહીંયાં પરરૂપ, વ્યવહારરૂપ, બંધનરૂપ, દુઃખરૂપ તે ભાવને કહ્યો છે. આહા..હા..! એ પ્રમાણે તો વ્યવહાર છે. આ વ્યવહાર છે. શબ્દશ્રુત જ્ઞાન તે વ્યવહાર. કેમકે પરનો આશ્રય છે. નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ તે વ્યવહાર. કેમકે એમાં નવના ભેદનો પરનો આશ્રય છે. છ કાયની દયાનો ભાવ તે ચારિત્ર તે પરનો આશ્રય એ બધો વ્યવહાર છે. એ વ્યવહાર નિષેધ કરવાલાયક છે. આહા..હા..!

હવે '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' છે ચોથી લીટી? ભગવાન આત્મા શરીર, વાણીથી તો જુદો છે, આ તો જડ-માટી છે, આ તો અજીવ તત્ત્વ છે. શરીર, વાણી, પૈસો બધું અજીવ પદાર્થ છે. અજીવથી ભગવાન આત્મા તો તદ્ન જુદો છે. કહો, આ તો સમજાય

એવું છે હોં. સાદી ભાષા છેને ભાઈ! મહેમાનને કહું. જયંતિભાઈ! આ તો સમજાય એવું છે જરી. ઓલું જરી મુંબઈ લઈને આવ્યા હોય એટલે હળવે હળવે જરી. આ આકરું પડે. કહો, સમજાણું આમાં? આહા..હા..! કહે છે '**શુદ્ધ આત્મા જ્ઞાન...**' બસ એ શુદ્ધ આત્મા જ જ્ઞાન. ધર્મનું જ્ઞાન, મોક્ષના માર્ગનું જ્ઞાન એક શુદ્ધાત્મા. એટલે કે જે જ્ઞાનની દશામાં શુદ્ધ આત્માનો આશ્રય મળે, અંતરના આધારે જ્ઞાન થાય તે જ્ઞાનને અને મોક્ષના માર્ગનું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવું ઉઘાડું સૂર્ય જેવું કથન છે. છતાં કોણ જાણે બહાર તકરાર-તકરાર કરે હોં. એની સાથે. કોની સાથે? આત્મા સાથે. આહા..!

ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ છેને ભાઈ! સમજાય છે કાંઈ? કહે છે કે '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' જુઓ, અશુદ્ધ પર્યાય નહિ? રાગ નહિ, પર નહિ. એકલો ભગવાન જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યબિંબ, શુદ્ધભાવ એવું જે ચૈતન્યનું સ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, નિત્યાનંદ ભગવાન એનો અંતર આશ્રય લઈને સ્વસન્મુખ થઈને, જે જ્ઞાન થાય તે આત્માનું જ્ઞાન છે. એ જ્ઞાન મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' શુદ્ધ આત્મા જ જ્ઞાન છે એમ કહે છે અહીં તો. વળી જ્ઞાનની પર્યાય પહેલી એમ કહે '**શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...**' ભગવાન આત્મા પવિત્રધામ અનંત શક્તિ અને પવિત્રનું ધામ ભગવાન એ સમ્યગ્જ્ઞાનમાં વર્તમાન જ્ઞાનની દશાને એનો આધાર મળતા, એની સન્મુખ થતાં જ્ઞાનની શક્તિના સત્ત્વમાંથી, અંતરમાંથી જે જ્ઞાનની શક્તિ તે વ્યક્ત પર્યાયપણે પ્રગટ થઈ તે જ્ઞાન તે શુદ્ધ આત્માનું જ્ઞાન છે અને એ ધર્મ છે. એ જ્ઞાન ધર્મરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્મા દર્શન છે...**' હવે સમકિત. સમકિત. સમકિત એટલે સત્ય શ્રદ્ધા, સત્ય દર્શન, સાચું ભાનની પ્રતીતિ એ શુદ્ધદર્શન સમકિત જે ધર્મનો મૂળ પાયો એ શું છે? કે '**શુદ્ધ આત્મા દર્શન છે...**' એ આત્મા જે પવિત્રનું ધામ ભગવાન એ પુણ્ય-પાપના રાગના વિકલ્પથી તદ્ન જુદી ચીજ પ્રભુ છે એવા ચૈતન્ય તત્ત્વનો, શુદ્ધ આત્માનો જેને આશ્રય મળ્યો સમ્યક્ શ્રદ્ધાને, પણ જે શ્રદ્ધાને આત્માનો આશ્રય મળ્યો, અંતર્મુખ થઈને આત્માની પ્રતીત નિર્વિકલ્પ કરે તેને અહીંયાં સમ્યગ્દર્શન, ધર્મનું મૂળિયું અને મોક્ષનું કારણ એને ધર્મ કહે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? '**શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે,...**' કેમકે તે દર્શનનો, તે દર્શનનો એટલે શુદ્ધાત્મા. આહા..હા..! શું કહે છે? સાચું સમકિત એવી જે ધર્મની પહેલી દશા એ કોને કહીએ? કે જેને નિમિત્તનો આશ્રય નહિ, વિકલ્પનો આશ્રય નહિ, રાગનો. એક સમયની અવસ્થા પ્રગટ જણાય તેનો આશ્રય એને નહિ. ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

આ દુનિયાના ડાહ્યા અને સંસારના સમજુ એ બધા નુકસાનકારક છે એમ કહે છે. અરે..! અહીં તો શાસ્ત્રના ડાહ્યા એ પણ મૂર્ખ છે એમ કહે છે. અરેરે..! ભારે ગજબ વાત છે!

એય..! રતિભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં ભગવાન બિરાજે છે અંદર સ્વરૂપ. ધ્રુવ નિત્ય અવિનાશી. સમજાણું કાંઈ? એ અંદરનો અવાજ આવે આત્માનો એમ કહે છે અહીં તો. ભગવાન આનંદમૂર્તિ આત્મા છે, અતીન્દ્રિય આનંદનો કંદ રસ આત્મા છે. આ પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે ભાવ એ દુઃખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુઃખને પરનો આશ્રય છે અને આત્મામાં જ્યારે સમ્યગ્દર્શન અને આનંદ આવે એ આનંદને સમ્યગ્દર્શનનો આધાર આત્મા છે. આહા..હા..! કહો, નવનીતભાઈ! માખણ છે આ. પ્રભુ! તું તારા ઘરમાં જઈ અને અંતરને ઢંઢોળીને પ્રતીત કર તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! તેને ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું એને કહે છે કે જે ભગવાન આત્મા સત્ છે, શાશ્વત છે. સત્ છે કે અસત્ છે? સત્તાવાન છે, હોવાપણે છે, અનાદિ-અનંત છે. એની અંદરમાં આનંદ ને જ્ઞાન ને શાંતિથી ભરેલો. એય..! શાંતિભાઈ! આ શાંતિથી ભરેલો છે અંદર. નામ શાંતિ આવે એટલે કાંઈ શાંતિ ન આવે એમ કહે છે. આહા..હા..! એની વર્તમાન દશામાં રાગની મંદતા કોઈ હોય દયા, દાન, વ્રત, ભક્તિ એ પણ શાંતિ નથી કહે છે એ પણ દુઃખ છે. આહા..હા..! આ તે રાડ! સમજાય છે કાંઈ?

ભગવાન અંતર સ્વરૂપે એનો સ્વભાવ નિત્યાનંદ પ્રભુ શાંત અવિકારી, અકષાય અને આનંદ છે. એના અંતર્મુખ થઈને વર્તમાન નિમિત્તની રુચિ છોડી પરસંયોગની. પુણ્ય-પાપના વિકલ્પની રુચિ છોડી, એક સમયની વર્તમાન ચાલતી વ્યક્ત પ્રગટ અવસ્થા તેની રુચિ છોડી, ત્રિકાળ દ્રવ્ય સ્વભાવની, આનંદની રુચિ કરે એ રુચિમાં એને સમ્યગ્દર્શન કહે છે. કારણ કે એ રુચિમાં આધાર આત્માનો મળ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, '**શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે,...**' કારણ કે દર્શનનો આશ્રય છે. સમ્યક્ સત્યદર્શન, સત્ય શ્રદ્ધા, સાચું આત્માના સ્વરૂપને જેવું છે તેવું દેખવું એવી જે શ્રદ્ધા, એવી જે અવસ્થા એને આધાર આત્માનો છે. સમજાય છે કાંઈ? માટે તે શ્રદ્ધાને, સમ્યગ્દર્શનને, સાચું સમ્યગ્દર્શન, સત્યદર્શન, મોક્ષના માર્ગનો બીજો અવયવ પરમાત્મા ત્રિલોકનાથ ફરમાવે છે. આહા..હા..! લાલજીભાઈ! સાંભળ્યું પણ નથી. જિંદગી જન્મ્યા હોય. જૈનમાં તો આ દયાઓ પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, કંદમૂળ ન ખાવા. એમાં ને એમાં જિંદગી રાગમાં ધર્મ માનીને ગઈ અનાદિથી. સમજાણું કાંઈ? એવું તો અનંતવાર નવમી ગ્રૈવેયક સ્વર્ગમાં ગયો, અનંતવાર બહારની વ્રતના તપની, ભક્તિ, પૂજાના ભાવ તો અનંતવાર કર્યા છે. એ તો શુભભાવ છે, વિકલ્પ છે, વૃત્તિનો ઉત્થાન છે, વાસના છે. વસ્તુનું સ્વરૂપ નહિ એ. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે કે સમ્યગ્દર્શનનું કારણ તો આત્મા છે. માટે તે સમ્યગ્દર્શન યથાર્થ છે. એ નિશ્ચય છે, એ સમ્યગ્દર્શન સત્ય છે, એ મોક્ષનું કારણ છે. '**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' હવે ચારિત્રની વ્યાખ્યા કરે છે કે પરના છ કાયના જીવની દયાને આશ્રયે ત્યાં એક જ વિભાવ

લીધો, પણ પાંચેય લઈ લેવું, ભાઈ! એક અહિંસાની વાત લીધી. એમાં અહિંસામાં સત્ય ને દત્યને બધા વિકલ્પો બધા શુભભાવ છે. પરની દયા પાળવાનો ભાવ એ શુભરાગ છે, પુણ્ય છે, બંધનનું કારણ છે. એમાં સ્વસ્વભાવનો આશ્રય છે નહિ. આહા..હા..! પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એની વાણીમાં ઈન્દ્રોના સમક્ષમાં આ વાત આવી હતી. સમજાય છે કાંઈ? કહો, લક્ષ્મીચંદભાઈ! ત્યાં ચાલે છે કહે છે નાઈરોબીમાં આ. રીત્સર કામ ચાલે છે. વાંચે છે. કહેતા હતા. સમજાણું કાંઈ? પહેલું વાંચન જોઈએ, શ્રવણ-મનન જોઈએ, સત્ સમાગમ જોઈએ. શું ધર્મ છે? શું અધર્મ છે? શું પરાશ્રયભાવ દુઃખરૂપ છે, સ્વાશ્રય શું સુખરૂપ થાય છે? એનું પહેલું એને યથાર્થ જાણવું જોઈએ. એ જાણેલું યથાર્થ પણ વ્યવહારે ક્યારે કહેવાય? કે નિશ્ચય સ્વભાવનો આધાર લઈને નિર્ણય કરે ત્યારે કહેવાય. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' ભગવાન આત્મા જ ચારિત્ર એમ લીધું. પવિત્ર ભગવાન આત્મા ચારિત્ર. કેમ? ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા. એ સ્વરૂપની રમણતા ઈ પોતે આત્મા છે. કેમ? કે જે સ્વરૂપમાં ચરવું. ચારિત્ર એટલે ચરવું. ભોજન કરવું, આનંદનો સ્વાદ લેવો. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો એ ચારિત્ર છે, એ ચારિત્ર આત્મા છે. કેમ? કે એ ચારિત્રનો આધાર આત્મા છે. આહા..હા..! ધર્મની વાત એવી સૂક્ષ્મ છે, બાપુ! અપૂર્વ વાત છે, ભાઈ! એણે અનંતકાળમાં એના નિજસ્વરૂપનો શું સ્વભાવ છે? પરમેશ્વર ત્રિલોકનાથ શું કહે છે? એની એને દરકાર અનંતકાળમાં કરી નથી, ભાઈ! એમ ને એમ રખડતો દુઃખી છે પ્રાણી. આ પૈસાવાળા કહેવાતા હોયને એ મહા દુઃખી છે હોં. એમ હશે શાંતિભાઈ? આ બધા દુઃખી હશે તમારા મણિભાઈને બધાય? પૈસાવાળા કહેવાય છેને? પૈસાને લઈને દુઃખી નહિ. એ પૈસા મને મળ્યા અને મારા એવી માન્યતા એ મહા દુઃખનું કારણ અને દુઃખરૂપ છે. શોભાલાલજી!

શ્રોતા :- તો પચ્ચીસ હજાર મળ્યા કેમ?

ઉત્તર :- કોને મળ્યા? ધૂળને મળ્યા નથી. એ તો બહારથી આવ્યા. પુણ્યને લઈને આવ્યું છે. એને મળ્યા શું? એ માને કે મને મળ્યા એ મમતા મળી એને તો. એની પાસે શું આવ્યું? આવ્યું. આ મને મળ્યું એવી મમતા. ઓલી ચીજ તો બહાર રહી ગઈ. એ ચીજ અહીં આવી છે સાથે? અને અમથી સાથે ત્યાં છે તો દૂર છે એ તો. એ તો દૂર છે. દૂરમાં આત્માનો અભાવ છે અને આત્મામાં એનો અભાવ. આત્મામાં એ લક્ષ્મીનો અભાવ છે અને લક્ષ્મીમાં ભગવાન આત્માનો અભાવ છે. કહો, બરાબર છે? ડાહ્યા માણસને સમજવું તો પડશે કે નહિ સાચું શું છે એને? જુઓ, આ આંગળી છે. આ આંગળીમાં આંગળીનો અભાવ છે. આ આંગળી આ આંગળીને લઈને છે? આ આંગળી આંગળીને લઈને છે, આને લઈને નથી. એટલે અભાવ છે. એમ આત્મા આત્માને લઈને છે. આત્મામાં લક્ષ્મી અને શરીરનો

એમાં અભાવ છે અને લક્ષ્મી લક્ષ્મીને લઈને છે. લક્ષ્મીમાં આત્માનો અભાવ છે. બરાબર છે, ભાઈ! આ તો ન્યાયની વસ્તુ છે. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા..હા..! પણ સાંભળવાને વખત મળે નહિ અને સાંભળવાનો વખત મળે તો મળે ઉંધું સાંભળવાનું બધું. રખડવાનું. મૂળ ચીજ શું છે એને સાંભળવાને મળે નહિ. સાંભળ્યા વિના એનું જ્ઞાન ક્યાંથી થાય અને સમ્યક્ ક્યાંથી થાય? અને ધર્મ તો રમણતા ક્યાંથી થાય? આહા..હા..! શું કહ્યું? સમજ્યા વિના? સમજ્યા વિના કેમ સમજાય? પછી સમજાવ્યા વિના કેમ સમજાય એમ આવે.

શ્રોતા :- સમજ્યા પછી આવે એમને?

ઉત્તર :- હા, આહા..હા..!

કહે છે કે '**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' ભગવાન આત્મા જ ચારિત્ર છે. અને શરીર, વાણી, મન એમાં નથી. એનામાં પુણ્ય-પાપના વિકલ્પો વૃત્તિ, વાસના ઉઠે એ પણ એના પ્રભુમાં નથી. ન હોય તો કોઈ દિ' જાય નહિ અને જાય નાશ થઈને આત્મા પવિત્રતાને પામે નહિ, તો એ પવિત્રતાનો પિંડ આત્મા છે. એ પુણ્ય ને વિકલ્પવાળો આત્મા નથી. એ પુણ્ય અને પાપની વૃત્તિઓ જે અહીં વ્યવહારચારિત્રનો વિકલ્પ છ કાયનો એનો એમાં અભાવ છે આત્મામાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચારિત્ર એટલે? ચરવું. ભગવાન આનંદસ્વરૂપ છે પ્રભુ નિત્યાનંદનો નાથ પોતે એમાં રમવું, ઠરવું, આનંદનું વેદન કરવું. એનું નામ ચારિત્ર છે. કહે છે કે એ ચારિત્ર તે આત્મા છે. કારણ કે આત્માને આધારે પ્રગટ્યું માટે તે ચારિત્ર આત્મા છે. અને છ કાયને આધારે દયા પ્રગટી એ છ કાય પરતત્ત્વ છે તો અજીવતત્ત્વ છે. આહા..હા..! એ ચારિત્ર તે અજીવ છે એમ કહે છે. વ્યવહારચારિત્ર તે અજીવ છે અને નિશ્ચય ચારિત્ર તે આત્મા છે એમ કીધુંને ભાઈ? નિશ્ચય ચારિત્ર તે આત્મા, વ્યવહાર ચારિત્ર તે અજીવ. આહા..હા..! આવો બધો ફેર? એય..! નિહાલભાઈ! બધું અપાસરામાં સાંભળ્યું હતું આવું કોઈ દિ'? જય જય અપાસરામાં કરે ત્યાં.

અરે..! ભગવાન! અહીં તો ઉપાશ્રય છે. ઉપ ભગવાન આનંદમૂર્તિની ઉપ નામ સમીપ જઈને આશ્રય લે ત્યારે તેને પર્યાય નામ અવસ્થામાં ધર્મ થાય અને એ ધર્મ એને મુક્તિનું કારણ થાય. બાકી તો રખડવાના રખડપટ્ટી ચોર્યાસીના અવતારની અનાદિથી છે આહા..હા..! અરે..! એની એને દયા નથી. કોની એને? પોતાની હોં. અરે..! હું રખડું છું, દુઃખી છું, ક્યાં અવતરીશ? ક્યાં અવતાર લીધા? સમજાય છે? ચોર્યાસીના અવતાર. વંટોળીયામાં ઉડતું તણલખલું ક્યાં જઈને પડશે? એમ ચોર્યાસીના અવતારના મિથ્યાત્વના ભાવ, આત્માના ભાવનું ભાન ન મળે એ મિથ્યાત્વને વંટોળીયે ક્યાં જઈને અવતરશે? આહા..હા..! એની એને ખબર નથી. સમજાય છે કાંઈ?

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા જેને ત્રણકાળનું જ્ઞાન છે. એ ભગવાન

એમ ફરમાવે છે અને એમ છે કે પ્રભુ! તારામાં ચારિત્ર એને કહીએ કે આ છ કાયની દયા પાળવી અને પરનું વ્રત કરવું અને અહિંસા, સત્ય, દત્યનો વ્રત છે. એ તો બધો વિકલ્પ છે, પ્રભુ! એ તો રાગ છે, એ ચારિત્ર નહિ. આહા..હા..! અહીં તો કાંઈક લૂગડા ફેરવ્યા અને જ્યાં ફર્યું ત્યાં જય મહારાજ. ચારિત્ર થઈ ગયું પછી લ્યો. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો સાહુણં લ્યોને. અરે..! બાપુ! સાધુપદ બાપા! કોઈ અલૌકિક વસ્તુ છે, ભાઈ! હજી તો સમ્યગ્દર્શનના ઠેકાણાના ખબર ન મળે અને સાધુપદ આવ્યું ક્યાંથી? એ સાધુ સાધતિ ઈતિ ચારિત્રદશા એ તો અંતરમાં સમ્યગ્દર્શન સ્વરૂપને આશ્રયે થયું હોય અને સ્વભાવમાંથી જ્ઞાન આવ્યું, પછી સ્વરૂપમાં રમે અને વીતરાગતા અંદર પ્રગટી હોય એને ભગવાન ચારિત્ર અને મોક્ષનો માર્ગ ચારિત્ર કહે છે. એ સાચા વ્રત એને કહે છે. સમજાણું કાંઈ? ઓલા બધા ખોટા વ્રત કહે છે. અરે..! ભારે વાત ભાઈ! આહા..હા..! પંચ મહાવ્રતના વિકલ્પ કહે છે ખોટા વ્રત છે એ, જૂઠા વ્રત છે એ, જડ વ્રત છે.

ભગવાન આત્મા અંદર આનંદનું ધામ પ્રભુ નિત્યાનંદ પ્રભુ છે એમાં રમે. પહેલી રમે ક્યારે પણ? પહેલી એની પ્રતીતનું ભાન થાય, એનું જ્ઞાન થાય ત્યારે રમે. એ અંતરમાં સ્વરૂપમાં રમણતા, રમવું તે ચારિત્ર છે. એ ચારિત્ર તે આત્મા છે. ઓલું ચારિત્ર તે અજીવ છે. ગજબ વાત છેને. એય..! શેઠ! શેઠી! 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો' દુકાન ઉપર પણ આ વાંચતા. ભાઈ! ત્યારે ખ્યાલમાં આવ્યું હતું કે આ કાંઈ કહે છે. ચાર સજ્ઝાયમાળા આવે છેને? સજ્ઝાયમાળા ચાર આવે છે. દુકાન ઉપર પણ વાંચતા ત્યાં પાલેજમાં. અહીં નાની ઉંમરથી સંસ્કાર હતાને. દુકાનમાં એમાં આ .. હોં. આ શબ્દ જ્યારે આવ્યો કે 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો. સમકિત બિન' એમ શબ્દ છે અંદર. દ્રવ્ય સંયમ. આત્મા આનંદમૂર્તિ શુદ્ધ નિર્વિકલ્પ વીતરાગમૂર્તિ આત્મા છે. જેમાંથી વિતરાગ નામ અકષાય પર્યાયદશા થાય એ ધર્મ. એ અકષાય દશા થાય ક્યાંથી? અકષાય સ્વરૂપ ભગવાન આત્મા છે એનાથી. એ કાંઈ બહારને લક્ષે જે વૃત્તિઓ ઉઠે એ કાંઈ ધર્મ અને ચારિત્ર છે નહિ. આહા..હા..! હજી ચારિત્ર કહેવું કોને એણે સાંભળ્યું ન હોય. અને થઈ ગયા ચારિત્ર. બિચારા એમ ને એમ ભ્રમણા અનાદિથી કરે છે.

કહે છે કે '**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' આહા..હા..! ભગવાન પુણ્ય-પાપની વૃત્તિનો, વાસના વિનાનો પ્રભુ, જેમાં પુણ્ય-પાપની વિકલ્પની ગંધ નથી, પણ આનંદ અને શાંતિની જેમાં વાસના ગંધ છે. એવો ભગવાન આત્મા અંતર્મુખ થઈને જે અંતર સ્વરૂપમાં રમવું એ ચારિત્ર છે. એ ચારિત્ર તે મુક્તિનું કારણ છે, મોક્ષનું કારણ એ ધર્મ છે. 'ચરિતં ખલુ ધમ્મો' લ્યો. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે;...**' કારણ તે. તે એટલે શુદ્ધાત્મા. સ્વરૂપમાં રમવું. એ રમવામાં આધાર, કારણ તો આત્મા છે. જે ચારિત્રની સમીપમાં આત્મા વર્તે તેને ચારિત્ર કહીએ. જે સ્વરૂપની રમણતાના સમીપમાં

આત્મા વર્તે છે. જે સમ્યગ્દર્શનની પ્રતીતના સમીપમાં આત્મા વર્તે છે. વિકલ્પ અને નિમિત્ત નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા તો બહુ સારી આવી છે આ બધી. આ તો વળી ગુજરાતી ચાલે એટલે વધારે સ્પષ્ટ થાય. હિન્દીમાં બરાબર અટકવું પડે. ભાષા ગોતવી પડેને. હિન્દી કાંઈ ભાષા ઘરની છે? આ તો સંસ્કાર બધા કાઠિયાવાડના, ગુજરાતીના. ગુજરાતી ભાષા આવે એવી હિન્દી ભાષા આવે નહિ.

જુઓ, ભગવાન કહે છે, ભાઈ! હે પ્રભુ! તારી મોટપનો પાર નથી નાથ! તને ખબર નથી કહે છે. તારી મોટપ કાંઈ શરીરને, લક્ષ્મીને, આબરૂને લઈને નહિ. અરે..! તારી મોટપ અંદર કાંઈ પુણ્યના પરિણામ થાય દયા, દાનના એને લઈને નહિ. આહા..હા..! એ તો હીનતા છે કહે છે.

શ્રોતા :- .. લઈને નહિ.

ઉત્તર :- નહિ, નહિ, શાસ્ત્રજ્ઞાનને લઈને તારી મોટપ નહિ. અહીં તો નવ તત્ત્વની શ્રદ્ધાને લઈને તારી મોટપ નહિ, અરે..! પંચ મહાવ્રતના પરિણામ, છ કાયની દયા, પૂર્ણ છ કાય. કહો, પરિપૂર્ણ અનંતા નિગોદના જીવ, બટાટામાં અનંતા જીવ, આ એની દયાનો ભાવ ઈ તારી મોટપ નહિ. એમાં તો પરનો આશ્રય આવ્યો તો હીનતા થઈ. આહા..હા..!

શ્રોતા :- અત્યાર સુધી એવું જ થયું.

ઉત્તર :- અત્યાર સુધી એવું થયું એમ કહે છે લ્યો. લ્યો આ મોટા બાદશાહ કહેવાય ત્યાંના. બુંદેલખંડના. જૈન સમાજ ભુષણ. જૈન સમાજ નહિ પણ સમાજ ભુષણ. એય..! શેઠ! આ બેય જણા ઈ છે હોં બેય. આમ ને આમ કાળ ગાળ્યો છે. પહેલી સત્ય વસ્તુ સાંભળવામાં મળી નહિ.

શ્રોતા :- સમજાવનારા નહોતા.

ઉત્તર :- આહા..હા..!

'**એ પ્રમાણે નિશ્ચય છે.**' આપણે અહીં સુધી તો આવ્યું હતું કાલે. આ તો ફરીને લીધું. સમજાણું? પહેલું એ પ્રમાણે વ્યવહાર થયો કે પરવસ્તુનું જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન હોં. તે વ્યવહારુ જ્ઞાન એટલે બંધનું કારણ એ વ્યવહાર થયો. નવ તત્ત્વની શ્રદ્ધાનો ભાવ તે વ્યવહાર થયો, પરાશ્રય થયો. એ વ્યવહાર. પંચ મહાવ્રતના પરિણામ, છ કાયની દયાના ભાવ એ પરાશ્રય થયો, એ વ્યવહાર થયો. સ્વને આશ્રયે જ્ઞાન, ચૈતન્યના અવલંબને જે સમ્યગ્જ્ઞાન. જ્ઞાનના ભંડાર ભગવાનમાંથી જ્ઞાનનો કણ છૂટે એ સમ્યગ્જ્ઞાન તે નિશ્ચય છે. ત્રિકાળ આત્માનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થાય તે સમ્યગ્દર્શન નિશ્ચય છે અને ભગવાન આત્માના સ્વરૂપમાં રમે, જે ચારિત્રમાં ચરવું, રમવામાં આધાર આત્માને મળે, આત્માનો મળે એને ચારિત્ર. એ નિશ્ચય છે. સમજાણું કાંઈ?

'**તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...**' આવ્યું હવે. એ જે ત્રણ

બોલ કહ્યા હતા એ નિષેધ કરવાલાયક છે. કારણ કે વિકલ્પ અને રાગ છે. આહા..હા..! શાસ્ત્રજ્ઞાન નિષેધ કરવાલાયક છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? નવ તત્ત્વના શ્રદ્ધામાં વિષય પડે નવ તત્ત્વ એ છોડવા જેવું છે અને જેમાં છકાયની દયામાં છ કાય આશ્રય પડે નિમિત્ત ત્યાં જાય કે આને હું પાળું, આને હું વ્રત પાળું, આને દયા પાળું. એ ભાવ બધો વ્યવહાર છે. તે નિષેધ કરવાલાયક છે, કેમકે એ બંધનું કારણ છે, એ ધર્મરૂપ નથી. આહા..હા..! ભારે કામ ભાઈ! '**કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનેકાંતિક છે...**' શું કહે છે? આચારાંગ આદિ એટલે શબ્દશ્રુતનું જ્ઞાન. નવ તત્ત્વની શ્રદ્ધા અને વ્યવહાર છ કાયની દયાનો ભાવ. એ ત્રણ '**જ્ઞાનાદિનું...**' સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનું આશ્રયપણું અનેકાંતિક છે. ખરેખર એકાંતિક આશ્રય, આત્માનો આશ્રય એમાં નથી. એ તો પરનો આશ્રય છે. એ વ્યભિચારયુક્ત છે. આહા..હા..!

ભગવાન આત્મા વીતરાગ સ્વભાવની મૂર્તિ છે આત્મા. એનો આશ્રય નથી અને એને એકને બીજાનો આશ્રય એ વ્યભિચાર છે કહે છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન, આનંદની મૂર્તિ સ્વતઃ સ્વનું સત્ત્વ. એનો આશ્રય છોડીને, વ્યવહારનો આશ્રય એટલે પરનો આશ્રય થયો એ તો વ્યભિચાર થયો. એમાં સાચું જ્ઞાન-દર્શન આવ્યું નહિ. '**જ્ઞાનાદિનું...**' એટલે સાચા જ્ઞાન, દર્શનનું '**આશ્રયપણું અનેકાંતિક છે...**' એટલે કે એકાંતે જ્ઞાન-દર્શન છે એમ છે નહિ. એ તો ખોટું જ્ઞાન અને ખોટું દર્શન અને ખોટું ચારિત્ર છે.

'**(શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે...**' જુઓ, શબ્દશ્રુત આદિ એટલે ત્રણ. શબ્દશ્રુતનું જ્ઞાન તે પણ જડ, એને આશ્રયે જ્ઞાન નહિ. નવ તત્ત્વની શ્રદ્ધા એ જડ વાસ્તવિક શ્રદ્ધા નહિ. અને છ કાયની દયાનો ભાવ એ જડ વાસ્તવિક ચારિત્ર નહિ. અને તે '**આદિના જ્ઞાન આદિના આશ્રય...**' સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર તેના '**આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે...**' કહે. '**કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં...**' શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં '**જ્ઞાન આદિ નથી પણ હોતાં...**' નથી એટલે શું? કે શાસ્ત્રનું જ્ઞાન હોય અને કોઈને આત્માનું જ્ઞાન પણ હોય, તો ત્યાં ભલે હોય એ. પણ એકલું શાસ્ત્રનું જ્ઞાન હોય અને આત્મજ્ઞાન હોતું નથી. માટે એ જ્ઞાન ખોટું છે. સમજાણું કાંઈ? શાસ્ત્રજ્ઞાન હોય છતાં આત્મજ્ઞાન ન હોય માટે વ્યભિચાર આવ્યો ઈ. સાચું જ્ઞાન ઈ થયું નહિ. આહા..હા..! અગિયાર અંગ નવ પૂર્વ ભણી ગયો અનંતવાર. પણ આત્મા ભાળ્યો નહિ. આત્મા અંદર ભગવાન જ્ઞાનનો પુંજ પ્રભુ, જ્ઞાનની વજ્ર, ભીંત એવા જ્ઞાનને અંતર અવલંબ્યો નહિ તો એ જ્ઞાન સાચું થયું નહિ. ભારે!

કહે છે કે જે જ્ઞાનમાં પરનો આશ્રય આવ્યો એ જ્ઞાન વ્યભિચાર થયું. સ્વનો આશ્રય એમાં આવ્યો નહિ. વ્યભિચાર એને કહે છેને અહીં પણ? કે એક દ્રવ્ય, એક આત્મા બીજા સાથે સંયોગ કરે વિષય આદિ મૈથુન એને વ્યભિચાર કહે છે. એમ ભગવાન આત્મા આનંદની

ખાણ, આનંદનું નિધાન એ રાગનો અને પરનો આશ્રય કરે એ વ્યભિચાર છે. ગજબ વાત છેને. સમજાણું કાંઈ? એકલો પ્રભુ એ બેકલા બેનો આશ્રય કરે તે વ્યભિચાર છે. એમાં સમ્યગ્જ્ઞાન આવતું નથી. એકલાને આશ્રયે આવે જ્ઞાન-દર્શન-ચારિત્ર તે સાચું છે. એ અવ્યભિચારી જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એ વિશ્રામઠામનું વાક્ય છે. વ્યક્તિગત હોય છેને વિશ્રામનું વાક્ય? એમ સમજાય તો વિશ્રામ મળે તો એવું છે. સાચી સમજણ વિના વિશ્રામ ક્યાંય નથી. ધૂળમાંય નથી એના પૈસામાં અને બાયડી અને છોકરા. અહીં તો શાસ્ત્રજ્ઞાનમાં પણ નથી અને નવ તત્ત્વની શ્રદ્ધામાં પણ વિસામો નથી. આહા..હા..!

મોળું શરીર પડેને કાંઈ ક્ષયની અસર થાય તો એમ થઈ જાય મારું ધર્મ કરીએ તો ઠીક. એય..! શાંતિભાઈ! પણ જ્યાં શરીર પાછું સારું થાય તો ભૂલી જાય. ઈ અમારા હિંમતભાઈનો છોકરો કહેતો હતો. નવીન છેને નવીન? ક્ષય થઈ ગયોને નાની ઉંમરમાં? હજી તો ૨૮ વર્ષ. કેટલા? એ ઓલું થયુંને જરી આમ થઈ ગયું. મારું સારું શરીર સારું હોય ત્યારે ધર્મ સુઝતો નથી. કહેતો હતો ઈ છોકરો. ડાહ્યો છે, હુશિયાર છે. મારું આવું થાય ત્યારે હવે આહા..હા..! આ તો બધું મોળું પડી ગયું શરીર. લ્યો! અહીંનું કાંઈક થાય છેને? સ્થિર રહી શકે નહિ આમ. આહા..હા..! આ જુઓ જડની હાલત-દશા. જીવ પડ્યો અંદર છતાં શરીરને રાખી શકે નહિ. આમ થઈ ગયું. ડોળા .. આમ થઈ જાય. મારે હારે ધર્મ કરવાને કાળે નિરોગતા આવે ત્યારે બીજું સુઝે અને રોગ આવે ત્યારે ઓલું સુઝે તો રોગમાં થાય નહિ. જોકે રોગ કાંઈ આત્મામાં નથી. રોગ તો જડમાં છે. આ તો માટીમાં રોગ આવે છે. આત્મા રોગ કેવો આત્મામાં? રાગ અને રોગ વિનાનો ભગવાન આત્મા એવો ચૈતન્ય પ્રભુનો આશ્રય અને અવલંબન એણે અનંતકાળમાં કોઈ દિ' લીધું નથી. બહારને આશ્રયે મથીને મરી ગયો અને જાણે ધર્મ કરીએ એમ માની બેઠો. એમ ને એમ અવતાર એળે ગયા. મરે ત્યારે તો ઓલું મૂકીને જાય તો એમ કહે લીલી વાડી મૂકીને ગયો. સુકી કરીને ગયો હવે સાંભળને. મરે ત્યારે કહે છે કે નહિ? એય..! શેઠી! આ તમને પણ એમ કહેશે. છોકરા, પૈસા, આબરૂ લીલી વાડી મૂકીને ગયા એમ કહેશે.

શ્રોતા :- પણ ગયાને, રહ્યા નહિને?

ઉત્તર :- પણ લીલો વાડો કે દિ' હતો એને? આહા..હા..! એમ કે બૈરા, બચ્ચા, છોકરા સારા બબ્બે ત્રણ-ત્રણ પેઢીના પૈસા સારા હુશિયાર છોકરા લીલી વાડી. ધૂળેય નથી સાંભળને હવે. પર વસ્તુ લીલી આવી ક્યાંથી તારે? તે તો સુકવી નાખી અંદરમાં. મારા માનીને સ્વનું કાંઈ કર્યું નહિ. ભૂલીને ભ્રમણામાં પડ્યો. આહા..હા..!

શ્રોતા :- બધા રોગી છે.

ઉત્તર :- રોગી છે. શું કીધું? આહા..હા..!

'(શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે

કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી...' શાસ્ત્ર જ્ઞાન હોય અને આત્મજ્ઞાન હોતું નથી તો એ જ્ઞાન કહેવાતું નથી. નવ તત્ત્વની શ્રદ્ધા હોય, વ્યવહારની છતાં આત્મ શ્રદ્ધા હોતી નથી. માટે એને શ્રદ્ધા કહેતા નથી. વ્યવહારચારિત્ર હોય છતાં વ્રતને આદિ. પણ નિશ્ચય આત્માનું ચારિત્ર હોતું નથી. માટે તે ખરેખર વ્યભિચાર પરમાં આવે છે. '**માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;**)' આ કારણે એ વ્યવહાર છોડવા જેવો છે. આહા..હા..! '**અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે,...**' નિશ્ચયનય એટલે ભગવાન આત્મા પોતાનો આશ્રય લઈ અને જ્ઞાનશ્રદ્ધા પ્રગટ કરે એ પોતે પરનો નિષેધ કરે છે એટલે પરને એમાં આવવા દેતો નથી. પરનો અભાવ થાય છે. સ્વનો આશ્રય લેતા પરનો અભાવ થાય છે. પરનો આશ્રય લેતા સ્વનો અભાવ થાય છે. માટે વ્યવહાર નિષેધ કરવાલાયક છે. પરાશ્રયભાવ છોડવાલાયક છે. એ સ્વાશ્રયભાવ તેને નિષેધે છે. સમજાણું કાંઈ? સ્વાશ્રય છે એનું જ્ઞાન, શાસ્ત્રજ્ઞાનને નિષેધે છે કે તું જ્ઞાન નહિ. સ્વાશ્રય છે એ સમ્યગ્દર્શન વ્યવહારશ્રદ્ધાને નિષેધે કે તું શ્રદ્ધા નહિ. સ્વાશ્રય છે એનું ચારિત્ર એ વ્યવહારચારિત્ર નિષેધે કે તું ચારિત્ર નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;**) **અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.**' જોયું! શુદ્ધ આત્માનો આશ્રય થતાં જે જ્ઞાન જે સમ્યક્ છે. જ્ઞાન આશ્રય પણ એકાંતિક એક જ આત્માને અવલંબે માટે સાચું જ્ઞાન છે. સાચી શ્રદ્ધા અને સાચું ચારિત્ર. '**(શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી...**' ભગવાન આત્માને આનંદ ને જ્ઞાન અને શ્રદ્ધાનો આશ્રય માનવામાં દોષ છે નહિ. '**કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.**)' જ્યાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં ચારિત્રમાં આત્મામાં સમીપ વર્તે છે આત્મા ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય જ છે. અને વ્યવહાર આદિ વર્તે ત્યાં આત્મા હોતો નથી. ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન .. માટે નિષેધ કરવાલાયક છે. '**આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે :-**' લ્યો વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૨૭૫,
પ્રવચન નં.૩૬૧-બી, તા. ૦૨-૦૨-૧૯૭૦
(૧૬)

ભાવાર્થ છેને? ૨૭૫ (ગાથા). શું ચાલે છે જુઓ. વ્યવહારનય એ બંધનું કારણ છે, નિશ્ચયનય એ મોક્ષનું કારણ છે એ વાત ચાલે છે. બંધ અધિકાર છેને? જેટલો પરના આશ્રયે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ જે થાય છે એ પરને આશ્રિત છે. એ શુભકર્મ છે. એ બંધનું કારણ છે, ધર્મનું કારણ અને મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? ભાવાર્થ. અભવિનું તો દૃષ્ટાંત આપ્યું છેને? અભવિ વ્યવહારનયના પક્ષથી અનંતવાર વ્રતાદિ પાળ્યા. ક્રિયા બધી કરી. ભગવાનની આજ્ઞા જે વ્યવહારની છે એ તો કરી, પણ નિશ્ચયનો આશ્રય શું છે એની તો ખબર નથી. તો એવા વ્યવહારનું પ્રધાન કર્તવ્ય કરનાર અભવિ નવમી ગ્રૈવેયક તો ગયો (પણ) એમાં કાંઈ કલ્યાણ થયું નથી. માટે વ્યવહારનય નિષેધ કરવાલાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી...**' રાગ જે વિકલ્પ છે વ્રતનો, ભક્તિનો, તપનો એ બધો વિકલ્પ છે. એને ભિન્ન કરવાની યોગ્યતા નથી. એ વ્યવહારનયના પક્ષમાં જ રોકાઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અનાદિ કાળથી અનંતવાર ધર્મની ક્રિયાના નામે વ્રત, નિયમ, તપાદિ અનંત વાર કર્યા. તો કહે છે કે એનો પક્ષ જ ત્યાં રહી જાય છે. એ વિકલ્પથી ભિન્ન ચિદાનંદ નિર્વિકલ્પ વસ્તુ છે એની દૃષ્ટિ કરવાની યોગ્યતા વ્યવહાર પક્ષવાળાને નથી એમ કહે છે. આ અભવિનું તો દૃષ્ટાંત આપ્યું છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! અભવિ જીવને ભેદજ્ઞાન થવાની... ભગવાન આત્મા આનંદસ્વરૂપ નિરાકુળ તત્ત્વ અને વ્રત, તપની ક્રિયાનો ભાવ એ બધો આકુળતા તત્ત્વ, એ આકુળતા અને અનાકુળતાનો ભેદ કરવાની અભવિ જીવને તાકાત—યોગ્યતા નથી.

'**તે કર્મફળચેતનાને જાણે છે...**' એ તો વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જે છે પંચ મહાવ્રતાદિ એ રાગ છે, એ કર્મફળ છે. એ દુઃખરૂપ કર્મ એટલે રાગનું ફળ એ દુઃખ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! એને જ જાણે છે. કર્મફળ રાગ, રાગનું ફળ જે દુઃખ એને જ જાણે છે. પણ રાગ અને એનું ફળ દુઃખ એનાથી ભિન્ન ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની દૃષ્ટિ કરવાની એ વ્યવહારપક્ષવાળાની તાકાત નથી. સમજાણું કાંઈ? '**કર્મફળ ચેતનાને જાણે છે પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી;...**' ભગવાન! એ પંચ મહાવ્રત,

અઠ્યાવીશ મૂળગુણ, બાર વ્રત એનો જે વિકલ્પ એ તો રાગ છે. એનાથી ભિન્ન ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ એની એકાગ્રતા એ જ્ઞાનચેતના એને તો જાણતો નથી. સમજાણું કાંઈ? ભારે ધર્મની ઝીણી વાત. ધીરૂભાઈ! આવો ધર્મ હશે ઝીણો?

કર્મફળચેતનાને જાણે છે એમ કહે છે. વ્યવહારના પક્ષવાળો અભવિ એને કદી પરથી ભિન્ન થવાની લાયકાત નથી. વ્યવહાર તો અનંત વાર કર્યો એણે. જો વ્યવહારથી લાભ થાય તો એને લાભ થવો જોઈએ. માટે વ્યવહારનય નિષેધ છે. વ્યવહારનય ધર્મને માટે કારણ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે અંદર સચ્ચિદાનંદ પ્રભુ. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદ. અજ્ઞાની રાગના પક્ષમાં પડ્યો એ રાગથી ભિન્ન જ્ઞાનચેતના, પોતાનું જ્ઞાનસ્વરૂપ એમાં એકાકાર થવું એ જાણતો નથી. સમજાણું કાંઈ? ઝીણું છે આવું. એય..! શિવલાલભાઈ! આ બધું ત્યાં અત્યાર સુધી તો ગોટા વાળ્યા હોય ઘણા. ગયા રતિભાઈ? ઠીક. ઘણા ગોટા વાળ્યા હોય તો આ બહુ ઝીણું પડે. વાત તો સાચી છે. એવો માર્ગ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો (છે). પોતે જ સર્વજ્ઞ પરમેશ્વરનું સ્વરૂપ જ પોતે છે. એ કહે છેને કે સર્વજ્ઞ સ્વરૂપ છે એમાં એકાગ્ર કરવાની તાકાત નથી અજ્ઞાનીની, વ્યવહાર પક્ષવાળાની એમ કહે છે. ભાઈ! શોભાલાલજી! આહા..હા..!

શ્રોતા :- ..

ઉત્તર :- ભેદ નથી કરી શકતો. ઠીક બોલે છે. હજી તમે થોડું એવું નથી બોલતા. હીરાલાલજી!

આકુળતા છે એ વિકલ્પ છેને પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, સમિતિ, ગુપ્તિનો વિકલ્પ જે છે એ બધી આકુળતા છે અને ભગવાનસ્વરૂપ આત્મા તો નિરાકુળ આનંદકંદ છે. તો બેનો ભેદ કરી શકતો નથી. વ્યવહારની રુચિવાળો, પક્ષવાળો, આશ્રયવાળો લીન હોય એમાં એ પરથી ભિન્ન પોતાનો આત્મા છે એની યોગ્યતા નથી એની, ભિન્ન કરવાની યોગ્યતા નથી. કહો, શેઠી!

કહે છે કે જ્ઞાનચેતનાને નથી જાણતો. ભગવાન મહાપ્રભુ છે અંદર. નિજસ્વરૂપ, નિજઘર એની એકાગ્રતાને એ જાણતો જ નથી. શું ચીજ છે આ? સમજાણું કાંઈ? '**તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.**' કેમકે વસ્તુ દૃષ્ટિમાં આવી નથી તો શ્રદ્ધા ક્યાંથી થાય? શ્રદ્ધામાં તો રાગનો વિકલ્પ છે. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એવા વ્રત પાળવા, આવું તપ કરવું અને આમ અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, આમ ત્યાગ કરવો, આ ખાવું એવો જે વિકલ્પ છે એ રાગ છે એનો તો એને અનુભવ છે તો એની શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? '**તેથી...**' તેથી એટલે રાગને જ પોતાના સ્વરૂપનું વેદન જાણીને જ્ઞાનચેતના જે રાગથી ભિન્ન ભગવાન આત્મા એને જાણતો નથી એ કારણે '**શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.**' રાગથી, વિકલ્પથી ભિન્ન એવો શુદ્ધ ભગવાન આત્મા એની તો શ્રદ્ધા

છે નહિ. કહો, પાટણીજી! સમજાણું કાંઈ?

'**તે શુભકર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે...**' જુઓ, એ તો શુભકર્મ છે, રાગ છે, વ્રતનો ભાવ, પુણ્યનો ભાવ, દયા, દાનનો ભાવ, જોઈને ચાલવું, નિર્દોષ આહાર લેવો એવો જે વિકલ્પ એ તો શુભભાવ છે, શુભકર્મ છે, શુભરાગ છે. સ્વરૂપમાંથી વૃત્તિનું ઉત્થાન નવું છે, એ તો વિકલ્પ રાગ, વિકાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**શુભકર્મને જ...**' એ પુણ્ય પરિણામ છે એને જ પોતાનું ધર્મસ્વરૂપ માને છે. '**ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે તેથી તેના ફળ તરીકે...**' માટે એ ભાવના ફળસ્વરૂપ પંચ મહાવ્રત પાળે, અહિંસા પાળે, બ્રહ્મચર્ય પાળે. શુભભાવ પરલક્ષી અનંતવાર કર્યું તો એના ફળરૂપે '**ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે.**' નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય છે. એમાં શું આવ્યું? સમજાણું કાંઈ?

'**તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગોને પામે છે, પરંતુ કર્મનો ક્ષય થતો નથી.**' મિથ્યાત્વનો નાશ એમાં અંશે પણ થતો નથી. નાશની વાત છે હોં! મિથ્યાત્વ મંદ થાય છે, ભાઈ! મિથ્યાત્વ મંદ થાય તો એમાં શું? મંદ-તીવ્ર તો બધી કર્મની ક્રિયા છે. નાશ નથી થતો. મિથ્યાત્વનો નાશ. વ્યવહારનયના પક્ષની ક્રિયાકાંડમાં વ્યવહારનો નાશ, મિથ્યાત્વનો નાશ નથી થતો. કારણ કે એ તો વ્યવહારનો વિષય એ રાગ છે, રાગ છે એ સ્વરૂપ.. એની માન્યતા છે કે આ ધર્મ છે તો મિથ્યાત્વભાવ છે. તો મિથ્યાત્વભાવથી મિથ્યાત્વભાવનો નાશ થાય છે? સમજાણું કાંઈ? '**કર્મનો ક્ષય થતો નથી.**' મિથ્યાત્વનો નાશ. એ મિથ્યાત્વનો નાશ એ કર્મનો નાશ છે. એ જ કર્મનો નાશ પહેલા છેને? પછી તો અસ્થિરતા થોડી છે એ તો અલ્પ ચીજ છે. આહા..હા.! મિથ્યાત્વ અને સમકિત શું ચીજ છે અને એની શું કિંમત છે એની ખબર નથી. મિથ્યાત્વમાં કેટલું નુકસાન છે અને સમકિતમાં કેટલો લાભ છે. સમજાણું કાંઈ? વેપારી નફો કરે છે કે નહિ? નફાનો ધંધો કરે છે. ખોટનો કરે? આ તો કહે છે કે વેપાર કરતાં-કરતાં નફાનો ધંધો છૂટી ગયો અને ખોટનો જ ધંધો કરે છે. આહા..હા..! ઈ જ કહે છે અહીંયાં. કે આ બધી ક્રિયા કરી હતીને બધી આટલી-આટલી? કેટલા ઉપધાન કર્યા, કેટલા કર્યા! આહા..હા..!

ઓહો..હો..! અહીં તો કહે છે કે ભગવાન! તારું સ્વરૂપ તો વસ્તુ છેને. મહા નિર્વિકલ્પ રાગની ક્રિયાથી પાર ચીજ છે. એવી ચીજનો સ્પર્શ, આશ્રય લીધા વિના મિથ્યાત્વનો નાશ કદી નથી થતો. વ્યવહારનયની પુષ્ટિ એ તો મિથ્યાત્વ છે. લ્યો વળી ઈ આવ્યું. ઓલા કહે છેને હમણા કાયદા કર્યા. અહીંની વાત આવી છેને બહાર. એટલે જરી સાધુઓને કેટલાકને અંદર શંકા પડી ગઈ કે મારી કાંઈક વાત છે ખરી કાંઈક બીજી. પણ હવે બિચારા મુંઝાઈને પછી કાયદા કરે. વ્યવહારનયનું સ્થાપન કરવું, વ્યવહારનયનો પ્રાણ પોષવો. એય..!

શ્રોતા :- ..

ઉત્તર :- એ તો મિથ્યાત્વનું પ્રાણ પોષવો થયો. આહા..હા..! અરે..! નીકળે-નીકળે

કોણ બાપુ! પણ આ તે કાંઈ વસ્તુ રાગ છે? આહા..હા..! આવ્યા હતા બિચારા ચાર સાધુ. બે વૃદ્ધ હતા અને બે જુવાન હતા. અહીંનો અભ્યાસ કરવા માટે શું? કીધું અહીંનો અભ્યાસ કરવા માટે અહીં કોઈ છે નહિ. સૌના ખર્ચે અહીં તો રહે એવું છે. એમ કે તો તો અહીં પાંજરાપોળ થઈ છે. અહીં તો સૌના ખર્ચે સૌ રહે. અહીંનો ખર્ચ તમને આપે નહિ. તમે રહો એવું અહીં છે નહિ. એના સાધુ હતા ચાર. બિચારા રોકાણા. .. રોકાણા હતા. અને કેટલાકને કાને ગઈ છે વાત. કે આ ઢસરડા કરીએ છીએ એમાં ક્યાંય શાંતિ કાંઈ સમ્યક્ કોઈ જન્મ-મરણરહિત નિઃશંકતા તો આવતી નથી. તો છે શું ચીજ આ? સમજાણું કાંઈ? અમને જન્મ-મરણરહિત થશું એવી તો કોઈ નિઃશંકતા તો એમાં આવતી નથી. આપણે માની લઈએ કે આ ઠીક કરીએ છીએ એમાંથી કાંઈક થાશે. એ તો ઓઘે-ઓઘે વાત છે. એમાં કાંઈ યથાર્થપણું આવ્યું નથી. આવ્યું નથી યથાર્થપણું. શંકા પડી જાયને. વાત તો અહીં બહાર આવી છેને. ધોધમાર કરતા. સાત લાખ પુસ્તક બહાર પડ્યા છે.

શ્રોતા :- એ લોકો પણ છાના-છાના તો વાંચે છે.

ઉત્તર :- વાંચે છે બધાય વાંચે છે. સ્થાનકવાસી સાધુ, આર્જિકા, દેરાવાસી સાધુ, .. બધાય વાંચે. આવી સાદી ભાષાનું પુસ્તક જ હતું ક્યાં?

જુઓને શું કહે છે? '**કર્મોનો ક્ષય...**' વ્યવહારનયના પક્ષકારને મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. કારણ કે એ તો રાગ છે, વિકલ્પ છે, એને લાભદાયક છે એમ માન્યો તો મિથ્યાત્વની પુષ્ટિ છે. એમાં મિથ્યાત્વનો ક્ષય કેમ થાય? '**આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી...**' વ્યવહારનયનો પક્ષકાર અભવિ જીવ. એને શ્રદ્ધાન જ કહેવામાં નથી આવતી. એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પુણ્યની ક્રિયાનો વિકલ્પ એની શ્રદ્ધા એ શ્રદ્ધા જ નથી. એ તો મિથ્યાશ્રદ્ધા છે. યથાર્થ શ્રદ્ધા એને કહેવામાં આવતી નથી. શેઠી! આહા..હા..! '**આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન...**' સત્યાર્થ ધર્મની શ્રદ્ધાનો અર્થ? ભગવાન આત્માને વિકલ્પ જે રાગ છે એનાથી ભિન્ન છે. એવો મહા પ્રભુ ચૈતન્ય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ એની અંતર્મુખ થઈને આત્માની સમ્યક્ શ્રદ્ધા થવી જોઈએ એ શ્રદ્ધાનો તો એને અભાવ છે. '**સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી...**' શ્રદ્ધાન જ નથી. એ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ શ્રદ્ધા કરે છે એ શ્રદ્ધાન જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એને શ્રદ્ધાન જ નથી કહેવામાં આવતું.

'**આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' શું કહે છે? એ પ્રકારે વ્યવહારનયને આશ્રયે અભવ્ય જીવને સાચી શ્રદ્ધા અને જ્ઞાન નહિ હોવાથી. વ્યવહારનયનો જિનવ્રત આદિ લીધાને પહેલા? જિનવરે કહેલા વ્રત અને નિયમ. અગિયાર અંગનું જ્ઞાન કર્યું. એ લીધું. ધર્મ એટલે પુણ્યરૂપ ભોગ, પુણ્યરૂપ ધર્મ. એની શ્રદ્ધા છે. તો વ્યવહારનયના આશ્રયે અભવિ જીવને અને બધાને જે કોઈ પ્રાણી વ્યવહારનયના

આશ્રયમાં પડ્યો છે એને સાચું શ્રદ્ધાન જ્ઞાન નહિ હોવાથી. કારણ કે એ તો નિશ્ચયની સાચી જ્ઞાન શ્રદ્ધા નહિ હોવાથી '**નિશ્ચયનય વડે કહેવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.**' સમજાણું કાંઈ? શું કહ્યું? '**આ પ્રમાણે...**' જ્યારે આ સિદ્ધ કર્યું કે વ્યવહારનયના પક્ષમાં રહેનારો નિશ્ચય સ્વભાવની શ્રદ્ધાથી શૂન્ય છે. તો એની શ્રદ્ધાને શ્રદ્ધા કહેવામાં આવતી નથી. તો '**વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' વ્યવહારનયને આશ્રયે જ્ઞાનશ્રદ્ધાન નહિ હોવાથી. એનો અર્થ શું? કે વ્યવહારનયને આશ્રયે અભવિ જીવ પડ્યો છે તો એને જ્ઞાન, શ્રદ્ધા સાચી છે એ તો છે નહિ. જ્ઞાન, શ્રદ્ધાન છે જ નહિ. વ્યવહારનયને આશ્રયે શ્રદ્ધા કરનારને નિશ્ચય શ્રદ્ધા અને જ્ઞાન છે નહિ. આ કારણે નિશ્ચયનય વડે ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને આશ્રયે એવો નિશ્ચય વડે વ્યવહારનો નિષેધ છે. એ રાગાદિની ક્રિયાનો નિષેધ છે. એ ધર્મનું કારણ નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? આ તો બંધનું કારણ છેને? બંધ અધિકાર છેને? વ્યવહારનયનો વિષય અને વ્યવહારનય બંધનું જ કારણ છે. એ કારણ નિશ્ચયનય વડે વ્યવહારનય નિષેધ કરવાલાયક છે. આશ્રય કરવાલાયક અને એનાથી લાભ છે એમ છે નહિ. આહા..હા..!

'**અહીં એટલું વિશેષ જાણવું કે...**' જયચંદ પંડિત ચાલતી ભાષામાં થોડો ખુલાસો કરે છે. '**આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે...**' અહીં તો ભોગનો અનુભવ છે, રાગનો અનુભવ છે એમ કહ્યું અહીંયાં તો. ભોગ નિમિત્ત એમ કહ્યું હતુંને? એ રાગ છેને દયા, દાન, વ્રત એ રાગ છે. એ રાગનો અનુભવ છે. એ રાગનો જ ભોગ છે એને. અનુભવપ્રધાન ગ્રંથ છેને? તો રાગનો એને અનુભવ છે. આત્માનો અનુભવ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપ એનો એનો ભોગ, ભોગ નામ અનુભવ નથી. એવો એને રાગનો અનુભવ છે. એમ અહીંયાં હેતુવાદરૂપ ગ્રંથ. નયવાદ. નયથી સિદ્ધ કર્યું છેને અહીં? હેતુવાદ એટલે નયવાદ. સમજાણું કાંઈ? નયથી સિદ્ધ કર્યું કે એ તો રાગનો જ અનુભવ કરનારા છે. સમજાણું કાંઈ? અનુભવપ્રધાન ગ્રંથ છે. રાગનો વિકલ્પ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ રાગનો અનુભવ કરનાર છે. આત્માનો અનુભવ કરનાર નથી. આહા..હા..! ભારે ઝીણું! સમજાણું કાંઈ?

બે પક્ષ—એક રાગ પક્ષ અને એક સ્વભાવ પક્ષ. તો રાગનો પક્ષ કરનારા તો રાગનો અનુભવ કરે છે. અનુભવપ્રધાન ગ્રંથ છે ત્યાં અનુભવથી લીધું. ભોગ નિમિત્તં એટલે રાગનો હેતુ છે ત્યાં તો. સમજાણું કાંઈ? ભલે એ અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, પંચ મહાવ્રત હોય, તોપણ એ તો વિકલ્પ અને રાગ છે. એ રાગનો અનુભવ છે. એ ધર્મ નથી. માટે પોતાના અનુભવના આશ્રયે એવા રાગનો અનુભવ નિષેધ કરવામાં આવ્યો છે. એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? વેપારી માણસ ઘણા વેપાર કર્યા હોય. માન્યું હોય. વેપાર કર્યા નથી, સંકલ્પ-વિકલ્પ કર્યા છે. શોભાલાલજી! શું કર્યું કાનપુર જઈને? સંકલ્પ-વિકલ્પ. પૈસા

લાવે હંમેશા દરરોજ ૨૫ હજાર આવે, ૫૦ હજાર આવે. ઈ કાંઈ કર્યું નથી. સંકલ્પ-વિકલ્પ કર્યા. પોતાની સત્તામાં સંકલ્પ-વિકલ્પ કર્યો, પરનું તો કાંઈ કર્યું નથી. બરાબર હશે? ભીખાભાઈ! તલાટીમાં શું કર્યું હશે?

શ્રોતા :- ઉંધા ધંધા કર્યા છે બધા.

ઉત્તર :- પણ ઉંધા ધંધા એટલે પરના કે વિકારના? પરનું બંગડી-બંગડીનું કાંઈ કરતા નથી. ત્યાં બેસીને ઓલા વિકલ્પ કરે. સખ ન આવે જાય દુકાને તોડીવાર વળી. ઈ જરી થોડો રસ હોયને રસ હોયને, દીકરો કેવું રળે છે? પણ ઓલો છોકરો .. એવું રળે છે, કેમ છે? કેમ છે? એમ બધું. .. બેઠો હોય, નોકર બેઠો હોય કામ કરતા હોય જરી.

શ્રોતા :- ...

ઉત્તર :- શેઠના બાપ આવ્યા છે કહે છે લ્યો. એ મારી નાખ્યા જગતને. એય..! શેઠ! એ સંકલ્પ-વિકલ્પ કર્યો એણે. મને આ દેખીને ઠીક લાગે છે. બીજું કાંઈ કરી શકતો નથી. એક ફુદરડી પણ ફેરવી શકતો નથી. પરવસ્તુને એ શું કરે? એને પરવસ્તુની સત્તામાંથી જીવની સત્તાનો અભાવ છે. જેની સત્તામાં હોવાપણામાં પોતાનો અભાવ એના નહિ હોવાપણામાં પોતે છે. એમાં નહિ હોવાપણે છે. નહિ હોવાપણે છે એનું કરે શું ઈ? આહા..હા..! જાદવલાલજી! આહા..! આપણે હોઈએ તો આ થાયને. આપણે ઉપસ્થિત હોઈએ તો આ શરીર આમ રહે છેને જુઓ. આત્મા નીકળી જાય તો બધા ગાડુ આમ થઈ જાય લ્યો. થાય છે કે નહિ એમ? આત્મા અહીંથી નીકળી જાય. લ્યો! પછી બાંધે. સરખું શરીર રહે. એ આત્માને લઈને શરીર આમ રહે છે એમ નહિ. શરીરની પર્યાયના અસ્તિત્વમાં આત્માનું અસ્તિત્વ જાતું જ નથી. તો કરે શું?

શ્રોતા :- .. સરખું ન હોય તો વાંકુ વળી જાય જીવતો હોય તોપણ

ઉત્તર :- હા વળે છેને. .. શું છે? અહીં મગજમાં.. એ જરા ફેરફાર થઈ જાય તો વળી શકે નહિ આમ. પડી જાય આમ. સમતોલ ન રહે. હિંમતભાઈના દીકરાને થયું હતું. કહો, સમજાણું? આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની સત્તામાં હોવાપણામાં વસેલો છે. એ પરના કોઈ દ્રવ્ય-ગુણમાં તો નહિ, પણ પરની એક અંશની ચાલતી અવસ્થામાં પણ જતો નથી, અડતો નથી, વસેલો નથી. શું કરે પરનું? સંકલ્પ-વિકલ્પ કરે. એ તો એનામાં કરે, પોતાની જાતમાં કરે છે. આહા..હા..!

અહીંયાં કહે છે નયથી '**અનુભવપ્રધાન ગ્રંથ છે તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે.**' વ્યવહારનયવાળા રાગનો અનુભવ કરનારા છે. એવું અહીંયાં હેતુવાદમાં નયથી સિદ્ધ કર્યું છે. અનુભવથી સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? અભવિનું તો દૃષ્ટાંત લીધું. ભવિ પણ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો, ત્યાં પણ એને રાગનો જ અનુભવ હતો. વેદનમાં રાગ હતો. આત્મા નહિ. આત્મા તો રાગથી પૃથક્ શુદ્ધ ભગવાન આત્મસ્વભાવ, પણ એ

વાત એ છે કે આત્મા પર્યાયમાં એક સમયની અવસ્થામાં તો પૂર્ણ આવતો નથી અને વસ્તુ પૂર્ણ છે એ તો એક સમયની અવસ્થાથી પાર અંદર ભિન્ન છે. સમજાણું કાંઈ? મહાસત્ તો ધ્રુવ છે. એક સમયની પર્યાય તો અલ્પ અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? તેમાં પણ આ રાગાદિનું અસ્તિત્વ વિકલ્પ દયા, દાન, વ્રતાદિ એ તો વિકૃત અસ્તિત્વ છે. આહા..હા..! એની પણ દૃષ્ટિ છોડીને અને એ રાગને જાણનારો વર્તમાન અંશ જે જ્ઞાન છે એ પણ પર્યાય છે. એની પણ દૃષ્ટિ છોડીને, ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવી તો પોતાનો અનુભવ થાય. એ તો વ્યવહારનયનો પક્ષકારને અનુભવ નથી. રાગનો અનુભવ નથી. ચાહે તો દેવ-ગુરુને માને. લ્યો! અહીં તો કહે દેવ-ગુરુ-શાસ્ત્રને માને તો રાગ છે. એય..! એ રાગનું વેદન કરે છે અને માને કે અમને ભક્તિથી ધર્મ થશે. ભારે વાત ભાઈ! આ લોકો કહે છે તો પછી આવી ભક્તિ-બક્તિ કરશે નહિ. હવે એને વિકલ્પ આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો વિકલ્પ આવે એ વાત જુદી છે, પણ એ ભોગ આત્માનો નથી એ તો રાગનો અનુભવ છે. કર્મચેતનાનો અનુભવ છે આહા..હા..! કર્મફળચેતનાનો અનુભવ છે. કર્મચેતના તો રાગ થયો. રાગનું ફળ દુઃખ. એને અનુભવે છે. ભારે ભાઈ! દુઃખ કહે છે કે દુઃખ તો કાંઈ વીંછી કરડ્યો હોય, સર્પ કરડ્યો હોય, રોગ હોય તો તો દુઃખ. અહીં તો કહે રાગ દુઃખ. અરે..!

નિહાલભાઈ કહે છે કે ભાઈ શુભભાવ તો ભઠ્ઠી લાગે છે. આ કહે કે શુભભાવ એ અમને ધર્મ છે. હવે આમાં ક્યાં મેળ કરવો? આહા..હા..! ત્યારે નિહાલચંદભાઈને ત્યાં નિશ્ચયાભાસ કરી નાખ્યું હતુંને? વાંચવું બંધ કરાવ્યું હતું. એય..! જાદવજીભાઈ! ત્યાં હતા કે નહિ તમે? એક ફેરી નિહાલચંદભાઈ આવ્યા હતાને ત્યાં. વાંચતા હતા કલકતા. કહે નહિ... નહિ... આ નહિ... આ નહિ...

શ્રોતા :- વેદાંતી થઈ જાય.

ઉત્તર :- વેદાંતી થઈ જાય. આ પણ આવ્યું હતુંને તમારું નહિ હમણા મુંબઈનું એ. એ વેદાંતી થઈ ગયા લાગે છે કે આ. અરે..! ભગવાન! બાપુ! વેદાંત-વેદાંત પર્યાય શું માને, દ્રવ્ય શું માને એ માને છે ક્યાં? અહીં તો દ્રવ્યસ્વરૂપથી રાગ ભિન્ન છે તો એક સમયની પર્યાય પણ ભિન્ન છે. દ્રવ્ય છે એ નિશ્ચયનયનો વિષય અને પર્યાય તો વ્યવહારનો વિષય છે. બે નય અને બેનો વિષય તદ્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? કાગળ આવ્યો તમારે એય..! મણિકાંતભાઈ! છોકરાઓ ત્યાં મૂકે છે. ઓલો કહે આમ થાય. પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન? આ કહે હા. એય..! વેદાંતી થઈ ગયા જાવ. ભાઈ! સાંભળતો ખરો બાપુ! કઈ અપેક્ષાથી વાત? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પર્યાયનું લક્ષ કરનારા વ્યવહારનયનું લક્ષ કરનારો છે લ્યો ભાઈ! પર્યાયનું લક્ષ કરનારો વ્યવહારનયનું લક્ષ કરનારો છે. અને એ પર્યાનો આશ્રય કરતાં વિકલ્પ

અને રાગ જ ઉત્પન્ન થશે. નવનીતભાઈ! મોટો કાગળ આવ્યો છે રામજીભાઈ ઉપર. વાંચ્યો તમે? વાંચ્યો હતો. તમે વાંચ્યોને એય..! બેઈ ભાઈઓ. તમે વાંચ્યો કે નહિ? વાંચજો તો ખરા એય..! ભાઈ અમારા વકીલ છે એક. વાંચે તો ખરા. ભલે વકીલાત નથી કરતા પણ વકીલ તો થઈ ગયેલાને. પાસ તો કહેવાય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે ભગવાન આત્મા વ્યવહારનો પક્ષનો અર્થ એ રાગનો પક્ષ અહીંયાં કહે છે, પણ એક સમયની પર્યાયનો પક્ષ એ વ્યવહારનો પક્ષ છે લે. પર્યાયબુદ્ધિ છે એ. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિવાળાને રાગનો જ અનુભવ છે. એમ કહે છે.

અને ભગવાન આત્મ દ્રવ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, જ્ઞાયકભાવ એનો આશ્રય કરતાં આત્માનો સત્યધર્મનો, આનંદનું વેદન થાય. એની શ્રદ્ધાને શ્રદ્ધા કહેવામાં આવે છે. આ શ્રદ્ધા નહિ કહે જા. વ્યવહારની શ્રદ્ધા એ શ્રદ્ધા જ નથી. કહ્યુંને? જ્ઞાનશ્રદ્ધા નહિ. ભારે કામ, બાપુ! એણે અનંતકાળમાં આહા..હા..! જુઓને ચાલ્યા જાય છે જીવો બિચારા કેટલા. કાલે કીધુંને .. ભાઈ બિચારા આવ્યા હતા કાલે. ..નો નાનો. નરભેરામભાઈનો નાનો. એને ઓલો ધર્મચંદ ગુજરી ગયોને ચાલીસ વર્ષનો? આહા..હા..! એને બિચારાને એવું જ થઈ ગયું હતું. આ મોહમાં ભવ ચાલ્યો જાય છે. એનો ભાઈ ચાલ્યો ગયો ચાલીસ વર્ષનો. ૪૦-૫૦ લાખ રૂપિયા હતા. બાપ ઉપર સૂતો હતો. આ પણ ઉપર સૂતા હતા. આ નીચે મરી ગયા. ચાલીસ વર્ષનો જુવાન કર્તાહર્તા. કામ-ધંધો એમ માને. માને તો એમ કહેને. દુનિયા તો એમ જ માને આ ભગવાનદાસ બહુ કરે એમ જ માનેને? આ કામાણી નરભેરામભાઈ. એનો દીકરો મરી ગયો. બે દીકરા હતા એક મોટો મરી ગયો હમણા. આ કારતક સુદ ચોથ. થોડો વખતમાં પણ પેટમાં કાંઈ દુઃખતું હશે. ડોક્ટરને બોલાવ્યા તો કહે ... એમ કીધું. આપણે કાંઈ સમજ્યા નહિ શું કહે છે એ.

શ્રોતા :- ...

ઉત્તર :- હા, એવું કાંઈક છે કહે. એટલે બહુ બધું કાંઈ નથી. પણ હતું .. એ ડોક્ટર ગયા અને કાંઈક થયું ત્યાં બૈરા સાથે વાત કરતા હતા રાતના. પાંચ, સાડા છ. આંખ ફેરવી નાખી. છુટી ગયો દેહ. બાપ ઉપર મેડીએ, ભાઈ નાનો મેડીએ. આ નીચે. આ સ્થિતિ પૈસા, શરીર, આબરૂ, બધું પડ્યું રહ્યું. આહા..હા..! એ બિચારો કાલે કહેતો હતો. ..ભાઈ.. આહા..હા..! અરેરે..! મોહમાં ભવ ચાલ્યો જાય છે. આ નક્કી જે કાંઈ કરવાનું છે એ આત્માને સાથે લઈ જવાનું છે. એ કાંઈ થાતું નથી અને આ બધું ચાલ્યું જાય છે. ઘરમાં આવેને ત્યારે જરી ઘા વાગી જાય. પરબારી વાત થાતી હોય તો એના છોકરા મરી ગયા, ચાર મરી ગયા. એ તો હોય. સૌના મરે. પણ ઘરમાં જ્યારે આવે. આહા..હા..!

કહે છે કે આ શું કીધું? '**તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે.**' અહીં તો રાગનો અનુભવ કરનારો, વ્યવહારનો અનુભવ કરનારો મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન

આત્મા રાગથી ભિન્ન એનો અનુભવ કરનારો સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયનયના આશ્રયે છે. એમ કહે છે. '**હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ...**' આગમ અહિત થયો .. આમ છે... આમ છે... એમ કહે છે. '**અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે...**' અનાદિ અભવ્યનું તો દૃષ્ટાંત દીધું. પણ અનંતાર ભવિ પણ નવમી ગ્રૈવેયક, પંચ મહાવ્રતાદિ પાળીને ગયો તો એમાં વ્યવહારનયનો પક્ષ રહી જાય. કેમ? કે સ્વભાવનો આશ્રય ન લીધો તો વ્યવહારનો જ પક્ષ રહી જાય. આ પરનો આશ્રય ઠીક છે, પરાશ્રય એવો પક્ષ રહી જાય છે. પર્યાયબુદ્ધિમાં રહે છે કહે છે. સમજાણું કાંઈ?

'**અહેતુવાદ આગમ સાથે મેળવીએ...**' આત્મમીમાંસામાં છેને ભાઈ! નયવાદ. નયવાદને હેતુવાદ કહ્યો આત્મમીમાંસામાં. નયવાદને હેતુવાદ કહ્યો છે ત્યાં અને આગમને અહેતુવાદ કહ્યો છે. '**અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ,...**' એ વાત ઉપર જોર છે. '**કેવળીગમ્ય આશય રહી જાય છે...**' અંદર ઉંડાણમાં જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા એ તરફનું લક્ષ નથી કરતા તો રાગનું લક્ષ એમાં રહી જાય છે. વ્યવહાર પરાશ્રયની જ એમાં રુચિ બસ એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ઉંડે-ઉંડે સ્વભાવનો અનુભવ નથી. ભગવાન આનંદકંદ નિર્વિકલ્પ સૂક્ષ્મ તત્ત્વ, પરમ સૂક્ષ્મ તત્ત્વ. એ તરફનું લક્ષ અને આશ્રય નથી તો વિકલ્પનો જે પક્ષ છે એ પક્ષ એમાં રહી જાય છે. એ સંસારનું કારણ છે. જુઓ, ઓહો..! ચૈતન્ય મહા ભગવાન આનંદ, એનું રૂપ જ આનંદરૂપ છે. નિત્યાનંદ પ્રભુ છે. એ નિત્યાનંદનો અંતરમાં આશ્રય ન થતાં એ રાગનો સૂક્ષ્મ પક્ષ રહે છે કે આ ઠીક છે, ઠીક છે. એ છે તો થશે. એ છે તો હું છું. એ પર્યાય છે તો હું ત્રિકાળ છું. રાગ છે તો મને લાભ થશે. સમજાણું કાંઈ? એવો સૂક્ષ્મ અભિપ્રાય વ્યવહારનયનો પક્ષ અનાદિથી અભવિને રહ્યો એમ ભવિને પણ અનંતવાર એમ રહ્યો. ઝીણું છે.

'**કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો,...**' નથી પણ હોતો હોં. હોય પણ છે. કોઈ સૂક્ષ્મ હોય તો ખ્યાલ ન આવે બહુ પરિચયમાં. '**માત્ર સર્વજ્ઞદેવ જાણે છે;...**' અથવા એક બાજુ આમ ભગવાન આત્મા છે. એ તરફ નથી જતો અને આ રાગ બાજુ જાય છે એવો સૂક્ષ્મ આશય સર્વજ્ઞ કહે છે એ રહી જાય છે. જુઓને ઓહો..હો..! કેટલી વાત બંધ અધિકારમાં! વ્યવહારનયનો પક્ષ ઉંડો રહી જાય છે તે બંધનું કારણ પક્ષ રહે છે એમ કહે છે. અબંધ સ્વરૂપી ભગવાન અનાકુળ આનંદમય પ્રભુ અબંધ મુક્તસ્વરૂપ છે. એનો આશ્રય, પક્ષ કરતા નથી. તો આ પક્ષ રહી જાય છે. એટલે કે અંતર્મુખનો આશ્રય ન રહેતા બહિર્મુખનો આશ્રય રહી જાય છે. પર્યાય પણ બહિર્મુખ બહિરૂતત્ત્વ છે, ભાઈ! નિયમસાર. શુદ્ધભાવ અધિકાર. મોક્ષ અને સંવર-નિર્જરાની પર્યાય પણ બહિરૂતત્ત્વ છે. અંતઃતત્ત્વ તો ભગવાન ધ્રુવ જ્ઞાયકભાવ અંતઃતત્ત્વ છે. આહા..હા..! જુઓ, વળી ક્યાં આવ્યું? એને ઠેકાણે વિકલ્પનો પક્ષ રહે છે એ તો સ્થૂળ લક્ષ અંદરમાં છે કહે. ભારે વાતું!

આમાં નજર ક્યાં નાખવી? ઓલો છોકરો કહેતો હતોને આંખ મીંચીએ તો અંધારા દેખાય. પરેશ છોકરો છેને. પરેશ. ઘણા વર્ષ પહેલા હોં. સાત વર્ષનો હતો ત્યારે પૂછયું સાત વર્ષનો. મહારાજ! તમે આત્મા દેખો... આત્મા દેખો... પણ અહીં તો આ દેખાય છે બધું. આમ આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. એમાં આત્મા ક્યાં જોવો અમારે? ભાઈ! અંધારાને જાણનારું અંધારું છે કે અંધારાને જાણનારો પોતામાં રહીને અંધારામાં જાણે છે કે આ જાણનારો અંધારામાં જઈને અંધારાને જાણે છે? વિચાર કર્યો છે કોઈ દિ'? એ તો બાળક બિચારો સાચો હતો. અંધારાને જાણનારો ભિન્ન છે. જ્ઞાનસ્વરૂપ છે. એ વિકલ્પનો જાણનાર ભિન્ન છે એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પણ ઠીક લાગ્યું હતું ભાઈને. આ ડોક્ટર આવ્યા હતાને તમારા શું? ચીમનલાલ? ભાઈને ત્યાં આવ્યા હતાને નવનીતભાઈને ત્યાં. વાત એ કે કોઈ દિ' સાંભળ્યું નથી. એમ ને એમ જાડી બુદ્ધિયું. હાંકે રાખ્યા દવાખાના ને આ ને આ. પુણ્યને લઈને પૈસા મળતા હોય એ ડાહ્યા કહેવાતા હોય. બધા સમજવા જેવા હોય.

અમારે ભગવાનજી વકીલ હતા. રામજીભાઈના ભાઈબંધ હતા હોં હા. જરી ચોપડા ફેરવે પૈસા તો ઘણા લાખો ભેગા કર્યા છે. બુદ્ધિ જુએ તો વાતું કરે તો જાણે એવું લાગે આ.. સાધારણ બુદ્ધિ. લ્યો તમે એમ એકવાર મહારાજ! આવી આત્માની બહુ વાત કરો છો તો એવો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં કહે. એમ પ્રશ્ન કર્યો લ્યો! આ વકીલ. એમ કે તમે બહુ આત્માના વખાણ કરો છો કે આવો આત્મા... આવો આત્મા... પણ એ ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? એ પ્રશ્ન કર્યો. પણ બંધ થઈ ગયા હવે સાંભળવા આવતા. એમ કે આ તો આત્મા-આત્મા કર્યા કરે. આવા ને આવા માણસ બધા. બહારની વકીલાત કરેને કોર્ટમાં આ કાયદો અહીં છે અને આ કાયદો અહીં છે. તારા કાયદાની ખબર વિના તારા એ કાયદાનું જ્ઞાન પણ ખોટું છે. સમજાણું કાંઈ?

કહે છે. કેવી વાત કરી જુઓ, આ જયચંદ પંડિતે ખુલાસો કર્યો છે કે અંદરમાં ઉંડાણમાં અનુભવ પણ છે માટે રાગનો અનુભવ કરે છે, રાગના હેતુએ ધર્મ કરે છે એમ અમે અનુભવથી કહ્યું. પણ આમ આગમથી કહીએ. અહેતુકવાદ આગમથી કહીએ તો એને અંદર વ્યવહારનય એનો પક્ષ ઉંડો રહી જાય છે બસ આમ. બાહ્ય બુદ્ધિ રહી જાય બહિર્‌બુદ્ધિ. અંતર બુદ્ધિ કરવાનો આશય એને પ્રગટતો નથી.

'એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.' જુઓ, એક તો એવો શબ્દ આવે છેને નિહાલચંદભાઈમાં? કે પર્યાયમાં ઉભા રહીને હું આને આ ધ્રુવ છું. એમ કર્યું છે. એમ પર્યાયમાં ઉભો છે કહે. આ ધ્રુવ અને આ પર્યાય, આ ધ્રુવ અને આ પર્યાય. એ તો વિકલ્પ છે. એ પર્યાયમાં ઉભો છે. ધ્રુવ આ ક્યાં સ્વલક્ષમાં આવ્યું છે? એવી વાત, ઝીણી વાત છે સૂક્ષ્મ. અંતર ધ્રુવ તરફ અંતર ઢળતા, એકદમ સ્વભાવ તરફ ઢળતા સહજ પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. અને આપથી છૂટ્યો છે માટે પર્યાયબુદ્ધિ

રહી જાય છે. કહો, સમજાય છે કાંઈ? '**એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ...**' નિશ્ચયનું ભાન થઈને વ્યવહાર થાય એને જાણે. સમજ્યાને? તો પક્ષ ન રહ્યો. આ તો એકલો પક્ષ. આ જ કરશે... આ જ કરશે... બસ, બહિર્લક્ષી ભાવ જ આત્માનું કલ્યાણ કરશે. સમજાણું કાંઈ?

'**કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.**' જુઓ, ભાષા. સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે. '**અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.**' એટલે અનાદિનો મિથ્યાદૃષ્ટિ ભવિ પણ એમાં રહે છે. વ્યવહારનયનો પક્ષ જ્યાં સુધી છે ત્યાં સુધી છૂટતો નથી. અભવિને અનાદિ-અનંત છે. એમ કહેવું છે. અભવિને સર્વથા કદી મટતો નથી. અનાદિ-અનંત વ્યવહારનો પક્ષ એમાં છે. સમજાણું કાંઈ? લ્યો! ૨૭૫મી ગાથાનો એ ખુલાસો કર્યો. સમજાય છેને? પુસ્તક સામે છે. જરી ધ્યાનથી આ તો ભાઈ અમૃતના વેણલા છે આ બધા. બાયુ નથી ગાતી ઓલી સવારમાં કાંઈક? વેણલા ભલે વાયા. આ લગન બગન હોયને ત્યારે ગાય બહુ. 'સોના સમો રે સૂરજ ઉગ્યો વેણલા વાયા રે.' એવું કાંઈક. ભૂલી ગયો. આ તો આત્માનું વેણલું છે. આહા..હા..! વેણ જે આમ જાય છે એને વેણ આમ લાવ એમ કહે છે. આ નદીમાં નથી વહેણ પાણીના આવતા? કોઈ વખતે પાણીનું વહેણ હોય તો આનીકોર આવે, કોઈવાર ઓલીકોર રહે. વેણ-વેણ. એમ આ પણ અનાદિના રાગનું વેણ છે એને પક્ષનું. ભગવાન તરફના આનંદસ્વરૂપનું વેણ અને પક્ષ છે નહિ. ત્યાં સુધી કર તોપણ ગમે તે મહાવ્રત પાળે બધું મિથ્યાદૃષ્ટિ મૂઢ સંસારી પ્રાણી છે. આહા..હા..! ગજબ!

અરે..! એ પક્ષમાં રહેતા કોઈવાર સ્વર્ગ ભલે મળે, પણ ત્યાંથી પશુ થઈને નિગોદમાં જાશે. આહા..હા..! અરે..! તત્ત્વનો વિરોધ કરે છેને. તત્ત્વની પર્યાય ખીલવટની શક્તિની તો ખબર નથી. એ પર્યાયની ખીલવટ ખીલે ક્યાંથી? દ્રવ્યથી ખીલે તો ખબર નથી. રાગની ક્રિયાથી તત્ત્વની શક્તિ ખીલે, એવી માન્યતામાં તત્ત્વની શક્તિ હીણી પડી જાય છે. સમજાણું કાંઈ? વ્યવહારનયના પક્ષમાં રહેતા ભગવાન આત્માની શક્તિ તો પૂર્ણ છે પર્યાયમાં સંકોચ થઈ જાય છે. સંકોચ થઈ જાય છે એમ કહે છે. આહા..હા..! માટે વ્યવહારનયનો પક્ષ છોડવાલાયક છે. કહો, અધિકાર તો બહુ સારો છે આ.

'**હવે પૂછે છે કે 'નિશ્ચયનય વડે...**' સ્વઆશ્રયથી પરનો આશ્રય નિષેધ કરવાલાયક '**જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય - તે બન્ને નયો કેવા છે?**'' બે નય છે કેવી? બે પ્રકારના પડખાં છે કેવા જે આત્મામાં છે. '**એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે :-**' વ્યવહાર-નિશ્ચયનું સ્વરૂપ કહે છે એમ કહે છે હોં.

आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।
छज्जीवणिकं च तहा भणदि चरित्तं त्ववहारो।।२७६।।
आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।
आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।।२७७।।

લ્યો 'द' આવ્યો બધે 'द'. આયાને ઠેકાણે આદા. નીચે.

'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે, - એ કથન નય વ્યવહારનું. ૨૭૬.
મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન ચરિત છે,
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.

બે નયની વ્યાખ્યા.

'**ટીકા :- આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...**' જુઓ, અન્યમતના કહેલા એની તો વાત જ નથી. અન્યમતિના શાસ્ત્રો. સર્વજ્ઞ ભગવાને કહેલા. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની વાણીમાં આવ્યું. આચારાંગ આદિ શાસ્ત્રો. આચારાંગ એમાં છે કે નહિ? બીજામાં છે સર્વજ્ઞ સિવાય? શ્વેતાંબરમાં પણ જે અત્યારે આચારાંગ આદિ કહે છે એ તો કલ્પિત બનાવેલા છે. મૂળ આચારાંગ આદિ છે નહિ. અહીં તો મૂળ આચારાંગ આદિ હોય તોપણ એનું જ્ઞાન પણ વ્યવહાર છે એમ કહે છે. એય..! એટલે તો આચારાંગના ભાગ છેને સમયસાર શાસ્ત્ર આદિ. બધા આચારાંગ જ છે. એનો અંશ છેને બાર અંગનો? આવી ગયું છેને બાર શું આ નહિ? શબ્દશ્રુતનો અવયવ છે ભાઈ! એ બાર અંગનો શબ્દશ્રુતનો. સમયસાર એ અવયવ. પણ કહે છે કે એનું જ્ઞાન.

'**આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' અહીં એમ લીધું. એનો અર્થ કે આચારાંગ આદિ જે શાસ્ત્ર છે. એક આચારાંગમાં અઢાર હજાર પદ છે. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એવા સુયગડાંગમાં ડબલ ૩૬ હજાર પદ. ડબલ. ઠાણાંગમાં ૭૨ હજાર પદ, સમવાયાંગમાં એક લાખ ૪૪ હજાર પદ. એમ ડબલ. કહે છે કે એનું જ્ઞાન તે શબ્દજ્ઞાન છે. એ શબ્દશ્રુત જ્ઞાન છે. આ ક્ષયોપશમ થયોને એ? તોપણ એ શબ્દશ્રુતજ્ઞાન છે. કેમકે એનું નિમિત્ત આશ્રય શબ્દ છે. અને શબ્દશ્રુત નિમિત્તથી થયું એ પણ શબ્દશ્રુત જ છે એમ કહે છે અહીં તો. એય..! એ આત્મજ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આચારાંગ આદિ...**' સુયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતિ, જ્ઞાતા, ઉપાસકા, અંતકૃત, અબુતર, પ્રશ્ન વ્યાકરણ, વિપાક એ શબ્દશ્રુત જ્ઞાન છે. એ તો શબ્દશ્રુત છે વાણી. '**કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' એ શબ્દશ્રુત પર્યાયમાં ઉઘાડ થયો એમાં શબ્દશ્રુત આશ્રય છે. તો આચારાંગ આદિ બધાને જ્ઞાનને જ શબ્દશ્રુત કહેવામાં આવે

છે. આહા..હા..! એ વ્યવહાર છે. એ નિષેધ કરવાલાયક છે એમ કહે છે. સમકિતીને પણ હોય છે. પણ એ બંધનું કારણ છે. આહા..હા..! ભારે વાત! શાસ્ત્રનું જ્ઞાન તે શબ્દશ્રુત કહે છે. એ આત્મજ્ઞાન નથી. એ શબ્દશ્રુત નિષેધ કરવાલાયક છે. સમજાણું કાંઈ? બીજા જ્ઞાનની તો વાત શું? વકીલાત ને આ ડોક્ટરનું આ તમારે શું કહેવાય સમજ્યાને? પંપનું, બીડીનું. ઈ તો થોથા જ્ઞાન, ખોટા જ્ઞાન. એય..! ઓડીટરનું. આ હીરા-માણેકનું શેઠીને. અહીં તો ભગવાનના શાસ્ત્ર. એના મુખથી નીકળેલા શાસ્ત્રો. આ એનું જ્ઞાન પણ એને નિમિત્ત છેને શબ્દ? એના જાણપણામાં શબ્દશ્રુત નિમિત્ત છે. તો એ શબ્દશ્રુત જ જ્ઞાન છે. એ આત્મજ્ઞાન નથી. આહા..હા..! કથન 'દિગંબરોના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે.' શ્રીમદ્ કહે છેને. જુઓને કેટલું છે! આચારાંગ આદિ શબ્દશ્રુત જ્ઞાન છે, શબ્દશ્રુત જ્ઞાન છે. શબ્દશ્રુતનું જ્ઞાન છે તો શબ્દશ્રુત જ્ઞાન છે. તે શબ્દશ્રુત જ્ઞાનનો આશ્રય છે. એ વાણી, જ્ઞાન એનું જાણપણું છેને એનો આશ્રય છે. એ પરાશ્રિત વ્યવહાર થયો. બંધનું કારણ છે. લે. પણ શાસ્ત્રનું જ્ઞાન મહા ભગવાનની વાણી, દિવ્યધ્વનિ. પણ દિવ્યધ્વનિ પરવસ્તુ છેને? એનાથી જ્ઞાન થયું એ શબ્દશ્રુતના અવલંબનથી થયું. છે તો પોતાની પર્યાય, પણ એ પર્યાય શબ્દશ્રુત છે. ભાવશ્રુત નથી. આહા..હા..!

આ તો જ્યાં થોડું શાસ્ત્રનું જ્ઞાન થઈ જાય તો એમ થઈ જાય કે આહા..હા..! આપણે તો જાણે ક્યાં સુધી ગયા! ભાઈ! એ શબ્દશ્રુત તો વ્યવહાર થયો, ભાઈ! એ તો વ્યવહાર છે. અને તે બંધનું કારણ. આ વ્યવહારનું સ્વરૂપ કહે છે. વ્યવહારનયનું આ સ્વરૂપ છે એમ કહે છે. આચારાંગનું જ્ઞાન એ વ્યવહારનયસ્વરૂપ છે. સમજાણું કાંઈ? નિષેધ કરવાલાયક છે. ધર્મી જીવને પોતાના સ્વરૂપનો આશ્રય કરીને જે જ્ઞાન થાય એ જ્ઞાનને આત્મજ્ઞાન અને ભગવાન સાચું જ્ઞાન કહે છે. આહા..હા..! ભારે કામ, ભાઈ! સમાજને રળવું, ખાવું, પીવું, આખો દિ' કામ કરવા. હવે એમાં આ ધર્મ ક્યાં બેસે? સાંભળવા જાય થોડી બે ઘડી કથાઓ જેવી કરે અને આ ક્રિયા કરો લાભ થાય. હવે આમાં ક્યાં જાય સાંભળવા અને સમજવા? સાંભળવા મળે નહિ. શાસ્ત્રનું જ્ઞાન કરે કેળવણીના ભણવાના એય..! જીતુ! કહો એને તો જૂઠું જ્ઞાન એમ કહે છે. પરાશ્રિત બંધનું જ્ઞાન.

શ્રોતા :- ...

ઉત્તર :- પણ આ તો શાસ્ત્રનું. આચારાંગ, સુયગડાંગ, ઠાણાંગ ભગવાને કહેલા. એનું જ્ઞાન એ કહે છે કે શબ્દશ્રુતનો આશ્રય છે માટે એ જ્ઞાનને શબ્દશ્રુતનું જ્ઞાન કહેવામાં આવે છે. એ આત્માનું જ્ઞાન નહિ. માટે એ વ્યવહાર આત્મજ્ઞાનસ્વરૂપ પ્રગટ કરીને નિષેધ કરવાલાયક છે. એમ બે વાત વિષેશ કહેશે. વખત થઈ ગયો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૩૨૦,
પ્રવચન નં.૪૫૦-એ, તા. ૧૦-૦૮-૧૯૭૦
(૧૭)

સમયસાર. ૩૨૦ ગાથા. જયસેનાચાર્યની ટીકા. જરી ઝીણું છે, પણ સમજવાની વસ્તુ છે. પુસ્તક-પાનું છે બધાની પાસે. માટે .. ક્યા શબ્દનો શું અર્થ થાય છે. જયસેનાચાર્યની તાત્પર્યની ટીકા.

दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।
जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।

'અકર્તૃત્વ-ભોક્તૃત્વ ભાવને વિશેષરૂપે દઢ કરે છે.' શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનો ત્રિકાળી આનંદ અને ધ્રુવ છે. એનું જ્ઞાન નથી, એનું ભાન નથી. એ પુણ્ય-પાપ, રાગ-દ્વેષાદિનો કર્તા થાય છે અને એનો ભોક્તા થાય છે. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિ દ્રવ્ય વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય મહા સ્વયંભુરમણ સમુદ્ર. ચૈતન્યનો સ્વયંભુ રમણસમુદ્ર ધ્રુવ. નિત્ય અવિનાશી. એવી પર્યાયથી રહિત એવી ત્રિકાળી ચીજ છે. એના ઉપર જેની દૃષ્ટિ નથી એ રાગ અને પર્યાય એક સમયના પરિણામની રાગ ઉપર દૃષ્ટિ હોવાથી એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો કર્તા અને એનો ભોક્તા અજ્ઞાની છે. સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ ભગવાન આત્માનું સ્વરૂપ અને વસ્તુના સ્વરૂપની દૃષ્ટિવાન એ રાગાદિનો કર્તા નથી અને ભોક્તા નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

અમૃતચંદ્રાચાર્યની ટીકા. .. જયસેનાચાર્યની ટીકામાં ઘણું ઝીણું ભરી દીધું છે. બે વાર તો ત્યાં રાજકોટ વ્યાખ્યાન થઈ ગયા. અહીંયાં પણ એકવાર થયું. ઝીણું છે, પણ હવે સમજી તો લે ખ્યાલમાં કે જૈનદર્શનમાં તત્ત્વ શું છે? સમજાણું કાંઈ? તો આ આત્મા એક સમયમાં પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ સાગર. લ્યો આ સાગર આવ્યા તમારા. એવો ભગવાન એની જેને દૃષ્ટિ નથી, એનું જેને ધ્યેય નથી અને દૃષ્ટિનો વિષય દ્રવ્ય બનાવીને પરિણમન કર્યું નથી એ બધા મિથ્યાદૃષ્ટિ છે એમ કહે. સમજાણું કાંઈ? તો એ મિથ્યા નામ જેની સત્ય સ્વરૂપ ભગવાન આત્મા એવી દૃષ્ટિ નથી એ રાગ-દ્વેષ, ઉદયનો ભાવ એ પરિણમન કરે છે અને એ મારી ચીજ એમ કરીને એનું વેદન કરે છે. તો અનાદિનું એ કર્તૃત્વ અને ભોક્તૃત્વ હતું. અજ્ઞાનથી ઉત્પન્ન કરીને ચાર ગતિમાં એ કારણે રખડે છે. સમજાણું કાંઈ? તો ધર્મ જ્યારે થાય છે તો કેમ થાય એ વાત ચાલે છે. સમજાણું કાંઈ?

જુઓ, '**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**' એ તો મૂળ પાઠમાં વાત છે. અને એની ટીકા કરીને દૃષ્ટાંત દીધું છે. '**જેવી રીતે નેત્ર...**' આંખ. એ કર્તા. દૃશ્ય વસ્તુને આંખ કર્તા નથી થતી. આંખ કહે છેને એ? ચક્ષુ. ચક્ષુ દેખનાર છે તો દેખવાની ચીજનો કર્તાહર્તા એ આંખ નથી. સમજાણું કાંઈ? આંખ છે એ દેખનારી આંખ દૃષ્ટા, કર્તા. અને એ દૃશ્ય જે પદાર્થ છે એને જાણવાલાયક અગ્નિ, શરીર, વાણી આદિ બધું. એની આંખ કર્તા નથી. છે એમ દેખનાર છે, પણ છે, નથી એની પર્યાય ઉત્પન્ન કરે અને પરની પર્યાયને આંખ અનુભવ કરે એમ બનતું નથી. આ તો દૃષ્ટાંત છે. આ તો હજી દૃષ્ટાંત. દૃષ્ટામાં સિદ્ધાંત પછી આવશે. પાઠમાં જે છે એ તો પછી લેશે. સમજાણું કાંઈ? લોકોને સમજવામાં સરળ પડે એ કારણે ભગવાન આત્મે દૃષ્ટાંત દીધું છે. સમજાણું કાંઈ? આ સમજવાની ચીજ છે. અનંતકાળથી એણે ચૈતન્ય જ્ઞાયક જ્યોત ભગવાન આત્મા એની ઉપર જોર દીધું જ નથી. દૃષ્ટિ ત્યાં લગાવી જ નથી. પરિણામ ઉપર લક્ષ કાં રાગ ઉપર લક્ષ કાં નિમિત્ત ઉપર લક્ષ. એક સમયની પ્રગટ અવસ્થા ઉપર લક્ષ એ બધું મિથ્યાદૃષ્ટિનું લક્ષ છે. સમજાણું કાંઈ? .. આવે છે, ભગવાન!

કહે છે કે એ નેત્ર દેખનારી આંખ, ચક્ષુ, જોનાર ચીજને ઉત્પન્ન નથી કરતી. ઉત્પન્ન કરે? કર્તા છે? ભોક્તા પણ આંખ નથી. જુઓ, '**જેવી રીતે...**' એમ છેને? જેવી રીતે છેને? તો જે પ્રકારનો અર્થ દૃષ્ટાંત છે. એ પ્રકારે એ પછી સિદ્ધાંત આવશે. સમજાણું કાંઈ? જેવી રીતે. તો '**જેવી રીતે નેત્ર કર્તા...**' કર્તા એટલે નેત્ર જાણનાર કર્તા દૃષ્ટિ, દેખનાર કર્તા આંખ-ચક્ષુ. એ '**દૃશ્ય વસ્તુને...**' એ અગ્નિ, બરફ, શરીર, વાણી આદિ ચીજને '**સંધુક્ષણ કરનાર પુરુષ અગ્નિરૂપ વસ્તુને કરે છે જેમ અગ્નિ સળગાવનાર...**' સળગાવનારા. તમારી ભાષા છેને ઈ ભાષા છે. સમજાણું કાંઈ? સંધુકણ કરે છેને? સંધુકણ. અમારી કાઠિયાવાડી ભાષામાં એવું. છાણનો ભુકો હોય છેને. છાણનો ભુકો એમાં અગ્નિ લગાડે. કઠણ લાકડી હોય એ અગ્નિ ન પકડી શકે. પણ એ ભૂકો હોય ઝીણો ભુક્કો કહે છેને. ઝીણો-ઝીણો એ પકડી શકે. તો એ સંધુક્ષણ કરનારો. જુઓ, અગ્નિને સળગાવનાર સંધુક્ષણ કરનાર એટલે અગ્નિ સળગાવનાર પુરુષ અગ્નિરૂપ વસ્તુને કરે છે. અગ્નિરૂપ વસ્તુને બનાવે છે અગ્નિ. એ પ્રકારે કર્તા નથી. એ પ્રકારે દૃશ્ય પદાર્થને કરતી નથી. કહો, સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :-... ક્યાં ગયા હીરાભાઈ? કહો, સમજાણું કાંઈ? તમારા બે પંડિત છેને એ? જુઓ, અહીંયાં જ્ઞાનચક્ષુનું આવી ગયું છેને નહિ? જ્ઞાનચક્ષુ. પણ આ કીધું એ સમજ્યાને. પાઠથી એને જરી ખ્યાલ આવે શું ચીજ છે.

તો કહે છે નેત્ર, ચક્ષુ કરનારી, શું કરનારી? જોવાનું કાર્ય કરનારી. એ જેમ આંખ જોવાની ચીજને જોવાનું કાર્ય કરે, પણ જોવાની ચીજને બનાવે કરે કે જોવાની ચીજને આંખ અનુભવે

એમ થતું નથી. કહો, બરાબર છે? ..જી! આહા..હા..! '**સંધુક્ષણ કરનારો, અગ્નિ સળગાવનારો પુરુષ અગ્નિરૂપ વસ્તુને કરે છે...**' ત્યાં .. છેને એટલે જરી? એ તો ખરેખર અગ્નિને પણ કરતા નથી, પણ અહીં તો દૃષ્ટાંત છેને. લોકોને એમ જણાય છેને કે ભાઈ જુઓ એ બાઈએ અંદર છાણનો કટકો કરીને અગ્નિ સળગાવી. પણ એકલું કઠણ આખું લાકડું હોય કઠણ. એમાં અગ્નિ ન પકડી શકે. તો.. અગ્નિ કરી એવું લોકો જોવે છે એવું દૃષ્ટાંત આપ્યું એમ.

'**અગ્નિરૂપ વસ્તુને જેમ કરે છે...**' અગ્નિ સળગાવનારો. '**એ રીતે કરતો નથી...**' આંખ એ પ્રકારે દૃશ્ય વસ્તુને ઉત્પન્ન કરે છે કોઈ પર્યાય એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આંખ ચીજને ઉત્પન્ન નથી કરતી, પણ ચીજ જે દૃશ્ય છે એની કોઈ અવસ્થા ઉત્પન્ન કરી દે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**વસ્તુને કરે છે એવી રીતે આંખ કર્તા નથી...**' ચક્ષુ કર્તા નથી. સમજાણું કાંઈ? અગ્નિ સળગાવનારો જેમ અગ્નિ ઉત્પન્ન કરે છે એમ ચક્ષુ કોઈ પદાર્થને ઉત્પન્ન કરતી નથી. સામે છેને પુસ્તક-પાના? '**અને તપેલા ગોળાની માફક...**' અગ્નિથી ઉષ્ણ થયો એવો લોઢાનો ગોળો. અગ્નિથી તમાયમાન થયેલો લોઢાનો ગોળો '**પિંડની માફક અનુભવરૂપથી વેદતો નથી.**' એ ગોળો ઉષ્ણતાને વેદે, અનુભવે છે. અનુભવનો અર્થ કે એ ઉષ્ણ થઈ ગયો. સમજાણું કાંઈ? લોઢાનો ગોળો અગ્નિમય ઉષ્ણ થઈ ગયો છે. તો લોઢું એને વેદે છે એમાં તન્મય થઈ ગયોને? એમ આંખ પરચીજને કાંઈપણ ભોગતી અને કરતી નથી. કહો, બરાબર છે? એ વેદતું નથી. કોણ? આંખ હોં.

હવે સિદ્ધાંત. '**હવે એ રીતે...**' ચક્ષુના દૃષ્ટાંતથી સળગાવનારી અગ્નિને સળગાવે છે એવી આંખ પરદ્રવ્યને પર્યાયની ઉત્પત્તિ કરતા નથી. અને લોઢાનો ગોળો અગ્નિથી તપેલો ઉષ્ણતાને વેદે છે નામ તન્મય થાય છે. એમ આંખ કોઈપણ ચીજમાં કરે નહિ, તેમ એને વેદે પણ નહિ. અગ્નિને જોવાથી અગ્નિનું વેદન છે એને? સમજાણું કાંઈ? આ દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. '**એવી રીતે શ્રુતજ્ઞાન પણ...**' હવે એ શું કહ્યું? પાઠમાં તો એમ છે, સાંભળો. '**દિટ્ઠી જહેવ ણાણં**' દૃષ્ટિ છે એ સંયમ ત્રિકાળી જે ધ્રુવ જ્ઞાન છે. આહા..હા..! તો દૃષ્ટિ શબ્દ એમાં ન લીધો. પણ એનો અર્થ એ થયો કે સમ્યગ્દૃષ્ટિ જે છે એની જે દૃષ્ટિ છે એ ધ્રુવ જ્ઞાન ત્રિકાળી જ્ઞાન ઉપર એની દૃષ્ટિ પડી છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાણું કે નહિ વકીલજી? દૃષ્ટિ શ્રુતજ્ઞાન એટલે ત્રિકાળી જ્ઞાન. ધ્રુવ ચૈતન્ય ભગવાન નિત્યાનંદ અવિનાશી એક સમયની પર્યાયથી પણ ખાલી. દૂર. સમજાણું કાંઈ? આ તો કેળવણી કેવળજ્ઞાનની ગાયનની વાત છે ભાઈ આ. કેવળજ્ઞાન કેમ ઉત્પન્ન થાય? એની કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારની દૃષ્ટિ ક્યાં છે? સમજાણું કાંઈ?

તો ધર્મી જીવની દૃષ્ટિ ધર્મી એવો ત્રિકાળી જ્ઞાયકભાવ એના ઉપર દૃષ્ટિ છે. તો એને અહીંયાં શુદ્ધ જ્ઞાન કહ્યું. કોને? ત્રિકાળી જ્ઞાનભાવને. સમજાણું કાંઈ? છે સામે પાનું? એ

માટે તો છે. આહા..હા..! ભગવાન! અહીં તો કહે છે કે જેમ આંખ પરનો કર્તા-ભોક્તા નથી એમ દૃષ્ટિવંત જીવ જે દૃષ્ટિ જેને ધ્રુવ જ્ઞાન, ત્રિકાળ જ્ઞાન ઉપર પડી છે એવો ધર્મી જીવ એ ધર્મી એને કહીએ કે ત્રિકાળી જ્ઞાન ઉપર જેની દૃષ્ટિ એને ધર્મી કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મુળ મુદ્દાની વાત છે. જરી કઠણ પડે પણ ભાષામાં કોઈ કઠણાઈ ન આવે એવી શરૂઆત જ છે, પણ એણે સમજવાની દરકાર તો કરવી જોઈએ કે નહિ? બીજું કોઈ સમજાવી શકે છે? સમજાણું કાંઈ? કહે છે 'જેવી રીતે ચક્ષુ એવી રીતે શ્રુત જ્ઞાન.' દૃષ્ટિ ન લીધી. પાઠમાં તો દૃષ્ટિ છે. **'दिट्ठी जहेव णाणं'**.

શ્રોતા :- એ **'दिट्ठी'**નો અર્થ નેત્ર કર્યો છે.

ઉત્તર :- ઈ નેત્ર કર્યો પણ અહીં દૃષ્ટિ લેવાની છે. એ જેમ **'दिट्ठी'** ત્યાં છે એમ અહીં **'णाणं' 'णाणं'**નો અર્થ ત્રિકાળ જે જ્ઞાન. માથે કહ્યું છેને પાછું? નીચે કર્યું છે ભાઈએ. માત્ર દૃષ્ટિ નહિ પરંતુ ક્ષાયિકજ્ઞાન જ્યાં લખ્યું છે જુઓ નીચે. એ તો વાત થઈ ગઈ પહેલી. એ ક્ષાયિક જ્ઞાનમાં ઓલી દૃષ્ટિ છે. શું કહ્યું સમજાણું? સમજાય છે? શાંતિથી આ તો અંતરની ચીજ છે. એ કહે છે કે દૃષ્ટિમાં અહીં તો ભાઈ કહ્યુંને. દૃષ્ટિમાં તો નેત્રનું છે. પણ દૃષ્ટિમાં દૃષ્ટિ જ ઉતારી છે અહીં શ્રુતજ્ઞાનમાં. કારણ કે પછી કહેશે કે માત્ર દૃષ્ટિ નહિ, પણ કેવળજ્ઞાન પણ અકર્તા-ભોક્તા છે એમ દૃષ્ટિવંત અકર્તા-ભોક્તા છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યબિંબ ધ્રુવ અવિનાશી જેનો અંશ જે ત્રિકાળ એની ઉપર જેની દૃષ્ટિ છે એનું નામ સમ્યગ્દર્શન છે. દૃષ્ટિનો વિષય, મિથ્યાદર્શનનો વિષય એક સમયની પર્યાય રાગ અને એ કાંઈ ખરેખર વિષય થયો નથી. સમજાણું કાંઈ? મિથ્યાશ્રદ્ધા, મિથ્યાદૃષ્ટિનો વિષય ખરેખર એનો વિષય જ નહિ એમ છતાં વિષય કહેવું પડે છે. વિષય શું એનો? એને વિષય દૃષ્ટિનો વિષય જે પૂર્ણ છે એવો વિષય આવવો જોઈએ. તો એવો મિથ્યાદૃષ્ટિનો વિષય એ છે નહિ, એ તો ખરેખર એનો વિષય જ નથી એમ કહે છે. આહા..હા..! ભાઈ! શું કહ્યું સમજાણું? શેઠ!

શ્રોતા :- મિથ્યાદૃષ્ટિનો વિષય જ નથી.

ઉત્તર :- વિષય જ નથી. છતાં એને વિષય બનાવ્યો છે. દૃષ્ટિમાં વસ્તુ જે ત્રિકાળ છે, પ્રભુ! એ દૃષ્ટિમાં આવવો જોઈએ. ત્યારે એ વસ્તુ જ ત્રિકાળ ધ્રુવ છે. એવી દૃષ્ટિનો વિષય તો યથાર્થ છે. તો મિથ્યાદર્શનનો વિષય છે જ નહિ. એક સમયની પર્યાય ખરેખર વસ્તુ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વવસ્તુની અપેક્ષાએ ભગવાન ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ અપેક્ષાએ એક સમયની પર્યાય રાગ અને નિમિત્ત એ બધું અવસ્તુ છે. એટલે ખરેખર મિથ્યાદૃષ્ટિનો વિષય જ યથાર્થ છે નહિ. સમજાણું કાંઈ? અવસ્તુ થઈ ગઈ એમ કહે છે લ્યો ભાઈ! આહા..હા..! ભારે વાત! સમજાણું કાંઈ? ધીમે-ધીમે સમજવું હોં. સમજાય એવી વાત છે. ભાષા બહુ સાદી છે. ભલે ભાવ જરી. લ્યો ભાઈ અમારે જયપ્રસાદ કહે છે ગંભીર

છે. વાત તો એવી છે, ભગવાન! આ તારી લીલા. આહા..હા..!

ચૈતન્ય ભગવાન ત્રિલોકનાથ જેમાં પરિણામ જેને અડતા નથી. અડતા નથી સમજાણું? સ્પર્શતા નથી. એય..! અને ખરેખર તો પરિણામ અને વર્તમાન નિર્મળ પર્યાયની સ્વદ્રવ્યની અપેક્ષાએ એ તો પરદ્રવ્ય અદ્રવ્ય થઈ ગયું. એટલે મિથ્યાદૃષ્ટિનો વિષય જગતમાં છે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિનો વિષય હોઈ શકે અને છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ વસ્તુ નિત્ય વસ્તુ એની દૃષ્ટિ થઈ એ દૃષ્ટિનું નામ ન લીધું, પણ પછી લઈ લીધું કે દૃષ્ટિના વિષયની વાત અમે કરીએ એમ અહીંયાં ક્ષાયિક જ્ઞાનની વાત સમજવી. (તો એમાંથી દૃષ્ટિ કાઢી નાખી). સમજાણું કાંઈ?

શ્રોતા :- ..

ઉત્તર :- .. જ્ઞાન .. એ ત્રિકાળી જ્ઞાન છે એ દૃષ્ટિનો વિષય છે. એટલે દૃષ્ટિની વાત મેં પહેલી કરી. હવે જ્ઞાનની વાત કરીશું એમ કરીને કહેશે. કહેશે શું એમ કરીને કહેશે. થોડી-થોડી ગુજરાતી અમારી આવે અંદરમાં. સમજાણું કાંઈ? અમૃતના સાગર રેડ્યા છે. સમજાય છે કાંઈ? ભગવાન અમૃતનો નાથ સ્વયંભુ સમુદ્ર અંદર ડોલે છે. સ્વયંભુ રમણ સમુદ્ર જેમ છે એક જ ચીજ. સ્વયંભુ શબ્દમાં એમ આવ્યું. એક જ ચીજ. એક વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ જ વસ્તુ જગતમાં છે. એ સિવાય એક સમયની પર્યાય આદિ વસ્તુ નથી. ઓહો..હો..! આહા..હા..! અવસ્તુને દૃષ્ટિને મિથ્યાત્વ કહે છે. ડાલચંદજી! આહા..હા..! એ દિગંબર સંતોની મસ્તી છે. સમજાણું કાંઈ? એ વાત જૈનદર્શન, દિગંબર દર્શન સિવાય એવી વાત ક્યાંય હોય નહિ. જ્યાં એકલા દરિયા ડોલ્યા છે અંદરથી. આહા..હા..!

ભગવાન! સાંભળતો ખરો. તું ક્યાં રોકાઈ ગયો અને શું તારી ચીજ છે? સમજાણું કાંઈ? ક્યાં તું રોકાઈ ગયો છે? એક સમયના રાગમાં કા પર્યાયમાં. રાગ એ તારી ચીજ નથી. એ આખી વસ્તુ જ નથી એમ કહે છે. આહા..હા..!

શ્રોતા :- અવસ્તુ છે.

ઉત્તર :- અવસ્તુ છે. યથાર્થ જો વિષય હોય તો તો મિથ્યા કહેવામાં આવે જ નહિ. આહા..હા..! આવે છેને ભાઈ નહિ? બંધ અધિકારમાં આવે છે. વિષય લેશે ન્યાયથી. .. વિષય હોય તો અજ્ઞાન ઝીણો કહેવાય ક્યાંથી? સમજાણું કાંઈ? થોડું-થોડું સમજવું અને નહિતર રાત્રે પૂછવું. રાત્રે બધા મૌન રહે છેને. મૌન રહે કે .. તો થોડું-થોડું અંદરથી ન સમજાય ત્યાં આગળ પ્રશ્ન કરવો. પોણો કલાક રાખ્યો છેને રાત્રે? આહા..હા..!

અહીં તો કહે છે કે ભગવાન આત્મા જેમ દૃષ્ટિ પર અગ્નિને કરે નહિ અને અગ્નિને વેદે નહિ. એમ ભગવાન આત્મા ઈ શુદ્ધ જ્ઞાન એ જ દૃષ્ટિનો વિષય અને એ જ વસ્તુ. સમજાણું કાંઈ? શુદ્ધ ધ્રુવ જ્ઞાન જ્ઞાયકભાવ. ત્રિકાળ જ્ઞાનભાવ, ધ્રુવભાવ એ જ વસ્તુ, એ જ સત્તા એ જ આત્મા અને એ આત્માની દૃષ્ટિ કરનારો દૃષ્ટિનો વિષય યથાર્થ છે તો એ દૃષ્ટિ યથાર્થ

સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? કહે છે '**શુદ્ધ જ્ઞાન જ...**' એ તો કહેશે કે દૃષ્ટિનો વિષય એમાં છે નહિ. તો આમાં ક્યાં આવ્યું? દૃષ્ટિ તો આવી નહિ. પછી કહેશે. જુઓ, છેને? '**માત્ર દૃષ્ટિ નહિ પણ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી છે.**' સમજાણું કાંઈ? એનો અર્થ જ એ છે કે આ પૂર્ણજ્ઞાન જે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એ જ દૃષ્ટિનો વિષય તો દૃષ્ટિની જ વાત અમે કરી હતી. શુદ્ધ જ્ઞાન ત્રિકાળી ભગવાન જેમાં કેવળજ્ઞાનની પર્યાયને અનંતમા... અનંતમા... અનંતમાં... ભાગે ગણવામાં આવે છે કેવળજ્ઞાનને. દ્રવ્યને આશ્રયે. દ્રવ્યનું પલ્લું એટલું જોરવાળું છે. જોરદાર પૂરું પલ્લું છે. કે કેવળજ્ઞાનની પર્યાય પણ એનાથી અનંતમા ભાગે ઉંચે રહે છે અને આનું પલ્લું નીચે બેસી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેવળજ્ઞાનને તો સદ્‌ભૂત વ્યવહાર કહે છેને. ભાઈ! સદ્‌ભૂત વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... એ ખરેખર અવસ્તુ લે. એય..! આહા..હા..!

શ્રોતા :- પરિણામ અભૂતાર્થ વ્યવહાર

ઉત્તર :- પરિણામ વ્યવહાર અભૂતાર્થ અસત્યાર્થ. અસત્યાર્થનો વિષય કરનારા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન સત્ય પ્રભુ સચ્ચિદાનંદ વસ્તુ પોતે નિજ સ્વયંભુ સ્વરૂપ. સ્વયંભુ ત્યાં પ્રવચનમાં લીધું છે એ તો પર્યાયમાં લીધું છે એ અહીં નથી. અહીં તો સ્વયંભુ છે પોતાથી અનાદિ-અનંત. એવું શુદ્ધજ્ઞાન પણ અથવા એ તો શુદ્ધજ્ઞાન નથી એનો અર્થ જ એ છે કે અભેદથી શુદ્ધજ્ઞાન જીવ પરિણતિ. ત્રિકાળી જ્ઞાન પણ જેમ રાગનો કર્તા અને ભોક્તા નથી. એનો અર્થ એ થયો કે જેની દૃષ્ટિમાં શુદ્ધજ્ઞાન પૂર્ણ છે એમ આવ્યું એ શુદ્ધ જીવ પરિણત પણ લેવો એમાં. સમજાણું કાંઈ? પહેલી સમજણ તો કરે શું ચીજ છે?

શ્રોતા :- દ્રવ્ય ન કરે તો..

ઉત્તર :- પણ એ શુદ્ધજ્ઞાન ત્રિકાળ શુદ્ધજ્ઞાન છે એની દૃષ્ટિમાં આવ્યા વિના આ શુદ્ધ જ્ઞાન આવ્યું ક્યાંથી એને? સમજાણું કાંઈ? શુદ્ધ છે. પણ શુદ્ધ છે કોની સત્તામાં એ ખ્યાલમાં આવ્યા વિના? તો કહે છે કે મેં વાત તો એમ કરી કે શુદ્ધજ્ઞાન પણ ત્રિકાળ જ્ઞાન પણ જે દૃષ્ટિનો વિષય છે એ પણ રાગ અને પુણ્ય અને દયા, દાન, વ્યવહારરત્નત્રયને કરતા નથી. સમજાણું કાંઈ? અને વ્યવહારરત્નત્રયાદિ રાગ, એનું દુઃખ, એને પણ ભોગવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શુદ્ધજ્ઞાન પણ અથવા એટલે શુદ્ધ જ્ઞાન જેની દૃષ્ટિમાં આવ્યું એને શુદ્ધજ્ઞાનની પરિણતિ પર્યાયમાં પ્રગટ થઈ. સમજાણું કાંઈ? એ અભેદથી. કેમકે દૃષ્ટિવંતે વસ્તુને દૃષ્ટિમાં લીધી. તો એ દ્રવ્ય પરિણતિ છે એ અભેદ થઈ ગઈ. શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યથી અભેદ થઈ ગઈ. અભેદનો અર્થ? પર્યાય અને દ્રવ્ય બે એક નથી થતાં, પણ એ પર્યાય જે પરસન્મુખમાં એકતા હતી એ સ્વસન્મુખની એકતા થઈ એ અપેક્ષાએ અભેદથી શુદ્ધ જીવ પરિણતિ પણ.

સમજાણું કાંઈ?

શ્રોતા :- એકતા થતી નથી એટલે

ઉત્તર :- એકતાનો અર્થ આ કે જે પર્યાય રાગ સાથે આમ એકતા હતી. એકતા માની હતીને આમ રાગ સાથે? પર્યાયબુદ્ધિમાં પર સાથે, વિકલ્પ સાથે, દોષ સાથે એ જે પર્યાય હતી એ પર્યાય વળી અહીંયાં? આમ એકત્વ હતું તે આમ એકત્વ થયું એમ કહેવામાં આવે છે. પણ પર્યાય અને દ્રવ્ય એક થઈ જાય છે એમ નથી. સમજાણું કાંઈ? પરમાત્માની મસ્તીનો વિષય આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :- દૃષ્ટિનો ફેર.

ઉત્તર :- દૃષ્ટિનો ફેર. આખો ફેર છે, ભગવાન! આ તો બહારની કડાકુટમાં પડ્યો છે તો એ ભૂલે છે પ્રભુ અંદર બિરાજે છે પૂર્ણાનંદનો નાથ ધ્રુવ ઉપર મહોર-છાપ. એ અભેદ દૃષ્ટિ થઈ ગઈ. પણ અભેદ થઈ તો પરિણમનમાં શુદ્ધતા આવી ગઈ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ આનંદની પરિણતિ પ્રગટ થઈ. એ કાંઈ અભેદથી શુદ્ધજ્ઞાન પરણિત. એકલું શુદ્ધજ્ઞાન ધ્રુવ ન રહ્યું, પણ ધ્રુવની દૃષ્ટિ થઈ એટલે પરિણતિમાં પણ શુદ્ધતા સમ્યગ્દર્શન, આનંદ આદિ આવ્યો. એવો જીવ સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાન પરિણત જીવ પણ. ભારે ભાઈ! ભેદથી શુદ્ધ. શુદ્ધ જ્ઞાન કહ્યું હતુંને? આ તો શુદ્ધજ્ઞાન પરિણત એ ત્રિકાળી છે એ પરિણમ્યું. આગળ ના પાડશે કે ઈ પરિણતિ પર્યાયની છે. સમજાણું કાંઈ?

પહેલા શુદ્ધ જ્ઞાન જે કહ્યું એ તો ત્રિકાળી. ધ્રુવ ત્રિકાળી. હવે અહીંયાં કહે છે કે જ્યારે દૃષ્ટિ ત્યાં થઈ, પર્યાયબુદ્ધિ છૂટી ગઈ, રાગનું નિમિત્ત, લક્ષ છૂટી ગયું એ પરિણામ ઉપરમાં રમતું હતું એ દૃષ્ટિ છૂટી ગઈ. દૃષ્ટિ અહીં થઈ તો એ પર્યાય શુદ્ધ જ્ઞાન ત્રિકાળ સાથે અભેદ થઈ અને શુદ્ધ જ્ઞાન પરિણમ્યું એમ કહ્યું. પરિણમી છે તો પર્યાય, ભાઈ! ત્યાં આગળ કહેશે કે કાંઈ ધ્રુવ પરિણમતું નથી. જે શુદ્ધજ્ઞાન ત્રિકાળ ધ્રુવ છે એ પરિણમતું નથી. પણ સમજાવે કેમ? કે પરિણતિ બદલાઈ ગઈ. સમજાણું કાંઈ?

શ્રોતા :- એકવારમાં સમજાઈ જાય?

ઉત્તર :- એકવાર.. ઘણીવાર આવે છે. હળવે-હળવે આવે છેને આ. આહા..હા..!

કહે છે કે અભેદથી શુદ્ધ જ્ઞાન. માથે શુદ્ધ જ્ઞાન કહ્યું હતું. એ તો ત્રિકાળી છે, ભાઈ! શુદ્ધ જ્ઞાન તો ત્રિકાળી છે ધ્રુવ. વળી કહે કે ધ્રુવ પરિણમતું નથી, પર્યાય પરિણમે છે. ધ્રુવ તો એવું કૂટસ્થ કાયમ રહે છે. પણ અહીંયાં વિકારી પરિણતિ જે મિથ્યાત્વમાં હતી. સમજાણું કાંઈ? વિકાર મારો છે એવો અનુભવ કરે છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, શુદ્ધ જ્ઞાન પરિણમ્યું. એ તો રાગાદિ પરિણમતું હતું, વિકારરૂપ પરિણમન થતું હતું એ દુઃખરૂપ વિકાર, દુઃખરૂપ કર્તા અંદરનું. સમજાણું કાંઈ? તો અહીંયાં કહ્યું કે શુદ્ધ જ્ઞાન જે ત્રિકાળ છે. આગળ ના પાડી કે ત્રિકાળ ધ્રુવ પરિણમતું નથી. પર્યાય પરિણમે

છે. પણ અહીંયાં સમજાવું છે કે શુદ્ધ ધ્રુવ જે છે એ દૃષ્ટિ થઈ તો પરિણમન ઉંધું થયું, તો ધ્રુવ પરિણમ્યું એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એય..! અમરચંદજી! આ માર્ગ છે, જુઓ તો ખરા. હવે ઓલી કડાકુટમાં પડ્યા. આ વ્રત કરવા, દયા પાળવી, આ કરવું. અરે..! સાંભળતો ખરો.

શ્રોતા :- એ સમજાય છે એને સહેલું છે.

ઉત્તર :- સમજાય એને સહેલું અજ્ઞાન છે અનાદિનું. એમાં છે શું? આહા..હા..!

શ્રોતા :- સંસાર વધારવા માટે તો સહેલું છેને.

ઉત્તર :- સંસાર વધારવા માટે. એ કાંઈ એનું સ્વરૂપ છે? સંસાર એનું સ્વરૂપ છે. રાગ એનું સ્વરૂપ છે? એ તો આત્મા નથી, એ તો અણાત્મા થયો. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાન પણ અથવા એમ તરત જ લીધું. અભેદથી શુદ્ધ જ્ઞાન પરિણત એમ. જીવ પણ એટલે જ્યાં ચૈતન્ય ભગવાન દૃષ્ટિમાં લીધો. જે દૃષ્ટિમાં રાગ અને પર્યાય લીધી હતી એ દૃષ્ટિએ ધ્રુવને લીધી. એ પર્યાય અપેક્ષાએ પલટો-ગુલાંટ ખાય છે એમ કહ્યું. ધ્રુવ તો છે એ છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! આવી સમજણ કરે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. હવે આવા હજી ઠેકાણા સમ્યગ્દર્શનના નહિ એને લેવા વ્રત ને ચારિત્ર. ભાઈ! એ તો સર્વજ્ઞ પંથ છે. વીતરાગ માર્ગનો પંથ છે. સમજાણું કાંઈ? ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર થયા એક સમયની પર્યાયમાં, તો એ કહે છે કે એ પર્યાયથી પણ મારી ચીજ તો ભિન્ન છે. એ વસ્તુ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વસ્તુનું, પૂર્ણાનંદનું ભાન થઈને પર્યાયમાં પૂર્ણતા થઈ તો કહે છે કે ભગવાન! તું પણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એની દૃષ્ટિ કર તો તને જે અશુદ્ધ પરિણતિ જે મિથ્યાત્વ રાગ-દ્વેષનું પરિણમન, વિકારનું પરિણમન પર્યાયમાં જે હતું એ દુઃખરૂપ પરિણામ હતું, એ વસ્તુ નથી. એ વસ્તુનું પરિણમન નથી. સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાયકભાવ શુદ્ધ જ્ઞાન પણ અભેદ દૃષ્ટિથી એવું ભાન થઈને શુદ્ધ પરિણતિ પર્યાય થઈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે છે એ શુદ્ધ જ્ઞાન પરિણત. શુદ્ધ જ્ઞાન.. ત્રિકાળમાં ત્રણે બોલ આવ્યા. સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાન એ ધ્રુવ, પણ એની સાથે પરિણત એ પર્યાય. એ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક સાથે. સમજાણું કાંઈ? આગળ કહેશે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. સમજાણું? એ ભાવરૂપી પરિણતિ છે. જ્યારથી એને ઉપશમ પ્રગટે છે તોપણ એને આગમ ભાષાએ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કહ્યું. અને અધ્યાત્મ ભાષાએ એને શુદ્ધાત્મભૂત પરિણામ અથવા શુદ્ધોપયોગ કહ્યો. એનો અર્થ થયો કે સમ્યગ્દર્શન પ્રગટ થવામાં શુદ્ધોપયોગ છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આગળ બહુ ખુલાસો કરશે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ત્રણે મોક્ષનો માર્ગ. ત્યારે એ સમયે એને અધ્યાત્મ ભાષાએ શુદ્ધાત્મભુત પરિણામ. તો શુદ્ધાત્મ પરિણામ ઉપશમભાવમાં પણ થયો, ક્ષયોપશમમાં થયો અને ક્ષાયિકમાં પણ થયો.

તો શુદ્ધાત્માના પરિણામ એ શુદ્ધોપયોગ થયો. પંડિતજી! આહા..! આ તો એકલો માલ આવશે હળવે હળવે. સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત આંખનું થોડું દીધું. પછી તો સિદ્ધાંત. એ દૃષ્ટાંત ખાતર દૃષ્ટાંત નથી. સિદ્ધાંત માટે દૃષ્ટાંત છે. સહેલું પડે સમજવામાં જરી.

ભગવાન! તારી ચીજ જે પરમાનંદની મૂર્તિ એકલો સુખનો સાગર. એવા સુખના સાગર ઉપર જ્યાં દૃષ્ટિ પડી ત્યારે એના પરિણમનમાં આનંદનું દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થયું. એ શુદ્ધ જ્ઞાન પરિણમ્યું એ આનંદ હતો એ પરિણમ્યો એમ અત્યારે કહેવામાં આવે છે. પોપટભાઈ! ખ્યાલમાં તો લ્યો. ખ્યાલમાં તો લ્યો. કે આ કાંઈક કહે છે અને આ કાંઈક માર્ગ છે. સમજાય છે કાંઈ? એમ ને એમ ઓઘે ઓઘે ચાલે છે અનાદિથી એમ ન ચાલે માર્ગ. ભાઈ! માર્ગ તો અંદરનો વ્યક્ત થવો જોઈએ.

શ્રોતા :- ઓઘે ઓઘેનો શું મતલબ?

ઉત્તર :- ઓઘે ઓઘે એટલે જાવું હોય આથમણું અને જાય ઉગમણો. એમ ને એમ વિચાર કર્યા વિના ચાલે કે અરે..! અહીં ક્યાં નીકળ્યા? આપણે જાવું હતું આમ. એમ. ભાન વિના ચાલનાર ઓઘે-ઓઘે. ઓઘે તમારી કઈ ભાષા અમને શી ખબર પડે? ઓઘે ઓઘે તમારી ભાષા સમજી લેવું.

શ્રોતા :- ઓઘસંજ્ઞા આવે છે.

ઉત્તર :- ઓઘસંજ્ઞા આવે છેને. ઓઘસંજ્ઞા નથી આવતી?

શ્રોતા :- શાસ્ત્રમાં ઓઘસંજ્ઞા આવે છે.

ઉત્તર :- આવે છે પણ એની ભાષા હશેને હિન્દીમાં? ઓઘ નામ કાંઈ પણ સમજ્યા વિના ઉતારા કર્યા કરવા.

શ્રોતા :- સમજ્યા વિના બીજા કરતા હોય એ કર્યા કરવું.

ઉત્તર :- એનું નામ ઓઘ છે. ગાડરિયા છેને ..નો દાખલો આપતા હતા. ગાડર છેને ગાડર? ઘેંટા. ભેડિયા. એક ઘેટું ચાલે તો બીજું ઘેટું એની પાછળ ચાલે. પણ આ કૂવામાં પડશે એની ખબર નથી આ.

શ્રોતા :- એનો મતલબ ઓઘે ઓઘે?

ઉત્તર :- એનું નામ ઓઘે ઓઘે. ઘેટાં આમ ચાલે તો એની નજર ..માં. બીજાની પણ ..માં નજર. હવે ઓલો જ્યાં કૂવામાં પડે તો ઓલો પણ પડે. ભેડિયા કહે? ઘેટા જ્યાં ચાલે ત્યાં ચાલે. અજ્ઞાની જ્યાં ચાલે ત્યાં ચાલે. માર્ગની ખબર નથી. આહા..હા..! .. હોય તો ખરુંને બધે?

કહે છે શુદ્ધ જ્ઞાન પણ. ઓલું નેત્રની સાથે કહેવું છેને? નેત્રની સાથે દાખલો આપ્યો એટલે પણ. શુદ્ધ જ્ઞાન પણ ત્રિકાળી શુદ્ધ જ્ઞાન. અથવા અભેદથી શુદ્ધ જ્ઞાન પરિણત. જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. બાકી આખું દ્રવ્ય શુદ્ધ છે એને અહીંયાં શુદ્ધ જ્ઞાન કહેવામાં આવ્યું

છે. જ્ઞાન શ્રદ્ધાન કથન લેવું છેને? જ્ઞાનમાં અસાધારણ ગુણ છેને? તો જ્ઞાયકથી લીધું. જ્ઞાયક. નહિતર એમાં છે તો બધા ગુણ. એમાં શુદ્ધ જ્ઞાન ત્રિકાળ શુદ્ધ વસ્તુ. એવી દૃષ્ટિ કરનારો શુદ્ધ જ્ઞાન પરિણત. શુદ્ધ ધ્રુવ ત્રિકાળ એમાં વર્તમાન પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વના આશ્રયે, ધ્રુવના આશ્રયે જે પરિણતિ થઈ એ જીવ પણ. નેત્રના દૃષ્ટાંતની સાથે શુદ્ધ જ્ઞાન પણ. અને આ શુદ્ધ જ્ઞાન પરિણતિ જીવ પણ. એમ.

'**સ્વયં શુદ્ધ ઉપાદાનથી કરતો નથી.**' આ ઉપાદાન પર્યાયની વાત છે. આ ઉપાદાન આવશે ધ્રુવનું. સમજાણું કાંઈ? શું કહે છે? આત્મા વસ્તુ જે ત્રિકાળ છે. ધ્રુવ ઉપરની પોતાની મહાસત્તાનો સ્વીકાર જ્યાં દૃષ્ટિએ કર્યો ત્યારે એ સમ્યગ્દૃષ્ટિ થયો, ત્યારે એના પરિણમનમાં નિર્મળતા આવી, શુદ્ધ પરિણમન થયું. એ શુદ્ધ પરિણનવાળા જીવ સ્વયં શુદ્ધ ઉપાદાનરૂપથી. એ નિર્મળ શુદ્ધ પર્યાયથી, શુદ્ધ નિર્મળ પર્યાયથી. આ શુદ્ધ ઉપાદાન એટલે પર્યાય. આગળ દ્રવ્ય આવશે શુદ્ધ ઉપાદાન. સમજાણું કાંઈ? ઓલું આવ્યું હતું નહિ કાલે નહિ? વ્યક્ત, ત્યક્ત આવ્યું હતું કે નહિ? પરિણામ ત્યક્ત છે અને ત્રિકાળી (અત્યક્ત) ત્યાં છોડવાની વાતનો કોઈ પ્રશ્ન કરતા હતા. છોડવાની ક્યાં વાત છે? ભગવાન આત્મા ધ્રુવ કાયમ રહે છે અત્યક્ત નામ કદી બીજારૂપ થતો નથી અને પરિણામ છે તો ત્યક્ત એક સમયનું પરિણામ છૂટી જાય છે, બીજું આવે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ શુદ્ધ ઉપાદાનરૂપથી દ્રવ્ય અને ગુણ તો નહિ હવે અહીંયાં. સમજાણું કાંઈ? ધર્મી જીવનું પર્યાયમાં શુદ્ધ ઉપાદાન જે પ્રગટયું પરિણતિ પ્રગટી. સમજાણું કાંઈ? આહા..! શુદ્ધ ઉપાદાનરૂપથી કર્તા નથી. આહા..હા..! દ્રવ્ય-ગુણને તો કરતો નથી, પણ નિર્મળ પર્યાય ધર્મીની થઈ એ રાગનો કર્તા અને રાગનો ભોક્તા (નથી). એ મહાવ્રતનો વિકલ્પનો એ કર્તા નથી એમ કહે છે. આહા..હા..! પર તો વિકાર છે પરદ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? માણસને એમ થઈ જાય કે આપણને ન સમજાય. આ તો મૂળ ચીજ છે. મૂળ ચીજ ન સમજાય તો જાવું ક્યાં છે? કરવું શું છે? સમજાણું કાંઈ? શાસ્ત્ર ઘણા વાંચી લીધા, શાસ્ત્ર એવા હોય! છે એમાં? કાંઈ નથી. છે તો આ આત્મામાં બધું છે. સમજાણું કાંઈ? શાસ્ત્ર ભાખ્યો એ જ્ઞાન પણ જ્ઞાન નથી. એ શુદ્ધ પરિણતિ નથી. આહા..હા..! પરિણતિ સમજ્યા? પર્યાય, અવસ્થા. શુદ્ધ નથી. ભારે વાત!

ચૈતન્ય ભગવાન પૂર્ણ આત્મા એનું પરિણમન થયું, દૃષ્ટિ થઈ તો એ પર્યાય છે દૃષ્ટિ, પર્યાયમાં પરિણમન થયું. પરિણમ થયું. દૃષ્ટિ લગાવી તો પરિણમન થયું. એવું સ્વયં શુદ્ધ ઉપાદાન ધર્મી જીવની દૃષ્ટિ ધ્રુવ ઉપર હોવાથી એની પરિણતિમાં સમ્યગ્જ્ઞાન અને શુદ્ધતા હોવાથી. એ શુદ્ધતા પરિણતિ વ્યવહારરત્નત્રયને પણ કરતી નથી. ડાલચંદજી! આહા..હા..! ભારે વાત, ભાઈ! આંખનો દાખલો આપ્યો છેને કે એ તો જાણે છે કે થાય છે. ન સમજાય એમાં પહેલું શલ્ય ન રાખવું. કેવળજ્ઞાન લેવાની તાકાતવાળા આત્માને ન સમજાય એવું હીન

આત્માને માને. પોતાને પામર માને. પામરતા ન હોય. પામરતા પ્રભુ તને ન હોય. તું તો પ્રભુનો પ્રભુ છો. આહા..હા..! પ્રભુનો પ્રભુ એટલે કેવળજ્ઞાનાદિ પ્રભુ થયા એનો પણ પ્રભુ એનાથી પણ અધિક તું તારું દ્રવ્ય છે. શોભાલાલજી! આહા..હા..! ચાર દિ' થઈ ગયા. હવે તમારા ... હિન્દી ચાલે છે. પછી હિન્દી તો ...

કહે છે આ સ્વયં એટલે? જે આત્મા શુદ્ધ ધ્રુવ એની દૃષ્ટિ થઈ સમ્યગ્દર્શન થયું. એવી શુદ્ધ પરિણતિ થઈ એ જીવ પણ સ્વયં પોતાથી શુદ્ધ ઉપાદાનરૂપથી નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી પરિણામ ધ્રુવને આશ્રયે થયા તે પરિણામ પણ કર્તા નથી. એ રાગનો કર્તા નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો પણ કર્તા ધર્મી છે નહિ. ધર્મીની પર્યાય એની કર્તા નથી. સમજાણું કાંઈ? એ જીવ પણ એ પણ મૂક્યું છે ત્યાં. કારણ કે પરિણતિનો પહેલો બોલ છેને? સમજાય છે? પરિણતિનો પહેલો બોલ માટે એકડો ત્યાં લખ્યો છે. એ પરિણતિના બોલ આવશે તેર અને ધ્રુવના બોલ આવશે નવ. આખા અધિકારમાં.

તો કહે છે કે કર્તા નથી. આહા..હા..! અહીં તો હજી રાગ કરવો, આટલું કરવું, આમ કરવું. હજી તો પરનો કર્તા. ઓલા તો એમ કહે છે એક પંડિત લ્યો. પરનો કર્તા ન માને તે દિગંબર જૈન નથી. ગજબ વાત છે! એમ કરીને અહીંયાં સોનગઢવાળાને છોડી દેવા જોઈએ. અરે..! ભગવાન! તું જ કહે છે કે છૂટી જશે. આહા..હા..! સાંભળતો ખરો. દિગંબર જૈન કોને કહે છે? જેની દૃષ્ટિ અને જેનું નિર્મળજ્ઞાન વ્યવહારરત્નત્રયને ન કરે એનું નામ દિગંબર જૈન છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરનો કર્તા તો ક્યાંય રહી ગયો. પરની દયા પાળે અને પરની હિંસા કરે. ફલાણું-ઢીંકણું એ તો ક્યાંય રહી ગયા.

અહીં તો કહે છે કે એની પર્યાયમાં વિકૃતભાવ છે. એ વિકૃત વસ્તુ જ પરદ્રવ્ય છે. જ્યાં સ્વદ્રવ્ય જ્ઞાયકભાવ એની દૃષ્ટિ થઈ અને એના પરિણમનમાં નિર્મળતા પર્યાયમાં વ્યક્ત થઈ એ નિર્મળ વ્યક્ત પર્યાય શુદ્ધ ઉપાદાન કહેવામાં આવી. ક્ષણિક શુદ્ધ ઉપાદાન. સમજાણું કાંઈ? ત્રિકાળી ધ્રુવ ઉપાદાન આગળ આવશે. સ્પષ્ટ તો કર્યા વિના સમજાય પણ નહિને. અને આ તો એકલું માખણ છે. જૈનદર્શનનું એકલું રહસ્ય માખણ છે. કહે છે. માખણ સમજો છો? મકખન. આહા..હા..! ધર્મી જીવ એને કહીએ કે જેના પરિણમનમાં નિર્મળતા આવી છે. જેવું દ્રવ્ય નિર્મળ અને શુદ્ધ છે. એવી પર્યાયમાં નિર્મળતા આવી છે. એ નિર્મળ પર્યાય મલિન પર્યાયને કરે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ નિર્મળ પર્યાય દોષને કરે નહિ. આહા..હા..! અને નિર્મળ પર્યાય રાગને વેદે નહિ, અનુભવે નહિ. અનુભવ તો આનંદનો થયો. એ પરિણતિ એની છે. એ વ્યવહારે. નિશ્ચય તો ધ્રુવ છે. એના પરિણામમાત્ર વ્યવહાર છેને? આહા..હા..! આવું વ્યાખ્યાન કેવું આ જાતનું? કોક કહે કે ભાઈ વ્રત કરવા, મહાવ્રત પાળવા, આ કરવું, આમ ખાવું, આમ પીવું. આ બધું સાંભળતો ખરો. આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં એકાકાર થવું, એમાં વીંટળાઈ જવું એ તારું વ્રત છે.

બાકી બધા અંદર અવ્રત છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! આચાર્યોએ કેટલું કામ કર્યું છે હોં. દિગંબર સંતો જંગલમાં રહીને. જંગલમાં રહે છે. પરમેશ્વરની સાથે વાતું કરી પરમેશ્વરને નીચે ઉતાર્યા. ઉપર તું રહે .. ન થાય. અમે અહીં પરમેશ્વર. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ ઉપાદાન તે કર્તા નથી. આહા..હા..! એમ વેદતો પણ નથી. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ વ્યવહારના વિકલ્પને કરતો નથી અને વ્યવહાર વિકલ્પને વેદતો નથી. કેમકે એની પર્યાયમાં એ ચીજ નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી. આહા..હા..! એ વાત '**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**' એટલી કરી. સમજાણું?

હવે અથવા. હવે બીજો. '**दिट्ठी खपंयि णाणं**' ઈ શું કરવા લખ્યું છે? કે જેમ કેવળજ્ઞાન ક્ષાયિકજ્ઞાન છે એ પણ કોઈ રાગાદિ છે જ નહિ તો કર્તા નથી એમ. અહીં તો છે છતાં કર્તા નથી એમ સિદ્ધ કરવા કેવળજ્ઞાનનું દૃષ્ટાંત આપ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! અથવા પાઠાન્તર '**दिट्ठी सपंयि णाणं**' એનું વ્યાખ્યાન. માત્ર દૃષ્ટિ નહિ. જુઓ, ઓલામાં જ્ઞાનમાં દૃષ્ટિનો વિષય લીધો હતો. સમજાણું કાંઈ? અહીં તો દૃષ્ટિ આવી નથી. સમજાણું કાંઈ? માત્ર દૃષ્ટિ જ નહિ એટલે દૃષ્ટિ જે છે એ શુદ્ધ ચૈતન્ય ઉપર પડી છે માટે એ દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય એ રાગનો કર્તા અને ભોક્તા નથી. પણ એટલી વાત નથી. અહીં તો કહે જ્ઞાનનું વિશેષ પરંતુ ક્ષાયિકજ્ઞાન... આ તો .. જ્ઞાનની પરિણતિ રાગ હોવા છતાં કર્તા નથી એમ સિદ્ધ કરવા માટે કેવળજ્ઞાનનું દૃષ્ટાંત લીધું. કેવળજ્ઞાન જેમ રાગનો કર્તા અને ભોક્તા નથી. એમ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધ પરિણતિ રાગનો કર્તા-ભોક્તા નથી. સમજાણું કાંઈ?

માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિકજ્ઞાન પણ. એમ. ક્ષાયિકજ્ઞાન પણ એટલે? ઓલું તો ખરું. જીવ કીધો હતોને? જેઠાભાઈ! જરી ઝીણું છે આ બહુ. શું કીધું? લક્ષ તો ત્યાં દેવું જોઈએ દ્રવ્યમાં એમ કહેવું છે. પહેલા-પછી કાંઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે માત્ર દૃષ્ટિ જ નહિ એટલે શ્રુતજ્ઞાન ત્રિકાળી એની જે દૃષ્ટિ થઈ, એનું જે જ્ઞાન પરિણમ્યું એ રાગ અને વિકલ્પનો કર્તા નથી એમ ક્ષાયિક જ્ઞાન પણ. આહા..હા..! ક્ષાયિકજ્ઞાન એટલે કેવળજ્ઞાન. કેવળજ્ઞાન, કેવળદર્શન પરમાત્મા પૂર્ણદશા. અપૂર્ણદશાવાળો પણ કર્તા-ભોક્તા નથી કેમકે એ પૂર્ણ તો કર્તા-ભોક્તા નથી. એની સાથે મેળવ્યું એને. સમજાણું કાંઈ? આહા..હા..! એ સમ્યગ્જ્ઞાન દિપીકામાં આવે છે આ બોલ. સમ્યગ્જ્ઞાન દિપીકા છેને. સમ્યગ્જ્ઞાન દિપીકા? ઠીક. હા એ પ્રસિદ્ધ થઈ. હિન્દી-હિન્દી. ... એમાં એક બોલ છે કે કોઈપણ પ્રાણી સિદ્ધથી એક ક્ષણમાત્ર, ટંકારમાત્ર પણ ભિન્ન રહે તો મિથ્યાદૃષ્ટિ, પાપી, સંસારી છે. એક જરીપણ સિદ્ધથી ભિન્ન રહે. એટલે? જેવા સિદ્ધ છે એ જાણે છે, દેખે છે. એવું જાણવું-દેખવું છોડીને એક ટંકારમાત્ર પણ વિકલ્પનો કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ, પાપી, સંસારી છે. એવું દૃષ્ટાંત આપ્યું છે. સમ્યગ્જ્ઞાન દિપીકામાં એ ધર્મદાસક્ષુલ્લક. અહીં તો ઘણીવાર વાત આવી ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આટલો બધો ફેર! ઈ જ અહીં દૃષ્ટાંત આપ્યું છે. કેવળજ્ઞાની પણ કાંઈ

કર્તા અને ભોક્તા નથી એમ સમ્યગ્જ્ઞાની પણ એના જેવો જ છે. જ્ઞાતા-દૃષ્ટા એ પણ રાગ અને ઉપાધિ આદિનો કર્તા નથી. આહા..હા..! ધન્નાલાલજી! આહા..હા..!

કહે છે કે માત્ર દૃષ્ટિ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ. જ્ઞાન ... ખરુંને? **'दिट्ठी सपंयि णाणं'** એ ત્યાં પાછું દૃષ્ટિનો વિષય જ્ઞાન .. પૂરું કર્યું અને અહીંયાં પર્યાયમાં જ્ઞાન પૂરું કર્યું તે. પર્યાયમાં જે જ્ઞાન પૂર્ણ થયું કેવળજ્ઞાનને. એ પણ નિશ્ચયથી કર્મોનું કાર્ય ખરેખર એને તો છે જ નહિ. એમ કહે છે. સર્વજ્ઞમાં રાગાદિ છે નહિ તો પરિણમનનો કર્તા છે જ નહિ એમ કહે છે. શું કહ્યું? કે સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની એને રાગનું પરિણમન નથી. ભાઈ! શું કહ્યું સમજાણું? કેવો દાખલો આપ્યો એની સાથે? એવા રાગનું પરિણમન નથી માટે કર્તા નથી. એમ શ્રુતજ્ઞાની સમ્યગ્દૃષ્ટિને પણ રાગનું પરિણમન નથી એને. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત કરી છે.

ક્ષાયિક જ્ઞાન પણ ખરેખર રાગાદિ અકારક નામ રાગરૂપ પરિણમન નથી. જુઓ, અને અવેદક. એ પણ વેદક નથી. રાગ પણ એકલું આનંદનું વેદન છે. કેવળજ્ઞાનમાં તો એકલું જ્ઞાન પૂર્ણ અને આનંદનું વેદન છે. એ પણ જેમ કર્તા નામ પરિણમન નથી. એવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ઉપરનું પરિણમન હોવાથી એને પણ રાગનું પરિણમન અને રાગનું વેદન છે નહિ. આ ચીજ એવી છે એમ પહેલા ખ્યાલમાં, દૃષ્ટિમાં તો લે. આહા..હા..! વેદક પણ છે. અરે..! ભગવાન! કેટલાક એમ કહે અરે..! આ તમે કેવળી સાથે વાત કરો છો? સિદ્ધની સાથે? નીચેવાળાને તમે સિદ્ધ જેવા બનાવી દ્યો છો. એમ કહે છેને કેટલાક. આ તો કેવળજ્ઞાની થવાની કેવળજ્ઞાનની વાતું છે. એ તો કેવળજ્ઞાનીની વાતું છે. હવે કેવળજ્ઞાની કહો કે એકલો કેવળજ્ઞાન ત્રિકાળ કહો. આ એની વાત છે લે. ઘણા પણ કહે છે. આ તો કેવળજ્ઞાનની વાતું આ તો. આહા..હા..! મોટ-મોટી વાતું કરે. મોટી નથી આ તો તારા હિતની વાત છે સાંભળને. સમજાણું કાંઈ? ઘણા એમ કહે છે નહિ? બહારથી આવે છે એ. કેવળજ્ઞાનની વાતું કરે છે. શુદ્ધજ્ઞાન આખો કેવળજ્ઞાન ત્યાં હોય. ત્યાં હોય. અહીં નીચે ક્યાં શુદ્ધનય હોય? અવેદક. ... પણ છે. ઓલાની સાથે લીધું. જેમ શુદ્ધ પરિણત જીવ અકારકનું વેદક છે એમ આ પણ અકારકનું વેદક છે. આ અકારકનું વેદક...

શ્રોતા :- ...

ઉત્તર :- એને રાગનું વેદન છે નહિ. આહા..હા..! વેદન નહિ. સમજાણું કાંઈ? હવે એટલું પણ નહિ. આગળ કહેશે વિશેષ અધિકાર...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, કળશ-૧૮૧
પ્રવચન નં. ૩૬૧, તા. ૧૦-૧૦-૧૯૬૭
(૧૮)

સમયસાર. થોડો ભાગ છે છેલ્લો. શું કહે છે? જેને શાંતિ મેળવવી હોય એણે શું કરવું ઈ ચાલે છે. અનાદિનો આત્મા અશાંતિને અનુભવે છે. બરાબર હશે નવનીતભાઈ! અશાંતિ? આ તો બધા પૈસાવાળા તમને અશાંતિ? પૈસાવાળા કારણે. પૈસા કાંઈ કારણે નહિ પણ એની મમતાને કારણે. એ મમતા જે થાય છે એ દુઃખ છે, દુઃખ છે, આકુળતા. એ તો ઠીક, પણ અંદરમાં શુભ-અશુભ વિકલ્પ ઉઠે, બહારનો સંયોગ ન હોય લક્ષમાં. અંદરમાં શુભ-અશુભ પરિણામ થાય, શુભ અને અશુભ. બેય આકુળતા છે, દુઃખરૂપ છે. એની એને ખબર નથી.

શ્રોતા :- ...

ઉત્તર :- બેય દુઃખ છે. શુભભાવ હોય કે અશુભ હોય. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ રાગ એ દુઃખ છે. અને દયા, દાન, પૂજા, વ્રત, ભક્તિ એ વિકલ્પ ઉઠે છે એ પણ પુણ્ય એક રાગ અને દુઃખ છે. કેમકે આત્માના આનંદસ્વભાવથી ઉલટી દશા છે એ. એ દુઃખ કોઈ વખતે એને થોડું લાગે સંયોગને લઈને કોઈ વખતે ઘણું લાગે સંયોગને લઈને. છે તો એના વિકારને કારણે દુઃખ, પણ નરકમાં જાય ત્યારે એને વધારે લાગે અને સંયોગ ઉપર એની દષ્ટિ છે એટલે. નિગોદમાં ગયો ત્યારે અનંતુ દુઃખ નરક કરતા છે. પણ એને લાગતું નહોતું. છે દુઃખ ઘણું. ભગવાન આત્મા છે. ચૈતન્યરસ સ્વભાવ એનાથી ઉલટી દશાના ભાવમાં હીણીદશામાં પડેલો દુઃખી... દુઃખી... દુઃખી... એ અનાદિનો દુઃખી છે. બરાબર હશે આ? સોભાગભાઈ! દુઃખી હશે? તમને તો બધા સુખી કહે છે. ઘણા પૈસાવાળા છે એમ કહે છે કરોડોપતિ સુખી છે એમ માણસો વાતું કરે છે. નહિ? ધૂળ સુખી એટલે શું? કરોડપતિનો અર્થ શું? એ કરોડ તો જડ, ધૂળ છે. એનો પતિ થાય એ તો દુઃખી છે. શેઠી!

ચૈતન્યસ્વામી થાય પોતે સહજાનંદસ્વરૂપ. એના સ્વસ્વરૂપનો સ્વામી થાય તો સુખી છે. બરાબર છે શેઠ! ખબર નથી, પણ આંધળો એમ ને એમ અનાદિથી કાંઈક શરીર ઠીક હોય ને કાંઈક પૈસા હોય ને કે આ શરીરને માણસપણું મળ્યું અને પાંચ ઈન્દ્રિય કાંઈક આપણને મળ્યા છે. મૂઢ છે એને ભાન નથી. આત્મા અંદર કોણ ચીજ છે. અહીં કહે છે કે ઈ આત્માને જેને જુદો પાડવાની અભિલાષા છે, દુઃખથી છૂટવાનો જેને ભાવ છે અને આનંદ જે આત્માનો

છે એ પ્રગટ કરવાની જેને અભિલાષા છે એણે શું કરવું? એણે શું કરવું? એ વાત ચાલે છે.

છે અહીંયાં જુઓ, '**तीक्ष्ण बुद्धिरूपी छीणी...**' છેને? છેલ્લેથી બીજી લીટી ગુજરાતીમાં. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ છે. વસ્તુ છે વસ્તુ છે. એને અને રાગ પુણ્ય-પાપના વિકારને એટલે કે કોઈ એક માણસ કહેતો હતોને દેખાતો નથીને. ક્યાંક પ્રશ્ન કરતો હતોને સમજ્યાને. પણ દેખાતો નથી એટલું નથી એને લાગતું? કે જે વસ્તુ છે આત્મા. એ વસ્તુ છે એમાં કોઈ ભાવ ભર્યો હશે તો એની વસ્તુ છે એ ભાવથી ખાલી હોય? એ કહેશે હમણા પાછળ ઓલામાં પેજમાં. એ ભાવ એ વસ્તુ છે એનો સ્વભાવ સ્વ એટલે પોતાનો કાયમી ભાવ વસ્તુ કાયમી છે એવો એનો કાયમી સ્વભાવ તો જ્ઞાન, આનંદ, શાંતિ એનો કાયમી સ્વભાવ છે. એ કાયમી આનંદના શાંતિ સ્વભાવને ભૂલ્યો છે. એથી એને પુણ્ય-પાપના પ્રેમમાં એને ઠીક લાગે છે. જે આત્મામાં ઠીક લાગવું જોઈએ એને ઠેકાણે વિકારમાં ઠીક લાગે છે. એ મિથ્યાત્વપણું છે અને એ જ દુઃખનું કારણ છે.

એને '**तीक्ष्ण बुद्धि छीणी કે જે તેમને ભેદી જુદાં જુદાં કરવાનું શસ્ત્ર છે.**' એને જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જે જ્ઞાનની અવસ્થા જે જાણે છે, જાણે છે તે જાણવું એ લક્ષણ ચૈતન્યનું છે. એમ અંદરમાં જ્ઞાનની દશા દ્વારા અંતરમાં વાળીને રાગથી ભિન્ન પાડીને બે વચ્ચે શસ્ત્ર, જ્ઞાનની દશાની ઉગ્રતાનો તીક્ષ્ણ બુદ્ધિ તે જુદા પાડવાનું શસ્ત્ર છે. અરેરે..! સૂઝેય પડે નહિ શું કહે છે આમાં? માણસ ન જાણે એને એમ લાગે આ શું ગ્રીક-લેટિન જેવું લાગે. કોઈ દિ' ખબર ન મળે, અભ્યાસ કર્યો નથી. ચૈતન્યની શું વસ્તુ છે. એને અભ્યાસના પગલે ચડ્યો નથી. ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે પોતે. એને અને રાગ-દ્વેષના પરિણામ એ વિકારી દુઃખરૂપ છે. એમ જેને જુદાં પાડવા હોય એને વર્તમાન જ્ઞાનની અવસ્થામાં આ જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે અને રાગ તે બંધનું સ્વરૂપ છે. બેના લક્ષણોને જુદા જાણી જ્ઞાનની વર્તમાનદશાને રાગથી જુદું પાડી અથવા રાગમાં લક્ષમાં છે તેને ફેરવી, અંતરલક્ષમાં કરી એનું નામ તીક્ષ્ણ જ્ઞાનબુદ્ધિ શસ્ત્ર કહેવામાં આવે છે.

'**એ શસ્ત્ર છે.**' જેમ લાકડા બે હોય એને કાપવા છીણી મારે છે અને બે કટકા થાય છે. એમ ભગવાન આત્મા વસ્તુ છેને ચૈતન્યદળ છે. એ આગળ કહેશે. '**तेमनी सूक्ष्म संधि शोधीने...**' બેનું એકપણું નથી અંદર. ખરેખર રાગ અને સ્વભાવનું એકપણું નથી. વચ્ચે સંધિ છે, સાંધ છે. બેની સાંધ છે. સાંધ સમજાય છે? સંધિ. જેમ મોટા પત્થર હોય છેને લાખો મણના પત્થર? એમાં રગ હોય છે રગ ઝીણી. ઝીણી રગ કહે છેને? દોરો પડી જાય છે એમાં લાલ ધોળી. તો એમાં સુરંગ નાખે છેને. સુરંગ નાખીને પછી કપડાની વાટ નાખે અને પછી સળગાવે. જાય લાખો મણ નીચે અને ઉપરથી જુદા પડી જાય. બે જુદા જ છે અંદર સંધિ. એમ ચૈતન્ય વસ્તુ. સંધિ સમજો છોને? આ મોટા પત્થર હોય છેને

પત્થર? લાખો મણમાં એક દોરી સાંધ હોય. વચ્ચે આંતરો હોય છે. વચ્ચે અંતર હોય છે. એમ આત્મા અને રાગ વચ્ચે આંતરો છે. સાંધ છે. બે જુદા પડવાની યોગ્યતા એનામાં છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આકરું ભારે! ક્રિયા કરવી હોય તો તો ઠીક. એય..! નિહાલભાઈ!

શ્રોતા :- સહેલું ઈ છે.

ઉત્તર :- ઈ સહેલું છે રખડવાનું. આહા..હા..!

કહે છે કે એમાં '**સૂક્ષ્મ શોધીને...**' સંધી. આમ જ્ઞાન જાણનાર. જાણનારનો આ ભાવ જીવનો છે અને એમાં પરતરફની જુકાવવાળી લાગણી ઉઠે છે તે જ્ઞાનથી ભિન્ન ચીજ છે. એમાં બે વચ્ચેની સંધિને વિચારમાં લઈ અને ત્યાં સંધિમાં સાવધાન થઈને પટકવી. એટલે કે જ્ઞાનની પર્યાયને સ્વભાવ તરફ વાળવી એમ. સમજાણું કાંઈ? જે જ્ઞાન વર્તમાન જ્ઞાનદશા પરતરફના વલણમાં જે છે. વલણ સમજો છો? જુકાવ. પરતરફનું વલણ. વસ્તુ છે એ ત્રિકાળી જ્ઞાન અને આનંદરૂપ. એની વર્તમાન દશા, હાલત જાણવાની. એ હાલત એટલે પર્યાય. એ બહિર્મુખ રાગ અને પર ઉપર લક્ષવાળી છે. એને પરઉપર લક્ષવાળી છે તેને સ્વલક્ષમાં લેવી એનું નામ બે વચ્ચે જ્ઞાનનું શસ્ત્ર નાખ્યું છીણી એમ કહેવામાં આવે છે. ભારે ક્રિયા, ભાઈ! કહો, સોભાગભાઈ! પૈસા ન હોય તો મારા પૈસા કરીએ લાવો ભાઈ આ બે લાખ આપે, પાંચ લાખ આપે મોક્ષ થઈ જતો હોય તો. ત્યાં તો કાંઈ મોક્ષ થાય એવું નથી, ધર્મ થાય એવું નથી. રાગની મંદતા કરે દાનાદિમાં. પણ એ શુભભાવ થાય. પણ અહીં તો શુભભાવથી ભિન્ન પાડવું એ ધર્મ છે એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ શરીર તો એક માટીનો પિંડલો છે ધૂળ. .. ક્યાંકને. દાળ, ભાત, રોટલા હતા એ અહીં ખડકાણા છે. વાસણમાં પડ્યા હતા ઈ અહીં ખડકાણા છેને? .. સ્મશાનની રાખ થઈને ઉડી જાશે. પ્રભુભાઈનું શરીર જુઓ કેવું હતું? રાખ થઈને ઉડી ગયું ઓલા બુધવારે મરી ગયા. પ્રભુભાઈ અહીંયાં ઘીયા. ઓલા બુધવારે રાતે. ગુરુવારે બાળ્યા હશે. શું કરે આ? શું સ્થિતિ છે આ? મોટા બંગલા અને મોટા રૂપિયા. ક્યાં ગયા? શું કર્યું એણે?

શ્રોતા :- .. રૂપિયા કેવા?

ઉત્તર :- ઘણા. આહા..હા..! લાખ-લાખ રૂપિયાનું ઈન્કમટેક્સ ભરે. લાખ-લાખનો ઈન્કમટેક્સ ભરતો સરકારને ભરે છે. હવે એવા ગૃહસ્થો. મરતા ટાણે શરીર સારું નહિ. હાય.. હાય... ખ્યાલ આવ્યો કે આ શરીર આમ તો આંખમાંથી આંસુ વયા ગયા. ૩૬ કલાકે ખ્યાલ આવ્યો અમે ગયા પછી. તો આંખમાંથી આંસુ. આ બાજુ જોયું. ઓલીકોર શું થયું એ તો જોવાણું નહિ. કારણ કે પક્ષઘાત.. અહીં તો .. ઓલીકોર આંખ ઉંચી ન થાય. આમ હતું. ખ્યાલ જ્યાં આવ્યો. પ્રભુભાઈ! પગે લાગો ચંદુભાઈ. ૩૬ કલાકે અવસ્થા જુઓ. આમ. આંખમાંથી આંસુ આવ્યા. ખ્યાલ આવી ગયો કે શરીરની આ સ્થિતિ થઈ ગઈ છે એમ

ખ્યાલ આવ્યો. એમ સોનગઢથી મહારાજ આવ્યા છે પગે લાગો એ ખ્યાલ આવી ગયો. ઓહો..હો..! આ દશા! શું કરે આમાં રૂપિયા? શરીર શું કરે ધોળું, રૂપાળું, કાળું હોય તો શું કરે? માટી છે, જડ છે, ધૂળ છે. આહા..હા..!

શ્રોતા :- એ તો ત્યારે માટી

ઉત્તર :- અત્યારે આ ધૂળ શું છે? અત્યારે વળી આ શું છે? આ અત્યારે રાખ નથી તો શું શેની અવસ્થા છે આ? આ પરમાણુ જડની દશા છે. મડદું છે.

શ્રોતા :- જીવતાને

ઉત્તર :- જીવતો તો જીવ છે. જીવતું શરીર છે?

શ્રોતા :- .. આવ્યું હતું.

ઉત્તર :- આવે .. આ તો માટી છે. એનો ઓલો જાણનારો ચૈતન્ય છે. આ માટી છે અને હું ચૈતન્ય છું. એ જાણનારો બેયને જાણે તે આત્મા છે.

કહે છે કે ઈ રાગ અને આત્મા વચ્ચે. શરીરનું તો ક્યાંય રહી ગયું. અંતરમાં વિચાર કરતા સ્વભાવનું સામર્થ્યપણું અને વિકારનું પરતરફના વલણવાળો લક્ષણ જોઈને સ્વભાવ તરફ ઢળવું. '**તે પડતાં બન્ને જુદા જુદા દેખાવા લાગે છે.**' તેથી બે જુદા એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમ અનુભવમાં આવે છે એમ દેખાવા લાગ્યા. '**એમ આ બન્ને જુદા જુદા દેખાતા આત્માને જ્ઞાનભાવમાં રાખવો...**' આગળ આવશે હોં હવે '**અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો એવી રીતે બન્ને ભિન્ન કરવા.**' જ્ઞાનસ્વરૂપ છે જાણનાર... જાણનાર... એ જાણનારમાં સ્થિર થવું. અને રાગ તરફના લક્ષને છોડવો. રાગને રાગમાં રાખવો અજ્ઞાનભાવમાં. અજ્ઞાન એટલે? જે રાગ છે તે અજ્ઞાન એમાં જ્ઞાનનો પ્રકાશ નથી. પુણ્ય-પાપનો વિકલ્પ જે ઉઠે છે એમાં અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાનનું કિરણ નથી એમાં. એ અંધકાર છે. ચૈતન્ય ભગવાન જ્ઞાન છે. એમ એના પ્રકાશ અને અંધકાર બેના લક્ષને ભિન્ન જાણી જ્ઞાનમાં સ્થિર થવું. આને છોડી દઉં. એનું નામ સુખનો ઉપાય મોક્ષનો માર્ગ છે.

હવે એનો શ્લોક કહે છે એમાં જુઓ. '**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૧૮૧ કળશ.

(સ્રગ્ધરા)

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः
सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।
आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे
बन्धं चाज्ञानभावे नियमितमभिन्नः कुर्वती भिन्नभिन्नौ।।१८१।।

'**આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...**' હું જાણનાર, જાણવાની દશા એ મારી પ્રજ્ઞા એ અવસ્થા છે. એ પ્રજ્ઞા હું જાણવાની વર્તમાન અવસ્થા જેમાં જણાય છે તે અવસ્થા જ્ઞાનની

છે. એ જ્ઞાન અવસ્થારૂપી '**तीक्ष्ण छीणी द्वारा प्रवीण पुरुषो वडे...**' સમજાય છે? '**निपुणैः**' એમ '**निपुणैः**'નો અર્થ કર્યો છેને? એને નિપુણ કહીએ. એને નિપુણ કહીએ, એને વિચિક્ષણ કહીએ, એને ડાહ્યો કહીએ. કે જે આ જ્ઞાનસ્વભાવ ભગવાન અને રાગ વિકાર બે વચ્ચેની સંધિમાં જ્ઞાનની એકાગ્રતા કરે એ '**निपुणैः**' સમજાય છે કાંઈ? '**प्रज्ञारूपी तीक्ष्ण छीणी प्रवीण पुरुषो वडे...**' સમ્યગ્દૃષ્ટિ અથવા ડાહ્યા પુરુષોએ. એને પ્રવીણ કહેવામાં આવે છે. દુનિયાના ડાહ્યા એ બધા અપ્રવીણ કહેવામાં આવે છે. બીજી ભાષા આકરી લઈએ તો મૂર્ખા કહેવામાં આવે છે. નવનીતભાઈ! ભાઈસાહેબ! .. તો આવું છે. આહા..હા..!

ભગવાન! તારી નિપુણતા તારી શાંતિ માટે કામ ન આવે એ નિપુણતા શું કામની? આહા..હા..! જે વિચિક્ષણતા આત્માને દુઃખથી મુક્ત ન કરે એ વિચિક્ષણતા શેની? બરાબર છે? આહા..હા..! પ્રજ્ઞારૂપી 'આ' એમ શબ્દ વાપર્યો છેને? '**इयं**' ઈને? '**शितेयं**' '**इयं**' આ '**इयं**' આ જુઓ આમ વિદ્યમાન બતાવે છે. '**इयं**' જાણવું... જાણવું... જાણવાની જે અવસ્થા દેખાય છેને અવસ્થા? એ પ્રજ્ઞાછીણીને અંતરમાં વાળવી. જેની દશા છે તેમાં એને વાળવી. કેવી? '**प्रवीण पुरुषो वडे कोईपण प्रकारे...**' કોઈપણ પ્રકારે. મહાન અનંત અદ્‌ભુત પુરુષાર્થ દ્વારા. કહો, સમજાય છે કાંઈ? મોક્ષ છેને? બંધ અને આત્માને દ્વિધા કરવા એનું નામ મોક્ષ. બેને જુદા પાડવા એનું નામ મોક્ષ. ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ અનાદિ-અનંત શાશ્વત કંદ છે. એને પુણ્ય-પાપના વિકલ્પો બંધ છે. એ બેથી જુદા પાડવા એનું નામ મુક્તિ અને એનું નામ ધર્મ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**कोईपण प्रकारे...**' '**कथम् अपि**' છેને ઈ? '**कथम् अपि**'નો અર્થ છે. '**कथम्**' એટલે કોઈપણ પ્રકારે પુરુષાર્થની ઉગ્રતા કરીને, સ્વભાવની મહિમા લાવીને અનંત, બેહદ મારો સ્વભાવ છે, વસ્તુ છું તે એનું જ્ઞાન, દર્શન જેનું સત્ત્વ, સત્ત્વ એટલે સત્ એવું એનું સત્ત્વ, એની બેહદતા, અનંતતા, બેહદ અચિંત્ય એવો સ્વભાવ છે. એવું કોઈપણ રીતે સ્વભાવનું માહાત્મ્ય મહિમા લાવીને અને રાગ અને પુણ્યના વિકલ્પોની મહિમા છોડીને એમ ન કહ્યું, પણ અહીંયાં કોઈપણ પ્રકારે સાવધાનપણે. આત્મામાં સાવધાનપણે અસ્તિથી વાત લીધી ભાઈ! આહા..હા..! ભાઈ! તું વસ્તુ છોને કાંઈક અંદર. મહાપદાર્થ છેને અને જેનામાં આત્મા પોતે વસ્તુ, એનામાં બેહદ અપરિમિત, અમર્યાદિત જ્ઞાન, દર્શન, આનંદ એવા સ્વભાવો એના અનંત પડ્યા છે. એનું કોઈપણ રીતે અંદર મહિમા, માહાત્મ્ય લાવી સાવધાનપણે. એટલે એ માહાત્મ્ય લાવીને અંદર જા એમ કહે છે.

'**(निष्प्रमादपणे) पटकवामां आवी...**' સ્વભાવનું માહાત્મ્ય કરીને એકાગ્રતા થવામાં આવી. '**आत्मा अने कर्म बन्नेना सूक्ष्म अंतरंग संधिना बंधमां...**' ભગવાન આત્મા પદાર્થ છે ચૈતન્યપ્રભુ અને બંધ તે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પો વિકાર હિંસા. બેના સૂક્ષ્મ. ઝીણું અંતરંગની સાંધ. અંતરંગની સાંધના જોડાણમાં જે જ્ઞાનની અવસ્થા રાગમાં જોડાઈ

જાય છે તેને વચમાંથી જ્ઞાનની અવસ્થાને રાગમાં જોડાવા ન દેતા જ્ઞાનની અવસ્થાને અંતરમાં વાળી. ભારે ઝીણું. ભારે ધાર્મિક ક્રિયા એટલે સૂઝ પડે નહિ એટલે બિચારા જોડાઈ ગયા બહાર. અને કહેનારા એવા મળી ગયા. હેરાન થઈને ચાલ્યા ગયા. હેરાન થઈને ચાલ્યા ગયા. આહા..હા..! તારા ચૈતન્યના ધામ તો જો અંદર શું છે? એ જગતની કોઈ સાધારણ ચીજની પણ એને મહિમા રહે. એક સાકરના પરમાણુમાંથી શું કહેવાય? છસ્સો ગુણી થાયને? છસ્સો ગુણ એ રજકણો અસ્તિત્વ છે. સાકરના રજકણોનું પણ અસ્તિત્વ છે. એના અસ્તિત્વની પર્યાય એટલે હાલત. દ્રવ્ય-ગુણ તો કાયમ છે. એની હાલત સેક્રીનમાં છસ્સો ગુણી મીઠાશ હોય છે. તો એ છસ્સો ગુણી મીઠાશ આવી ક્યાંથી? એ પરમાણુમાં રસ-ગુણનો સ્વભાવ છે એમાંથી મીઠાશ આવી છે. સમજાય છે? એમ આત્મા વસ્તુ છે એમાં અતીન્દ્રિય અનંત આનંદ છે, એમાંથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદની મીઠાશ અંદરમાંથી આવે છે. ઓલી વાત એને બેસે કે આ સાકરમાંથી આ કર્યું, પણ આ ભગવાન સાકરનો ગાંગડો આખો અતીન્દ્રિય આનંદનો છે. ગાંગડો સમજો છો? ઢેર. ઢલા ઈ સાકરના પણ એક-એક રજકણો જુદા છે હોં. એ એક પોઈન્ટ નથી. ઘણા પોઈન્ટ ભેગા થઈને સાકર થઈ છે. એમાં ને એમાંથી જ્યાં મીઠાશ છસ્સો ગુણી એ પુદ્ગલની આ રીતે પ્રગટ અવસ્થા આટલા ગુણી દેખાય હવે આત્મામાં તો અનંતગુણી મીઠાશ છે, બેહદ આનંદ છે, ભાઈ! તને ખબર નથી. ઈ આ મીઠાશ છે એનું જ્ઞાન કોને છે? એને છે? સાકરને છે? જડને ખબર છે કે આ મીઠાશ છે? આની ખબર છે... તો એ મીઠાશનો જાણનારો આનંદની મીઠાશથી ખાલી નથી. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે એને આત્મા આનંદમૂર્તિ ભગવાન અને આ રાગ જે વિકાર એમાંથી ઉત્પત્તિ થાય એની સંધિમાં '**शीघ्र पडे छे.**' એકાગ્ર થતા અંતર સ્વભાવ સ્વરૂપના અંતર બહુમાનમાં આવતા, અંતર એકાગ્ર થાય છે ત્યારે રાગ છૂટો પડી જાય છે. '**કેવી રીતે પડે છે? આત્માને તો જેનું તેજ...**' '**धाम्नि**' છેને ઈ? '**જેનું તેજ...**' ઓલામાં ચાર બોલ લીધા છે ભાઈ આ ચારમાં. પ્રજ્ઞાછીણીમાં. આપણે ઉતાર્યું હતુંને ઓલાએ એકફેરી નહિ? તેરમા બોલમાં ઉતાર્યું હતુંને? આ તેરમી ગાથામાં ઉતાર્યું હતુંને. તેરમો કળશ. ઉતાર્યું હતું આપણે. '**नित्यम् समन्तात् एकः अवबोध-घनः**' એ શબ્દ છેને? ૧૩મો કળશ છે. '**नित्यम् समन्तात् एकः अवबोध-घनः**' નિત્ય શબ્દે સદાકાળ અને '**समन्तात्**' શબ્દે અસંખ્ય પ્રદેશ-ક્ષેત્ર અને '**अवबोध-घनः**' જ્ઞાનનો ભાવ પુંજ. એટલે દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ ત્રણ લીધા. એ ૧૩મા કળશમાં છે. ૧૩મો કળશ છેને? એમાં પણ છે. ૧૩મો કળશ જુઓ. ભલે અર્થ ન.. કળશમાં. પણ એને.. હિન્દી છે એ? શું છે? આ ગુજરાતી છે. ૧૩મો છે. ૧૩મો કળશ છે. આ '**नित्यम् समन्तात् एकः अवबोध-घनः**'ની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા નિત્ય છે. એ ત્રિકાળ બતાવે છે. '**समन्तात्**' છે એ અસંખ્ય પ્રદેશે, અસંખ્ય પ્રદેશ એમાં બતાવે અસંખ્ય પ્રદેશ-ક્ષેત્ર અને '**अवबोध-घनः**' અવબોધ નામ જ્ઞાનનો

એ ઘન, ભાવ બતાવે છે. દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ નિત્ય. નિત્ય. એનું ક્ષેત્ર કેટલું છે? અસંખ્ય પ્રદેશ. અસંખ્ય પ્રદેશ છેને? ક્ષેત્ર વસ્તુ છે તો એની પહોળાઈ છેને પહોળાઈ? અસંખ્ય પ્રદેશ '**समन्तात्**' સર્વાંગ-સર્વાંગ. સર્વાંગ છેને એમાં કાંઈક? સમજાણું? સર્વાંગ શબ્દ જુઓ '**समन्तात्**' આત્મા સર્વાંગ કહ્યો છે. સર્વાંગ. સર્વ અંગ એટલે અસંખ્ય પ્રદેશ. નિત્ય સર્વાંગ એટલે ક્ષેત્ર. નિત્ય એટલે ત્રિકાળ દ્રવ્ય અને અવબોધઘન એનો ભાવ. એ જ્ઞાનનો ઘન છે. દ્રવ્ય, ક્ષેત્ર, એનો ભાવ. આ એનો અનુભવ કરવો એ એની પર્યાય. એ કાળ છે એનો. સમજાણું કાંઈ? એ અર્થ કર્યો હતો ભાઈ ત્યારે.

આમાં ઈ છે જુઓ, '**आत्माने तो जेनुं तेज...**' હવે આપણે ચાલે છે એમાં લેવું. ભગવાન આત્મા ચૈતન્ય જેના પ્રકાશમાં બીજા પ્રકાશો જણાય એવો જે પ્રકાશમૂર્તિ આત્મા. જેના પ્રકાશમાં બીજા પ્રકાશો જણાય કે આ પ્રકાશ, પણ એ કોના પ્રકાશમાં જણાય છે? ચૈતન્યના પ્રકાશમાં જણાય છે કે આ પ્રકાશમાં જણાય છે? આ પ્રકાશ છે એ કોના પ્રકાશમાં જણાય છે? ચૈતન્યના પ્રકાશમાં. ચૈતન્ય પ્રકાશની અસ્તિ છે એમાં ઘણા પ્રકાશ. હું એ રૂપે નથી. હું એના જાણવાના પ્રકાશરૂપે છું. કહો, સમજાણું કાંઈ? વકીલ હતા આવ્યા હતા હમણા? જયસુખલાલ. જામનગરથી. બહુ વિરોધી હતા પહેલા. ઘરમાં એક છોકરો છે સાત વર્ષનો. હવે દસ વર્ષ અને અગિયાર વર્ષ. આ ચર્ચા બહુ થાય. છોકરો કરે છે સાત વર્ષનો. હવે દસ વર્ષનો. ત્રણ વર્ષ પહેલાની વાત. એનો ભાઈ છે એ પણ અહીંનો રસવાળો છે અને આ વિરોધી હતો ત્યાં. અમે વીરજીભાઈ માટે ગયા હતાને જામનગર? એમાં સાંભળ્યું એક વ્યાખ્યાન. જ્યાં એક સાંભળ્યું. ઓહો..હો..! આ શું કહે છે? આ વાત તો રહી ગઈ છે. હું તો વિરોધ કરતો હતો. પછી આવ્યા હતા અહીંયાં. હું તો વિરોધ કરતો હતો ભાઈનો. ભાઈ! તમે સાંભળો તો. એક વ્યાખ્યાન. આ ફેરી કહેતા હતા. હું એમ સમજતો હતો કે બીજા વ્યાખ્યાને. પણ આ તો પહેલે જ વ્યાખ્યાને મને મોજ પડી ગઈ. આ ફેરે આવ્યા હતાને. ભાઈ! તમે સાંભળો, બાપુ! આ કાંઈ અંધાધુંધની વાત નથી. આ તો લોજિકથી, ન્યાયથી, અસ્તિત્વ શું છે અને એમાં નથી શું એમ ન્યાયથી વાત છે આ. આ કોઈ એમ ને એમ માની લે એવું આંધળી દોડે એ વાત નથી. એ છોકરો સાત વર્ષનો ત્રણ વર્ષ પહેલા ચર્ચા કરતા એ બોલતો. મહારાજ! આ ચૈતન્ય આત્મા-આત્મા લોકો એમ કહે છે. એમ આત્મા આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. છોકરો સાત વર્ષનો. આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. બહાર દેખીયે તો એમ ન બોલ્યો. આંખે અંધારું દેખાય છે. આત્મા ક્યાં દેખવો અમારે? ભાઈ! જેમાં દેખાય છે અંધારું એ અંધારા સ્વરૂપ છે? અંધારામાં અંધારું જણાય છે? કે ચૈતન્યના પ્રકાશમાં અંધારું છે એમ જણાય છે? ખબર નહિ. કોઈ દિ' વિચાર્યું જ નથી. એમ ને એમ આંધળો ચાલ્યો જ ગયો છે અનાદિથી. જેના પ્રકાશમાં અંધારું છે એ અંધારાને અંધારું જાણનાર નથી. અંધારાને આ ચૈતન્ય પ્રકાશના નૂરમાં આ અંધારું એમ જણાય છે.

સમજાણું?

કોક પ્રશ્ન છોકરો હજી હમણા જ પ્રશ્ન કર્યો હતો આ બે વર્ષ પહેલા. આપણે ગયા હતાને વીરજીભાઈ વખતે. તો એ પ્રશ્ન કર્યો હતો આ ૧૯મી ગાથામાં. આત્મસિદ્ધિમાં. મહારાજ! કેવળજ્ઞાની છદ્મસ્થનો વિનય કેમ કરે? લ્યો આમ આવે છેને? 'વિનય કરે ભગવાન.' એવો પ્રશ્ન કર્યો. આત્મસિદ્ધિ છેને આમાં? શ્રીમદ્ કેવળજ્ઞાની થાય પરમાત્મા એ છદ્મસ્થ ગુરુનો વિનય કેમ કરે? આત્મસિદ્ધિની ૧૯મી ગાથામાં તો આમ આવ્યું છે. એમ બોલ્યો હોં. હા. હજી દસ વર્ષનો. .. સાત વર્ષનો છોકરો હતો. અમે બે વર્ષ પહેલા ગયા હતાને આ વીરજભાઈને ત્યાં. એનો એ બોલ્યો. આ ૧૯મી ગાથા છે. આત્મસિદ્ધિ છેને. એમાં 'દેવ-ગુરુ ઉપદેશથી પામ્યો કેવળજ્ઞાન. ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' આત્મસિદ્ધિ. .. વ્યવહારથી વાત કરી છે. બહુમાનથી. બાકી કેવળી વિનય કરે નહિ. કેવળજ્ઞાની હોય એ પૂર્ણ દશા થઈ એને વિનય ક્યાં વધારવા છે અને એને ક્યાં વિકલ્પ છે? વળી એવા પ્રશ્ન કરતો હતો. છોકરો છે. બહુ ચર્ચા કરે છે. ઘરમાં ચર્ચા બહુ ચાલે છે. છેને આ .. હવે દસ વર્ષનો થયો. પણ એ તો આત્મા છેને. એની સાથે શું? શ્રીમદ્ને સાત વર્ષે જાતિસ્મરણ થઈ હતું. સાત વર્ષે પૂર્વ ભવનું જ્ઞાન થયું એમાં શું છે? આઠ વર્ષે કેવળજ્ઞાન થાય છે. એય..!

આ અઢી વર્ષે જાતિસ્મરણ થયું નહિ હમણા? આવ્યાને તમારે ક્યાં ગયા? ત્યાં ક્યાં બેઠા છો? ત્યાં બેઠા? એમના દીકરાની દીકરી. આ કુંવરજીભાઈ આવ્યા છેને. બહેનના ભાઈ મોટા. ... ભાઈ-ભાઈ! ત્યાં આવ્યા છેને આપણે જયપુર. છોકરી આવી નહોતી છ વર્ષની છોકરી છે છ વર્ષની. એને અઢી વર્ષે જાતિસ્મરણ થયું. સાડા ત્રણ વર્ષ પહેલા. બહેનના મોટા ભાઈ છેને. ..ની દીકરી છે. અઢી વર્ષે બોલી કે ફઈબા! મારે બા છે તમારી જેવા. હું જુનાગઢથી આવી છું. હું ગીતા છું. છેને. હા. એ બધા માનતા નહોતા. પછી ઘણા વખત ઘણું બહુ કર્યું પછી હિંમતભાઈએ પરીક્ષા કરી. હિંમતભાઈએ. કે અત્યારે તને અહીંથી જુનાગઢ લઈ જઈએ તો તું તારી બાને ઓળખીશ? હા. તારા બાપને ઓળખીશ? હા. તારા કાકાને ઓળખીશ? તો કહે હા. શું ગીતાને ઓળખીશ ત્યાં? ઈ શું પણ? ગીતાને ઓળખીશ શું? ગીતા તો આ રહી. એ છોકરું છેને હા પાડી દેને. અમારા પંડિત છેને હુશિયાર છેને. .. કે અહીંથી તને લઈ જઈએ જુનાગઢ. તારી બા છે, તારા બાપુ છે, તારા કાકા છે, તારું ઘર છે. બધું ઓળખીશ? હા. તું ત્યાં ગીતાને ઓળખીશ? અમારે પંડિતજીએ પૂછયું. એ શું? ત્યાં ગીતા ક્યાં છે? ગીતા તો આ રહી. એનું શરીર? ગમે તે થયું હોય શરીરનું. આ હું રહી ગીતા. ગીતા મરીને હું આ રાજુલ થઈ. એમ છે કે નહિ એવા અનાદિ-અનંત ભવ? ક્યાં એને ભાન છે? ક્યાંય વર્તમાન .. આ.

અહીં કહે છે પ્રકાશનું પૂર આત્મા. હવે અહીં ચાર બોલ ઉતારે જુઓ એ તેજને. અહીં તો તેજ આવ્યુંને પ્રકાશ. '**धाम्नि**' ચૈતન્યનું પૂર ભગવાન નૂર છે નૂર આત્મા પ્રકાશ છે.

કેવું છે? '**અંતરંગ...**' એણે ક્ષેત્ર ઉતાર્યું છે ભાઈ! અંતરંગ અંગ છેને? અંતર-અંગ. અંતર અંગ છેને એટલે સર્વ પ્રદેશ ઉતાર્યા અસંખ્ય પ્રદેશ. જેમ ઓલામાં સંમતાત. સર્વ. અહીં અંતરંગમાં ક્ષેત્ર ઉતાર્યું આમાં આ કળશમાં. અંતરંગ. અસંખ્ય પ્રદેશ. અંતર-અંગ. આ અંગ તો જડનું છે માટીનું. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી છે એ અંતરંગ એના અંગ છે ઈ. સમજાય છે? અંતરંગમાં ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી એક પોઈન્ટ રજકણનો, આ રજકણ પોઈન્ટ છેને? મૂકીએ એટલી જગ્યાને પ્રદેશ કહીએ. તો આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો છે. છે અસંખ્ય વસ્તુ. પણ એના અસંખ્ય પ્રદેશ છે ત્યારે સંકોચ-વિકાસ થાય છેને? હાથીમાં જાય તો એવડો દેખાય, કીડીમાં જાય તો એવડો દેખાય. એ અસંખ્ય પ્રદેશી અંતરંગ-અંતરંગ-અંગ. એના અંતરના અસંખ્ય પ્રદેશી આત્માના અંગ છે. જ્ઞાનચંદજી! સમજાણું કાંઈ આ અંગ એનું નહિ. આ તો માટીનું અંગ છે ધૂળનું. અસંખ્ય અરૂપી એના પ્રદેશ છે એ એનું અંગ છે.

'**સ્થિર...**' એ ત્રિકાળ શાશ્વત છે. સ્થિર ત્રિકાળ શાશ્વત છે. સ્થિર. પ્રદેશ લીધા. ઓલો સ્થિર કાળ લીધો. ત્રિકાળ શાશ્વત છે. સ્થિર છે. સ્થિતં સ્થિર ત્રિકાળ શાશ્વત વસ્તુ છે. પછી? '**નિર્મળ...**' છે. એ સર્વકાળ શુદ્ધ છે. સર્વકાળ શુદ્ધ છે. સર્વકાળ શુદ્ધ છે. એ ભાવ. પણ ભાવનું પણ વિશેષપણું હવે બતાવે છે. સર્વકાળ નિર્મળ છે, સર્વકાળ શુદ્ધ છે. વસ્તુ છે એ સર્વકાળ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા એ વસ્તુ કાંઈ નથી. આખી ત્રિકાળ વસ્તુ શુદ્ધ ત્રિકાળ શુદ્ધ છે. અસંખ્ય પ્રદેશી એક વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે. અને '**દેદીપ્યમાન છે...**' પ્રત્યક્ષ સર્વકાળ પ્રત્યક્ષ એવો એ ભગવાન છે. વસ્તુ પ્રત્યક્ષ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ પૂર છે એ કેવળજ્ઞાની પ્રત્યક્ષ છે. કહો, સમજાણું કાંઈ? પ્રત્યક્ષ ભાઈએ લીધું છે. કારણ કે એમાં પ્રકાશ નામનો ગુણ છેને? આત્મામાં પ્રકાશ નામનો ગુણ છે. ઓલા ૪૭ ગુણ છેને? ૪૭ શક્તિ. ૪૭ શક્તિ. એમાં બારમો પ્રકાશ નામની શક્તિ છે આત્મામાં. જીવત્વ, ચિતિ, દશી, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સ્વચ્છત્વ અને પ્રકાશત્વ. એ બારમી શક્તિ છે. તો એ શક્તિ બારમી આત્મામાં જેમ જ્ઞાનગુણ છે એવો એક પ્રકાશ નામનો ગુણ છે. એ ગુણનું શું કાર્ય છે? કે આત્માને પ્રત્યક્ષપણે કરે એ ગુણનું કાર્ય છે. પ્રત્યક્ષપણે અનુભવ કરે એ ગુણનું કાર્ય છે. રાગ દ્વારા કે પર દ્વારા અનુભવ થાય એ વસ્તુના ગુણમાં છે નહિ. સમજાણું કાંઈ?

અંતરંગમાં ભગવાન આત્મા વસ્તુનું તેજ ચૈતન્યપૂર. એમ કહેશે હમણા આગળ. એવું ચૈતન્યપૂર એમ કહેશેને? એ કેવું છે? ચૈતન્યનો પ્રવાહ છે. વસ્તુ ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય... જેમ પાણીનું પૂર હોય છેને એમ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એવો ચૈતન્યનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે અંદર. ચૈતન્યના પ્રવાહરૂપે ભગવાન અનાદિથી ચાલ્યો આવે છે. રાગના પ્રવાહરૂપે, વિકારના પ્રવાહરૂપે નહિ, એ ચૈતન્યના પ્રવાહરૂપે ભગવાન

જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... સમજાણું કાંઈ? એવા '**જેનું તેજ અંતરંગમાં...**' અસંખ્ય પ્રદેશમાં '**સ્થિર...**' ત્રિકાળ શાશ્વતરૂપ. નિર્મળ શુદ્ધત્વરૂપ, ત્રિકાળ શુદ્ધત્વરૂપ. '**દેદીપ્યમાન...**' ત્રિકાળ પ્રત્યક્ષ થવા લાયક. ત્રિકાળ પ્રત્યક્ષ જ છે એમ કહે છે. થવાલાયક એ નહિ. આહા..હા..! માણસને લાગે, પણ વસ્તુ છેને વસ્તુ. એ તો પરોક્ષ તો તારું લક્ષ પર ઉપર ગયું છે માટે પરોક્ષ છે. વસ્તુ પરોક્ષ થઈ જાય એવી વસ્તુ જ નથી. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાનથી જ્ઞાનનું વેદન થઈને પ્રત્યક્ષ થાય એવું જ એનું તેજ છે. એવું એનું પૂર ચૈતન્યપૂર છે. સમજાય છે કાંઈ? શ્રુત જ્ઞાન દ્વારા એ આપણે ક્યાંક વાત કરી હતી નહિ? ૭૩મી ગાથામાં દિલ્હી. દિલ્હી શું અહીંયાં જયપુર. ૭૩ ગાથા આવીને એ શાહુજી આવ્યા હતા શાહુજી શાંતિપ્રસાદ. ત્યારે પછી ઓલા કૈલાસચંદજી કહે મહારાજ! ૭૩ ગાથા લ્યો. ૭૩માં પ્રત્યક્ષ આવ્યું હતું પ્રત્યક્ષ. અખંડ. પહેલી લીટી આવી હતી. ૭૩ ગાથા છે જુઓને. ૭૩-૭૩. આ લ્યો એ નીકળી. એ પાનું ફેરવ્યું અને એ નીકળી. મેં કીધું ક્યાં હશે? જુઓ આ રહી. ૭૩ છે જુઓ. ૭૩ ગાથા. '**હું આ આત્મા-પ્રત્યક્ષ...**' પહેલો શબ્દ જ પ્રત્યક્ષ છે. પહેલી લીટી છે પહેલી લીટી. એ જયપુરમાં અર્થ ચાલ્યો હતો. શાહુજી હતા શાંતિપ્રસાદ. કૈલાસચંદજીએ કહ્યું. નહિતર ૭૧ ગાથા પૂરી હતી. ૭૨ મારે લેવી હતી. ૭૨. પણ કૈલાસચંદજી કહે આ શેઠ આવ્યા છે ૭૩ લ્યો. લાવો ૭૩ લઈએ.

શું કહે છે એમાં? કે '**હું આ આત્મા-પ્રત્યક્ષ...**' પ્રત્યક્ષ થઈ શકું એવું જ મારું સ્વરૂપ છે. એવો વિકલ્પ દ્વારા પણ પહેલો નિર્ણય આમ કરે છે. સમજાણું કાંઈ? વસ્તુ જે છે ચૈતન્ય ભગવાન આત્મા એ તો સમ્યક્ શ્રુતજ્ઞાન દ્વારા રાગના અવલંબન વિના, મનના આશ્રય વિના, પરદ્રવ્યના સહારા વિના. પોતાનું જ્ઞાન જ્ઞાનને પ્રકાશે એવો એનો ચૈતન્ય સ્વભાવ ગુણ જ એવો છે એનો. સમજાણું કાંઈ? એવો સમ્યગ્દર્શન પામવા પહેલા, ધર્મી થવા પહેલા આવો એક વિકલ્પ દ્વારા નિર્ણય કરે છે કે હું આત્મા કોણ છું? હું આ આત્મા જે વસ્તુ છે કે આ. આ. એટલે વિદ્યમાનતા બતાવે છે હયાતી. આ. એમ કહેને ભાઈ આ આવ્યા હતા. કાંઈક આ એટલે કાંઈક હયાતીવાળી ચીજ આવતી હશે કે ખોટી આવતી હશે? આ સસલાના શીંગ ચાલ્યા આવે એમ કહેતા હશે? આકાશના ફૂલ જુઓ તુટ્યા. આ આકાશના ફૂલ તુટ્યા એમ હશે? આકાશના ફૂલ જ નથી. તો આ ક્યાંથી આવ્યું? આ વિદ્યમાનતાને બતાવે છે. હયાતી. આ. ચૈતન્ય સત્તાની વિદ્યમાનતા એ હું, આ હું, '**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ...**' સમ્યગ્જ્ઞાન દ્વારા હું પ્રત્યક્ષ થઈ શકું એવો જ હું છું. એવો સમ્યગ્દર્શન પામવા પહેલા પણ રાગમિશ્રિત વિચાર દ્વારા આવો નિર્ણય કરે છે. ત્યારે હતા ભાઈ તમે? શેઠી! હતા ત્યારે.

શ્રોતા :- કૈલાસચંદજી બોલ્યા હતાને.

ઉત્તર :- હા કૈલાસચંદજી બોલ્યા. ... કૈલાસચંદજી...

'**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ...**' અખંડ. ખંડ નહિ અખંડ છું. '**અનંત ચિન્માત્ર...**' બેહદ જુઓ અનંત. પહેલા અપરિમિત ચિન્માત્ર જ્યોતિ છું. જ્ઞાનમાત્ર સ્વભાવ, જેનો સ્વભાવ છે એને અંત શો? એને માપ શા? એને હદ શું? એને એની શક્તિની તુલના અધુરાશ સાથે શું? એ તો અનંત-અનંત સ્વભાવ અનંત સ્વભાવ. એવો '**અનંત ચિન્માત્ર જ્યોતિ-અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ...**' કાયમ પ્રગટરૂપ જ આત્મા છું. '**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' લ્યો! બધા બોલ ઘણા આવ્યા એમાંથી. '**એક છું;...**' હું. આવો આત્મા. એવો હજી વિકલ્પ દ્વારા નિર્ણય કરે છે. પછી વિકલ્પને છોડીને સ્વરૂપનો અનુભવ કરે એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. સમયસાર તો અલૌકિક વાત છે. એક-એક શબ્દમાં બહુ ભર્યું છે, ઘણું ભર્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા. આત્મા વસ્તુ લીધી. '**જેનું તેજ...**' એટલે સ્વભાવ લીધો સ્વભાવ. પણ કેવો? '**અંતરંગમાં...**' અસંખ્ય પ્રદેશમાં ત્રિકાળ શાશ્વત નિર્મળ શુદ્ધપણે પ્રત્યક્ષ ત્રિકાળ પ્રત્યક્ષ સ્વરૂપ જ છે આત્મા. સમજાણું કાંઈ? '**એવા ચૈતન્યપૂરમાં...**' એવો ચૈતન્યનો પ્રવાહ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યનું પૂર ચાલ્યું આવે છે. સમજાય છે? શાશ્વત ચૈતન્ય. જાણવાનું પૂર-પૂર પ્રવાહ. ચૈતન્યનો પ્રવાહ જેમ ઓલો પાણીનો પ્રવાહ હોય છેને. પાણીનું પૂર આવે છેને પ્રવાહ? મારે આ વળી. ભગવાન! તારું કેવું સ્વરૂપ? એની એને ખબર ન મળે. અને બીજાની ખબરું મોટો ડાહ્યાનો દીકરો થઈને રહે. આવું છે. ધૂળેય નથી સાંભળને. તારા ખબર વિના બીજાનું જ્ઞાન આવ્યું ક્યાંથી તને? સમજાણું કાંઈ?

કહે છે '**એવા ચૈતન્યપૂરમાં...**' જેનું તેજ સર્વાંગ, સર્વકાળ, નિર્મળ, પ્રત્યક્ષ એવું ચૈતન્યપુર '**મગ્ન કરતી...**' લ્યો ઓલી સંધિ. તોડીને એકાગ્ર થાય છે. રાગથી ભિન્ન પડીને પ્રજ્ઞાછીણી એમાં લીન થાય છે. કહો, સમજાણું આમાં? ભાઈ! ધર્મની વાત તો જરી ઝીણી તો છેને. એણે કોઈ દિ' એ વાતને લક્ષમાં લીધી નથી. અનાદિનો આહા..! નિગોદ, બટાટા, શક્કરકંદના અવતાર કરી કરીને મરી ગયો છે ઈ. એને ખબર નથી. સમજાણું? અનંતા-અનંતા એક કટકીમાં અનંતા કેમ રહેતા હશે? ભાઈ! અનંતા તો રહી શકે છેને. એક રાઈ જેટલી કરોડો દવા હોય પા-પા ભારની. પા-પા ભાર. પાવલી-પાવલી. કરોડો દવા. એ ભેગી કરીને એક લીંબુ નાખીને લસોટીને ભેગું કરે એક રાઈ જેટલી લ્યો તો એ રાઈમાં કરોડો દવા છે. છે કે નહિ? એમ ભાઈ! તને ખબર નથી. એ અનંત આત્માઓ છે. એની ઉપર અનંતા રજકણો પણ છે. એ વસ્તુનો સ્વભાવ છે. એની તને ખબર નથી. એમાં અનંતા આત્માઓ નિગોદમાં બટાટામાં. આ તો ત્યાં દેખાય છે ભાઈ ઓલો થોર. થોર પાસે જવાય છેને? દરરોજ થોર પાસે જવાય છે. બીજે ક્યાંય રસ્તો નથી પણ. બધે લીલા-લીલા. ઈ સવા એક માઈલ

.. છેટે એક રસ્તો થોડોક છે ખુલ્લો. બાકી બધે .. ક્યાંય જવાય એવું સ્થાન નથી. ત્યાં જઈએ તો થોર કાપેલા પડ્યા હોય અને કોઈ નાખી જાય, ફાડી નાખે, છેદી નાખે. આહા..હા..! બહુ છેટે છે. ઓલી તો વાડ હતીને. ત્યાં જવાય છે. બીજે કોઈ સ્થાન નથી. હવે ખુલશે. ત્યાં થોરના કટકા પડ્યા હોય. આમ બેઠા હોય ત્યાં. આહા..હા..! આ જીવ ક્યારે નીકળે? ક્યારે ઈયળ થાય? ક્યારે માણસ થાય? સાંભળવાને મળે? આહા..હા..! ક્યારે પચાવે અને ક્યારે ભેદ પાડે? બહુ મોંઘુ બાપા બધુ આ. લોકોને ખબર નથી. ક્યાં હતો? ક્યાંથી આવ્યો? કેટલી મોંઘી આ સામગ્રી મળી? સમજાણું કાંઈ? એમાં મારે શું કરવાનું છે એની ખબર નથી. આ ભવભવના અભાવ માટે કરવાની ક્રિયા છે આ તો. ભવના અભાવની ક્રિયા કરવાનો ભવ છે આ. આ ભવ વધારવા માટે ભવ ન હોય, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**મગ્ન કરતી...**' આહા..હા..! ભગવાન આત્મા આમ તેજ, આખો પ્રદેશ, ત્રિકાળ શાશ્વત શુદ્ધ નિર્મળ પ્રત્યક્ષ વસ્તુ દેદીપ્યમાન-દેદીપ્યમાન. એમાં જ્ઞાનની અવસ્થા જે લક્ષણ છે ચૈતન્યનું એ લક્ષણને અંતરમાં વાળતા, બે વચ્ચે ભિન્ન પડતાં પ્રવાહ. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એમ. એ ધ્રુવપણું બતાવે છે આમ. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એને વર્તમાન જ્ઞાનની દશા એમાં એકાકાર થતાં. રાગનો પ્રવાહ નથી. રાગ તો નવો-નવો ઉત્પન્ન થાય છે. આ ચૈતન્યનું પૂર ધ્રુવ તો ત્રિકાળ એમ ને એમ પૂર છે. ચૈતન્યનું ધ્રુવ પૂર. એમાં પ્રજ્ઞાછીણીને એકાકાર કરતાં.

'**મગ્ન કરતી...**' અંતરમાં એકાકાર થતાં. '**અને બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી-**' રાગભાવને, પુણ્યના વિકલ્પને અંતર જ્ઞાનસ્વભાવમાંથી વિરુદ્ધ અજ્ઞાનભાવમાં રાખતી એ પ્રજ્ઞાછીણી અંતરમાં વળતી, રાગ અને અજ્ઞાનભાવમાં એટલે અંતરમાં ન વાળતી એને અજ્ઞાનભાવમાં રાખી એમ વ્યવહાર કરવામાં આવે છે. આહા..હા..! આ રાગ છે અને એમાં રાખું છું એ પણ વિકલ્પ છે. પણ સમજાવાની શૈલીમાં આમ કહે છે. ભગવાન આત્મા એની જે જ્ઞાનદશા છે. એ જ્ઞાનની વર્તમાનદશાને રાગના લક્ષથી પાછી વાળી અને સ્વભાવના લક્ષે મગ્ન થતાં એ રાગરૂપી અજ્ઞાનભાવને અજ્ઞાનમાં રાખે છે એટલે કે પોતાના ભાવની પર્યાયમાં એને આવવા દેતો નથી. આવતી નથી. અસ્તિમાં આમ થયું એટલે રાગનું અજ્ઞાન અહીં આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે! આવી તે ધર્મકથા કેવી હશે? આ ધર્મકથા અને ઓલું તો મોટી આમ થાય ને તેમ થાય. એય..! નિહાલચંદભાઈ! મા હણો... મા હણો... એમ ઉપદેશ આવે. એ ભગવાનનો ઉપદેશ છે. અરે..! તું તને ન હણ એ વાત છે એમાં. એય..! જુગલરાજજી! પહેલું વ્યાખ્યાન બોલેને થોડું? હતા નહિ.

ઘાતનો અર્થ? કે પોતાનું જે સ્વરૂપ હયાતીરૂપે જે રીતે છે એ રીતે ન માનતા રાગથી હું છું માનનાર પોતાના અસ્તિત્વનો અભાવ માને છે. એ ઘાત છે. સમજાણું કાંઈ? એક ફેરી અર્થ કર્યો હતો ઘણા વર્ષ પહેલાં. ૮૪ની સાલમાં ભાઈ! ઓલા બગસરા. કાઠી આવ્યો

હતો કાઠી. બધા ત્યાં તો. ૪૦ હજાર રૂપિયાની. કોક ૬૦ હજારની ઉપજવાળા બગસરાનો નહિ ઓલો ..વાળો. એનો છોકરો આવ્યો હતો અમરાખાચરનો. .. કે જો ભાઈ! ખરેખર તો બીજાને મારવાનો જે ભાવ થાય છેને ઈ ભાવમાં એને દુઃખ થાય છે ઈ ના પાડે છે મારે જોવું નથી. સમજાય છે? મારે જોવું નથી. એટલે મારું જ્ઞાન એ જોવાને આંધળું થઈ જાઓ. આ એનું નામ હિંસા છે કહ્યું. શેઠી! જ્ઞાન જાણે છે કે આ શું છે? એને દુઃખ થાય છે. દુઃખ થાય છે એમ જાણવું જોઈએ. જાણવું જોઈએ. ઈ ના પાડે છે. એને દુઃખ થાય એ મારે જોવું નથી, મારે જોવું નથી. એટલે હું આંધળો થઈ જાવ. આંધળો થઈ જાવ અને મારી જ્ઞાન દશા હીણી થઈ જાવ, અવરાઈ જાવ, ઢંકાઈ જાવ એનો અર્થ. નવનીતભાઈ! આ તો ઓહો..હો..! મહારાજ! બહુ વાત સારી છે. એમ કહે. અમરુખાચર તો નાની ઉંમર હતી. બિચારો એ મરી ગયો જુવાન. એના બાપે ૪૦ હજારની ઉપજનું ગામ આપ્યું હતું. ૧૫ હજાર પોતે રાખ્યું હતું. મરી ગયા બધાય મરી ગયા. આ તો ૮૪ની વાત છે.

ભાઈ! આમ છે કીધું. બીજાને દુઃખ થાય છે એને આ નિમિત્ત થાય છે ઈ દુઃખ મારે જોવું નથી... મારે જોવું નથી... મારે જોવું નથી... એ જોવું નથી એનો અર્થ કે મારે એ જાતનો જ્ઞાનનો પ્રકાશ મને ન રહો. નવનીતભાઈ! ઈ વસ્તુ છે. ઓલા બિચારા ગરાસીયા હતાને કાઠી લોકો. જુઓ, એમ છે, ભાઈ! એમ એમાં હિંસા છે. ખરી હિંસા તો એ છે. પ્રકાશ છે એ મારે નથી રાખવો, મારે અંધારું થવું છે એ જ હિંસા છે, ભાઈ! ખરી હિંસા એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ચૈતન્યના નૂર-પૂર ભગવાન આત્મા એ હું નહિ, હું રાગ છું, હું વિકલ્પ છું, એ જ આત્માની હિંસા છે. એવા સત્તાના સ્વભાવના જીવનનો નિષેધ કરે છે. સમજાય છે? અને રાગનું જીવન તેની અસ્તિ કરે. જે મરી ગયો છે પોતાના સ્વભાવથી મરી ગયો એને જીવે છે એમ માને. શેઠ! આહા..હા..! વસ્તુ એવી છે. મને કોણ મારી શકે છે? એની ક્યાં વાત છે? આ તો ભાવમાં આ થાય છે. સભા મોટી હતીને ત્યારે સભા ૮૪ની. ઘણા માણસો આવેને. નામ તો પ્રસિદ્ધ એટલે ઘણા આવે બિચારા. બુદ્ધિવાળા અન્યમતિ. એને બેસે. આ શું કહે છે આવું બધું? ભાઈ! વસ્તુ એમ છે. તારા ચૈતન્યના પ્રકાશના નૂર એનો વિકાસનો અંશ જે છે એની સામે જે ચીજો છે તેને જેમ છે તેમ જાણવી જોઈએ. એને ઠેકાણે જેમ છે તેમ ન જાણતા મારે આમ નહિ... મારે આમ નહિ... મારે આમ નહિ... બીજી રીતે રહેવું છે એનો અર્થ કે પ્રકાશને હીણું કરી નાખે છે. નવનીતભાઈ! આહા..હા..! બાપુ! તું તને હણે છે, ભાઈ! પરને કોણ હણે?

એમ પોતાના સ્વરૂપમાં આનંદ છે એની જીવતી શક્તિ છે આનંદની જીવતી શક્તિ. શક્તિ-શક્તિ ત્રિકાળ શક્તિ. એ નહિ. મને તો રાગમાં અને પરમાં આનંદ છે એમ માનનાર ચૈતન્યના આનંદ જીવનના જીવનો નાશ આ કરી નાખે છે. નવનીતભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાયથી, લોજિકથી, આગમથી, અનુભવથી બધી વાત સિદ્ધ થઈ શકે છે. એમ નહિ કે

એમ ને એમ માની લેવું એ વસ્તુ કોણ છે આ? શું છે આ? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. એને એવી રીતે રાગથી ભિન્ન ન માનતા એને રાગથી એકતા માનતા રાગ પણ મારું સ્વરૂપ છે અને એનાથી મને લાભ છે. તો એ પોતાના રાગને આનંદમાં માન્યો. એ આનંદની હયાતી ત્રિકાળી છે તેનો તેને હ્રાસ કરી નાખ્યો, છેદ કરી નાખ્યો. બરાબર છે? સુમેરુચંદજી! આહા..હા..!

અહીં નીચે ચૈતન્યનો પ્રવાહ આવ્યોને જરી શબ્દ. પ્રવાહ આમાં પૂર-પૂર. આનંદનું પૂર એમ બધા ગુણોનું પૂર ચાલે છે આમ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... વસ્તુમાં જ્ઞાન, આનંદ, અસ્તિત્વ, શક્તિ આદિ ૪૭ શક્તિઓ છે એ જાણવું. અનંત શક્તિ એમ ને એમ પૂર ચાલ્યું જ આવે છે. ધ્રુવપણે ચાલ્યું જ આવે છે પ્રવાહ. એમાં મગ્ન થાય તેને મોક્ષમાર્ગ કહીએ. એનો નકાર કરીને રાગ ને પુણ્ય ને પાપમાં સુખ માને તે ઠીક માને એ ચૈતન્યના આવા શુદ્ધ જીવનના જીવનો તે હ્રાસ-હિંસા કરે છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવપણે ચાલ્યું આવે છેને અનાદિથી. વસ્તુના ગુણોનું શક્તિરૂપ તત્ત્વ સત્ એવો આત્મા એનું સત્ત્વ સ્વભાવ, એનો પ્રવાહ એટલે એમ ને એમ ટકવું ચાલ્યું આવે છે. એની અંદર આ પર્યાય જે રાગમાં એકત્વ હતી એ ભ્રાંતિ હતી, મિથ્યાત્વ હતું. સત્યને અસત્ય કરી નાખ્યું છે. એ જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતા કહે છે કે '**(ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી...**' ધ્રુવરૂપ-ધ્રુવરૂપ વસ્તુ છે. એમાં પર્યાયને લીન કરતી. જુઓ, સમજાણું કાંઈ? ધ્રુવ છે એમાં મગ્ન કરતી. હજી એની રીતનો ખ્યાલ ન હોય એ ઉપયોગ કરે કે દિ'? સમજાય છે કાંઈ? પ્રયોગ કરે ક્યારે? પ્રયોગ કરે એના ખ્યાલમાં હોય કે આમ થાય... આમ થાય... તો પ્રયોગ કરે. ખબર નથી, પ્રયોગ અજમાઈશ કરે કે દિ'? સમજાણું કાંઈ?

આ શ્લોકનો તો ઓલામાં બહુ અર્થ ભર્યો છે. દોઢ પાનું ભર્યું છે. આ કળશ ટીકામાં. મોટું પાનું. દોઢ પાનું, પોણા બે પાનું. કહે છે એ બંધને અજ્ઞાનભાવમાં નિયત કરતી. નિમિત્ત છેને? નિમિત્ત. આ એમાં-એમાં એને રાખતી. ચૈતન્યની પર્યાય જે જ્ઞાન છે એને ધ્રુવમાં ધ્રુવ પ્રવાહ છે તેમાં લીન થતાં રાગરૂપી અજ્ઞાનભાવ જેમાં જ્ઞાન નથી. એ જ્ઞાનભાવમાં એ આવતી નથી એથી તેને દૂર રાખી એમ કહેવામાં આવે છે. 'એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.' લ્યો! એ રીતે રાગ અને આત્માને ભિન્ન કરતાં વર્તમાન જ્ઞાનની દશા સ્વભાવ તરફ વળી જાય છે. આ એનું નામ મોક્ષનો માર્ગ અને સમ્યગ્દર્શન કહેવાય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૨૯૭, શ્લોક-૧૮૨
પ્રવચન નં.૩૬૫, તા. ૧૪-૧૦-૧૯૬૭
(૧૯)

૨૯૭ ગાથા. મોક્ષ અધિકાર. અહીં સુધી આવ્યું છે, જુઓ. '**આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' છે અંદર? શું કહે છે? કે આત્માને રાગાદિ પુણ્યાદિ જે વિકાર છે એનાથી ભેદ પાડતા જે જ્ઞાનલક્ષણે લક્ષિત આત્મા રહે છે એ આત્માની ચેતના જ એક ક્રિયા છે. ચેતવું એ એની ક્રિયા. પરની ક્રિયા નહિ અને કષાયની મંદતા જે રાગ દયા, દાન કે ભક્તિ એ રાગ પણ એની ક્રિયા નથી, આત્માની ક્રિયા નથી. કહો, સમજાય છે?

'**આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય, એનું ચેતવું, જ્ઞાનનું પરિણમવું એ જ એની એક ક્રિયા છે. સમજાણું કાંઈ? એટલે કોઈ એમ કહે કે કષાયની મંદતા શુભભાવ હોય તો અહીં ક્રિયા ધર્મની થાય અથવા એમાં મદદ મળે એમ વસ્તુમાં છે નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? વસ્તુ પોતે ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ એ પુણ્ય-પાપના રાગથી અને પરથી ભિન્ન એવી ચૈતન્યની જે ક્રિયા, પ્રજ્ઞાની ક્રિયા, જ્ઞાનની અવસ્થાની ક્રિયા એ જ આત્માની એક ક્રિયા છે. રાગની, કષાયની મંદતા આદિ ક્રિયા તે વિકાર વિભાવ, શરીર આદિની ક્રિયા પર છે. ચેતના એ ક્રિયા જ આત્મામાં થાય છે. બીજી ક્રિયા એને હોતી નથી. કહો, સમજાણું કાંઈ?

'**ચેતના જ એક ક્રિયા હોવાથી, હું ગ્રહણ કરું છું એટલે હું ચેતું જ છું;...**' જ્ઞાનની દશા દ્વારા હું કર્તા થતો આત્માને ચેતું છું. '**હું ચેતું જ છું.**' સમુચ્ચય કહ્યું છે પહેલું. એવી જ્ઞાનની ક્રિયા દ્વારા હું આત્માને પ્રજ્ઞા દ્વારા ગ્રહણ કરું છું એટલે કે આત્માને ચેતું છે. હવે એના ષટ્કારકો. ઝીણી વાત છે આ. પરવસ્તુ કાઢી નાખી. હવે આત્મામાં ષટ્કારકો પરિણમે છે ભેદરૂપે એની વાત કરે છે. પછી એ ભેદરૂપેય કાઢી નાખશે.

ધર્મી જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પામવાના કાળમાં રાગાદિની ક્રિયા, કષાય મંદ આદિની તો નથી. નિમિત્તની ક્રિયા શરીર, વાણીની પણ આત્મામાં નથી અથવા એ ક્રિયાથી આત્મામાં કાંઈ લાભ થાય એમ નથી. સમજાણું કાંઈ? ફક્ત ભગવાન આત્મા અનંત જ્ઞાન ચેતનાસ્વરૂપ ચેતનાની સાથે અનંત ગુણ છે, એની ચેતનાની જે ક્રિયા એટલે જ્ઞાનની ક્રિયાનું પરિણમન તે એક જ ક્રિયા હોવાથી તે હું ચેતું છું. આત્માને ચેતું (છું), આ દ્વારા ચેતુ છું.

'**ચેતતો જ ચેતું છું,...**' એ કર્તા આવ્યો. જ્ઞાનને જાણતો થકો, ચેતતો થકો, કર્તા

(થતો) થકો સ્વતંત્રપણે હું જ્ઞાનને ચેતતો ચેતું છું. રાગને જાણતો આને ચેતું છું કે રાગ છે કષાય મંદ, માટે હું ચેતું છું આત્માની ક્રિયા, એ ક્રિયા મારી ક્રિયા નથી. નથી એમ ન લેતા હું ચેતું છું મારા જ્ઞાન દ્વારા એ હું કર્તા મારી જ્ઞાનની ક્રિયાનો.

શ્રોતા :- થોડો વધારે ખુલાસો કરો ને.

ઉત્તર :- વધારે?

આ વસ્તુ છે કે નહિ ચૈતન્ય વસ્તુ? જ્ઞાન. હવે એનું પરિણન ચાલે કે નહિ પરિણમન? પર્યાયનું બદલવું. એ બદલવું થાય એ પરિણમવું એ ચેતના એની ક્રિયા કહેવાય. એની રાગાદિ નહિ, પર નહિ કાંઈ નહિ. સમ્યગ્દર્શન પામવા કાળમાં અથવા તેને પામવાના ભેદના કાળમાં એ વિચારે (છે કે) હું તો આત્મા ચેતું છું... ચેતું છું. ચેતતો થકો ચેતું છું-કર્તા. છે ને? **'ચેતતો જ ચેતું છું.'** જાણતો થકો, આ જાણતો થકો. કોને? મને અને રાગાદિમાં રાગનું જ્ઞાન અને મારું એ બધું ચેતવામાં જ્ઞાનમાં આવી જાય છે. રાગાદિ હોય એનું જ્ઞાન અને મારું એ બધું ચેતતો થકો જ એ જ્ઞાનની પર્યાયમાં આવી જાય છે.

'ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું,...' અર્થ કરવો પડ્યો. કર્તા-કર્તા. હું આત્મા કરનારો, સ્વતંત્રપણે રાગ વિના મારી ચેતનાની ક્રિયાને ચેતતો થકો હું ચેતું છું. એમ ધર્મીનો પહેલો આવો ભેદરૂપ વિચાર હોય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું લાગે આમાં. કંટાળા જેવું લાગે કેટલાકને. કંટાળા જેવું નહિ, આ તો કંટાળાને ટાળવાની વાત છે. આમ વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો આમ બદલે છે કે નહિ? રાગાદિ નથી, પુણ્યાદિ નથી, શરીરાદિ નથી. હવે એ વાત તો એકકોર રહી ગઈ. ચૈતન્યમૂર્તિ જે જ્ઞાયકસ્વરૂપ છે એ આમ બદલે છે. ત્યારે કહે છે કે હું ગ્રહણ કરું છું મને. એટલે કે હું મને ચેતું છું, એટલે કે હું મને જાણું છું. હવે એ ચેતતો થકો એ કર્તા લીધું. ઓલી સામાન્ય વ્યાખ્યા કરી પહેલું.

'હું ગ્રહણ કરું છું એટલે હું ચેતું જ છું;...' હું જ મને જાણું છું. હું જ મને જાણું છું. એ ચેતતો થકો, હું મને જાણતો થકો જાણું છું. ન્યાલભાઈ! આ તો બધી જુદી જાતની વાત નીકળી. કોઈ દિ' ક્યાંય સાંભળી નથી અને સાંભળવા મળતી નથી. કરો આ ભગવાનની ભક્તિ અને કરો આ દયા, દાન, કરો વ્રત, જાઓ થઈ જાશે તમારે ધર્મ. એ કારણ થાશે. ધૂળેય નહિ થાય એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? કેમ? ચેતનાર એકલો વીતરાગરસથી ભરેલું તત્ત્વ છે. અકષાયસ્વભાવસ્વરૂપ ચૈતન્ય છે. એ અકષાયસ્વભાવસ્વરૂપ ચેતન એ કર્તા થઈને હું ચેતતો થકો મારા સ્વભાવને જાણતો થકો જાણું છું. ચેતતો થકો, જાણતો થકો, ચેતતો થકો-અનુભવતો થકો અનુભવું છું. આહાહા..! કહો, પકડાય છે કે નહિ આમાં? એ.. માલચંદજી! આ ઝીણું છે આજ તો બહુ. મગજને કસી નાખે એવું થોડું. આહાહા..! આ મગજ ક્યાં? આ તો જડ-માટી-ધૂળ છે. આ તો જડમાં ગયું. અંદર રાગ ઉઠે કોઈ શુભરાગ, શુભરાગ. એ ગયો વિભાવમાં. એ કાંઈ આત્મામાં નથી. આત્માના દ્રવ્ય-

ગુણ-પર્યાયમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા... કહે છે કે હું કર્તા થઈને ચેતતો થકો ચેતું છું. જાણતો થકો અનુભવતો થકો, અનુભવતો થકો, જાણનારને જાણતો થકો જ જાણું છું. આહાહા..! કહો, જ્ઞાનચંદજી!

'ચેતતા વડે જ ચેતું છું,...' હું મારા જાણનાર વડે જ જાણું છું. જાણનાર વડે જાણું છું. હું મને જાણનાર વડે જાણું છું. આહાહા..! કરણ થયું. એ કરણ થયું-સાધન. રાગની મંદતા હતી માટે એ દ્વારા મને જાણવાની ક્રિયા થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? લોકોને નડે આ શુભરાગ કાંઈક પ્રશસ્ત રાગ, શુભરાગ કાંઈક મદદ કરે કે નહિ ધર્મ થવામાં? રાગનો ટેકો મળે ને અંદર પાધરો ટેકો મળે તો અંદર જાય. કહે છે કે વીતરાગ સ્વરૂપ આત્મા એના પરિણમનમાં રાગનો ટેકો જરીએ નથી. સોભાગભાઈ! ભારે વાતું આ.

આખો ચૈતન્ય પિંડલો પ્રભુ છે. કહે છે કે એના ઉપર જ્યાં દૃષ્ટિ પડી એટલે કે એ ચેતના વડે જ ચેતે છે. ચેતતા વડે જ ચેતે છે. જાણનાર વડે જ જાણે છે. જાણનાર વડે જ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગાદિ હો અને પોતે, એ પોતે પોતાને જાણનાર વડે જાણે છે. રાગ છે માટે અહીં જાણે છે એમ નહિ અને રાગનું જ્ઞાન પોતામાં થાય એ પોતે પોતાના વડે જાણતો થકો જાણે છે. ચેતતા વડે જ. કરણ છે એ કરણ. સમજાય છે કાંઈ? આ તો હજી ભેદ અંતરમાં પાડ્યા, પરના સંબંધ વિનાના.

'ચેતતા માટે જ ચેતું છું,...' હું તો મારા સંપ્રદાન છે આ. ચેતતા માટે. મારા જ્ઞાનના અનુભવ માટે અનુભવું છું. મારા જ્ઞાનના અનુભવવા માટે અનુભવું છું. એટલે ચેતના વડે ચેતું છું એ મારા અનુભવવા વડે મારામાં અનુભવ મારો મારામાં રાખીને અનુભવું છું. ભારે વાતું ધર્મની. હળવે હળવે લઈ ગયા કરતા ત્યાં નાખ્યું. છે તો જડથી ભિન્ન જાત. પણ મોક્ષના માર્ગમાં છ કારકો પહેલા સમજાવીને ભિન્ન કીધું, પછી ભિન્ન પાડ્યા. સમજાય છે કાંઈ? વ્યવહારનો વિકલ્પ, તેનો હું કર્તા એ પણ નથી આત્મામાં અને વ્યવહારનો વિકલ્પ તે કર્તા અને નિર્મળ ક્રિયા (વ્યવહાર) વડે નિર્મળ ક્રિયામાં એ સાધન થાય એ બિલકુલ નથી. સમજાણું કાંઈ? આવું એ સત્ સ્વરૂપ જ આવું છે.

'ચેતતા વડે જ ચેતું છું, ચેતતા માટે જ ચેતું છું,...' મારા માટે. જાણનાર માટે જાણું છું. જાણનાર માટે જાણું છું. જાણવાની જે ક્રિયા થઈ એ મારામાં રહી, મેં લીધી અને મેં દીધી. સમજાણું કાંઈ? જાણનાર વડે, જાણનાર વડે જ જાણું છું. ચૈતન્યના જ્ઞાયક વડે જ જ્ઞાયકને જાણું છું. પર વડે હું જાણું છું મારામાં એમ નહિ, તેમ રાગાદિ મંદતા છે મને જરીએ મદદ કરે છે મારી ધાર્મિક ક્રિયા સાધનમાં (એમ) બિલકુલ નથી. કહો, આમાં શું સમજવું? તો પછી આટલા આટલા વર્ષથી આ ત્યાગ કર્યો. સમજાણું? ધર્મનો. એ આમાં શબ્દ આવ્યો છે કે આટલું આટલું આ બધું બાયડી છોકરા બધું છોડો, બધું છોડ્યું. પણ આટલું છોડતા અનંત કાળના મિથ્યાત્વના સંસ્કાર છોડ્યા નહિ ત્યાં તેં શું છોડ્યું? એક

આમાં શબ્દ આવ્યો છે જરી. શું કહેવાય આ? સન્મતિ સંદેશ. વાત તો સાચી ને. ઓલા સંશયની વાત મૂકીને સંશયની. એ પોતાનો લેખ છે પોતે કાંઈક છે. સંપાદકનો લેખ છે ને કાંઈક? .. सब कुछ छोड देता है, किंतु अपनी पुरानी मान्यता ही नहीं छोड सकता. એ પકડ્યું છે ને મિથ્યા ભ્રાંતિ કે રાગથી આમ થાશે, પુણ્યથી આમ થાશે. વિકલ્પ આવ્યો તો એનાથી કાંઈક ધર્મ થાશે. એ બધું છોડે છે. છોડે છે એટલે દેખાય છે એમ લોકોને. છોડે છે ક્યાં? પણ આ પોતાના સંસ્કાર જે મિથ્યાત્વના છે કે આ રાગનો વિકલ્પ છે એ મને મદદ કરશે આત્માના ધર્મમાં. આત્માનો ધર્મ સાપેક્ષ છે, રાગની સાપેક્ષ છે, વ્યવહારની સાપેક્ષ છે. વ્યવહાર હોય તો અહીં થાય એવો જે મિથ્યાત્વભાવ. બધું છોડે પણ આ છોડતો નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈએ લખ્યું છે. સંપાદકનું છે હોં!

મનુષ્ય धन परिवार सबकुछ छोड देता है. किंतु अपनी पुरानी मान्यता ही नहीं छोड पाता. જબકિ સબસે પૂર્વ વહી માન્યતા છોડનેકી વસ્તુ હૈ. પહેલા તો એ જ છોડવાની જે વસ્તુ. હવે એને છોડવું નથી ને આ છોડ્યું... આ છોડ્યું... આ છોડ્યું. બરાબર છે? આ તો આ જરી.. વચમાં નાખ્યું. નહિતર પાછળ નાખે છે. પ્રકાશ.. ગયા હતા ને આપણે કાનપુર. કહો, સમજાણું આમાં?

અંદર જે અભિપ્રાયમાં મિથ્યા સંસ્કાર છે કે કાંઈક આ રાગની મંદતાનો ભાગ વ્યવહાર હોય તો મને આ નિશ્ચય થાય. એવા જે મિથ્યાત્વના સંસ્કાર છે એ પુરાણા સંસ્કાર છે, અનાદિના છે. બીજું બધું છોડ્યું જાય. બાયડી, છોકરા છોડ્યા એ જુદા હતા. .. નાગો થઈને થઈ ગયો નગ્ન મુનિ લ્યો. ઓલા જે સંસ્કાર મિથ્યાત્વના છે એ છોડ્યા નહિ તો એ છોડવા લાયક તો પહેલું એ છે. અને એ છોડ્યું નહિ (તો) તેં છોડ્યું શું? આ તો એણે નિમિત્તથી કથન નાખ્યું. બાકી .. લ્યો ... બાયડી નહિ, છોકરા નહિ, વેપાર નહિ, ધંધો નહિ, લઈ જાવ દુકાન-બુકાન છોડીને જંગલમાં. શું છોડ્યું તેં? અનાદિના સંસ્કાર કે જે આત્માનો સ્વભાવ રાગથી, નિમિત્તથી પર છે, એને પરથી લાભ થાય એવા રાગની મંદતાથી આ નિમિત્ત મળ્યું માટે લાભ થાય એવો જે મિથ્યાત્વ સંસ્કાર છે એ તો છૂટ્યો નથી. એ છૂટ્યા વિના તેં છોડ્યું આ એમ વ્યવહારે પણ કેમ કહેવાય તને? સમજાણું કાંઈ? આહાહા..!

આપણે ભાઈ ભગવાનને પકડી રાખો. ભગવાનને પકડશે તો કો'ક દિ' કલ્યાણ થાશે. કહે છે કે એ મિથ્યાત્વ સંસ્કાર છે. ભગવાન એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યને આપણે શ્રદ્ધામાં પકડી રાખો તો શ્રદ્ધા પરદ્રવ્યની તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ રાગથી આત્માને કલ્યાણ થશે એવો જે મિથ્યાત્વ સંસ્કાર, એને તો છોડવા નથી. અને પછી બધું આ છોડ્યું... આ છોડ્યું.. શું છોડ્યું તેં? સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે રાગની મંદતા તો સાધન નથી પણ હું મારા ચેતનારો સાધન એ

પણ ભેદ પાડું છું એ પણ હજી વિકલ્પ છે. મારામાં છ પ્રકારના ભેદ પાડું છું એ પણ એક વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ચેતતા માટે જ ચેતું છું,...**' મારી જ્ઞાનની પર્યાય શુદ્ધતા, પવિત્રતા એવી ચેતતા ચેતનારો હું એને માટે ચેતું છું. મારામાં જે પર્યાય પરિણમીને રહે એવો હું છું. રાગ થાય એ તો પરવસ્તુ થઈ ગઈ. '**ચેતતામાંથી જ ચેતું છું,...**' હું ચેતતામાંથી જાણનારમાંથી જાણું છું. જાણનારમાંથી જાણું છું. અહીં તો ચેતતા બે ભેગું નાખ્યું છે હોં. પછી જ્ઞાન-દર્શન જુદા પાડશે. મૂળ તો અહીં જ્ઞાન-દર્શન ભેગા કરીને ચેતના લીધી. એક એકને બે જુદા પાડશે.

ચેતના, ચેતતામાંથી, ચેતના, ચેતતો આત્મા એમાંથી હું ચેતું છું, એમાંથી ચેતું છું. ઓલો રાગ છે, પુણ્ય છે, વ્યવહાર છે, એને લઈને ચેતું છું, એને લઈને ચેતું છું એમ નથી. વસ્તુ એમ છે નહિ. રાડ પાડેને ઓલા કે પણ વ્યવહાર-વ્યવહાર, વ્યવહાર સાપેક્ષ વીતરાગ નિશ્ચય છે કે નહિ? એ વ્યવહાર સાપેક્ષ ન હોય તો નિશ્ચય એકલો એકાંત થઈ જાય છે.

અહીં કહે છે કે નિશ્ચય એકાંત થાય એ સમ્યક્ છે. વ્યવહારની સાપેક્ષતા એમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શું કરે? વીતરાગનો માર્ગ વીતરાગથી ઊભો થાય છે-વીતરાગ પર્યાયથી. એ વાત સાંભળી ન હોય અને પછી ઘૂંટ્યું હોય. અને શાસ્ત્ર વાંચે તો એ રીતે વાંચે. જુઓ! આમાં આમ કહ્યું છે, જુઓ! આમાં આમ કહ્યું છે. બધું કહ્યું છે તો શું એનો અર્થ છે? વ્યવહાર સાધન કહ્યું છે લ્યો. પંચાસ્તિકાયમાં. વ્યવહાર સાધ્ય-સાધન કહ્યા છે, નિશ્ચય સાધ્ય-સાધન કહ્યા છે. કહ્યા છે કે નહિ? એય..! એણે લખ્યા છે અર્થ બધાય. પછી નીચે વળી અર્થ કર્યા પાછા કે બધું આમ છે ને તેમ છે ને ઢીંકણું છે.

મુમુક્ષુ :- એમ કરીને બધું ઉડાડી

ઉત્તર :- ઉડાડી દીધું. સંસ્કૃતમાં હતું એવું લખ્યું. પણ પાછું નીચે ઉડાડીને કીધું વ્યવહારથી કહ્યું છે, આમ છે, તેમ છે. આહાહા..! ભાઈ! એ તો નિમિત્ત ત્યાં કોણ હતું એનું જ્ઞાન (કરાવે છે). પણ એ રાગની મંદતા તેનાથી તેનામાંથી ચેતુ છું એમ છે જ નહિ. એકલો જ્ઞાન ભગવાન આત્મા જ્ઞાનચેતનાથી ચેતું છું. ચેતનામાંથી ચેતું છું. ચેતનામાંથી ચેતું છું. રાગમાંથી ચેતું છું અને રાગને આધારે ચેતું એ મારામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**ચેતતામાંથી જ ચેતું છું,...**' આધાર. ઓલું થી-થકી હતું. થી હતું. ચેતનામાંથી એમાંથી ચેતું છું. રાગમાંથી ચેતું છુ એમ નહિ. ચેતતામાં ચેતું છું. ચેતનામાં ચેતનામાં જ ચેતું છું. જ્ઞાતામાં જ્ઞાનપણાને ચેતું છું. અહીં તો બેય ભેગું છે જ્ઞાન-દર્શન. ચેતતામાં જ ચેતું છું. ચેતતામાં, જ્ઞાન દર્શનરૂપી સામાન્ય જે ભાવ એમાં હું ચેતું છું. પરને આધારે નહિ. નિમિત્તને આધારે, વ્યવહારને આધારે હું ચેતતો નથી, એવો ભેદ પાડીને હજી વિકલ્પ છે. ખરેખર એ પણ મારા સ્વરૂપમાં ભેદ છે નહિ. ભારે. નિમિત્ત કાઢી નાખ્યું, વ્યવહાર કાઢી નાખ્યો.

હવે એના છ પ્રકાર છે એ કહીને પછી કાઢી નાખશે. આવશે ને? '**भित्त्वा सर्वमपि स्वलक्षणबताद्धेत्तुं**' (જે) કાંઈ ભેદી શકાય છે તે સર્વને. એમ છે ને? '**यच्छक्यते**' એ ને? ભેદી શકાય છે. '**द्धेत्तुं यच्छक्यते**' જે ભેદું. ભેદવા યોગ્ય છે એ કાઢી નાખી, ભેદીને તે સર્વને. એટલે કે નિમિત્ત તો નહિ. ભેગા ગુરુ મળ્યા અને જ્ઞાની મળ્યા માટે અહીં જ્ઞાન થાય એમ તો નહિ. પણ એને શ્રદ્ધ્યા એવો વિકલ્પ થયો માટે એને લઈને અહીં જ્ઞાન થાય સમ્યક્ એમ નહિ. પણ અહીં મારા વડે થાય એવા છ ભેદના વિકલ્પ વડે પણ જ્ઞાન થાય એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**चेततामां ज...**' આધાર છે. આધાર. સમજાણું કાંઈ? '**चेततामां ज चेतुं छुं,...**' ચેતનાને ચેતું છું. પછી ચેતનાને એ આત્માને ચેતું છું. આત્માને જ ચેતું એ એનું કર્મ થયું. છેલ્લું. કર્મ એટલે કાર્ય. મારું કાર્ય આત્માને ચેતું છું એ મારું કાર્ય. રાગને ચેતું છું, પરને ચેતું છું એ મારામાં છે નહિ. આહાહા..! પરનું કરવું તો નથી, પરથી થતું નથી પણ પરને ચેતું છું એ મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એકાંત ઓલા વેદાંત કૂટસ્થવાળાને તો એવું લાગે, આ શું કહે છે આ બધું? આટલા આટલા ભંગ. આટલી પર્યાયો, અવસ્થાઓ એની, એમાં રાગ કાઢી નાખ્યો. પર્યાયમાં આમ છે ને તેમ છે, અકર્તા છે, આમાં એવા ભેદ છે. એ ભેદ પણ ઉઠ્યા એ કહે છે, ભલે હો. અભેદ દૃષ્ટિમાં ભેદ છે નહિ. આહાહા..!

'**चेतताने ज चेतुं छुं.**' એટલે મને જ હું જાણું છું. મને જ હું જાણું છું. કહો, સમજાણું કાંઈ? મને જ હું જાણું છું. જાણનારને જાણું છું. જાણનારને જાણું છું. જણાવાયોગ્ય વસ્તુ એને જાણું છું એમ પણ નહિ. સમજાણું કાંઈ? મૂળજીભાઈને એમ બોલ્યા હતા છેલ્લે. આપણે મૂળજીભાઈ હતા ને? વાંચેલું બહુ. રુચિ બહુ ઘણી. લાખાણી. રાજકોટ. ઓળખતા હતા પ્રેમચંદભાઈ? ત્યાં મુખ્ય હતા ને મંત્રી? મંત્રી કહેવાય? શું કહેવાય? સેક્રેટરી. જે હોય એ. આ.. દુઃખો બહુ. ... ૮૧-૮૨ વર્ષ થયા હશે નહિ? હતો એનો .. સવારમાં થોડું થયું હતું. બોલાવો ડોક્ટરને. ઓલા છોકરાઓ કહે. પૈસાવાળા માણસ ઘણા લાખોપતિ. અહીં કહે, બોલાવો લાલચંદભાઈને. આ કહે બોલાવો લાલચંદભાઈને. લાલચંદભાઈ આવ્યા. ભાઈ! આ દેહના દુઃખ છે તે જ્ઞાનમાં જણાય છે, હોં. દેહનું દુઃખ. આવે છે ને? 'દેહનો ધર્મ જીવપદમાં જણાય છે.' શ્રીમદ્માં. દેહ છે, આ રોગ થાય છે એ જ્ઞાન એને જાણે છે. જ્ઞાન એને જાણે છે. મૂળજીભાઈ! આ આત્મા આ રોગ થાય છે એ એનામાં નથી. આત્મામાં નથી. આ જે ભીંસ પડે ને? અહીં છે ને આ તો. આ અહીં છે ને ઓલું અહીં છે. પિત્તવાળું શું કહે? લીવર. સંચા છે ને બધા? શરીરમાં રોગ થાય છે એ આત્મા જાણે છે. ત્યારે જવાબ આપે છે. શેઠિયા! મૂળજીભાઈને ઓળખતાને? લાખાણી નહોતા? આત્મા રોગને જાણે? કે આત્મા આત્માને જાણે? એમ જવાબ આપ્યો હતો. મરવાના ટાણા હોં, દેહ છૂટવાના. રોગને જાણે? આ દેહમાં રોગ છે એને જાણે આત્મા? કે આત્મા આત્માને જાણે? પુરુષાર્થનું

જરી જોર હતું. સમજાણું કાંઈ? ...

કહે છે કે '**चेतताने ज चेतुं छुं.**' હું તો મને જ ચેતું છું. મારું જ કાર્ય મારામાં મારું. મને જાણવું એ મારું કાર્ય છે. મને જાણવું એ મારું કાર્ય છે. રાગને જાણવું એ મારું કાર્ય છે જ નહિ. દેહના રોગને જાણવું એ મારું કાર્ય છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? બાપા! એના અંતરની રમતું એકલી ચૈતન્યના આશ્રયે થાય છે એ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યગોળો તદ્દન રાગથી ભિન્ન છે. એ વાંધા છે ને. અગાસમાં બહુ ચર્ચા થઈ બપોરે ત્યારે એક મારવાડી આવ્યા, મારવાડી. રાત્રે. પણ તમે વાત કરો છો પણ હવે એનું સાધન શું? સાધન આ. એમ કે ભક્તિ કરવી, ગુણગ્રામ ગાવા, એ સાધન. ધૂળેય સાધન નથી. એય..! ત્યાં એક હતા મારવાડી વૃદ્ધ હતા વૃદ્ધ કોઈ.

શ્રોતા :- ફૂલચંદ સોગાદી

ઉત્તર :- ફૂલચંદ સોગાદી. . વાળા. વ્યાખ્યાન સાંભળ્યું બપોરે. ભાઈ તો બોલ્યા. દેવજીભાઈ કે કોણ કહેતું હતું? ચોકીદાર. એ તો બોલ્યા કે આવું સૂક્ષ્મ ભારે વાત અહીં ચાલતી નથી. એમ બોલ્યા. ઓલો રાતે આવ્યો. બધી વાત (સાચી) પણ આમાં સાધન કરવું શું? અમારે આનું કાંઈ કરવાનું ખરું? એમ કે જાપ કરવો, ભક્તિ કરવી, ગુણગ્રામ ગાવા, આ કરવું, આ કરવું... બધું સાધન? કીધું, સાધન કાંઈ નહિ. આકરું લાગે, બહુ આકરું લાગે. સમજાણું કાંઈ? 'વાડા બાંધીને બેઠા રે પોતાનો પંથ કરવાને.'

અહીં તો વીતરાગનો માર્ગ તો આ છે. હું મને જાણું છું. પર ઉપર લક્ષ છે કે સ્વ ઉપર લક્ષ છે? બરાબર છે? હું મને જાણું છું એ મારું કાર્ય-કામ. હું મને જાણું છું એ મારું કામ છે. ઓહોહો..! વ્યવહારથી લાભ ન થાય પણ વ્યવહારને જાણે એ અહીં ન લીધું, ભાઈ! વિમલચંદજી! આહાહા..! વ્યવહારથી કાંઈ અહીં થાય, રાગની મંદતાથી (થાય) એ તો વાત ક્યાંય કાઢી નાખી ઝાટકીને. પણ એ વ્યવહારને હું જાણું છું એ કામ મારું નહિ. હું તો મને જાણું એ મારું કામ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'તે તે રંગ ત્યાંના રે .. ...' એ રંગ અંદરની વાત છે, કહે છે. આહાહા..! કેટલી જોવે ધીરજ અને કેટલી જોવે અંદર શાંતિ. સમજાણું કાંઈ? બહારના બધા વમળ અને ઉછાળા સમાઈ જાય ત્યારે એને ઓળખવા એમાં જાય.

કહે છે કે હું પોતે મને જાણનાર મને જાણું છું. મને હું જાણું છું, હોં! મને જાણું એ જાણવાનું કાર્ય મારું, મને જાણું છું. પરને જાણું છું એમ નહિ. ઓલા રાડ પાડે. સર્વજ્ઞ... હવે સાંભળને! સર્વજ્ઞ પોતાને જાણે છે. સાંભળ તો ખરો. એ તો પરને જાણવું કહેવું એ તો વ્યવહાર છે. ત્યારે જુઓ વ્યવહાર થઈ ગયોને પરને જાણવું. એમ નહિ. પરમાં તન્મય થઈને જાણતા નથી. બાકી પોતાની પર્યાયમાં સ્વ અને પરનું આખું જ્ઞાન એ પોતાનું છે તેને એ જાણે છે. આહાહા..! એની ચર્ચા લીધી. .. જુઓ! સર્વજ્ઞને માનો છો કે નહિ?

સર્વજ્ઞ તો વ્યવહાર છે ઉપચાર. સાંભળને. સર્વજ્ઞ એ નિશ્ચય છે. સર્વજ્ઞ સ્વપર્યાય પોતાને જાણે છે પૂરી તેને સર્વજ્ઞ કહીએ. પરને જાણે છે એમ કહેવું એ તો બીજી ચીજ થઈ ગઈ, એ તો વ્યવહાર થઈ ગયો. સ્વ અને પરનું જેટલું જ્ઞાન પોતાનું પોતાનું છે તેને તે સર્વજ્ઞ તે પોતે જાણે છે એટલે પોતે પોતાને જાણે છે. સર્વજ્ઞ પર્યાય, સર્વજ્ઞ પર્યાય એ પોતે પોતાને જાણે છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને પૂર્ણ જાણે છે. પૂર્ણ એને જાણે છે. ઓલાને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. એથી વ્યવહાર છે માટે સર્વજ્ઞ જાણતો નથી એમ નહિ. આહાહા..! મોટી તકરાર, વાંધા ત્યાં. મોટા મોટા પંડિતો ગોથા ખાય છે ત્યાં.

અરે.. ભાઈ! એમ ન હોય બાપુ! એ પ્રભુ ભગવાન કોઈની અપેક્ષા રાખ્યા વિના પરિણમે એવો એ છે. એનામાં સર્વજ્ઞગુણ છે. એ સર્વજ્ઞશક્તિ છે. એનું લક્ષ કરીને જે અંદર એકાકાર થઈને સર્વજ્ઞદશા થઈ એ તો પોતે પોતાને જાણે છે. સમજાણું કાંઈ? નદીના પાણીને જાણતો, નદીમાં દેખાય એ નક્ષત્ર આદિ એ તો પાણીની અવસ્થા તેને એ જાણે છે. આમ પાણી હોય ને નદીમાં? એમાં નક્ષત્ર (દેખાય). એ તો પાણીની પર્યાયને જાણતા ઓલું જણાઈ જાય. એ ઓલું જણાઈ જાય છે કહેવું વ્યવહાર છે. એ તો ખરેખર પોતાની જ પર્યાય આખી છે. જળની જ પર્યાય સ્વચ્છ અને .. અંદર જાણી એ તો જળની પર્યાયનું પરિણમન છે. સુમેરુમલજી! આહાહા..!

એમ ભગવાન આત્મા ચૈતન્ય અરિસો એની જ્ઞાન પર્યાયમાં પોતાને અને પરને જાણવાની પોતાની પર્યાય છે તેને જ હું જાણું એ જ મારું કાર્ય છે. આહાહા..! પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા. ભારે વાત ભાઈ! જૈનદર્શન એટલે વસ્તુ સ્વરૂપ છે ઈ. એ સ્વરૂપ સમજવું અનંત પ્રયત્ન માગે છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**ચેતતાને જ ચેતું છું.**' એ જાણનારને જ જાણું છું. એમ. આ બે ભેગુ છે. આ તો સહેલું થવા માટે કહ્યું છે. '**અથવા...**' હવે કાઢી નાખે છે. એના ને એના છ ભંગનો ભંગ છે એ પણ મારા સ્વરૂપમાં નથી. ભેદ છે એ વસ્તુમાં નથી. અભેદ ચૈતન્યમાં વળી છ ભંગ કેવા? ઈ છે એનો ઈ છે. સમજાણું કાંઈ? '**નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો,...**' લ્યો! સમજાણું? નથી ચેતતો થકો ચેતતો એ કર્તા છે. નથી ચેતતો એ સામાન્ય આવી ગયું. એ સામાન્ય. '**નથી ચેતતો થકો ચેતતો,...**' એ કર્તા. '**નથી ચેતતા વડે ચેતતો,...**' ચેતતા વડે, સાધન વડે ચેતતો એ નહિ. રાગ વડે જાણું છું, નિમિત્ત વડે જાણું છું એ તો નહિ, પણ ચેતના વડે ચેતું છું એ નહિ હું. ભેદ છે ને ભેદ? આહાહા..!

'**નથી ચેતતા માટે ચેતતો,...**' મારા ભેદ વડે ચેતતા માટે ... છું એવો ભેદ પણ મારામાં નથી. અભેદ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છે એની દૃષ્ટિમાં આ ચેતતા વડે ચેતતો એ પણ એમાં નથી. આહાહા..! એ આમ થઈ શકે એવું એનામાં સામર્થ્ય છે હોં! એમ ન માનવું કે આવી વાત, આવી વાત કેમ થઈ શકે? થઈ શકે એવી આ વાત છે. આગળ કહેશે ને?

ભેદી શકાય એવું ભેદાય છે. પણ ભેદી શકાય એવું એનું સામર્થ્ય છે કે નહિ? આહાહા..! સમજાણું કાંઈ?

'**નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો,...**' થકી પાંચમી (વિભક્તિ). ચેતતામાંથી ચેતતો એ પણ ભેદ છે. એ હું નથી. હું તો અભેદ જ્ઞાયક. '**નથી ચેતતામાં ચેતતો;...**' છઠ્ઠી. આધાર. '**નથી ચેતતા માટે ચેતતો;...**' છઠ્ઠી નહિ એ તો આધાર. '**નથી ચેતતામાં ચેતતો,...**' હું ચેતનાને ચેતતો નથી. ઓહોહો..! હું મને જાણતો નથી. લે! આ કેવું? એય.. વજુભાઈ! એટલે કે ઓલો ભેદ નથી એમ કહે છે. આ હું મને જાણું... હું મને જાણું એ તો ભેદ થઈ ગયો.

શ્રોતા :- ...

ઉત્તર :- નિર્વિકલ્પ થઈને જોશે ત્યારે એને સમજાશે. આ કહે છે કે નિર્વિકલ્પ થઈને સાંભળે તો. નિર્વિકલ્પ થઈને સાંભળે ક્યાંથી? આ એવી એક મૂકે છે ને હેઠે. એનો અર્થ કે કાંઈ બરાબર સમજતા નથી એમ થાય. આહાહા..!

અરે.. બાપુ! તારું સ્વરૂપ જ એવું છે ને ભાઈ! પ્રભુ તું છો. અનંત ગુણે સામર્થ્યે પ્રભુ છો. તારા ગુણમાં કર્તા આદિ ષટ્કારકો છે. એ ષટ્કારક એકસાથે છે અને એકસાથે તેનું પરિણમનમાં ભેદ પરિણમન છે એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર...**' જુઓ! આ સર્વવિશુદ્ધ શરૂ થાય છે ને હવે આગળ? એનો ઉપોદ્‌ઘાત થવા માંડ્યો હવે. મોક્ષ અધિકાર. '**પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર...**' ચૈતન્યમાં.. ચૈતન્યમાં અભેદ ચૈતન્યમાં. નિમિત્તના અભાવવાળો, રાગના વિકલ્પના અભાવવાળો અને ભેદના અભાવવાળો હું ચૈતન્યમાત્ર સર્વવિશુદ્ધ એકરૂપ છું. એવી અંતર દૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ? મોંઘુ થતું થતું તો ક્યાં લઈ ગયા? કો'ક કહે, સોનગઢનું સમકિત મોંઘુ. વળી એક જણો એમ કહેતો હતો. સમકિત પણ કોના ઘરનું હતું? એ તો આત્માના ઘરનું છે. એય..! સોનગઢે બહુ સમકિત મોંઘુ કરી દીધું. ઓલા તો સહેલું સટ. જાવ. ભગવાનને માનો, આ માનો, આ દેવ નવ તત્ત્વને માનો, દેવ-ગુરુ-શાસ્ત્રની અર્પણતા કરો, જાવ. અહીં કહે છે કે લાખ વાતે નવ તત્ત્વના અનુભવ ભેદનો કર તોપણ મિથ્યાત્વ છે. લ્યો. ભગવાને કહેલા નવ તત્ત્વનો નવ રૂપે ભેદ રૂપે અનુભવ થવો એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

એકરૂપ ચૈતન્ય સર્વવિશુદ્ધમાત્ર છે. જેમાં ભેદ પણ ઉઠતા નથી એવી એ ચીજ છે. એવો ચૈતન્યમાત્ર સર્વવિશુદ્ધ તે હું છું. એ તો સમજાવે છે હોં! સર્વવિશુદ્ધ ચૈતન્યમાત્ર પણ હું છું એવો વિકલ્પ નહિ. આ તો સમજાવે ત્યારે શું કહે? જુઓ! '**પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું.**' આવો ભાવ છું એવો પણ એક વિકલ્પ છે. પણ અહીં સમજાવે છે કે ત્યાં આવો થઈ જાય છે. એક સર્વવિશુદ્ધ ચૈતન્યમાત્ર છું એવું થઈ જાય છે. એમ. સમજાણું

કાંઈ? ભાષા તો હું સર્વવિશુદ્ધ ચૈતન્ય છું, અભેદ છું. એ વિકલ્પ થયો. પણ ત્યાં અંતરદૃષ્ટિમાં એકરૂપ થતાં તે સર્વવિશુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે, થઈ જાય છે. એવો છું એમ અહીંયાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અનેકાંત કરો, નહિતર એકાંત થઈ જશે. વીતરાગનો માર્ગ અનેકાંત છે. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય, નિમિત્તથી પણ થાય, ભેદથી પણ થાય, અભેદથી પણ થાય. અહીં કહે છે કે અભેદથી થાય, ભેદથી ન થાય. સ્વભાવથી થાય, રાગથી ન થાય. સ્વથી થાય, નિમિત્તથી ન થાય. સમજાણું કાંઈ? એ અનેકાંત તે અમૃત છે. એ અનેકાંત તે અમૃત છે.

જુઓ! ઓલામાં જ-જ શબ્દ આવ્યો હતો ને બધે? જ. મને જ ચેતું છું. એમ મને જ ચેતું છું એ તો એકાંત થઈ જાય. થોડુંક એમ કહે ને, મને ચેતું છું અને પરને ચેતું છું એમ લ્યોને. સમજાણું કાંઈ? એનો અર્થ એવો છે કે શુદ્ધ ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ પડતાં ત્યાં ભેદપણું રહેતું નથી. રાગ તો રહેતો નથી, નિમિત્ત તો એમાં રહેતું નથી પણ ભેદ પણ રહેતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આવી ચીજ દૃષ્ટિમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન અને અભેદ દૃષ્ટિ થઈ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વથી મુક્ત થયો.

'**ભાવાર્થ :- પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક...**' જ્ઞાનની પર્યાયરૂપી, અવસ્થારૂપી પ્રજ્ઞા, જ્ઞાનની અવસ્થારૂપી પ્રજ્ઞા એ દ્વારા જુદો કરવામાં આવ્યો એ ચેતક '**તે આ હું છું...**' તે આ હું છું '**અને બાકીના ભાવો મારાથી પર છે; માટે (અભિન્ન છ કારકોથી) હું જ,...**' લ્યો, અભિન્ન છ કારકો તો લીધા હોં પાછા. ઓલા ભેદવાળા પણ અભિન્ન લીધા, ભાઈ. અભિન્ન એટલે ઓલા પરવાળા નહિ એમ. પ્રશ્ન ઉઠ્યો હતો ને એ? (સંવત) ૧૯૬૨માં. છ કારક પોતાના પોતાથી અભેદથી છે. પરની અપેક્ષા વિના વિકાર કરતા પોતે છે. નિશ્ચયથી પોતે કર્તા વિકારનો, પોતે કરણ, પોતે સાધન, સંપ્રદાન, પોતે આધાર, પોતે સંપ્રદાન અને અપાદાન. એ તો અભિન્ન કારકની વાત છે. પણ અભિન્નની જ વાત છે આ. પરની અપેક્ષા કર્મના ઉદયની અપેક્ષા વિના જીવ આત્મા વિકારપણે કર્તા, કર્મ, કરણપણે ષટ્કારકપણે નિરપેક્ષપણે પરિણમે છે. વિકારમાં હોં! આ તો નિર્વિકારની વાત અત્યારે ચાલે છે. આહાહા..! વિકારપણે આત્મા પરિણમે કર્તા થઈને એ પણ સ્વતંત્રપણે પરની અપેક્ષા વિના. કર્મના ઉદયની, નિમિત્તની અપેક્ષા વિના. ભાઈ! ૬૨મી ગાથા પંચાસ્તિકાયની આવે છે ને. મોટી ચર્ચા દસ વર્ષ પહેલા થઈ, પંડિતજીની સાથે. બધા બેઠા હતા.

નિરપેક્ષપણે આત્મા વિકારનો સ્વપર્યાયનો પરની અપેક્ષા વિના નિરહેતુક કર્તા-કર્મ આદિનો પોતે જ છે. એ નહિ. અભિન્ન. પણ અભિન્નનો અર્થ શું થયો? પરના નહિ એમ. આ જુઓ આવ્યું. નહિતર અભિન્ન.. એ આવ્યું આ. ઓલું અભિન્ન જુદું રહી જાય છે. અહીં તો અભિન્ન એટલે પરના નહિ. બસ. પરના નહિ એને અભિન્ન કહ્યું. આ તો ઓલો અભિન્ન શબ્દ આવ્યો

હતો ને ત્યારે? બેય જણા બોલ્યા હતા. એ અભિન્ન કારક છે. પણ અભિન્ન કારક એટલે શું? પોતાની પર્યાયમાં પોતે વિકાર સ્વતંત્રપણે કરે, સ્વતંત્રપણે કરણ થાય, સ્વતંત્રપણે પોતાથી થાય, પોતાને આપે અને પોતે રાખે અને પોતાના આધારે થાય. એમાં પરની અપેક્ષા, ઉદયની અપેક્ષા, કર્મનો ઉદય છે માટે થાય એ તો વ્યવહારની અપેક્ષા થઈ. સમજાણું કાંઈ? રાડ નાખી ગયા કે આહાહા..! આ તો પકડાણા. સોનગઢવાળા પકડાણા કે આહાહા..! વિકાર નિરપેક્ષ? પરની અપેક્ષા વિના પોતાથી થાય આહાહા..! લખો ચારે કોર હવે. હવે લખાઈ ગયા છે બધાય. લખો ત્યાં શેઠ ઉપર શાહૂજી ઉપર. પૂછો એને. આવ્યા. આહાર કરીને બેઠા હતા ત્યાં આવ્યા. શું હતું? ઉત્તર અપાઈ ગયા છે. આ તો શેઠને... શેઠ એટલે શું પણ? અમારે શું છે? શાહૂજી આવ્યા હતા. ભાઈ હતા. કેવા? ગજરાજ. ગજરાજને ત્યાં આહાર કરતા હતા. ત્યાંથી એક પ્રશ્ન આવ્યો છે કે વિકાર નિરહેતુક છે કે સહેતુક છે? ફલાણું છે કે ઢીંકણું? એમ પ્રશ્ન હતો. એ ઉત્તર અપાઈ ગયા છે ત્યાં. .. માં કહ્યું હતું ને ભાઈ બે વાગે? .. બે વાગે .. પહેલા મળ્યા ત્યારે. જુઓ નિમિત્ત.. હવે ક્યાં .. હવે છે બધે. આ વસ્તુને સમજે નહિ અને ધોકાપંથી.

અહીં તો વિકાર... વિકાર... વિકાર... સંસારની પર્યાયનો વિકાર ઉદયભાવ જીવની પર્યાયમાં, હોં. એ પણ પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે નિશ્ચયથી જે વિકારની પર્યાયને પોતે કરે અને પોતાના આધારે કરે. નિમિત્તને આધારે નહિ અને પરને આધારે નહિ. ... ઝીણું પડે. જુઓ! નિમિત્ત વિના થાય એટલે સ્વભાવ છે. હવે સાંભળને. એ પર્યાય સ્વભાવ છે. પર્યાયનો એક સમયનો સ્વભાવ છે. નિમિત્તને લક્ષે થાય છે તેથી એને વ્યવહારથી થયો એમ કહેવામાં આવે છે. ... કહો, સમજાણું આમાં?

જગતને મિથ્યાત્વના સંસારના લાકડા ખસવા ભારે કઠણ. બીજું બધું જાય પણ એ આકરું કામ ભારે. હજી તો વિકારમાં પાછું હોં! વિકાર.. આ લખ્યું આત્માવલોકનમાં. નિમિત્ત વિના થાય તો સ્વભાવ થઈ જાય. એ પણ મોટી તારી ભૂલ છે. એમ આવે એમાં. એ તો વિકારને અનિત્યપણું સ્થાપવા અને કાયમ રહેનારી ચીજ નથી અને એ વિકારી છે માટે પરના લક્ષે થાય છે એટલું સિદ્ધ કરવું છે. પણ જ્યાં લક્ષ વિના થાય છે એમ સિદ્ધ કરવું પોતાથી પોતાથી થાય છે. સમજાણું કાંઈ? એ તો નીકળી ગઈ વાત, એ તો સંસાર છે.

અહીં તો હવે મોક્ષમાર્ગમાં આવનારો જીવ. આ છ પ્રકારના ભેદ એ પરના, એ તો નહિ. અભિન્ન કારક રહ્યા હવે પોતામાં. પોતામાં એનું નામ અભિન્ન. છે પોતામાં હજી એ ભિન્ન, પણ ઓલા પરની અપેક્ષાએ અભિન્ન. પરના જે રાગનો કર્તા અને વ્યવહારનો કર્તા, નિમિત્તનો કર્તા એ રહ્યું નહિ. કહો, સમજાણું આમાં? એ તો પહેલેથી શબ્દ હશે ને એમાં? સંસ્કૃતમાં. જયચંદ્ર પંડિત. ... ૨૯૭. અભિન્ન શબ્દ છે ને એટલે જોવાનું. .. પાઠમાં એણે નાખ્યો છે કે નથી નાખ્યો? સર્વવિશુદ્ધ. ભાવાર્થ છે ને? .. અભિન્ન છ કારક.. લખ્યું છે

હોં. તો અભિન્ન છ કારક લગાવવા. એટલે અહીં તો એનો શબ્દ છે એનો. અભિન્ન કારક છે પરથી જુદું એ અપેક્ષાએ ભિન્ન એમ મારું કહેવું છે. નહિતર છે બેય ભિન્ન. પણ પરથી ભિન્ન છે એ અપેક્ષાએ એને અભિન્ન (કહ્યું છે). જુઓ છે. 'તો અભિન્ન છ કારક લગાને.' પછી કહ્યું આ 'મૈં મુજકો મેરે લિયે' આવે છે ને. કઈ ગાથા? ૯૭ છે એ. બરાબર છે. અભિન્નની વ્યાખ્યા કરી એમ. છે તો આ પણ હજી ભિન્ન. સ્વની અપેક્ષાએ, અભેદની અપેક્ષાએ. પણ અભિન્નનો અર્થ પરની જ્યાં અપેક્ષા રહી નહિ, પરનું ભિન્નપણું છે એનું. એના ને એનામાં છ એની અપેક્ષાએ અભિન્ન કહ્યા. સમજાણું કાંઈ?

આત્મા ને આત્મામાં હું. જુઓ! '**હું જ, મારા વડે...**' હું એ કર્તા. મારા વડે કરણ. મારા માટે સંપ્રદાન, મારામાંથી તે અપાદાન, મારામાં જે આધાર, મને ગ્રહણ કરવું એ કરણ. એવા આ છને અભિન્ન કહ્યા. જયચંદ્ર પંડિતે પણ એ અભિન્ન કહ્યા. અભિન્નનો અર્થ સ્વમાં થયા, પરની અપેક્ષા વિનાના એને અહીંયાં અભિન્ન કહેવામાં આવ્યા. નહિતર તો પોતાના અભિન્નની અપેક્ષાએ તો ભિન્ન છે, ભેદ છે. ભેદ છે. સમજાણું કાંઈ? આમાં તો બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. ઓલું નિર્વિલ્પ કહેતા હતા. વિકલ્પ ઘટાડીને સમજે તો સમજાય એવું છે. નહિતર નથી સમજાય એવું આમાં. નિર્વિકલ્પ થઈને સમજે તો નહિ પણ વિકલ્પ થોડા બીજા મંદ પાડીને સમજે તો સમજણ પડે. કહો, આહાહા..!

કહે છે, અભિન્ન એટલે હું જ કર્તા, મારા વડે '**મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું.**' એટલે ચેતું છું. ગ્રહણ કરું એટલે શું? પકડવું છે? ચેતું છું, જાણું છું એનું નામ ગ્રહણ કરવું. '**કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.**' લ્યો! એ ચેતવું, જાણવા-દેખવાનું અભિન્નપણું તે જ એક આત્માની ક્રિયા છે. ક્રિયા એ એક ક્રિયા છે. બીજી આત્માની કોઈ ક્રિયા નથી. કહો, સમજાણું કાંઈ? દયા, દાન, ભક્તિના વિકલ્પ એ આત્માની ક્રિયા છે જ નહિ. સમજાણું કાંઈ? એક વખત તારણસ્વામીએ લખ્યું હતું. છતાં એણે થોડુંક નાખ્યું છે પાછું. ... તારણ સ્વામી .. મૂર્તિ નથી .. કરીને? એટલે .. આ તારણસ્વામી થઈ ગયા છે ને. ભગવાનદાસ. ભગવાનદાસના .. તારણ સ્વામી. .. નથી. છતાં એ શુભભાવ એણે પોતે નાખ્યો જરી.

'**કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.**' રાગની ક્રિયા રાગરૂપે થવું, નિમિત્તરૂપે થવું, નિમિત્તથી થવું એવું તો એનામાં છે નહિ. '**માટે હું ચેતું જ છું;...**' હું ચેતું છું. '**ચેતનારો જ, ચેતનાર વડે જ,...**' હું ચેતું છું સામાન્ય થઈ ગયું. ચેતનારો જ એ કર્તા થઈ ગયો. ચેતનાર વડે જ કરણ થઈ ગયું. ચેતનારો હું, ચેતનાર વડે તે જ હું. મારા વડે. '**ચેતનાર માટે જ,...**' મારા માટે. '**ચેતનારમાંથી જ,...**' મારાથી. રાગમાંથી નહિ. '**ચેતનારમાં જ,...**' મારે આધારે. ચેતનારને એટલે કર્મ કાર્ય. '**ચેતનારને જ ચેતું છું.**' જાણનારને જાણું. ચેતનારને ચેતું. જાણનારની જુદી આવશે. જ્ઞાન-દર્શનની. બે સામાન્ય

સાથે લઈને ચેતના લીધી.

'**અથવા દ્રવ્યદૃષ્ટિએ તો-**' લ્યો. વસ્તુદૃષ્ટિએ જોતાં તે ભેદ એમાં છે નહિ. સમજાણું કાંઈ? દ્રવ્યદૃષ્ટિએ તો, વસ્તુદૃષ્ટિએ તો અભેદ દૃષ્ટિ થતાં '**છ કારકોના ભેદ પણ મારામાં નથી,...**' એ તો અહીં સમજાવવામાં આવે છે. મારામાં નથી એ પણ એક વિકલ્પ છે. પણ ત્યાં નથી રહેતા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.**' એ શુદ્ધ જ્ઞાયકમાત્ર ભાવ.. ભાવ.. ભાવ વસ્તુ છું. એવો જે અનુભવ એમાં ભેદપણું આવતું નથી.

'**આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.**' જાણનાર-દેખનાર તરીકે અનુભવવો.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

भित्त्वा सर्वमपि स्वलक्षणबताद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि
भिद्यान्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।१८२।।

ઓહોહો..!

'**શ્લોકાર્થ :- જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને...**' એટલે જુદા પડી શકે છે તે સર્વને. એમ કહે છે. '**સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,...**' જ્ઞાનલક્ષણે લક્ષિત છું. એમ એના જેટલા જુદા પડવા યોગ્ય તેને જુદા પાડીને. એમ કહે છે. ભારે ક્રિયા. કહો, જેઠાલાલભાઈ! બહારની ક્રિયા હોય તો તો કાંઈ આ લીધું ને મૂક્યું એ સૂઝે. આ સૂઝ પડે નહિ. આ જ સૂઝ પડે એવી ક્રિયા છે, કહે છે. સૂઝ સમજાય છે? સમજાય એવી.

'**જે કાંઈ ભેદી શકાય છે...**' એટલે તેનાથી જુદું પડી શકાય છે. ચૈતન્યથી. '**તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને, જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે...**' ભગવાન આત્માનો તો ચિન્મુદ્રાથી અંકિત. જ્ઞાન જેની મુદ્રા છે. લ્યો. મુદ્રા રાખે છે ને આ? પોસ્ટમાં નહિ? નાખે, છાપ મારે. છાપ મારે સરકારી. આત્મામાં છાપ છે ચિન્મુદ્રાની. જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... શુદ્ધ ચિદ્ એ મુદ્રા જેની અંકિત છે. એમાં અંકાયેલી છે. નિર્વિભાગ જેનો ભાગ નથી એવી આત્માની મહિમા છે. એવી આત્માની મોટપ છે.

'**જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે...**' એ ચેતના, ચેતવું એ એનું લક્ષણ છે એવું અંકિત નિર્વિભાગ છે. જેમાં ભાગ નથી. ચૈતન્યની છાપથી ચિહ્નિત. જુઓ! અહીં અર્થમાં '**ચૈતન્યની છાપથી ચિહ્નિત...**' છે. રાગની, પુણ્યની, વિકલ્પની, વ્યવહારની એમાં છાપ છે જ નહિ. '**ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત...**' ભાગલા નથી

એમાં. '**જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું.**' લ્યો. એવો શુદ્ધ ચૈતન્ય હું છું. એમ અંતરમાં દૃષ્ટિ લઈને અનુભવવો એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? વિશેષ એના પ્રકાર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી નિયમસાર, ગાથા-૧૩૭
પ્રવચન નં.૧૫૩, તા. ૧૮-૧૦-૧૯૭૧
(૨૦)

આ નિયમસાર પરભક્તિ અધિકાર. ગાથા-૧૩૭. ફરીને. '**આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.**' સાચી. આત્માના શુદ્ધ સ્વરૂપ એની અંતરની એકાગ્રતા, એનું જોડાણ એ સાચી ભક્તિ છે. એ સાચો મોક્ષનો માર્ગ છે. '**નિરવશેષપણે...**' કાંઈ બાકી રાખ્યા વિના '**અંતર્મુખાકાર...**' ઝીણી વાત છે જરી. એણે કોઈની દિશા જોઈ નથી એટલે ક્યાં જાવું અને કેમ જાવું? એની એને ખબર નથી એટલે ઝીણું પડે. સર્વથા પ્રકારે. નિરવશેષ એટલે સર્વથા પ્રકાર '**અંતર્મુખાકાર...**' એ આત્મની ધર્મદશા એ ત્રિકાળી અંતર્મુખ સ્વરૂપ ભગવાન એને પકડવાની અંતર્મુખ નિર્વિકલ્પ પરિણતિ છે. આહા..હા..! એવી '**પરમ સમાધિ વડે...**' નિર્મળ ત્રિકાળી શુદ્ધ વસ્તુ, એનો આશ્રય કરીને જે પરમ શાંતિ, પરમ સુખ પ્રગટ્યું એવા પરમ સુખ વડે. કે જે પરમ સુખ અંતર્મુખ જેનું સ્વરૂપ છે. જે પરમ સુખ ધર્મની પર્યાયમાં બહિર્મુખ કાંઈપણ છે નહિ. વ્યવહારનો વિકલ્પ આદિ બહિર્મુખ એમાં નથી. આહા..હા..! ભારે ધર્મ!

'**(સર્વથા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા)...**' એનો અર્થ કે ભગવાન આત્મા જે ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ સ્વરૂપ એના તરફની જે પરિણતિ વીતરાગી છે એ સર્વથા અંતર્મુખની જ પરિણતિ છે. સમજાણું કાંઈ? એવી '**પરમ સમાધિ વડે...**' આવી પર્યાય ઉત્પન્ન થતાં એમ કહે છે. એ અનાદિથી રાગ અને વિકલ્પની પર્યાય ઉત્પન્ન થાય છે એ તો વિકાર, ઝેર અને પરલક્ષી ભાવ છે. અહીંયાં તો ચૈતન્ય ભગવાન નિત્યાનંદ પ્રભુ એને પરમ શાંતિ... પરમ શાંતિ... નિર્વિકલ્પ આનંદ. રાગ વિનાનો આનંદ, રાગ વિનાનું સુખ એવી અંતર્મુખ આકૃતિ એટલે પરિણામ. એવી સમાધિ વડે. ધ્રુવ તો ધ્રુવ છે ચીજ. ધ્રુવ તો નિત્ય ધ્રુવ છે. પણ એની અંતર્મુખ આકૃતિરૂપ પરમ સમાધિની શાંતિ એવી પર્યાય દ્વારા. આહા..હા..! આવું કાંઈ દવામાં આવે નહિ અને કાંઈ સાંભળવામાં આવે નહિ.

શ્રોતા :- બીજી દવા છે આ

ઉત્તર :- ..દવા છે. ભગવાન આત્મા જે પરલક્ષની પર્યાયવાળો, પર્યાયવાળો ગણાય. છે નહિ ખરેખર ઈ. એને સ્વલક્ષી અંતર્મુખ આકૃતિ નામ પરિણામ જેમાં બહિર્મુખના વ્યવહારના વિકલ્પની કંઈપણ અપેક્ષા ને આશ્રય અને અવલંબન નથી. એવી પરમસમાધિની ઉત્પત્તિ વડે.

'**સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં,...**' વિકારના ભાવનો ઉદય નહિ હોતાં આ પરમ સમાધિની શાંતિ દ્વારા. આ મોક્ષમાર્ગ. અરે..! સમજાણું કાંઈ? એવી પરમ શાંતિ વડે. વિકલ્પ વિનાનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ તદ્દન અંતર્મુખ આકારવાળી દશા છે. આહા..હા..! એ '**વડે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનો પરિહાર હોતાં,...**' એટલે કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં જે દૃષ્ટિમાં શાંતિ આવી. એ શાંતિ દ્વારા અશાંતિના પરિણામ પરિહાર થાય છે. એટલે કે એને ઉત્પન્ન થતાં નથી. આરે..! આવું ભારે! આવો માર્ગ છે, ભાઈ! એ વાત ત્યાં રાખી.

હવે એ અંતર્મુખ આકારની જે પરિણતિ, સમાધિ. જે સ્વભાવ વસ્તુ અંતઃતત્ત્વ આખું. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ફરતું આખું પૂર્ણ. એને પકડવાની અંતર્મુખ પરિણતિ, દશા થતાં બહિર્મુખ વૃત્તિઓનો ત્યાં ઉદય ઉત્પન્ન થતો નથી. આમ થતાં સાધુ. સ્વરૂપનો સાધક જીવ, રાગ ને વિકલ્પ ને નિમિત્તનું સાધનપણું છોડી દઈ અને જેણે આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ, પૂર્ણ આનંદની પર્યાય પ્રગટ કરવાનો સાધક જીવ. '**આસન્નભવ્ય જીવ...**' જેને અલ્પકાળમાં હવે મુક્તિ છે. આસન્ન-નજીક છે એની લાયકાત સ્થિર થવાની એવો ભવ્ય જીવ. '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે...**' જે પરમસમાધિ કીધી હતી એની જ આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? ત્યાં પરમ સમાધિ વડે મોહાદિની ઉત્પત્તિ થતી નથી એમ કહ્યું હતું. હવે અહીંયાં '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ સાથે...**' આત્મા ત્યાં જોડાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આત્મા એ પુણ્ય વિકલ્પમાં જોડાતો હતો એને છોડી નિર્વિકલ્પ અંતર આકાર વડે, સમાધિ વડે જેને મોહાદિની ઉત્પત્તિ થઈ નહિ એવા જીવને. આહા..!

'**આસન્નભવ્ય જીવ—નિજ, અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' પર્યાય. માથે પરમસમાધિ કહ્યું હતું. એને જ અહીંયાં એ પરમસમાધિ વડે એટલે આત્માની અંતર શુદ્ધતાના ઉપયોગ દ્વારા, શુદ્ધ ઉપયોગ દ્વારા, અશુદ્ધ ઉપયોગનું ઉત્પન્ન થવું નથી એટલું કહ્યું હતું. ઝીણું છે. બહુ ઝીણું છે આ. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા પોતાના અંતઃતત્ત્વને સ્પર્શવા અંતર્મુખ આકૃતિએ અંતર સ્પર્શ્યું એ આકૃતિ એ પરિણામ દ્વારા અશુદ્ધતાની ઉત્પત્તિનો અભાવ થયો. એ પરિણતિ નિજ અખંડ અદ્વૈત. ભગવાન આત્માની સાથે જે એકત્વ થતાં જે પરિણતિ પ્રગટી એ પરિણતિ સાથે આત્માને એકત્વ કર એમ કહે છે. ત્યાં રોકા હવે. સમજાણું કાંઈ? ઝીણું છે ભાઈ આ. આ દિવાળીના માલ-માલ ખાય છેને માણસ? આ માલ છે. અંતરના અમૃતના માલ છે. બહુ આ તો ધીરજનું કામ છે. આ કોઈ બહુ વ્રત ને તપ ને કરે અને બહુ જાણપણા શાસ્ત્રના કરે તો આ વાત સમજાય એવી એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એટલે કે જેને સમ્યગ્દર્શન અને શુદ્ધોપયોગ દ્વારા અંતર્મુખ આકૃતિ દ્વારા જેણે બહિર્મુખની વૃત્તિનો અભાવ કર્યો છે. નાશ કર્યો છે. સમજાણું કાંઈ? એવો જે સાધક જીવ, સિદ્ધ પૂર્ણદશાને

પ્રાપ્તની તાલાવેલીવાળો જીવ. સિદ્ધને સાધ્ય બનાવીને. સાધ્ય આમ તો દ્રવ્ય સાધ્ય છે, પણ ઈ પર્યાયમાં સિદ્ધપણું તે સાધ્ય છે. એનો જે સાધકજીવ એની પર્યાયમાં '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' એવી દશા પ્રગટી છે. આહા..હા..! પંડિતજી! આહા..હા..! ભગવાન પરમાનંદનો નાથ છેને? અતીન્દ્રિય આનંદનો રસકંદ છે ઈ. જેમાં અતીન્દ્રિય આનંદ જ છલોછલ પરિપૂર્ણ અખંડ પ્રદેશે. એક-એક પ્રદેશે અનંતો આનંદ એવો અસંખ્ય પ્રદેશી આનંદ. અતીન્દ્રિય આનંદ જેની એક સમયની સાધકદશાના આનંદની દશા આગળ. આહા..હા..! ઈન્દ્રના ઈન્દ્રાણીઓના સુખ પણ મીંદડા સડેલા હોય અને એમાં આંગળી નાખે અને જેમ દુગંછા થાય એમ જ્ઞાનીને પરવસ્તુથી દ્વૈષ એટલે ઉદાસ છે. દ્વૈષ નથી. ઉદાસ છે. એને સડેલા તરણા જેવા એ લાગે છે. સડેલા મીંદડા જેવા. આહા..હા..! ઘરમાં એક ઉંદર મરે ત્યારે ગંધાય છેને? ખાળમાં મરી ગયો હોય અને પછી ખબર ન પડે એટલે બે-ચાર દિ' રહીને ગંધાય પછી. ક્યાંથી આ વાસ આવે છે. ખાળમાં ગયો હોય અને ખાળ હોય નાની હોય મોટો. આમ ગર્યો તો ખરો પછી આમ પણ ન નીકળે અને આમ પણ ન નીકળે. એમ હોય છેને? એ મરી જાય. ગંધાય.

એક ફેરી ગયા હતા. ખબર છે તમે હતા? કરિયાણી. તમે નહોતા. ધર્મશાળામા કરિયાણી. હા એ તમારા બાપનું. ... મારા બાપની નવી મા ત્યાંના કરિયાણાના. કાળુભા નદીને કાંઠે. અમે ધર્મશાળા ઉતર્યા ત્યાં ખાળમાં ઉંદર ગંધાતો હતો. અહીં જોવા માટે ક્યાંય પણ ખાળમાં ઉંડો એક ગંધાય. ઘણા વર્ષ થયા હોં ઈ. બે હજારની સાલ. તેર વર્ષ. એય..! પણ આ ગંધ ક્યાંથી આવે છે? ક્યાંય દેખાતું નથી. ખાળમાં જોવે ત્યાં. એની ગંધ જેમ પસંદ નથી એમ ધર્મીને પરમાનંદની પર્યાય આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનમાં સુખ પણ પ્રસન્ન નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એવો '**નિજ અખંડ...**' પોતે અખંડ દ્રવ્ય છે એને આશ્રયે થયેલી પર્યાય પણ નિજ અખંડ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! આવી ધર્મ કથા કેવી આ? દિવાળીના દા'ડા. એક રાજા હતો અને પછી આમ થયું અને પછી આમ થયું, પછી આમ થયું. પકડાય પણ ખરું. ઘરે વાત પણ ન કરે ન આવ્યા હોય તો. શું તમે સાંભળી આવ્યા. આ તો કાંઈ નહિ. નિજ આમ ને નિજ આમ કાંઈ કરતા હતા. બાપા! તારા નિજઘરની વાતું છે. એ વાતને એણે કોઈ દિ' રુચિપૂર્વક સાંભળી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ચોર્યાસીના દાવાનળ દુઃખથી બળી રહ્યો છે સંસાર આખો. એમાંથી છૂટવાનો ઉપાય તો આ એક છે. સમજાણું કાંઈ?

ઓલા કહે છેને આ પુનર્જન્મ માનતા નથી, ભાઈ! એ રસ્તામાં વિચાર આવી ગયો. બાપુ! પુનર્જન્મ શું ભવ જ નથી આત્મામાં. વળી જનમવું ક્યાં? આહા..હા..! ભાઈ! તને કઠણ પડશે. જન્મવું-જન્મ એ વસ્તુમાં જ નથી. એનો જન્મ તો પરમ આનંદની ઉત્પત્તિ

કરે એ એનો જન્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જન્મ કેવા? જન્મ અને મૃત્યુ આત્મામાં કેવું? આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એની આશ્રયે થતી દશા, '**નિજ અખંડ અદ્વૈત...**' અદ્વૈત અજોડ દશા. એની સાથે વ્યવહાર-ફ્યવહાર કોઈ છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? મુનિરાજે પણ ગજબ કરી છે ટીકા. આહા..હા..! પરમાત્માને નીચે ઉતાર્યો છે. આવ. આવ પર્યાયમાં હવે તું. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાઈ! પ્રભુ! તું પૂર્ણ છોને. એ પૂર્ણનો જ્યાં સ્વીકાર થયો ત્યાં પર્યાયમાં પ્રભુ પધાર્યા. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ ધ્રુવ તો આવતો નથી, પણ એનું ભાન થયું એટલે પર્યાયમાં પ્રભુ જણાણા ઓહો..હો..! આ વસ્તુ! સમજાણું કાંઈ? એ ધ્રુવનો જ અનુભવ કહેવાય. છે તો પર્યાયનું વેદન. કાંઈ વેદન ધ્રુવનું નથી. પણ ધ્રુવના લક્ષે જે પર્યાય પ્રગટ થઈ એ ધ્રુવનું વેદન છે એમ કહેવાય. ઓલું રાગનું વેદન નથી. વ્યવહારના વિકલ્પનું. એનું વેદન નથી એથી આમ ગુલાંટ ખાધી છે પરિણતિએ. એટલે ધ્રુવ ઉપર નજર પડી એટલે ધ્રુવને વેદે. જ્ઞાયકને પ્રગટ્યો, જ્ઞાયકભાવ પ્રગટ્યો એને વેદે એમ કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' પર્યાય. આ પર્યાયની વાત ચાલે છે. એ મોક્ષમાર્ગ પરમસમાધિ છે. અને નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :- એ વાત ત્રણેને લાગુ કરી.

ઉત્તર :- પર્યાયની વાત છે આ. સાંભળ્યું નહિ? શું કીધું આ? સાંભળ્યું નહિ? આ બે-ત્રણવાર તો કહ્યું કે પર્યાય છે ઈ. આ નિજ અખંડ અદ્વૈત પરમાનંદની પર્યાય છે. બે-ત્રણ વાર કહ્યું. તમારું ધ્યાન પ્રશ્નમાં રહે છે. ધ્યાન સમજવામાં નથી રહેતું. બે-ત્રણવાર કહ્યું. કે જે પરમસમાધિ છે તે આ છે. આ છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. એમ તો કેટલીવાર આવી ગયું. સમજાણું કાંઈ? આહા..!

એવો જે જીવ. કેવો જીવ? જેણે અંતર્મુખ આકૃતિ દ્વારા, પરિણતિ દ્વારા જેણે મોહાદિની ઉત્પત્તિને છોડી દીધી છે. પરિહાર છેને? એટલે છૂટી ગઈ છે. '**પરિહાર હોતાં,...**' એ ભગવાન આત્મા પોતાના નિજ અખંડ અદ્વૈત પરમાનંદ પર્યાય એની સાથે નિજ કારણપરમાત્માને જોડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ જોડાણથી ઉત્પન્ન થઈ પર્યાય. એણે પરિહાર કર્યો વિકારનો. એ પર્યાયમાં દ્રવ્ય રહે છે એમ કહે છે. આગળ જાતું નથી. રાગમાં, બાહ્યમાં જાતું નથી. ત્યાં થંભી ગયું છે દ્રવ્ય. છે તો દ્રવ્ય દ્રવ્યરૂપે, પણ દ્રવ્યની પર્યાય જે આમ જાતી હતી એ દ્રવ્યને આશ્રયે પર્યાય પ્રગટી એકમાં દ્રવ્ય ત્યાં થંભી ગયું. કારણ પરમાત્માને ત્યાં સ્થાપ્યો એમ કહે છે. આરે..! સમજાણું કાંઈ? ભારે!

નિયમસાર શું કાંઈ કહે છેને પક્કા પક્કા હલવા. એમ કોક કહેતું કાંઈક નહિ? કોક કહેતું હતું. શેઠિયા કહેતા હતા. ... પકા પકાયા હલવા. .. એ સાચી વાત. પાકેલો શીરો તૈયાર.

પકવવો નહિ. પાકેલો થઈ ગયો. બસ એને ખાવો છે.

શ્રોતા :- પકા પકાયા હલવા લિયા હૈ.

ઉત્તર :- હલવા લિયા હૈ એમ લખ્યું હતું. આહા..હા..!

કેવો છે સાધુ? એટલે કે સ્વરૂપનો સાધનારો ભગવાન આત્મા પોતાની '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' પર્યાય એને કારણ પરમાત્માને એને ત્યાં જોડે છે. આહા..હા..! દ્રવ્ય પર્યાયની સાથે જોડાય છે. દ્રવ્ય પર્યાય સાથે જોડાય છે. ઓલી પર્યાય દ્રવ્યની સાથે એકતા કરી અરસપરસ વાત લીધી. પછી અંતર્મુખ આકારમાં એની પર્યાય દ્રવ્ય સાથે એકત્વ થઈ. એ પર્યાયમાં દ્રવ્ય રહ્યું છે એમ કહે છે. રાગમાં ન રહેતા, ઉદયમાં ન રહેતા. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભગવાન! આહા..હા..! આવું તો ત્યાં સાંભળવા મળ્યું નથી. શાંતિભાઈ! શેઠાઈ કરી કલકત્તામાં કેટલી? ખોટાની શેઠાઈ કરી છે બધી. આ વસ્તુ જ ક્યાં? આહા..હા..! ચૈતન્યનો અમૃતનો સાગર ભગવાન. જેમાં અનંતો આનંદ-આનંદ. પીધે કર્યા તો આનંદ કોઈ દિ' ખૂટે નહિ એવો આનંદનો સાગર એને આશ્રયે થતી પરમાનંદ દશા એ અંતર્મુખ આકારવાળી પરિણતિ એ પરિણતિમાં આત્માને જોડે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આ તો ધીરજના કામ છે, ભાઈ! આ ઉતાવળીયાના આંબા નથી કે ઝટ પાકી જાય ત્યાં. આહા..હા..! ઉતાવળ સમજ્યા? આતુર. પાકી જાય તો તરત પાકી જાય. આકુળતા અને આમ દ્વૈષ વિકલ્પના ઝંઝાવાત આહા..હા..! એમાં એ ચીજ હાથ આવે એવી નથી. જેઠાભાઈ! એ વાંધા બહારના તકરાર ઉઠાવે હોં પ્રભુ! ચારિત્ર ઉલટાને લાંછન છે, ભાઈ! આહા..હા..! બાપુ! તને રાગ અને વિકલ્પથી લાભ થાય એ પ્રભુ નિર્વિકારી આનંદનો લાભ દુઃખથી થાય. વિકલ્પ તો દુઃખ છે. એનાથી દુઃખ કારણ અને આનંદ કાર્ય. આકરી વાતું બહુ. એવો ભગવાન આત્મા. વસ્તુ જ આવી છે ત્યાં. એ કાંઈ કોઈએ કરી છે? ભગવાને જાણી, પૂરી અનુભવીને વાણીમાં આવી. આ ચીજ છે, ભાઈ! બાળગોપાળ શરીર ગમે તેવા હોય, ભગવાન તો અંદર પરિપૂર્ણ ભરપુર આનંદથી ભરેલો પડ્યો છે. આહા..હા..! એને બહાર ડોકીયા નાખવાની જરૂર નથી. આહા..હા..!

અહીં તો કહે છે કે અંતર્મુખ જે પરિણતિ થઈ એ નિર્વિકલ્પ હતી, એ પરમસમાધિ હતી, એ નિશ્ચય મોક્ષમાર્ગ હતો, એ નિજ અખંડ અદ્વૈત પરમ આનંદ પર્યાય હતી. આહા..હા..! એને પર્યાયવાન એવો આત્મા તેને ત્યાં જોડે છે. દ્રવ્યને ખબર છે કે હું અહીં જોડાઉ છું? શું કીધું? ધ્રુવને. '**નિજ કારણપરમાત્માને...**' એટલે ધ્રુવ પર્યાયમાં આવે છે. ધ્રુવને પર્યાય સાથે જોડે છે, પણ એ પર્યાય પોતે જ ધ્રુવ તરફની વળેલી એની પર્યાયમાં એની પર્યાયમાં આ ધ્રુવ અહીં છે એમ ઈ પર્યાય જાણે છે. સમજાણું કાંઈ? આમ જોડાવું ને જોડવું ફલાણું એ પર્યાયમાં છે કે ધ્રુવમાં છે? ધ્રુવ પોતાની પર્યાયને જોડે છે. ધ્રુવ પર્યાયમાં જોડાય છે. ધ્રુવ પર્યાયમાં જોડાઈ જાય એટલે શું? અગમ-નિગમની વાતું છે ભાઈ આ તો. સમજાણું

કાંઈ?

એ પર્યાય જે નિર્મળ શાંતિ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવી અંતર્મુખ આકૃતિના પરિણામ જે સમાધિ જે મોક્ષનો માર્ગ કે જે શુદ્ધોપયોગ. એમાં આત્માને જોડે છે. આહા..હા..! એટલે આત્મા ત્યાં આગળ રહ્યો છે એમ કહે છે. ઓલો રાગમાં જે રહ્યો હતો એ ત્યાં નહિ પણ હવે આત્મા અહીં રહ્યો છે એમ. સમજાણું કાંઈ? આવી ભારે વાત! પહેલા અંતર્મુખ આકૃતિ કીધી. વળી પરિણતિ સાથે આત્માને જોડવો. પંડિતજી! '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' પર્યાય હોં આ. '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' દ્રવ્ય. ઈ આ નહિ. '**નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ...**' તેવો ભગવાન. એને આશ્રયે પ્રગટેલી પર્યાય તે નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ. સમજાણું કાંઈ? આમાં વાદવિવાદ શેના? કોની સાથે બાપુ ભાઈ! એમાં .. અસ્તિ-નાસ્તિ.. પ્રભુ! તું ... આહા..હા..!

મહારાજ! આ કર્મને ભોગવતો નથી એમ કહે. એ તો પુનર્જન્મને માનતા નથી. પણ અહીં તો સાંભળને કર્મ પણ નહિ, રાગ પણ નહિ, ભવનો ભાવ નહિ અને ભવ નહિ એવું તત્ત્વ. એ તત્ત્વમાં ભવનો પુનર્જન્મ છે જ નહિ. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? પુનર્જન્મ હોય તો આનંદની પરમ અખંડ અદ્વૈત દશાનો પુનર્જન્મ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે કે નહિ એમાં જુઓને. આહા..હા..!

'**નિજ અખંડ અદ્વૈત...**' અરે..! આવડો મોટો પ્રભુ! એની પર્યાય આવડી મોટી એમ કહે છે. સમજાણું કાંઈ? હવે તારા લક્ષ્મી ને ધૂળના ઢગલા ને હોશું કરી કરીને મરી ગયો મારો. દિવાળીમાં આમ પૈસા થઈ ગયા, સુખ થઈ ગયા. શાળીભદ્રની વૃદ્ધિ હજો, અભયકુમારની બુદ્ધિ હજો. શાળીભદ્રની વૃદ્ધિ હજો અને અભયકુમારની બુદ્ધિ હજો. શું કરવું પણ તારે હવે?

શ્રોતા :- બાહુબલીજીનું બળ

ઉત્તર :- બાહુબલીજીનું બળ હજો. આહા..હા..! સંસારમાં રખડવાનું કળ હજો. શું કરે છે? ક્યાં જવાના? સમજાણું? તારી નિર્મળ પર્યાયમાં રહે એમ એને કહે છે. ક્યાં જવા માગે છે તું ભાઈ! સંસારમાં તું છો જ નહિ. ચાર ગતિમાં તું છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પુસ્તક છે કે નહિ? ચિતરંજનભાઈ! આ તો અગમ-નિગમની વાતું છે.

'**નિજ કારણપરમાત્માને...**' ઓલી પણ નિજ અખંડ પર્યાયમાં નિજ કારણપરમાત્માને ત્યાં રાખે છે. આગળ જવા દેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષના માર્ગમાં ભગવાનને સ્થાપે છે. ભગવાનને મોક્ષમાર્ગમાં સ્થાપે છે. સમજાણું કાંઈ? '**તે પરમ તપોધન જ...**' તે પરમ તપરૂપી જેને ધન. આનંદદશારૂપી ધન જેને પ્રગટ્યું છે. લ્યો આ ધન. એય..! અતુલ ત્યાં ઓલાના પૈસામાં ઘુંચવાઈ ગયો છે આખો દિ' આમ. હા..હો... હા..હો... કષાયની અગ્નિ સળગતી હોય. કહે કે મને હોશું છે. ઝેર પીવાની. આહા..હા..! સમજાણું કાંઈ? હવે

એની હોડું કરે. ઓલો પાંચ લાખ પેદા કરે વર્ષે અમે દસ લાખ કરીએ, ઓલો દસ લાખ કરીએ તો અમે વીસ લાખ કરીએ. ઝેર પીવાની હોડું. આ અમૃત પીવાની હોડને કરને એકવાર. આહા..હા..! પોપટભાઈ! ક્યાં ૭૦નો મહિનાનો પગાર અને ક્યાં અત્યારની હાલત-દશા! ઈ જાણે આમ સુખી થઈ ગયા હશે?

શ્રોતા :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી. બધા દુઃખીના દાળિયા શેકાય છે અગ્નિમાં. આહા..હા..! શાંતિનો સાગર ભગવાન. લ્યો શાંતિસાગરજી! એનું નામ શાંતિસાગર છે. .. દિક્ષીત થવાના, નગ્નમુનિ થવાના દિગંબર. ... પછી અહીંયાં સાંભળ્યું ત્યાં કહે ઓય મારા! મુનિપણું તો ક્યાંય રહ્યું નહિ. મુંડાત તો ભારે દુઃખી થાત. નહિ? મા-બાપ છે, બૈરા છે, છોકરો છે, પૈસા છે. મકાન.. ઘર છે. પણ એને વૈરાગ્ય થઈ ગયો. નગ્નમુનિ થઈ જવાના હતા. વિદ્યાનંદજી સાથે? વિદ્યાનંદજી નથી આ? એની પાસે દીક્ષા લેવી હતી. બૈરા છે, છોકરો છે, મા-બાપ છે. ધૂળમાંય નથી. આત્મા છે અહીં તો એક. મારા વળી એકકોર કહેવું કે આવું-આવું છે અને એકકોર કહેવું. ત્યાં એકલા સંયોગમાં છે એમ. સ્વભાવમાં તો છે નહિ. આહા..હા..!

'**તે પરમ...**' આવી પરમાનંદ દશા પ્રગટ થઈ તેને પરમતપોધન કહે છે. એ જીવને પરમ તપરૂપી ધન પ્રગટ્યું છે. આહા..હા..! નિધાનમાંથી નીકળ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! હીરાના આ લેવાય છેને આ શું કહેવાય ઈ? ખાણ.. હીરામાંથી આમ લાખ-લાખ, બબ્બે લાખ, પાંચ-પાંચ લાખનો એક-એક હીરો નીકળે તો આમ રાજી-રાજી થઈ જાય. એવા હીરા નીકળે છે પન્ના-પન્ના નહિ? પન્નાની ખાણ છે નહિ આ આફ્રિકામાં. પન્નાની ખાણ છે. કેટલાય રૂપિયા નીકળ્યા. અબજ રૂપિયા છે. અબજ રૂપિયા છે એક અબજ. પન્નાની ખાણ એ.. ઠેકા-ઠેકા કહે. ઈ તમારે ત્યાં ઠેકા કહે. ઠેકો લીધેલો કહે. એમાંથી નીકળી હતી ધૂળ. આનો ઠેકો લેને આ આત્માનો. આહા..હા..! અનંત આનંદ અને અનંત શાંતિ. જેમાં વિકલ્પનો, પુણ્યનો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા ભાવનો પણ જ્યાં અવકાશ નથી. એવો ભાવ થવો એવો એમાં અવકાશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**તપોધન જ...**' ભાઈ અનેકાંત કરોને કે આમ પણ હોય અને આમ પણ હોય. કે આ જ. બસ એક જ. સ્વરૂપ શુદ્ધ આનંદનો સાધક જીવ મોક્ષમાર્ગી તે તપોધન. એ એક જ '**શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે;...**' એ પહેલો અંતર્મુખ આકાર કહ્યો હતો, બીજામાં નિજ અખંડ અદ્વૈત પરમાનંદસ્વરૂપ કહ્યું હતું, ત્રીજું અહીં નિશ્ચય શુદ્ધોપયોગ ભક્તિ કહી. શુદ્ધોપયોગ એ પરમસમાધિ. શુદ્ધોપયોગ એ નિજ અખંડ અદ્વૈત પરમાનંદદશા. એ શુદ્ધ ઉપયોગની ભક્તિ. અહીં તો એની ભક્તિ કહેવી છેને? દ્રવ્યની નહિ. આહા..હા..! '**શુદ્ધનિશ્ચય-ઉપયોગભક્તિવાળો છે;...**' એ શુદ્ધ નિશ્ચય સત્ય. ઉપયોગ પોતાના પરિણામ શુદ્ધ. જુઓ, મુનિને તો આવો શુદ્ધોપયોગની ભક્તિવાળો કહ્યો. ધર્મીને. ઓલો કહે અહીં શુદ્ધોપયોગ અહીં

હોય નહિ. ભગવાન! અરે..! ચોથેથી હોય, બાપુ! તને ખબર નથી, ભાઈ! તું આટલો હલકો ન માન. સમજાય છે કાંઈ?

એ '**शुद्धनिश्चय-उपयोगभक्तिवाळो छे;...**' લ્યો! નિશ્ચય ઉપયોગ ભક્તિવાળો છે. પુણ્ય-પાપનો ઉપયોગ અશુદ્ધ એ તો સંસાર છે. ધર્મી જીવ '**शुद्धनिश्चय-उपयोगभक्तिवाळो छे;...**' અરે..! આહા..! આચાર્ય જુઓને કહે છે. '**इतरस्य च**' પાઠ છેને? અરે..! બીજાને આ ક્યાંથી હોય? એ આવું બીજાને ક્યાંથી હોય? અને રાંકને ઘરે આવા રત્ન ક્યાંથી હોય એમ કહે છે. સમજાણું કાંઈ? જે પુણ્યના વિકલ્પમાં ધર્મ માનનારા એવા રાંકને ઘરે આવા રત્ન ક્યાંથી હોય કહે છે. કહો, હિંમતભાઈ! આવી વાત છે ભાઈ! બહુ આકરી! બહુ ફળદાયક પણ. આહા..હા..! 'સાદી અનંત-અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જે' એવું જેનું ફળ એના કારણની દશા તો આવી જ હોયને ભાઈ! એકાંત લાગે તો એ સમ્યક્ એકાંત જ છે. 'જ' શબ્દ વાપર્યો છેને? સમ્યક્ એકાંત જ છે આ. સમજાણું કાંઈ? એવા '**तपोधन ज...**' એમ આવા જ. બીજા નહિ. એનું નામ અનેકાંત. એમ અનેકાંત કર્યું જુઓ. એમ નહિ કે શુદ્ધ ઉપયોગવાળો, ભક્તિવાળો એ ધર્મી અને શુભ પરિણામવાળો એ ધર્મી. કહ્યું છેને પ્રવચનસારમાં. કે શુભોપયોગી પણ સાધુ છે અને શુદ્ધોપયોગ પણ સાધુ એવું આવ્યું છે લ્યો! એ તો એની ભૂમિકામાં શુભનો વિકલ્પ હોય, છતાં એને નિર્વિકલ્પ આનંદની દશાસહિત છે. તેથી એને શુભોપયોગી. પણ છે એ આસ્રવવાળો એ. એમ કીધું. આહા..હા..!

અને શુદ્ધોપયોગ તે નિરાસ્રવી સાધુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એની એક સમયની દશા અલૌકિક. એક સમયમાં અનંત કેવળજ્ઞાનને આપે એવી એ દશા. આહા..હા..! એવો એ માર્ગ. માર્ગ કોને કહીએ? પંથ. પંથ જાતા તે પૂરું થાય જ્યાં. એ પંથનો અંત ત્યાં છે. માર્ગે જતાં ત્યાં માર્ગમાં ગામ આવ્યું ત્યાં અંત આવી ગયો. એમ આ માર્ગે જતાં જ્યાં પૂર્ણ દશા થઈ માર્ગનો પંથનો અંત, પંથનો અંત, પંથનો અંત ત્યાં પંથનું ફળ. સમજાણું કાંઈ? આવો ધર્મ અને એકલા નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચયને કુટારો એમ કહે બિચારા. ભાઈ! તારા સત્ને કુટારામાં નાખ, ન નખાય બાપા! આહા..હા..! આવું પરમ સત્યનું જ્ઞાન અને પરમ સત્યની શ્રદ્ધા અને પરમ સત્યની રમણતા એ કુટારો લાગે. કુટાઈ ગયો ભગવાન! તું ત્યાં. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં કાંઈ?

શ્રોતા :- અપૂર્વ વાત છે.

ઉત્તર :- અપૂર્વ પણ કેમ કહેવાય છે. કઈ ઢબ છે? કઈ શૈલી છે? કયા પ્રકારે છે એમ સમજવામાં આવવું જોઈએને. સમજાણું કાંઈ?

અરે..! બીજાને '**बाह्य प्रपंचमा सुखी होय तेने...**' એટલે? અરે..! વિકલ્પમાં, શુભ રાગ આદિમાં ઠીક માનતો હોય એને આ '**योगभक्ति कई रीते होय?**' સમજાણું કાંઈ?

અસ્તિ-નાસ્તિ કર્યું. ..ભાઈ! આવો વીતરાગ જૈનમાર્ગ છે. આ કાંઈ. બધા જૈન-જૈન કરે. ઓલા કહે અમે સ્થાનકવાસી છીએ, ઓલા કહે દેરાવાસી છીએ, ઓલા કહે દિગંબર. અરે..! ભાઈ! જૈન થયો એ તો જિન થવાનો જ. સમજાણું કાંઈ? આહા..હા..! એ આ જૈન કોઈ સંપ્રદાય નથી. ઈ એનું સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ? અરે..! બીજાને '**બાહ્ય પ્રપંચમાં સુખી...**' આહા..હા..! શું કહે છે? અરે..! બાહ્યના જ્ઞાન, બાહ્યની શ્રદ્ધા, બાહ્ય વિકલ્પનો ભાવ. તેના ફળ તરીકે આ સામગ્રીઓ. એમાં કંઈકપણ મને ઠીક છે. એવા બાહ્ય પ્રપંચમાં પડેલાઓને. અરેરે..! આ આત્મા ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ભાઈને જરી તાવ આવ્યો. ગુલાબચંદજીને. નથી આવ્યા. .. હોકારાની આવે છે આ. કાંઈક થયું હતું. ...

બહુ અલૌકિક ગાથા. એક ગાથાએ, એક વ્યાખ્યાને પૂરું. એવી જ કોઈ પરમાત્માની ૐ ધ્વનિમાં એક-એક સમયે પૂરું. આહા..હા..! પૂરો ભગવાન એમાંથી પૂરું જ આવેને. એવી વાત! સાક્ષાત્ સર્વજ્ઞે કહેલી. સર્વજ્ઞના મુખથી ઝીલીને, અનુભવીને આવેલી. સમજાણું કાંઈ? દુનિયા સાથે મેળ ખાય, ન ખાય એની સાથે કાંઈ સંબંધ નથી. દુનિયાની સાથે જોડીશ નહિ, ભાઈ! આવા સ્વરૂપને દુનિયા સાથે આ મેળ ખાતો નથી માટે આ શું? રોજ કરે માટે.. બાપુ! એ જગતમાં ચાલે છે. આવા માર્ગની કોઈ નિંદા કરે તો અભક્તિ ન કરીશ. આવે છેને પાછળ? આવો માર્ગ છે. એને કોઈ વિરોધ કરે, નિંદા કરે, ભાઈ! એથી સત્ય તો આવું છે. એના પ્રત્યેની ભક્તિ છોડીશ નહિ. સમજાણું કાંઈ? દુનિયા વિરોધમાં પડે, નિંદામાં પડે. સ્વભાવ છે બાપુ એનો અનાદિનો. એને નિંદા અને વિરોધ દેખીને આવો માર્ગ છે, આ જ માર્ગ છે, એ જ માર્ગે મુક્તિ મળે છે. એવી ભક્તિ છોડીશ નહિ તું. સમજાય છે કાંઈ? ઈર્ષ્યાભાવે કોઈ નિંદા કરે. એનો ઉદય છે, એમ કરે. એમાં એના અજ્ઞાનનો દોષ છે, અજ્ઞાનનો દોષ છે. આ વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ?

અરે..! આ અનેકાંત કર્યું જુઓ, ખુબી તો જુઓ! ઓહો..હો..! ગાથામાં કેટલી વાત નાખી છે! '**इदरस्य य किह हवे जोगो**' એ બીજાને આવો ઉપયોગ, શુદ્ધોપયોગ ભક્તિ એને ક્યાંથી હોય? આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે ન હોય. આને હોય અને એને ન હોય. આ ... ઓલા કહે કે વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી થાય, નિમિત્તથી પણ થાય, ઉપાદાનથી પણ થાય. એનું નામ અનેકાંત. અરે..! ભગવાન! ભાઈ! તું ભૂલમાં પડ્યો છો હોં. ભગવાનને તે ભૂલમાં નાખ્યો. અહીં તો અભૂલમાં સ્થાપ એ વાત કરવી છે. આહા..હા..! અરે..! '**इदरस्स य किह हवे जोगो**' આવી સ્થિતિવંતને જ આવા શુદ્ધોપયોગની ભક્તિ હોય છે. એની સમજણમાં અને એની શ્રદ્ધામાં આ બોર પાકો પકડવો એ પહેલો. આવા માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ નથી. દુનિયા ઉલટી જાય, દેવો ઉલટી જાય. સમજાય છે કાંઈ? તોપણ માર્ગ તો આ છે. બીજો છે નહિ. સંખ્યા થોડી હોય કે ઘણી હોય એની

સાથે સંબંધ નથી. કબુલનારા હોય તો પુરા કબુલે, થોડા એમાં હોય. થોડા કે ઘણા એક જ હોય તે આવું તત્ત્વ છે. આહા..હા..!

અરે..! બીજાને '**બાહ્ય પ્રપંચમાં સુખી હોય...**' એને કેટલી ભાષા નાખી! પર્યાય બુદ્ધિવાળાને, રાગબુદ્ધિવાળાને, નિમિત્ત બુદ્ધિવાળાને, વીતરાગે કહેલા તત્ત્વો સિવાય અન્ય તત્ત્વના બુદ્ધિવાળાને. સમજાય છે કાંઈ? અરે..! બીજાને એટલે '**બાહ્ય પ્રપંચમાં...**' બાહ્યમાં વિસ્તાર. ઓહો..હો..! શું છે શબ્દ? '**बाह्यप्रपंचसुखस्य**' અનેક પ્રકારનો વિસ્તાર બાહ્યનો કહે છે. શુભભાવ, પર્યાયબુદ્ધિ અશુભભાવ. શુભભાવના અસંખ્ય પ્રકાર. બહારની ભક્તિ, જાત્રા એમાં રોકાયેલા જીવોને આ ક્યાંથી હોય? '**બાહ્ય પ્રપંચમાં સુખી...**' એટલે આમાં કાંઈક હશે, આનાથી કાંઈક થશે. એમ માનનારને આ કેમ હોય? જયસુખભાઈ! આ તો લોજિકથી તો વાત ચાલે છે ન્યાયથી. આહા..હા..! અરેરે..! આવો માર્ગ! એના ઘરની પુંજીની ખબર નથી એને. મારા ઘરમાં પુંજી કેટલી એની એને ખબર નથી. ઓલા ધૂળની પુંજી અને આંકડાની ખબરું. ઝેરના આંકડા. આ અમૃતનો સાગર ભગવાન. જેની નજરું નાખતા નિધાન પ્રગટે અને આનંદની લહેર આવે. એવો જે ભગવાન કહે છે કે આવા શુદ્ધોપયોગની ભક્તિવાળાને પ્રાપ્ત થાય છે. બીજાને નહિ. આહા..હા..! વ્યવહારમાં મગ્ન છે. અરે..! અહીં તો કહે છે કે બાહ્ય શાસ્ત્રના જાણપણા લાખ કરોડના કર્યા એમાં મગ્ન છે એ બધા પ્રપંચમાં પડ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજાને. '**इतरस्य**' '**બાહ્ય પ્રપંચમાં સુખી...**' એટલે? સુખનો સ્વાદ. એમાંથી કાંઈક થાશે. આમાંથી કાંઈક થાશે. પરંપરા કાંઈક થાશે. અરે..! એવા જીવને આવી શુદ્ધોપયોગની ભક્તિ ક્યાંથી હોય? એણે સ્વરૂપમાં જોડાવું અને જોડાવાની ભક્તિ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? આહા..હા..! '**એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**' શ્લોક છે.

(अनुष्टुभ)

'आत्मप्रयत्नसापेक्षा विशिष्टा या मनोगतिः।
तस्य ब्रह्मणि संयोगो योग इत्यभिधीयते।।'

'**आत्मप्रयत्नसापेक्ष विशिष्ट...**' ખાસ '**જે મનોગતિ...**' એટલે ચૈતન્યની પરિણતિ. આહા..હા..! ભગવાન આત્મ પ્રયત્ન છેને? શુભાશુભનો પ્રયત્ન નહિ એ તો આત્મપ્રયત્ન. શુદ્ધ ભગવાન આત્માનો પ્રયત્ન સાપેક્ષ એના સહિતની લક્ષવાળી દૃષ્ટિવાળા પ્રયત્ન સાપેક્ષ, વિશિષ્ટ, ખાસ, મનોગતિ એટલે શુદ્ધ પરિણતિ. સમજાણું કાંઈ? '**आत्मप्रयत्नसापेक्ष...**' આત્માનો પ્રયત્નને? આત્મા તો આનંદની... સમજણમાં, લક્ષમાં લઈને અંતરમાં ઉતરવું એ તો દુર્ધર પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એ તો અલૌકિક-લોકોત્તર પ્રકાર છે. એવો '**आत्मप्रयत्नसापेक्ष...**' ખાસ. '**विशिष्ट...**' છેને? ખાસ પરિણતિ એટલે કે શુદ્ધ પરિણતિ એમ. અંતર શુભ-અશુભ પરિણામ એ તો અનાદિથી ચાલે છે. એ નહિ... એ નહિ... એ

તો ઝેર છે ભાઈ! આહા..હા..! ઘણા એ કહે પણ આ બધું . પડે, પણ એનો કોઈ ઉપાય બીજો કાંઈ ખરો? બીજા સાધન ખરા? શ્રીમદ્‌માં એક પત્ર એવો આવે છે લ્યો, ભાઈ! અધ્યાત્મમાં સાધન-બાધન ઉડાવી, મૂકાવી દ્યો તો પછી સાધન વિના કરવું કેમ? એક આવે છે. આખો પત્ર એક આવે છે. ચુસ્ત અધ્યાત્મીઓ સાધનને ઉડાવી નાખ્યા. .. એમ આવે. સમજાણું કાંઈ? એય..! ખબર છે? મોટો પત્ર છે એક. છે? આહા..હા..!

અહીં તો સાધન પણ આત્મા અને સાધ્ય પણ આત્મા. સમજાણું કાંઈ? વિકલ્પ અને દેવ-ગુરુ સાધન નહિ. આ નય, નિક્ષેપ અને પ્રમાણથી કહેલું જ્ઞાન પણ સાધન નહિ ગજબ વાત છેને આહા..હા..! સમજાણું કાંઈ? નય, નિક્ષેપ અને પ્રમાણ એનાથી જાણેલું જ્ઞાન એ પણ જ્યાં સાધન નહિ હોં. એને સાધન કહે નિમિત્તથી. થાય ત્યારે કહેવાય. નય, નિક્ષેપ એમાં આવે છેને તેરમી ગાથામાં. નય, નિક્ષેપ. એ પણ અભૂતાર્થ છે. આહા..હા..! ગજબ વાત છેને. વાતની રીત પણ, કહેવાની રીત એ આકરું. એનાથી તત્ત્વનું લક્ષ એના પક્ષમાં આવ્યું. નયથી, નિશ્ચયનયથી આમ છે અને વ્યવહારનયથી આમ છે. નિક્ષેપથી દ્રવ્ય નિક્ષેપની યોગ્યતા અને ભાવનિક્ષેપની પ્રગટતા, નામનિક્ષેપની ગુણપર્યાયની સંજ્ઞા, સ્થાપના, આકાર વગેરે જ્ઞાન જેવું જાણે છે એવું આવે. નયનો નિશ્ચય-વ્યવહાર. અને પ્રમાણ. આ દ્રવ્ય તે આમ છે અને પર્યાય આમ બે થઈને પ્રમાણ. કહે છે એ બધા પરલક્ષી જ્ઞાન, ત્યાં અંતર સાધનમાં કામ કરતા નથી. સમજાણું કાંઈ?

એવી '**જે મનોગતિ...**' છે તો શુદ્ધ પરિણતિ '**તેનો બ્રહ્મમાં સંયોગ...**' એમ કહે છે જુઓ, જે પરિણતિમાં બ્રહ્મને સ્થાપવું, આમાં કાંઈક પરિણતિને બ્રહ્મમાં સંયોગ એમ કહ્યું. કે ભાઈ શુદ્ધ પરિણતિને તેનો બ્રહ્મમાં સંયોગ થવો. '**(આત્મપ્રયત્નની અપેક્ષાવાળી ખાસ પ્રકારની...**' એ જ્ઞાનપરિણતિનો. એ ચિત્ત એટલે જ્ઞાનપરિણતિ '**આત્મામાં જોડાવું)...**' એ પરિણતિ નિર્મળની આત્મામાં જોડાવું. સમજાણું કાંઈ? '**તેને યોગ કહેવામાં આવે છે.**' લ્યો! જેને યોગ, યોગ એટલે મોક્ષનો માર્ગ, યોગ એટલે જોડાવું. આ બીજા યોગી અને યોગ કહે છે એ બધા ગપ્પેગપ્પ છે. શાંતિભાઈ! બીજા કહેને આ યોગ સાધન કરો, આમ કરો, આસન લગાવો, ધ્યાન કરો, ઉંચા-નીચા થાવ.

શ્રોતા :- ..

ઉત્તર :- એ બધા ગપેગપ. આ યોગ. આહા..હા..! જેમાં વિકલ્પની પણ જરૂર નથી. એવો શુદ્ધોપયોગનો યોગ આત્માને જોડવો એ યોગ છે. જૈનદર્શન વીતરાગમાર્ગમાં વસ્તુના સ્વરૂપમાં આવાને સુખ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? '**તેને યોગ કહેવામાં આવે છે.**' પોતે મુનિ કહે છે.

(अनुष्टुभ)

'आत्मनमात्मनात्मायं युनक्त्येव निरन्तरम्।
स योगभक्तियुक्तः स्यान्निश्चयेन मुनीश्वरः।।२२८।।'

'**જે આ આત્મા...**' પૂર્ણ આનંદસ્વરૂપ આત્મા એ '**આત્માને...**' એવા આત્માને '**આત્મા સાથે...**' ભાષા જુઓ, આત્મા એટલે શુદ્ધ પરિણતિ સાથે. ઓલામાં પરિણતિને બ્રહ્મા જોડે કહ્યું. અહીં આત્મા નિરંતર શુદ્ધ પરિણતિ સાથે નિરંતર જોડે છે. સમજાણું કાંઈ? ત્રણ આત્મા શબ્દ પડ્યા છે. '**આત્મા...**' પ્રત્યક્ષ ભગવાન આત્મા એ પોતાને '**આત્મા સાથે...**' એટલે સમાધિ સાથે નિજ અખંડ અદ્વૈત પરમાનંદની સાથે '**નિરંતર જોડે છે.**' આહા..હા..! પોતાની નિર્મળ પરિણતિ સાથે આત્માને જોડે છે. આહા..હા..! '**તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે.**' તે ધર્માત્મા સાચા આત્માના વેપારની ભક્તિવાળો છે. આત્માના વેપારની ભક્તિવાળો છે. લ્યો આ વેપાર.. ત્રિકાળ ભગવાન આત્માનો યોગ એટલે વેપાર. એની ભક્તિવાળો એ આ છે. એને મુક્તિ અલ્પકાળમાં થાય છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૪૦૫ થી ૪૦૭
પ્રવચન નં. ૪૭૮, તા. ૦૫-૦૨-૧૯૬૮
(૨૧)

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. એ ૪૦૫, ૪૦૬, ૪૦૭ ગાથા છે. ટીકા છે એની ટીકા. છે ને ટીકા?

શ્રોતા :- અન્વયાર્થનો ત્રીજો અર્થ રહી ગયો

ઉત્તર :- ત્રીજો અર્થ અન્વયાર્થનો રહી ગયો છે, એમ?

શું કીધું જુઓ! પહેલા માથે કીધું છે ને માટે. અન્વયાર્થ છે ને શબ્દાર્થ. માટે એટલે શું? માથે એમ આવ્યું હતું કે જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી અને છોડી શકાતું નથી. છે અન્વયાર્થ-શબ્દાર્થ? બતાવો બતાવો ભાઈ એને. ચોપડો આ કોઈ દી જોયો નથી. છે? ઓલા ચોપડા જોવા ઠીક પડે. આમાં ક્યાં લખ્યું છે એ અર્થની ખબર ન પડે. માથે છે પહેલું, જુઓ!

'**જે પરદ્રવ્ય છે...**' છે? '**તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...**' એટલે શું કહ્યું? કે જે આ આત્મા છે ને? એ આ શરીરના રજકણને, વાણીના રજકણને, કર્મના રજકણને, આ દાળ-ભાતના રજકણને કે હથિયાર ને કે પાણી આદિને લઈ શકતો નથી, છોડી શકતો નથી.

શ્રોતા :- ...

ઉત્તર :- રૂપિયા એમાં આવી ગયું ને, રૂપિયા શું થયું? રૂપિયા પરમાણુ જડ છે, અજીવ છે. અહીં આત્મા અરૂપી જ્ઞાનઘન છે. તે અરૂપીને પોતાના સ્વરૂપમાં ન ઠર્યો હોય અને ઇચ્છા હોય તો પણ ઇચ્છા વડે પરવસ્તુને ગ્રહે કે છોડે એમ આત્મામાં નથી. અજ્ઞાનીની ઇચ્છા કાળે એ ચીજ આવે છે અને જાય છે. ઇચ્છા થઈ કે છોડું અને છૂટી જાય છે. એટલે એમ માને છે કે મેં છોડી. એ ભ્રમ છે. આત્મા ઇચ્છા દ્વારા પરવસ્તુને પકડી શકતો નથી, ગ્રહી શકતો નથી, છોડી શકતો નથી. એમ કહે છે.

શ્રોતા :- હજી વધારે..

ઉત્તર :- કહીએ વધારે થોડું થોડું ચાલે એટલું કહીએ. કહો, એ તો ખબર છે કે નહિ? મંદવાડ વખતની ખબર છે કે નહિ? એનો ઘરનો દાખલો આપીએ ને. એ વખતે.. મોટાભાઈ પડ્યા હતા. કરોને ઊભા શરીરને. એ રજકણ છે એમ કહે છે. આ જડ પદાર્થ પદાર્થ છે.

અજીવતત્ત્વ છે અને અજીવમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી ભરેલું એ તત્ત્વ છે. એ તત્ત્વને આત્મતત્ત્વ ગ્રહી શકે નહિ, છોડી શકે નહિ, રાખી શકે નહિ, પાળી શકે નહિ, કાપી શકે નહિ, મારી શકે નહિ, ભુક્કો કરી શકે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :- ફેક્ટરી ક્યાં એનાથી ચાલતી હતી? કહો, સમજાણું કાંઈ? આ સંચા ચાલે ને સંચા? તમારે ઓલા લાદીના નાખે માથે. આ લીલી ભભરાવી, ઝીણો ભુક્કો આમ નાખો, ફલાણું આમ. શું કહેવાય ઈ? ડિઝાઈન. લાદીમાં ડિઝાઈન નાખે છે ને? ફલાણી ડિઝાઈન કરવી. લાલ ને લીલી ને ઢીકણું, આવી ઝીણી ઝીણી ફલાણું. એ ડિઝાઈન જોઈ હતી બહુ એક ફેરી ત્યાં જામનગર. છે ને જામનગર એક આપણે નથી? વઢવાણવાળો છે. ત્યાં ઉતર્યા હતા એના ઘરે જ તે. ઘરે ઉતર્યા ત્યાં એ જ્યાં પાટ પડી હતી ત્યાં જ બધી ડિઝાઈન હતી. એકે એક ડિઝાઈન. કીધું, આ ધંધો? તો કહે, હા. જુદી જુદી. એ કરી શકતો નથી. કેમ? કે આત્મા વસ્તુ છે એ રજકણના તત્ત્વથી જુદું તત્ત્વ છે. અને આ તત્ત્વથી એ રજકણોનું તત્ત્વ જુદું છે. એટલે રજકણો પછી કોઈ તો કર્મના હો, શરીરના હો, આહારના હો, પાણીના હો, વાણીના હો. આ વાણી છે ને? એના રજકણો આત્મા ગ્રહી શકે નહિ, બોલી શકે નહિ, છોડી શકે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને ભ્રમ પડે છે. મિથ્યાભ્રમ થઈ જાય છે કે હું આ ચીજને ગ્રહું છું અને મૂકું છે. આત્મામાં શું? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. અને આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ તો નથી. રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. તો એ નથી ચીજ એ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજને પકડે શી રીતે? છોડે શી રીતે? ગ્રહે શી રીતે?

શ્રોતા :- આ દુનિયા ગ્રહે છે ને.

ઉત્તર :- આ દુનિયા ગ્રહતી નથી, મૂઢ માને છે.

મિથ્યાભ્રમ અજ્ઞાની એને માને છે કે હું આને ગ્રહુ છું, આને છોડું છું, આને રાખું છું, આને પાળું છું, આની રક્ષા કરું છું. સમજાય છે? આ વીતરાગનું તત્ત્વ જરી ઝીણું છે જગતથી ભાઈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા એ વળી કેવળી પરમાત્મા. એના મુખમાંથી આવેલા છ દ્રવ્યો, છ વસ્તુ છે જગતમાં. એક આત્મા એવા અનંત, પરમાણુ અનંત, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એવા છ. અહીં તો આત્મા અને પુદ્ગલ વચ્ચેની વાત છે. આહારની લેવી છે માટે.

પહેલો એ સિદ્ધાંત કહે છે. પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી. અજ્ઞાનીની માન્યતામાં ભ્રમ છે કે હું આ ચીજને ગ્રહું છું, ઉપાડું છું. એનામાં ઉપડવાની શક્તિને કારણે ઉપડે અને નજીક આવે છે. અજ્ઞાનીની ઇચ્છાથી એ આવતું નથી અને ઇચ્છાથી તે છૂટતું નથી. કહો,

બરાબર છે? પોપટભાઈ! કહો, રોગ થયો ત્યારે ખબર છે કે નહિ આઠ-દસ દી અંદરથી એં..એં.. થઈ જતું હતું.

શ્રોતા :- .. મટી ગયું.

ઉત્તર :- એના ભાઈઓ એમ કહે છે. પણ એ રજકણોની.. એ રજકણો છે એ અજીવતત્ત્વ છે. આ માટી છે. જુઓ! દેખાય છે શું? આ રંગ, ગંધ, રસ, સ્પર્શ(વાળી) ચીજ છે. આ તો ઘણા રજકણોનું દળ છે. ઘણા રજકણો. કટકા કરતા કરતા કરતા કરતા કરતા છેલ્લો પોઈન્ટ રહે એને ભગવાન પરમાણુ કહે છે. એ પરમાણુના પછી બે ભાગ થાય નહિ. એ એવા અનંત પરમાણુઓ કોઈપણ શરીરના હો, રોટલાના હો, દાળના હો, ભાતના હો, કર્મના હો કે વાણીના હો. એને આત્મામાં એવી કોઈ શક્તિ નથી. દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાય નામ અવસ્થામાં કોઈ તાકાત નથી કે પરવસ્તુને ગ્રહે અને પરને છોડે. એવું આત્માની અવસ્થામાં કોઈ લાભ-ગુણ એવી શક્તિ છે જ નહિ. અજ્ઞાનીને ભ્રમ પડે છે. પક્ષઘાત થઈ જાય છે ત્યારે ઇચ્છા છે લ્યો, શરીર ચલાવું. હાલે છે?

શ્રોતા :- એ તો રોગ હોય તો ન ચાલે.

ઉત્તર :- બસ, થઈ રહ્યું ત્યારે. એની શક્તિ ગતિ કરવાની નથી તો નથી ગતિ કરતું. એની શક્તિમાં ગતિ કરવાનું હોય તો ગતિ કરે છે. પણ તારે કારણે ગતિ કરે છે અને ચાલે એ વાત ત્રણ કાળમાં જૂઠી એમ કહે છે. સમજાણું કાંઈ? હજી તો અજીવ જીવનું કરી શકે અને જીવને ગ્રહે-છોડે એ તો બહુ મિથ્યા મોટો ભ્રમ છે. સમજાણું કાંઈ? એટલું અહીં તો પહેલું સિદ્ધ કરીને પછી આહાર પછી આહાર... આત્મા આહાર ગ્રહે નહિ તો આહાર વિના શરીર એવું આત્માને ક્યાં આવ્યું? શરીર આત્માને છે એમ ક્યાં આવ્યું? આ તો જડનું છે, માટીનું છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્યને '**જે પરદ્રવ્ય છે...**' એમ પાછી ભાષા લીધી છે ને? '**यत्**' પરદ્રવ્ય છે. આ રજકણો શરીર, વાણી, કર્મ પણ હોં! કર્મને પણ આત્મા ગ્રહે અને કર્મને છોડે એવું આત્મામાં નથી. આત્મા અજ્ઞાન કરે, ભ્રમ કરે, રાગ કરે, દ્વેષ કરે ત્યારે કર્મના રજકણો એને કારણે આવે. અહીં રાગ છોડે આત્માના સ્વભાવના ભાને તો કર્મના રજકણો એને કારણે છૂટે. પણ આત્મા એને ગ્રહે અને છોડે એવું આત્મામાં છે નહિ. એમ કહે છે. ભારે ઝીણું! આ તો મોટા પથરા તો લાદીના કરીએ છીએ અને ગ્રહે નહિ. લ્યો, આખો દી કરે છે આ મોટી. પોપટભાઈ! આહાહા..! સંચાઓ કરે. પડ્યા હોય સંચા આમ. આમ જ્યાં હલવે ઓલો હાથો આમ કરે. પણ ભાઈ! તારાથી નથી ચાલતું એમ ભગવાન કહે છે. એ રજકણ પરમાણુઓ છે એમાં જ્યારે તે પ્રકારની અવસ્થા થવાની હોય ત્યારે તે થાય છે. તેં આમ કર્યું, ચલાવ્યું એ તારાથી હલ્યું નથી એમ કહે છે અહીં તો. આહાહા..!

શ્રોતા :- હલવવું પડે.

ઉત્તર :- હવે કોણ હલવે? ધૂળ? આહાહા..!

ત્યાં એક મોટો સંચો જોયો હતો ને ત્રણ કરોડનો. ઉજ્જૈનમાં, નહિ? શેઠ લઈ ગયા હતા. લાલચંદ શેઠ. એ ત્રણ કરોડનો નવો સંચો. આખા હિન્દુસ્તાનમાં નથી. એક જણ નાખે રૂને.. ક્યાંક એક માણસ ઊભો હોય, બસ. એક દોરી તૂટી જાય તો દોરી સાંધે એટલું. ક્યાંક. બાકી એની મેળાએ અહીં રૂ નાખે આખું કપડું થઈને નીકળે. નવો સંચો છે. ઉજ્જૈનમાં છે. લાલચંદ શેઠ. ગુજરી ગયા બિચારા. તે દી ત્યાં હતા ને અમે ગયા હતા ને. લઈ ગયા હતા. આવો આખા હિન્દુસ્તાનમાં નથી. ક્યાંક ક્યાંક માણસ દોરી તૂટી જાય, ઓલો દોરો હોય ને ક્યાંક એ તૂટી જાય તો બંધ થઈ જાય ફટ. દોર તૂટી ગઈ હોય તો સાંધી દેવું પડે એને. માણસ ઊભા હોય. બસ. આખું સમથળ ચાલે. કોને લઈને? કે આત્માને લઈને નહિ. એમ કહે છે અહીં. પણ આ બધા આટલા આટલા કામ કરે, સંચા હલવે, પૈસા ભેગા કરે, પૈસા છોડે, જોવે ત્યાં વાપરવા હોય તો વાપરે. ના પાડે છે અહીં. ઈચ્છા કરે. સમજાય છે? કે અહીં દાનમાં આટલા દઉં. ઈચ્છા એ શુભ. પણ ઈચ્છા વડે લક્ષ્મી આમ દઈ શકાય છે કે બીજાને આપી શકાય છે (એમ નથી). ઈચ્છા થઈ કે આહાર આને દઉ ક્ષુધાવંત પ્રાણીને. એ આહાર દઈ શકે છે એ વાત ખોટી છે એમ કહે છે.

શ્રોતા :- ન દે.

ઉત્તર :- દે લે છે પણ.. લઈ શકે છે કોણ? દઈ શકે છે કોણ? એ જ વાત અહીં સિદ્ધ કરવી છે. ભારે!

તત્ત્વ બે છે કે નહિ? જડ અને ચૈતન્ય જુદા છે. જુદા જુદાનું કરે તો જુદા રહેતા નથી. એમ કહે છે. જુદું તત્ત્વ જુદાનું કરે અને જુદાને ઘાલમેલ કરે તો જુદા રહેતા નથી. બે એક થઈ જાય છે. એક થતાં નથી અને માને છે કે મેં આને કર્યું છે. આહાહા..! અભિમાન.. અભિમાન... અભિમાન... જગતનાં. એ મિથ્યાત્વના અભિમાન એમ કહે છે. વિપરીત માન્યતા છે તારી પાખંડ માન્યતા છે. મેં આ સંચા હલવ્યા, મેં આ પથરા તોડ્યા, મેં પથરામાં આ કામ કર્યા. મેં કર્મને ગ્રહ્યા, મેં કર્મને છોડ્યા, મેં અપવાસ કર્યા. મેં નિર્જરા કર્મની કરી. ના પાડે છે. અપવાસ એટલે શું? તેં રાગ મંદ કર્યો હોય કદાચિત. તો આહાર-પાણીના પરમાણુ આવવાના નહોતા. નહોતા. તેં રાગ મંદ કર્યો માટે આહારના રજકણ ન આવ્યા એમ નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો દરેક દ્રવ્યની વાત છે કે નહિ? આ રાગ મંદ કર્યો. ભાઈ! આજે નથી ખાવું. પણ એ રાગ મંદ કર્યો માટે આહારના રજકણો આવ્યા નથી એમ નથી. અને ઈચ્છા થઈ ખાવાની માટે રજકણોને ખાઈ શકે છે અને લઈ શકે છે એમ નથી. અજ્ઞાનીની મોટી ભૂલ છે કહે છે. બે તત્ત્વની જુદાઈને એકપણે માનીને જડને ચૈતન્ય માને છે એ મહામિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહાહા..!

શ્રોતા :- ....

ઉત્તર :- ભાઈએ તો કહ્યું હતું સવારમાં થોડું. વાત સારી કીધી હતી હોં ભાઈએ. પોપટભાઈ! થોડું રાખે એવું લાગે છે થોડુ થોડું. શબ્દ સારા બોલ્યા હતા. બીજા નંબરના છે ને? આ પહેલા નંબરના. ઓલો ત્રીજો ત્યાં રોકાણો. .. ત્યાં. કહો, સમજાણું કાંઈ? સવારમાં ભાષા તો ઠીક કરી હતી.

ભાઈ! આ તો ત્રણ કાળમાં, ત્રણ લોકમાં ન ફરે એવું તત્ત્વ છે. એ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે મોટા ઇન્દ્ર અધિપતિઓ આખા લોકના સ્વામી, ૩૨ લાખના વિમાનના સ્વામી, અસંખ્ય દેવના સ્વામી શક્રેન્દ્ર. અસંખ્ય દેવલોકના અસંખ્ય (દેવોના) સ્વામી શક્રેન્દ્ર, અર્ધ લોકના (સ્વામી). આખા લોકના સ્વામી બે. ભગવાનના સમવસરણમાં ભગવાનની વાણીમાં આવ્યું કે હે જીવો! આત્મા બીજા આત્મા સિવાયના કોઈપણ રજકણને આહારના, પાણીના, દવાના, ઓષડના, આ સમજાય છે ને? ભસ્મના. ભસ્મુ-બસમું ખાય છે ને આ? હરડે. હરડે લેવી. આ હરડે લે છે ને રેચ માટે? કહે છે કે હરડેના રજકણોની ઇચ્છા થઈ કે આજે લઉં, માટે ઇચ્છાથી હરડે લઈ શકાય છે. ના. ના. ના. એમ કહે છે. અને જો હા. હા. કરી તો શ્રદ્ધા ખોટી, જ્ઞાન ખોટું, તારું આચરણ પણ ખોટું. એમ કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! ખબર નથી આમ માંદો પડે તો આ... સવારે ભાઈ! હવે. ડોક્ટર કહે, બહુ બોલશો નહિ. બહુ બોલશો નહિ. ધીમે ધીમે બોલો. હમણાં બંધ કરજો બોલવું. એમ કહે છે ને? હલે કોણ અને બોલે કોણ? એ તો જડની ભાષા છે એમ કહે છે અહીં તો. આહાહા..! ભાઈ! તું આત્મા છો ને. તું જ્ઞાનસ્વરૂપ છો ને અને અરૂપી પદાર્થ છો. અનાદિઅનંત જીવતી જાગતી જ્યોત ચૈતન્ય વસ્તુ છે. આ તો મડદાં છે રજકણો. શરીરના, વાણીના, રોટલાના, દાળના, ભાતના અને કર્મના. એ તો મડદાં છે. એ મડદાંને તેં નક્કી કર્યા છે કે આ જીવ છે. એ અજીવને તો એની ખબર પણ નથી કે અમે અજીવ છીએ. મડદાં છે એનું તેં નક્કી કર્યું છે. અને તેં નક્કી કર્યું એ તારું જ્ઞાન. પણ એને લઈ શકે અને મૂકી શકે એ અજ્ઞાનભાવે મિથ્યાદૃષ્ટિએ માન્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક જણો હતો અહીંયાં. તે દી આવ્યા હતા ને. (સંવત) ૧૯૯૭ની સાલમાં. લ્યો કહે, આ તમે કહેતા હતા આ કર્યું. આ હાથ કર્યો. ભાઈ! તમે શું કર્યું ખબર છે? કીધું. આમાં શું થયું ઈ તમને ખબર છે? તમને આત્માની ખબર છે? કે આત્માની પર્યાયમાં શું થાય? એ વખતે રજકણની અવસ્થા શું થાય એની ખબર છે? ખબર વિના મેં આ કર્યું? સમજાણું કાંઈ? પછી તો મેં દાખલો આપ્યો હતો જરી કે એક માણસ કહે કે ભાઈ! મને ક્ષુધા લાગી છે. હું તો માંસ ખાઈને દુઃખ મટાડીશ. ક્ષુધા લાગી છે. મુસલમાન હોય કે માંસ ખાનારો હોય. એને ક્ષુધા લાગી. માટે આ છોકરાને મારીને મારે ખાવો છે. માંડ માંડ એને એક છોકરો. મેં તો દાખલો સારો આપ્યો હતો આકરો. કરોડપતિનો છોકરો છે. કરોડપતિ હતો. છોકરો નહોતો થતો. એમાં એક છોકરો થયો. એમાં રાજા દેવા આવે ને? .. દેવા

શું કહેવાય? ખુશી કરવા. ઝબલું આપવા અથવા એ શું કહે? આ એને સારું કરવા આવે ને કે ઠીક છે. એમ કહેવા આવે ને. હરખ બતાવવા આવે, બસ એ. એમ આ હરખ બતાવવા રાજા આવ્યો. કરોડપતિ માણસ હતો. નાસ્તિક હતો. કાંઈ માનતો નહોતો. પરલોક-ફરલોક કાંઈ નહિ. છોકરો આવ્યો. ૬૦ વર્ષની ઉંમરે.

એમાં રાજા આવ્યો જોવાને. કુણું શરીર બાળકનું જોઈને (રાજા કહે છે), મને તો આને કાપીને ખાવાનું મન થઈ ગયું. હાય.. હાય.. અરરર..! આમ ન થાય. આ મને ભૂખ લાગી છે. જુઓ! એમ ને એમ આવ્યો છું. તમારું સાંભળીને ચા પણ નથી પીધી મેં. ભૂખ લાગી છે. લ્યો, આને કાપીને .. તો ભૂખ મટી જશે. આ ભૂખનું દુઃખ કાપીશ તો મટી જશે પ્રત્યક્ષ દેખાય છે. એય..! પોપટભાઈ! સાચી વાત છે કીધું આ? માંસ ખાય કાપીને એને દુઃખ મટે એ એનાથી મટ્યું છે એમ છે? તો તો માંસ ખાવાના પાપથી દુઃખ મટે એવો અર્થ થઈ ગયો આ તો. ભાઈ! તને એની ત્રિરાશી કરતા આવડતી નથી, કીધું. એ ક્ષુધા મટી છે એ તો પૂર્વની શાતાના ઉદયને લઈને ક્ષુધા મટી એમ દેખાણું. વર્તમાન પાપના ભાવ જે કાપી નાખવાના થયા છે ખાવાના એના તો કાળા કેર થશે તારા ઘરે. ભવિષ્યમાં. પણ એ ત્રિરાશીની તને ખબર નથી. એટલે આ પાપ માંસ ખાધું ને દુઃખ મટ્યું, એમ પાપ કરીને દુઃખ મટે તો પછી દુઃખ ટાળવાનો ઉપાય બીજો ક્યો? સમજાણું કાંઈ?

એ તને ભ્રમ છે કે માંસ ખાઈને મને દુઃખ મટે છે. વાત સાચી. એ તો ભાઈ બગસરાવાળાની વાત. બગસરાના અમુભાઈ હતા. બગસરા દરબાર છે ને. પાનાસણા. ૬૦ હજારની ઊપજ બાર મહિને. ત્યાં વ્યાખ્યાનમાં બધા આવતા ને. આ ૮૪ની વાત છે. અમુભાઈ છે. બહુ રૂપાળો રાજકુમાર નાની ઉંમરમાં. ૪૦ હજારની ઉપજ. નાનાને પંદર હજારની જુદી રાખી હતી. પણ એણે પછી કીધું, મહારાજ દાખલો આપે છે ભારે. માંસ ખાઈને દુઃખ મટે અને એ દુઃખ મટે તો પાપ કરીને દુઃખ મટે? વાત તો સાચી લાગે છે. પણ મટે છે ને. મટે છે એનાથી નહિ. એ પૂર્વના શાતાનો ઉદય છે, બાપુ! માટે દુઃખ મટ્યું એમ તને લાગે છે. ત્યાં તો આકુળતા પડી છે અંદર. પણ ઓલી ક્ષુધા હતી ને? અંદર પડ્યું એટલે તને લાગ્યું કે આ મને મટ્યું દુઃખ. આકુળતા ઓછી થઈ એટલે. એ પણ એનાથી નહિ. વાત તમારી સાચી લાગે છે હોં. મહારાજ! અમારા ઘરે વહોરવા આવજો. મારી માને સંભળાવજો આ વાત. રાજા હતો. બગસરા. ૮૪ની વાત છે. ૪૦ વર્ષ થયા. ઘરે ગયા વહોરવા. બાઈએ તો સોનાના ઓલા પહેરેલા. રાજા ને મોટા. ૬૦ હજારની ઉપજ. મહારાજ! વહોરવા પહેલા મારી માને સંભળાવો આ વાત. તમે વ્યાખ્યાનમાં કરી હતી ઈ. કીધું, આમ છે આ. બહેન! માંસ ખાઈને દુઃખ મટે એમ જે માનનારા છે એ વાત સમજતા નથી. પાપ કરીને દુઃખ મટે? જૂઠું બોલીને લાભ થાય? લોકો તો એમ માને છે લ્યો કે અમે જૂઠું બોલીએ તો આ પૈસા પેદા થાય. કેમ આ બધું નથી કાળા અંદર કરવા પડે છે ને ઓલા? ઈન્કમ ટેક્સને

માટે. ફેરફાર કરવા પડે, ચોપડા ફેરફાર કરવા પડે, ભરવા જોઈએ બે લાખ અને ભરે ૩૦ હજાર. તો એટલું જૂઠું કર્યું તો એટલો લાભ થયો કે નહિ? ખોટી વાત છે. ખોટી વાત છે. એને ભ્રમણા થઈ ગઈ છે એવી. વસ્તુની એને ખબર નથી. જૂઠા બોલે લાભ થાય અને ચોરી કરે લાભ થાય, ચોરી કરીને લાભ થાય ને. ચોરવા જાય અને ૫૦ હજાર લાવે ઘરે. આ બહારવટીયા શું કહેવાય આ? ડાકુ. ૫૦ હજાર રૂપિયા લઈ આવે, લાખ રૂપિયા લઈ આવે. કાંઈ ન મળે. અડધો કલાક, કલાક દબાવીને બંદુક નાખીને શેઠિયા પાસે. લાવ કુંચી. ચડી બેસે એની માથે. લઈ જાય. એય..!

શ્રોતા :- ભરવું પડે.

ઉત્તર :- ભરવું પડે. લાખ લઈ જાય અડધા કલાકમાં. આ ચોરીના ફળમાં લાખની પ્રાપ્તિ હશે? ભાઈ! તને ખબર નથી. ગણતરી આવડતી નથી. પૂર્વના પુણ્યનો ઉદય હોય અને એ પ્રાપ્ત થયું, પણ વર્તમાન જે ચોરીના પરિણામ છે એના કાળાકેર થશે. એને એમ ગણતરી ન કરાય કે આ ચોરીથી મને મળ્યું, જૂઠામાંથી મળ્યું, માંસ ખાધું માટે દુઃખ મટ્યું એમ ન થાય. એમ એની ગણતરી હોઈ શકે નહિ.

એમ અહીં કહે છે કે ઈચ્છા થઈ અને વસ્તુ ઉપડી એ વાત તારી ખોટી છે એમ કહે છે. ભાઈ! ઓલી જેમ ખોટી છે. એમ માને કલ્પનાથી. એમ ઈચ્છા થઈ અને આ લાકડું ઉપાડ્યું. વાત ખોટી તારી છે. તને ખબર નથી ન્યાયની. સમજાણું કાંઈ? કોણે ઉપાડ્યું? એ તો એને કારણે ઉપડ્યું હતું. આંગળીએ પણ ઉપાડ્યું નથી એવી વાત છે આ. રજકણોનો સ્વભાવ રૂપાંતર થઈને ઊંચો કરવાનો જે સમય છે તે કાળે થાય છે. આંગળીથી નહિ અને ઈચ્છાથી નહિ. સમજાણું કાંઈ? વીતરાગનું તત્ત્વ ઝીણું છે, ભાઈ! છ દ્રવ્યો છે ભગવાનના કહેલા. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.

અહીં તો આચાર્યને છેલ્લી સ્થિતિનું વર્ણન કરીને, આખો સિદ્ધાંત સિદ્ધ કરીને છેલ્લી સ્થિતિનું વર્ણન કરે છે. ભાઈ! '**જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...**' આત્મા કર્મને ગ્રહી શકે નહિ અને આત્મા કર્મને છોડી શકે નહિ. આત્મા આહાર લઈ શકે નહિ, આત્મા આહાર છોડી શકે નહિ એમ કહે છે. અમે આહાર છોડ્યા. મૂઢ છો? એ તો રજકણ અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વનો તારા ઉપર, તારો એના ઉપર અધિકાર છે છૂટવાનો અને લેવાનો? તારામાં ઘાલમેલ કર રાગ અને દ્વેષની. એનું આવવું-જવું તારે અધિકારે નથી. એને કારણે છે. તને તત્ત્વની ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

'**જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...**' લ્યો! અહીં કહે, અમે બાયડીને છોડીએ, છોકરા છોડીએ, ધંધો છોડીને બેસીએ. સાંભળને હવે. કોણ ધંધો છોડીને બેઠું? ધંધો તો છૂટેલો જ છે. રાગનો સ્વભાવ, દૃષ્ટિના કારણે રાગ છૂટતાં કે અમથો રાગ મંદ પડતા એ ટાણે એ વેપારની ક્રિયાઓ ત્યાં થવાની નહોતી માટે આ

કહે છે કે મેં છોડ્યું એ તારો મોટો ભ્રમ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ખેતશીભાઈ! અજ્ઞર પ્યાલા છે બાપા આ કાંઈ...

શ્રોતા :- ...

ઉત્તર :- હા. ઈ જ કહે છે. જેમ ઓલામાં સંયોગમાં માંસ ખાધુ અને દુઃખ મટ્યું. મેં તો પછી ઘણા દાખલા આપ્યા હતા તે દી. એકને માંસ ખાઈને દુઃખ મટે, એક કંદમૂળ ખાઈને દુઃખ મટે અને એક લીલોતરી ખાઈને દુઃખ મટે. ક્ષુધાનું. ત્રણે એક સરખા જો માને કે આનાથી મટ્યું તો. લીલોતરીના જીવ એકેન્દ્રિય છે. એને ખાઈને આ દુઃખ મટે? દેખાય છે ને? શું દેખાય છે તને? કઈ આંખે જોયું તેં?

શ્રોતા :- ...

ઉત્તર :- એ તો અજ્ઞાનથી જોયું કે આ મેં ખાધું. સમજ્યાને? કેરી ને દૂધી-દૂધી આમ ફર્સ્ટ ક્લાસ કરેલી. કારેલાના શાક. કારેલાના, લ્યો! કાચા હોય ને કાચા કાપીને. બટાટા લ્યોને બટાટા. ઊંચા. બટાટા ઊંચા. એક કટકીમાં અનંત જીવ. એક બટાટાની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ છે. એ બટાટાની.. શું કહેવાય સાંભળ્યું કે નહિ? સાંભળ્યું છે કે નહિ? કાતરી. હા ઓલી પતરી પાતળી. એમાં ઘીમાં તળે અને કરકરીયા થાય અને એ રોટલીમાં ખાય જાણે ભૂખ મટે. મરી જઈશ એનાથી નથી મટ્યું, સાંભળને! એય..! પોપટભાઈ! અનંત જીવને મારીને દુઃખ મટતા હશે? દેખાય છે ને? તને દેખતા આવડતું નથી. પરદ્રવ્યના ગ્રહણમાં તારો અધિકાર નથી, પરને છોડવામાં તારો અધિકાર નથી. તને રાગ થાય છે એમાં. બસ, એટલી વાત છે. મર્યાદા એટલી છે. અને કાં.. એ કહેશે પછી.

'**એવો જ કોઈ તેનો (-આત્માનો)...**' જુઓ! હવે કહે છે. '**એવો જ કોઈ તેને (-આત્માનો) પ્રાયોગિક તેમજ વૈસ્રસિક ગુણ છે.**' હવે શું અર્થ કરે છે? આ જરી ઝીણી વાત છે. એની મેળાએ સમજાય એવી નથી. પ્રાયોગિક ગુણ એમાં સમજાય છે? તમારા ચોપડામાં આવ્યું છે ક્યાંય પ્રાયોગિક અને વૈસ્રસિક? પોપટભાઈ! એમ કહે છે, પ્રાયોગિક એટલે શું? કે આત્મામાં રાગ થાઓ. એ પ્રાયોગિક કહેવાય. કર્મના સંગે થયેલો રાગ-ઈચ્છા. રાગ, દ્વેષ એ ભાવ થયો. એ પ્રાયોગિક કહેવાય. જે રાગ થયો પણ રાગ દ્વારા બીજી ચીજને ગ્રહાય કે છોડાય એવી રાગમાં તાકાત નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :- રાગમાં નથી. ઓલામાં આત્મામાં તો પછી કહેશે સ્વભાવમાં નથી. રાગમાં એ તાકાત નથી. વિકાર કરું તો એમાં તો તાકાત આવે કે નહિ પરને-લેવા-દેવાની? ના. ઈચ્છા થઈ ખાવાની માટે ઈચ્છાને કારણે કોળિયો આમ લેવાય છે. ના. ખોટી વાત તારી છે. તને ભ્રમ છે જગતને. સમજાણું કાંઈ? ઈચ્છાની મર્યાદા ઈચ્છા સુધી. પછી એ વસ્તુ આવવી-જવી એને કારણે. એને ઠેકાણે આ માને કે મેં કોળિયો બરાબર.. મોટો કોળિયો

ન ખાઈશ. પેટમાં દાંત નથી. કહે છે ને વાતું? એમ કહે છે કે નહિ? ચાવીને ખાવું, ફલાણું કરવું એવું બહુ બોલે. ડાહ્યાના દીકરા બધા એવા બધા ભેગા થઈને વાતું કરે. પેટમાં દાંત નથી. દાંત અહીં છે માટે ચાવીને ખાવું. સાંભળને હવે. ચાવીને કોણ દાંત હલાવી શકતો હતો? આ તો રજકણ-માટી છે. રજકણ છે. આમ આમ થાવું એ તારા અધિકારની વાત છે નહિ. મરતા થઈ જતું નથી ખબર નથી? લોકો આપણે નથી કહેતા? કે શ્વાસ તારો સગો નથી. કહે છે?

શ્રોતા :- મરવા ટાણે તો...

ઉત્તર :- એ માનીને બેસે છે મૂઢ, એમ કહે છે. શ્વાસ તારો સગો નથી એટલે શ્વાસ જે આમ ચાલે છે. પછી તને ખ્યાલ આવશે મરતા ટાણે કદાચિત કે શ્વાસ અહીંથી છૂટ્યો. ડૂંટીથી છૂટે છેલ્લે. મરવા ટાણે આ જગ્યા છોડી દે. અત્યારે ચાલે છે તો આમ છે ને સ્થિતિ કાળ એટલે અહીંથી આમ જાય છે. અહીંથી આમ. એ જ્યારે છેલ્લી સ્થિતિ આવશે એટલે ડૂંટીથી શ્વાસ છૂટી જાશે. પહેલો દોરાવા છૂટે, કોઈને એકદમ છૂટી જાય. અને કોઈને પહેલા ખ્યાલ આવી જાય. શ્વાસે સ્થાન છોડ્યું છે. ડાહ્યો માણસ હોય તો ખ્યાલ આવી જાય. શ્વાસે સ્થાન છોડ્યું. લેને. હેઠે કરી દેને શ્વાસને. એ જડ પરમાણુ છે શ્વાસના. એને ખ્યાલ આવે કે આ શ્વાસે નાભીનું સ્થાન છોડી દીધું છે. ઘણા જોયા હોય ને ૮૦ વર્ષના ડોસાને મરતા-ફરતાને બધું. શ્વાસે સ્થાન છોડી દીધું છે. ઘર છોડ્યું એમ કહે છે આપણે, ભાઈ! શ્વાસે ઘર છોડ્યું છે એમ કહે છે મરતા. જીવતો હોય ઓલો હજી હોં! ખ્યાલ આવે કે શ્વાસે ઘર છોડ્યું છે. એનું સ્થાન છોડ્યું. લેને હેઠે અડાડ ને. નહિ ચલાય. તારી ઈચ્છા પ્રમાણે એ શ્વાસ આવે ને જાય એમ નથી. અત્યારે એમ નથી એમ કહે છે. ભારે વાત ભાઈ! શ્વાસને ગ્રહાય નહિ, મૂકાય નહિ. હજી તો ઓલો કહે છે,...

શ્રોતા :- ...

ઉત્તર :- એ તો ત્યાં થવાનું હોય તો થાય. તારી ઈચ્છાથી થાતું નથી. આહાહા..! આમ લાંબુ કરવા જાય તો મરી પણ જાય કેટલાક. ત્યાં લાંબુ ચાલે નહિ ત્યાં. ત્યાં તો એના રજકણની ક્રિયા છે. શું તારી ઈચ્છાથી થાય છે ત્યાં? બહુ કામ આકરું માણસને લાગે હોં! આ બધા અભિમાનના પોટલા હોય ને જ્યાં ત્યાં. એય..! બાબુભાઈ! શું હશે આ બધું? કામ કરતા હશે ને? એય..! હિંમતભાઈ! હિંમતભાઈને છે. નથી? સંચો છે કે નહિ કાંઈ? આહાહા..! આ સંચા તો પુદ્ગલના છે. પરમાણુની ક્રિયા છે એ જડની છે. ભગવાન! તારું સ્વરૂપ એની ઈચ્છામાં તું ભલે આવ. ઈચ્છામાં આવ. પણ પરમાં આવી જા છો તું? તું પરમાં આવી ગયો કે એને લે અને મૂકે. ભ્રમ છે. અજ્ઞાનીઓને તત્ત્વની ખબર નથી. 'જડ અને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન.' શ્રીમદ્માં આવે છે ને? સમજાય છે કાંઈ?

શ્વાસને પણ ઈચ્છા થાય તો લેવાય કે મૂકાય? ના. પરદ્રવ્યને ગ્રહવું-છોડવું આત્મામાં

છે નહિ, પ્રભુ! તને ખબર નથી. ખબર કર, નક્કી કર. પરદ્રવ્યનું લેવું, મૂકવું મારા અધિકારની વાત નથી. તારા રાગને લેવો, કરવો કે છોડવો એ તારા અધિકારમાં છે. પણ પરને લેવું-મૂકવું એ તારા અધિકારની વાત નથી. ત્રણે કાળમાં ત્રણ લોકમાં જીવના તત્ત્વો પરતત્ત્વને ગ્રહે છોડે એવું છે નહિ. સમજાણું કાંઈ? બધા હુશિયાર માણસ ઘણાય કામ કરે છે એમ માણસ કહે છે. લોકો કહે છે. ફલાણાએ આમ કર્યું, ઓલા કહે, સંચા લેવા, ઓલો કહે આમ કર્યું. અને બે વર્ષમાં તો ભાઈ! પાંચ-પચાસ લાખ પેદા કરી નાખ્યા, ધૂળ કરી નાખી. એમ કહે છે વાતું. ધૂળેય નથી કરી, સાંભળને! રાગ-દ્વેષ કર્યા છે તેં. કર્યું શું તેં? રાગ અને દ્વેષ. એ સિવાય તારું કાંઈપણ કરેલું હોય તો ત્રણ કાળમાં વાત ખોટી છે એમ કહે છે. સમજાય છે આમાં? આ સમજવું પડશે હોં સુખી થાવું હોય તો. દુઃખી થઈ રહ્યો છે આમ. આહાહા..! દવા પણ લઈ શકે નહિ એમ કહે છે. દવા લઈ શકતો નથી, દવા છોડી શકતો નથી. ભાઈ! ખરાબ દવા આવી. કાઢી નાખ, ઓકી નાખ. કોણ ઓકે? સાંભળ તો ખરો. છૂટે તો એને કારણે છૂટે.

શ્રોતા :- ... કાઢવી જ પડે ને.

ઉત્તર :- એ કહે વૈદ્ય. નહિ. નહિ. નહિ. ભૂલ થઈ ગઈ. એ ભૂલ થઈ ગઈ. હવે તો આવે છે ને ઓલી માંકડ મારવાની નહિ? પડી હોય તો કાંઈક લેવાઈ ગયું અને કાંઈક આવી ગયું. એક માણસ લેવા ગયો હતો હરડે. નીચે પડી હતી હરડેની, એમાં ભેગી સોમલની એક શીશી પડી હતી. હરડેનો ભુક્કો લે એમ... અંધારું હતું સાંજનું. એટલે હરડેની બદલે સોમલ આવ્યું. લીધું સોમલ. ચાલ્યો ઘરડિયો. મણિબહેનના વરને. બોટાદ. પ્રેમચંદ ખારા નહિ? એમના બહેન મણિબહેન હતા ને? અહીં હતા ને આપણે અહીં રહેતા ને. પ્રેમચંદભાઈ ક્યાં ગયા? તમારા મણિબહેનના વરને. નીચે પડી હતી હરડે અને બેય ભેગી. જુવાન શરીર. હરડેને ઠેકાણે આવ્યું ઝેરકોચલું આકરું સોમલ ઝેરકોચલું. થોડો વખત થયો ત્યાં ઘરડિયો પકડ્યો. કર્યું શું આ? જ્યાં જોવે તો નીચે.. આહા..! પતી ગયું. પતી ગયો દેહ. સૂતા ત્યાં ખલાસ થઈ ગયો. એ આત્મા લઈ શકે-દઈ શકે એ રજકણોને જે આવવાનું હોય એ જ આવે. ઈચ્છા હતી હરડેની અને આવી ગયું આ સોમલ. શું કીધું? ઝેરકોચલું. ઝેરકોચલું આકરું હતું. સમજાણું? કહો, મોહનભાઈ! શું હશે આ? સાકર દઈને દુકાન લઈ શકાય નહિ, દઈ શકાય નહિ એમ કહે છે. બે ભાઈઓએ લીધી હતી. એક તો વયો ગયો ચાલ્યો એને રસ્તે. આ તારી ગતિ ક્યાં બાપુ! તારા જેવા પરિણામ છે એવી તારી ગતિ. પણ પરને લઈને તારું કાંઈ કામ થયું કે આ થયું એ વાતમાં માલ નથી. આહાહા..!

પાંપણનું ફરવું તારી ઈચ્છાને આધીન નથી એમ કહે છે. આ પાંપણ આમ થાય, ઊંચી-નીચી થાય એ ઈચ્છાને કારણે નહિ. કારણ કે એ પરવસ્તુ જડ છે, માટી છે. અને ઈચ્છા આત્માની જુદી ચીજ છે. ઈચ્છામાં તાકાત નથી કે પાંપણને ફેરવે અને ઊંચી-નીચી કરે.

એમ અહીં ભગવાન કહે છે. આવું સાંભળવા મળતું નથી. સવારે કીધું હતું. ભાઈએ કહ્યું હતું. પણ અહીં સાંભળવા રોકાતા નથી. ત્યાં રળવામાં રોકાય વધારે ત્યાં રસ પડે ને.

શ્રોતા :- .....

ઉત્તર :- ઓટલા તો છે હવે ઘણા. પોટલા છે ને મોટલા. ત્રણે છે હવે. તો પણ સખ આવતું નથી કોણ જાણે. રોટલા, મોટલા, પોટલા સમજાય છે? પેટમાં જોઈએ રોટલો. અહીં ઉપાડવાને પોટલો હોય છે અને માથે વળી એક મોટલું હોય છે. એ કહે છે કે પણ એને લઈને કાંઈ છે જ નહિ. મૂકવું અંદર પરિણામમાં મિથ્યાત્વ ભ્રમણા છે કે આને લઈને મૂકું છું, એ ભ્રમણા છોડ. અને હું તો જ્ઞાન સ્વરૂપ ચિદાનંદ છું. સમજાય છે? એવી દૃષ્ટિ કર તો તારું કલ્યાણ થાય, નહિતર કલ્યાણ થાય એવું નથી, એમ કહે છે.

'**પ્રાયોગિક...**' એટલે કે રાગથી. પ્રાયોગિક એટલે રાગ, દ્વેષ, ઈચ્છા, વિષય વાસના. લ્યો! વાસના થાય અંદર વિષયની. પણ એ વાસનાથી શરીરને ચલાવી શકે, ત્રણ કાળમાં નહિ એમ કહે છે. પ્રાયોગિક એટલે વાસના. રાગની, દ્વેષની, પુણ્યની, પાપની, ઈચ્છા આદિ ભાવ થાય. પણ એ ઈચ્છામાં તાકાત નથી કે શરીરને આમ હલાવી શકે. ઈચ્છાની તાકાત નથી કે આહારના પરમાણુને લઈ શકે. પાછું થાય કેવું? કે જેવી ઈચ્છા હોય એ પ્રમાણે રોટલીનું બટકું નાનું લેજો તો નાનું આમ થાય. કટકો નાનો થાય અને દાળ સાથે આમ કરીને (ખાય). વળી હાથ પાછો અહીં જાય ચટણી ઉપર, વળી શાક ઉપર. આવું ધાર્યું થાતું હોય તો ઈ એમ માને કે મારાથી થાય છે આ. સમજાણું કાંઈ? એમ નથી, ભાઈ! તને ખબર નથી. બાપુ! તારી પર્યાયમાં તને ઈચ્છા થઈ એટલી હદ છે. એ રજકણોનું ત્યાં જવું અને ત્યાં આવવું એ તારા અધિકારની વાત નથી. એમ કહે છે. એ તત્ત્વ ભિન્ન છે. એ તત્ત્વ ભિન્નનો સ્વામી કોઈ નથી. એકના માલિકમાં બીજો માલિક હોઈ શકે નહિ.

જુઓ! એ આવ્યું. શેઠનું આવે છે ને ભાઈ? શેઠમાં આવે છે કે નહિ? માલિક કા માલિક. શું કાંઈક આવે છે. આપ્યું છે ને તમને પુસ્તક? આપ્યું છે ને. શેમાં આવે છે ઈ? ક્યાંક આવે છે ખરું. માલિકનો માલિક બની જાય છે. હાથ નહોતું આવતું. આ આવ્યું. 'સ્વતઃ પરિણમતી વસ્તુકે ક્યોં કર્તા બનતે જાતે હો?' ખબર છે કે નહિ? તમારી પાસે આવ્યું છે કે નહિ? છે. છોકરાએ વાંચ્યું છે કે નહિ? ઈ શેનો વાંચે. આ પુસ્તક છે. શેઠિયા થઈ ગયા. અહીં છે હજી અત્યારે. સરદાર શહેરમાં. ૪૦ વર્ષ પહેલા ૬૦ લાખ એના મામા પાસે હતા. આપતા હતા ન લીધા. ૪૦ વર્ષ પહેલાના ૬૦ લાખ. શું? ૪૦ વર્ષ પહેલાના ૬૦ લાખ એના મામા પાસે રોકડ-નકદ. લે ભાઈ, ભાણેજ હતો. મારે શું કરવા છે ૬૦ લાખ? મારે જાવું પરલોક મરીને. તારા રૂપિયાને લઈને શું કરું? કે હું તારે ત્યાં આવું મને ખવરાવ. .. જીંદગી ભર પાળુ, પૈસો ન લઉં. ૬૦ લાખ ન લીધા. ૪૦ વર્ષ પહેલા. ૬૦ લાખ એટલે તમારા અત્યારે કેટલા થાય ખબર છે? સોળે વીસગણું ફરી ગયું તમારું. તમારી પાસે પચાસ

લાખ હોય તો પહેલાના બે લાખ ગણાય. બે લાખ હોં! તમને એમ લાગે કે અમારી પાસે પચાસ લાખ થઈ ગયા. આહાહા..! ખરી વાતને, ભાઈ! ભાવ પણ દરેકના વધી ગયા છે ને ભાવ જુઓને. ૧૬-૧૬ ગણા, ૨૦-૨૦ ગણા. ૧૯ રૂપિયાનું મણ તો ૧૯ રૂપિયાનું કીલો હોય ચોખાનું એક પેકેટ. આ ઘી ૧૯ રૂપિયાનું મણ. અમારે વીંછીયામાં ૧૯ રૂપિયાનું મણ. આખું ગાડું લીધું ૨૫ મણ. ૧૯ મણ ભેસનું. કુરિયા ઊંચા મહિનાનું મળે. તાજું લેવા ક્યાં જાય? એક સાથે ૨૫ ડબા જોઈતા હોય તો. દીક્ષા કરવી હતી ને. અમારે મોટા ભાઈ હતા ને. દીક્ષા ઘરે કરી હતી. દીક્ષાનું નક્કી થયું તો ડબા લીધા હતા. ૧૯ના મણ. સાડા ત્રણ રૂપિયાની સાકર ઊંચી ..ની ભાવનગરથી. ૨૫ મણ ગાડું આખું. હવે અત્યારે તમારે સીત્તેરમાં પણ ન હોય તમારે સાકર. કેટલા ભાવ થઈ ગયા? તો એ પ્રમાણે તમારા રૂપિયાનો ભાવ ઘટી ગયો કે નહિ?

શ્રોતા :- ...

ઉત્તર :- ૫૦ લાખ હોય તો દોઢ લાખ ગણવા પહેલાના હિસાબે. એમ નહિ આહાહા..! એ દોઢ લાખ એ મારા નહિ. મારા માને તો મૂઢ છે એમ કહે છે અહીં તો. જુઓ! શું કહે છે?

'સ્વયં પરણમતી વસ્તુ કે ક્યોં કર્તા બનતે જાતે હો? કુછ સમજ નહિ આતી તુમકો નિઃસત્ત્વ બને હી જાતે હો.' નિઃસત્ત્વ બની જાવ છો તમે મૂઢ થઈને. તારાથી પરિણમાતી નથી, તારાથી લેવા-દેવાતી નથી. 'અરે કૌન નિક્કમા જગમેં જો પરકા કરને જાતે હો?' કોણ જગતમાં જડ ચૈતન્ય પર્યાય વિનાનું છે? પર્યાય એટલે કામ વિનાનું છે? દરેક કામમાં જ પડ્યા છે દરેક દ્રવ્ય. દરેક પદાર્થ કામમાં (જ છે). કામ એટલે એની પર્યાય. દરેક પર્યાયમાં જ પડ્યા છે. એ પર્યાય-કામ વિનાનું કોઈ દ્રવ્ય નથી. 'સબ અપને અંદર રમતે હૈં તો કિસવિધ કરણ રચાતે હો? સબ અપને અંદર રમતે હૈં તબ કિસ વિધ કરણ રચાતે હો, વસ્તુ કી માલિક વસ્તુ હૈ જો માલિક હૈ વહી કર્તા હૈ.' એ પરમાણુનો માલિક પરમાણુ છે, તું માલિક નથી. એમ કહે છે. ભાઈ! જુઓ તો ખરા હવે અહીં. સારુ હોય તો રાખજો. એનો બાપ કાંઈ આપે નહિ. રૂપિયા આપે. જુઓ. ત્રીજી લીટી છે ત્રીજી.

'વસ્તુકી માલિક વસ્તુ હૈ જો માલિક હૈ વહી કર્તા હૈ.' પરમાણુનો માલિક પરમાણુ છે. એના જવા-આવવાનું માલિક કર્તા એ પરમાણુ છે. તારાથી લેવા-દેવાનો કર્તા નથી. 'ફિર માલિક કે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હોં?' 'ક્યોં માલિક કે માલિક બનકર...' એ માલિક છે એનો વળી એનો તું માલિક થા પાછો. સમજાણું કાંઈ? ચોપડી રાખજો ઘરે. ચાર જણા બધાની વચ્ચે. જુઓ! અહીં આ વંચાતું હતું એમ ખબર પડે ને. આ તમારા બાપ પાસે છે, ઈ એને આપે નહિ. 'ફિર માલિક કે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હોં?' ભાષા જુઓ! 'ક્યોં નીતિ ન્યાય ગંવાતે હોં?' અરે..! તારી નીતિ અને ન્યાય તું

ખોઈ બેસે છે ભાઈ! જડના રજકણો, બાયડીના આત્માનો રજકણ, આત્મા બાયડીનો એનો માલિક એનો આત્મા છે. એનો તું માલિક થવા જા છો કે હું એનો માલિક છું. એમ કહે છે. એમ કહે છે એમ વસ્તુ છે. એનો આત્મા એનો માલિક છે. ત્યાં તું એનો માલિક ક્યાંથી થઈ ગયો કે હું એનો ધણી છું? ઈ કહે છે. આમાં ઈ કહે છે. અહીં તો જીવ-અજીવ બેની વાત છે ને ભાઈ!

શ્રોતા :- ..

ઉત્તર :- હા પછી આવશે હમણાં. આત્મા પર જીવને, પર અજીવને ગ્રહે, મૂકે કે માલિક થાય એ ત્રણ કાળમાં બનતું નથી. લ્યો!

'વસ્તુ કી માલિક વસ્તુ હૈ જો માલિક હૈ વહ કર્તા હૈ. ફિર માલિક કે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હૈ.' નીતિ ન્યાય ગુમાવે છે બાપા! તું અન્યાય કરે છો. 'જો હૈ સો સ્વયં પરિણમતા હૈ.' 'જો હૈ સો સ્વયં બદલતા હૈ.' પરિણમન નામ બદલવું. 'વહ નહીં કિસીસે ટલતા હૈ. યહ માને બિન કલ્યાણ નહિ કોઈ કૈસે હી કુછ કરતા હો.' આ માન્યા વિના કલ્યાણ નથી. મરી જઈશ હેરાન થઈને. સમજાણું કાંઈ? માલિકનો માલિક થા છો. પણ પૈસાનો માલિક તો ખરો કે નહિ આત્મા? છોકરાનો બાપ તો ખરો કે નહિ?

શ્રોતા :- ન્યાય તો આપી દીધો તમે.

ઉત્તર :-'ન્યાય નીતિ ગંવાતે હોં.' અરે..! શું કરો છો તમે? આ ગાયન હિન્દીમાં બનાવ્યું છે હોં પોતે. ગૃહસ્થ માણસ છે. એકાંતમાં આવે ને આવા ગાયન બનાવે. અરે..! 'માલિક કે માલિક બનતે હો, ક્યા નીતિ ન્યાય ગંવાતે હો' આહાહા..! કહો, બાબુભાઈ! સાચી વાત હશે આ? આ બધા છોકરા, બાયડી ક્યાં નાખવા જવા? ધણી ન હોય તો પછી કોણ? નિરાધાર હોય. પત્નીનો પતિ ન હોય તો નિરાધાર હોય. આજે આવ્યું છે નિરાધાર.. નિરાધાર.. લ્યો! .. આવ્યું છે ક્યાંક લખાણમાં. જૈનમાં આવ્યું? સ્થાનકવાસીમાં આવ્યું.

એક ગામડું હશે પચાસ ઘરનું. એમાં એક ભંગ્યો હશે બિચારો. એ મરી ગયો ક્ષય થઈને નાની ઉંમરમાં. બાઈ જુવાન નાની ભંગ્યાની. અને છોકરા નાના-નાના બધા. બે, ત્રણ, ચાર, પાંચ. હવે? એ જ્યાં મરી ગયો એટલે રોવે છોકરાઓ. બાઈ રોવે. કોઈ કરનાર ન મળે. કોઈ બે વર્ષનો, ચાર વર્ષનો. ભંગ્યા બિચારા. ભંગ્યો કાંઈક હતો. જુવાન અવસ્થામાં મરી ગયો. એટલે ગામના માણસે જોવાણું નહિ. આ બાઈ મરી જશે હોં! બધું ગામ ભેગું થયું પાછું આખું. આમને આપણે જ્યાં સુધી કમાતા ન થાય ત્યાં સુધી આખા ગામે પાળવા. પણ પાળવા કેવી રીતે? એ સવારમાં ઉઠીને સારા માણસો જે હોય એ ઘરે ઘરે માગવા જાય. એની પાસે જાય. શું બહેન છે કાંઈ છૂટું, કપડું હોય તો જાય બીજે પાસે. એટલે એક માણસ આવ્યો મહેમાન થઈને ત્યાં નોકર. એણે પૂછ્યું ભાઈ, શું કરવા જાવ છો? બાપુ! એ કહેવાય એવું નથી હોં. એ કહેવાય નહિ. કારણ કે કહેવાય તો દોષ કહેવાય.

કેમ? પણ મને તો કહો હવે. જુઓ! આ ગરીબ માણસ છે એને માટે માગવા જઈએ છીએ એ અમે માગીએ છીએ અને એને દઈએ છીએ એ વાત ન કહેવાય. એ દોષ કહેવાય. સમજાય છે? એવું આપણને દોષ કહેવાય. માગીને દઈએ અમે દઈએ છીએ અને અમે આપીએ છીએ. બાપુ! એમ વાત બહાર ન પડાય. આ હાથે દેવાય અને આ હાથને ખબર ન પડવી જોઈએ. ભાઈ! એમ લખ્યું હતું. આ હાથે દે તો આ હાથને ખબર ન પડવી જોઈએ. એમ અમે દીધું એમ અમને અભિમાન આવવું ન જોઈએ. એટલે અમે તમને કહેતા નથી. પણ મને કહો તો ખરા.

જો ભાઈ! ગામમાં એક ભંગ્યો હતો ૨૦ વર્ષનો જુવાન. એ મરી ગયો ક્ષયમાં. એક જ ઘર ભંગ્યાનું ગામમાં હતું. ૫૦ ઘરનું ગામ. એમાં બાયડી જુવાન રોવે.. રોવે.. રોવે.. જોયું જાય નહિ. છોકરા રોવે. એ વખતે અમે નક્કી ત્યાં કર્યું કે આના મોટા બાળક ન થાય ત્યાં સુધી બહેન! તારે કાંઈ ન કરવું. અમે બધું કરશું. .. રોટલી, દાળ, ભાત, કપડા જે તને જોતા હશે એ અમે પૂરું પાડશું. એ અમે લેવા જઈએ. એ અમારી ફરજ છે. અમે કરીએ છીએ એ કેમ તમને કહેવું? અમે કરીએ છીએ એમ કહેતા પણ અમને દોષ લાગે છે. ભાઈ! એમ લખ્યું છે. એય.. પોપટભાઈ! અહીં તો થોડું કરે ત્યાં થૂંકે અંદર. ઓલામાં આવ્યું કે નહિ? મુંબઈ સમાચારના ખૂણે છે ખબર છે? ડાબે ખૂણે છે. પચ્ચીસ હજાર હમણાં ભર્યા છે ત્યાં લખ્યું છે.

શ્રોતા :- ...

ઉત્તર :- હા. ઓલાએ વાંચ્યું ન હોય તો કહે. લખાવ્યું તો હોય અંદર. આપ્યું હોય. કો'ક બીજા પાસે (કહેવડાવે). પોતે ન કહે બીજાને કહે. મારા નામના મેં આપ્યા છે, નાખો અંદર. એ તો નિઃસ્પૃહી માણસ છે એમ મનાવે પાછો. મેં તો કાંઈ લખાવ્યું નથી. અંદર જલસા-બલસા કરાવીને પોતાના નામના અભિનંદન કરાવે અને પાછા કહે કાંઈ કરાવ્યું નથી. મૂઢ છો. ઉશ્કેરણી કરીને કરાવે અમને મોટો કહે, આમ કરે, ભેગા થઈને આમ કરો. શું કરવું છે પણ તારે? અહીં કહે છે કે એક રજકણનો પલટો કરવો એ તારા અધિકારની વાત નથી. કોને તારે બોલાવવા છે? કોની પાસે તારે તારા અભિનંદન અને પ્રશંસા કરાવવી છે? આહાહા..!

કહે છે, '**પ્રાયોગિક...**' આત્મા રાગ કરે, દ્વેષ કરે, વિષય વાસના લે પણ એથી કરીને ભોગની ક્રિયા કરી શકે કે રાગને લઈને પરની દયા પાળી શકે કે દ્વેષને લઈને હથિયાર લઈને દુશ્મનને મારી શકે. ના. ના. એ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? બાપા! માર્ગ તો એવા છે. 'હરિનો રે માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જો ને.' એ પાવૈયાના કામ નથી હીજડાના. સમજાણું કાંઈ?

પ્રભુનો રે માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ જો ને.
પ્રથમ પહેલું મસ્તક મૂકી વળતા લેવા પ્રભુના નામ જોને.

મૂકી દે બધું અભિમાન. છોડી દે શરીર, વાણી હું નહિ, કોઈ ચીજ નહિ. આહાહા..! ત્યારે ભગવાનનો ભક્ત અને ભજન કરી શકે એવી લાયકાત થાશે. આ તો અભિમાન રાખવા છે અને અમે ભગવાનના ભગત છીએ. મરી જઈશ. એય..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**પ્રાયોગિક...**' એટલે આ અર્થ લ્યો. '**તેમ જ વૈસ્રસિક...**' બીજો શબ્દ છે ને? એ શું કીધું વૈસ્રસિક એટલે? ભાઈ! એમ કહે છે પ્રભુ કે તું આત્મા છો ને પ્રભુ! આત્મામાં અનંત આનંદ અને જ્ઞાન પડ્યું છે. હવે એ આત્મા પોતાની દશામાં-પર્યાયમાં રાગ-દ્વેષ, વાસના ભલે કરે પણ એથી કરીને પરચીજને ગ્રહે-છોડે એવી તાકાત નથી. હવે એ રાગ ટાળીને સ્વભાવનું ભાન કરે પૂરુષાર્થની જાગૃતિથી. સમજાય છે? રાગ ટાળીને જ્ઞાનનો વિકાસ કરે, આત્માનું ભાન કરે તો ત્યાં સ્વભાવનો વિકાસ થયો-ઉઘાડ. તો સ્વભાવનો ઉઘાડ થયો માટે એમાં તાકાત આવે કે પરને ગ્રહું-છોડું. ના. સ્વભાવ દશા પ્રગટ કરે એમાં પણ તાકાત પરને ગ્રહવા-છોડવાની નથી. શું કહે છે? કે જેમ રાગ કર્યો માટે કર્મને ગ્રહ્યા? કહે ના. હવે રાગ ટાળ્યો સ્વભાવની દૃષ્ટિએ માટે કર્મ ટાળ્યા મેં? ના, એમ નથી. આહાહા..! સમજાય છે? માણસ એમ કહે ને ભાઈ! ધર્મની જ્યાં શક્તિ પ્રગટે તો બહુ શક્તિ પ્રગટે. તો કંઈકનું ભલુ કરી દે ને કો'કનું આમ કરી દે ને કો'કનું આમ કરી દે. સાંભળ! એમ ન હોય. સાંભળને. આ ક્યાંથી પ્રગટ્યું? ધર્મદશા પ્રગટી માટે ધર્મના સ્વભાવની તાકાત એવી આવી કે પરવસ્તુને સારું કરી દે કાં ભૂંડું કરી દે કાં બગાડી દે કાં રાખી દે. ત્રણ કાળમાં નથી. વૈસ્રસિક ગુણમાં પણ એ સ્વભાવ નથી. એમ કહે છે. આહાહા..!

ભગવાન આત્મા પોતાના રાગના પુણ્યના વિકાર રહિત છું એવું ભાન કર્યું, શ્રદ્ધા કરી, જ્ઞાન કર્યું, શાંતિ કરી, આનંદ કર્યો. તો કહે છે કે સ્વભાવ પ્રગટ્યો છે તો હવે પરપદાર્થને કાંઈ રાખે, ટાળે, ફેરવે, રૂપાળા કરે, સારા કરે એવી તાકાત આવતી હશે કે નહિ? ભારે વાત ભાઈ! ભારે આજે બીજી જાતનું આવ્યું સાંભળવાનું હોં! પણ એને અનુભવ નથી થયો ત્યાં સુધી આઠ-દસ દીમાં.. ખબર છે કે નહિ? કેટલા સ્વપ્ના આવતા હતા અને કેટલું ફલાણું આવતું હતું? કીધું હતું ને, ભાઈએ કહ્યું હતું. ખબર છે ને એ. તે દી કહેતા હતા ને ઓલા સ્વપ્ના આવતા હતા. એ કલ્પનાઓ. કલ્પના છે બધી હોં! રજકણ-ફજકણ આવે જાય નહિ કાંઈ. આહાહા..!

ભાઈ! તારી મર્યાદામાં રાગ કર અને કાં રાગ ટાળ. પણ રાગ ટાળ માટે કર્મને ટાળી શકે અને કોકનું સારું કરી શકે, સ્વભાવની પર્યાયમાં એ તાકાત છે નહિ. સમજાણું? એ સ્વભાવની પર્યાય તને શાંતિ આપે, શાંતિ આપે, પણ બીજાના કામ કરી દે, રજકણોને છોડી દે, બીજાનો રોગ મટાડી દે. માણસ નથી કહેતા કે ભાઈ એવી લબ્ધિ થાય કે બીજાનો રોગ મટાડી દે. સાંભળને, એમ ન હોય.

શ્રોતા :- મીઠી દૃષ્ટિ પડે...

ઉત્તર :- મીઠી દૃષ્ટિ પડે તો આમ થાય. એ બાયુંનું આવે છે કાંઈક. બાયુંને કડક દૃષ્ટિ હોય છે ને કેટલીક બાયુને?

શ્રોતા :- છોકરું માંદુ થઈ જાય.

ઉત્તર :- માંદુ થઈ જાય. એક બાઈની એવી કડક દૃષ્ટિ હતી. કડક હતી. તો કોણ જાણે લેવા ગઈ હશે કપડું. એમાં એક વર બેઠેલો બિચારો અને એને આંખ ફાટી. મરી જશે આ તો. મારી આંખ જો જોશે તો. ફટ પોતાના બલોયા ઉપર આંખ મૂકી. બલોયુ ફાટી ગયું ફટ દઈને. બલોયું તૂટી ગયું. આ વર બિચારો બેઠો છે. એની આંખ જ એવી કોઈ કડવી કઠણ. પણ એને લઈને થયું નથી, હોં! એવું થયું છે. બાઈ એવી કોઈ કડક જ હતી ને. કોઈ સ્થિતિ ક્યાંક આમ જો રોકાઈ ગયું આમ બરાબર આમ .. ફટ સામું મરી જાય કાં બગડી જાય. વસ્તુ આમ બગડી જાય. પણ ઈ એને લઈને નહિ એમ કહે છે અહીં તો. આહાહા..! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાણું કાંઈ? અને ધર્માત્માની જ્યાં એમ કે નજર પડે ત્યાં બે લાડવાના કરોડ લાડવા થઈ જાય, લ્યો. એમ આવે છે ને શાસ્ત્રમાં? લબ્ધિ... લબ્ધિ... લબ્ધિ. ઈ એને લઈને નહિ. અને કોઈ પુણ્ય હોય તો એને લઈને પણ આવે ને જાય એમ નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? ભાઈ! ધર્મી મહાત્મા હોય એનો ગુણ પ્રગટ્યો હોય ને કંઈકને પૈસે ન્યાલ કરી દે. એમ કહે માણસ. વાતું અહીંની બહુ ચાલે છે. એય..! પોપટભાઈ! બાપા! ધર્મની પર્યાયનો એવો સ્વભાવ નથી. ભાઈ! વિકારનો નથી તો વળી સ્વભાવનો ક્યાંથી આવ્યો? એ કહે છે. આહાહા..! ભારે વાતું ભાઈ! કહો, ચંદુભાઈ!

કહે છે, '**પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે.**' '**એવો જ કોઈ તેનો (-આત્માનો) પ્રાયોગિક તેમજ વૈસ્રસિક ગુણ છે.**' કે પરદ્રવ્યને ગ્રહે ને છોડી શકતો નથી. એમ એ ગાથાનો અર્થ છે, લ્યો! સમજાણું? એક ગાથામાં આટલો અર્થ ભર્યો છે. આહાહા..! ભગવાન! તારામાં રાગ થાવ, વિષય વાસના થાવ, છતાં એ વાસના વડે તું દેહની ક્રિયાનો ભોગ કરી શકે. ના. એ હાથના ઉપડવા, ઈન્દ્રિયનું જાગૃત થવું, ભગવાન! તારા અધિકારની વાત નથી. ભાઈ! તને ખબર નથી. તને બે તત્ત્વની જુદાઈની ખબર નથી. એ પરમાણુની પર્યાય એની પુષ્ટિ થવું, જીર્ણ થવું એ એને આધીન છે. તારા રાગને આધીન કે તારા ધર્મને આધીન નથી. આહાહા..! સાંભળવી કઠણ પડે માણસને. આખો દી કરતા હોય અને આખો દી કરે ને ઓખો દિ .. ઓલા એક લાખની મોટર લાવો. એય..! પાણીના પૂરની પેઠે ચાલે. પાણી હલે નહિ પેટમાં પડ્યું હોય તો. સારી મોટરમાં ઓલી મોટર હોય તો ગાડા જેવી હોય તો આમ આમ થયા કરે. પાણી પેટમાં પડ્યું હોય તો આમ આમ થયા કરે. ઊંચી મોટર નથી આવતી ઓલી? આપણે બે બેઠા નહોતા એક આપણે? એક આવી હતી.

શ્રોતા :- ...

ઉત્તર :- હા એ. એ આપણે નહોતા આવ્યા? ઢીમડી. નહોતા આપણે? ઢીમડી આવ્યા હતા તે દી. એક મોટર હતી ઓલા ગઢાળીવાળાની ૮૦ હજારની. ૨૦ની સાલ ને? હા ૨૦ સાલ. ચાર વર્ષ થયા. ત્રણ હજાર માણસ નહોતુ મુંબઈથી આવ્યું? મગન સુંદરજી. મગનભાઈએ જમાડ્યા. ૨૮ હજાર એક દીમાં ખર્ચ્યા હતા. ૨૮ હજાર એક દીમાં. લોકોમાં. ૮૦ હજારની મોટર મોઢા આગળ લઈને આવ્યો. અમારે તો મોટર હતી. આવ્યા. કહે મહારાજ! આમાં બેસો, આજ પગલા કરો. ત્યાં વળી પૂનમભાઈ લાવ્યા બીજી એવી ને એવી ૮૦ હજારની. હવે કીધું આમાં બેસવા દેને, અહીં બેઠા છીએ. પણ કહે આવી છે. એ મોટર લાંબી હતી હોં એ તો આમ. પણ એ તો જડ છે, બાપા! એને લઈને પાણી હલે કે નહિ એમ છે જ નહિ. એ પાણી પણ હલે એને કારણે, આત્માને કારણે નહિ અને એને કારણે નહિ. આહાહા..! આ તે કાંઈ વાત! પાણીના રજકણ જુદા, પેટના જુદાં, એના જુદાં. બાપુ! એક રજકણથી બીજા રજકણમાં કાંઈ થાય એવું છે નહિ. તો આત્માથી ત્યાં થાય એમ છે નહિ. સમજાણું?

રેલમાં પણ નહિ? રેલમાં જાય ને રેલમાં? નાનો છોકરો હોય તો ભલામણ કરે સાથે. એ ધ્યાન રાખજો. એને માથુ બહાર કાઢવા દેશો નહિ, ટોપી-બોપી કાઢી નાખશો નહિતર ટોપો પડી જશે. ફલાણું થાય છે કે નહિ? રેલ ચાલે ત્યારે. મોઢા આગળ આદમી બેસજો. વચમાં છોકરાને રાખજો. છેલ્લે નહિ બેસવા દેશો. નહિતર ઊભો થઈને.. કેટલી ભલામણ કરે. અને એમાં ટોપી-બોપી પહેરીને આમ જાશે તો પડી જશે પછી ક્યાં લેવા જઈશ ટોપી? એમાં જરીની ટોપી હોય ૨૫-૫૦ની. આવે છે ને જરીની? આહાહા..!

ભાઈ! એ તારી ઈચ્છા દ્વારા એ વસ્તુ રહે કે ઈચ્છા રાખે સંભાળ તો ટળે નહિ એમ કોઈ દી બનતું નથી. આ તે વાત જગતની. જગુભાઈ! શું હશે આ? ભારે વાત. પણ હવે તમે ગામમાં તો કેટલું કરો છો ત્યાં. કેટલી શાળાઓ, કેટલું ઢીંકણું.. શું કહેવાય એ બધું? હોસ્પિટલ ને ફલાણું ને ઢીંકણું. એવી વાત ચાલે છે. એક વોરો કહેતો હતો હું ત્યાં હતો તો. મહારાજ! અમારી પાસે તો જગુભાઈ આવે, અમારા ઘરમાં તકરાર હોય તો જગુભાઈ કહે તો અમારે તરત માની જાય. અમારા તો ગામમાં જગુભાઈની એવી છાપ છે. મોટો વોરો આવ્યો હતો તે દી. અમારે તો જગુભાઈ.. કહો, સાચી વાત હશે? અહીં તો કહે છે કે એ રજકણની અવસ્થા ત્યાં જગુભાઈની ઈચ્છાથી થઈ નથી. એમ કહે છે અહીં તો. ભારે વાતું આ. જગતથી તો ઊંધું લાગે છે આ બધું.

કહે છે, આત્મામાં વીતરાગતા પ્રગટો કે આત્મામાં રાગ ને વિકાર પ્રગટો પણ એ વીતરાગતામાં એ તાકાત નથી કે પરદ્રવ્યને છોડે અને ગ્રહે અને રાગની તાકાત નથી કે પરદ્રવ્યને ગ્રહે અને છોડે. એ બે અર્થમાં છે. પ્રાયોગિક અને વૈસ્રસિક. પ્રાયોગિકમાં વિકાર હો તો પણ

તાકાત નથી. વૈસ્રસિકમાં વીતરાગતા આત્મામાં હોય તો પણ વીતરાગતાથી પરદ્રવ્યને ગ્રહે, છોડે, મૂકે, લે, દે એવી તાકાત આત્મામાં હોતી નથી. કહો, સમજાણું? આમ જો દૃષ્ટિ કરે તો એને સંતોષ થઈ જાય ફડાક દઈને. મફતનો હેરાન શું કરવા થા છો? આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. મફતના અભિમાન. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડા હેઠે કૂતરું. મારાથી ચાલે. મરી જઈશ ત્યાં હવે. હેઠે પડ્યું તો. તારાથી શું ચાલતું હતું. બળદ છે મોટા. એમ જગતના પદાર્થો એને કારણે ગતિ કરીને અટક્યા હોય કે જતા હોય કે આવ્યા હોય (એ) એને કારણે છે. તારે કારણે નથી. એમ શ્રદ્ધા કર, એમ જ્ઞાન કર અને વીર્યને એમ ત્યાં વાળ. એ માટે આ કહેવાની વાત છે હોં! એકલું આમ કરે માટે એ નથી.

'**માટે...**' હવે કહેશે '**માટે જે વિશુદ્ધ આત્મા છે તે જીવ અને અજીવ દ્રવ્યોમાં (-પરદ્રવ્યોમાં) કાંઈ પણ ગ્રહતો નથી તથા કાંઈ પણ છોડતો નથી.**' લ્યો! શુદ્ધાત્મા છે. અહીં તો પછી લેવું છે ને આ છેલ્લી સ્થિતિનું. આત્માનું ભાન છે, આનંદ છે, શાંતિ છે. હવે સંથારાની તૈયારી આવી તો કહે, ભાઈ! હવે આ છોડો. ક્યાં છોડે? કોણ છોડે? એ તો છૂટેલો જ પડ્યો છે. શરીર જ મારું નથી વળી આહાર છોડવો ક્યાં રહ્યું? અજ્ઞાનીને એમ કે હું આહાર છોડું છું ત્યારે મારો સંથારો થાય છે. એ મિથ્યાદૃષ્ટિનો ભ્રમ છે એમ કહે છે. વિશુદ્ધ આત્માને ગ્રહવું-છોડવું કાંઈ રહેતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી પ્રવચનસાર, ગાથા-૫૨, કળશ-૪, પ્રવચન નં. ૪૩, તા. ૨૨-૧૦-૧૯૬૮ (૨૨)

પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વનું પ્રજ્ઞાપન. એટલે શું? કે આ આત્મા છે એ જ્ઞાનસ્વરૂપી ચૈતન્યસૂર્ય છે. એનું ચૈતન્યનું સામર્થ્ય પર્યાયમાં પ્રગટ થતાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવું એનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? એનું અહીંયાં જ્ઞાનતત્ત્વનું એટલે જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય વર્ણવે છે. એ કહે છે ભાવાર્થ જુઓ. જરી ઝીણી વાત પડશે. પણ હવે સમજવું તો પડશે કે નહિ એને? કહે છે કે આ જગતમાં કાર્ય જે થાય છે, જગતના જડમાં, આત્મામાં કાર્ય. કાર્ય એટલે પર્યાય. પર્યાય સમજાય છે? વસ્તુ જે કાયમ છે એની વર્તમાન અવસ્થા થાય દશા, હાલત, પર્યાય. એ પર્યાયને અહીંયાં કર્મ નામ કાર્ય અને કર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ કાર્યને ત્રણ પ્રકારે ઓળખવા એમ જણાવે છે.

જુઓ! '**ભાવાર્થ :- કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે :**' કર્મ એટલે કાર્ય. કાર્ય એટલે અવસ્થા. અવસ્થા એટલે દશા. કોઈપણ આત્માની, સાધકજીવની, અજ્ઞાનીની, કેવળીની કે સિદ્ધની કે પરમાણુની. આ રજકણ પોઈન્ટ છે પરમાણુ. એનામાં જે પર્યાય થાય તે પર્યાયને કર્મ ગણ્યું છે અને તેના ત્રણ ભેદ પાડવામાં આવે છે. તેને ત્રણ પ્રકારથી ઓળખવામાં આવે છે. જડકર્મની અહીંયાં વાત નથી. અહીં તો કર્મ શબ્દે કાર્ય, કાર્ય શબ્દે અવસ્થા. તેના ત્રણ પ્રકાર '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય.**' પ્રાપ્ય એટલે? તે તે વસ્તુ તે તે સમયમાં તે અવસ્થા જે થવાની છે એ વસ્તુ પહોંચી વળે છે, પ્રાપ્ત કરે છે તેથી તેને પ્રાપ્ય કર્મ કહેવામાં આવે છે. કેવળજ્ઞાની એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે. એ જાણવાની જ્ઞાનની પર્યાય તે કાળે તે છે તેને પ્રાપ્ત કરે છે. જ્ઞેય એટલે જણાવાયોગ્ય પદાર્થને પ્રાપ્ય નામ ગ્રહણ કરતો નથી. સમજાણું કાંઈ? એમ મિથ્યાદૃષ્ટિ પણ પોતાના સ્વરૂપને ભૂલી અને એની વર્તમાન દશામાં જે કાંઈ વિકારી પુણ્ય અને પાપ આદિ વિકારી ધર્મ આદિ ભાવ થાય તે તે અજ્ઞાનીનું પ્રાપ્ય છે. પ્રાપ્ય નામ તે અવસ્થાને તે અજ્ઞાની અજ્ઞાનભાવથી પ્રાપ્ત કરે છે, ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ?

ધર્મી ધર્મી સુખી થવાના પંથે પડેલો, તેનું પ્રાપ્ય કર્મ શું છે? કે રાગ અને પુણ્યના વિકલ્પો અને પુણ્ય-પાપના વિકલ્પ અને શરીરાદિથી ભિન્ન ભગવાન આત્મા છે એવી જેને અંતરમાં કિંમત થઈ છે. ચૈતન્ય નિધાન સઘનલક્ષ્મીનો ધણી હું છું. તેવા ચૈતન્યલક્ષ્મીનું જેને

ભાન છે, જેને કિંમત છે અને જેને રાગ અને રાગના ફળ અને બંધનની કિંમત ઊડી ગઈ છે. સમજાય છે કાંઈ? એને ધર્મી કહીએ. એને સુખી કહીએ. એ સુખના સાધનને રસ્તે પડ્યો છે એમ કહીએ. પણ જે કોઈ આત્મા. આ શરીર, વાણી, મન જડ એ તો એના થઈને રહેલા એટલે એ પોતાના માનતો નથી. લક્ષ્મી આદિ પરવસ્તુ છે એના થઈને રહેલા છે એટલે એ પણ પોતાના માનતો નથી. તો અંદરમાં શુભ અને અશુભના ભાવ પુણ્ય-પાપના થાય એનાથી ભિન્ન જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છું એવું ધર્મીને, ધર્મ કરનારને ભાન છે અને એ ભાન છે માટે એ કાળમાં જે પ્રકારનો રાગ અને વિકલ્પ ઊઠે છે તે સંબંધીનું અહીં જ્ઞાન કરે છે એ જ્ઞાન તે જ્ઞાનીનું પ્રાપ્ય નામ ગ્રહણ કરવાયોગ્ય એનું કાર્ય છે. શું આમાં પકડાય શું પ્રવિણભાઈ! મોં-માથું હાથ ન આવે. કોઈ દિ' સાંભળ્યું નથી. આ તમારો કાકો પણ ના પાડે છે. શું બરાબર છે?

એ દુઃખી થનાર પ્રાણીનું પ્રાપ્ય શું છે? કે એને જે પુણ્ય અને પાપના વિકલ્પો જે ઊઠે છે એના ઉપર એની દૃષ્ટિ છે. કારણ કે એટલો હું છું એમ માન્યું છે. એનાથી ભિન્ન છું, ચિદાનંદ પ્રતિત ભાનમાં નથી. તેથી અજ્ઞાનીને જે ક્ષણમાં તેને પુણ્ય ને પાપનો વિકલ્પ અને રાગાદિ થાય તે મારા છે, હું એનો છું એવી માન્યતા અને એ માન્યતાના પરિણામને તે પ્રાપ્ય નામ ગ્રહણ કરે છે. એને આત્માની પર્યાય અને આત્મ દ્રવ્ય-ગુણ છે એની એને ખબર નથી. સમજાય છે કાંઈ આમાં? આહા..હા..! અજ્ઞાનીનું પ્રાપ્ય તે પ્રકારના વિકાર્ય. પરવસ્તુને તો ગ્રહણ કરી શકતો જ નથી અજ્ઞાની તો. શરીર, વાણી, કર્મ વસ્તુ એ તો પર સ્વતંત્ર જગતની ચીજ છે. એને જીવ ગ્રહે, એરૂપે પરિણમે કે એ રૂપે ઊપજે એ તો છે નહિ. ફક્ત પોતાના ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનાનંદ નિધાન લક્ષ્મીનો સ્વભાવનો ભંડાર પ્રભુ. એની જ્યાં અંતર દૃષ્ટિનું શ્રદ્ધા ને જ્ઞાનનું ભાન નથી એથી એના શ્રદ્ધામાં વર્તમાનમાં થતા પુણ્ય અને પાપના રાગ છે એ મારા છે એમ માનીને તેને ગ્રહણ કરે છે. આ મારા છે એમ ગ્રહણ કરે છે. એ મિથ્યાદૃષ્ટિ જૂઠી પાપી પ્રાણીના એ પાપ પરિણામ તે એનું પ્રાપ્ય છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- .. બીજા નામથી બોલાવે છે.

ઉત્તર :- એ તો પછી શબ્દો ઘણા વપરાય છે. મોટો મૂર્ખ ને ખોટો. આહા..હા..! પ્રભુ! તને તારી ખબર નથી ભાઈ! તારી લક્ષ્મી, જ્ઞાન ને આનંદની અંતરમાં પરિપૂર્ણ પડી છે. ભગવાન આત્મા ગુણ અને સુખથી ખાલી નથી. શું કીધું? કહો, સમજાણું આમાં?

શું કહ્યું? પાપી પ્રાણી કોને ગ્રહણ કરે છે? ધર્મી પ્રાણી કોને ગ્રહણ કરે છે? અને પૂર્ણ થયેલા પરમાત્મા કોને ગ્રહણ કરે છે? એ ત્રણની વ્યાખ્યા છે. પાપી પ્રાણી એટલે કે પોતાના ચૈતન્ય અનંત આનંદકંદ જ્ઞાનાનંદ સ્વરૂપ જેને શ્રદ્ધામાં નથી, જેને જ્ઞાનમાં નથી, જેની કિંમત નથી, જેનો આદર નથી. એવો જે પાપી એ પુણ્ય-પાપના પરિણામને પોતાના માની અને

પોતે છે એમ પાપી પોતાના વિકારના પરિણામને ગ્રહે છે. પરવસ્તુ તો ગ્રહી શકતો નથી કાંઈ. તેમ વસ્તુની ખબર નથી એટલે નિર્મળની પર્યાયનું પ્રાપ્ય એને છે નહિ. આહા..હા..! પરવસ્તુ શરીર, વાણી, કર્મ કે પૈસો, લક્ષ્મી આબરૂ એને તો આત્મા ગ્રહી શકતો નથી. કારણ કે ઓલું જડ છે, પર છે એને શું ગ્રહે? છોટાભાઈ! હિંમતભાઈ! બરાબર છે.

સત્ ભગવાન આત્મા પોતાનું સત્ નિધાન શાશ્વત શાંતિ આનંદ એવી જે ચીજ પોતાની એની સામું ન જોતાં, એને વિશ્વાસમાં ન લેતાં તેને પોતાની જ્ઞાનની દશામાં તેને જ્ઞેય ન બનાવતાં અજ્ઞાની પુણ્ય અને પાપના વિકલ્પોને મારા, એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, ભાવ એ મારા અને હું એનો એવા એ ભાવને મિથ્યાદૃષ્ટિ પાપી પાપના પરિણામને ગ્રહણ કરીને ઊભો છે. કહો, રતિભાઈ!

શ્રોતા :- મંદિરમાં દર્શન કરતો હોય.

ઉત્તર :- દર્શન કરતો હોય તો એ રાગ થાય તે મારા છે એમ માને એટલે એ પાપના પરિણામમાં ઊભો છે. જેમાં જેને પોતાનું માને તેને તેનામાં ઊભો રહ્યો કહેવામાં આવે છે. ન્યાયથી સમજવું પડશે કે નહિ એને? આહા..હા..! દુકાને બેઠો, બે-પાંચ-દસ લાખની પૂંજીનો પેદાશ થઈ સાંભળે છે, હરખ થાય છે. એ હરખના પરિણામમાં સુખી થાય છે, મને ઠીક છે આ એવો જે ભાવ એ મિથ્યાભ્રાંતિનો પાપનો ભાવ તેને તે અજ્ઞાની ગ્રહણ કરે છે ત્યાં તે ઊભો છે. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! આ તો ભારે વાત ભાઈ!

ધર્મી આ પ્રાપ્યની વાત કરી. ધર્મી પોતાનું પ્રાપ્ય એટલે ગ્રહણ કરવાલાયક ચીજ શું છે એને? એને તો પુણ્ય અને પાપના રાગથી ભિન્ન ભગવાન ચિદાનંદ સ્વરૂપની કિંમત કરી છે. રાગથી અધિક જેણે જુદો આત્માને જાણ્યો, અનુભવ્યો છે. એવો જે ધર્મી, એવા ધર્મીને સ્વભાવના ભાનમાંથી સ્વભાવની અવસ્થા જે જ્ઞાતા-દૃષ્ટા ને આનંદની પ્રગટ છે, થાય છે તેને તે ગ્રહે છે એટલે પહોંચી વળે છે. તે જ્ઞાનીનું, ધર્મીનું તે કર્મ નામ કાર્ય ગ્રહણ કરવાલાયક તે પ્રાપ્ય છે. એને રાગાદિ થાય એ પણ એ જ્ઞાનીનું ગ્રહણ કરવાલાયક કાર્ય નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! એય..! ધીરૂભાઈ! આ આવ્યા છે ને ભાઈ એટલે સંભાર્યા. કીધું આ તમારા ભાઈને સમજાશે. આવું ઝીણું લઈને બેઠા છીએ. અત્યારે તો ઝીણું છે ભાઈ. તમારી સામું હાથ કરે છે આમ. ત્યાં બેઠા છે. પણ આ કોઈ દિ' સાંભળ્યું ન હોય તો શું કરે?

શ્રોતા :- ...

ઉત્તર :- એ માટે તો આ વાત ચાલે છે ને. અંદર આવ્યા હતા. કહો, સમજાય છે આમાં? આહા..હા..!

અને ધર્મીનું પ્રાપ્ય જ્યારે ગ્રહણ કરવાલાયક એને તો પુણ્ય-પાપના વિકલ્પો ઉપર દૃષ્ટિ નથી. તેથી તેને પર ઉપર તો દૃષ્ટિ નથી અને પર મારા છે એ તો દૃષ્ટિ ઊડી ગઈ છે ધર્મીને. એને તો પુણ્ય-પાપના વિકલ્પ રહિત નિર્વિકલ્પ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એનું

ભાન હોવાથી તેને તે પ્રકારના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ તે કાળે તે થાય તેને તે ગ્રહણ કરે છે. કેવળીને. પહેલા પાપીનું કહ્યું, પછી ધર્મીનું કહ્યું, હવે કેવળીનું. આ વાત કેવળીની ચાલે છે વધારે. કેવળીને જે સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા થયા અરિહંત દેવ. જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન. તો અનંતા જ્ઞેયોને જાણવાનું જે જ્ઞાન છે એવું જે કેવળજ્ઞાન એ કેવળીનું એ પ્રાપ્ય છે. જ્ઞાનની અવસ્થા જે કેવળ પૂર્ણ થઈ, સ્વપરને જાણવાની તે તેને ગ્રહણ કરવાલાયક છે. પણ જે અનંત જ્ઞેયો છે તેને કેવળી ગ્રહતા નથી અને તેને ગ્રહવાલાયક છે નહિ. કહો નેમીદાસભાઈ! એક બોલ થયો.

બીજો '**વિકાર્ય...**' વિકાર્ય એટલે પરિણમવું. છે ને બીજો બોલ? વિકાર્ય એટલે પરિણમવું. અજ્ઞાનીનું પરિણમવું. પુણ્ય અને પાપના વિકારીભાવ તે રૂપે થાવ છું, એરૂપે પરિણમું છું એવું અજ્ઞાનીનું એ વિકાર્ય છે. પરરૂપે થવું તો છે જ નહિ. અજ્ઞાની પણ શરીરરૂપે થાય, કર્મરૂપે થાય, બાયડીરૂપે થાય, છોકરારૂપે થાય, આબરૂરૂપે થાય, પૈસારૂપે થાય. થાય? કોઈ દિ' નહિ? એરૂપે થાય ક્યાંથી પણ? પરવસ્તુ સ્વતંત્ર એરૂપે થાય કે દિ'? અજ્ઞાની પાપી પ્રાણી પોતાના વિકાર પરિણામ ઉપર તેની દૃષ્ટિ છે તેથી તે વિકારપણે પરિણમે છે એ એનું પરિણમન છે. પરિણમન એટલે થવું. વિકારરૂપે પરિણમવું. ધર્મીનું પરિણમન રાગ અને પુણ્ય વિનાનો ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા છે એવા સ્વભાવનું ભાન હોવાથી ધર્મીનું નિર્મળ નિર્વિકારી પરિણમન છે. તે એનું નિર્મળ વિકારી પરિણમન કહેવામાં આવે છે. કેવળીનું કેવળજ્ઞાનરૂપી પર્યાયપણે પરિણમે છે એ એનું વિકાર્ય છે. સમજાણું કાંઈ? એ વિકાર્યની વાત કરી.

હવે '**નિર્વર્ત્ય...**' નીપજવું. અજ્ઞાની ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ નિધાન આનંદનો કંદ છે એનો આદર નહિ કરતા, એનો પુણ્ય અને પાપના વિકલ્પનો આદર કરીને તેપણે ઊપજે છે. વિકારપણે ઊપજે છે તે અજ્ઞાનીનું નિર્વર્ત્ય-નીપજેલું તે એનું કાર્ય. વસ્તુ તો એકની એક છે. પ્રાપ્ય-પરિણમવું અને નીપજવું વસ્તુ એક. પણ ત્રણને ઓળખવાની રીત છે. સમજાણું કાંઈ? એ આ વર્ષ બેસતાની બોણી છે આ. આહા..હા..! અરે..! એની એને ખબર ન મળે. દુઃખી થઈને, હેરાન થઈને મરી ગયો ચોર્યાસીના અવતારમાં. એય..! દેવાનુપ્રિયા! એટલે ત્રણના પરિણમન કીધા. અજ્ઞાનીના, ધર્મીના અને કેવળીના. સમજાણું કાંઈ? અજ્ઞાની આત્માના શુદ્ધ ચૈતન્યના સ્વભાવનો આદર નથી કરતો એને તો પુણ્ય અને પાપના ભાવનો આદર છે. આહા..હા..! કેવું શીખવું એને! કેટલું શીખવું એને! સમજાણું?

અજ્ઞાનીનું નિર્વર્ત્ય વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અખંડ આનંદનો કંદ છે એનો આદર છોડી દઈને પુણ્ય અને પાપ મારા તેપણે ઊપજે છે એ એનું નિવર્ત્ય કર્મ છે. એણે એ નીપજાવ્યું. એણે એ નીપજાવ્યું દુઃખનો પંથ. ધર્મીનું નિર્વર્ત્ય એ પુણ્ય-પાપ થાય તેનું જ્ઞાન કરે છે અને પોતાનું જ્ઞાન કરે છે એવી જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય એ પણે જ્ઞાની ઊપજે છે. તે એનું નિર્વર્ત્ય-નીપજેલું કાર્ય છે. કેવળી ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેયને જાણતું જ્ઞાન તે

જ્ઞાનની પર્યાયપણે ઊપજે છે. એ ઊપજે છે જ્ઞાનની પર્યાયપણે તે તેનું ઊપજેલું કાર્ય છે. નિહાલભાઈ! બહુ ઝીણું છે આ. ઘડિયાલના સંચાબંચામાં થોથા નથી ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એને ઘરમાં શું છે એની ઘરની ખબર ન મળે અને પરઘરમાં પોતાપણે માની અને રખડી રહ્યો છે. સમજાય છે કાંઈ? એ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એ કેવળી ભગવાનનું પ્રાપ્ય કર્મ જ્ઞાન જ છે. છેલ્લો શબ્દ છે એમ લ્યો. છે અંદર જુઓ! એ શબ્દ સામું જુઓ તો ખબર પડે નહિતર મોં-માથું સૂઝે એવું નથી આમાં કાંઈ. ગજનો આંકો સૂઝે એવું નથી.

'**કેવળી ભગવાનનું પ્રાપ્યકર્મ...**' પછી શબ્દ જ છે. '**જ્ઞાન જ છે,...**' છે? સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા અરિહંતદેવ કેવળી પરમાત્મા એનું પ્રાપ્ય કર્મ જ્ઞાન છે. જાણવું કેવળજ્ઞાનપણે જાણવું-જાણવું તે તેનું પ્રાપ્ય કર્મ છે. '**વિકાર્ય કર્મ જ્ઞાન જ છે,...**' એ પરિણમવું કરવું એ પણ જ્ઞાનીનું જ્ઞાન જ પરિણમવું છે. '**અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ? પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય કોઈ દિ' સાંભળ્યું નહિ હોય એણે. એય..! મલુપચંદભાઈ! ચોપડામાં આવે નહિ, અપાસરે જાય તો સંભળાય નહિ, દેરાસર જાય તો મળે નહિ. અહીં સાંભળવાનો વખત મળે. એમ કીધું. આહા..હા..!

ભગવાન! અહીં તો કહે છે પ્રભુ! એ છે તો અવસ્થા. કેવળજ્ઞાનીની કેવળજ્ઞાન એક દશા છે. એ કાંઈ ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. ગુણ અને દ્રવ્ય એ ત્રિકાળ છે, એની અવસ્થા છે, એ અવસ્થા તેનું પ્રાપ્યકર્મ છે, એ અવસ્થા તેનું વિકાર્ય પરિણમન કર્મ છે. નિર્વર્ત્ય તેનું જ્ઞાન કર્મ છે. એ જ્ઞાન જ તેનું નિર્વર્ત્ય છે. જ્ઞાન જ તેનું પ્રાપ્ય છે, જ્ઞાન જ તેનું પરિણમન છે. '**કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે,...**' છે? એ ગ્રહે છે એટલે પ્રાપ્ય. કેવળજ્ઞાની પરમાત્મા પોતાના જ્ઞાનની પર્યાયને પકડીને પડ્યા છે એ તેનું પ્રાપ્ય. અજ્ઞાની રાગને પકડીને પડ્યા છે તે રાગ તેનું પ્રાપ્ય. ચાહે તો શુભ હો કે અશુભ હો. કારણ કે આ વસ્તુદૃષ્ટિ નથી એટલે અંશ દૃષ્ટિ છે. અંશની દૃષ્ટિ લંબાય છે તો રાગ ઉપર જાય છે. વસ્તુની ખબર નથી. સમજાણું કાંઈ? કહો, દાસ! લ્યો આ વર્ષ બેસતું ૨૫મું. ૨૦૨૫. આ સમજે તો એને વર્ષ બેઠું. નહિતર એને વર્ષ આથમી ગયું છે. આહા..હા..!

કહે છે ભગવાન! કેવળી ભગવાનનું તેઓ જ્ઞાનને જ ગ્રહે છે. પરમેશ્વર કેવળજ્ઞાની તો એની જ્ઞાનની પર્યાયને જ પકડે છે, જ્ઞાનરૂપે પરિણમે છે અને જ્ઞાનરૂપે ઊપજે છે. ત્રણ થયા—પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ધર્મી. પુણ્ય-પાપના રાગથી, દેહથી, ક્રિયાથી પરથી ભિન્ન એવો ભગવાન આત્મા છે એવું અંદર ભાનને લઈને ધર્મીનું સમ્યક્, શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપી પરિણામ એ જ એનું પ્રાપ્ય, એ જ એનું પરિણમવું એ જ એનું નિવર્તવું. સમજાણું કાંઈ? અજ્ઞાનીનું ક્ષણે ક્ષણે જે કાંઈ પુણ્ય અને પાપના વિકલ્પો થાય તે તેનું પ્રાપ્ય છે, તે રૂપે પરિણમે છે અને તે રૂપે નીપજે છે. કહો, સમજાણું આમાં? આ તો સાદી ભાષાથી વાત છે. છે ઊંચી પણ ભાષા સાદી છે કે નહિ? એય..! ધીરૂભાઈ! તમારા ભાઈને ન કહીએ

તો તમને કહીએ લ્યો! ભાષા તો સાદી છે કે નહિ? સાદામાં સાદી અને સત્યના સત્યને પ્રકાશે એવી છે. તદ્દન આમાં કોઈ શાસ્ત્રની કોઈ ઊંચી ઘુંટીની વાત પણ નથી. તું છો કે નહિ? કહે હા. શું છે તારામાં? તું છો તો તારામાં છે શું? તારામાં શું રાગ-દ્વેષ છે? તારામાં શરીર, વાણી, મન છે? પૈસા તારામાં છે? ક્યાં છે? નથી. છે ત્યારે શું? તારામાં છે જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એ તારામાં છે. જે તારામાં છે એને પોતાનું ન માનતા જે એનામાં નથી, પુણ્ય-પાપ, વિકલ્પ, દેહ, વાણી, મન એને પોતાના માને એનું અજ્ઞાનીને તો પાપભાવ મિથ્યાત્વભાવ તેનું પ્રાપ્ય છે, મિથ્યાત્વભાવ તેનું પરિણમન છે, મિથ્યાત્વભાવ તેનું નીપજવું-ઊપજવું છે. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આ તો સાદી ભાષા છે. પણ હવે માણસને દરકાર જ નહિ. આહા..હા..! આવો અવસર સમય મળ્યો, મનુષ્યદેહ. એમાં જે શું કરવાનું છે અને શું કરું છું એની ખબર ન મળે. આહા..હા..!

જગતની ચીજોને દેખી હરખના સડકા આવે છે કહે છે અને પ્રતિકૂળ દેખીને શોક આવે છે એ અજ્ઞાનીના મિથ્યાદૃષ્ટિના, પાપીના પરિણામ પાપ છે એ પાપ પરિણામને ગ્રહે, પાપપણે પરિણમે અને પાપપણે ઊપજે છે. દુઃખપણે ઊપજે છે, દુઃખને ગ્રહે છે, દુઃખપણે પરિણમે છે અને દુઃખપણે ઊપજે છે. લ્યો આમ છે. શું હશે ત્યારે પાપ સુખ હશે કે દુઃખ હશે? સુમનભાઈ! આ તો સાદી ભાષાથી વાત છે. શુભ-અશુભભાવ છે એ આદિ એકકોર રાખો. એ તો જડ છે. એ કાંઈ તારા થઈને રહ્યા પણ નથી. આ તો એના થઈને રહ્યા અને એના થઈને આવ્યા છે. એના થઈને રહ્યા છે અને એના થઈને આવ્યા છે. લક્ષ્મી પણ લક્ષ્મી એની થઈને રહી છે અને એની થઈને આવી છે. તારી થઈને આવી નથી અને તારી થઈને રહી નથી. હવે અંદરમાં પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર તો એના થઈને આવ્યા નથી. એના થઈને આવે તો એના સ્વભાવમાં પેસી જવા જોઈએ. સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાનનો સ્વભાવ સત્ આનંદ ને કંદ શાંતિનો સ્વભાવ એવો અવિકારી વીતરાગ વિજ્ઞાનઘન ભગવાન આત્મા એમાં પુણ્ય-પાપના વિકલ્પો જે ઉઠ્યા રાગ. આ તો બીજી રીતે કહ્યું ને. ઓલામાં આવ્યું ને કે વિકલ્પનો કર્તા તે તેનું કર્મ અને વિકલ્પ તે તેનું કર્મ છે. કર્તાકર્મ. અજ્ઞાનીને બીજું કોઈ કર્મ નથી. એ વિકલ્પ ઉઠ્યો છે પુણ્ય-પાપનો તે જ તેનું કાર્ય છે અજ્ઞાનીનું. પરનું કાર્ય તો ત્રણ કાળમાં નથી. અને વિકલ્પકર્તા આ મારું કામ એ એનો કર્તા છે. પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે છે વિકારની લાગણીઓ. એ અજ્ઞાનીનું. અજ્ઞાની તેનો કર્તા છે. કારણ કે તેને વિકલ્પથી રહિત નિર્વિકલ્પ દૃષ્ટિનું ભાન નથી. અને વિકલ્પ કર્તા તે કરનારો વિકલ્પ કરે તે તેનું કાર્ય છે. એ શુભ-અશુભ રાગ કર્યો તે અજ્ઞાનીનું કાર્ય છે. એ સિવાય બહારની ક્રિયા એ કરે છે હાલવાની, ચાલવાની, બોલવાની કે લેવા-દેવાની હરામ ત્રણ કાળમાં નહિ. એ તો જડની ક્રિયા છે. સમજાણું કાંઈ? મારે ભારે વાતું ભાઈ! ત્યાં સીધી લાઈનમાં છે અહીં કાંઈ? ધૂળમાંય નથી ત્યાં એકલા.

શ્રોતા :- ...

ઉત્તર :- ક્યાં હજી તો માંડ માંડ કોક દિ' વળી આવ્યા. ત્યાં સલવાણા છે અંદર. તમારો બચાવ કરે છે થોડો થોડો. વકીલાત કરે છે થોડી થોડી. છોકરાની કરે છે એમ તમારી પણ કરે છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે. આહા..હા..! ભારે વાત પણ ગજબ વાત છે. ૯૨મી ગાથાનો પૂર્ણ અધિકાર પડે છે. પછી સુખનો અધિકાર થાય છે. પછી શિષ્યે કહ્યું, પણ હવે સુખ તો જ્ઞાનમાં આવી જાય છે. તો આ વળી સુખનો અધિકાર નવો શું કરવા કાઢ્યો? ભાઈ! જ્ઞાન સાથે આનંદ હોય એ માટે વાત કરીએ છીએ. સાંભળને. જ્યારે જ્ઞાન સમ્યક્ થાય ત્યારે આનંદ પણ ભેગો હોય. જ્યારે મિથ્યાજ્ઞાન છે તો દુઃખ ભેગુ જ છે એમ કહે છે. આહા..હા..! શું કીધું? ભગવાન આત્મામાં જ્ઞાન અને આનંદ ત્રિકાળી પડ્યું છે વસ્તુ. એનું ભાન નથી ત્યાં આગળ પુણ્ય અને પાપના વિકલ્પો તે તેનું કર્મ અને તેનો કર્તા એ દુઃખનું કાર્યનો કર્તા અને દુઃખ તેનું કાર્ય. એ જ્ઞાન પોતે દુઃખરૂપ છે. આહા..હા..! એ દુઃખરૂપ જ્ઞાન છે. એ દુઃખરૂપ દશા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સુખરૂપ દશા અને પૂર્ણસુખ દશા ભગવાન આત્મા શુભ અને અશુભરાગથી ભિન્ન છે એ વિકલ્પપણે થયો નથી. વિકલ્પપણે થાય તો વિકલ્પ કોઈ દિ' છૂટે નહિ. સમજાણું? એ ચૈતન્યબિંબ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પપણે નથી. ત્યારે છે શું? જ્ઞાન અને આનંદપણે છે એ. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદપણે છે. એવું જ્યાં ભાન નથી એને તો વિકારી પરિણામ એ મારું પ્રાપ્ય, નિર્વર્ત્ય અને કર્મ એ દુઃખપણે પકડ્યો, દુઃખને પકડ્યો, દુઃખમાં પરિણમ્યો અને દુઃખરૂપે નીપજ્યો. પરને પકડે, પરને પરિણમે અને પરપણે ઊપજે એ વાત તો ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ!

'**કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે,...**' કોણ કેવળી? એમ ધર્મી પણ પોતાની નિર્મળ પર્યાયને જ ગ્રહે છે, નિર્મળ પર્યાયપણે પરિણમે છે, નિર્મળ પર્યાયપણે ઊપજે છે. કેવળી પૂર્ણ નિર્મળ પર્યાયને ગ્રહે છે, પૂર્ણ નિર્મળ પર્યાયપણે પરિણમે છે, નિર્મળ પૂર્ણ પર્યાયપણે ઊપજે છે, નીપજે છે. કહો, રતિભાઈ! '**આ રીતે જ્ઞાન જ તેનું કર્મ છે...**' કોનું? કેવળજ્ઞાનીનું. કેવળજ્ઞાની પરમાત્માનું જાણવું એ જ એનું કાર્ય છે. જ્ઞેયો જગતના તે એમાં આવી જાય છે કે એનું કાર્ય છે એમ છે નહિ. તદ્દન ભિન્ન. અનંતા પદાર્થો કેવળજ્ઞાનીએ જાણ્યા, પણ જાણવાની પર્યાયથી અનંતા પદાર્થો ભિન્ન છે. અનંત પદાર્થ તે તેનું કર્મ નથી. તેણે ગ્રહ્યા નથી. એમ અજ્ઞાનીએ પણ અનંત પદાર્થ પર છે એને ગ્રહ્યા નથી, પણ મારા છે એવી માન્યતાને પકડી છે તે અજ્ઞાનને ગ્રહ્યો છે એણે. સમજાણું કાંઈ? એય..! નેમિદાસભાઈ! આહા..હા..! ભારે! જગતમાં શું કરું છું અને શું થાય છે એની ખબર ન મળે. દુઃખી છું, દુઃખને પરિણમું છું અને દુઃખને ગ્રહું છું અને દુઃખપણે ઊપજું છું એની ખબર ન મળે

અને માને કે હું સુખી છું. ભ્રમ છે ભગવાનને ભૂલીને મિથ્યાત્વનો. સમજાણું કાંઈ? અમે હમણાં પૈસાટકે આબરૂએ સુખી છીએ. મૂઢ છો? મૂર્ખ છો? મૂર્ખનો મૂર્ખ છો. મોટો બાદશાહ મુનિ હોય સાધુ થઈને બેઠો હોય. પણ જેના પરિણામ વિકલ્પ ઉઠ્યા છે શુભ-અશુભ, એમાં પોતાપણું માને છે અને એનાથી મને લાભ માને છે એ મૂઢમાં મૂઢ દુઃખની દશાપણે ઊપજે છે. ભલે બહારથી ત્યાગી બાયડી-છોકરા વિનાનો દેખાય. સમજાણું કાંઈ? અંદરમાં પુણ્યના એક વિકલ્પ દયા, દાન, વ્રતની વૃત્તિ ઊઠી છે એને પોતાપણે માને છે એ ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ મારા છે એમ માને એવા મિથ્યાત્વપણે પરિણમે છે. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! બહુ ઝીણું પણ મારું. આ વર્ષ બેસતાને દિ' આવું હશે? વર્ષ બેસતાનું સારું માગતો હશે કે મોટું માગતો હશે કે ખોટુ માગતો હશે?

શ્રોતા :- સારામાં સારું માગે.

ઉત્તર :- સારામાં સારું માગે? તો સારામાં સારું આ છે. આહા..હા..! છે?

'આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે.' ભારે વાત! શું કહે છે? કે કેવળજ્ઞાનીની ક્રિયા શું? બોલવું, ચાલવું, ઉપદેશ દેવો એ એની ક્રિયા છે? એ તો જડની ક્રિયા છે. એ ભગવાનની ક્રિયા નથી. ભગવાનની ક્રિયા જાણવાપણે પરિણમવું એ જ્ઞપ્તિ જાણવાની ક્રિયા છે. સમજાય છે કાંઈ? છે? **'આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે...'** એટલે કાર્ય છે **'અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે.'** હવે અજ્ઞાનીને પણ લઈએ કે તે પાપના પરિણામ અને પુણ્યના પરિણામને મારા માને છે એ પાપ પરિણામ જ તેનું કર્મ છે અને એ પાપ પરિણામ જ તેની અજ્ઞપ્તિ એટલે નહિ જાણવાની ક્રિયા છે. સ્વરૂપને નહિ જાણવાની ક્રિયા છે. ક્રિયા છે. રાગપણે થવાની, પુણ્યપણે થવાની, બદલીને થવાની એ અજ્ઞાનીની ક્રિયા છે. દુઃખની ક્રિયા છે. આ ક્રિયા-ક્રિયા લોકો કહે છે કે નહિ? એય..! ધીરૂભાઈ! ક્રિયા ઉડાવે છે કહે છે સોનગઢ. વળી એમ કહે છે બધા. હવે સાંભળને તને શી ખબર પડે કે ક્રિયા ઉડાવે છે. તને તો ખબર નથી એની.

આત્મામાં શુદ્ધતાનો પિંડ પ્રભુ છે એની જેને ખબર નથી એ પુણ્ય-પાપના પરિણામપણે પલટો મારે છે તે અજ્ઞાનની તેની ક્રિયા છે, એ દુઃખની ક્રિયા એની પાસે છે. ધર્મીને જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ છું એવું જે પરિણમવું, પહેલી અવસ્થાથી બીજી રૂપે અવસ્થા થવું તે જ્ઞાનીની જ્ઞપ્તિ જાણવાની ક્રિયા છે. કેવળીની? પહેલા કેવળીની અવસ્થા જેમ બીજી રૂપે પરિણમે જ્ઞપ્તિ એ એની ક્રિયા છે. પરની ક્રિયા છે અને પરને બોલે છે, ભગવાન બોલે છે, ભગવાન ઉપદેશ દે છે એ ભગવાનમાં છે નહિ. ભારે વાત ભાઈ! કહો, સમજાણું આમાં?

'આ રીતે જ્ઞાન જ તેમનું કાર્ય છે અને જ્ઞપ્તિ...' નામ જાણવાની ક્રિયા તે **'તેમની ક્રિયા છે.'** આહા..હા..! ભગવાન તો છ-છ ઘડી સુધી બોલે, ભાષણ આપે, સમવસરણમાં બેસે. કહે ના. એ તો જડની ક્રિયા છે. એ ભગવાનની ક્રિયા છે જ નહિ. એ તો જ્ઞાનમાં

જ્ઞેય ક્રિયા થાય તેને જાણે છે એ તો. એ જ્ઞેયની ક્રિયા જ્ઞાનમાં નથી આવી. એ સંબંધીનું જ્ઞાન અહીંયાં આવ્યું છે. એ સંબંધીની જ્ઞાનની ક્રિયા કેવળીની છે. સમજાણું કાંઈ? ભાઈ! ઝીણું પડે પણ આ જાણે છૂટકો છે. નહિ ચોર્યાસીના ઘોદામાંથી નહિ નીકળે એ. દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી... એના દુઃખ એ વેદે છે એની એને ખબર નથી. ભગવાન એને ભાળે છે, જ્ઞાની એને જાણે છે પ્રાણીઓ દુઃખી છે. સમજાણું કાંઈ? પોતાના ચૈતન્યના આનંદ નિધાનને ન જોતાં અંતર્મુખ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શોભામાં વિષય શું છે એવું એને નહિ માનતા એકલા પુણ્ય અને પાપ બાહ્ય વસ્તુને માને છે એ દુઃખી છે. દુઃખી છે. નિર્ધન દુઃખી, સધન દુઃખી, સાધુ થયેલો બહારમાં પણ રાગ ને પુણ્યની ક્રિયા મારી માનનાર એ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. સમજાણું કાંઈ? મલુપચંદભાઈ! પૈસાવાળાને કેટલાને સુખી કહેવા? કેટલા પૈસા હોય તો સુખી કહેવા? આંકડો હશે કાંઈ? નિર્ધન કોને કહેવો? આહા..હા..!

ભગવાન આત્મા કેવળજ્ઞાનની લક્ષ્મીથી ભરેલો ભંડાર છે પ્રભુ! એનો જેને આદર નથી અને પુણ્ય-પાપના વિકલ્પનો આદર છે એ નિર્ધન પ્રાણી દુઃખી છે. એય..! રતિભાઈ! બધી વ્યાખ્યા જુદી જાતની છે આ. એ નિર્ધન પ્રાણી દુઃખી છે. અને જંગલમાં એકલો કાળુમશ જેવું શરીર. તડકા માથે પડ્યા હોય ગરમી. ડુંગરાની ટોચે જેને આમ સૂર્યના કિરણો માથે અડતા હોય, પરસેવા ચાલ્યા જતા હોય, ધૂળ ઊડીને ચોંટતી હોય. અંતરમાં અરે..! ગૃહસ્થાશ્રમમાં રહેલો, છન્નું હજાર રાણીના મધ્યમાં. જેને રાગ અને પરથી ભિન્ન આત્માનું અંતર જ્ઞાન કર્યું છે તે ક્ષણે તે જીવ સુખી છે. એ રાગને લઈને નહિ, બાયડીને લઈને નહિ. એ સ્ત્રી અને તે સંબંધીના રાગથી ભિન્ન પડેલા જ્ઞાન ને દર્શનના આનંદને લઈને સુખી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આ વર્ષ બેસતાનું આવે છે આ.

શ્રોતા :- આ લોકોત્તર વ્યાખ્યા

ઉત્તર :- આ લૌકિક વ્યાખ્યા છે દુઃખી થવાની એમ કહે છે. એમ શું કહે છે એ? કે લોકો એને સુખી કહે છે એ લોકવ્યાખ્યા છે એમ કહે છે એ. અંદર પેટામાં નાખેલી વાત. લોકો એને સુખી કહે છે એ લૌકિક વ્યાખ્યા છે એટલે મૂર્ખાઈની વ્યાખ્યા છે એ. દેવાનુપ્રિયા! એ પ્રશ્ન નારદ છે. પ્રશ્ન નારદ એટલે એક પ્રશ્ન બીજો રાખે અંદર ભેગો. ઓલી લૌકિક વ્યાખ્યા છે એમ. પૈસાવાળા સુખી, રૂપાળા સુખી, બાયડીવાળા સુખી, ધૂળેય નથી. લૌકિક વ્યાખ્યા એટલે પાપીના પાપ પરિણામવાળાની વ્યાખ્યા છે. કહો, આ ધર્મીના ધર્મ પરિણામની વ્યાખ્યા. ઓહો..! જ્યાં હું છું ત્યાં તો આનંદ છે. જ્યાં હું છું ત્યાં તો એકલો જ્ઞાનનો ભંડાર છે. જ્યાં હું છું ત્યાં તો પુણ્ય ને પાપને શરીર નથી. એ રીતે હું નથી અને એ મારા થયા નથી અને હું એનો થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો કહે છે કે હું ત્યાં નથી. હું જ્યાં છું ત્યાં રાગ નથી, હું જ્યાં છું ત્યાં સ્ત્રી નથી, હું જ્યાં છું ત્યાં રાગ નથી. હું જ્યાં છું ત્યાં જ્ઞાન ને આનંદ છે. એવી દૃષ્ટિવંત

ધર્મી તે ગૃહસ્થાશ્રમમાં બાયડી પાસે બેઠો પણ એ સુખી, પોતાની દશાને લઈને છે. એને લઈને નથી. સમજાણું કાંઈ? અને અજ્ઞાની અનુકૂળતાના ઢગલામાં પડ્યો છે, બાયડી અનુકૂળ બધું અનુકૂળ. આમ માખી ઊડે તો ખાવા બેઠો હોય તો વીંઝણો લઈને બેઠી હોય આમ હલાવા. માખી ન પડે ને આ ન પડે. આહા..હા..! બે-પાંચ-દસ કરોડની મૂડી, રૂપાળુ શરીર, લાડવા ખાતો હોય ને પતરવેલિયા ખાતો હોય. ખાતો નથી. ફક્ત એ તરફનો એને વિકલ્પ ઊઠ્યો છે. ક્રિયા જડની છે. વિકલ્પ ઉઠ્યો છે કે હું ખાઉં છું અને મને ઠીક એ વિકલ્પ દુઃખની દશાપણે પરિણમ્યો છે. એ દુઃખી છે ત્યાં. એ દુઃખી છે. રતિભાઈ! અરર..રર.! એય..! ધીરૂભાઈ! પણ આ તો બેસે એવું છે ને ભાઈ! આ તો ન્યાયથી વાત ચાલે છે ને. ન સમજાય એવી વાત નથી. પછી અંદર રુચે ન રુચે એ જુદી વાત છે. પણ શું કહેવા માગે છે એ તો ખ્યાલમાં આવી શકે કે નહિ? સમજાય છે? એને એ અંદર રુચે અને પરિણમે એ વળી જુદી ચીજ છે. આ વાત આમ છે અને આમ નથી એમ વાત એના ખ્યાલમાં આવે કે નહિ? આહા..હા..! એ કાંઈ જડ છે? ચૈતન્ય છે. અને ક્ષયોપશમ જ્ઞાનનો ઉઘાડ લઈને તો આવ્યો છે એટલો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન આત્માની '**જ્ઞાન જ તેનું કાર્ય છે અને જ્ઞપ્તિ જ તેની ક્રિયા છે.**' એમ અજ્ઞાનીનું પુણ્ય-પાપ જ તેનું કામ છે અને પુણ્ય-પાપનું પલટવું તે તેની ક્રિયા છે. ધર્મીનું શુદ્ધચિદાનંદ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાનની શાંતિ તે તેનું કર્મ છે અને તે રૂપે પરિણમવું તે તેની ક્રિયા છે. આ બહારની ક્રિયા જ્ઞાનીની છે જ નહિ. આહા..હા..! અજ્ઞાની કરી શકતો નથી તો વળી જ્ઞાની ક્યાંથી લાવ્યો? ભારે વાત ભાઈ! આ ૨૫માં વર્ષનું પ્રભાતિયું છે આ. આહા..હા..!

'**આમ હોવાથી...**' જુઓ! '**આમ હોવાથી કેવળીભગવાનને બંધ થતો નથી,...**' પરમેશ્વર કેવળજ્ઞાની એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની ક્રિયાવાળો, જાણવાના કાર્ય વાળો તેથી તેને રાગ અને મોહ નથી માટે તેને બંધન થતું નથી. અબંધ સ્વરૂપી મોક્ષ પર્યાય છે એની. '**કેવળી ભગવાનને બંધ થતો નથી, કારણ કે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી...**' શું કહે છે? જાણવું.. જાણવું... જાણવું... જાણવું... એ ક્રિયા કાંઈ બંધનું કારણ નથી. એથી અહીં નીચે પણ જ્ઞાનસ્વરૂપ જાણે... જાણે... જાણે... પરને જાણે, સ્વને જાણે એ જાણવું બંધનું કારણ નથી. જાણવા ઉપરાંત આ મારું અને મને આ એવી માન્યતા તે મિથ્યાત્વ અને બંધનું કારણ છે. નેમિદાસભાઈ!

જાણવું બંધનું કારણ નથી તેમ એ જ્ઞેય ક્રિયાઓ છે એ કાંઈ બંધનું કારણ નથી. સમજાય છે? તેમ કર્મના ઉદયથી બોલવા, ચાલવાની ક્રિયા થાય એ બંધનું કારણ નથી. ફક્ત બંધનનું કારણ જાણવું-જાણવું એ ઉપરાંત આગળ વધીને આ મારું, આ રાગ મારો, આ પુણ્ય મારા, આ મેં પુણ્ય કર્યું, મેં પાપ કર્યું, આ ક્રિયા મારી એવી જે માન્યતા, એવો જે વિકારીભાવ

એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? છે?

'**કારણ કે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી પરંતુ જ્ઞેયાર્થપરિણમન...**' જ્ઞેયાર્થપરિણમનક્રિયા. એટલે શું? કે જે જાણવાયોગ્ય પદાર્થો છે જ્ઞેય. એ પદાર્થોની સન્મુખ વૃત્તિ થવી. તેના તરફની વૃત્તિ-વિકલ્પ ઉઠવો. એનું જાણવું થવું એમ નહિ. જાણવું થવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે અને જણાવું એ તો એનો સ્વભાવ છે. પણ એ જાણતા આ ઠીક-અઠીક એવી વૃત્તિ ઉઠવી, આ મારા, આ તારા ભાગલા પાડવા એવી જે જ્ઞેયપદાર્થો સન્મુખ વૃત્તિ થવી. સમજાય છે કાંઈ?

દાખલો આપ્યો નહોતો કાલે? એક શેરીમાં સો ઘર હોય. હવે એ તો આત્મા જાણે છે કે આ સો ઘર છે. બસ એ જ્ઞેય છે અને જાણે છે. પણ જ્યાં એને ઓલું એનું ઘર આવ્યું ને એમ લાગે આ મારું. મારું ઘર છે. એ તો બધું જ્ઞેય તરીકે છે અને તું જ્ઞાન તરીકે છો. તારું જાણવું અને એનું જણાવું એ બે વચ્ચે ત્રીજું ક્યાંથી આવ્યું આ? આ મારું એ ક્યાંથી આવ્યું? એ મારો જે વિકલ્પ ઊઠ્યો છે એ મિથ્યાત્વભાવ એ બંધનું કારણ અને દુઃખનું કારણ છે. સમજાણું કાંઈ? એક ગાય વેચી હોય ને. બે વર્ષ પછી ગાય મળે. આ આ ગાય મારી વેચેલી એ જ મારી ગાય આ. થાય છે ને ઘણાને? ઓલો .. એ બહુ કરતો હોય. વેચેલી બહુ હોય એણે. રબારીમાં ગાય. આ મેં ગાય .. રાખી હતી. પણ ક્યાંથી આવી તારી આ? ભારે ભાઈ! એમ જગતના પદાર્થો શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ આવે ને જાય એને કારણે આમ. ત્યાં વચ્ચે ચોંટે. આ દાગીનો મારો, આ કપડું મારું, આ મકાન મારું, આ આબરૂ મારી. એ જણાવાયોગ્ય તે જાણવાનો સ્વભાવ આત્માનો અને જણાવાનો એનો. વચ્ચે નાખે કે આ મારું એવો મિથ્યાત્વભાવ બંધન ને સંસારનું કારણ છે. જ્ઞાનીને તે ભાવ હોતો નથી. કેવળીને તો હોતો જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :- ...

ઉત્તર :- ભાઈ કહે સરવૈયું આખા વર્ષનું આવ્યું. આખા વર્ષનું સરવૈયું નાખ્યું. તમે શું કર્યું અત્યાર સુધી એમ કહે છે આ. આહા..હા..! વર્ષનું સરવૈયું માંડે છે કે નહિ? એય..! જયંતિભાઈ! આ સરવૈયું.

ભગવાન! તું તો આનંદ અને જ્ઞાનમૂર્તિ છો ને. તે અત્યાર સુધી રાગ ને પુણ્યને મારા માન્યા એના સરવાળામાં તને મિથ્યાત્વનું પરિણામ સરવૈયું. સમજાણું કાંઈ? એ સરવૈયું તારા સરવાળામાં, તારા સરવાળામાં એ સરવૈયું છે. આહા..હા..! ધર્મીના સરવાળામાં. અરે..! હું તો રાગ નથી, પુણ્ય નથી, મારી ચીજ તો જ્ઞાનસ્વરૂપ આનંદ છે. મારા આનંદની અપાર શક્તિ છે. હું અંતરમાં આનંદ જેનો સ્વભાવ છે, જેનું સ્વરૂપ છે એનું માપ છું, બેહદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છું. સમજાય છે કાંઈ? એવા અતીન્દ્રિય આનંદપણે પોતાને માનતો એને અતીન્દ્રિય આનંદની માન્યતા થતાં અતીન્દ્રિય આનંદની પર્યાય થાય તે તેના સરવાળાનું પરિણામ છે.

એ સુખદશા છે, એ પર્યાયની પ્રાપ્તિ તેની સુખદશા છે. એ એનો સરવાળો છે. એને કોઈ પાસે જોવા જાવું પડતું નથી. મેં ધર્મ કર્યો કે નહિ? કોઈ પાસે જોવા જાવું પડતું નથી એમ કહે છે.

વસ્તુ ભગવાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે, પરમેશ્વર તીર્થંકર કેવળીએ જોયો એ આત્મા. એને પર્યાયમાં પ્રાપ્ત કર્યો, અહીંયાં પર્યાયમાં પ્રતીતમાં આવ્યો. સમજાય છે કાંઈ? પૂર્ણાનંદનો નાથ જ્ઞાનાનંદસ્વરૂપ છું. આ ધ્રુવ બિંબ ચિદાનંદસ્વરૂપ, એવી શ્રદ્ધા ને જ્ઞાન થતાં એ જ્ઞાનીના જ્ઞાન ને શ્રદ્ધાના પરિણામ બસ એ સુખના પરિણામ એ એનો સરવાળો. એ સુખી છે. એ વાંઢો સુખી છે, વાંઝિયો સુખી છે. જંગલમાં પડ્યો, શરીરમાં રોગનો પાર ન હોય એ સુખી છે. એય..! આ કઈ જાતના દાખલા હશે આ? મલુપચંદભાઈ! એય..! હિંમતભાઈ! ભાઈ હવે એ બધા પંડિત છે મારા. આ વળી મોટા પંડિતના ભાઈ છે. મોટા છોકરાઓના બાપ છે લ્યો ને. માન્યતા ઉપર છે. બહારની ક્યાં વસ્તુ છે ધૂળમાં? આહા..હા..! સમજાણું કાંઈ?

બહુ સમજવા જેવી વાત છે, જાણવા જેવી વાત છે અને જાણીને શું કરવું? એનું કર્તવ્ય શું છે એ પણ ભેગું આવે છે. આહા..હા..! અરે..! એની એને દયા નથી. એની એને દયા નથી. અરે..! હું ક્યાં દુઃખી થઈશ? હું અહીંથી છૂટીને અનંતકાળ.. અનંતકાળ... આહા..હા..! આ તો એક ૨૫-૫૦-૬૦-૭૦-૮૦ અહીંથી જઈને અનંતકાળ હું વસ્તુ છું તે વસ્તુ કાંઈ નાશ થાય એવી નથી. એ તો અનંતકાળ રહેશે. તો અનંતકાળ ક્યાં રહેશે? કેવી રીતે રહેશે? કેવા ભાવમાં રહેશે? કયે ક્ષેત્રે રહેશે? ક્યા સંગમાં રહેશે. છે વિચાર એને કોઈ દિ'? સમજાણું કાંઈ?

જેણે પોતાનો સચ્ચિદાનંદ સ્વભાવ શુદ્ધ અંતર્મુખ પ્રભુ બિરાજે છે એનો આદર ન કરતા એ શુભ વિકલ્પનો પણ આદર કર્યો છે એને આત્માની પૂર્ણતાનું જીવન એનું એણે ખૂન કર્યું છે. આવો હું નહિ, હું આવો. આવો હું નહિ, હું આવો. આહા..હા..! પોતાના જીવનનું જીવતર એણે ગાળી નાખ્યું. બાળી મૂક્યું છે કહે. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાયથી સમજાય છે કે નહિ? લોજિકથી, ન્યાયથી વસ્તુ તો કહેવા યોગ્ય છે તે કહેવાય છે. ન સમજાય એમ હોય? આત્મા છે બાપુ! એ દુઃખી છે એનો પણ એને ખ્યાલ નથી એમ ન સમજાય તો સુખનો પંથ કે દિ' લેશે એ? આહા..હા..! વ્યર્થના ચાલ્યા ગયા ૪૦-૪૦, ૫૦-૫૦, ૬૦-૬૦, ૭૦-૭૦ જાય છે. એટલા તો ૫૦-૬૦ ગયા એ ૫૦ આવવાના છે? ૫૦ રહેવાના છે? આહા..હા..! કયે ક્ષણે પાંદડું પડી જશે. પાકુ પાન ખરીને ક્યારે પડશે એમ શરીરની સ્થિતિ પૂરી થઈને ક્યારે છૂટી જાશે. એમાં આ આત્મા શું છે એનું જ્ઞાન-શ્રદ્ધા આદિ ન કરી, રખડવાના ક્યાંય આરા નહિ આવે. સમજાય છે કાંઈ? અને આ અંદરનો પક્ષ કર્યો, હું તો શુદ્ધ આનંદઘન જ્ઞાયક છું. રાગાદિ વિકલ્પ પણ મારા નહિ, શરીર મારું

નહિ, સ્ત્રી, કુટુંબ, આબરૂ મારી ત્રણ કાળમાં મારામાં નહિ માટે મારી નહિ. મારામાં તો આનંદ અને જ્ઞાન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. એવી જેને શ્રદ્ધાની પક્કડ અને અનુભવ કર્યો છૂટ્યો. ભવિષ્યમાં એ કેવળજ્ઞાન પામવાનો છે. ક્યાં જશે અને શું થશે? કે કેવળજ્ઞાન પામશે અને સિદ્ધ થશે. સમજાણું કાંઈ? અને રાગ અને પુણ્યના, પાપના વિકલ્પને મારા માનનારા ક્યાં જશે? અને શું થશે? એ દુઃખમાં છે અને દુઃખની વધારે દશા હશે ત્યાં જશે. કહો, સમજાય છે કે નહિ આમાં? એય..! જગુભાઈ! આ તો બધા ઓસરી જાય એવું છે અંદરથી અભિમાન મારાને.

ભાઈ! તું કોણ છો નાથ! તારી ચીજમાં શું પડ્યું એની તને ખબર નથી. તારા ઘરની ખબર નહિ અને બહાર ઘરમાં વ્યભિચારી થઈને કોકની ચીજને પોતાની માનીને પરિભ્રમણ કરે છો અને તારી ચીજને ભૂલી જા છો. આ ભૂલનું પરિણામ જ તે ચાર ગતિમાં વેઠ્યું છે. એ ભૂલનું પરિણામ જ એને ચાર ગતિમાં વેઠ્યું છે. એ ભૂલને સમજીને ભૂલ છોડી દે અને આત્મામાં દૃષ્ટિ કર એ માટે આ વાત કહેવાય છે. આહા..હા..! ભાઈ! તારા શરણાનો ઉપાય તો આત્મા શું છે? એને જોવો, માનવો અને અનુભવવો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞેય પદાર્થો સન્મુખ વૃત્તિ થવી...**' એટલે શું? કે '**(-જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું)...**' એટલે શું? અહીં તો જ્ઞેયપદાર્થપણે પરિણમવું. પણ એનો અર્થ એ છે કે રાગાદિ, પુણ્યાદિ જ્ઞેય છે એ રૂપે પરિણમે. આ તો એને છે નહિ. સર્વજ્ઞ ભગવાનને રાગ નથી એટલે રાગરૂપે થતો નથી, પરપણે પરિણમતો નથી. જ્ઞેયો તો ભિન્ન બધા રહી ગયા છે. જાણવાની ક્રિયા એકલી રહી ગઈ છે. તેથી તેને પરસન્મુખની વૃત્તિ ઉત્પન્ન થતી નથી. પરસન્મુખ જે પર છે તે સંબંધીનું, પોતાસંબંધીનું જ્ઞાન છે. એ જ્ઞાનસ્વલક્ષની ચીજ છે. એ બંધનું કારણ નથી.

'**તે બંધનું કારણ છે.**' શું કીધું? જ્ઞેય જણાવાયોગ્ય પદાર્થ પ્રત્યેની વૃત્તિ ઉત્પન્ન થાય. આ ઠીક, આ અઠીક, આ મારી, આ તારી એવી વૃત્તિ ઉત્પન્ન થાય, એ બંધન, એ દુઃખનો રસ્તો દુઃખના બંધનના કારણ છે. કેવળીને છે નહિ. કહો, જયસુખભાઈ! ન્યાયથી સમજાય છે કે નહિ? આ વસ્તુ છે હોં! સમજવી પડશે હોં! આવા આયુષ્યો ચાલ્યા જાય છે. આહા..હા..! સમય સમય કરતા અનંતકાળ વીત્યો, પણ એણે આત્માનું કામ ન કર્યું અને પરના વિકારી પરિણામ કામ કરીને પોતાની હોંશુને તે સોંપી દીધી. સમજાણું કાંઈ?

'**(હવે પૂર્વોક્ત આશયને કાવ્ય દ્વારા કહી, કેવળજ્ઞાની આત્માનો મહિમા કરી, આ જ્ઞાન અધિકાર પૂર્ણ કરવામાં આવે છે :)**' ઉપર શ્લોક.

(स्रग्धरा)

जाननन्यप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं
मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा।
तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-
ज्ञेयाकारं त्रिलोकी पृथगपृथगगथ द्योतयन् ज्ञानमूर्तिः।।४।।

-इति ज्ञानाधिकारः।

પૃથક્ પૃથક્ બધી વસ્તુની. પૃથક્ પૃથક્ પ્રકાશતો એટલે દરેક વસ્તુ પૃથક પૃથક તેને જાણે છે અને અપૃથક્ સામાન્ય છે એને પણ જાણે છે.

'**અર્થ :- જેણે કર્મોને છેદી નાખ્યાં છે...**' આ ભગવાન કેવળજ્ઞાનીની પર્યાયના વખાણ છે. એવો જ આ આત્મા કેવળજ્ઞાનને પ્રગટ કરે એવો જ આ આત્મા છે. એમાં કાંઈ ફેર નથી. રાગ ને પુણ્યને ઉત્પન્ન કરે એ કાંઈ આત્મા કહેવાય? બહારને ઉત્પન્ન કરતો તો ત્રણ કાળમાં નથી. માણસો એમ કહે છે ને બાહુબળે અમે પૈસા ભેગા કર્યા. બાપા પાસે નહોતા અને મેં ભેગા કર્યા. પરણ્યા અને પહટ્યા આપણી ભાષા છે કાઠિયાવાડમાં. એય..! ફૂલચંદભાઈ! તમારા બાપ તો મૂકી ગયા હતા. પણ કોકને એવું હોય છે. પછી મોટા થયા ને બધું કર્યું. બાવળ શું કહેવાય આ? બાહુબળે પરણ્યા, બાહુબળે પહટ્યા. પહટ્યા એટલે આ .. એમ. મૂર્ખાની ભાષા પણ ભારે ભાઈ! બાહુબળે પરણ્યા, બાહુબળે પહટ્યા અને બાહુબળે વધ્યા છીએ બાપુ! ધૂળમાંય વધ્યા નથી સાંભળને હવે. એય..! રતિભાઈ! નથી કહેતા આપણે કહે ને પરણ્યા, પહટ્યા. આ પહટ્યા એટલે શું? કીધું આ શું? બધું માન્યું. બાપ પાસે કાંઈ નહોતું લ્યો. તારી પાસે નહોતું. આ બધું તારી પાસે નહોતું અને એની પાસે નહોતું. આહા..હા..! તારી પાસે જે લક્ષ્મી છે એ તારા બાપ પાસે હતી આત્મા પાસે અને એના બાપ પાસે હતી એ તારા પાસે છે લે ને. આહા..હા..! એની કોઈ ખબર ન મળે. અનંત કેવળજ્ઞાનનો ધણી એ ભિખારી થઈને ફરે. એક વિકલ્પ આવે એ પુણ્યનું પરિણામ તે.. આહા..હા..! શું થયું તને આ? કહે છે એવો ભગવાન કેવળજ્ઞાન પામતા કર્મોને છેદી નાખ્યા. વસ્તુનું ભાન થઈને કેવળજ્ઞાન પામ્યા.

'**ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને યુગપદ્ જાણતો હોવા છતાં...**' લ્યો! એક સમયમાં ભગવાન જાણે બધું. ત્રણ કાળ ત્રણ લોકને જાણતા છતાં '**મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી,...**' રાગરૂપે કે પરપદાર્થપણે થતો નથી. '**તેથી હવે જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે...**' તે જાણવાની ક્રિયાનો એટલો વિસ્તાર થયો કે લોકાલોક જ્ઞાન એમાં બધું આવી ગયું. ઓહો..હો..! '**સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે...**' લોકાલોક જગતનો પદાર્થ તેનું જ્ઞાન પી ગયો અંદર. બધું જ્ઞાન આવી ગયું. એટલી એની શક્તિ આત્માની

છે. એક સમયમાં લોકાલોક પી ગયો.

'એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.' લ્યો! જ્ઞાન દરેકને પર્યાય પર્યાય ભિન્ન-ભિન્ન જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ સમયની આ પર્યાય, આ સમયનો આ દોષ, આ સમયનો આ ગુણ, આ સમયે આ મુક્તિ અને અપૃથક્ બધું એકરૂપ સામાન્ય એ બધાને જાણીને મુક્ત રહે છે. લ્યો એવો પરમાત્મા. એ શું કહ્યું આ? કે આત્માનું સ્વરૂપ જે શુદ્ધ ચિદાનંદ પૂર્ણાનંદ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને સમ્યગ્દર્શન જ્ઞાન પ્રાપ્ત કરીને પછી શુદ્ધ ઉપયોગની રમણતા સામ્યભાવ ચારિત્ર પ્રગટ કરીને એના ફળ તરીકે આવું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ એના ફળના વખાણ કર્યા છે આ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એવી અનંતી કેવળજ્ઞાનની લક્ષ્મીનો ભંડાર. એવા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની અંતર અનુભવની પ્રતીતિ કરી, એનું જ્ઞાન કરીને પછી એમાં સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર શુદ્ધ ઉપયોગ કરીને તેના ફળ તરીકે આવી દશા પ્રાપ્ત થાય છે. એવા તેના ફળની આ રીતે પ્રશંસા કરી છે. શુદ્ધ ઉપયોગના ફળ તરીકે બતાવવા માટે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી સમયસાર, ગાથા-૪૧૨,
પ્રવચન નં. ૪૮૪, તા. ૧૧-૦૨-૧૯૬૮
(૨૩)

૪૧૨ ગાથા. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. શ્લોક ફરીને લઈએ.

मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।
तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।

પર્યાયનું ધ્યાન ... કહ્યું છે. નિહાલભાઈમાં આવે છે ને કે પર્યાય મારું ધ્યાન કરે, હું શું ધ્યાન કરું? તો અહીં તો પર્યાયમાં ધ્યાન કર એમ કહે છે. એનાથી વિરુદ્ધ છે આ. પર્યાયનું ધ્યાન કર એમ કહે છે અહીં. અહીં પાઠ એવો છે, જુઓ! જુઓ! શબ્દ આવે છે ને.

તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.

ધ્યા-પંથને ધ્યા હોં પર્યાયને.

શું કહે છે? કથનની પદ્ધતિ જુદી જુદી જાતની છે. સમજવી જોઈએ ને એણે? એય..! ...ભાઈ!

'**ટીકા :- (હે ભવ્ય!) પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને...**' પહેલી ભૂલ બતાવે છે. એ પાઠમાં નથી. એમાંથી કાઢીને પહેલી ભૂલ બતાવે છે. '**અનાદિ સંસારથી માંડીને...**' જોયું! નિગોદથી માંડીને. અનાદિથી '**પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી...**' આ શબ્દ છે અહીં તો. પોતાની શ્રદ્ધા ને જ્ઞાનના પોતાના દોષથી. કર્મને કારણે છે એમ કાંઈ નથી. એ તો પરચીજ છે. અનાદિ સંસારથી પોતાનો આનંદ જ્ઞાનસ્વરૂપ છે તેને ભૂલી '**પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી...**' .. જ્ઞાનમાં આત્મા આવવો જોઈએ, વસ્તુ સ્વરૂપ એમ ન આવતાં બુદ્ધિમાં રાગ-દ્વેષના સ્વરૂપ વિકારી પરિણામ આવવાથી એ પોતાનો અપરાધ થયો એ. પરવસ્તુની અહીં વાત નથી. પોતાના '**દોષથી પરદ્રવ્યમાં-રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...**' પરદ્રવ્યની પાછી વ્યાખ્યા. સમજાણું કાંઈ? '**आसंसारात्परद्रव्ये रागद्वेषादौ नित्यमेव**' પોતાનો આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ સ્વરૂપ એને ભૂલી પોતાની બુદ્ધિના દોષથી. કહો હવે, આમાં તો કર્મનું નિમિત્ત છે કે કર્મનું નિમિત્ત એ યાદ કર્યું નથી.

શ્રોતા :- બીજા શાસ્ત્રમાં (કહ્યું હોય).

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કરે. અહીં તો શું કામ છે તારે? તું પોતે તને ભૂલીને અપરાધ કરે છો, બસ! એ વાત છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ, ચિદાનંદ ધ્રુવ એને ભૂલીને તારી બુદ્ધિના દોષે પરદ્રવ્ય નામ પોતાના સ્વદ્રવ્યમાં ન રહેતા પરદ્રવ્યમાં એટલે? એમ. '**परद्रव्ये रागद्वेषादौ नित्यमेव**' એમ શબ્દ છે ને? રાગદ્વેષાદિ એ જ પરદ્રવ્ય છે ખરેખર. ભગવાન આત્મા ચૈતન્ય આનંદમાં સ્વદ્રવ્યમાં ન રહેતા, અંતરમાં ન રહેતા પુણ્ય અને પાપ... જુઓ અહીં ભાષા! રાગ અને દ્વેષ, શુભ અને અશુભ વિકાર એમાં '**निरंतर स्थित रहेलो होवा छतां...**' રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એમાં નિરંતર. નિરંતર. એક સમય પણ આંતરો એણે પડવા દીધો નથી. રાગ અને દ્વેષ, શુભ અને અશુભ. અશુભ ન હોય તો શુભ, શુભ ન હોય તો અશુભ. એવા રાગ-દ્વેષના પરિણામમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં. આત્મા તે વિકારમાં સ્થિત રહેલો હોવા છતાં. પોતાના સ્વરૂપમાં સ્થિત ન રહેતા, રાગ અને દ્વેષ અને વિકારમાં સ્થિત ટકતો હોવા છતાં. એટલે કહે છે કે આવું હોય છે. સમજાણું કાંઈ? પાઠ હવે આવશે. આ તો ઉપરથી કાઢ્યું પહેલું.

પહેલા એમ કીધું ને '**अप्पाणं ठवेहि**'-સ્થાપ. આત્માને મોક્ષમાર્ગ એટલે કે શ્રદ્ધા શુદ્ધ આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા. એમાં આત્માને સ્થાપ. એમ કહ્યું એટલે એમાથી કાઢ્યું કે અનાદિથી પરમાં સ્થપાયેલો છે. કહો, સમજાય છે કાંઈ? આમાં સ્થાપ એમ કહેતા કે આત્માને શુદ્ધ ચિદાનંદ મૂર્તિ પરમાત્મ સ્વરૂપ પોતાનું છે એની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ. જુઓ! ત્રણ નિશ્ચયરત્નત્રય લીધા છે. એ નિશ્ચયરત્નત્રય જે સ્વરૂપ પરિણામ એમાં સ્થપાયેલો નથી, એથી સ્થપાયેલો છે-રહેલો (છે) રાગદ્વેષના પરિણામમાં. સમજાણું કાંઈ? અહીં તો કર્મથી (થાય એમ) નથી. ઓલા કહે કે જ્ઞાનાવરણીય... મોહનીય કર્મને લઈને રાગદ્વેષ કર્મથી (થાય એમ) થાય, મોહનીય કર્મને લઈને મિથ્યાત્વ થાય. અહીં તો કહે છે, પોતાના બુદ્ધિના દોષથી.

શ્રોતા :- બીજી ગાથામાં હોય.

ઉત્તર :- બીજી ગાથામાં કહ્યું હોય તો કાંઈ આ ખોટું કરીને કહ્યું હોય? બીજી ગાથામાં રાગદ્વેષ છે ત્યાં નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવ્યું હોય. 'अपने को आप भूल के हैरान हो गया.' પોતે પોતાને ભૂલીને હેરાન થઈ ગયો છે.

શ્રોતા :- કો'ક ભૂલવનાર જોઈએ.

ઉત્તર :- કોણ ભૂલવનાર જોવે? તું નો તું ભૂલનાર અને તું નો તું ભૂલને ભાંગનાર. તું નો તું ભૂલનાર અને તુંનો તું ભૂલને ભાંગનાર. ભગવાનજીભાઈ! આહાહા..! આડી આંખ કરે એ પોતે અને આડી છોડીને સવળી કરે એ પોતે. આંખ આડી કરી છે એમ કહે છે

આ દોષબુદ્ધિ એટલે.

જે જ્ઞાનની વર્તમાન બુદ્ધિએ આત્માને લક્ષમાં લઈ, દૃષ્ટિમાં લઈ અને એમાં સ્થિર થવું જોઈએ, એને ઠેકાણે તે બુદ્ધિએ રાગ-દ્વેષમાં સ્થિર થયો છે એ એનો પોતાનો સ્વયં નિરંતર અપરાધ છે. સમજાય છે કાંઈ? '**रागद्वेषादि...**' આદિ શબ્દ છે ને? હરખ, શોક, રતિ, અરતિ એવી જે કલ્પનાઓ એમાં નિરંતર-એક સમય પણ એણે તેમાંથી સ્થિરપણું છોડ્યું નથી. પરદ્રવ્યમાં નહિ, પરવસ્તુમાં નહિ, પરદ્રવ્યને લઈને નહિ. પરદ્રવ્યમાં સ્થિત છે? અહીં તો પરદ્રવ્યની વ્યાખ્યા જ આ કરી.

ભગવાન આત્મા ચિદ્‌ઘન છે, આનંદમૂર્તિ આત્મા છે. એનાથી પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ-દ્વેષ એ સ્વદ્રવ્ય નહિ. એ પરદ્રવ્ય છે. એ તો પહેલું આવી ગયું છે. મોક્ષનો માર્ગ એ સ્વદ્રવ્ય છે અને વિકાર છે એ પરદ્રવ્ય છે. એ લઈને ચાલ્યા આવ્યા છે. સમજાણું કાંઈ? નિજઘરને જોયા વિના, નિજઘરમાં ઠર્યા વિના જેના ઘરમાં ચીજ નથી, એવો જે પુણ્ય-પાપ ને રાગ-દ્વેષનો વિકલ્પ છે એમાં નિરંતર સ્થપાયેલો છે. એમ પહેલું સિદ્ધ કર્યું.

ત્યારે એને કહે છે કે હવે ગુલાંટ ખા અને આત્માને શાંતિમાં સ્થાપ. એટલે કે નિશ્ચયરત્નત્રય એવો જે મોક્ષનો માર્ગ એમાં સ્થાપ. એટલે કે એનો અર્થ કે શુદ્ધ પરમાત્મતત્ત્વ છો તેની તરફ બુદ્ધિને વાળ, એમાં વળતા સ્વરૂપનું પરિણમન શુદ્ધ થશે એમાં આત્માને સ્થાપ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ છે! છતાં રાડે રાડ પાડે. એ.. અમને કર્મ નડે. કાં કો'ક કહે પરમેશ્વર અમને રખડાવે, કો'ક કહે, કાંઈક રખડાવે. ભૂલ કરે પોતે અને નાખે કો'ક માથે. હવે એ ભૂલ કે દી ટાળે? એથી તારી ભૂલ છે એમ પહેલું નક્કી કર. કે તું જ આમ આત્મામાં અંતર સ્વરૂપમાં ન ઠરતાં કૃત્રિમ પુણ્ય-પાપના વિકાર આદિ, શોક આદિ રતિ-અરતિમાં તેં તારા આત્માને ઊંધા પૂરુષાર્થથી સ્થાપ્યો છે, સ્થાપ્યો છે. એટલે કે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષ પરિણામ તેં ઊભા કરીને અને તેમાં સ્થિર થયો અનાદિથી છે. લ્યો, એમાં કોઈ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, કીડી, કાગડામાં ત્યાં કર્મનું જોર હતું ને સ્થાપ્યો છે એમ નથી.

શ્રોતા :- ...

ઉત્તર :- બધું આવી ગયું. કીડી, કાગડામાં રહ્યો તો પણ તું તારા સ્વરૂપને ભૂલીને વિકારમાં સ્થિત રહેવાથી રહ્યો છો. એમ છે. સમજાણું કાંઈ?

બહારની ભૂલવણી.. ભૂલભૂલવણી હોય છે ને? વડોદરામાં નથી? બહાર છે ઓલી મહેંદીની ભૂલભૂલામણી. વડોદરામાં બહાર બાગમાં છે એક. જોઈ હતી (સંવત) ૧૯૬૩ની સાલમાં. એક છે ને બહાર? ભૂલભૂલામણી નહિ મેથીની? મેથી શું કહેવાય? મહેંદીની. ક્યાં ગરવું ખબર ન પડે. કીધું, એક માણસ ઊભો હતો લે ભાઈ બે આના પણ તું હવે મને (બહાર કાઢ). ૬૩ની વાત છે ને. કેસ ચાલતો હતો અમારો અફીણનો. પછી નવરા હોય ત્યારે

જોવા જઈએ. મોટી છે બાગમાં. ક્યાંથી ગરવું? ઓલો માણસ કહે, મને ખબર છે અહીંથી જાવ, અહીંથી નીકળાય. ઘણા માણસ સાથે હતા ને. ઘણા માણસો. ૬૩ની વાત છે. ૬૧ વર્ષ પહેલાની વાત છે. એ ભૂલભૂલવણીમાં પણ ઓલો દેખાડનારો દેખે ત્યારે નીકળે એના ખ્યાલમાં આવે ત્યારે. એમ કહે છે. ખ્યાલમાં આવે એમ મેં કહ્યું છે ને. દેખાડનારે કહ્યું ત્યારે એના ખ્યાલમાં આવે કે ઠીક, અહીંથી આમ એવી ગોઠવણી હોય મહેંદીની. આમથી આમ ક્યાં નીકળવું એ સૂઝે નહિ. આમ જગ્યા, વળી આમ નીકળે, વળી આમ નીકળે, ક્યાંય નીકળવાનો રસ્તો નહિ. એવી ગોઠવણી કરી છે મહેંદીની. આખો બાગ મોટો. આ ૬૩ની વાત છે. અત્યારે હશે? કોણ જાણે આપણે ક્યાં જોવા ગયા હતા.

કહે છે, ભાઈ! આંટીઘૂંટી તેં ઊભી કરી છે. લ્યો હવે. સમજાણું કાંઈ? ચિદાનંદ ભગવાન ધ્રુવ ચૈતન્ય આનંદમૂર્તિ છે એની પર્યાય એટલે વર્તમાન અવસ્થામાં તે આંટીઘૂંટી કર્તા(બુદ્ધિ) અને રાગ-દ્વેષ અને વિકાર ને મિથ્યાત્વ ઊભો કર્યો છે. અહીં તો રાગ-દ્વેષાદિમાં એટલે એ મિથ્યાત્વમાં પણ તું ઠર્યો છો. એમ કહે છે ને ભેગું? એ પુણ્ય-પાપના ભાવ, રાગ-દ્વેષના ભાવ તેટલો હું, તેમાં હું એ જ મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવમાં તેં તારા આત્માને સ્થાપ્યો છે. સમજાણું કાંઈ? પરવસ્તુને કાંઈ નહિ. પરવસ્તુ નજર છે ક્યાં? જેની દશામાં કાંઈ વિકાર થાય તો એમાં ઠરે. પરમાં ક્યાં ઠરવું? પર તો અડતો પણ નથી. પરથી તો ભિન્ન તદ્ન છે. સમજાણું કાંઈ?

તારા '**(-બુદ્ધિના) દોષથી...**' જુઓ! અહીં તો પ્રજ્ઞાનો દોષ લીધો. ભાઈ! ઓલો મિથ્યાશ્રદ્ધાનો દોષ ન લીધો. એય..! જ્ઞાનથી વાત કરી. જ્ઞાનમાં આમ તેં ન જ્ઞેય કર્યું અને આમ જ્ઞેય કર્યું એમ કહે છે. ભગવાન આત્મા ચિદ્ઘન આનંદકંદ છે. એની વર્તમાન જ્ઞાનની અવસ્થા, પર્યાય વર્તમાન અવસ્થા પ્રગટ. એણે સ્વજ્ઞેયને ન કરતાં પરજ્ઞેયમાં તેં કર્યું એ તારો દોષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ '**પ્રજ્ઞાના દોષથી...**' દોષ એ તારો છે. શ્રીમદ્ ન કહ્યું? તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું. લ્યો, આટલો એક શબ્દ છે. આ બધા કર્મગ્રંથ વાંચી વાંચીને કાઢ્યું. આમાં એક સમાઈ જાય છે. ભાઈએ લખ્યું નથી હમણા? પંડિત. ઉપાદાન પોતાથી કામ કરે છે. નિમિત્ત અકિંચિત્કર છે. ટૂંકામાં લખ્યું છે ટૂંકામાં. જોઈને ચોપડી? ભાઈ! નવરંગભાઈ! વાંચીને? નથી આપી? આ ચોપડી નથી આવી? આપી છે? આ. આ. ભૂલી ગયા. એટલું પણ ભૂલી જાય છે. આમાં પણ ત્રણ ભૂલ નાખી છે થોડી. આઠ પાનામાં. પણ સાધારણને સમજાય એવી નથી. એ તો પહેલા એ બોલતા કે બે મિનિટની તમારી વાતું છે બધી. ક્રમબદ્ધ, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર આટલા આટલા લાખોના હજારોના ખર્ચ ને પંડિતો ભેગા મોટા ઉપાધિ શું કરો છો આ તમે? બે મિનિટનું કામ છે. નિયત વસ્તુ છે સ્વતંત્ર થાય છે એ સ્વતંત્ર છે. પોતે ઉપાદાનથી કામ કરે ત્યારે પરચીજ એને કાંઈ કામ કરતી નથી. અને ભગવાન આત્મા પોતાનો

આશ્રય ન લેતા પરનો આશ્રય લે તો દોષ છે અને સ્વનો આશ્રય લેતાં ધર્મ થાય છે. લ્યો, ટૂંકી વાત છે આ. એક મિનિટ ન થઈ આ ત્રણમાં. રતિભાઈ! વાંચી છે ને તમે? નથી વાંચી. છે?

શ્રોતા :- ...

ઉત્તર :- હા, એમ છે લ્યો. પૈસા રાખવામાં ઝટ લેતા આવડે છે. આમાં મદદ નહિ પડે? આ તો સાધારણ ભાષા છે. આમાં કાંઈ બીજું નથી. હિન્દી છે. કહો, સમજાય છે આમાં?

ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એને સ્વલક્ષ ન કરતાં જ્ઞાનની વર્તમાન બુદ્ધિ અને ઉઘાડ વિકાસ છે, એને આમ સ્વ વસ્તુનું લક્ષ ન કરતાં અનાદિથી પરના લક્ષે જે વિકાર થયો તેમાં એ ઠરેલો છે. એ તારી પોતાની ભૂલ છે. બીજાની કોઈની ભૂલ નથી. અને ભૂલ વિનાનો નથી, ભૂલ કરાવી નથી અને ભૂલ તેં પોતે જાતે ઊભી કરી છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભૂલ વિનાનો હોય આનંદ લાવ. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. શાશ્વત આનંદકંદ છે. જો ભૂલ ન હોય તો આનંદનો સ્વાદ આવવો જોઈએ. સમજાય છે કાંઈ? આનંદનું વેદન હોવું જોઈએ. અહીં અનુભવ કહેશે ને હમણાં? માટે ભૂલ તારામાં છે. એ કરેલી તેં છે. તારા બુદ્ધિના દોષથી પરદ્રવ્યમાં એટલે... એમ.

'**રાગદ્વેષાદિમાં નિરંતર...**' એક સેકન્ડનો અસંખ્યમો ભાગ પણ તેં રાગ-દ્વેષમાં સ્થિરપણું કોઈ દી છોડ્યું નથી. સ્થિર... સ્થિર... સ્થિર... રાગ... રાગ... રાગ... રાગ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ.. એવો '**રહેલો હોવા છતાં,...**' એમ કહે છે. આવી દશામાં ભૂલ હોવા છતાં '**પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...**' હવે ગુંલાટ ખાય છે જુઓ! ઓલા પોતાના પ્રજ્ઞાના દોષથી હતું, અહીં પોતાની પ્રજ્ઞાના ગુણ વડે. ગુણ નામ અવસ્થા-દશા. પોતાની જ્ઞાનની દશાને અંતર વાળતા એ પોતાની પ્રજ્ઞાનો ગુણ થયો. પ્રજ્ઞા નામ જ્ઞાનની જે અવસ્થા. પ્રજ્ઞાછીણી કીધી છે ને? જ્ઞાનની જે વર્તમાન અવસ્થા એને અંતરમાં વાળતા એ પ્રજ્ઞાનો ગુણ થયો કે જે દશાએ દશાવાનને લક્ષમાં લીધો. સમજાણું કાંઈ?

અહીં શું કહે છે? કે આવો હોવા છતાં. એમ. વિકારમાં થયેલો હોવા છતાં વાળી શકાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો એમ કહ્યું ને? '**મોક્ખપહે અપ્પાણં ઠવેહિ**' ભાઈ! તું સ્થાપ એમ કીધું છે. એમાં એમ કહ્યું છે કે તું એ આત્મામાં નહિ ઠરી શકે, તને કર્મનું જોર છે, કાળ હજી પાક્યો નથી એમ છે કાંઈ એમાં? સમજાણું કાંઈ? તારે હજી અનંતા ભવ ભગવાને દીઠા હશે માટે નહિ ઠરી શકે, એમ કીધું છે? એમ જ છે. ભગવાને દીઠું છે કોને? કે જેના જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપ ભાસ્યું નથી તેને અનંતા ભવ હોય છે. સર્વજ્ઞપણું ભાસ્યું નથી, સર્વજ્ઞ છે, ત્રણ લોકના નાથ કેવળજ્ઞાની પરમાત્મા છે. એવું જેને જ્ઞાનની પર્યાયમાં આ સર્વજ્ઞ આત્મદ્રવ્ય છે એવું ભાસ્યું નથી. એનો આત્મા રાગ-દ્વેષ અને મિથ્યાત્વમાં સ્થિર છે એને અનંત સંસાર છે.

અહીં કહે છે કે ગુલાંટ ખા. અમે કહીએ છીએ, કેવળી કહે છે અને સંતો મુનિઓ કહે છે. ભગવાન આત્મા એને તારા '**પ્રજ્ઞાના ગુણ વડે જ...**' પાછું ગુણ વડે જ. એમ. કોઈ કર્મનું નિમિત્ત ખસે.. સમજાય છે? કે ગુરુ એને મળ્યા માટે પ્રજ્ઞા વડે અંદર વળે છે એમ નહિ. જ એક જ વાત લીધી છે. સાંભળવાનું મળ્યું માટે એ વડે અંદરમાં વળે છે એમ નથી. ચંદુભાઈ! પોતાની પ્રજ્ઞા-જ્ઞાનની વર્તમાન જે દશા છે એ ભગવાન અખંડાનંદ પ્રભુ છે એના તરફ તું વાળ. એ તારા પ્રજ્ઞાની પર્યાયનો ગુણ કહેવાય, એ પ્રજ્ઞાનો ગુણ કહેવાય. પ્રજ્ઞાનો દોષ રાગમાં વાળ એ પ્રજ્ઞાનો દોષ. એ પ્રજ્ઞાને અંતરમાં વાળ એ પ્રજ્ઞાનો ગુણ. ભારે વાત! સમજાણું કાંઈ?

'**પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...**' લ્યો, પર્યાય પોતાની છે એમ કહે છે. એ પર્યાય પોતાની છે, ચંદુભાઈ! પોતે દ્રવ્ય છે એકલું અને પર્યાય નથી ને એ ક્યાંથી પાછું આવ્યું? કહો, સમજાણું કાંઈ? એ તો ધ્રુવની અપેક્ષાએ વાત. પણ આ પર્યાય એની છે એવી જે '**પ્રજ્ઞાના ગુણ વડે જ...**' ગુણ વડે જ. નવરંગભાઈ! '**તેમાંથી...**' તેમાંથી એટલે? રાગ અને દ્વેષના મલિન પરિણામમાં સ્થિર થયો તેમાંથી '**પાછો વાળીને...**' તારા આત્માને ત્યાં સ્થાપ્યો છે રાગ-દ્વેષમાં, એમાંથી પ્રજ્ઞા વડે પાછો વાળીને. પ્રજ્ઞા વડે પાછો વાળીને. '**પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વાળીને...**' એમ લીધું છે. ભારે ભાઈ ધર્મની કળા અને ધર્મનું જ્ઞાન! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સમરસી પ્રભુ છે. આત્મા તો શાંત અને અવિકારી આનંદના રસરૂપ આત્મા છે. આ વિકૃત અવસ્થા તો વર્તમાન ક્ષણિક, અનિત્ય ઉપાધિના મેલ પરિણામ છે એમાં તું સ્થિર થયો અને પડ્યો છો તારા દોષથી. પાછો વાળ. એ જ્ઞાનની પ્રજ્ઞાનો ગુણ એટલે અંતરમાં વાળ એ પ્રજ્ઞાનો ગુણ છે.

'**પ્રજ્ઞાના ગુણ વડે જ...**' કહો, અહીં શ્રદ્ધા વડે એમ નથી લીધું. જ્ઞાનપ્રધાનથી વાત લીધી છે. કારણ કે શ્રદ્ધા જાણતી નથી અને આ આમ સ્થિર છે તો આમ કર એ જાણે છે એ જ્ઞાનની પર્યાય દ્વારા પાછો વાળ એમ કીધું છે. નવરંગભાઈ! આહાહા..!

'**પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ...**' એક પ્રશ્ન આવે છે અંદર. ભાઈ! શ્રદ્ધા કરવું? જ્ઞાન કરવું? ભાઈ! શ્રદ્ધાથી કરવું અને જ્ઞાનથી કરવું. પણ શ્રદ્ધાથી થાય તો આમ થાય. પણ અહીં તો પ્રજ્ઞાથી જ એકલી વાત લીધી છે. કારણ કે એ વડે જણાય છે. શ્રદ્ધા જાણતી નથી સ્વને, શ્રદ્ધા જાણતી નથી સ્વને, શ્રદ્ધા જાણતી નથી પરને. સમજાય છે? શ્રદ્ધા જાણતી નથી રાગ-દ્વેષને. જ્ઞાનની દશા છે એ આમ જ્ઞેય તરીકે જે જાણવાનો એનો સ્વભાવ છે એટલે એને જાણીને રોકાય છે એ જ્ઞાનની અવસ્થાને અંતરમાં વાળ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેમાંથી...**' તેમાંથી એટલે વિકારમાં સ્થિત છે, એની દૃષ્ટિ ત્યાં છે તેમાંથી '**પાછો વાળીને...**' આવો હોવા છતાં, રહેલો હોવા છતાં ત્યાંથી પાછો વાળીને. સમજાણું કાંઈ?

'**તેને અતિ નિશ્ચળપણે...**' જુઓ! ઓલામાં સાધારણ નિરંતર સ્થિત હતો એટલી વાત. આ તો અતિ નિશ્ચળપણે. ભગવાન આત્માને વર્તમાન જ્ઞાનની દશા દ્વારા. વડે કહો કે દ્વારા કહો. જ્ઞાન દ્વારા અંતરમાં અતિ નિશ્ચળપણે-ચળે નહિ એ રીતે અને અંતરમાં ઠરે એ રીતે '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં...**' સમ્યગ્દર્શન, જે પૂર્ણ સ્વરૂપ પરમાત્મા એની શ્રદ્ધા, એ પૂર્ણ સ્વરૂપ ભગવાન એનું જે જ્ઞાન અને એના સ્વરૂપનું ચારિત્ર. આ ત્રણેય નિશ્ચયરત્નત્રય છે. સમજાય છે કાંઈ? નિશ્ચય એટલે સાચા ત્રણ છે. આમાં વ્યવહારની વાત નથી. પોતે પ્રાપ્ત કરીને વાત કરે છે. સમજાણું કાંઈ? આવે છે ને? ... નહિ? આત્મસાત કરી ને. શુદ્ધ ઉપયોગને આત્મસાત્ કરીને. પ્રવચનસારમાં આવે છે, ભાઈ! શુદ્ધ ઉપયોગને મુનિ આચાર્ય પોતે આત્મસાત્ કરીને, આત્મારૂપ કરીને. આ જે નિશ્ચયરત્નત્રય છે એને કુંદકુંદાચાર્ય પોતાને આત્મસાત્ કરીને, આત્મરૂપ કરીને પરિણમે છે. ક્યાંક છે. કેટલામા છે? ક્યાં હશે? પહેલામાં હશે? આ તો ઓલા કહે છે કે નથી આ ક્યાંય. ૧૩મી ગાથાનો ઉપોદઘાત છે, ભાઈ!

ઉપોદઘાતમાં મુખ્ય વાત મૂકી છે, જુઓ! '**एवमयमपास्तसमस्तशुभाशुभोपयोगवृत्तिः शुद्धोपयोगवृत्तिमात्मसात्कुर्वाणः शुद्धोपयोगाधिकारमारभते।** ' કુંદકુંદાચાર્ય મહારાજ પોતે જુઓ! '**શુદ્ધોપયોગવૃત્તિને આત્મસાત્ (આત્મરૂપ, પોતારૂપ) કરતા થકા શુદ્ધોપયોગ-અધિકાર શરૂ કરે છે.**' કહો, આવી છે વાત. ઓલા કહે, શુદ્ધોપયોગ અત્યારે હોય નહિ, મુનિને શુદ્ધોપયોગ હોય નહિ. આચાર્ય કહે છે, શુદ્ધોપયોગ આત્મસાત્ કરીને હું વાત કરું છું. શું કરે છે જીવ? પોતાની વાત રાખવા સિદ્ધાંતને મરડી નાખે છે, લ્યો! આ તો પાઠ અમૃતચંદ્રાચાર્યનો છે ને. '**शुद्धोपयोगवृत्तिमात्मसात्कुर्वाणः**' '**कुर्वाणः**' નામ '**કરતા થકા...**' '**शुद्धोपयोगाधिकारमारभते।**' '**શુદ્ધોપયોગ અધિકાર શરૂ કરે છે.**' એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો! મુનિ પોતે એ અહીં વાત કરે છે. એની એ વાત છે અહીં.

'**નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...**' શુદ્ધોપયોગ નિશ્ચયરત્નત્રય. ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા-ચારિત્ર એ ત્રણ જે નિશ્ચયરત્નત્રય જે શુદ્ધ ઉપયોગરૂપ છે એમાં સ્થિર થા. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો શાસ્ત્રના અર્થો કરવામાં સરખાઈ નથી લાગતી એને. ઊંધુ કાઢે ત્યારે એને ઠીક લાગે. હવે એ અંદરમાં કેમ જાય?

ભગવાન આત્મા મહાપ્રભુ છે, ચૈતન્ય પ્રભુ છે. અનંત ગુણનો સ્વભાવ સાગર છે. એવો ભગવાન પોતે આત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપ. નિરંતર સ્થાપ. એટલે કે અંતર સ્વરૂપમાં દૃષ્ટિ, એનું જ્ઞાન અને લીનતા નિરંતર રહે. વ્યવહારનો વિકલ્પ એનું કોઈ સાધન-ફાધન છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એનો અર્થ એ કે જે જ્ઞાનપર્યાય રાગ-પુણ્ય-પાપમાં રોકાયેલી છે... સ્થાપીને એમ કીધું ને? નિરંતર સ્થાપીને. એને જ્ઞાનની અવસ્થાને, વર્તમાન દશાને અંતરમાં વાળ. એનો અર્થ થયો કે શુદ્ધ ભગવાન પૂર્ણ છે,

એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એની રમણતા-ચારિત્ર એ નિશ્ચયરત્નત્રયમાં આત્માને સ્થાપ. એટલે તે રૂપે પરિણમ. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ અને પુણ્ય-પાપરૂપે પરિણમે છે, થાય છે, થાય છે, થાય છે. થયેલો છે, થાય છે, સ્થાપેલો છે. એને શુદ્ધ રત્નત્રયપણે પરિણમ. સમજાય છે કાંઈ?

'**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...** ' પર્યાયમાં સ્થાપ એમ છે. એય..! નવરંગભાઈ! જુઓ! એય..! ચંદુભાઈ! અહીં તો... એનો અર્થ કે જે પર્યાયનું પરિણમન વિકારરૂપે પરિણમે છે એને તું સ્વસન્મુખ થઈને નિર્વિકારરૂપ પરિણમ. સમજાણું કાંઈ? કેટલી વાત કરી છે, જુઓને! એમાં ક્યાંય દોષમાં કે ગુણમાં પરની અપેક્ષાનું લક્ષ છે એ ક્યાંય રાખ્યું નથી. દોષમાં પરનું કારણ છે જરીએ. ત્યારે ઓલા કહે, નહિ. ભાવકર્મમાં નિમિત્તનું દ્રવ્ય (કર્મ) કારણ છે, સિદ્ધને નથી અને આને છે એમ માને. પણ માનવાનો અર્થ શું? સાંભળને હવે. અરે.. ભગવાન! શું કરે છે તું આ? એ પાછું એમ કહે કે વ્યવહારની દૃષ્ટિનો દૃષ્ટિકોણ ટોડરમલજીને ગમે તે રહેલો હોય, પણ આ માટે તો સંસારી વિકારી આત્માને દ્રવ્યકર્મનું નિમિત્ત કારણ છે એ વાત એની બરાબર છે. પણ નિમિત્તકારણ ક્યારે કહેવાય? ખરું કારણ એ નથી. પોતે દોષ કરે છે ત્યારે કર્મને નિમિત્ત કારણ તરીકે કહેવામાં આવે છે. એટલે નિમિત્ત તરીકે કહેવામાં આવે એ વાત અહીં લીધી નથી. એનું કામ શું છે તારે? અહીં કરે ત્યારે કહેવાય છે એટલે પછી કામ શું છે તારે? એમ કહે છે. અને અહીં જ્યારે ગુણ કરે છે ત્યારે કર્મનો ઉઘાડ એની મેળાએ એમાં થાય છે. ત્યારે ઓલા કહે કે કર્મનો ઉઘાડ થાય તો આત્માને લાભ થાય. આમ લ્યો. અહીં તો એ કહે છે કે તું તારામાં સ્થાપ એટલે કર્મ એની મેળાએ ખસી જશે. એમ છે. ખસી જશે એ વાતેય લીધી નથી. અસ્તિની એકલી લીધી છે. શું કરે?

પરદ્રવ્યની સાથે કામ તારે શું છે? એ એનામાં પરિણમી, બદલી રહ્યા છે. તું તારામાં બદલ. બસ! બીજું કાંઈ છે નહિ. જેમ છે એમ છે. સમજાણું કાંઈ? 'શાસ્ત્રે વાદ ભયં' શાસ્ત્રમાં આવે કે વાદના ભય.. આ.. આ... આ... સાંભળને બાપા! ભય કેવો? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે, નિર્ભય સ્વભાવનો પિંડ છે એ તો. સમજાણું કાંઈ? એમાં તારા પ્રજ્ઞાની દશા-ગુણને વાળ. વાળીને નિરંતર. પહેલું નિશ્ચળ લીધું, પછી નિરંતર લીધું. ચળે નહિ એ રીતે વસ્તુના સ્વભાવની શ્રદ્ધા, વસ્તુના સ્વભાવનું જ્ઞાન, વસ્તુના સ્વભાવનું ચારિત્ર. એમાં સ્થાપ, નિરંતર રહે, એમાં રહે. એ તારો શુદ્ધ ઉપયોગનું નિશ્ચયરત્નત્રય પરિણમન એ તને મોક્ષનું કારણ છે. પૂર્ણાનંદની પ્રાપ્તિનું આ કારણ છે. સમજાણું કાંઈ?

એક વાત કરી. મોક્ષપંથમાં આત્માને સ્થાપ. એક શબ્દનો અર્થ કર્યો. એક શબ્દનો અર્થ થયો. '**मोक्खपहे अप्पाणं ठवेहि**' એમ છે ને? મોક્ષના પંથમાં આત્માને સ્થાપ. એમ શબ્દ છે. એ જ શબ્દ અહીં કીધો નહિ? નિયમસાર ભક્તિમાં. સમજાણું કાંઈ? વળી કુદરતી નીકળી

ગયો અત્યારે. મેં કીધું ક્યાંક છે ખરું. ત્યાં એ નીકળ્યો. સમજાણું કાંઈ? એ બંધપંથમાં તેં સ્થાપેલો છે તે મોક્ષપંથમાં સ્થાપ. લ્યો, આ એની ભાષા ...ની. વિકારના પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ, ઓલો વ્યવહારરત્નત્રય શુભ છે, એમાં સ્થાપેલો છે તો એ તો અનંત વાર કર્યું છે. એમ કહ્યું નથી? નિયમસારમાં વ્યવહારરત્નત્રયને અનેક વાર ભાવ્યા છે નથી કર્યું? શ્લોક આવે છે પણ એ માને નહિ. વ્યવહારરત્નત્રય પણ અનંતવાર કરી ચૂક્યો છો. એ મિથ્યાત્વ ભાવના છોડી દે. એની ભાવના તો મિથ્યાત્વ છે. રાગ રાખું અને રાગ કરું એ મિથ્યાત્વભાવ છે. એણે સમકિતની ભાવના કોઈ દી ભાવી નથી. એકલો ભગવાન ચૈતન્ય પ્રભુ એના પૂર્ણાનંદની પ્રાપ્તિની પ્રતીતિ ને જ્ઞાન ને રમણતા એમાં સ્થાપ આત્માને. એનું પરિણમન કર, પરિણમન કર. સ્થાપનો અર્થ તે રૂપે થા. વિકારરૂપે થા છો, આ રૂપે થા એમ કહે છે. સમજાણું કાંઈ?

દ્રવ્યનું જ્યાં કથન હોય ત્યાં તો દ્રવ્યમાં પર્યાય પણ નથી એમ આવે. મોક્ષનો માર્ગ અને મોક્ષની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે એમ કહે છે. એય..! નવરંગભાઈ! ઉત્પાદ-વ્યય એ વ્યવહાર છે, મોક્ષમાર્ગ વ્યવહાર છે, મોક્ષ પોતે વ્યવહાર છે. ભંગ ભેદ અંશ છે એ વ્યવહાર છે. હવે વ્યવહારમાં સ્થાપ એમ કહે છે અહીં? એય..! વ્યવહાર હેય છે ને? વ્યવહાર તો હેય છે. તો અહીં કહે છે, મોક્ષમાર્ગ પર્યાય છે એ વ્યવહાર છે એમાં સ્થાપ, એમ કહે છે. એનો અર્થ-ઉત્પન્નની પર્યાય છે માટે એને વ્યવહાર કહ્યો. પણ એ ગ્રહણ કરવાયોગ્ય અને પ્રગટ કરવા લાયક તો એ છે. કાંઈ રાગ-દ્વેષ પ્રગટ કરવા લાયક નથી. એમ. સમજાણું કાંઈ? બરાબર ઈ આવ્યું આ તમે આવ્યા ને. તે દી ઓલી પર્યાયનું હતું તમારા રસ્તામાં નહિ? પર્યાયનો અનુભવ છે, દ્રવ્યનો અનુભવ નથી.

શ્રોતા :- આજે એ જ ...

ઉત્તર :- ક્યાં રસ્તામાં? તે દી કહેતા હતા તમે કે રસ્તામાં ઓલું હતું પર્યાયમાં... પર્યાય આત્મા, પર્યાય જ આત્મા છે એમ કહે છે. ત્યાં તો ૨૦મા બોલમાં તો. દ્રવ્ય આત્મા નહિ. મારા અનુભવમાં જે આવ્યું એ આત્મા. એમ.

શ્રોતા :- અનુભવ તો પર્યાયમાં જ થાય ને.

ઉત્તર :- એ આત્મા. હું એ જ છું. એ .. ભલે પડ્યું એક બાજુ. પર્યાયને લક્ષે થયેલું પણ છે એનું વેદન તો આ અનુભવ પર્યાયનો. તે શુદ્ધ પર્યાયની વાત છે ને ત્યાં? આહાહા..! શું પદ્ધતિ! શાસ્ત્રની કઈ શૈલી. વસ્તુ તો દ્રવ્ય છે તે જ આશ્રય છે. સમજાય છે? પણ અનુભવ તો પર્યાયનો આવે છે. એને કહે છે કે અનુભવમાં... અનુભવ પછી લેશે. આને સ્થાપ એમ પહેલું લીધું. સમજાણું કાંઈ? અનુભવ ત્રીજો બોલ આવશે આમાં. '**मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि**' '**तं चेव**' એ શબ્દ આવ્યો હવે. '**तथा...**' '**झाहि**' આવ્યું. '**झाहि**' આવ્યું.

'**तथा समस्त अन्य चिंताना निरोध वडे...**' ધ્યાનની વ્યાખ્યા કરીને? ધ્યાનનો અર્થ ચિંતા નિરોધો ધ્યાનં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એને '**समस्त अन्य चिंताना निरोध वडे...**' પાછું એકલી ચિંતાના નિરોધ વડે એમ નહિ. '**अत्यंत एकाग्र थईने...**' પાછું ધ્યેય લીધું છે દ્રવ્યસ્વભાવ શુદ્ધ ચૈતન્ય એક અગ્રને લક્ષમાં લઈને. એમ. સમજાણું કાંઈ? જુઓને! એક એક શબ્દે ક્યાંય અનેકાંતપણું છે એ છૂટતું નથી. ઓલા કહે, ચિંતા છોડી દ્યો, વિકલ્પ મૂકી દ્યો, વિકલ્પ છોડી દ્યો, વિકલ્પ છોડી દ્યો. પણ વિકલ્પ છોડે શેમાં? કોઈ ચીજ ઉપર દૃષ્ટિ દીધા વિના, એકતા થયા વિના રાગ છૂટે શી રીતે? કહો, સમજાય છે કાંઈ?

તેથી. અહીં નાસ્તિથી વાત લીધી. '**समस्त अन्य चिंताना निरोध वडे...**' એ તો કાઢ્યું છે. પાઠમાં તો '**झाहि**' એટલે જ શબ્દ છે. ધ્યાન કર. હવે ધ્યાન કર એ અસ્તિથી વાત લીધી છે. નાસ્તિથી એમ લીધું, કોઈ પણ ચિંતા વિકલ્પની જાળને છોડી દઈને '**चिंताना निरोध वडे...**' ચિંતાને અટકાવીને. નિરોધ વડે. ચિંતા છે એને નિરોધ-રોકું એમ છે એમાં? આ બાજુ સ્વરૂપમાં ઠરતાં, સ્વરૂપનું ધ્યાન કરતાં, એકાગ્ર થઈને ધ્યાન થતાં ચિંતાની ઉત્પત્તિ થતી નથી એ ચિંતાનો નિરોધ કહેવામાં આવે છે. અને ચિંતાનો નિરોધ એકલો નહિ. '**अत्यंत एकाग्र थईने...**' ઓલામાં એમ હતું ને? અતિ નિશ્ચળપણે રહીને. '**अत्यंत एकाग्र थईने...**' વસ્તુ ભગવાન આત્મા, એમાં અત્યંત એકાગ્ર થઈને. અત્યંત એકાગ્ર થઈને. અંતર વસ્તુ તરફ એકાગ્ર થઈને. એક અગ્ર-મુખ્ય વસ્તુને લક્ષમાં-દૃષ્ટિમાં લઈને '**दर्शन-ज्ञान-चारित्रने ज ध्या;...**' ચંદુભાઈ! ઠીક! ઉઘાડું કરી નાખ્યું. એમ કે મારે રસ્તામાં ચાલતું હતું આવું. આહાહા..! એમાં કુદરતી ત્યાં એ આ આવે છે સામી ગાથા આવી જુઓ! આ ૪૧૨મી આવી.

કહે છે, ભગવાન આત્મા છે વસ્તુ શિલા, ચૈતન્યશિલા. અરે..! ચૈતન્યભીંત કીધી છે ને? ચૈતન્યભીંત છે વસ્તુ. જેમ આ ટક ટક કરવા માટે સામે ચીજ હોય છે ને. શેના ઉપર ટક ટક કરવું? કોઈ ચીજ હોય તો ટક ટક થાય કે એના વિના? એમ આ ચૈતન્યભીંત ધ્રુવ. ભીંતનો અર્થ શું કર્યો? એક-બે અર્થ કર્યા હતા ને કાંઈક? ચૈતન્ય ભીંત. કેટલામું આવે છે એ?

શ્રોતા :- ચૈતન્યભીંતને વિપરીત થવા...

ઉત્તર :- વિપરીત થવા દેવી નહિ. એ વિપરીત થવાને મેલી, આ તો પહેલામાં ચૈતન્યભીંત શરૂઆતમાં આવે છે. પ્રવચનસાર પહેલા શરૂઆતમાં. ઓલી મેલી થવા ન દેવી એ તો મુનિને વિકલ્પથી. હા, ઈ છે. એ નહિ. આ તો એક પહેલામાં છે. ચૈતન્યભીંત. અંતર વસ્તુ. સમજ્યાને? કાંઈક છે ખરું. કાંઈ બધું યાદ રહે છે કાંઈ? કેટલામાં છે નહિ? ચૈતન્યભીંત એવું છે કાંઈક. એમાં લગાવ લગાવ એમ કહે છે. એમાં બે અર્થ છે એના. ચૈતન્યભીંત શબ્દ કરી અને .. જ્ઞાનલબ્ધિ ભીંત. આ ઓલા ત્રણ આપ્યા નથી? ત્રણ કાળના ભાઈ! આકાર મૂક્યા.

તીર્થંકરો નહિ? ચિત્રિતમાં.

શ્રોતા :- ૩૮માં.

ઉત્તર :- એ ગાથા ૩૮. શું કહે છે?

એક ક્ષણમાં ભાસે છે જ્ઞાનરૂપી ભીંતમાં, જ્ઞાનની ભૂમિમાં, જ્ઞાનરૂપી પટમાં. ભગવાન જ્ઞાનરૂપી પટ છે. પટમાં આલેખાય છે ને જેમ? જ્ઞાનરૂપી પટમાં લોકાલોક જણાઈ જાય છે. એવો જ્ઞાનરૂપી પટ ખુલ્લો છે આ. એમાં અંદર નજર કર, એનું ધ્યાન કર અને ધ્યાનમાં સ્થિર થા. એમ કહે છે, લ્યો. સમજાણું કાંઈ?

'**અન્ય ચિંતાના નિરોધ વડે...**' આ ગુણ-ગુણીનો ભેદ છે, વિકલ્પ છે એ પણ ચિંતા છે. સમજાણું કાંઈ? વ્યવહારનો વિકલ્પ ચિંતા છે, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એ ચિંતા છે. એ ચિંતાના નિરોધ વડે-ચિંતાને અટકાવીને. સમજાવવું છે ને? એમ સમજાવેને? '**અત્યંત એકાગ્ર થઈને...**' અત્યંત સ્વરૂપમાં એકાગ્ર થઈ, ભગવાન આત્માને લક્ષમાં લઈ, વસ્તુને દૃષ્ટિમાં લઈ '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...**' એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ નિશ્ચયરત્નત્રયને ધ્યા એમ કહે છે. શશીભાઈ! માટે કેટલી વાર કહ્યું હતું, ભાઈ! બહુ બહાર પાડવા જેવું નથી. એમાં.. કહો, ..ભાઈ! કારણ કે લોકો અર્થ ન સમજે અને પછી પક્કડ થઈ જાયને એકાંત તો.. પછી લોકોને કાંઈક.. એ અમે કહ્યું છે એ તો અપેક્ષાથી કહ્યું છે. પણ એટલી અપેક્ષા અહીં સમજવાની તૈયારી ન હોય અને પછી માંડ માંડ એક જ તાણે, એક જ તાણે. એ કઈ અપેક્ષા છે ત્યાં (એ સમજે નહિ). સમજાણું કાંઈ?

'**સમસ્ત અન્ય ચિંતા...**' સમસ્તમાં કોઈ ચિંતા બાકી હશે? કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, કોઈ પંચ મહાવ્રતનો વિકલ્પ કે કોઈ. બધી ચિંતાનો નિરોધ, વિકલ્પમાત્રનો નિરોધ. '**નિરોધ વડે...**' એના દ્વારા. વડે એમ કીધું, લ્યો. '**નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને...**' એ જાણે નાસ્તિ વડે એકાગ્ર થઈને. શબ્દ છે ને અંદર. '**समस्तचिन्तान्तरनिरोधेन**' શબ્દ છે. '**निरोधेन**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ એને બીજી વિકલ્પની ચિંતાને છોડી દઈ અને તે સ્વરૂપ ભગવાન આત્મા એની જે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર જે નિશ્ચય સ્વઆશ્રયે થયેલા એનું ધ્યાન કર. એને ધ્યા. ધ્યા નામ એ રૂપે પરિણમન કર. એય..! ઓલામાં એમ આવે કે પરિણામ મારું ધ્યાન કરે. હું શું ધ્યાન કરું? એને કરવું હોય તો કરે. અહીં કહે કે પરિણામનું ધ્યાન કર એમ કહે છે. પરિણામનું ધ્યાન કર. એનો અર્થ કે અંદરમાં અકાગ્ર થયો એટલે પરિણામ પ્રગટ્યું એ પરિણામરૂપ પરિણમ્યો. એમ. આહાહા..! સમજાણું કાંઈ? ઠીક આ આવ્યું બરાબર. તમે રાજકોટવાળા આવ્યા ત્યારે સામે આ આવ્યું.

ભાઈ! તારો ભગવાન મોટો છે ને અંદર પ્રભુ! એના ઉપર લક્ષ કરીને જે પરિણતિ નિર્મળ થાય, એમાં ધ્યા, એનું ધ્યાન કર એટલે એ રૂપે પરિણમ. જે વિકારપણે પરિણમતો તેને અટકાવીને નિર્વિકારપણે પરિણમ. નિર્વિકાર એટલે શું? કે દર્શન-જ્ઞાન અને ચારિત્ર. એમ.

સમજાણું કાંઈ? ચંદુભાઈ! ભારે માર્ગ આવો. આહાહા..! ધ્યાન તો કરે. તો કહે છે.. ચિંતાનું ધ્યાન તો છે ને. પહેલું કીધું ને? ચિંતાનું ધ્યાન તો છે. સમજાણું? પણ એ ચિંતાનું ધ્યાન છોડીને આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રનું ધ્યાન કર. એટલે કે ચિંતાનું પરિણમન છોડી દઈને નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનનું પરિણમન કર. પરિણમન એટલે શું વળી પાછું? એ રૂપે થા. શેઠી! બહુ ઝીણું છે આ.

શ્રોતા :- ...

ઉત્તર :- ત્યાં ઉપર લક્ષ છે એટલે પર્યાયને બદલવી. ત્યાં ઉપર છે, આની ઉપર આવી જા. પર્યાયને બદલવું તો એનું પર્યાય ઉપર લક્ષ (રહેશે). એટલે અહીં પરિણમે છે એ આમ પરિણમ. એટલે એનો અર્થ કે સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં શુદ્ધ પરિણમન થા. એનું ધ્યાન કર એમ કીધું. આહાહા..! સમજાણું કાંઈ? સ્વસમય-પરસમયમાં એમ લીધું છે ને? નહિ? સ્વસમયમાં ભાઈ એમ લીધું છે. પરિણમન. પરિણમતો થકો. નહિતર ત્યાં તો એમ કીધું છે કે '**जीवो चरित्तदंसणणाणठिदो**'. એ '**ठिदो**' રહ્યો છે. એનો અર્થ કર્યો કે એ પરિણમતો થકો અર્થ કર્યો છે. પરિણમે છે ત્યાં તો. ત્યાં '**ठिदो**' શબ્દ છે. અહીં સ્થાપન શબ્દ છે. એ તો અપેક્ષિત વાત છે ને.

ભગવાન આત્મા જે અહીં લક્ષમાં છે એને અંદર ધ્યાનમાં જોડી દે. ધ્યાનમાં જોડી દે. લ્યો એને તો .. જોગમાં જોડ, ધ્યાનમાં જોડ આવે છે કે નહિ? પાઠ મૂળ શ્લોકમાં આવે છે. અને અનંત તીર્થંકરોએ જોગ વડે ભક્તિ કરી છે એમ કીધું. લ્યો. સમજાણું કાંઈ? એનો અર્થ છે કે આમ જે પર તરફની જે વિકલ્પ ચિંતા છે એ છોડી દઈ અને શુદ્ધ સ્વભાવ તરફ જ્યાં દૃષ્ટિ થઈ, એને જ્ઞાન થયું, એમાં આત્માને સ્થાપ્યો, એનું ધ્યાન કર્યું એમ કહેવામાં આવે છે. પર્યાયનું ધ્યાન કર એમ કીધું. એટલે (દર્શન-જ્ઞાન-ચારિત્ર) પર્યાયરૂપે પરિણમ. નિર્વિકારી નિશ્ચયરત્નત્રયપણે થા. ચિંતાપણે છો તે રત્નત્રયપણે થા એમ કહે છે, લ્યો! પાઠ સામા પાછા છે ને ઓલું અંદર.. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. એય..! ચંદુભાઈ! હજી કેટલાક ખાનગીમાં આવશે ઓલું બીજું આપજો, બાપુ! એ જીરવવા જેવી નથી વસ્તુ. કઠણ છે. સમજાણું કાંઈ? એય..! દાસ!

કહે છે, '**दर्शन-ज्ञान-चारित्रमां निरंतर...**' ના એ નહિ. '**दर्शन-ज्ञान-चारित्रने ज ध्या;...**' એમ. ઓલામાં એમ કહ્યું હતું, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપ. અહીં દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યા. એમ કહ્યું. વાત તો એની એ છે પણ હવે સ્પષ્ટ નાખ્યું. સમજાણું કાંઈ? આમ સ્થિર થા. સ્થિર કર, ધ્યાન કર એનું. શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની વિશેષ અવસ્થા લીધી. અતિ નિશ્ચળપણે આવ્યું હતું. અહીં આવ્યું કે અન્ય ચિંતા (છોડી) નામ અત્યંત એકાગ્ર થઈ. એમ આવ્યું. અત્યંત એકાગ્ર થઈ, ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ દઈ એને અગ્ર નામ મુખ્યમાં લઈ અને સ્થિર થઈ એનું ધ્યાન કર. કહો, સમજાણું આમાં? લ્યો, આ ધર્મ. આવો ભારે ધર્મ ભાઈ!

ભગવાનજીભાઈ! ઓલા બિચારા લુહાણા એણે તો સાંભળ્યું પણ ન હોય ધર્મ શું. એ તો બિચારા... એને આખી જીંદગી આવો શબ્દ સાંભળ્યો પણ ન હોય. રળવાની મજૂરીમાં ગયા હોય.

શ્રોતા :- ...

ઉત્તર :- પાપ ગયા. લ્યો, બસ! એ લોકો એટલું માને. દર્શન તે શું? દર્શન કોને કહેવાય? શરીર જોયું ઈ કહેવાય?

શ્રોતા :- .. પાપ ગયા...

ઉત્તર :- પાપ શી રીતે જાય પણ? શુભભાવ કરે તો પાપ ઘટે એને. શુભભાવ. એને ઠેકાણે ... ખબર ન મળે. કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે બધી ચિંતા એ દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ છે એને (પણ) છોડીને. સમસ્ત ચિંતામાં એ ચિંતા આવી કે નહિ? કહો, શેઠી! શું છે? આહાહા..!

'**દર્શન-જ્ઞાન...**' '**એકાગ્ર થઈને...**' '**અત્યંત એકાગ્ર થઈને...**' એટલું પરિણમન કર કે જે પરિણમન પાછું ફરે નહિ. એમ કહે છે. એકાગ્ર થઈને ભગવાન આત્મા અંતરમાં ઉતરીને, અંતરના તળિયામાં જઈને, એને લક્ષમાં લઈને જે શ્રદ્ધા-જ્ઞાન પરિણમ્યા એનું ધ્યાન કર. પાછું '**ચારિત્રને જ ધ્યા;...**' પાછા 'જ' છે, હોં! સમજાણું કાંઈ? આહાહા..! હવે અનુભવ લે છે. '**तं चेय**' '**चेय**' '**चेव**' એ તો અમથું સાધારણમાં નાખી દીધું છે પહેલામાં. ચેત શબ્દ છે ને? હવે '**चेय**' શબ્દ છે ત્રીજો. '**સમસ્ત કર્મચેતના...**' એટલે શું કહે છે? કે આત્મામાં થતાં પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના છે. વિકારી ભાવ. એ વિકારી ભાવમાં જ્ઞાન અટકે છે તેને કર્મરૂપી રાગરૂપી કાર્ય, વિકારરૂપી કાર્યની ચેતના કહેવામાં આવે છે. એને છોડ એમ કહે છે. સમજાય છે? ઓલાને લીધું કે તેમાંથી પાછો વાળીને, ઓલામાં લીધું કે અત્યંત એકાગ્ર થઈને, આમાં લેશે એના ત્યાગ વડે. એમ. કહો, સમજાણું કાંઈ?

શુભ-અશુભભાવ છે ... તો શુભભાવ છે ને શુભ? દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ કર્મચેતના છે. કર્મ નામ વિકારી ચેતાયેલી દશા છે. એના ત્યાગ વડે એમ કહેશે. એના ત્યાગ વડે. વળી આત્મા રાગનો ત્યાગ કરી શકે નહિ અને એના ત્યાગ વડે. એય..! આવે છે કે નહિ? કઈ અપેક્ષા છે? બાપુ! અહીં તો સમજાવું છે ને. એના અભાવ વડે એમ. એના અભાવ વડે. જે રાગને એકાગ્ર થઈને ચેતે છે, પુણ્ય-પાપના વિકલ્પને એકાગ્ર ચેતે છે એ તો કર્મચેતના, તેને છોડીને એટલે કે તેનું લક્ષ છોડી દઈને આત્માના એકાગ્રતામાં અનુભવ કર, આત્માનો અનુભવ. કહો, સમજાણું? એ પણ પાછી ભાષા લઈને અનુભવ કરશે. દર્શન-જ્ઞાન-ચારિત્રને અનુભવ. એમ.

'**સમસ્ત કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે...**' કર્મફળ એટલે? હરખ-શોક, હરખ-શોક. હરખ અને શોક એ કર્મફળ કહેવાય અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ કાર્યચેતના

કહેવાય. એ કાર્ય અને ફળ બેનું લક્ષ છોડી દઈને, બેના ત્યાગ વડે. લ્યો! કર્મફળચેતના સંન્યાસ એમ શબ્દ છે. સંન્યાસ શબ્દ છે. જુદી જુદી ભાષા છે. જોયું! સમજાણું કાંઈ? '**સમસ્ત કર્મચેતના...**' સમસ્તમાં કોઈ બાકી રહેશે? વ્યવહાર વ્રત, વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, ભક્તિ, પૂજાનો રાગ એ બધી કર્મચેતના. કર્મફળચેતના. બહુ હરખ આવી જાય આમ અંદરથી. આહાહા..!

શ્રોતા :- પ્રમોદ આવી જાય ને.

ઉત્તર :- પ્રમોદ આવી જાય-હરખ. એ કર્મફળચેતના. જ્ઞાનસ્વરૂપમાં હરખ કેવા? સમજાણું કાંઈ? એ હરખ અને શોક એ બેનું વેદન ફળ, એના ત્યાગ વડે, તેના ત્યાગ વડે. એમ. ઓલામાં રહેલો હોવા છતાં આમ વાળ, ઓલામાં ચિંતાના નિરોધ વડે એકાગ્ર થા, આના ત્યાગ વડે. '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...**' શુદ્ધ જ્ઞાનચેતનામય થઈને એટલે કે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એની ચેતના એટલે એકાગ્રમાં અનુભવ કરીને. જુઓ ચેતીને. એને '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત...**' શુદ્ધજ્ઞાનચેતનામય થઈને. રાગાદિ અને હરખ-શોકના ફળને છોડી દઈને '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...**' ઓલી બે ચેતના છોડીને શુદ્ધજ્ઞાનચેતનામય થઈને. એ શુદ્ધજ્ઞાનચેતનામય થઈને થવું એ દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. આહાહા..! શાંતિભાઈ! બહુ પણ ઝીણું આ. માણસને ધર્મ કરવો હોય તો સરળ શી રીતે થાતો હશે? આ રીતે જ થાય. બીજો ધર્મ છે જ નહિ. સમજાણું કાંઈ? ભાઈ! એને સમજવા માટે વખત લેવો જોઈએ. દુનિયાની સમજણ માટે કેટલો વખત આપે છે? હેરાન હેરાન થઈ જાય છે. એલ.એલ.બી. ને બી.એ. જુઓ! અમેરિકા જાય છે હેરાન થવા. એ શું છે ત્યાં? હોળી સળગે ચિંતાની. આ કરું, આ ભણું. આટલા ભણ્યા પછી આમ કરું, આટલા ભણ્યા પછી આમ કરું. વળી મા-બાપે આટલા ખર્ચ્યા માટે પાછો આટલો પગાર થશે. એની ચિંતા.. ચિંતા.. ચિંતા. ભગવાન! અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની ચિંતા કે પર વસ્તુ ધર્મને રાખું કે આ ધર્મ નાશ થઈ જશે તો? એની ચિંતાનો વિકલ્પ પણ છોડી દે, કહે છે. કહે છે કે આ ફલાણું આમ નાશ થઈ જાય, તીર્થ નાશ થઈ જાય છે. હવે સાંભળને. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**કર્મફળચેતનાના ત્યાગ વડે શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...**' જુઓ! શુદ્ધ. ઓલી બે અશુદ્ધ હતી. પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવ અશુદ્ધ મલિન પરિણામની ચેતના હતી. '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને...**' જુઓ! શુદ્ધજ્ઞાનચેતનામય થઈને એનો અર્થ કે દર્શન-જ્ઞાન-ચારિત્રને '**ચેત...**' એ '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત-અનુભવ;...**' એને અનુભવ. ઓલામાં તો એમ આવે કે અનુભવ-બનુભવ આપણે જોવું નહિ સામું. આવે છે કે નહિ? એ ખબર છે ને બધી? એય..! અહીં તો કહે છે, એને અનુભવ. જરીક અંદર ખાનગી વાંચતાને ત્યારે ગડબડ થાતી. કહો, સમજાણું કાંઈ? '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...**' એમ કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. પણ એ તો પર્યાય

થઈ ને. હા. હા. સાંભળને. '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માની શુદ્ધજ્ઞાનચેતનામય દશા એને અનુભવ, એને અનુભવ. એ તારો મોક્ષનો માર્ગ છે. પૂર્ણાનંદની પ્રાપ્તિનો આ માર્ગ છે. .. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી પ્રવચનસાર, ગાથા-૭૪-૭૫,
પ્રવચન નં. ૬૦, તા. ૦૮-૧૧-૧૯૬૮
(૨૪)

...એમાં શુભ ઉપયોગનું ફળ. શું કહે છે? કે આત્મા જે છે એ તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય શુદ્ધ આત્મસ્વભાવ છે એનો. એનાથી વિરુદ્ધ અશુભભાવ કે શુભભાવ બેય દુઃખના કારણ છે એમ સિદ્ધ કરે છે. કેમકે જ્ઞાનતત્ત્વ સ્વભાવ છે એનાથી વિરુદ્ધ ભાવ છે. તો કોઈ કહે કે ભાઈ, શુભ ઉપયોગ તો સારો છે કે નહિ? શુભરાગ-પ્રશસ્ત રાગ-કષાયની મંદતાનો શુભ ઉપયોગ. તો કહે છે કે શુભ ઉપયોગ વર્તમાન પણ રાગ છે તે દુઃખ છે અને એના ફળ તરીકે પુણ્ય બંધાય અને પુણ્યના ફળ તરીકે સામગ્રી મળે એમાં એને તૃષ્ણાનું ઘર છે ઈ. પુણ્ય તૃષ્ણાનું સ્થાન છે. તૃષ્ણા જ એમાં ઊભી થાય છે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

'**હવે, એ રીતે સ્વીકારવામાં આવેલા પુણ્યો દુઃખના બીજના હેતુ છે...**' જે શુભભાવથી પુણ્ય બંધાય અને પુણ્યબંધ તરીકેના ફળ તરીકે જ્યારે સામગ્રી આવે ત્યારે તેના તરફની એને તૃષ્ણા જ જાગે છે. એ પુણ્ય તૃષ્ણાનું જ ઘર છે. સમજાણું કાંઈ? એટલે તૃષ્ણાનું એટલે દુઃખનું જ બીજ છે ઈ. શુભભાવ છે એ તો દુઃખરૂપ છે, પુણ્ય શુભભાવ છે માટે રાગ છે. અશુભ છે એ તો પાપ છે, એ તો દુઃખરૂપ છે જ. પણ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે એ ચૈતન્ય, એની પરિણતિ એટલે અવસ્થા તો શુદ્ધ હોવી જોઈએ, પુણ્ય-પાપના ભાવ વિનાની હોવી જોઈએ. એ એની પરિણતિ અથવા એનું કાર્ય અને એ એનો ધર્મ. પણ એ શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ અશુભભાવ તો દુઃખદાયક છે... એ અશુભભાવ આપદાનો આપનાર છે, શુભભાવ સંપદાનો આપનાર છે, આ ધૂળની. ભગવાનજીભાઈ!

શ્રોતા :- આપનાર છે.

ઉત્તર :- આપનાર એટલે શું? આ ધૂળ ઢગલા આવે કીધું ને. પણ એને ભોગવવામાં તૃષ્ણા છે.

શ્રોતા :- દાન આપે એમાં તૃષ્ણા ક્યાં આવી?

ઉત્તર :- દાનમાં પણ તૃષ્ણા (છે), રાગ છે કે નહિ? રાગ છે કે નહિ અંદર ભેગો? આ મારું છે એમ માને તો વળી મિથ્યાત્વ છે. પૈસા મારા છે એમ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. પુણ્યનું ફળ આવે સંયોગ ઢગલા. કીધું ને એકવાર. અહીં (સંવત) ૧૯૮૩માં આવ્યા

હતા જ્યારે પહેલા. ૮૩ની સાલ છે. અહીંયા આવ્યા હતા. ચારિત્રવિજય હતા ને. પહેલા ભાવનગર જતા નહોતા ગયા. આ હીરાભાઈના મકાનમાં ઉતરેલા. હીરાભાઈની સામે છે ને દુકાન ત્યાં ઉતરેલા. અમે નહોતા ગયા. પછી એણે કહેવરાવ્યું કે કાનજી મુનિ અહીં આવ્યા મારે ત્યાં આવ્યા નહિ. હું તો વૃદ્ધ માણસ છું, આમ-તેમ. પછી વળતા અહીં વળાના ઉતારે ઉતર્યા. વળા છે ને આ? લીંબડો છે ત્યાં ઉતરેલા. આ વળાનો ઉતારો. પછી ત્યાં ગયા હતા. એણે પૂછ્યું, ૮૩ની વાત છે. પુણ્યનું સ્વરૂપ શું? મહારાજ! એમ પૂછ્યું. એ તો બહુ મીઠી ભાષાવાળા હતા. ગયા તો ઊભા થઈ ગયા. મહારાજ! પુણ્યનું ફળ શું? કીધું, પુણ્યનું ફળ આ ઢગલા મળે ઈ બહારમાં. ભોગવે? ભોગવે એ પુણ્યનું ફળ નહિ? કીધું, ભોગવે પાપ. સમજાણું કાંઈ? એમ કે પુણ્યના ફળ આપણે ભોગવીએ તો એ પુણ્યના ફળ કહેવાય. ભોગવે શું? પુણ્ય એટલે શુભભાવ, એનાથી પુણ્ય બંધાણું હોય એને લઈને આ શરીર ઠીક મળે, પૈસા, આબરૂ, કીર્તિ, બાયડી, છોકરા, ધૂળધમાહા આ બહારનો સંયોગ અને એ પુણ્યના ફળ તરીકે એની તૃષ્ણા વધે. તૃષ્ણા એ દુઃખનું ઘર છે અને એ પુણ્ય એ જ દુઃખનું ઘર અને તૃષ્ણાનું સ્થાન છે કે આ કરું... આ કરું... આ કરું... લાંબી લાંબી તૃષ્ણા (ઉઠે). ભગવાનજીભાઈ!

શ્રોતા :- લાળ.

ઉત્તર :- લાળ વધતી જ જાય. આનું આ કરું, પછી આનું આમ કરું, આનું આમ કરું. પૈસા પુણ્ય ફળતા જાય એમ એને તૃષ્ણા વધતી જાય. આનું આ કરું, પછી આ કરું, મિલ કરું, પછી આમ કરું, ધૂળ કરું. ચંદ્રકાંતભાઈ!

એમ કહે છે કે ભાઈ! આત્મા તો ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ વીતરાગ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ જોયો. અને એ પ્રમાણે શુદ્ધ આત્મા છે એની શ્રદ્ધા, જ્ઞાન અને એની રમણતા કરે એ તો ધર્મ છે અને એ તો શુદ્ધભાવ છે. એ તો એનું સ્વરૂપ છે અને એ મોક્ષનો માર્ગ છે, પણ એનાથી વિપરીત શુભભાવ કરે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ એ પણ પુણ્યબંધનું કારણ છે. અને એ બંધના ફળ તરીકે સામગ્રી મળે એમાં તૃષ્ણા વધે. એટલે શુભભાવ એ આદરણીય છે નહિ એમ સિદ્ધ કરે છે. કહો, બરાબર હશે?

શ્રોતા :- ઘણાં લોકોને લાભ થાય ને કારખાનાથી.

ઉત્તર :- કોને? ધૂળેય લાભ થતો નથી. કોને લાભ થાય? અભિમાની માને છે. અમારે લઈને આમ થાય, અમે ઘણાંને નભાવીએ. એમ કે મિલ હોય તો ઘણાં હજારોને નભાવીએ, ઢીંકણું. કોને? ધૂળને નભાવે? સાંભળને. એ તો પુણ્યનો એને સંયોગ હોય પુણ્યનો યોગ હોય તો આવે. તને તૃષ્ણા છે માટે તું આ નભાવવાની વાત કરે છે. તૃષ્ણા છે, દુઃખનું બીજ છે. પુણ્ય તૃષ્ણાનું ઘર છે એમ કહે છે.

'**પુણ્યો દુઃખના બીજના હેતુ છે...**' દુઃખનું બીજ કોણ? તૃષ્ણા. એ પુણ્ય તૃષ્ણાનું કારણ છે. છગનભાઈ! બરાબર છે એ? બે-પાંચ છોકરા હોય ને એમાં પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા થાય, પાંચ-દશ-વીસ લાખ. ઠેકાણે પાડો, આનું આમ કરો, આનું આમ કરો. આની ઉઘરાણી આમ કરો. ૫૦-૫૦ (હજાર), લાખ-લાખ રૂપિયા દઈને ભાગીદાર રાખો. આઠ આનાનું વ્યાજ લઈએ, અડધો ભાગ લઈએ. આઠ આના મારો, આઠ આના તારો, ઉપર વ્યાજ અમારું. આ તો પહેલાની વાત છે હોં! અત્યારે ટકો, દોઢ ટકો વ્યાજ લે છે. સમજાણું કાંઈ? લ્યો! એક જણાએ ત્રણ ટકાનું વ્યાજ લીધું. .. તે સલવાઈ ગયા રૂપિયા. તે લેવા ગયા છે. સમજાણું કાંઈ? સોએ ત્રણ ટકા. કેટલા થયા? ૩૬ રૂપિયા થયા ને બાર મહિને. ૧૦૦ રૂપિયે ૩૬. બાર મહિને ૩૬. ભારે. પછી ઓલો ઘાલે જ ને. આહા..હા..! કહો, એ તૃષ્ણા કેટલી તૃષ્ણા.

એ પુણ્ય જેમ ફાલે એમ તૃષ્ણા વધતી જાય છે. એમાં ક્યાંય સુખ છે નહિ. એ દુઃખનું તૃષ્ણા ઘર છે કહે છે. પુણ્ય. સમજાણું? એ તો પછી કહેશે. એ પછી તૃષ્ણા એની વધતી જાય. જેમ જેમ વૃદ્ધ થતો જાય એ તૃષ્ણાના બીજ વાવ્યા હોય એ ફાલે. પછી મરતા આ કરજો, એ તમે આમ કરજો, મારી પાછળ આ કરજો, તારી પાસે આ રાખજો. ધૂળેય નહિ, સાંભળને હવે. સમજાણું કાંઈ? ચાર છોકરા પણ જુઓ આ વહેંચી લેજો. આ ઘર નાનાને આપજો. નાનો નાનો છે હજી. એટલે ફલાણું સારું ઘર નવું કરીને એને આપજો, મોટાને આ આપજો. એ તૃષ્ણા હોળી. જાવું છે તારે ક્યાંક, હવે આ શું કરવા માંડ્યું પણ આ? ચંદ્રકાંતભાઈ! બધી વાતું બધી. દુકાન આ ફલાણી છે એ ચોકમાં સરખી છે. નાનો હજી બહુ મોટો નથી માટે એને એ આપજો એક. છોટાભાઈ! કીધું કે નહિ? મનસુખને દુકાન આપજો પહેલી. બીજા ત્રણ કરતા એને આપજો પહેલી, નાનો છે એટલે. ખીમચંદભાઈ! કીધું નહિ તમારા બાપે? એ બધું એમ જ થાય. કહો, સમજાણું કાંઈ?

શ્રોતા :- કીધું હતું?

ઉત્તર :- હા કીધું હતું એને. એને કીધું હતું. કહો, એ ૭૪ છે ગાથા જુઓ. મૂળ ગાથા, ૭૪ ગાથા મૂળ.

जदि संति हि पुण्णाणि य परिणामसमुब्भवाणि विविहाणि।
जणयंति विसयतण्हं जीवाणं देवदंताणं।।७४।।

નીચે એનું હરિગીત.

પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,
તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્ભવ કરે. ૭૪.

ભાષા જુઓ! આહા..હા..! જુઓ! ભગવાન આચાર્ય મહારાજ એ ફરમાવે છે કે ભાઈ!

શુભભાવ જે થાય એ પણ પુણ્ય છે અને એના ફળ તરીકે સામગ્રીમાં એની તૃષ્ણા વધી જાય છે, દુઃખનું સ્થાન છે. એ શુભભાવ એ કાંઈ આત્માને હિતકર નથી એમ સિદ્ધ કરે છે. આહા..હા..! હિતકર તો ભગવાન આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એનો ઉપયોગ, એનો ઉપયોગ—એનો વેપાર શુદ્ધ કરવો એ હિતકર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**अन्वयार्थ :- (पूर्वोक्त रीते) जो (शुभोपयोगरूप) परिणामथी ऊपजतां...**' શુભ ઉપયોગ. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, દાન વગેરેના ભાવ—એ બધા શુભ ઉપયોગ છે. શુભ ઉપયોગથી '**ऊपजतां विविध पुण्यो...**' સંસ્કૃતમાં નાખ્યું છે '**स्वकीयानन्तभेदेन बहुविधानिं**' છે ને? કારણ કે પુણ્યના અનેક પ્રકાર. કો'કને ઈન્દ્રિયો અનુકૂળ મળે, કો'કને ઈન્દ્રિય એક ન હોય અને બીજું મળે, કો'કને ઈન્દ્રિયો ઠીક નહિ અને પૈસા મળે, કો'કને પૈસા મળે તો બાયડી ઠીક ન હોય, એને પૈસા ન હોય તો બાયડી ઠીક મળે. કેટલા પુણ્યના પ્રકાર છે, અનંત પ્રકાર પુણ્યના અનંત. આહા..હા..! એવી વિવિધ સામગ્રીનું કારણ અનંત પુણ્ય છે. કોઈકને કંઈક પ્રકાર, કોઈકને કંઈક પ્રકાર, કોઈકને કંઈક પ્રકાર. સમજાણું?

'**विविधानी पुण्यानि**' વિવિધ પુણ્યો. વિવિધ એટલે અનેક અનંત પ્રકારના પુણ્ય. સંસ્કૃતમાં છે જયસેનાચાર્યની (ટીકામાં). એ વિદ્યમાન છે. છે પુણ્ય, કહે છે. અમે કહીએ છીએ કે છે. સમજાણું? પણ '**देवतान्तानां जीवानां**' '**तो तेओ देवो सुधीना जीवोने...**' સાધારણ મનુષ્યની શું વાત? પણ એ દેવો સુધીના જીવોને. દેવાન્ત સુધી. '**विषयतृष्णा उत्पन्न करे छे.**' એ તો બહારની તૃષ્ણા ઉત્પન્ન કરે છે. આ મેળવવું, આ કરું, આ વ્યવસ્થા કરું, આનું આમ નાખું. બે-પાંચ કરોડ આવે તો પચાસ લાખ અહીં નાખું, પચાસ લાખ અહીં નાખું ને ધૂળ લાખ અહીં નાખું. હોળી સળગ્યા જ કરે, કહે છે. ભગવાનજીભાઈ! એમ છે કે નહિ? અનુભવમાં આવે છે કે નહિ? એક આફ્રિકામાં નાખવું, એક અહીં થાનમાં નાખવું. થાન નહિ, શું કહેવાય? થાણા. એય..! ચંદ્રકાંતભાઈ! આ તો દાખલો. બીજા ઘણા આમના છોકરાને લ્યોને, જુઓ. વળી ત્યાં નાખ્યું, શું કહેવાય ઈ? સ્વિત્ઝર્લેન્ડ. એક વળી અહીં નાખવું છે મુંબઈમાં. બે કરોડ રૂપિયા થયા તો થોડાક ત્યાં નાખો, થોડા અહીં નાખો ધૂળના. હેરાન-હેરાન છે. આહા..હા..!

'**विविध पुण्यो विद्यमान छे,...**' કહે છે અમે ક્યાં ના પાડીએ છીએ? પણ એ પુણ્યો વિષયતૃષ્ણાને ઉત્પન્ન કરનારા છે. આહા..હા..! એમ કરીને ઓલો શુભ ઉપયોગ છે તે હિતકર નથી એમ સિદ્ધ કરવું છે.

'**टीका :- जो एे रीते शुभोपयोगपरिणामथी...**' જુઓ! શુભ ઉપયોગ પરિણામથી. પરિણામ પોતાના શુભ થયા છે. '**जेमनी उत्पत्ति थाय छे एवां अनेक प्रकारनां पुण्यो विद्यमान छे...**' પુણ્ય છે. શુભભાવ હતો તો પુણ્ય બંધાણું અને એના ફળ તરીકે પુણ્ય હોય છે. '**एम स्वीकारवामां आवे छे, तो तेओ (ते पुण्यो) देवो सुधीना समस्त**

સંસારીઓને...' દેવ સુધીના. મનુષ્ય, રાંકા, ભિખારી, સાધારણ તો ઠીક, પણ દેવ સુધીના '**સંસારીઓને વિષયતૃષ્ણા અવશ્યમેવ ઉત્પન્ન કરે છે (એમ પણ સ્વીકારવું** જોઈએ.)' એમ કહે છે. પુણ્ય છે એમ સ્વીકારવું જોઈએ એમ બે વાત. પુણ્ય છે એમ સ્વીકારવું જોઈએ. પુણ્ય છે. પણ એની સાથે પુણ્ય તૃષ્ણાનું ઘર છે એ પણ સ્વીકારવું જોઈએ. એમ પણ સ્વીકારવું પડે છે.

'**સમસ્ત સંસારીઓને...**' જુઓ! આખા સમસ્ત લીધાને જે અજ્ઞાની છે. સમજાણું? જેમાં શુભ ઉપયોગનો, અહીં તો સાધ્ય જ ઇન્દ્રિયના સુખ કીધા છે. શુદ્ધ ઉપયોગ જે આત્માનો છે એ અતીન્દ્રિય સુખ સાધ્ય છે ત્યાં. ભગવાન આત્મા શુભ-અશુભ પરિણામથી રહિત શુદ્ધ ચૈતન્યનો ઉપયોગ જે શુદ્ધ નિર્મળ પરિણામ છે એ અતીન્દ્રિય સુખ સાધ્ય છે અને શુભ પરિણામનું સુખ ઇન્દ્રિયસુખ સાધ્ય છે. એનાથી ઇન્દ્રિયના સુખો કલ્પે એ મળશે. પણ એ તો વિષય તૃષ્ણાના ઘર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(એમ પણ સ્વીકારવું પડે છે.)**' એટલે વિષય સર્વ સંસારી જીવોને વિષયતૃષ્ણા, વિષય એટલે પરની તૃષ્ણા, ઇચ્છા, ઇચ્છા, ઇચ્છા '**અવશ્યમેવ ઉત્પન્ન કરે છે...**' એમ. પર તરફની ઇચ્છા એમ. વિષય એટલે પર તરફની. '**ખરેખર તૃષ્ણા વિના, જેમ જળોને દૂષિત લોહીમાં તેમ,...**' જળો હોય છે ને જળો? ગુમડામાં લોહી હોયને લોહી બગડેલું એ જળો લોહી ચૂસે. એ જેમ જળોને તૃષ્ણા છે તો મેલું લોહી ચૂસે. મરવા સુધી ચૂસે. '**ખરેખર તૃષ્ણા વિના, જેમ જળોને દૂષિત લોહીમાં તેમ, સમસ્ત સંસારીઓને વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે.**' જળોને લોહી ચૂસવામાં જેમ પ્રવૃત્તિ જોવામાં આવે છે, એમ સંસારીને પુણ્યમાં તૃષ્ણા જોવામાં આવે છે. વિષયોમાં પ્રવૃત્તિ આ.. આ.. આ.. આ... આ... જેમ જેમ સાધન મળ્યા એમ એમ એને સામગ્રીમાં આમ કરું... આમ કરું... આમ કરું. હોળી એકલી સળગે જાય. સમજાણું કાંઈ?

'**વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે.**' જુઓ! તૃષ્ણા ન હોય તો. કીધું ને? ખરેખર તૃષ્ણા વિના, એમ. તૃષ્ણા ન હોય તો, જેમ જળો જેમ દૂષિત લોહીને પીવે છે. તૃષ્ણા ન હોય તો એમ પીવે નહિ, માટે તૃષ્ણા છે. એમ આ તૃષ્ણા ન હોય તો સંસારીને વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે નહિ. આમ કરો, આટલા નોકર રાખો, બુદ્ધિવાળા રાખો, મોટા યુરોપિયન રાખો. મોટા કારખાના કરે. બબ્બે હજાર પગારદારના યુરોપિયન. પાંચ-પાંચ હજાર પગાર, દશ-દશ હજારનો પગાર. હા મોટા ગોરા. છે ને. દશ-દશ, વીસ-વીસ હજારના યુરોપિયન બોલાવે લ્યો. અહીં આપણે બોલાવ્યા હતા બબ્બે હજારના પગારવાળા, આપણો તમારો નહિ? ગોંડલ. ભાઈ કેવળચંદ. કારખાના માટે. ગોરા બબ્બે હજારના મહિને અહીં ગોંડલ બોલાવ્યા હતા લ્યો! મગજવાળા કામ કરે, બોલાવો એને. પછી એમાં વળી એક તો એવો નીકળ્યો, વળી ખોટો નીકળ્યો એવા અનેક પ્રકારે (પ્રસંગ ભજે). પણ તૃષ્ણા વધે જાય પૈસા વધે

એમ. સગવડતા વધે, દીકરા વધે, આઠ આઠ દીકરા હોય મોટા. સમજાય છે? પંજાદાર પાંચ પાંચ હાથના ઊંચા, નિરોગી અને પૈસા, આબરૂ, કીર્તિ, આમ કરો. દીકરા આમ કરો. એકને નાખો મુંબઈમાં, એકને નાખો રાજકોટમાં, એકને મૂકો વિલાયતમાં અને એકને રાખો પંજાબમાં. ચારે કોર ફરી વળે દિશા. કહો, સમજાણું કાંઈ? તૃષ્ણા છે બાપા! એ શુભ ઉપયોગના ફળમાં પુણ્ય ફળશે, તૃષ્ણા વધશે એમ કહે છે. આહા..હા..! બરાબર છે કે નહિ? પ્રત્યક્ષ.

આનું આ કારખાનુ કરજો હોં. અત્યારે કારખાના કેટલા બધા. જ્યાં જુઓ ત્યાં કારખાના જ કારખાના. પચ્ચીસ હજાર, પચાસ હજાર થયા કે ફટ કારખાના નાખવાનો વિચાર થાય. આપણે આ કારખાનું કરો, આપણા આ કારખાનું કરો. ઓહો..હો..! હજી તો આ કરતો હતો, રોટલા ખાતો હતો એમાં પચ્ચીસ હજાર વધ્યા (તો કહે), આપણે કારખાનું નાખો. નાનું નાખો લોઢાનું, ફલાણું કરો, ઢીંકણું. પચાસ લાખ, કરોડ, બે કરોડ થાય તો વધારે. મોટા ઓલા દુગલ-બુગલ મોટો છે ને કો'ક. એ તો વળી કેટલા કરોડ, એને મોટી તૃષ્ણા. સેવા કરે શું કરે છે ઈ? મુંબઈમાં મોટા ખેલા કરે... આખા મુંબઈની તજ તાબે રાખે. તજ-તજ, લવીંગ, મરી (એનો) ખેલો કરે. થાય છે કે નહિ? એઈ..! આખા મુંબઈનો હોં! આખા દેશનો. ત્યાંથી બધો માલ જાયને. એકલા તજનો એક ફેરી ખેલો કરેલો. આ તજ નથી આવતા? બસ, પોતે ભાવ કરે એ થાય અને ભાવ વધારવા હોય તો વધારે. આખા મુંબઈમાં. આરે, આ હોળી. આ શુભ ઉપયોગના ફળમાં સાધન મળ્યા એને, લ્યો. સમજાણું કાંઈ? થાય છે કે નહિ? કાળીદાસભાઈ!

તજના, મરીના. મરીના-મરીના. મરીના ખેલા, મરવાના ખેલા કરે છે એ બધાય. તેલના એ તો બધા કરે. ગોળના, ફલાણાના, ઢીંકણાના, બદામના, પિસ્તાના, કેસરના ખેલા કરે. ઓલો ભાઈ હતો ને આપણો આ સર હુકમચંદ. એ સટ્ટાનો ભાવ ફલાણો એ ભાવ વધારે તો થાય અને ઘટાડે એવું આખા મુંબઈમાં. સર હુકમચંદ. એને એમ થઈ જાય કે ઓહો..હો..! શું છે પણ આ? એ બધા પૂર્વના શુભભાવ એના બંધાયેલા પુણ્ય એમાં સામગ્રી આ બધી તૃષ્ણાના ઘર છે. એ ઊંડે કૂવે ઉતરે છો એમ કહે છે. આહા..હા..! સમજ્યાને? શુભભાવ થયો માટે ઠીક થયું. કહે છે, ઊંડે કૂવે ઉતર્યો એના ફળમાં. જો તો ખરો. અંદરમાં જાવું એ નથી પણ આમ ઊંડો ઉતરતો જા છો. આહા..હા..! જુઓને કેવી તે સ્થિતિ છે! સમજાણું?

'**પરંતુ તે તો જોવામાં આવે છે.**' જળો લોહી પીતા દેખવામાં આવે છે અને પૈસાવાળા, આ સામગ્રીવાળા તૃષ્ણામાં દેખવામાં આવે છે. શાંતિ જ ન મળે એને. લાકડા નાખે અગ્નિમાં એટલી અગ્નિ સળગતી જ જાય. ત્યાં બાપાને હતું આવું રાજકોટમાં? અહીં તો કેટલા વધ્યું તે આમ કરો, આનું આમ કરો, એક સંચો અહીં નાખો, પિત્તળના લટકાવો. વાત તો સાચી છે કે નહિ? એ પુણ્યના ફળ તૃષ્ણા ઉત્પન્ન કરશે એમ કહે છે. શાંતિ ઉત્પન્ન નહિ કરે. આહા..હા..! જુઓને કેટલી રીતે સિદ્ધ કરે છે! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એ તો, સિદ્ધ

સ્વરૂપ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને એની રમણતા એ શુદ્ધભાવ છે. એ આત્માને હિતકર છે. એ સિદ્ધ કરવા આ વાત કરે છે હોં! શુભ ઉપયોગ હેય છે. કેમકે અહિતકર છે, દુઃખનું કારણ છે, પુણ્યનું કારણ છે, પુણ્યના ફળ તે તૃષ્ણાનું ઘર છે. એમ સિદ્ધ કરે છે. સમજાણું?

'**માટે પુણ્યોનું તૃષ્ણાયતનપણું અબાધિત જ હો...**' ભાષા દેખો! એ પુણ્યના ફળ અને એ પુણ્ય એનું તૃષ્ણાયતન—તૃષ્ણાનું આયતન. આયતન એટલે ઘર. એ પુણ્ય તૃષ્ણાનું ઘર છે. ઇચ્છાનું ઘર ઉત્પન્ન તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા. તૃપ્તિ ન મળે એને, તૃપ્તિ જ ન મળે ક્યાંય. '**(અર્થાત્ પુણ્યો તૃષ્ણાના ઘર-રહેઠાણ-છે એમ અવિરોધપણે સિદ્ધ થાય છે).**' કહો, બરાબર છે કે નહિ આ? કાળીદાસભાઈ! પાંચ-પચાસ હજાર હતા ત્યાં સુધી આવું હતું? પણ જ્યાં બે લાખ, પાંચ લાખ વધ્યા તે આ સંચો કરો, પછી આનું આ કરો, એક છોકરાને અહીં બેસાડો, એક છોકરાને અહીં બેસાડો ઝાઝા હોય એને. એકને કાપડની દુકાને બેસાડો અને એકને ફલાણી દુકાને બેસાડો. એકને... આહા..હા..! શું છે પણ આ? તારે જાવું છે ક્યાં? તારે જાવું છે (નિજ) ઘરમાં, એને ઠેકાણે આ પરઘરમાં તૃષ્ણામાં ઊંડો-ઊંડો ઉતરતો જા. બાપુ! એ શુભ પુણ્યના ફળ એવા છે. માટે પુણ્યભાવ આદરણીય નથી. આહા..હા..! બધા તો સુખી માને (કે) આ તો સુખી છીએ. લ્યો એમ માને. હમણા અમે ચારે કોરથી સુખી છીએ. દીકરા-દીકરીઓ સુખી. હોળી (સળગે છે).

શ્રોતા :- ખાવાની પણ ફુરસદ નથી.

ઉત્તર :- ફુરસદ ક્ષણેય ન હોય. સગોવ્હાલો બેસવા આવ્યો હોય, બાપ આવ્યો હોય તો વાત કરવાનો વખત ન હોય. હા, હા, અમારે ત્યાં કુંવરજીભાઈને દુકાને એવું ચાલતું હોય કે સગો આવ્યો હોય તો હમણા નહિ. સાંજે આપણે ખાવા વખતે વાત કરશું. હવે ઈ તો સાધારણ દુકાન. આ તો મોટી જેને દુકાન હોય બબ્બે કરોડ, ત્રણ-ત્રણ કરોડ, પાંચ-પાંચ કરોડ રૂપિયા, ૨૦-૨૦, ૨૫-૫૦ લાખની પેદાશ હોય, નવરા ન મળે નવરા. સમજાણું કાંઈ? હમણા બાપા વખત નથી. જુઓ, આ બધા ગ્રાહકો છે ને. વાતચીત આપણે ખાવા વખતે બેય બેસશું અને ખાતા ખાતા વાત કરશું. ખાતા ખાતા વખત મળે ત્યારે વાતું કરશું. ખાવા વખતે આવજો જાવ. ખાવા વખતે વાતું કરે થોડી થોડી. ખાવા વખતે નિરાંત ન મળે. ઓલું (ફોનની) ઘંટડી વાગી હોય તો ઊભો થઈ જાય ત્યાંથી.

આ તો અમે ત્યાં મુંબઈ જોયેલું ઘણા વર્ષ પહેલા એક ફેરી. દુકાનથી માલ લેવા ગયેલા. ઘણાં વર્ષની વાત છે. ૬૦-૬૭ની વાત હશે, સંવત્ ૧૯૬૬. અમારા ગામ પાલેજ ગામનો ત્યાં હતો મગન શેઠ. ત્યાં આડતિયા તરીકે એટલે ત્યાં ઉતરેલા અમે. ઘણાં વર્ષની વાત છે આ તો ૬૦ વર્ષની. પછી એને ઓલા ખાતા હતા ને આહાર. માલ તો બપોરે લેવા જાશું. ત્યાં વેચાય ખજુર ને ચોખા. ત્યાં ઊઠ્યા. શું છે? શું કરવા ઉઠ્યા? પણ ખાવ તો ખરા. શેના માટે રળો છો, કીધું, તમે આ? જેના માટે રોટલા માટે રળો છો અને રોટલા

ખાવાના હખ નથી તમને? હું અને કુંવરજીભાઈ બે હતા. આ તો ઘણા વર્ષની વાત છે હોં!

શ્રોતા :-ત્યાં શું પાયખાનામાં રાખવું પડે.

ઉત્તર :- પાયખાનામાં રાખવું પડે. હોળી સળગે છે. આ પૈસાવાળા સુખી છે કે દુઃખી? આ તો ખાવા બેઠો હતો અને બહાર હતું. પણ એ ૬૬-૬૭ની વાત છે. બહાર ઓલી ટોકરી વાગી ત્યાં ઊભો થઈ ગયો. ત્રણ રોટલી ખાતો હતો. મગન શેઠ હતા મગનલાલ. રૂપાળું પાતળું શરીર. પણ શું છે? કીધું આ તમે શું કરો છો? આ આના માટે રળો છો અને ખાવામાં સખ નથી? ઈ કહે, અમારે તો બધું મુંબઈમાં તો આવું જ છે ભાઈ! ભીખાભાઈ!

શ્રોતા :- હવે આજ કેટલું આગળ વધ્યું હશે મુંબઈ.

ઉત્તર :- એનાથી તો મહાતૃષ્ણા વધી ગઈ અત્યારે તો. તે દિ' તો આ તો ૬૬-૬૭ની વાત છે. સંવત્ ૧૯૬૬. અત્યારે તો મોટી હોળી સળગતી જાય છે. છે સખ ત્યાં ક્યાંય?

શ્રોતા :- થાણામાં બહુ વસ્તી ઓછી છે.

ઉત્તર :- થાણામાં પણ ત્યાં હોળી પૈસાની તૃષ્ણા છે બધી.

'**તૃષ્ણોના-ઘર-રહેઠાણ છે.**' એ પુણ્યો તૃષ્ણા એટલે ઈચ્છાનું રહેઠાણ છે. ત્યાં તો ઈચ્છા જ ઉત્પન્ન થશે. ઈચ્છા એ તૃષ્ણા અને એ દુઃખનું ઘર. આહા..હા..! જુઓ! આચાર્ય મહારાજ કઈ રીતે શુભભાવને હેય બતાવવા માટે તેના ફળમાં પણ શુભના ફળમાં તૃષ્ણાનું ઘર બતાવી રહ્યા છે. ત્યાં સંતોષ છે?

'**ભાવાર્થ :- ૭૩મી ગાથામાં કહ્યું હતું તેમ અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે,...**' પુણ્ય છે તો ખરા, જુઓને કેટલા પુણ્ય! માણસને, એવા બુદ્ધિ વિનાના હોય, સાધારણ હોય, પણ પૂર્વના પુણ્યને લઈને કરોડો પેદા કરતા હોય લ્યો! બુદ્ધિવાળા પડ્યા રહેતા હોય. બુદ્ધિના ખાં હોય. ખાં બુદ્ધિના હોય એ ૨૦૦ રૂપિયા પેદા ન કરે, મહિને પાંચસો ન કરે. અને સમજવા જેવા હોય બુદ્ધિના કોથળા-બુદ્ધિના બારદાન પાંચ-પાંચ લાખ પેદા કરે મહિને. એ તે શું છે? પૂર્વના પુણ્યને લઈને છે. માટે પુણ્ય છે ખરું કહે છે. પુણ્ય છે ખરું. બરાબર છે કે નહિ? વીરચંદભાઈ! પુણ્ય છે ખરું. અને દેખાય છે ને. બુદ્ધિના કોથળા-બારદાન હોય, પણ પાંચ-પાંચ લાખ પેદા કરે અને બુદ્ધિના ખાં હોય એને મહિને બસ્સો પેદા કરવા (પરસેવા ઉતરતા હોય). અમારે ખાનગી બહુ કાગળ આવે લ્યો. આજે બે કાગળ કો'કના આવ્યા છે. મહારાજ! અમે દુઃખી છીએ. એક હજાર રૂપિયા મોકલજો. અહીં જાણે પૈસા બહુ હશે. હું શીખ છું. શીખની બાઈ છું, મારે બહુ દુઃખ છે, મારો ધણી આમ થઈ ગયો, છોકરા આવા છે. લ્યો આવા કાગળ આવે. અહીં તે નવરા હશે? એક હજાર રૂપિયા મોકલો.

શ્રોતા :- ...

ઉત્તર :- હા, તમારી પાસે ફંડ ઘણા છે એમ લખ્યું છે. ઘણાં મોટા મોટા શેઠિયા છે માટે (મોકલો). અરે..! આ ધંધા હશે અહીં? દુનિયાને તે ક્યાં લખું છું કાગળ એની પણ ખબર નથી. આહા..હા..! ઘણાં કાગળ આવે છે હોં. એક બીજો કાગળ શું હતો? આજે બે હતા ને? બે હતા ને? નથી તમને કોને આપ્યા?

શ્રોતા :- ...

ઉત્તર :- એ તો કીધો એક. બીજો કોકનો હતો ને. શું હતું એમાં? એ પૈસા મગાવે. બે કાગળ આવ્યા હતા. ઈ એને ખબર નથી. રતિભાઈ ભોળા માણસ છે. એને ખબર નથી. ઘરના બૈરા જાણે કહે છે.

'**ભાવાર્થ :- ૭૩મી ગાથામાં કહ્યું તેમ અનેક પ્રકારના પુણ્યો વિદ્યમાન છે,...**' બે કાગળ આપ્યા હતા. મેં એને આપ્યા હતા. ચીમનભાઈ હતાને? ચીમનભાઈ ક્યાં ગયા? નહોતો એક કાગળ બીજો હતો કો'કનો. એમાં શું હતું? ખબર નથી એને. કહે છે, પુણ્ય હો, કોણે ના પાડી? એ શુભભાવ હોય છે. કષાયની મંદતા, દયા, દાન, ભક્તિ, શુભ છે. એનું ફળ પુણ્ય બંધાય છે અને એનું ફળ હોય છે. અમે પુણ્યની ના ક્યાં પાડી? પણ એ પુણ્ય છે તૃષ્ણાનું ઘર. સમજાણું કાંઈ? આહા..હા..!

વળી આજે એ બોલ આવ્યા છે લખાણ. એ શુભભાવ છે પણ શુદ્ધનું સાધન છે. તો સમન્વય થાય. સમન્વય કરો હવે કહે છે. એ આજે આવ્યું પાછું. અને નિમિત્ત ઉપાદાનમાં અતિશયતા ઊપજાવે છે. એટલી એમાં વિશેષ વિલક્ષણતા છે. અને નિયત-અનિયત બેય છે. હોળી તો આ બધી વાત પાંચની છે બધે. ક્રમબદ્ધ, ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય, વ્યવહાર. આજે લખાણ આવ્યું છે, જૈન ગેજેટ. આહા..હા..! અરે..! ભગવાન! તને ખબર નથી ભાઈ! તારી અવસ્થા તારાથી થાય તેમાં બીજા નિમિત્ત હો, પણ એ કરે શું તને? એમ બીજી ચીજ પણ બીજી ચીજની પર્યાયમાં પરિણમે એમાં તું કર શું એને? સ્વતંત્ર અવસ્થા તેની થાય છે. સમજાણું? બાબુભાઈમાં આવ્યું હતું વળી. ત્યાં સહારનપુરમાં. એનું આવ્યું હતું. જવાબ આપી શક્યા નહિ, ફલાણું કર્યું નહિ, ઢીંકણું નહિ. લખાણ જ અહીંનું બધું ઘણું.

કહે છે કે '**અનેક પ્રકારના પુણ્યો વિદ્યમાન છે,...**' જુઓ! કસાઈ હોય. જુઓને વાંદરાના કસાઈ નહોતા? રૂપાની ખુરશીએ બેસે, રૂપાની ખુરશી. કસાઈ. અને બિચારા દયાવાળા જીવ હોય પણ ખાવા પણ મળતું ન હોય. એ તો પૂર્વના પુણ્યને લઈને વસ્તુ હોય છે. એ પુણ્ય છે. કોણે ના પાડી? પણ એ પુણ્ય છે તૃષ્ણાના ઘર. '**તો ભલે હો. તેઓ સુખના સાધન નથી...**' લ્યો! એ પુણ્ય સુખના સાધન નથી '**પણ દુઃખના બીજરૂપ તૃષ્ણાનાં જ સાધન છે.**' આહા..હા..! શાંતિ ભગવાન આત્મામાં છે બાપુ, કહે છે. તૃષ્ણા ટાળી, શુભાશુભ પરિણામ રહિત એવો ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ ભગવાન પરમાત્મા તીર્થંકરે જોયો એવો આત્મા, એની અંદર નજર કરતા શાંતિ વળે એવું છે. બાકી શુભ પરિણામમાં

શાંતિ નથી અને અશુભમાં નથી અને બાહ્ય સામગ્રીમાં પણ નથી.

'**હવે, પુણ્યમાં દુઃખના બીજનો વિજય જાહેર કરે છે...**' એનો વિજય છે કહે છે. એ પુણ્યમાં દુઃખના તૃષ્ણાનો વિજય (છે). '**(અર્થાત્ પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે—**' જોયું આ! એ તૃષ્ણા દુઃખરૂપે વૃદ્ધિ પામે છે. જેમ જેમ પચ્ચીસ વર્ષનો, ત્રીસ વર્ષનો, ચાલીસ વર્ષનો થાય એમ વૃદ્ધિ પામે. ઝાડ ફાલે એને. ભીખાભાઈ! જે ઝાડ વાવ્યું હોય એ ફાલે. '**પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે...**' તૃષ્ણાનું બીજ એ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે. '**ફાલે છે એમ જાહેર કરે છે) :—**' આહા..હા..! ૭૫.

ते पुण उदिण्णतण्हा दुहिदा तण्हाहिं विसयसोक्खाणि।
इच्छंति अणुभवंति य आमरणं दुक्खसंतत्ता।।७५।।
તે ઉદિતતૃષ્ણ જીવો, દુઃખિત તૃષ્ણાથી, વિષયિક સુખને
ઇચ્છે અને આમરણ દુઃખસંતપ્ત તેને ભોગવે. ૭૫.

ઓહો..હો..! '**અન્વયાર્થ :- વળી, જેમને તૃષ્ણા ઉદિત છે...**' કીધું ને, પુણ્ય તૃષ્ણાનું ઘર છે. હવે એ તૃષ્ણા જેને ઉદિત છે '**એવા તે જીવો તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા,...**' કહો, એ દુઃખી છે. એ બધા કરોડોપતિ, અબજોપતિ બિચારા ભિખારી દુઃખી છે એમ કહે છે. ભારે વાત! દુનિયા કહે સુખી, જ્ઞાની કહે દુઃખી. જુઓ! '**તૃષ્ણા ઉદિત છે એવા તે જીવો તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા,...**' જોયું! સંયોગ ભલે અનુકૂળ હો, સમજાય છે કાંઈ? પણ તૃષ્ણા વડે દુઃખી વર્તતા થકા '**મરણપર્યંત...**' આહા..હા..! છેલ્લી ઘડી સુધી પણ સખ ન હોય એને. એ આમ કરી આવજે.. આમ કરી આવજે.. એક જણો મરવાની તૈયારી. દીકરાને કહે કે આટલો સિંધુના દાણાનું ઓલું જા જઈ આવ. તાર કરી આવ, સ્ટેશને તાર કરી આવ. એ તાર કરીને જ્યાં આવે ત્યાં અહીં ન મળે. બાપા ઉપડી ગયા લઈને મમતા, જાવ ઓલા ભવે. આટલી તે પણ ક્યાં સુધી? શરીર જીર્ણ થઈ ગયેલું, મરવાની તૈયારી, ડોક્ટરો કહે ઊભા થાશો નહિ હોં હવે આમાં ઊભા થવાનું નથી. પણ કહે એક આટલા .. એક તાર કરી આવ. હવે શું કરવું એનું? સમજાય છે? એને દીકરો એમ કહે કે બાપા! પણ આ મરવાની તૈયારી, આ શું કરો છો તમે આ? પણ જે બીજ રોપ્યા હોય એ ફાલે. જે જાતનું બીજ વાવ્યું હોય એ ફાલેને ઝાડ? પુણ્યના ફળમાં તૃષ્ણા હતી તો તૃષ્ણા વાવી છે. મરણમાં તૃષ્ણા ઘરડી થઈ. ઘરડી એટલે વધી. આમ જીર્ણ થઈ એમ નહિ. તૃષ્ણા ઘરડી થતી જ નથી. આવે છે ને એક શ્લોક? સમજાણું કાંઈ?

ઓહોહો..! '**મરણપર્યંત વિષયસુખોને ઇચ્છે છે...**' આમ કરજો... આમ કરજો... આમ કરજો. મરતા ખ્યાલ આવે કે હવે નહિ નભું. ડૉક્ટરે ના પાડી છે વૈદે કે આ ન ખાવું. તો બાયડીને કહે, ખાનગી થોડા ભજીયા કરી દે, પછી થાવું હોય તે થાશે. થોડુંક

તો કર. લાવ ખાઈ લઈએ. એમાંથી શું થયું? જાય મરે. ઈચ્છા... ઈચ્છા... ઈચ્છા... રસની ઈચ્છા, રૂપની ઈચ્છા, ગંધની ઈચ્છા, સ્પર્શની ઈચ્છા, ભોગની ઈચ્છા એવી અને વેપાર આદિ ધંધાની ઈચ્છા તૃષ્ણા ફાલે. મરતા પછી આ કરો ને આ કરો ને આ કરો. હવે રહેવા દો બાપા! અત્યારે રહેવા દો. અને જો કાંઈક વાત કરે કદાચિત... સમજાય છે? તો તૃષ્ણામાં એને ઘેરાઈ ગયેલો, સૂઝ ન પડે શું કહું છું ઈ.

'**દુઃખથી સંતપ્ત થયા થકા...**' ઓહો..હો..! ભગવાન આત્મા તો ઈચ્છા વિનાની ચીજ છે એનું તો ભાન નથી. સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. અને સમ્યગ્દર્શનનું ધ્યેય તો ચિદાનંદ આત્મા ધ્રુવ એ છે. એ શ્રદ્ધાનું ભાન નથી. પછી વિષય તૃષ્ણા ફાલે. આમ કરજો, આમ કરજો. હવે મરતા કહે, મારો દાડો આમ કરતા જાજો. પણ તું ક્યાં હવે રહેવાનો છો? એ બાર દિ'એ કરજો. ઉજવણું કરજો, ઉજળો દાડો. ઉજળો સમજાણું? ખાંડનો. ગોળનો પછી ખાંડનો. બ્રાહ્મણ આવે તો રૂપિયો-રૂપિયો આપજો. તે દિ' હોં! અત્યારે તો રૂપિયાની કિંમત વધારે. ૮૦-૮૧ની વાત છે. ..ભાઈ! એવું હતું તે દિ'. ઉજળો દાડો કરજો. પણ એલા દાડો એટલે દિવસ કરે છે ને. પણ તારે મરીને ક્યાંક જાવું છે અને આ શું ફાલ્યું તને? પણ માળે આબરૂ પ્રમાણે મર્યો જાણે ને લોકો. મર્યો પણ માળો માણીને મર્યો એમ. કહેતો ગયો, ઓછામાં ઓછા દશ હજાર તો ખરચજો. સમજાય છે ને? આપણી પાસે પાંચ લાખની મૂડી છે અને પાછળ આટલું તો હું ખર્ચવાનું કહેતો જાઉ છું. શું પણ હવે હોળી, તારે જાવું છે ક્યાંક અને આ શું? પણ તૃષ્ણાના બીજ વાવ્યા હતા ને, ફાલ્યા એ. ત્યાં એમાં ને એમાં તૃષ્ણા. આમ કરજો... આમ કરજો.. આમ કુ... જાય ઢોરમાં. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિયમાં ઊપજે કીડા-કાગડે. આહા..હા..! આ દશા. લ્યો આ પુણ્યના ફળ તરીકે મળ્યા એની દશાઓ આ છે એમ કહે છે.

શ્રોતા :- મળ્યું એનું કરવું શું?

ઉત્તર :- ક્યાં મળ્યું હતું? એ તો ત્યાં પડ્યું છે. મળ્યું છે ક્યાં પડ્યું છે. દૃષ્ટિ હટાવ કે હું આત્મા રાગ વિનાનો, પુણ્ય વિનાનો, પર વિનાનો મારી ચીજ ભિન્ન છે. એ દૃષ્ટિ કર તો તારી તૃષ્ણા મટે. એ વિના તૃષ્ણા મટે એવું નથી. આહા..હા..! પંચમ આરાના ધનાઢ્યો કેવા છે એનું વર્ણન કર્યું છે ભાઈએ બહુ, રત્નકરંડ શ્રાવકાચારમાં. આપણે એકવાર વંચાવ્યું, થોડું વાંચ્યું હતું. પંચમ આરાના ધનાઢ્યો કેવા છે? એ સારું ચિતરણ આપ્યું છે. વૈભવના અભિમાનીઓ, રળવાના અભિમાનીઓ, કાંઈક મળ્યું હોય તો સાધારણ માણસને (એમ કહે), તમને શું આવડે ઈ? એ તો અમને આવડે. ઓહો..હો..! એ.. ચંદ્રકાંતભાઈ! માથાના ફરેલા. એ નાખતા, વાળતા, લેતા અમને આવડે. તમે શું બુદ્ધિ વિનાના હવે, રળતા આવડે નહિ. બસ્સો રૂપિયા તો એં... એં... થઈ જાય. અહીં તો દશ-દશ હજાર રૂપિયા મહિને દિ' દિ'ના રળીએ. આવા વર્તમાન પંચમકાળના પુણ્યના ધનાઢ્યોના અભિમાન છે

કહે છે. કાળીદાસભાઈ! જે વાત હોય એનો બરાબર ચિતાર તો આપવો જોઈએને એને. આહા..હા..! એક તો પાપ કરતો જાય છે અને પૂર્વનું પુણ્ય ફળતું જાય છે એમાં તૃષ્ણા વધતી જાય છે. કહો, સમજાણું?

'**(-દુઃખદાહને નહિ સહી શકતા થકા) તેમને ભોગવે છે.**' તૃષ્ણા... તૃષ્ણા.. તૃષ્ણા. આ ખાવું, આ પીવું, આ લઉં. સારા મકાન, બારી-બારણા આવા, હવા આવી. આ જૂનું મકાન થઈ ગયું છે. પૈસા અછતને અછતમ કેમ ગોઠે? છતને અછત ગોઠે? આ બંગલો કરો, આમાં જરી એકાંત બહાર નીકળવું જોઈએ. શું કહેવાય? છજું. કે જે પાણી-બાણી આવે તો અહીં ન રહે અને એ ઝટ બારીમાં આવે નહિ. આઠ હાથનું છજું કાઢો પત્થરનું. શું કહેવાય આ તમારી? સિમેન્ટ. સિમેન્ટ કોંક્રીટ કરીને કરે છે ને આખું. અહીં બારીમાં પાણી આવી જાય તો છેટે રાખો. હવામાં બારી ઉઘાડી હોય તો આમ ઠીક પડે. બધું દેખાય. શું છે પણ આ?

શ્રોતા :- ...

ઉત્તર :- આ તૃષ્ણાની વ્યવસ્થા છે કહે છે. આ શુભ પરિણામમાં પુણ્ય બંધાય એના ફળમાં તૃષ્ણા વધે છે એમ કહે છે અહીં. શુભ વધ્યું એમાં આત્મા ક્યાં વધ્યો? એમ કહે છે. આહા..હા..!

'**ટીકા :- વળી, જેમને તૃષ્ણા ઉદિત છે...**' તૃષ્ણા જેને ઉદય પામી છે તૃષ્ણા. આત્મા તો છે નહિ ત્યાં, આત્માનું તો ભાન છે નહિ. '**એવા તે દેવપર્યંત...**' દેવ સુધીના, કહે છે. રાગથી માંડીને દેવ સુધી. '**દેવપર્યંત સમસ્ત સંસારીઓ, તૃષ્ણા દુઃખનું બીજ હોવાને લીધે...**' એ તૃષ્ણા છે એ દુઃખનું બીજડું હોવાને લીધે. '**પુણ્યજનિત તૃષ્ણાઓ વડે...**' પુણ્યથી ઉત્પન્ન થતી ઈચ્છાઓ વડે '**અત્યંત દુઃખી વર્તતા થકા,...**' જુઓ! આ ભગવાન આત્મા આનંદમૂર્તિ છે એનાથી વિરુદ્ધ શુભભાવ થાય તો એના ફળ તરીકે આ તૃષ્ણા વધશે એમ કહે છે. માટે શુભભાવ પણ હેય છે. આહા..હા..! અરે..! જગતને કઠણ બેસવું. એમાં ધર્મ માન્યો હોય લ્યો બધોય. એને એમ કહે કે આ તો શુભભાવ છે, આ તો પુણ્ય છે, એના ફળમાં તો ધૂળ મળશે કે આવું થાશે અને એ તૃષ્ણાને વધારશે. દુઃખ.. ગળે ઉતરવું ભારે. અને પર ઉપર કોઈપણ એવું પ્રરૂપ્યું હોય તો ઓલાને ગરી ગયું હોય બહુ સારી રીતે. પાંચ લાખ, દશ લાખ ખર્ચ્યા તમે. પચ્ચીસ લાખમાં દશ લાખ ખર્ચ્યા. તમારા પુણ્ય કેટલા! ઓહો..હો..! અને એ પુણ્ય ફાટશે તો પછી ધર્મ થશે. પુણ્ય કરતા કરતા ફાટે પુણ્ય તો ધર્મ થાય. પુણ્ય ફાટે? પુણ્ય તો રાગ છે. રાગના ફળમાં જડ બંધાય અને જડના ફળમાં સામગ્રી મળે. ફાટે તો આત્મા મળતો હશે ત્યાં?

કહે છે, '**તૃષ્ણા દુઃખનું બીજ હોવાને લીધે પુણ્યજનિત તૃષ્ણાઓ...**' દેખો! પુણ્યજનિત તૃષ્ણા કીધું હવે. સમજ્યાને? પુણ્ય છે અને એમાં તૃષ્ણા ઉત્પન્ન થઈ એમ.

'અત્યંત દુઃખી વર્તતા થકા, મૃગતૃષ્ણામાંથી જળની માફક વિષયોમાંથી સુખોને ઇચ્છે છે...' કહો, **'જેમ ઝાંઝવામાંથી જળ પ્રાપ્ત થતું નથી તેમ ઇન્દ્રિયવિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી.'** બધી સરખાઈ હોય તો સુખી કહેવાય કે નહિ? છોકરા સારા, દીકરી સારી, પૈસા, મકાન (સારા). અરે..! ઘરે ઢોર આવે એ સારું આવે પુણ્યાશાળી. લ્યો! મકાન હોય તો સારા. લેવા જાય તો મકાન પણ સારા મળે.

શ્રોતા :- સામા દેવા આવે.

ઉત્તર :- સામા દેવા આવે. લ્યો આ મકાન ભાઈ તાજું છે હોં, ૨૫ વર્ષનું કરેલું. .. નથી. ૬૦ હજારનું બનેલું છે પણ તમને જુઓ આપવા માગીએ છીએ, ૫૫ હજાર આપો. પાકું હોય આમ. શું કહે છે આ? પ્લાસ્ટિક. પ્લાસ્ટર પાકું મજબૂત આમ મારીને દે છે ને. નક્કર છે કે પોલું છે. નીકળે નક્કર. પુણ્યનું કારણ છે ને. તૃષ્ણા વધે. જુઓ! મકાન પણ અમને મળ્યા કેવા!

શ્રોતા :- ડહાપણ છે ને.

ઉત્તર :- ધૂળેય ડહાપણ નથી તારું એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો પુણ્યને યોગે એવી સામગ્રી હોય છે. એમાં તને તૃષ્ણા વધી જાય છે. જુઓને અમને લેતા કેવું આવડે! મકાન લેતા અમને આવડે, તમને તો આવડે નહિ. પોલું ભમ જેવું હતું. પ્લાસ્ટર કાચું. અંદર સર્પ રહેતા હતા એવા મકાન તમને મળ્યા અને અમારે તો પ્લાસ્ટર પાક્કા. જીવાત રહે નહિ કોઈ દિ'. એની પોર હોય એને. આ મૂર્ખાઈનું ડહાપણ છે બધું, સાંભળને.

કહે છે, એ **'મૃગતૃષ્ણામાંથી જળની માફક...'** ઝાંઝવામાંથી જળ પ્રાપ્ત થતું નથી એમ **'વિષયોમાંથી સુખને ઇચ્છે છે...'** પણ સુખ ત્યાં છે નહિ. એ પૈસા, બાયડી, છોકરા, કુટુંબ ને ધૂળ ધમાહા, ઇન્દ્રપદ મળ્યા. દુઃખ... દુઃખ... દુઃખ... દુઃખ... તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... દુઃખી, દુઃખની જ્વાળાએ સળગે છે કહે છે. દુનિયા એને સુખી અજ્ઞાનીઓ કહે છે. આ શેની વાતું ચાલે છે આ? પુણ્ય અને પુણ્યના ફળ કેવા છે. શુભ ઉપયોગ. આહા..હા..! બાપુ! શુભભાવ છે એ તો રાગ છે, શુભરાગ છે. એનાથી બંધ થાય, એનાથી ફળ બહાર આ મળે, એમાંથી તૃષ્ણા વધશે તને.

શ્રોતા :- પણ નરકમાં તો ન જાવું પડે.

ઉત્તર :- અરે..! એના ફળમાં તૃષ્ણા હજી વધી જાય (એટલે) નરકમાં જાય હેઠો. પુણ્યના ફળ તરીકે હોં, આ બાહ્ય સામગ્રી મળ્યા પછી. સમજાણું કાંઈ?

'વિષયોમાંથી સુખોને ઇચ્છે છે અને તે દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી...' દેખો! દુઃખદાહ, દુઃખની બળતરા, પીડા. ધંધો કરવા દેવા ન જાય તો બળે બળતરા. કારણ કે ૨૫-૨૫ વર્ષથી ધંધા કર્યા હોય, ૩૦-૩૦ વર્ષથી હોળી સળગી હોય. દુકાને જવા નહિ દો તો મરીશ એમ કહે. દુકાને લઈ જાવ. શું છે પણ આ હોળી? એ..

છગનભાઈ! પક્ષઘાત થયો હોય અડધો, તો કહે ખુરશીમાં બેસાડીને લઈ જાવ. એવી તૃષ્ણા-તૃષ્ણા. આહા..હા..! ભગવાન આત્મા આનંદકંદ સ્વરૂપ છે તેના તો ભાન નથી એને. પોતાની જાતની તો ખબર નથી અને કજાતની તૃષ્ણામાં દોરાઈ ગયો, દુઃખી... દુઃખી... દુઃખી છો. સમજાણું કાંઈ?

'**તે દુઃખસંતાપના વેગને...**' દેખો! દુઃખ સંતાપનો વેગ આવે એને. જોર આ ઉભરો જેમ દૂધમાં આવે ને, એમ એને તૃષ્ણાનો વેગ આવે. આમ કરું... આમ કરું... આમ કરું. શું છે પણ આ? હું જીવીશ ત્યાં સુધી મારું કામ કરીશ અને તમને કરાવીશ. ત્યાં સુધી સખ આવવા દઉં નહિ. એમ કહે લ્યો. આહા..હા..! એઈ..! દુકાને આવવાની ના પાડે છે છોકરાઓ કે બીજા. દુકાને બાપુ શું કરવા વહેલા આવો છો? હું વહેલો આવીશ છ વાગે, પાંચ વાગે અને બધાને ઉઠાડીને કામ કરીશ. આહા..હા..! જુઓ તૃષ્ણા ફાટી. દુઃખી બિચારા દુઃખી છે, ઈ કહે છે. આહા..હા..!

એ '**દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી વિષયોને...**' શબ્દ, રૂપ, રસ આબરૂ માટે. આબરૂ પણ વિષય છે ને. નાક રાખવા માટે મરી જાય બિચારા. આબરૂ રાખવા ખેંચાઈને મરે તૃષ્ણામાં. '**ક્યાં સુધી? વિનાશ (-મરણ) પામે ત્યાં સુધી.**' મરે ત્યાં સુધી. મરવાની છેલ્લી ઘડી સુધી પણ એને તૃષ્ણા મટે નહિ. આ દુઃખી બિચારા મરીને ચાર ગતિમાં પુણ્યના ફળ તરીકે મળ્યું, જાશે હેઠે. કહો, શુભભાવ કર્યો હતો એમાં ફળ આ મળ્યું અને એમાં તૃષ્ણા વધી ને જાશે હેઠે અધોગતિ. આહા..હા..! જ્યાંથી પાછું માણસપણું મળવું મુશ્કેલ છે. એવી વાત છે ભાઈ!

માટે કહે છે કે આવું મનુષ્યપણું મળ્યું ભાઈ! તારું સ્વરૂપ આનંદ છે, શુદ્ધ છે એની દૃષ્ટિ કર, તને તૃષ્ણા ઘટી જશે. તારી રુચિ સ્વભાવ ઉપર રહેશે. પુણ્ય પરિણામ આવશે પણ એની રુચિ રહેશે નહિ. રુચિ રહેશે નહિ એટલે એ હેયબુદ્ધિએ થશે. એ તને પરતંત્રતા આપશે નહિ. સામગ્રી મળશે, પણ હેયબુદ્ધિએ રહેશે. સમજાણું કાંઈ? આ તો ઉપાદેયબુદ્ધિએ કામ કર્યું છે તો એના ફળ તરીકે ઉપાદેયબુદ્ધિ ત્યાં રહેશે અને હેરાન થાશે મરતા.

'**કોની જેમ? જળોની જેમ.**' કોની પેઠે કહે છે મરણ પામશે? '**જળોની જેમ.**' આ જળો હોય છે ને જળો. લોહી પી પીને પોઢી થાય. માથામાં હોય છે ને ઓલું લોહી ચૂસે. પોઢી થાય ને પછી ફાટે, મરી જાય. બહુ ફાટે ને પી પીને મરી જાય. એની માફક. '**જેમ જળો, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે...**' દેખો! દુઃખના અંકુરનો વિજય છે ત્યાં તો, કહે છે. આહા..હા..! આત્મા તો હારી ગયો છે ત્યાં. ભારે પણ ઓપ આપીને શોભાવ્યું છે. '**વિજય પામતા દુઃખાંકુર વડે...**' એ તો દુઃખના અંકુરનો વિજય છે ત્યાં તો. એ પુણ્યના ફળમાં ધૂળમાં અને શરીર સુંદર ને બધું અનુકૂળતામાં દુઃખના અંકુરનો વિજય છે. એ દુઃખની ઉત્પત્તિનો વિજય છે ત્યાં. આનંદની ઉત્પત્તિનો

નાશ છે. આહા..હા..! ઓલો .. પામે. કારણ કે શુભભાવ વખતે જ આત્માના આનંદનો નાશ થયો કહે છે. સમજાણું કાંઈ? શુભભાવ વખતે જ આત્મા આનંદ શુદ્ધ છે એનો અંશે નાશ થયો. એથી એના ફળ તરીકે મળ્યું એમાં પણ દુઃખના અંકુરનો જ વિજય છે. દુઃખના અંકુરો ફાટશે, એની જાહેરાત છે, વિજયપણું એનું છે. તારા આત્માનું ત્યાં વિજયપણું નથી. આહા..હા..!

'**વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતી હોવાથી,...**' ઓલી જળો. '**ખરાબ લોહીને ઇચ્છતી અને તેને જ ભોગવતી થકી વિનાશપર્યંત ક્લેશ પામે છે,...**' પહેલી દુઃખી થાય, ફાટે શરીર જળોને, પછી મરી જાય. એમ અજ્ઞાનીઓ '**તેમ આ પુણ્યશાળીઓ પણ...**' દેખો! એ પુણ્યશાળીઓ. ભાષા કેવી કરી જુઓ! પૂર્વના શુભભાવથી મળ્યું પુણ્ય અને એના પુણ્યશાળીઓ એ '**પાપશાળીઓની માફક,...**' અળખા કર્યા. જેમ જળો લોહી પીતા પીતા મરી જાય (ત્યાં) સુધી પીવું છોડે નહિ. એમ અજ્ઞાની પુણ્યના ફળ તરીકે જે સામગ્રી મળી મરતા સુધી પણ તૃષ્ણા મૂકે નહિ. દુઃખનો જાહેર વિજય છે ત્યાં. દુઃખની પ્રસિદ્ધિ છે ત્યાં. આત્માના આનંદનું ખૂન છે ત્યાં એમ કહે છે. આહા..હા..! સમજાણું? માટે શુભભાવ તે હેય છે અને આત્માનો ભાવ શુદ્ધ તે ઉપાદેય છે એમ સિદ્ધ કરવું છે. ભારે આકરું માણસને લાગે. ભાઈ! હવે શુભભાવ કરે છે કાંઈક તો કાંઈક કાંઈક ધર્મનો અંશ હશે કે નહિ?

શ્રોતા :- કરવા ઘો તો ને.

ઉત્તર :- પણ કરે છે જ ક્યાં? છે તારું. તારું પુણ્ય છે એ તો છે. પણ એમાં તને આત્મા ક્યાં? શાંતિ ક્યાં છે? સમજાણું કાંઈ? કેટલાક કહે, આમ જો પુણ્યના ફળનું આવું કરશો તો પછી બધા છોડી દેશે. કોણ છોડે? સાંભળને! એની પર્યાયમાં જે ભાવ આવવાનો છે એ ક્રમસર આવશે અને અજ્ઞાની એમાં દોરાઈ જશે. અહીં તો દૃષ્ટિ ત્યાં દોરાઈ છે એને છોડીને આત્મા ઉપર દૃષ્ટિ કર એમ કહેવા માગે છે. આહા..હા..! સમજાય છે?

'**પુણ્યશાળીઓ પણ, પાપશાળીઓની માફક,...**' લ્યો ઠીક! શું કહ્યું ત્યાં? '**पुण्यशालिनः पापशालिन इव**' લ્યો! શબ્દ એ પડ્યા છે. '**તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે...**' તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... કેટલું વધ્યું! ઓહો..હો..! સમજાણું? દશ-દશ કરોડ, વીસ-વીસ કરોડ રૂપિયા એક આદમી પાસે છે અત્યારે. દશ કરોડ તો પહેલાના હતા. પણ અત્યારે તો હીરા-માણેકના બહુ ભાવ વધી ગયા એટલે દશ કરોડનું કેટલું કહેવું એમ કહે છે. દશ કરોડ તો પહેલાના કહેતા. હીરા-માણેક ઘરે ભર્યા છે બધા હોં. દશ કરોડના પહેલા, ઘણા વર્ષ પહેલાં. એ પણ વેચે નહિ એટલે અત્યારે એની કિંમત કેટલી થઈ ગઈ હશે. ચાલીસ કરોડ કે પચાસ કરોડવાળો.

શ્રોતા :- વેચે જ નહિ.

ઉત્તર :- વેચે જ નહિ ને સામું જોવે નહિ ને. પણ ઘરે એક દરજી બેસાડ્યો હોય કામ કરવા અને ઓલી આવે છે ને ઓલી ગરેડી દોરાની, એ જો બેસાડ્યો હોય અને એ જો ક્યાંક નાખી દીધી હોય તો કહે, લાવો નહિતર એ પૈસા નહિ દઉં. અરે..! ભારે ભાઈ! ઘરે દશ કરોડ તો કે દિ'ના પડ્યા છે હોં! અત્યારે છે એ માણસ અને અત્યારે હીરા-માણેકની બહુ કિંમત વધી ગઈ એટલે કેટલા કરોડો (વધી ગયા). હમણાં જ કહેતા હતા ને ભાઈ. દીપચંદ શેઠિયા કહેતા હતા. એની કિંમત નહિ, એકલા માણેક અને હીરા જ પડ્યા છે ઘરે. દશ કરોડના ઘણા વર્ષના. વાપરે નહિ. પણ સઈ બેસાડ્યો હોય ને એમાં ઘરે કાપડમાં, એ ગરેડી ક્યાં નાખી દીધી? કહો, હવે આવા .. વાતું. બિચારા ભિખારી દુઃખી છે. અને નોકર રાખે એને શીશી થઈ રહી હોય શીશી ખાલી, જો આ જ્યાં વેચાય ત્યાં ત્રણ આના બરાબર લાવજે. શીશીના ત્રણ આના ઉપજશે. હવે તારે આ તે કેટલી તૃષ્ણા પણ? એ શીશી ખાલી પડી હોય ને ખાલી દવાની, એને વેંચી આવજે. નોકર રાખ્યો હોય એને સો કે બસ્સોનો પગાર આપતા હોય, એને કહે ત્રણ આના લાવજે હોં. ઓછા પૈસા લાવીશ નહિ. ભારે ભાઈ! એ આ પુણ્યશાળીઓ પાપશાળીની પેઠે દુઃખી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા, એ શુભ અને અશુભ રાગ વિનાની ચીજ છે એની દૃષ્ટિ અને જ્ઞાન કર તો સુખ છે, ધર્મ છે, બાકી છે નહિ, એમ સિદ્ધ કરે છે. બાકી તું શુભભાવમાં ધર્મ માનતો હો તો મરી જઈશ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભભાવ તો કરીએ છીએ ને અમે? ધર્મ તો કરીએ છીએ ને? ક્યાં પાપ કર્યું છે? પણ એ શુભભાવ એ પોતે જ આત્માના સ્વભાવથી વિરુદ્ધ છે એ પાપભાવ છે. સાંભળને! નિશ્ચયથી તો એ પાપ છે. સમજાણું કાંઈ? ગળે ઉતરવું આકરું ભારે જગતને. એવી મીઠાશ બહારની ને. અંતરમાં ચીજ કોઈ મહાન વીતરાગમૂર્તિ આનંદકંદ છે, શુદ્ધ સ્વભાવનો એકલો સાગર છે એની તો ખબર નથી. શ્રદ્ધાની ખબર ન મળે, જ્ઞાનની ખબર ન મળે, માહાત્મ્યની ખબર ન મળે અને આચરણની તો ખબર ક્યાંથી હોય? કહો, સમજાણું કાંઈ?

એ '**તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતા હોવાથી,...**' અરે..! આ ખાઈ શકતો નથી, આ પી શકતો નથી. કેટલા તો ઈંજેક્શન લેવા પડે દરરોજ એને. આહા..હા..! ગોળીના પાર ન મળે. એક તો શેઠિયો એવો હતો મોટી તળાઈ રાખે સાત હાથનું લાંબુ પહોળું સાત હાથની તળાઈ લાંબી. આમ લાંબી હોં. સૂવાની તો ઠીક. અહીંથી અહીં આળોટે તો ઊંઘ ન આવે. આખા ઓરડામાં એક જ હોં. આમથી આમ આળોટે. અને એ પણ પાછું કાંઈક લેવું પડે ઓલી આવે છે તમારે ગોળીયું ઊંઘની. અરે..! પણ ક્યાં સુધી આ ગોળીયું લેશો? મરી જશો તમે. એમ કે વધતા વધતા સાત-આઠ ગોળી થઈ ગઈ છે રાતે સૂતા સૂતા. અને પૈસાવાળા કરોડોપતિ હોય લ્યો! દુઃખી

છે બિચારા. અરે..! આ શુભભાવના ફળ તરીકે દુઃખની તૃષ્ણામાં પડ્યા છે. એટલે શુભભાવ આત્માને હિતકર નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..!

'**તેમને જ ભોગવતા થકા વિનાશપર્યંત (-મરણ પામતાં સુધી) ક્લેશ પામે છે.**' બિચારા કહે છે. એને સુખ છે નહિ. સુખ તો, ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ છે તેની દૃષ્ટિ અને જ્ઞાન કરતાં સુખ છે, બાકી સુખ બીજે ક્યાંય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્રી પ્રવચનસાર, ગાથા-૭૯-૮૦, પ્રવચન નં. ૬૪, તા. ૧૨-૧૧-૧૯૬૮ (૨૫)

૭૯ ગાથા. પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ અધિકાર. શું કહે છે? આચાર્ય મહારાજ આત્માનુભવી છે સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શનપૂર્વક જેણે ચારિત્ર અંગીકાર કર્યું છે. ચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતા. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ, સિદ્ધસ્વરૂપ આત્મા પરમાનંદ સ્વરૂપ છે એનો અનુભવ કરીને સમ્યગ્દર્શન છે અને એ ઉપરાંત એણે ચારિત્ર એટલે સ્વરૂપમાં રમવાનું, સ્થિર થવું એ ચારિત્ર પણ અંગીકાર કર્યું છે. પણ હવે શુભ ઉપયોગ છે, રાગ હજી વચમાં આવે છે એ હું નહિ છોડું તો મને આત્માની પ્રાપ્તિ નહિ થાય એમ વર્ણવે છે.

શ્રોતા :- ...

ઉત્તર :- ધૂળમાંય કરતો નથી. પંચ મહાવ્રતના જે પરિણામ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય આદિ એ પણ એક શુભ વિકલ્પ અને રાગ છે. એ કાંઈ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? શું કીધું?

'**सर्व सावद्ययोगने छोडीने...**' એ શબ્દ આવ્યો છે. કહે છે કે મેં પાપના પરિણામ-સાવદ્ય પરિણામ છોડ્યા. સમજાય છે કાંઈ? '**छोडीने चारित्र अंगीकार कर्युं...**' મેં સ્વરૂપમાં રમવાનું ચારિત્ર પણ અંગીકાર કર્યું. '**कर्युं होवा छतां जो हुं शुभोपयोगपरिणतिने वशपणे मोहादिकनुं उन्मूलन न करुं,...**' પણ કહે છે કે વચમાં જે પંચ મહાવ્રતના અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ જે શુભ આવે છે દયા, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, નગ્ન થઉં એવો વિકલ્પ, એવો જે શુભભાવ એને જો વશ થઈને શુભ ઉપયોગ પરિણતિ, શુભરાગની અવસ્થા એવી અવસ્થાને વશ થઈને '**मोहादिकनुं उन्मूलन न करुं,...**' જો એ રાગાદિ હરખ આદિના પરિણામ, રતિ આદિના પરિણામ એને ઉન્મૂલન નામ મૂળથી નાશ ન કરું. '**જડમૂળથી કાઢી નાખવું તે; निकंदन.**' સમજાણું કાંઈ? એ મહાવ્રતના પરિણામ મુનિને આવે એ પણ શુભરાગ છે. કહે છે કે એનો જો નાશ ન કરું '**तो मने शुद्ध आत्मानी प्राप्ति क्यांथी थाय—**' દેખો! આત્મા સમ્યગ્દર્શન પ્રાપ્તિ ઉપરાંત, સ્વરૂપની ચારિત્ર રમણતા ઉપરાંત વચમાં શુભરાગ જે આવે છે છઠ્ઠા ગુણસ્થાનમાં, કહે છે કે શુભ ઉપયોગ પરિણતિને વશ. જો એને તાબે રહું તો મોહાદિકનું ઉન્મૂલન ન કરું. એને તાબે થઉં તો રાગને વશ-નાશ કરી શકું નહિ. '**तो मने शुद्ध आत्मानी प्राप्ति क्यांथी थाय...**'

તો મને શુદ્ધ સ્વરૂપ આનંદમૂર્તિ એની પર્યાયમાં—અવસ્થામાં સિદ્ધપદની પ્રાપ્તિ શુદ્ધ ઉપયોગ વિના કેમ થાય? શુભ ઉપયોગથી થાય નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**એમ વિચારી મોહાદિકના ઉન્મૂલન પ્રત્યે...**' એ રાગનો વિકલ્પ જે ઊઠે છે, આત્મધ્યાન છે, જ્ઞાન છે, ચારિત્ર છે છતાં એ વિકલ્પ જે શુભ છે એને '**ઉન્મૂલન પ્રત્યે સર્વ આરંભથી (-ઉદ્યમથી) કટિબદ્ધ થાય છે.**' સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપયોગ અંદર પ્રગટ કરવા માટે પુરુષાર્થ કરે છે. કહો, આચાર્યે.. દુનિયા તો હજી આત્માના ભાન વિના (માને કે) આ કંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, મહાવ્રતના પરિણામ એ ધર્મ છે અને એ ચારિત્ર છે.

શ્રોતા :- એ સંયમ કહેવાય.

ઉત્તર :- સંયમ કહેવાય એ. ધૂળેય સંયમ ન કહેવાય. અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ અનંત આનંદ આદિ ગુણનો પિંડ એવી વસ્તુની અંતર દૃષ્ટિ, અનુભવ થઈને, થયા છતાં, અને સ્વરૂપમાં રમણતાની પરિણતિ પ્રગટ થયા છતાં જો આ શુભ ઉપયોગ જે હજી પંચ મહાવ્રત ને આ એકવાર આહાર કરવો, ઊભા ઊભા આહાર કરવો, છ આવશ્યક, સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ આદિ સામાયિક કરું ને આ કરું એવો જે વિકલ્પ એને જો ન છોડું તો મને શુદ્ધની પ્રાપ્તિ ન થાય, શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થાય. માટે '**સર્વ આરંભથી કટિબદ્ધ થાય છે.**' દેખો! પુરુષાર્થની ઉગ્રતા સ્વભાવમાં .. શુભભાવને છોડી પોતાના સ્વભાવમાં સન્મુખ થાય છે. એની આ ગાથા છે. કહો, સમજાણું કાંઈ?

જેને હજી આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ચિદાનંદ સ્વરૂપ છે, સહજાત્મ સ્વરૂપ છે એવું જેને ભાન જ નથી, અનુભવ નથી, દૃષ્ટિ નથી એના વ્રતાદિના પરિણામ તો એકલા પુણ્યવાળા પાપને છોડીને એમ કહે કે અમે પુણ્ય કરીએ છીએ, પણ દૃષ્ટિ તો એના ઉપર છે તો મિથ્યાત્વનો ભાવ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે, હું... મુનિ છે પોતે દિગંબર સંત. આહા..હા..! સમજાણું કાંઈ? હું આત્મા, પુણ્ય-પાપની વૃત્તિઓ, વિકલ્પોથી રહિત એવી મારી સ્થિતિ-દૃષ્ટિ છે, એ ઉપરાંત સ્વરૂપમાં રમણ કરું એ ચારિત્ર પણ છે છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય. સમજાણું કાંઈ? પણ જે અઠ્ઠાવીશ મૂળગુણ છે, પંચ મહાવ્રત, સામાયિક, ચોવિસંથો, વંદન, પડિકમણું વિકલ્પ એ તો શુભ પરિણતિ છે, શુભ રાગ છે, એ વ્યભિચાર છે. ભગવાનજીભાઈ! આવશે હમણાં. નીચે અર્થમાં આવશે હજી. એનો ખુલાસો કરશે. આહા..હા..! તે '**સર્વ આરંભથી કટિબદ્ધ થાય છે.**' જુઓ હવે એ ગાથા.

चत्ता पावारंभं समुट्ठिदो वा सुहम्मि चरियम्हि।
ण जहदि जदि मोहादी ण लहदि सो अप्पगं सुद्धं।।७९।।

છે નીચે, નહિ?

જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,
જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.

એનો અન્વયાર્થ-શબ્દાર્થ. '**પાપારંભ છોડીને...**' એ ગૃહસ્થાશ્રમના બાયડી-છોકરા પ્રત્યેના પાપના પરિણામ છોડ્યા, સાવદ્યયોગના પરિણામ છોડ્યા છતાં '**શુભ ચારિત્રમાં ઉદ્યત હોવા છતાં...**' એ પંચ મહાવ્રતના પરિણામ જે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના પરિણામમાં ઉદ્યત હોવા છતાં '**જો જીવ મોહાદિકને છોડતો નથી,...**' એવા જે શુભભાવને છોડતો નથી. કહો, ભીખાભાઈ! પંચ મહાવ્રતના પરિણામ એ પણ છોડવા જેવા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- .. ઉપાદેય છેને.

ઉત્તર :- ઉપાદેય ત્રણ કાળમાં નથી. શુભભાવને ઉપાદેય માને તે મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. કથંચિત્. કથંચિત્ એટલે? કથંચિત્ ધર્મ નથી અને કથંચિત્ પાપ છે. કહો, સમજાણું કાંઈ? જેને પહેલેથી જે કાંઈ શુભરાગ અને શુભયોગ પરિણામ છે, એને જે ધર્મ માને અને ધર્મનું કારણ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ અભવિ જેવો જીવ છે. એ તો માથે આવી ગયું છે પહેલું. સમજાણું કાંઈ? આહા..હા..! જગતને ઊંધું મળ્યું છેને. બિચારા ઊંધામાં કચરાઈ ગયા છે. વસ્તુ સત્ય શું છે એને સાંભળવા મળતી નથી. અહીં કહે છે કે પાપારંભને છોડી છતાં જો શુભને ન છોડું તો તે શુદ્ધ આત્માને પામતો નથી. તો શુદ્ધ આત્માની પ્રાપ્તિ એટલે મુક્તિ નામ સિદ્ધિ મને થતી નથી.

'**ટીકા :- જે (જીવ) સમસ્ત સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ...**' એમ કહે છે. જે કોઈ આત્મા સાવદ્યયોગ-પાપયોગ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એવા પાપના યોગના '**પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને...**' પરમ સમતા ગ્રહણ કરું છું એવી પ્રતિજ્ઞા કરી. '**પણ ધૂર્ત અભિસારિકા સમાન...**' દેખો! એ અમૃતચંદ્રાચાર્યની ટીકા. '**ધૂર્ત અભિસારિકા = સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.**' એ શુભભાવને વ્યભિચારી-વેશ્યા જેવું કહ્યું છે. આહા..હા..! છે અંદર? છે કે નહિ પણ અંદર? શુભ પુણ્યના ભાવને-એ પંચ મહાવ્રતના ભાવને, છ આવશ્યક સામાયિક, ચોવિસંથો, વંદન, પડિક્કમણું, પચ્ચખાણ એવા છ આવશ્યકના ભાવને વ્યભિચારી ભાવ કહ્યો છે. આહા..હા..! રાગ છે. ભગવાન આત્મા ચિદાનંદ અનાકુળ આનંદ છે. સમજાણું કાંઈ?

'**ધૂર્ત અભિસારિકા...**' પાછું એમ છે. ધુતારી '**સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.**' એમ. એવી સમાન શું? '**શુભોપયોગપરિણતિથી અભિસાર (મિલન) પામતો થકો...**' જુઓ ભાષા! આહા..હા..! ભગવાન આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ. અહીંયાં જ્ઞાનપ્રજ્ઞાપનનો અધિકાર છેને? એકલો જ્ઞાનસ્વરૂપ ચિદાનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિ થઈ, ચારિત્ર પણ થયું, છતાં કહે છે કે શુભ ઉપયોગની પરિણતિને જો હું પામું (તો) ધૂર્તવેશ્યા જેવી

પરિણતિ છે એ. મુનિના પંચ મહાવ્રતના પરિણામ... આહા..હા..! રાગ છે એ જૈનશાસન હોય? એ તો રાગ છે. એઈ..! આ લોકો બિચારા વાડામાં બંધાઈને ઊંધું મળ્યું છેને, એ ઘૂંચ્યા કરે અને એમને એમ ચાર ગતિમાં મરી જવાના. આ વસ્તુની હજી દૃષ્ટિની ખબર નથી.

શ્રોતા :- કડકાઈ વાપરી છે.

ઉત્તર :- કડકાઈ વાપરી? ઈ વિના ઓલો ઊંચો ન થાય.

અહીં તો આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યની ગાથાની ટીકા કરનાર. કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલા થયાં. દિગંબર સંત, સનાતન સંત. એના પછી અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ અત્યાર પહેલા થયાં હોં! એના પછી હજાર. એ ટીકા કરીને કહે છે કે શુભ ઉપયોગ... પાઠમાં તો આટલું લીધું. '**वा सुहम्मि चरियम्हि समुट्ठिदो**' એટલે '**पावारंभं समुट्ठिदो वा सुहम्मि चरियम्हि। ण जहदि जदि मोहादी ण लहदि सो अप्पगं सुद्धं**' એટલે પાઠ મૂક્યો. એનો અહીં ખુલાસો કર્યો આચાર્યે. આહા..હા..! ભારે વાત ભાઈ! કહે છે કે મેં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના એવા પાપના પરિણામ તો મેં છોડ્યા અને મારા સ્વરૂપની દૃષ્ટિપૂર્વક, સ્વરૂપની સ્થિરતા પણ ત્રણ કષાયના અભાવવાળી થઈ છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિને. એમાં આ અઠ્યાવીશ મૂળગુણનો જે રાગ આવે છે એ કેવો છે? ધૂર્ત અભિસારિકા સમાન. ... છે કે નહિ એમાં? ત્યારે ભગવાનજીભાઈએ કીધુંને, આકરું.

'**ધૂર્ત અભિસારિકા સમાન...**' કોણ? શુભ ઉપયોગ પરિણતિ. એ શુભ ઉપયોગની પર્યાય, રાગની મંદતાનો વિકલ્પ. આહા..હા..! ભગવાન આત્મા તો નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિ અને સ્થિરતા હોવા છતાં આવા શુભ ઉપયોગને ધૂતારી વેશ્યા કહે છે. વશ કરી દેશે. આહા..હા..! મહાવ્રતના પરિણામ છે, શું કાંઈ પાપ છે આ? આમ છે, દયા દાન છે.

શ્રોતા :- મૂળગુણ કેમ કીધા?

ઉત્તર :- એને અઠ્યાવીશ મૂળગુણ કીધા, અઠ્યાવીશ મૂળગુણ મુનિના કીધા. તો મૂળગુણ હશે, તો ગુણ હશે તો કીધા કે નહિ? ઠગારી પરિણતિ છે કહે છે ઈ. એ.. વીરચંદભાઈ! ભારે આકરી ભાષા! તે વિના ઊંચો થાતો નથી લ્યો! એવો ચોંટ્યો છેને પુણ્ય... પુણ્ય... પુણ્ય... પુણ્ય... પુણ્ય... પુણ્ય.. પુણ્ય એટલે જાણે શું હશે?

શ્રોતા :- પુણ્ય એટલે ભગવાન.

ઉત્તર :- એનો ભગવાન પુણ્ય. એનો ભગવાન આત્મા નહિ. સમજાણું કાંઈ? આ તો મુનિ છે, ભાન છે છતાં કહે છે, આ શુભ પરિણતિ ઠગી જાય નહિ મને એમ કહે છે. એય..! આહા..હા..!

ભગવાન વીતરાગસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપ છે આત્મા તો. નિર્દોષ વીતરાગ આનંદકંદ સચ્ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ છે. એવી દૃષ્ટિ થઈ, ચારિત્ર થયું, છતાં કહે છે, એ શુભ ઉપયોગ, શુભ ઉપયોગ પરિણતિ. ભાષા એમ લીધી જોયું! શુભ ઉપયોગની પર્યાય છે એમ કહે છે,

પરિણતિ છે. '**ધૂર્ત અભિસારિકા સમાન...**' છે. ધૂતારી દશાની સમાન છે તો ઠગી જાય છે. સારા કપડા પહેરીને બાયડી આવી હોયને સરખા, આમ હોય મહા મુસલમાન કે હલકી. કપડા પહેરીને સરખી બોલતી હોય તો ઠગાવી દે હિન્દુને પણ. એમ કહે છે કે શુભ પરિણતિ ઠગ છે એક. આહા..હા..! સમજાણું કાંઈ? એ અઠ્યાવીશ મૂળગુણ ઠગારી પરિણતિ છે એમ કહે છે. આહા..હા..! પ્રાણભાઈ! વ્યભિચાર છેને? શુભરાગની સાથે પ્રેમ કરવો અથવા એકાગ્ર થવું એ વ્યભિચાર છે. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદસ્વરૂપ છે એનું બ્રહ્માનંદ સ્વરૂપ એ બ્રહ્મમાં આનંદમાં લીન થવું એ એનો બ્રહ્મચર્યભાવ છે. બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આનંદમાં ચરવું એ બ્રહ્મચર્યભાવ છે. એને ઠેકાણે કહે છે કે આવા શુભભાવ(ને) અભિસાર પામતો થકો. શું કહે છે?

'**(અર્થાત્ શુભોપયોગપરિણતિના પ્રેમમાં ફસાતો થકો)...**' જુઓ! ભાષા છેને ઓલી? '**સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.**' આ ઠેકાણે આવજો. કહેને વ્યભિચારી? એમ આ ઠેકાણે શુભભાવ કહે છે કે જુઓ! શુભભાવમાં આવજો, એમાં તમને લાભ છે. આ લાભ તો માનતો નથી હોં, પણ અસ્થિરતામાં ઠગી જાઈશ નહિ, એમ કહે છે. કહો, આપણે બોલ નાખ્યા હતા એક ફેરી વ્યવહારનયના ઘણા, નહિ? એમાં આ નાખ્યું હતું. છાપામાં આવી ગયા છે, આત્મધર્મમાં આવી ગયા છે. ભાઈ! શાંતિથી સમજવા જેવી વાત છે, ભાઈ! એ શુભ વિકલ્પ છે એ કાંઈ આત્માનું સ્વરૂપ છે? આત્માનો ધર્મ છે? ધર્મ તો આત્મા નિર્દોષ આનંદસ્વરૂપ એ વીતરાગી પરિણતિએ—અરાગ પરિણતિએ પરિણમે તે ધર્મ છે. એમાં શુભ ઉપયોગ છે, શુભ ઉપયોગની પર્યાય છે એ તો ધૂતારી સ્ત્રી જેવી છે. સાધારણ પ્રાણીને તો આ... એને ખબર નથી પોતે...

ભગવાન આત્મા વસ્તુ છેને. આનંદસ્વરૂપ તત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? આમ તત્ત્વનું અસ્તિપણું છે કે નહિ? તો અસ્તિમાં શું શું અસ્તિપણું છે? એમાં તો જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે, વીતરાગતા છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે. એવી એનામાં અસ્તિતા છે. એવા અસ્તિત્વ તત્ત્વની પરિણતિ નિર્મળ પ્રગટ કરે એ તો એનો ધર્મ છે. પણ એનામાં નથી એવો વિકલ્પ શુભ ઊભો કરે... આહા..હા..! મુનિને છઠ્ઠે ગુણસ્થાને. આહા..હા..! ગજબ વાત કરે છે! એ વીતરાગી સંતો એ વાત કરે. અજ્ઞાનીને તો ગળે ઉતરવું કઠણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પુણ્યાનુબંધી પુણ્ય કહે છે. સમ્યગ્દૃષ્ટિને શુભભાવ તો વ્યભિચારી સ્ત્રી છે એમ કહે છે. મિથ્યાદૃષ્ટિ જેને પુણ્યનો પ્રેમ છે અને પુણ્યથી ધર્મ થાય એ તો મિથ્યાદૃષ્ટિ, એનું પુણ્ય તો ચાર ગતિમાં રખડવા માટે નરક-નિગોદમાં જાશે એ તો. સમજાણું કાંઈ? શારીરિક દુઃખને ભોગવશે એમ કીધુંને? શારીરિક દુઃખ એટલે ચાર ગતિના દુઃખ. સમજાણું કાંઈ?

કહે છે, '**અભિસાર (-મિલન) પામતો થકો (અર્થાત્ શુભોપયોગપરિણતિના પ્રેમમાં ફસાતો થકો)...**' આ કરું, આ વ્રત પાળું, આ દયા પાળું, આ પૂજા કરું, ભક્તિ કરું એવા

શુભ પરિણતિમાં ફસાણો '**તો મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો નથી,...**' કહો, પણ એ શુભ પરિણામ બધી મોહની સેના છે. અરે.. અરે..! ભારે વાત. એ આત્માની સેના નથી. દુશ્મનની સેના છે એમ કહે છે. શુભ વિકલ્પની દુશ્મનની સેના છે. ભગવાનભાઈ! એ શુભ વિકલ્પ સામાયિક કરું, પોષા કરું, પડિક્કમણા કરું, વિકલ્પ છે એ કહે છે, એ સમ્યગ્દૃષ્ટિ જીવને પણ શુદ્ધતા પરિણતિ કેટલીક નિર્મળ હોવા છતાં એવો વિકલ્પ ઊઠે છે એ ધૂતારી વેશ્યા જેવી પરિણતિ છે, દુશ્મનની પરિણતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધારણને તો એવું લાગે કે આ બધો વ્યવહારનો નાશ થઈ જાય છે. પણ વ્યવહારનો નાશ કર્યા વિના તારી દૃષ્ટિ સાચી થશે નહિ. એકવાર માન તો ખરો હજી કે શુભ પરિણામ એ દુઃખદાયક છે, એ ચાર ગતિના દુઃખને ઊપજાવનારા એ શુભ પરિણામ છે. ક્રમે ક્રમે શારીરિક દુઃખ... દેવમાંથી મરીને પાછો ઢોરમાં જઈશ. સમજાણું કાંઈ?

જેને આ શુભ વિકલ્પ અને અશુભ વિકલ્પ રાગ, એનાથી પાર ભગવાન પૂર્ણાનંદ વીતરાગનો નિર્દોષ પિંડ છે આત્મા, એવો વીતરાગી પિંડ પ્રભુ વીતરાગ પરિણતિને પ્રગટ કરે એ એની પરિણતિ અને ધર્મ છે. કહે છે કે એવી પરિણતિ પ્રગટ કરવા છતાં એ શુભ પરિણામમાં જો પ્રેમમાં ફસાઈને રોકાઈ ગયો તો '**મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો નથી,...**' એ મોહની દુશ્મનની સેના એ શુભરાગ. પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ મોહની દુશ્મનનો પ્રેમ. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' કાયરના કાળજા કંપે. અરરર...! અરર..! હાય.. હાય.. આ તો ધર્મ વિચ્છેદ ગયો રે વિચ્છેદ ગયો. એના ઘરે. સાંભળ રે સાંભળ! ધર્મ ક્યાં હતો શુભ પરિણામ, સાંભળને. એ તો ઝેર છે શુભ પરિણામ તો. એને અહીંયાં વેશ્યાની ઉપમા આપી અને કહે છે કે મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો. દેખો! પોતાના પુરુષાર્થ દ્વારા એ શુભભાવને છોડતો નથી એમ કહે છે. એમ નથી કીધું કે ત્યાં કર્મનો ઉદય છે એટલે શુભભાવ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? મારી પુરુષાર્થની ઊંધાઈને લઈને એ શુભભાવ થાય છે. આહા..હા..!

ભગવાન આત્મા તો નિર્વિકલ્પ ચિદાનંદ સ્વરૂપ છે. એનાથી વિરુદ્ધનો, સમજાય છે? આ આચરણ શુભ, મહાવ્રતના આચરણના પરિણામ. ગૃહસ્થાશ્રમમાં.. એમાં લખ્યું છે જુઓ ઓલામાં. '**चत्ता पावारंभं पूर्वं**' છેને? '**गृहवासादिरूपं पारारम्भं त्यक्त्वा**' એ ગૃહસ્થાશ્રમ છોડ્યો સમકિતસહિત. અંદર જયસેનાચાર્યની ટીકામાં છે. આ બાજુ ૧૩૫ પાને છે. પહેલી લીટી છે. '**चत्ता पावारंभं**' ગૃહસ્થવાસ છોડ્યો, સમકિત સહિત ચારિત્ર અંગીકાર કર્યું, ગૃહસ્થાશ્રમના પાપના વેપાર ધંધાના પરિણામ છોડ્યા. છતાં એને આવા પરિણામ અઠ્યાવીશ મૂળગુણના આવે, જો એને ખંખેરી નાખતો નથી તો '**તે (જીવ), જેને મહા દુઃખસંકટ નિકટ છે...**' આહા..હા..! જુઓ! ભાષા. જુઓ! ટીકા સંસ્કૃત છે. છે કે નહિ એમાં?

'**તે (જીવ), જેને મહા દુઃખસંકટ નિકટ છે...**' અરે..! પણ શુભ પરિણામમાં? પાપના પરિણામ તો છોડ્યા, ગૃહસ્થાશ્રમ છોડ્યા, વેપાર-ધંધાના પરિણામ છોડ્યા, દુકાનના ધંધાના છોડ્યા, પણ એ છોડ્યા પણ ઓલા પુણ્યના પરિણામ જો ન છોડ તો કહે છે કે '**મહા દુઃખસંકટ નિકટ છે...**' આહા..હા..! જુઓ, અહીં સ્વર્ગમાં જાય તો મહા સંકટદુઃખ નિકટ છે એમ કહે છે. એઈ..! એ શુભ પરિણામથી પુણ્ય બંધાશે અને આમ જાઈશ સ્વર્ગમાં એ મહા દુઃખ સંકટ નિકટ છે એમાં. આહા..હા..! કારણ કે એને ખબર નથી કે શુભ પરિણામમાં તો સ્વર્ગમાં જ જાય. સમકિતી સ્વર્ગમાં જ જાય, બીજે જાય નહિ. એટલે તો પહેલું કહેતા આવ્યા છે (કે) સ્વર્ગમાં પણ દેહનું દુઃખ છે એકલું. એમાં કાંઈ સુખ-બુખ જરીએ છે નહિ. ઈન્દ્રિયના વિષય તરફનો ઝુકાવ અનુકૂળતાનો એ બધો દુઃખભાવ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ છે એના તરફનો ઝુકાવ એ સુખભાવ છે. સમજાણું કાંઈ?

'**મહા દુઃખસંકટ નિકટ છે...**' એ મહા દુઃખસંકટ છે. ભાષા જુઓ! મુનિની કેટલી ભાષા છે! કહે છે કે આત્મા વસ્તુની દૃષ્ટિનું ભાન છે, ચારિત્ર પણ છે. સ્વરૂપની રમણાતા એ ચારિત્ર હોં! પંચ મહાવ્રત એ ચારિત્ર નથી, એ તો અચારિત્ર છે. કહે છે કે એ પંચ મહાવ્રતના પરિણામ જે અચારિત્ર જે શુભ છે એના ફળ તરીકે મહા દુઃખસંકટ નિકટ છે. દુઃખસંકટ પાછી બે ભાષા. આહા..હા..! છે સંસ્કૃત છે હોં મૂળમાં દેખો! આહા..હા..! સમજાણું? '**किल समासन्नमहादुःखसङ्कटः कथमात्मनमविप्लुतं लभते।**' અરે..! એવો જીવ '**શુદ્ધ (-વિકાર રહિત, નિર્મળ) આત્માને કેમ પામે? (ન જ પામે.)**' આહા..હા..! શુભ પ્રત્યેની હેયબુદ્ધિ બતાવે છે. સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે, હોય, પણ હેયબુદ્ધિ છે, ઉપાદેયબુદ્ધિ નથી. એનાથી લાભ થાય અને એ ધર્મ છે એ માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ મહાસંકટ નિગોદ આદિના સંકટની નજીક છે ઈ તો. કહો, સમજાણું કાંઈ? આ તો કહે છે, સ્વર્ગના દુઃખરૂપી દુઃખના સંકટની નજીક છે એમ કહે છે લ્યો! જુઓ!

શ્રોતા :- ...

ઉત્તર :- સુખી છે ક્યાં પણ? તે વખતના પાંચ ઈન્દ્રિય, ઈન્દ્રાણીઓ, ફલાણા તરફનું લક્ષ જાય છે એ તો પાપ છે, આકુળતા છે. ધૂળમાં સુખ છે? ત્યાં સુખ કે દિ' હતું? સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, એની શ્રદ્ધા અને પરિણતિ નિર્મળ હોવા છતાં પૂર્ણ પરિણતિની પ્રાપ્તિ વચ્ચે જે આ વિઘ્ન-શુભરાગનું વિઘ્ન છે એને ન છોડે તો તેને મહાદુઃખ સંકટ નજીક છે. આહા..હા..! શું કહે છે આ? અરે..! સ્વર્ગમાં મહા દુઃખસંકટ છે. .. એ સમ્યક્ દૃષ્ટિ સહિત જાય તોપણ, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આમ નકાર-નકાર કરતા ચાલ્યા જાય છે. અરે..! અમને શુભભાવ ન હો... શુભભાવ ન હો... ખંખેરી નાખીએ. જો ખંખેરી ન નાખ્યો, એ અંતરના સ્વરૂપના અવલંબનના આશ્રયે શુભભાવ ન

છોડ્યો તો મહા દુઃખસંકટ નિકટ છે. દેહ છૂટે એટલે સ્વર્ગના દુઃખો છે ત્યાં એમ કહે છે. આહા..હા..! અરે..! એને આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે, એના વિશુદ્ધભાવમાં દુઃખ છે એવું કોઈ દિ' એણે માન્યું નથી. સમજાણું કાંઈ? એને તો આ ધૂળમાં ને વિષયમાં ને પૈસામાં સુખ છે. મૂઢ છે. મૂંઢાઈ ગયો છે તારો આત્મા, ભાઈ! આહા..હા..! તને કાંઈ વિવેક નથી.

અહીં તો કહે છે કે શુભભાવમાં કાંઈક ઠીક છે એ વેશ્યાનો પ્રેમ છે. અને એ જો ન છોડ્યો તો એના ફળ તરીકે મહાસંકટ ઈન્દ્રિયના શરીરના દુઃખરૂપ સ્વર્ગમાં જાવું પડશે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વર્ગના સુખને મહા દુઃખ કીધું છે. આહા..હા..! ..માં તો જાશું ને. ત્યાં પુણ્ય તો ભોગવશું ને? ત્યાંથી રાજા થઈએ. ધૂળેય નથી સાંભળને હવે. ભગવાન અનાકુળ આનંદસ્વરૂપમાંથી નીકળીને વૃત્તિ ઊઠે એ બધું દુઃખરૂપ છે. આહા..હા..! એને ખબર નથી. એણે એની જાતની કોઈ દિ' વાત સાંભળી નથી. આચાર્યને ... એને ખબર છે કે અહીંથી સ્વર્ગમાં જવાશે. અત્યારે કેવળજ્ઞાન તો નથી એટલે શુભભાવનું પુણ્ય તો બંધાઈ જશે પણ એ મહાસંકટ નિકટ છે. આહા..હા..! એમ કરતા જાય છે. આહા..હા..! જુઓ તો ખરા! પોતાની સમાધિ અંતરની શાંતિને ઈચ્છતા, પોતાની શાંતિ અનાકુળ આનંદની ભાવનામાં લીન થવા શુભભાવનું ફળ, કહે છે, મહાસંકટ દુઃખ છે. જો આ ન તૂટ્યું તો મહાસંકટ એવા દુઃખો મળશે. આહા..હા..! અરે..! પણ શુભભાવમાં મહાસંકટ દુઃખ! એના ફળમાં? બાપુ! એ તો કહ્યું હતું કે અશુભ પરિણામ અને શુભ પરિણામ બેય એક જ જાતના છે અને એના ફળ તરીકે પણ એક જ જાત છે, એમાં કાંઈ ફેર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સમાજને બિચારાને બીજે રસ્તે ચડાવી દીધા. પોતે ઊંધે રસ્તે અને સમાજને ઊંધે રસ્તે (ચડાવી દીધા) એટલે એનો ક્યાંય આરો આવે નહિ. જન્મ-જરા-મરણના ચોર્યાસીના અવતાર ભાઈ! તારા દુઃખો તો તેં સહ્યા, ભગવાને જોયા. એટલા ચોર્યાસીના અવતાર થયા, પ્રભુ! એ આ કાંઈ કોઈને લઈને નથી. આ તો આત્માના હિતને માટે આ વાત છે. આહા..હા..! આકરું લાગે તોપણ આ છે. સમજવું હોય તો સત્ય તો વસ્તુ આ છે. સમજાણું કાંઈ?

એક તો પરિણામની વ્યાખ્યા કરી અભિસારી ધૂર્ત સમાન, અભિસાર પામતો થકો ભાવ અને એના ફળ તરીકેની આ વ્યાખ્યા કરી. જુઓ તો ખરા! બે વ્યાખ્યા કરીને ભાઈ! વર્તમાન શુભ પરિણામ અભિસારધૂતારા જેવા છે. આહા..હા..! અને એ તને લલચાવી દેશે કે આ ઠીક છે કંઈક. દયા પાળીએ છેને? વ્રતના ભાવ છે ને? આ તો સારું છેને? અશુભ કરતા તો ઠીક છેને? ઠગાઈ જઈશ, મરી જઈશ. અને એના ફળમાં હવે તો આ વાત કરી પાછી. ભારે વાત કરી.

જે જીવ આત્માનું દર્શન પામીને અને વસ્તુની સ્વરૂપરમણતા-ચારિત્રની ત્રણ કષાયના અભાવની પરિણતિ એટલે પર્યાય ચારિત્રની પામવા છતાં જે શુભરાગ જે અભિસારી વેશ્યા

સરખી ધૂતારો પરિણતિ છે એને નહિ છોડે તો મહા દુઃખ નજીક છે ભાઈ! આહા..હા..! એ દેહ છૂટશે એટલે એ સ્વર્ગના સુખની કલ્પનાનું દુઃખ તે નજીક છે કહે છે. પ્રાણભાઈ! આહા..હા..! આ પૈસાવાળા સુખી છે એમાં શું હશે? હોળી છે ત્યાં કહે છે. એને ભાન નથી. ભગવાન આત્મા આનંદને છોડી અને આમાં સુખની કલ્પના (કરે છે), મૂઢ છો. મૂંઢાઈ ગયો છે તારો આત્મા ભાઈ! તને ખબર નથી પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ધર્મી જીવને આત્માનું ભાન થયું અને ધર્મ પ્રગટ્યો છે ચારિત્રરૂપી દશા, એમાં પણ આ શુભ પરિણામના ફળ તરીકે તો મહા સંકટ દુઃખ નજીક છે. આહા..હા..! એ વીતરાગી મુનિ કહે આ હોં! બીજાને તો લલચાવે અને લાલચ આપે, લ્યો એમાંથી આમ થાશે, એ પુણ્ય પરિણામમાંથી સુખ થાશે. પુણ્યાનુબંધી પુણ્ય છે એ. પછી તને મદદ કરશે. ધૂળેય નહિ કરે સાંભળ. મરી જઈશ. સમકિત સહિત પણ ચારિત્રની રમણતા સહિત આવા શુભના પ્રેમમાં જો અટકી ગયો, આસક્તિ, આસક્તિ છેને એટલે રુચિ નહિ, તો તેના ફળ તરીકે મહાસંકટ દુઃખ નજીક છે હોં કહે છે. એ તો તરત આયુષ્ય પૂરું થયું (એટલે) નજીક છે ઈ ફળ. કહો, સમજાણું આમાં? આ દેવની સાહેબી મળે ત્યાં, ઇન્દ્રપદ મળે, ઇન્દ્રાણીઓ કરોડો હોય, એ આહાર પણ હજારો વર્ષે એને આહારની ઇચ્છા થાય. પખવાડિયે પખવાડિયે તો કેટલોક એ શ્વાસ લે, હવે એટલું એટલું (હોય) તોપણ દુઃખ? પણ ભગવાન! તારા અતીન્દ્રિય આનંદમૂર્તિની વિરુદ્ધ કલ્પના એ બધું દુઃખ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ.. અમુલખભાઈ! ભારે વાત હોં! આ તો ભાગ્યશાળીને કાને પડે એવું છે. આ તે શું છે આ વાત! વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્રણ કાળ ત્રણ લોકમાં. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' એવો ભગવાન આત્મા વીતરાગમૂર્તિ, દ્રવ્ય વીતરાગ, ગુણ વીતરાગ અને પરિણતિ પર્યાય વીતરાગી તે ધર્મ. એમાં જેટલો રાગ વર્તમાન મહા વ્યભિચાર અને ફળમાં મહાસંકટ દુઃખરૂપી સંકટ. ઓહો..હો..!

હવે આને કેટલા આધાર શાસ્ત્રના જોવે છે? આ શાસ્ત્ર આચાર્યના (છે). શું છે? આ કોના શાસ્ત્ર છે? કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને શાસ્ત્ર રચ્યા. પરમાત્મા બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા. ત્યાંથી આવીને બનાવ્યા એમાં આ કહ્યું એનો ખુલાસો-સ્પષ્ટીકરણ આચાર્ય કરે છે. આહા..હા..! ભાઈ! ભગવાન તો આમ કહેતા હતા. પરમેશ્વરની ઇચ્છા વિનાની વાણીમાં દિવ્યધ્વનિમાં (આમ આવ્યું છે). આ પ્રવચનસાર છેને! પ્રવચન એટલે દિવ્ય, ધ્વનિ એટલે અવાજ. પ્રવચનસાર. એમાં તો આમ આવ્યું છે પ્રભુ! પાછી પોતે પોતાની વાત કરે છે. હું નહિ છોડું તો મને આમ થાશે. બીજાને એમ કહેતા નથી બીજાને માટે. તમે તમારું જાણો. આહા..હા..! સમજાણું કાંઈ? પણ બીજાને એ ગતિ સમજાવે છે કે નહિ? કે ભાઈ! તને પણ આત્માના દર્શનપૂર્વક અને ચારિત્રપૂર્વક જો શુભભાવ આવે ત્યારે એ પણ વ્યભિચારી ભાવ છે, ધ્યાન રાખજે. એનાથી

જરીએ લાભ માન તો મિથ્યાદષ્ટિ થઈ જઈશ. આહા..હા..! નુકસાનકારક ભાવ એને લાભદાયક માને એ તત્ત્વનો વિરોધભાવ છે, વિપરીત દષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**મહા દુઃખસંકટ નિકટ છે...**' પાછું દુઃખસંકટ સાધારણ ન કીધું. એલા પણ દેવના સુખમાં જાશેને શુભ પરિણામમાંથી કે નરકમાં જાશે ઈ? શુભ પરિણામવાળો નિગોદમાં જાશે? પણ કહે છે કે એ સ્વર્ગમાં પણ ત્યાં દુઃખ જ છે. આત્માના આનંદ સિવાયની વૃત્તિ ઊઠે એ બધું દુઃખરૂપ છે. સ્વર્ગમાં જાય કે નરકમાં જાય, બધા પરિણામ જેટલા શુભાશુભ થાય એ બધું દુઃખરૂપ છે. ભીખાભાઈ! ભારે વાત આ. પાછું ભાષા કેટલી છે? '**તે (જીવ), જેને મહા દુઃખસંકટ નિકટ...**' આટલા શબ્દ વાપર્યા. નજીક છે ભાઈ હોં! એ દુઃખના ભાવની નજીકતા તને છે હોં! એ ભવમાં ભવનું દુઃખ એ તને નજીક છે હોં! શુદ્ધભાવની પ્રાપ્તિ શુદ્ધ ઉપયોગની નહિ કરી અને એ શુભને ખંખેર્યો નહિ તો એના ફળ તરીકે મહાસંકટ દુઃખરૂપની નિકટ દશા છે. આહા..હા..! પોતાની આનંદદશા આગળ એ શુભ વિકલ્પને એટલો ઝેર તરીકે સ્વીકારે છે તો એના ફળ તરીકે પણ ઝેરના દુઃખ તરીકે સ્વીકારે છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્માને કેમ પામે?**' એટલે? એ શુભભાવથી શુદ્ધ ઉપલબ્ધિ નામ મુક્તિરૂપી પર્યાય, આત્માની પર્યાય નિર્મળ એ આ શુભભાવથી કેમ પામે? સમજાણું કાંઈ? '**(ન જ પામે.) તેથી મોહની સેના ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે.**' જુઓ ભાષા! સંસ્કૃત ટીકા છે. અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત વનવાસમાં વસતાં. એમાં આ ટીકા બની ગઈ છે. '**માટે મોહની સેના...**' દેખો! આ મોહની સેના હોં! રાગાદિ. અહીં મિથ્યાત્વ મોહ નથી કાંઈ. આહા..હા..! એ બધી મોહની સેના મિથ્યાત્વ, રાગ, દ્વેષ વિકલ્પ એ બધી મોહની સેના છે. આહા..હા..! મારી સેના નહિ હોં, એ મારી જાત નહિ. એ બધું મોહનું લશ્કર છે. વિકલ્પ છે શુભરાગ એ બધું મોહનું લશ્કર છે. આહા..હા..! માટે એના ઉપર વિજય મેળવવા, એ એનો વિજય મેળવવા '**માટે મેં કમર કસી છે.**' આચાર્ય પોતે કહે છે, કમર કસી છે. હું શુદ્ધ ઉપયોગને પ્રગટ કરવા તૈયાર છું. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! આ ટીકા વખતે વિકલ્પ તો છે. ટીકાનો વિકલ્પ છે પણ એ શુભરાગ છે, એને છોડવા હું કટીબદ્ધ છું કહે છે. આહા..હા..! છે કે નહિ? પાઠ છે કે નહિ અંદર? પણ વળી એ તો કહે, એ બધા નિશ્ચયના કથન છે, પણ બીજા વ્યવહારના? તો વ્યવહારના આનાથી વિરુદ્ધ હોય? વિરુદ્ધ પણ સાચા અને આ પણ સાચા (એમ) બે સાચા થાય? સમજાણું કાંઈ? વ્યવહારના કથન તો જાણવા માટે છે કે આવું છે... આવું છે... એમ કહે છે.

'**તેથી મોહની સેના ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે.**' દેખો! કડ બાંધી છે, નથી આપણે કહેતા? એમ આત્માની કડ પુરુષાર્થની એકાગ્રતા કરવા મેં કડ બાંધી છે. ભગવાન મજબૂત થાય શુદ્ધ ઉપયોગથી એમ મેં કમર કસી છે. આ ચારિત્રવંત પણ

શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ માટે કમર કસે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એને સમજવું તો પડશે ને કે શું શ્રદ્ધા? શું જ્ઞાન? શું ચારિત્ર? શું દોષ? એનું શું સ્વરૂપ છે એનું તત્ત્વનું જેવું છે એવું એણે જ્ઞાન તો કરવું પડશે કે નહિ? કે આ દશા અમારે નથી પણ તારે સમજવું છે કે નહિ એ? સમજાણું કાંઈ? લ્યો! એ આવ્યું. હવે ગાથા આવી.

'**હવે, મારે મોહની સેનાને કઈ રીતે જીતવી—**' એ રાગના શુભભાવને મારે કઈ રીતે જીતવો? '**એમ (તેને જીતવાનો) ઉપાય વિચારે છે :—**' ઉપાય વિચારે (છે). એને ક્યાં વિચારવું હતું? એ તો કર્યો છે, પણ આ તો લોકની સાથે વાત કરીને હવે આપણે વિચારીએ છીએ એમ. લ્યો એ શ્લોક આવ્યો ભાઈ! સુખદેવગરજી! એ શ્લોક આવ્યો. હમણાં બોલ્યા હતાને તમે? એ શ્લોક આવ્યો લ્યો તાકડે.

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

અરિહંતની સાથે મેળવે છે કેવળજ્ઞાનીની સાથે આત્માને.

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.

આ ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં કરે, પણ અરિહંત કોણ છે અને અરિહંતની પર્યાય શું છે ભગવાન જાણે કોને ખબર હશે લ્યો! સમજાણું કાંઈ? અને એ અરિહંતની પર્યાય કેમ પ્રગટે? ખબરું વિના ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં. પોપટને મરચુ આપીને કહે બોલ પોપટ રામ. એ પોપટને મરચા જેવો રામ છે. એમ આને ણમો અરિહંતાણંનું કાંઈ ભાન નથી કે શું છે અરિહંત અને એની દશા શું એ વસ્તુ? આ કોઈ સંપ્રદાયની વાત નથી. અરિહંત જેણે અજ્ઞાન ને રાગ-દ્વેષને હણીને જેણે વીતરાગને વિજ્ઞાન પૂર્ણ દશા પ્રગટ કરી છે એ આત્માની વસ્તુસ્થિતિ છે એ તો. સમજાણું કાંઈ? એવી આત્મવસ્તુસ્થિતિ જેને પ્રાપ્ત થઈ છે એવા...

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.

ક્ષય થાય, જુઓ એમ કહે છે. સમજાણું?

'**અન્વયાર્થ :- જે અર્હંતને...**' અરિહંત ભગવાનના આત્માને '**દ્રવ્યપણે,...**' વસ્તુપણે. એ વસ્તુ શું અરિહંત ભગવાનનો આત્મા? એનો ગુણ શું? અને એની પર્યાય શું? અવસ્થા શું? દશા શું? એ પણે '**જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે...**' કેમકે એનો આત્મા એવો જ આ આત્મા છે. સમજાણું કાંઈ? લ્યો આ તો પહેલે ણમો અરિહંતાણંથી માંડીને આવી વાત. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ગોખીને મરી ગયા બિચારા.

'નવ લાખ જપંતા નરક નિવારે.' આવે છેને? નવ લાખ ગણો તો નરકમાં ન જાય. હવે લાખ ગણ ને કરોડ ગણ તોપણ મિથ્યાત્વ ટાળ્યા વિના અરિહંતના સ્વરૂપને વાસ્તવિક જાણવામાં આવી શકે નહિ. ગણ તો શું? શુભભાવ છે એ તો. સમજાણું કાંઈ? 'એકવાર વંદે જો કોઈ.' સમ્મેદશિખર. 'એકવાર વંદે જો કોઈ નરક પશુ હોય નહિ.' નરક-પશુ ન હોય આ ભવમાં પછી નરક અને પશુ થાશે, સાંભળને હવે. એઈ..! આ સમ્મેદશિખરની જાત્રાનો ભાવ શુભ છે.

શ્રોતા :- એને વશ થાય તો રખડે.

ઉત્તર :- એને વશ (થાય) તો રખડે, એ વ્યભિચારી ભાવ છે. એના ફળમાં સંકટ-દુઃખ નજીક છે એમ કહે છે. ભારે વાત ભાઈ! રાડ નાખી જાય ઓલા. અહીં નહોતા પ્રકાશ શું કહેવાય દિલ્હીનું? સન્મતિ સંદેશ. રાડ નાખી ગયા ઓલા. ક્યાંક લીધું હશે કોણ જાણે? પણ શુભભાવ છે એ દુઃખદાયક છે વર્તમાન અને એના ફળમાં દુઃખ છે એવું એને ભાસતું નથી. આહા..હા..! એના વર્ણન માટે તો આ ગાથાઓ લીધી છે. શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે કેમકે આનંદથી ઊલટો ભાવ છે. મહાવ્રતનો ભાવ એ આનંદથી ઊલટો દુઃખરૂપભાવ છે. એના ફળ તરીકે મહાસંકટ દુઃખ નજીક છે. ભાઈ! નીચે સામાયિક... સ્વભાવ એની અનુભવ દૃષ્ટિ કરીને એમાં ઠરીને અંદર વીતરાગ પરિણતિ પ્રગટ કરવી એનું નામ સામાયિક છે. સામાયિક કાંઈ વાડાની છે? સમજાણું કાંઈ? ...ભાઈ! આ સામાયિક. સામાયિકની વાત લીધી છે આ.

'**અન્વયાર્થ :- જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે...**' એની સાથે મેળવે કે આનો આત્મા આવો અને હું પણ આત્મા છું. સમજાય છે? મારા આત્મામાં પણ એવી પર્યાય અને એવો ગુણ ને દ્રવ્ય હોવો જ જોઈએ. મારું દ્રવ્ય એ અરિહંત જેવું, ગુણ અરિહંત જેવા છે અને અરિહંત જેવી વીતરાગી પર્યાય કેવળજ્ઞાનની નથી તો એને આવી ક્યાંથી? અંતરમાંથી. તો હું પણ અંતરની દૃષ્ટિ કરીને કેવળજ્ઞાનની પર્યાયને પ્રાપ્ત કરું, એવી પ્રતીત થાય એને મોહનો નાશ થાય. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- જે ખરેખર...**' ખરેખર હોં! સાચેસાચ એમ. '**યો હિ**' એમ છેને? '**હિ**' છેને '**હિ**'? જે સાચેસાચ '**અર્હંતને દ્રવ્યપણે,...**' એટલે એની વસ્તુપણે, '**ગુણપણે...**' એટલે એની શક્તિપણે, '**પર્યાયપણે...**' એટલે પ્રગટ અવસ્થાપણે '**જાણે છે...**' જોકે વાસ્તવિક રીતે તો અનંત કાળમાં એણે અરિહંતના દ્રવ્ય ને ગુણ ને પર્યાયને જાણ્યા નથી. અને એને જાણે અને આત્માને જાણ્યા વિના રહે અને મોહનો નાશ ન થાય એમ બને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એને એમ થાય કે ઓહો..! અરિહંતનો આત્મા લે છે જુઓ! '**તે ખરેખર આત્માને જાણે છે.**' છેને? '**કારણ કે બંનેમાં નિશ્ચયથી તફાવત નથી;...**' ખરેખર તો આત્મા દ્રવ્યે ત્રિકાળ શુદ્ધ, એના ગુણ શુદ્ધ, તો એની પર્યાય પૂર્ણ શુદ્ધ એ આત્મા

કહેવાય. પર્યાય પૂર્ણ શુદ્ધ, પૂર્ણ શુદ્ધ. એ અરિહંતને પૂર્ણ શુદ્ધ હોય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીતરાગતા. એવા જે દ્રવ્ય, ગુણ ને પર્યાય એને છે એ આત્મા છે. ત્યારે હું પણ એક આત્મા છું, હું પણ એની જાતનો જ, એની નાતનો જ સમાનધર્મી છું. અરિહંતનો સમાનધર્મી, સાધર્મી. લે!

આ..હા..! આવી પર્યાય એને પૂર્ણ! પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, ચારિત્ર. સમજાય છે? આવી પૂર્ણ સ્વચ્છતા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી પર્યાયનું સામર્થ્ય, એવી આત્માની સ્થિતિ પર્યાયની, હું પણ એવો જ આત્મા છું તો મારામાં એ પર્યાયની પૂર્ણતા કેમ નથી? એના દ્રવ્ય જેવો હું દ્રવ્ય, એના ગુણ જેવો ગુણ, એની પર્યાય જેવી મારી પર્યાય કેમ નથી? એમ મેળવે ત્યારે એ પર્યાય પ્રગટ કરવા માટે દ્રવ્ય-ગુણમાં એકાકાર થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

આ ગાથા ચાલતી હતી ત્યારે .. સ્થિતિ એવી થઈ હતીને. ત્યારે આ ગાથા ચાલતી હતી. (સંવત) ૧૯૯૪ નહિ? પોષ સુદ બીજ. ૯૪. ત્યાં ચાલતી હતી. માંદા હતા ને આ ગાથા ચાલતી હતી. ઓલા ગોંડલના હતા નહિ? ભરવાડ. મૂળચંદ ભરવાડ. બેઠા હતા. ૯૪ના પોષ સુદ બીજની વાત છે. એ પછી .. પહેલા આ .. બેઠા હતા. આ ગાથા ચાલતી હતી ને. પછી એને વધી ગયું. ૧૯૯૪ના પોષ સુદ બીજ. ૬ અને ૨૫, ૩૧ વર્ષ થયા.

જુઓ! આ આત્મા. કહે છે કે જ્યારે એ આત્મા છે અને એ આત્માનો ગુણ એ આત્મા છે એ ચેતન છે. થયું. હવે એનો ગુણ છે એ ચૈતન્ય છે, હવે એની પર્યાય છે તે ચૈતન્યની પૂર્ણ કેવળજ્ઞાનમય છે. ચેતન, ચૈતન્ય અને ચેતેલી પર્યાય નિર્મળ પ્રગટ. આહા..હા..! આવો આત્મા અને હું પણ એવો જ છું. એમ જ્યારે એ પર્યાયની પરિપૂર્ણતાને લક્ષમાં લઈ અને પોતાના દ્રવ્ય સન્મુખ થઈ અને એ પ્રતીત (કરે કે) અરિહંત જેવો છું અને મારામાં પર્યાય અરિહંતની જે છે એ પડી છે અંદર, એની પડી છે અંદર, એ પ્રગટવાની છે. અરિહંતપણે એ મને પડી છે અંદર વર્તમાનમાં. આહા..હા..! દ્રવ્ય-ગુણ છે એ ગુણમાં પણ અરિહંતની પર્યાય અત્યારે પડી છે. એને પ્રગટ છે, અહીં પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આત્માને જે પ્રતીત કરે એને દર્શનમોહનો આશ્રય રહે નહિ, દર્શનમોહ ટળ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ફેર નથી, બે સરખા છે છતાં કેટલો ફેર છે કહે છે. એ વર્ણવે છે.

'**અર્હંતનું સ્વરૂપ,...**' ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા. જે કેવળજ્ઞાનની પર્યાય જેના ગુણમાં પડી છે એવી એણે પર્યાય ગુણમાંથી પ્રગટ કરી છે એવા અર્હંતનું સ્વરૂપ, '**એવા અર્હંતનું સ્વરૂપ, છેલ્લા તાપને પામેલા સુવર્ણના સ્વરૂપની માફક,...**' સોનાને અગ્નિ આપે છેને? કુલડીમાં નહિ? કુલડીમાં સોની. અગ્નિ આપતા... આપતા... આપતા... સોળ વલું થઈ જાય ત્યારે પૂરું થઈ ગયું. એમ '**છેલ્લા તાપને પામેલા...**' છેલ્લી અગ્નિ ધ્યાગ્નિ થઈ ગઈ કેવળીને. એ '**સુવર્ણના સ્વરૂપની માફક, પરિસ્પષ્ટ (-સર્વ પ્રકારે સ્પષ્ટ)**

છે;...' છેલ્લું સોળવલું સોનું જેમ ચોખ્ખું છે એમ કેવળજ્ઞાનીની પર્યાય સર્વ પ્રકારે પરિસ્પષ્ટ-પરિસ્પષ્ટ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એવી કેવળજ્ઞાન ને કેવળદર્શન અને પૂર્ણ આનંદ એની પર્યાય છે એ સ્પષ્ટ પ્રગટ થઈ ગયેલી છે.

'**તેથી તેનું જ્ઞાન થતાં...**' એમ. '**તેથી તેનું જ્ઞાન થતાં...**' સર્વજ્ઞની પર્યાય, જુઓ! દ્રવ્ય-ગુણ તો સામાન્ય લીધા, પણ પર્યાયની વ્યાખ્યા કરી આ બધી. કારણ કે દ્રવ્ય-ગુણ તો સામાન્ય છે, પણ એને પ્રગટ થઈ છે. અહીંયા દ્રવ્ય-ગુણ સામાન્ય છે. હવે પર્યાયમાં ફેર છે. કેમકે એને, છેલ્લા તાપે ઉતરેલું સોનું સોળવલું છે એમ પાક એનો છેલ્લો થઈ ગયો છે. પર્યાય નિર્મળ પરિસ્પષ્ટ પૂર્ણ થઈ ગઈ કેવળજ્ઞાન, કેવળદર્શન. એમ જેણે મનમાં કળી લીધું છે. સમજાણું કાંઈ? જુઓ! '**તેનું જ્ઞાન થતાં...**' જ્ઞાન થતાંનો અર્થ આ હોં! '**સર્વ આત્માનું જ્ઞાન થાય છે.**' પણ અહીં તો ત્યાંથી પહેલું આવું જ્ઞાન થાય અને આખા આત્મા આવા હોય છે એનું જ્ઞાન થાય. આત્મા જ એવા હોય એમ કહે (છે). સમજાણું કાંઈ? આહા..હા..!

'**સુવર્ણના સ્વરૂપની માફક, પરિસ્પષ્ટ (-સર્વ પ્રકારે સ્પષ્ટ) છે; તેથી તેનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થાય છે.**' એટલે કે મારો આત્મા પણ આવો જ છે. પરિસ્પષ્ટ પૂર્ણ પર્યાય પ્રગટ કરે એવો જ મારો આત્મા છે. એમ આત્માને અરિહંતની પૂર્ણ પર્યાય સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ, અનંત બળ-વીર્ય એવી એને ધ્યાન કરતા, ધ્યાગ્નિ કરતાં-કરતાં છેલ્લા તાપેથી ઉતરેલું સોના સમાન જેને પૂર્ણ સ્પષ્ટ થઈ ગયું છે. એવી પર્યાયને અંતરમાં પોતાને સમજતા.. સમજાય છે? એનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થઈ જાય છે. ખરેખર બધા આત્મા આવા જ છે અને હું પણ એવો જ છું. સમજાણું કાંઈ? એવું ભાન થતાં તેને મિથ્યાત્વનો નાશ થાય છે. એનું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ